પ્રકાશન નં : ૧૫૮

# ચિશ્તીયહ મશાઇખ

ભાગ : ૧

## ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ સિલસિલાના બુઝુર્ગોનું જીવન ચરિત્ર


લેખક

હઝરત અકદસ મુફતી
અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.
શૈખુલ હદીસ જામિઅહ ઈસ્લામીયહ ડાભેલ.



પ્રકાશક

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.
ગુજરાત. ઈન્ડીયા. ૩૯૨૧૫૦



Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ચિશ્તીયહ મશાઇખ

ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ
સિલસિલાના બુઝુર્ગોનું જીવન ચરિત્ર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

BLANK

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ચિશ્તીયહ  મશાઇખ

ભાગ : ૧

## ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ
## સિલસિલાના બુઝુર્ગોનું જીવન ચરિત્ર

**લેખક**

**હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.**

**શૈખુલ હદીસ જામિઅહ ઈસ્લામીયહ ડાભેલ.**

**પ્રકાશક**

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.

ગુજરાત. ઈન્ડીયા. ૩૯૨૧૫૦

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ચિશ્તીયહ મશાઇખ. ભાગ : ૧

ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ સિલસિલાના બુઝુર્ગોનું
જીવન ચરિત્ર

લેખક : હઝ. અકદસ મુફ્તી અહમદ ખાનપૂરી દા.બ.
શૈખુલ હદીસ જામિઅહ ડાભેલ.
ખલીફા હઝ. ફકીહુલ ઉમ્મત મુફ્તી મહમૂદ હસન ગંગોહી રહ.

આવૃત્તિ : પ્રથમ. ડિસેમ્બર. ૨૦૧૮

પ્રત : ૧૦૦૦

પ્રકાશક : હઝ. મવ. મુફ્તી અહમદ દેવલા સાહેબ દા.બ.
મોહતમિમ જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

---

## પ્રાપ્તિ સ્થાન

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.
ગુજરાત. ઈન્ડીયા. ૩૯૨૧૫૦
02644220786
jamiahjambusar@gmail.com

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય | ૪ |
| ૨ | **તસવ્વુફ**<br>મતલબ – મકસદ, ઈતિહાસ, સિલસિલાઓ અને સેવાઓ | ૬ |
| ૩ | ૧. અમીરુલ મુઅમિનીન હઝરત અલી. રદી. | ૧૩૭ |
| ૪ | ૨. હઝરત ઈમામ હસન બસરી રહ. | ૨૬૧ |
| ૫ | ૩. હઝરત અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ. | ૨૯૩ |
| ૬ | ૪. હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ. | ૩૧૦ |
| ૭ | ૫. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ. | ૩૩૦ |
| ૮ | ૬. હઝરત હુઝૈફહ મરઅશી રહ. | ૩૫૩ |
| ૯ | ૭. હઝરત હુબૈરહ બસરી રહ. | ૩૬૨ |
| ૧૦ | ૮. હઝરત મુમ્શાદ અલી દીનોરી રહ. | ૩૬૭ |
| ૧૧ | ૯. હઝરત અબૂ ઈસ્હાક શામી ચિશ્તી રહ. | ૩૭૫ |
| ૧૨ | ૧૦. હઝરત  અબૂ અહમદ ચિશ્તી રહ. | ૩૮૧ |
| ૧૩ | ૧૧. હઝરત અબૂ મુહમ્મદ રહ. | ૩૮૭ |
| ૧૪ | ૧૨. હઝરત નાસિરુદ્દીન અબૂ યૂસુફ રહ. | ૩૯૨ |
| ૧૫ | ૧૩. હઝરત ખ્વાજા કુત્બુદ્દીન મવદૂદ રહ. | ૩૯૭ |
| ૧૬ | ૧૪. હઝરત ખ્વાજા હાજી શરીફ ઝન્દની રહ. | ૪૦૬ |
| ૧૭ | ૧૫. હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની રહ. | ૪૧૧ |
| ૧૮ | ૧૬. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન સંજરી રહ. | ૪૨૧ |
| ૧૯ | ૧૭. હઝ. ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી રહ. | ૪૫૦ |
| ૨૦ | ૧૮. હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ. | ૪૭૭ |
| ૨૧ | સંદર્ભ ગ્રંથો | ૫૦૫ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ્રકાશકીય

શેખ અબ્દુલ હક મુહદ્દિષ રહ. પોતાની મશ્હૂર કિતાબ અખ્બારુલ અખ્યારમાં લખે છે કે, માણસ ઉપર સૌથી વધારે પ્રભાવ પાડનારી વસ્તુ, બલકે સૌથી બેહતર ઈબાદત નેક લોકોનો સાથ અને અલ્લાહ વાળાઓની મજલિસોની સોહબત છે. અલ્લાહ તઆલાના રસ્તે ચાલવા માંગતા માણસની બધી પરેશાનીઓ આવી સોહબતથી સરળ થઈ જાય છે. બલકે ઘણી વાર કાબેલ ન હોય એવા માણસો પણ આવી નેક સોહબત થકી અલ્લાહ તઆલાના દરબારમાં આગળ પડતું સ્થાન મેળવી લે છે. અને જો કોઈ માણસ આવા નેક, કામિલ અને કાબિલ માણસોના દીદાર, મુલાકાત અને મજલિસોની સોહબતથી મહરૂમ રહી જાય તો એમના જીવનચરિત્ર અને ઈબાદત – મુજાહદહના હાલાતની જાણકારી મેળવતો રહે, તો આ બધું પણ મજલિસ અને સોહબતની ગરજ સારે છે. આ બુઝુર્ગોના હાલાત અને જીવન ચરિત્રના વાંચન દરમિયાન માણસ જરૂર વિચારે છે કે બુઝુર્ગોને આ ઉચ્ચ સ્થાન ફકત એટલા માટે મળ્યું છે કે, તેઓ સદાએ નેક આમાલ કરતા હતા. એટલે વાંચનારના દિલમાં પણ નેક આમાલ કરવાની પ્રેરણા જરૂર જાગશે. ઉપરાંત માણસ જયારે બુઝુર્ગોને નેક નિય્યતે યાદ કરે છે, તો અલ્લાહ તઆલા બીજા લોકોના દિલમાં આ માણસ માટે નેક વિચારો પેદા કરે છે. આમ આ કામ માણસ માટે દીની – દુન્યવી ફાયદાનો ઝરીયો છે.

શેખ અબ્દુલ હક મુહદ્દિષ રહ.એ બુઝુર્ગોના હાલાત અને જીવન ચરિત્ર વિશે પોતે એક કિતાબ 'અખ્બારુલ અખ્યાર' સંપાદન ફરમાવી છે, અને એના મુકદમહમાં કિતાબ લખવાના ફાયદાઓ પૈકી ઉપરોકત ફાયદાઓ ઉપરાંત અન્ય પણ ઘણી કિમતી વાતો દર્શાવી છે.

આપણા હાથોમાં પહોંચી રહેલ આ કિતાબ પણ આ જ મકસદે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લખવામાં આવેલ એક અનન્ય કિતાબ છે. ભારતીય ઉપખંડમાં ઈસ્લામ માટે અદભૂત સેવા અને કુરબાની આપનાર મશ્હૂર સૂફી સિલસિલો એટલે કે 'ચિશ્તીયા સાબરીયા ઈમ્દાદીયા'ના બુઝુર્ગોના જીવન ચરિત્ર આ કિતાબમાં ભેગા કરવામાં આવ્યાં છે.

ચિશ્તી સાબરી ઈમ્દાદી સિલસિલાના બુઝુર્ગોના આપણા ભારત અને ગુજરાતના મુસલમાનો ઉપર મોટા એહસાનો છે. એમની તાલીમ અને દુઆઓના તુફૈલ જ આજે ભારતમાં સાચા મુસલમાનોનું અસ્તિત્વ છે. નહીંતર શિર્ક અને કુફ્રનું ભારતીય વાતાવરણ એક સામાન્ય માણસને ગુમરાહ કરવા માટે કાફી છે.

તસવ્વુફ અને સૂફી સિલસિલાઓથી જોડાયેલા લોકો ઉપરાંત દરેક મુસલમાન માણસે આ બુઝુર્ગોના હાલાત અને જીવન ચરિત્રનું વાંચન જરૂરી છે. એના થકી ઈમાન મજબૂત થાય છે અને દઢતા પૂર્વક ઈસ્લામી જીવન જીવવાની હિમ્મત મળે છે.

ઘણી જ મહેનત અને ચીવટ સાથે સંપાદન કરવામાં આવેલ આ કિતાબ થકી ગુજરાતી ઈસ્લામી સાહિત્યની મોટી ખોટ પૂરી થઈ રહી છે. હઝરત અકદસ મુફતી સાહેબને આ બદલ મુબારકબાદી આપીને દુઆ કરું છું અલ્લાહ તઆલા એમની ઉમર, તંદુરસ્તી અને ફૈઝમાં ખૂબ બરકત અતા ફરમાવે.

જામિઅહ ઉલૂમુલ કુરઆનનો પ્રકાશન વિભાગ આ દમદાર અને દળદાર 'કિતાબ' પ્રકાશિત કરવાને પોતાની સઆદત સમજે છે. અલ્લાહ તઆલા જામિઅહના આ વિભાગની સેવાઓને પણ કુબૂલ ફરમાવે અને જામિઅહથી સંબંધ રાખનાર અને સેવા કરનાર દરેક હમદર્દની કુરબાની કુબૂલ ફરમાવીને આપણા સૌ માટે આ બધી સેવાઓને આખિરતનો સદકએ જારિયહ બનાવે.

લી. મુફતી અહમદ દેવલ્વી.
સ્થાપક, મોહતમિમ જામિઅહ જંબુસર.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# તસવ્વુફ

## તસવ્વુફનો મતલબ - મકસદ,

## તસવ્વુફના સિલસિલાઓ

## તસવ્વુફનો ઇતિહાસ

## તેમજ સૂફિયાઓ કિરામની સેવાઓનો ટુંકો પરિચય

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | તઝકિયહ, તસવ્વુફ અને ઈસ્લામ | ૧૧ |
| ૨ | તસવ્વુફ એટલે શું ? | ૧૫ |
| ૩ | તસવ્વુફની પરિભાષાનું મુળ | ૨૨ |
| ૪ | લિબાસ ઉપરથી સૂફી લકબ રાખવાનું કારણ | ૨૫ |
| ૫ | અહલે તસવ્વુફ માટે 'સૂફી' લકબ કયારથી પ્રચલિત બન્યો ? | ૨૭ |
| ૬ | ખુલાસો | ૩૧ |
| ૭ | તસવ્વુફની બુનિયાદ અને સ્ત્રોત | ૩૨ |
| ૮ | તસવ્વુફ વિશે ગેરઈસ્લામી અથવા ગેરઈસ્લામી અસરોથી પ્રભાવિત હોવાની ટીકા | ૩૭ |
| ૯ | તસવ્વુફની શરૂઆત અને ઈતિહાસ | ૪૬ |
| ૧૦ | તસવ્વુફના ચાર દોર | ૪૭ |
| ૧૧ | (૧) પહેલા દોરનું તસવ્વુફ | ૪૭ |
| ૧૨ | (૨) તસવ્વુફનો બીજો દોર | ૪૮ |
| ૧૩ | (૩) તસવ્વુફનો ત્રીજો દોર | ૪૯ |
| ૧૪ | (૪) તસવ્વુફનો ચોથો દોર | ૪૯ |
| ૧૫ | નબવી દોર અને ખિલાફતે રાશિદહ | ૫૨ |
| ૧૬ | ખિલાફતે રાશિદહ પછી | ૫૪ |
| ૧૭ | સૂફીઓની પહેલી જમાઅત | ૫૬ |
| ૧૮ | સૂફીઓની પહેલી જમાઅતની કાર્યપદ્ધતિ | ૫૭ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૧૯ | તસવ્વુફના પ્રથમ દોરના બુઝુર્ગોની મહેનતના ફાયદાઓ અને લાભો | ૬૦ |
| ૨૦ | તસવ્વુફ અને સૂફિયાએ કિરામનો બીજો દોર | ૬૩ |
| ૨૧ | તસવ્વુફ અને સૂફિયાએ કિરામનો ત્રીજો દોર (દસમી સદી ઈસ્વી) | ૬૬ |
| ૨૨ | અગિયારમી સદીમાં તસવ્વુફ | ૬૮ |
| ૨૩ | તસવ્વુફ બારમી અને તેરમી સદી ઈસ્વીમાં | ૭૦ |
| ૨૪ | તસવ્વુફ તેરમી સદી (સાતમી સદી હિજરી)માં | ૭૫ |
| ૨૫ | સિલસિલાઓની દલીલ અને સનદ | ૭૬ |
| ૨૬ | સિલસિલાઓની જરૂરત અને સંજોગો | ૭૭ |
| ૨૭ | સિલસિલાઓની શરૂઆત | ૮૦ |
| ૨૮ | ચાર પીર ચૌદ ખાનવાદહ (સિલસિલા) | ૮૩ |
| ૨૯ | ભારતમાં સૂફી સિલસિલાઓ | ૮૭ |
| ૩૦ | નકશબંદી (ખ્વાજગાન) સિલસિલો. | ૮૭ |
| ૩૧ | કાદરિયહ સિલસિલો | ૮૮ |
| ૩૨ | સુહરવર્દી સિલસિલો | ૮૯ |
| ૩૩ | ફિરદોસિયહ સિલસિલો | ૮૯ |
| ૩૪ | શત્તારિયહ સિલસિલો | ૯૦ |
| ૩૫ | ચિશ્તીયહ સિલસિલો | ૯૦ |
| ૩૬ | ગુજરાતમાં સૂફી સિલસિલાઓ | ૯૧ |
| ૩૭ | ગુજરાતના મશાઈખની પવિત્ર આત્માઓ (યાદે અય્યામમાંથી) | ૯૧ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | | |
|---|---|---|
| ૩૮ | મશાઈખે ચિશ્તિય્યહ | ૯૨ |
| ૩૯ | સુહરવર્દિયહ સિલસિલાના મશાઈખ | ૯૫ |
| ૪૦ | મગરિબિય્યહ સિલસિલો | ૯૬ |
| ૪૧ | એદરુસિય્યહ સિલસિલો | ૯૭ |
| ૪૨ | કાદિરિય્યહ સિલસિલો | ૯૯ |
| ૪૩ | રિફાઈય્યહ સિલસિલો | ૧૦૦ |
| ૪૪ | નકશબંદિય્યહ સિલસિલો | ૧૦૦ |
| ૪૫ | શત્તારિય્યહ સિલસિલો | ૧૦૧ |
| ૪૬ | ચારેવ સિલસિલાના શજરહ | ૧૦૩ |
| ૪૭ | નકશબંદી સિલસિલાનો શજરહ | ૧૦૩ |
| ૪૮ | કાદરિયહ સિલસિલાનો શજરહ | ૧૦૭ |
| ૪૯ | સુહરવર્દી સિલસિલાનો શજરહ | ૧૦૮ |
| ૫૦ | ચિશ્તીયહ સિલસિલાનો શજરહ | ૧૦૯ |
| ૫૧ | વિવિધ સિલસિલાઓનો ફરક | ૧૧૧ |
| ૫૨ | બધા સિલસિલાઓ હઝરત અલી રદિ.થી જ કેમ ? | ૧૧૫ |
| ૫૩ | ચિશ્તી સિલસિલાની કાર્યપદ્ધતિ અને વિશેષતાઓ | ૧૧૮ |
| ૫૪ | ચિશ્તી તાલીમની બુનિયાદો અને તરીકાઓ | ૧૩૦ |
| ૫૫ | અખ્લાકી કેળવણીની બુનિયાદો | ૧૩૧ |
| ૫૬ | ઓગણીસમાં સદીના ભારતમાં ચિશ્તી મશાઈખની ખિદમાત | ૧૩૩ |
| ૫૭ | સંદર્ભગ્રંથો | ૧૩૩ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિયારે ઇશ્ક મેં અપના મુકામ પેદા કર
નયા ઝમાના, નયે સુબ્હ વ  શામ પેદા કર.
મેરા તરીક અમીરી નહીં, ફકીરી હે
ખુદી ન બેચ, ગરીબી મેં નામ પેદા કર.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

بسم الله الرحمن الرحيم

## *તઝકિયહ, તસવ્વુફ અને ઇસ્લામ*

અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત એક એવા દીન અને ધર્મનું આપણને માર્ગદર્શન આપ્યું છે, જેમાં માનવીય જીવનને આવશ્યક દરેક બાબતને આવરી લેવામાં આવી છે. બલકે દુનિયા અને આખિરતની બાબતોને પણ આવરી લેવામાં આવી છે. અલ્લાહ તઆલા સર્વગુણ સંપન્ન છે. બધું જ જાણનાર અને જોનાર છે. માનવી અને સમગ્ર સૃષ્ટિના સર્જનહાર છે. એટલે માણસના સ્વભાવથી વાકેફ અને માનવીની જરૂરતોથી વાકેફ જ હોય એ નક્કી છે. માટે માણસને પોતાના દીન એટલે કે દીને ઈસ્લામને અનુસરવાનો આદેશ આપ્યો તો એવી રીતે કે એ દીનમાં જ માણસની જરૂરતોને પણ આવરી લીધી. અને એવો દીન અને ધર્મ આપ્યો છે કે માણસ પોતાની દુન્યવી જરૂરતો પૂરી કરે તો પણ એ રૂહાનિયતની ગરજ સારે અને દીની કે રૂહાની કામ કરે તો એનાથી પણ એની ભૌતિક જરૂરતો પૂરી થઈ જાય.

સમાજ અને સંસ્કૃતિ, સંસ્કાર અને સભ્યતા, રાજકરણ અને અર્થવ્યવસ્થા, દરેક વિષયથી સંબંધિત વ્યકિતગત અને સામુહિક, પ્રાદેશિક અને વૈશ્વિક, દરેક પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જરૂરી આદર્શો અને આદેશો પણ એવા આપ્યા છે કે બદલાતા સમયમાં પણ અમલપાત્ર અને ઉપયોગી જ રહે છે. સમયના બદલાતા વહેણ સાથે પણ ધર્મનું અનુસરણ સરળ જ રહે છે. અર્થાત સઘળી જરૂરતો પૂરી કરીને પછી આદેશ આપવામાં આવ્યો છે કે, આ એક સંપૂર્ણ દીન – ધર્મ છે, અલ્લાહને ત્યાં ફકત આ જ દીન સ્વીકાર્ય છે માટે એને જ અનુસરો અને શયતાન તમારો શત્રુ છે. એના રસ્તે ન ચાલશો.

બધી જ રીતે સંપૂર્ણ અને સર્વગ્રાહી હોવાના કારણે જ અલ્લાહ તઆલાએ દુનિયાના દરેક માણસ માટે અને બધા જ દેશો – પ્રદેશો માટે, ફકત ઈસ્લામ ધર્મના અનુસરણને આવશ્યક ઠરાવ્યું છે. કુરઆનમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ બાબત સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે; સૂરએ આલિ ઈમ્રાનમાં છે : જે કોઈ ઈસ્લામ સિવાય બીજો કોઈ ધર્મ શોધશે કે અપનાવશે, એ સ્વીકારવામાં આવશે નહીં. અને આખિરતમાં એ માણસ નુકસાનમાં રહેશે. (૮૫)

સૂરએ સબામાં અલ્લાહ તઆલા ફરમાવે છે : હે નબી ! અમે તમને બધા જ લોકો માટે ખુશખબરી આપનાર અને ડરાવનાર (પયગંબર) તરીકે મોકલ્યા છે. (૨૮)

કુરઆન અને હદીસમાં ઈસ્લામની જે કંઈ તાલીમ આવી છે, એ મુખ્યત્વે ચાર વિભાગોમાં વહેંચાયેલી છે.

(૧) અકાઈદ. એટલે કે બુનિયાદી માન્યતાઓ. જે દિલથી માનવી અને સ્વીકારવી જરૂરી છે.

(૨) ઈબાદાત. એટલે કે અલ્લાહની ઈબાદત માટે માણસ ઉપર જરૂરી ઠેરવવામાં આવેલા કામો.

(૩) મુઆમલાત. એટલે કે લેન – દેન, વેપાર – વહેવારને લગતા સોદાઓ અને કરારો વિશેના ઈસ્લામી આદેશો.

(૪) અખ્લાક. એટલે કે માણસના દિલ અને બાતિનને લગતી ખૂબીઓ અને બુરાઈઓ વિશેના હુકમો. જેમ કે સબ્ર – શુક્ર, તવક્કુલ, સખાવત, દરેક માણસ સાથે નમ્રતા વર્તવી. દરેક કામમાં ઈખ્લાસ રાખવો. અલ્લાહ તઆલાની તકદીર ઉપર રાજી રહેવું. વગેરે સારા અખ્લાક કહેવાય છે અને એને અપનાવવા જરૂરી છે. આ જ પ્રમાણે અભિમાન, હસદ, બુઝદિલી, કંજૂસાઈ, લાલચ, કીનો – કપટ, અદાવત, નફરત વગેરે બુરા અખ્લાક કહેવાય છે. જેનાથી બચવું અને દિલને આ બધી બુરાઈઓથી પાક રાખવું જરૂરી છે.

કુરઆન અને હદીસમાં તો આ બધું એક સર્વગ્રાહી 'દીન' તરીકે જ વર્ણવવામાં આવ્યું છે. અલબત્ત ત્યાર પછી મુસ્લિમ વિદ્વાનોએ સમજવા અને સમજાવવા ખાતર દીનના આદેશોને ઉપર મુજબ ચાર ભાગોમાં વહેંચ્યા છે. ઘણા વિદ્વાનોએ પેટા ભાગો પાડીને વધારે સારી રીતે દીનના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આદેશોને વર્ગીકૃત કરીને પણ સમજાવ્યા છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતના મકસદ તરીકે પણ અલ્લાહ તઆલાએ આ બાબતોનું વર્ણન ફરમાવ્યું છે.

સૂરએ જુમ્અહમાં છે : અલ્લાહ તઆલાએ અજ્ઞાન લોકોને જ્ઞાન – કેળવણી આપવા માટે એમના માંહેથી જ એક વ્યકિતને રસૂલ બનાવ્યા છે. જે એમની સામે અલ્લાહના આદેશો વર્ણવે છે. એમના દિલને સાફ કરે છે, એમને 'કિતાબ' અને હિકમતની તાલીમ આપે છે. આ લોકો અત્યાર સુધી ખુલ્લી રીતે રાહ ભટકેલ હતા. (સૂરએ જુમ્અહ : ૨)

ઉપરોકત આયતમાં અલ્લાહ તઆલાએ જે બાબતોને નુબુવ્વતના મકસદોમાં ગણાવી છે, એમાં લોકોને અલ્લાહના આદેશો બતાવવા, લોકોને કુરઆનની તાલીમની અને ત્રીજી બાબત 'દિલોને સાફ કરવાની' બાબત ઘણી મહત્વની છે. ઈસ્લામમાં દિલની સફાઈ અને અંતરની પવિત્રતાનું વિશેષ સ્થાન છે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી રહ. ફરમાવે છે કે, આ બાબત એટલે કે ઈખ્લાસ અને દિલની પવિત્રતા શરીઅતના ત્રણેવ મકસદોમાં સૌથી બારીક અને મહત્વની બાબત છે. શરીઅતમાં એનું સ્થાન શરીરના પ્રાણ જેવું છે. સૂફિયાએ કિરામ રહ. આ જ મકસદની તાલીમ આપે છે. (તફહીમાત)

અકાઈદ અને ઈબાદાતમાં માણસ સીધી રીતે અલ્લાહ તઆલા સાથે સંબંધ જોડે છે, અને મુઆમલાતમાં લોકો સાથે માણસનો વહેવાર અને સંબંધ રહે છે. વાલિદૈન, સગાઓ, પાડોશીઓ, દોસ્તો અને પોતીકા કે પરાયા, બધા જ પ્રકારના લોકો સાથે વહેવાર રહે છે.

આ બધી જ બાબતોમાં એટલે કે અલ્લાહ તઆલા સાથેના સંબંધોમાં અને માણસો સાથેના સંબંધોમાં, માણસના દિલની સફાઈ ઘણી જ જરૂરી છે. જેમ કે અલ્લાહ તઆલાની ઈબાદતમાં ઈખ્લાસ હોય, એ જરૂરી છે. લોકો પ્રત્યે એનું દિલ સાફ હોય એ પણ જરૂરી છે. ઈખ્લાસ વગર કે દિલમાં લોકો પ્રત્યે નફરત કે અદાવત હોય તો એ નમાઝ માણસને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફાયદો નથી કરતી. પરસ્પરના સંબંધો અને વહેવારમાં પણ અખ્લાક અને સંસ્કારનું ઘણું મહત્વ છે. વહેવારમાં અન્યો સાથે માણસ સદવર્તન દાખવે એ પણ જરૂરી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : સારા અખ્લાક ધરાવનાર માણસ જ લોકોમાં શ્રેષ્ઠ માણસ છે. એક હદીસમાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : હું સારા અખ્લાકની તાલીમને પરિપૂર્ણ કરવા માટે જ નબી બનાવવામાં આવ્યો છું.

ખુલાસો આ છે કે 'દીને ઈસ્લામ' દ્વારા માણસને દર્શાવવામાં આવેલ આદેશો અને આદર્શો અનેક પ્રકારના છે અને એ માણસની જીંદગીના દરેક પાસાને આવરી લે છે અને આ આદેશોમાં સંસ્કાર, અખ્લાક અને દિલની સફાઈનું ઘણું મહત્વ છે. એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જેમ ઈબાદત અને મુઆમલાતની બાબતોમાં લોકોમાં બધાં કરતાં આગળ અને નમૂનારૂપ હતા, એ જ પ્રમાણે અખ્લાકમાં પણ લોકોમાં સર્વશ્રેષ્ઠ હતા. કુરઆનમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, હે નબી ! તમે ઘણા મહાન અખ્લાક ધરાવનાર હસ્તી છો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશિદીન પછી ઈસ્લામ વિશ્વભરમાં ફેલાય રહયો હતો, ત્યારે ફકત એક જ વ્યકિત દ્વારા ઈસ્લામને લગતી સઘળી બાબતોની તાલીમ આખા વિશ્વના મુસલમાનોને આપી શકાય એ શકય ન રહયું. એટલે દીન અને ઈસ્લામને લગતા વિવિધ વિષયોના કાબેલ ઉલમા દ્વારા તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.

અુમક બુઝુર્ગોએ કુરઆન અને ઈસ્લામની બુનિયાદી તાલીમ આપવાનું શરૂ કર્યું,

અમુક વિદ્વાનોએ ઈબાદાત અને મુઆમલાતના મસાઈલ શીખવાડવાનું શરૂ કર્યું

અને અમુક બુઝુર્ગોએ લોકોને દિલોની ખરાબીઓ – બુરાઈઓ પ્રત્યે સજાગ કરીને દિલોમાં અખ્લાક અને અલ્લાહની મુહબ્બત પેદા કરવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર ધ્યાન આપવાનું શરૂ ફરમાવ્યું.

ઈસ્લામની તાલીમ અને શિક્ષણના આ ત્રણ બુનિયાદી વિભાગો છે.

બુનિયાદી બાબતોની જાણકારીને 'અકાઈદ' કહેવામાં આવે છે.

ઈબાદાત અને મુઆમલાતના મસાઈલને 'ફિકહ' કહેવામાં આવે છે

અને દિલોની સફાઈને લગતી બાબતોને 'તઝકિયહ' અને 'તસવ્વુફ' કહેવામાં આવે છે.

ઉપરના લખાણથી સમજી શકાય છે કે, દીને ઈસ્લામમાં જે આદેશો માણસના દિલની સ્થિતિથી સંબંધ રાખે છે, એવા આદેશો અને આદર્શોને 'તઝકિયહ' કહેવામાં આવે છે અને સમય જતાં જયારે ઈસ્લામને લગતી વિવિધ બાબતોને અલગ અલગ વિષય, વિભાગ અને પ્રકારોમાં વહેંચવામાં આવી તો આ વિષયને સલૂક અને તસવ્વુફનું નામ આપવામાં આવ્યું. અને જેમ કાબેલ કારીઓ, ઉસ્તાદો, મુફતીઓ વગેરે દ્વારા કુરઆનની તાલીમ, ફિકહ અને મસાઈલની તાલીમ આપવામાં આવે છે એ જ પ્રમાણે તઝકિયહ અને તસવ્વુફ પણ કાબેલ મશાઈખ દ્વારા શીખવા અને શીખવાડવામાં આવે છે. આમ ખરી રીતે જોવામાં આવે તો તઝકિયહ અને તસવ્વુફ દીને ઈસ્લામનો ત્રીજા સ્થંભ છે.

***તસવ્વુફ એટલે શું ?***

❑ તસવ્વુફ એટલે દીન – દુનિયાના દરેક કામ ફકત અલ્લાહ તઆલા માટે જ કરવાં. અર્થાત 'ઈખ્લાસ' અને 'એહસાન' સાથે કરવાં.

શાહ વલીયુલ્લાહ રહ. ફરમાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાલીમના ત્રણ મુખ્ય બિંદુઓ છે.

(૧)દુનિયા, આખિરત, હિસાબ, કિતાબ વગેરેથી સંબંધિત લોકોના અકીદાઓની સુધારણા. 'ઉલમાએ ઉસૂલ' અને 'મુતકલ્લિમીન' આ વિષયના કાબેલ ગણાય છે.

(૨) ઈબાદતો અને માનવીય જરૂરતોના કામો સુન્નત તરીકા મુજબ કરવાની શિખામણ. ફુકહાએ કિરામ આ વિષયના કાબેલ ઉલમા ગણાય છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૩) ઈખ્લાસ અને એહસાનની તાલીમ.

ઈખ્લાસ અને એહસાનનો હુકમ કુરઆનની અનેક આયતો અને અનેક હદીસોમાં આવ્યો છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

લોકોને ફકત એટલો જ હુકમ આપવામાં આવ્યો છે કે, દીનમાં ઈખ્લાસ સાથે (ફકત અલ્લાહ તઆલા માટે જ) ઈબાદત કરે.

એક બીજી આયતમાં છે : નેક લોકો એમના પરવરદિગારે જે કંઈ એમને આપ્યું હશે એ બધું લઈને બાગો અને નહેરોમાં હશે. આ લોકો અત્યાર સુધી 'એહસાન' (દરેક કામ સારી રીતે) કરનાર હતા.

હદીસ શરીફમાં આ 'એહસાન'નું વિગત સાથે વર્ણન છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત જિબ્રઈલ અલૈ.એ પૂછયું કે, એહસાન શું છે ? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમે અલ્લાહ તઆલાની ઈબાદત એવી રીતે કરો, જાણે તમે અલ્લાહને જોઈ રહયા હોય. અને અલ્લાહને જોઈ રહયા હોય એવું ઘ્યાન ન બની શકે તો એવું ઘ્યાન ધરો કે અલ્લાહ તઆલા તમને જોઈ રહયા છે.

આ ત્રીજી બાબત દીને ઈસ્લામની બુનિયાદ છે. આ બાબત એટલે કે ઈખ્લાસ, એહસાન અને દિલની પવિત્રતા શરીઅતના ત્રણેવ મકસદોમાં સૌથી બારીક અને મહત્વની બાબત છે. શરીઅતમાં એનું સ્થાન શરીરના પ્રાણ જેવું છે. સૂફિયાએ કિરામ રહ. આ જ મકસદની તાલીમ આપે છે. (તફહીમાત)

શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. હઝરત જિબ્રઈલ અલૈ.ના ઉપરોકત સવાલ – જવાબ વાળી હદીસના અનુસંધાનમાં લખે છે કે, આ હદીસમાં હઝરત જિબ્રઈલ અલૈ.એ જે ત્રણ સવાલો : ઈમાન શું છે ? ઈસ્લામ શું છે ? એહસાન શું છે ? પૂછયા છે એમાં ખરી રીતે ઈલ્મે અકાઈદ, ઈલ્મે ફિકહ અને ઈલ્મે તસવ્વુફનું વર્ણન છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એટલે જ 'ઈમાન શું છે ?' ના જવાબમાં અકાઈદને લગતી બાબતો વર્ણન કરી. 'ઈસ્લામ શું છે ?'ના જવાબમાં શરીઅતના અહકામ એટલે કે ફિકહને લગતી બાબતો વર્ણન ફરમાવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને એહસાન શું છે ? ના જવાબમાં જે વર્ણવ્યું એ તસવ્વુફ છે. તસવ્વુફના મશાઈખ જે કંઈ કહે છે એ બધાનો ખુલાસો પણ આ જ છે.

*(અશિઅતુલ્લમ્આત)*

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. આપબીતીમાં લખે છે કે, એકવાર મવલાના હબીબુર્રહમાન લુધ્યાનવી રહ. એમની પાસે આવ્યા અને સલામ – મુસાફહા પછી સવાલ કર્યો કે, તસવ્વુફ શી બલા છે ? એ બતાવો અને સાથે જ એવું પણ કહયું કે, મારા આ સવાલનો જવાબ વિચારીને રાખજો. હું ઈન્શાઅલ્લાહ પરમ દિવસે રાયપૂરથી પરત આવીશ ત્યારે જવાબ લઈશ.

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ.એ તુરંત એમને કહયું કે, હમણાં જ જવાબ સાંભળતા જાઓ. અને પછી ફરમાવ્યું :

તસવ્વુફ إنما الأعمال بالنيات એટલે કે દરેક કામ અલ્લાહ ખાતર કરવાની નિય્યત કરવાથી શરૂ થાય છે, અને أن تعبد الله كأنك تراه એટલે કે ખુદા તઆલા સમક્ષ ઉભા હોય એવું ધ્યાન બની જાય ત્યાં તસવ્વુફ પૂરું થાય છે.

એટલે કે સહી નિય્યત સાથે દરેક કામ કરવાની માણસ આદત પાડે અને પછી એ જ રસ્તે આગળ ચાલતો રહે તો ધીરે ધીરે એવી કેફિયત પેદા થઈ જશે કે માણસ દરેક પળે અલ્લાહ તઆલાને પોતાની સામે અને પાસે જ જોતો હોય. આ જ સ્થિતિનું વર્ણન હઝરત જુનેદ બગદાદી રહ.ના શબ્દોમાં આ છે કે, બંદા અને પરવરદિગાર વચ્ચે કોઈ પરદો ન રહે એનું નામ તસવ્વુફ છે.

શરીઅત વ તરીકત કા તલાઝુમ નામી કિતાબમાં શૈખુલ હદીસ હઝરત મવ. ઝકરિય્યા રહ. લખે છે :

તરીકત, વાસ્તવમાં 'એહસાન'નું જ બીજું નામ છે અથવા કહો કે 'એહસાન' ની કેફિયત મેળવવાના તરીકાનું નામ છે. એને જ તસવ્વુફ અને સુલૂક કહે છે, અથવા જે કંઈ બીજું નામ આપવામાં આવે.

આ જ કિતાબમાં હઝરત શૈખ રહ. હઝરત મુજદ્દીદ રહ.નો એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મકતૂબ આ વિષયનો નકલ કરીને ફરમાવે છે : અલ્લાહ તઆલનો શુક્ર છે કે આ નાચીઝે પણ મવલાના હબીબુર્રહમાન સાહેબ, રઈસુલ અહરાર દ્વારા તસવ્વુફની હકીકત વિશે પૂછવામાં આવેલ સવાલના જવાબમાં એમને એમ જ કહયું હતું કે તસવ્વુફ નિય્યત દુરુસ્ત કરવાનું નામ છે. (૯૪)

❑ અલ્લાહ તઆલા પ્રત્યે વફાદારી અને મખ્લૂક પ્રત્યે નિસ્વાર્થ હમદર્દીનું નામ તસવ્વુફ છે.

ઈમામ ગિઝાલી રહ. ફરમાવે છે :

વહાલા બેટા ! તસવ્વુફ વિશે તેં પૂછયું છે કે તસવ્વુફ શુ છે ?

તસવ્વુફ બે બાબતોનું નામ છે.

એક : બંદો અલ્લાહ તઆલાનો વફાદાર થઈ જાય. એટલે કે શરીઅત ઉપર સંપૂર્ણ રીતે અમલ કરે.

બે : અલ્લાહની મખ્લૂક પ્રત્યે હમદર્દી અને ભલાઈ કરનાર બની જાય.

જે કોઈ બંદો શરીઅત ઉપર કાયમ – અડગ રહીને લોકો સાથે ખેરખ્વાહી અને ભલાઈનું વર્તન દાખવે એ 'સૂફી' છે.

અને અલ્લાહ તઆલાની વફાદારી આ છે કે, અલ્લાહ તઆલા માટે પોતાની ખુશી અને મરજી ત્યજી દે.

લોકો પ્રત્યે હમદર્દી આ છે કે લોકો સાથે પોતાના સ્વાર્થ ખાતર સંબંધ ન રાખે. લોકો સાથેના સંબંધોમાં સ્વાર્થ છોડીને લોકોની ભલાઈ અને એમના ફાયદા ખાતર એમની સાથે સદવર્તન દાખવે અને આ બધામાં પણ શરીઅત વિરુદ્ધ કોઈ કામ ન હોય. (રસાઈલે ઈમામ ગિઝાલી. અય્યુહલ વલદ)

❑ ખ્વાજા અબૂબક્ર શિબ્લી રહ. ફરમાવે છે :

તસવ્વુફ એટલે કે બધું જ છોડીને ફકત અલ્લાહના બની જવું. ખુદા તઆલા સિવાય બીજા કોઈના વિચારથી પણ દિલને પાક રાખવું. બલકે એમ જ સમજવું કે અલ્લાહ તઆલા સિવાય બીજું કંઈ છે જ નહીં.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑ હઝરત મવલાના શાહ મસીહુલ્લાહ રહ. લખે છે : શરીઅતના જે અહકામ બાતિન (એટલે કે દિલ અને દિલની કેફિયત)થી સંબંધિત છે, એને તસવ્વુફ અને સુલૂક કહેવામાં આવે છે. અને જે અહકામ જાહેરી કામોથી સંબંધિત છે એને 'ફિકહ' કહેવામાં આવે છે.

તસવ્વુફનો મુખ્ય વિષય અને બિંદુ અખ્લાકની સુધારણા અને કેળવણી છે. અને અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવી તસવ્વુફનો મકસદ છે. આ મકસદને હાસિલ કરવાની રીત આ છે કે શરીઅતના દરેક હુકમ ઉપર સંપૂર્ણ રીતે અમલ કરવામાં આવે.

મતલબ કે તસવ્વુફ દીનની રૂહ અને અસલી કેફિયતનું નામ છે. તસવ્વુફ વડે માણસના દિલને બુરાઈઓ, બુરા અખ્લાક અને ગંદા વિચારોથી પાક કરવામાં આવે છે. જેમ કે, ક્રોધ, કીનો, હસદ, માલ અને દુનિયાની મુહબ્બત, હોદ્દા અને ખ્યાતિની ખેવના, કંજૂસાઈ, લાલચ, રિયાકારી, તકબ્બુર – અભિમાન, જેવી બુરાઈઓથી દિલને સાફ કરવું.

અને તોબા, સબ્ર, શુક્ર, અલ્લાહની મુહબ્બત, અલ્લાહનો ખોફ, દુનિયા અને માલનો ત્યાગ (ઝુહદ), તવહીદ, તવક્કુલ, ઈખ્લાસ, સચ્ચાઈ, આખિરતની ફિક્ર જેવી ખૂબીઓ અને અખ્લાક વડે દિલને શણગારવું તેમજ સુધારવું. (શરીઅત વ તસવ્વુફ : ૧૭)

❑ શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. ફરમાવે છે :

હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની રહ. ફરમાવે છે : તસવ્વુફની બુનિયાદ આઠ વસ્તુઓ છે. અને આઠેવ વસ્તુઓ અંબિયાએ કિરામની ખૂબીઓ છે.

(૧) હઝરત ઈબ્રાહીમ અલૈ. જેવી સખાવત.

(૨) હઝરત ઈસ્માઈલ અલૈ.ની જેમ અલ્લાહની મરજીના તાબે થઈ જવું.

(૩) હઝરત અય્યૂબ અલૈ.જેવો સબ્ર કરવો.

(૪) હઝરત ઝકરિય્યા અલૈ.ની જેમ દુઆ કરનાર બની જવું.

(૫) હઝરત યહયા અલૈ. જેવી ગરીબી અપનાવવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૬) હઝરત મૂસા અલૈ.ની જેવો લિબાસ પહેરવો.

(૭) હઝરત ઈસા અલૈ.ની જેમ દુનિયાની સેર કરવી અને બધાથી અલગ થઈને રહેવું.

(૮) જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જેમ ફકીરી અપનાવવી. (કશ્ફુલ મહજૂબ, ઉર્દૂ : ૯૩)

❑ જાહેર અને બાતિનની ઈસ્લાહ – સુધારણા અને કેળવણીનું નામ તસવ્વુફ છે.

હઝરત મવલાના અશ્રફ અલી થાનવી રહ. ફરમાવે છે : તસવ્વુફ એકાંત કે સન્યાસનું નામ નથી. કશ્ફ, કરામત અને દિલોની વાત જાણી લેવાનું નામ પણ તસવ્વુફ નથી. બલકે માણસના જાહેર અને બાતિનની ઈસ્લાહનું નામ જ તસવ્વુફ છે. (ઈમ્દાદુલ ફતાવા, જદીદ : ૮/૫૦૪)

અલ્લામા ઝફર ઉસ્માની રહ. લખે છે :

તસવ્વુફ જાહેર અને બાતિન (બાહય અને અંતર)ને આબાદ કરવાનું નામ છે. જાહેરને આબાદ કરવા માટે નેક આમાલ કરવામાં આવે. અને બાતિનને આબાદ કરવા માટે અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે. અલ્લાહ સિવાય કોઈ બીજા પ્રત્યે ધ્યાન ન આપવામાં આવે. સારા અખ્લાક અપનાવવામાં આવે. બુરા અખ્લાક અને દિલની ગંદકીઓને સાફ કરવામાં આવે. પહેલાના લોકો (સહાબા)ને આ બધું ફકત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત દ્વારા જ મળી જતું હતું, જેમ કુરઆન અને હદીસનું ઈલ્મ એમને સોહબતે નબવી દ્વારા મળી જતું હતું. એના માટે એમણે કિતાબો, અને વિસ્તાર પૂર્વક, વિષયોના વર્ગીકરણ સાથે લખવામાં આવેલા પુસ્તકો વાંચવા કે ભણવાની જરૂરત પડતી ન હતી. પછી જેમ બીજા બધા ઉલૂમ અને વિષયો માટે કિતાબો લખવામાં આવી, વિષયો અલગ કરીને મદરસાઓમાં તાલીમ આપવામાં આવી એવી જ રીતે મશાઈખ રહ.એ જાહેર અને બાતિનને આબાદ કરવા માટે મુજાહદો, એકાંત, ખાનકાહ, વગેરે બાબતો નક્કી ફરમાવી. (એઅલાઉસ્સુનન : ૧૮/૪૫૦, ઈમ્દાદુલ ફતાવા જદીદ : ૮/૫૦૪)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑હઝરત મવ. મનાઝિર અહસન ગીલાની રહ. ફરમાવે છે :

સાચી વાત આ છે કે તસવ્વુફ પણ ફિકહ, ઈલ્મે કલામ, તફસીર અને હદીસની જેમ કોઈ ઈલ્મ – વિદ્યા હોત તો તસવ્વુફના કાબેલ ઉલમા દ્વારા બતાવવામાં આવેલ વાતો માનીને એ મુજબ કરી લેવું સરળ હોત. બીજી બધી વિદ્યાઓ – કળાઓમાં એવું જ કરવામાં આવે છે. પરંતુ તસવ્વુફ ફકત ઈલ્મ – જ્ઞાનનું નામ નથી. સંપૂર્ણ પણે દીની જીવનના ધ્યેય સુધી પહોંચવા માટે તસવ્વુફમાં અમલની વિશેષ જરૂરત પડે છે. (મકાલાતે એહસાની : ૩૪)

દરેક ઝમાનામાં બુઝુર્ગો અને મશાઈખ રહ.એ 'તસવ્વુફ'નો ખુલાસો અને મકસદ વિવિધ શબ્દોમાં વર્ણન ફરમાવ્યો છે. એ બધા કથનોનો સાર એ જ નીકળે છે કે તસવ્વુફ શરીઅતનો એક મહત્વનો ભાગ છે અને શરીઅતના કોઈ પણ હુકમથી તસવ્વુફ અલગ નથી.

❑શેખ અબૂનસ્ર સર્રાજ તૂસી રહ. મહાન બુઝુગ છે. એમની એક કિતાબ 'અલ્લુમઅ' નામી છે. 'તસવ્વુફ' શું છે, એ વિશે મશાઈખના અમુક કથનો એમણે વર્ણવ્યા છે :

હઝરત જુનૈદ બગદાદી રહ.ના ઉસ્તાદ શેખ મુહમ્મદ બિન અલી રહ. ફરમાવે છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના પવિત્ર સમયકાળમાં સહાબા રદિ. જેવા શરીફ અને નેક લોકો સમક્ષ જે કામો દ્વારા એમની તાલીમ અને તરબિયત ફરમાવી, એનું જ નામ 'તસવ્વુફ' છે.

હઝરત જુનૈદ બગદાદી રહ.નું કથન છે કે, બંદા અને પરવરદિગાર વચ્ચે કોઈ પરદો ન રહે એનું નામ તસવ્વુફ છે.

હઝરત રુવૈમ બિન અહમદ રહ. ફરમાવે છે : પોતાના નફસને અલ્લાહ તઆલાની મરજીના તાબે કરી દેવાનું નામ તસવ્વુફ છે.

હઝરત સમ્નૂન રહ.ને તસવ્વુફ વિશે પૂછવામાં આવ્યું તો એમણે ફરમાવ્યું : માણસ દુન્યાની કોઈ વસ્તુનો માલિક ન બને અને દુનિયાની કોઈ વસ્તુ માણસની માલિક ન બને.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અબૂ મુહમ્મદ જરીરી રહ. ફરમાવે છે : દરેક પ્રકારના સારા અખ્લાક અપનાવવા અને દરેક બુરા અખ્લાક છોડવાનું નામ તસવ્વુફ છે.

અમ્રબિન ઉસ્માન મક્કી રહ. ફરમાવે છે : બંદો દરેક સમયે એની પાછલી સ્થિતિ કરતાં વધુ સારી સ્થિતિમાં આગળ વધતો રહે, એ તસવ્વુફ છે.

અલી બિન અબ્દુર્રહીમ રહ.નું કથન છે : પોતાને હુબ્બે ઈલાહીમાં ફના કરીને સદાને માટે ખુદાના થઈ જવાનું નામ તસવ્વુફ છે.

*(અલ્લુમઅ, ઉર્દૂ : ૫૬, અરબી : ૪૫)*

હઝરત મુરતઈશ રહ. ફરમાવે છે : તસવ્વુફ સારા અખ્લાક અને સદવર્તનનું નામ છે. અને એના ત્રણ પ્રકાર છે :

(૧) અલ્લાહ તઆલા પ્રત્યે સદવર્તન. એટલે કે અલ્લાહના દરેક હુકમોને વાળ જેટલા પણ ફેરફાર વગર, સંપૂર્ણ ઈખ્લાસ સાથે અપનાવવા.

(૨) મખ્લૂક સાથે સદવર્તન. એટલે કે વડીલોનું સન્માન, નાના લોકો સાથે શફકત, અને સમાન લોકો સાથે સમાનતાનો વર્તાવ કરવો અને એના અવેજમાં સામેથી કોઈ બદલો મળવાની ચાહત ન રાખવી.

(૩) સારા અખ્લાકનું ત્રીજું પાસું આ છે કે શયતાન અને નફસની વાસના, કામના અને મહેચ્છાઓને રજમાત્ર તાબે ન થવું.

(તસવ્વુફ બાબતે મશાઈખના અન્ય કથનો કશ્ફુલ મહજૂબ, ઉર્દૂ : ૮૯–૯૬, અવારિફુલ મઆરિફ, બાબ : ૫, પેજ : ૧૯૮–૨૦૪ ઉપર જોઈ શકાય છે.)

***તસવ્વુફની પરિભાષાનું મુળ.***

'તસવ્વુફ' અરબી શબ્દ છે; તસવ્વુફના વિષયના કાબેલ મશાઈખ અને રૂહાની બુઝુર્ગોને 'સૂફી' કહેવામાં આવે છે. અને આ 'સૂફી' શબ્દથી જ તસવ્વુફ શબ્દ બન્યો છે. અરબી વ્યાકરણ મુજબ તસવ્વુફનો અર્થ થાય છે : સૂફી બનવું.

અલબત્ત 'સૂફી' શબ્દનો અર્થ શું છે અને એનું મુળ કયો અરબી શબ્દ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે એ બાબતે વિદ્વાનોના અલગ અલગ કથનો છે. અને એ આધારે જ મશાઈખ રહ. તસવ્વુફનો આગવો મતલબ અને અર્થ પણ વર્ણવે છે.

અમે અત્રે અમુક મશ્હૂર કથનો જ વર્ણવીએ છીએ.

(૧) આ શબ્દ સફા ( ص ف و/صفا) સફાઈ, પવિત્રતા, નિર્મળતા ઉપરથી બન્યો છે. આ શેખ અલી હુજવીરી રહ.નું કથન છે. તેઓ ફરમાવે છે : સફા (صفا) નો વિરુદ્ધાર્થી શબ્દ ગંદકી (کدورت) છે. આ ગંદકી માણસના સ્વભાવ અને પ્રકૃતિમાં છે. અને જયારે આ બધી ગંદકીઓને ખાલી કરીને માણસ આગળ વધી જાય ત્યારે માણસ 'સૂફી' કહેવાય. આગળ તેઓ લખે છે :

من صفاه الحب فهو صاف و من صفاه الحبيب فهو صوفى

અર્થાત : ઈશ્કે ઈલાહીએ જેને સાફ – નિર્મળ કરી દીધો હોય એ 'સાફ' કે 'સાફી' છે અને સ્વંય હબીબ એટલે કે અલ્લાહ તઆલાએ જેને સાફ – અજવાળી દીધો હોય એ 'સૂફી' છે.

આગળ બીજી એક જગ્યાએ તેઓ લખે છે : 'સફા'નો અર્થ ચમક થાય છે અને તસવ્વુફમાં આ જ અર્થ અને મતલબ હોય છે.

(૨) અમુક બુઝુર્ગોનું કથન છે :

'સૂફી' શબ્દ 'સુફ્ફહ' ( ص ف ف/صفة) થી બન્યો છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં મસ્જિદે નબવી સામે એક ચબૂતરો કે ઓટલો હતો. અમુક સહાબા રાત દિવસ ત્યાં જ રહેતા હતા. ઈબાદતો કરતા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશો, ઉપદેશો સાંભળતા અને હરપળ આપના આદેશોની બજવણી માટે તત્પર રહેતા હતા. રોઝી રોટી માટે ખુદા તઆલા ઉપર તવક્કુલ જ એમની પૂંજી હતી. ફકત ખુદા અને રસૂલની ખુશીના તાબે રહેવું જ એમનો મકસદે હયાત હતો. જરૂરત પડતી અને આદેશ થતો તો સીધા જિહાદ માટે નીકળી જતા હતા. એટલે ત્યાર પછી જે કોઈ માણસ બધું છોડીને ફકત ખુદા અને રસૂલના આદેશોની બજવણીને જ પોતાનું ધ્યેય બનાવી લે, એને પણ 'સૂફ' એટલે કે 'સુફ્ફહ વાળા'નો લકબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપવામાં આવ્યો.

શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. ફરમાવે છે કે, અરબી વ્યાકરણ મુજબ તો સુફ્ફહના આધારે સૂફીનો લકબ સહી નથી. અલબત અર્થ અને મતલબના એતેબારથી બરાબર છે એમ કહી શકાય.

'સફા' શબ્દનો અર્થ, મતલબ, અને તસવ્વુફના મકસદ, હેતુઓ, વગેરે બાબતો સામે રાખીને જોઈએ તો સૂફી અને તસવ્વુફનો શબ્દ સફા ઉપરથી બન્યો હોય એ સમજમાં આવે છે, પરંતુ સુફ્ફહ ઉપરથી સૂફી શબ્દ બનવાનું કથન અરબી વ્યાકરણના નિયમો મુજબ નથી.

શેખ ફરીદુદ્દીન અત્તાર રહ.એ તઝકિરતુલ અવલિયામાં 'સૂફી' વ્યકિતની ઓળખ બતાવતા અનેક કથનો લખ્યા છે, જેનાથી એવું સમજમાં આવે છે કે આ શબ્દ 'સફા' (દિલની સફાઈ અને પવિત્રતા)થી બન્યો છે. (આઈનએ મઅરિફત યાની ઉર્દૂ શાયરીમેં તસવ્વુફ : ૪–૬)

(૩) આ શબ્દ 'સફ' (ص ف ف /صفّ)ઉપરથી બન્યો છે. સફ એટલે નમાઝની લાઈન. જે લોકો નમાઝ માટે સદાએ પહેલી લાઈનમાં ઉભા રહેતા હતા એમને 'સૂફી' એટલે કે પહેલી સફ વાળા કહેવામાં આવતા હતા. બુઝુર્ગો અને મશાઈખ પણ ઈબાદત માટે તત્પર અને તૈયાર રહીને પહેલી સફમાં જ હોય છે એટલે એમને સૂફી કહેવામાં આવે છે.

(૪) આ શબ્દ સૂફ (صــــوف) ઊન (ઘેટા અથવા અન્ય જાનવરોના વાળ) ઉપરથી આવ્યો છે. વધુ પડતા વિદ્વાનો અને બુઝુર્ગોનું આ જ કહેવું છે. આ શબ્દના આધારે એમનો લકબ રાખવાનું કારણ આ છે કે આ બુઝુર્ગો અંબિયાએ કિરામની સુન્નત મુજબ અત્યંત સાદો લિબાસ એટલે જાનવરોના વાળથી બનેલા કપડાં પહેરતા હતા. માટે એમનો લિબાસ જ એમના લકબ અમે નામકરણનું મુખ્ય કારણ છે.

શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. અવારિફુલ મઆરિફમાં લખે છે :

હઝરત અનસ બિન માલિક રદિ.ની રિવાયત છે કે,

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ગધેડા ઉપર સવારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરતા હતા. ઊન (સૂફ / صــــوف)પહેરતા હતા અને ગરીબ માણસની દાવત પણ કુબૂલ ફરમાવતા હતા અને બકરીઓ પણ પોતે બાંધી લેતા હતા. આ આધારે જ અમુક લોકો મશાઈખને સૂફી અને સૂફીયા કહે છે. કારણ કે એમણે પણ આ જ લિબાસ અપનાવ્યો છે. આ પહેરણ હલકું અને નરમ હોય છે અને અંબિયાએ કિરામ રહ.નો લિબાસ હતો. (અવારિફુલ મઆરિફ, ઉર્દૂ/અરબી. બાબ : ૫)

(નોંધ : ઉપરોકત હદીસ મુસ્તદરક અલા સહીહૈન. કિતાબુલ ઈમાનમાં હઝરત અબૂ મૂસા રદિ.એ પણ વર્ણવી છે.)

આગળ એક સ્થાને બીજી હદીસ પણ વર્ણવી છે.

હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. રિવાયત કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હઝરત મૂસા અલૈ.સાથે જયારે અલ્લાહ તઆલાએ કલામ – વાતચીત ફરમાવી ત્યારે એમના શરીરે સૂફ – ઊનની ચાદર હતી, ઊનનો ઝભ્ભો હતો, ઊનની ટોપી હતી, ઊનની સલવાર હતી. (તિરમિઝી, કિતાબુલ્લિબાસ/દુર્રે મન્ષૂર.નોંધ:આ હદીસ ઝઈફ છે.)

પછી આગળ શેખ શિહાબુદ્દીન રહ. લખે છે :

શબ્દોની વ્યુત્પત્તિના અરબી નિયમો મુજબ આ જ બરાબર છે. અરબીમાં જેમ કમીસ પહેરવાને 'તકમ્મુસ' કહેવામાં આવે છે, એ જ રીતે સૂફ (ઊન) પહેરવાને 'તસવ્વુફ' કહેવામાં આવે છે.

***<u>લિબાસ ઉપરથી સૂફી લકબ રાખવાનું કારણ</u>***

શરીઅતના અન્ય વિષયોના વિદ્વાનોનો લકબ એમના મુખ્ય વિષય અને કાબેલિયત ઉપરથી બોલવામાં આવે છે, જેમ કે ફિકહના જાણકારને ફકીહ અને મુફતી, હદીસના જાણકારને મુહદ્દિષ, કુરઆનના આલિમને કારી, વગેરે... તો પછી શરીઅતના આ વિષય એટલે કે તઝકિયહ અને એહસાનની તાલીમ આપતા બુઝુર્ગોનો લકબ એમના પહેરવેશના આધારે કેમ નક્કી કરવામાં આવ્યો ? એનો જવાબ આપતાં શેખ શિહાબુદ્દીન રહ.એ બીજી દિલચસ્પ વાતો પણ લખી છે :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૧) આ મશાઈખ અને બુઝુર્ગોના અહવાલ બદલાતા રહે છે, તેઓ એક ઊંચાઈએથી બીજી ઊંચાઈ ઉપર સૈર કરતા રહે છે, ઈલ્મ અને અહવાલમાં પ્રગતિના દરવાજા એમના માટે ખુલ્લા રહે છે, એમના દિલો હકીકતોના ખઝાના અને ઉલૂમની ખાણ જેવા હોય છે, માટે કોઈ એક સ્થિતિમાં તેઓ રહેતા નથી, અને ઈલ્મ – અમલની કોઈ એક સ્થિતિના આધારે એમનું સ્થાન અને લકબ નક્કી કરવો મુશ્કેલ છે, માટે એમના જાહેરી લિબાસના આધારે એમને 'સૂફી' (સૂફ – ઊન પહેરનાર) કહીને સંબોધવામાં આવે છે. કારણ કે એમના આગલા બુઝુર્ગો પણ ઊન – સૂફ પહેરતા હતા.

(૨) આ લોકો અલ્લાહ તઆલા સાથે વિશેષ નિકટનો સંબંધ ધરાવતા હોય છે. અને અલ્લાહ તઆલાની નઝદીકીના એતેબારથી એમને સંબોધવા અઘરું કામ છે. એમની આ સ્થિતિના અદબનો તકાઝો પણ આ જ છે કે એમની હાલતને લોકોથી છુપાવવામાં આવે. એમની આ સ્થિતિની ચર્ચા લોકમુખે થાય એ પણ યોગ્ય બાબત નથી, માટે એમના આ ઝાહેરી લિબાસના આધારે જ એમનું નામ રાખવામાં આવ્યું.

(૩) પછી હઝરત શેખ શિહાબુદ્દીન રહ. એક વિશેષ કારણ દર્શાવતાં લખે છે :

આ બુઝુર્ગોનું નામ એમના લિબાસના આધારે રાખવામાં એક ઈશારો આ પણ છે કે, દુનિયા એમની પાસે ઘણી જ ઓછી છે. સારા અને નરમ લિબાસ પહેરવા માણસના નફસનો શોખ છે, તેઓ આ શોખને છોડી દે છે. એટલે સુધી કે જયારે કોઈ નવો મુરીદ એમની સોહબતમાં આવે છે તો એ પણ એમના જેવો જ બની જાય છે, ખાવું પણ ઓછું કરી દે છે, અને સમજી જાય છે કે ખાવાનો મામલો પણ લિબાસની જેમ થોડા ઉપર જ કનાઅત – સંતોષ કરવાનો છે. આ બુઝુર્ગોને કોઈ બીજો લકબ આપવામાં આવત તો નવા આવનાર માણસ – મુરીદ માટે શરૂઆતમાં આ વિષય સમજવો અઘરો બની જાત.

(૪) એક કારણ આ પણ છે કે કોઈ બીજો લકબ આપવામાં આવ્યો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોત તો એમાં એક પ્રકારનો દાવો અને એલાન હોય છે કે આ માણસ ફલાણી ખૂબી ધરાવે છે. પણ લિબાસના આધારે આવું નામ રાખવામાં કોઈ દાવો અને એલાન નથી. મશાઈખ દાવા અને એલાનથી દૂર રહે છે, એ એતેબારથી આ નામ વધારે મુનાસિબ છે.

(૫) આ બુઝુર્ગો દુનિયા છોડીને એવી રીતે છુપાયને રહેવાને પસંદ કરે છે કોઈ એમના તરફ ધ્યાન જ આપે નહીં. જેમ કે ફાટેલા કપડાંનો કોઈ ટુકડો અને ઊનનો કોઈ ફાટેલો ધાબળો (الصوفة) પડયો હોય તો કોઈ એના તરફ ધ્યાન નથી આપતું. આમ આ બુઝુર્ગો માટે આ જ લકબ વધારે યોગ્ય છે.

અવારિફુલ મઆરિફમાં આ વિષયે લાંબી અને વિસ્તૃત ચર્ચા છે. વધુ વિગત અવારિફુલ મઆરિફ, અરબી : ૪૫ – ૪૯ અને ઉર્દૂ : ૨૦૫–૨૧૧ ઉપર જોઈ શકાય છે.

શેખ અબૂનસ્ર સર્રાજ તૂસી રહ. 'અલ્લુમઅ' માં લખે છે :

نسبوا إلى ظاهر اللباس ولم ينسبوا إلى نوع من أنواع العلوم والأحوال التى هم بها مترسمون؛ لأن لبس الصوف كان دأب الأنبياء عليهم السلام والصديقين و شعار السالكين.

એહસાન અને તઝકિયહના બુઝુર્ગોને એમના લિબાસના આધારે લકબ આપવામાં આવ્યો છે. એમણે સિદ્ધ કરેલા મરતબા અને દરજાઓ અને એમની વિદ્યાઓના આધારે નહીં. કારણ કે 'સૂફ' (ઊન) પહેરવું એ અંબિયાએ કિરામ, સિદ્દીકીન, અને ફકીર લોકોની પરંપરા છે. (અલ્લુમઅ, અરબી :૪૧)

## ***અહલે તસવ્વુફ માટે 'સૂફી' ઇલ્કાબ કયારથી પ્રચલિત બન્યો ?***

તસવ્વુફની શરૂઆત કેવી રીતે થઈ ? તસવ્વુફ અને સૂફી શબ્દનું મુળ શું છે ? અને તસવ્વુફના મશાઈખને આ લકબ અને નામ કેમ આપવામાં આવ્યું ? એ વિષયની ટુંકી ચર્ચા ઉપર આવી ચુકી છે. એક છેલ્લી બાબત આ વિષયે આ છે કે, આ શબ્દ કયારથી પ્રચલિત છે ? અથવા સૌપ્રથમ આ શબ્દ કયારે વપરાયો અને કોના માટે વપરાયો હતો ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તસવ્વુફના મશાઈખ અને વિદ્વાનોએ આ બાબતે પણ વિસ્તૃત ચર્ચા ફરમાવી છે. અવારિફુલ મઆરિફ, અલ્લુમઅ, કશ્ફુલ મહજૂબ, રિસાલા કુશયરિય્યહ, તલબીસે ઈબ્લીસ વગેરેમાં વિગતે જોઈ શકાય છે. અત્રે ખુલાસો લખીએ છીએ :

કિતાબુલ્લુમઅમાં છે : કોઈ કહે કે અમે તો સહાબએ કિરામ રદિ.માં અને ત્યાર પછીના લોકોમાં કોઈને સૂફી કે સૂફિયા કહેવામાં આવ્યા હોય એવું સાંભળ્યું નથી. એમને તો ઉબ્બાદ, ઝુહહાદ, ફુકરા વગેરે કહેવામાં આવતા હતા. કોઈ સહાબીને 'સૂફી' કહેવામાં આવ્યા હોય એવું સાંભળ્યું નથી. તો પછી આ નવો શબ્દ અને લકબ કયાંથી આવ્યો ?

એનો જવાબ આ છે કે, સહાબએ કિરામ રદિ.ને તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની 'સોહબત' પ્રાપ્ત હતી. અને એ આધારે જ એમને સહાબી કહેવામાં આવ્યા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સંગાથ અને સોહબતથી વધીને કોઈ બીજી શરાફત અને સઆદત હોય જ નથી શકતી, એટલે એમના માટે કોઈ બીજો લકબ હોય જ ન શકે.

રિસાલા કુશયરિયહમાં છે કે, સહાબા પછીના લોકોને તાબેઈ અને પછીના લોકોને તબ્એ તાબેઈન કહેવામાં આવ્યા. અને આ લકબ પણ ઘણો જ બરકતવંતો હતો. પછીના લોકોમાં શરીઅતના વિવિધ વિષયોમાં એમની કાબેલિયતના આધારે વિવિધ દરજાઓ હતા. એટલે જે લોકો ઈબાદત અને દીન પ્રત્યે ઘણી તકેદારી રાખતા હતા એવા વિશેષ લોકોને ઝુહહાદ, ઉબ્બાદ (ઝાહિદ, આબિદ) કહેવામાં આવ્યા. ત્યાર પછી બિદઅતો સામે આવવા લાગી તો દરેક સમુહ પોતાને હક ઉપર બતાવવા માટે કહેવા લાગ્યો કે, અમારી જમાઅતમાં જ 'ઝુહહાદ' લોકો છે. એટલે પછી અલ્લાહ તઆલા સાથે પોતાની ઝાતને જોડી રાખનારા, દિલોને ગાફિલ કરનારી વસ્તુઓથી બચનારા અહલે સુન્નત બુઝુર્ગોએ પોતાના માટે તસવ્વુફ અને સૂફીનો શબ્દ નક્કી કર્યો. અને બીજી સદી હિજરી પહેલાં આ બુઝુર્ગોને આ નામથી પુકારવામાં આવતા હતા. (રિસાલા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કુશયરિયહ)

અલબત્ત સૌપ્રથમ આ શબ્દ કયારે વપરાયો અને કોના માટે વપરાયો હતો ? એ વિશે વિવિધ કથનો મળે છે.

❑ મવલાના જામી રહ. નફહાતુલ ઉન્સમાં લખે છે કે શેખ અબૂ હાશિમ કૂફી રહ. (મૃત્યુ : ૧૫૦ હિ.)ને સૌપ્રથમ 'સૂફી' કહેવામાં આવ્યા. હઝરત સુફિયાન ષૌરી રહ. ફરમાવે છે : અબૂ હાશિમ કૂફી રહ. ન હોત તો રિયાકારીની હકીકત મને ખબર ન પડત. અને અબૂહાશિમ ન હોત તો મને 'સૂફી'નો મતલબ સમજમાં ન આવત. એમના પહેલાં કોઈને 'સૂફી'ના લકબથી પોકારવામાં આવતા ન હતા. એમણે જ સૂફીઓ માટે સૌપ્રથમ ખાનકાહ બનાવી હતી. (નફહાતુલ ઉન્સ, ઉર્દૂ : ૩૫)

❑ હઝરત હસન બસરી રહ.નું કથન છે કે, મેં એક સૂફીને કાબા શરીફનો તવાફ કરતાં જોયા. મેં એમને કંઈક આપવા ચાહયું તો એમણે ઈન્કાર કર્યો અને બોલ્યા કે, મારી પાસે ચાર દાનિક (દમડી) મોજૂદ છે, જે મારા માટે કાફી છે. (કિતાબુલ્લુમઅ, અવારિફુલ મઆરિફ. વગેરે.)

તારીખે દમિશ્ક (૬૮/૧૪૫)માં હઝરત અમીર મુઆવિયહના એક પત્રનું વર્ણન છે, એમાં હઝરત મુઆવિયહ રદિ. ફરમાવે છે :

قد كنت تشبه صوفيا له كتب من الفرائض أو آيات فرقان

તું એક એવા સૂફી જેમ છે, જેની પાસે ફરાઇઝ અને કુરઆનની આયતોની કિતાબો હોય.

તારીખે મશાઇખે ચિશ્તમાં આ પત્રનું વર્ણન 'મસારિઉલ ઉશ્શાક'ના હવાલાથી વર્ણવ્યા પછી લેખક પ્રો. ખલીક અહમદ સા. લખે છે : આ રિવાયત સહી માનવામાં આવે તો પૂરવાર થાય છે કે પહેલી સદીમાં પણ 'સૂફી' શબ્દ વપરાતો હતો. (તારીખે મશાઇખે ચિશ્ત : ૧૯)

કિતાબુલ્લુમઅમાં 'અખ્બારે મક્કહ' નામી કિતાબના હવાલાથી શેખ સર્રાજ તૂસી રહ. લખે છે : ઈસ્લામ પૂર્વે મક્કામાં એવા દિવસો પણ આવ્યા હતા કે કોઈ ઘણી વાર કાબા શરીફ લાંબા સમય માટે એવું ખાલી રહેતું કે કોઈ તવાફ પણ કરતું ન હતું. દૂરના કોઈ પ્રદેશથી કોઈક 'સૂફી'

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માણસ આવતો અને તવાફ કરીને ચાલ્યો જતો. જો આ રિવાયત સહી છે તો કહી શકાય કે આ શબ્દ ઈસ્લામ પૂર્વે પણ પ્રચલિત હતો અને નેક, મુત્તકી, ઈબાદતગુઝાર લોકો માટે આ શબ્દ વપરાતો હતો. (કિતાબુલ્લુમઅ, અરબી. ૪૩)

અંબિયાએ કિરામ, સહાબા અને પાછલા ઝમાના નેક લોકો પણ આવો લિબાસ પહેરતા હતા, એટલે ઉમ્મતે મુહમ્મદયિહના ઝાદિહ, આબિદ લોકોએ પણ આ લિબાસ અપનાવ્યો. અલબત્ત બધા જ નેક – ઝાહિદ લોકો ઉન અને સૂફનું પહેરણ પહેરતા હોય એ જરૂરી નથી. વધુ પડતા લોકો આવો લિબાસ પહેરતા હતા એ આધારે પૂરી જમાઅતને જ સૂફી કહી દેવામાં આવી. દુનિયાનો ઠાઠ માઠ છોડીને ખુદા તઆલાની ઈબાદતમાં મશ્ગૂલ થનારા આ લોકો ઊનના લિબાસનો આગ્રહ રાખે પણ નહીં અને કોઈને આવો લિબાસ ન પણ મળી શકે, એટલે સામાન્ય કક્ષાનો જે લિબાસ મળી આવતો એ પહેરીને સાદગી વાળું જીવન જીવવું એમનો ધ્યેય હતો. શેખ સાદી રહ. ફરમાવે છે :

'તરીકત' તો ખિદમતે ખલ્કનું નામ છે. મુસલ્લો, તસ્બીહ, અને ગોદડી પહેરવાનું નામ નથી.

રિસાલહ કુશયરિયહમાં છે : સૂફ અને ઊન એમનો નક્કી લિબાસ ન હતો. અલબત્ત વધુ પડતો આ લિબાસ તેઓ પહેરતા હતા. અને આ શબ્દને કોઈ સૂફ, કે સફા, કે સુફ્ફહ વગેરે શબ્દોથી બનેલો ગણવામાં આવે એના કરતાં બેહતર આ છે કે આ શબ્દને ફકત એક લકબ ગણવામાં આવે. ચાહે એનો શાબ્દિક અર્થ જે પણ થતો હોય. (રિસાલહ કુશયરિયહ, ઉર્દૂ : ૪૨૭)

મશાઈખે તસવ્વુફનું જીવન ચરિત્ર જોતાં સમજાય છે કે લિબાસ બાબતે દરેકનો સ્વભાવ અલગ હતો. શેખ બાયઝીદ બુસ્તામી રહ. વિશે કિતાબોમાં છે કે આખી જિંદગી એક જ કમીસ પહેરીને પૂરી કરી દીધી. અને એ પણ કોઈ દોસ્ત પાસેથી પહેરવા માટે માંગીને લીધું હતું, જે એમની વફાત પછી પાછું કરી દેવામાં આવ્યું. હઝરત હસન બસરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને શેખ અબૂહફ્સ નેશાપૂરી રહ. હમેંશા ઉમદા પોશાક પહેરતા હતા. શેખ અબુન્નજીબ સુહરવર્દી રહ. કદી દસ દીનારનો અમામહ પહેરતા હતા તો કદી બિલકુલ સામાન્ય પાઘડી પહેરતા હતા. ઘણા સૂફિયાએ કિરામ ઠીંગડા લગાવેલ કપડાં પહેરવાને પસંદ કરતા હતા.

*ખુલાસો :*

અગાઉના પૃષ્ઠોમાં કરવામાં આવેલ ચર્ચાના ખુલાસા સ્વરૂપે મુકદમહ ઈબ્ને ખલ્લદૂનનું લખાણ રજૂ કરીએ છીએ.

દીને ઈસ્લામના વિવિધ શરઈ અને ઈસ્લામી વિષયોમાં એક વિદ્યા તસવ્વુફ પણ છે. સહાબા રદિ. અને એમના પછીના બુઝુર્ગોમાં તસવ્વુફને હક અને હિદાયતનો રસ્તો જ સમજવામાં આવતા હતો.

દઢતા – અડગતા સાથે ઈબાદત કરવી, દુનિયાને બાજુ પર મૂકીને અલ્લાહ સાથે સંબંધ જોડવો, દુન્યાની રોનક, ચમકનો ત્યાગ અને લોકો જેના ઉપર મરે છે એ માલ, દોલત, હોદ્દો – ખ્યાતિ છોડીને ઈબાદત માટે એકાંત અપનાવવું, વગેરે બાબતો એની બુનિયાદો છે. આ બધી બાબતો સહાબા અને સલફમાં હતી જ. અલબત્ત જયારે બીજી સદી હિજરીમાં લોકોમાં દુન્યાદારી વધી ગઈ અને લોકો દુન્યાદારીમાં પડી ગયા તો અલ્લાહની ઈબાદતમાં મશ્ગૂલ રહેનારા લોકોને 'સૂફી' અને તસવ્વુફ અપનાવનાર કહેવામાં આવ્યા. ઈમામ કુશયરી રહ. ફરમાવે છે કે, આ શબ્દ (તસવ્વુફ – સૂફી) 'સફા'થી બન્યો છે કે સુફફહથી બન્યો છે, એમ કહેવું અરબી ભાષાના નિયમ મુજબ દુરુસ્ત નથી. સૂફી અને તસવ્વુફ 'સૂફ' (ઊન) ઉપરથી બન્યો છે એમ કહેવું પણ દુરુસ્ત નથી. કારણ કે જેમને સૂફી કહેવામાં આવે છે એ બધા લોકો કંઈ ઊનનો લિબાસ નથી પહેરતા. પરંતુ મારું માનવું છે કે, આ શબ્દ 'સૂફ' ઉપરથી બન્યો છે. કારણ કે જયારે વધુ પડતા લોકો ઉમદા લિબાસ પહેરતા હતા ત્યારે આ સમુહના વધુ પડતા લોકો સૂફ – ઊન પહેરતા હતા. એટલે બીજા લોકોથી તેઓ આ જ બાબતે નોખા પડતા હતા અને એ આધારે જ એમને આ નામ આપવામાં આવ્યું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આગળ તેઓ લખે છે : પછી જયારે વિવિધ ઈસ્લામી વિષયો સંપાદન કરવામાં આવ્યા અને કિતાબો લખવાનું શરૂ થયું તો ઘણા ઉલમાએ કિરામે ફિકહ, ઉસૂલે ફિકહ, તફસીર, હદીસ વિવિધ વિષયોની કિતાબો સંપાદન ફરમાવી, એ જ રીતે 'સૂફી' લોકોએ પણ એમના વિષયમાં કિતાબો સંપાદન ફરમાવી. જેમ કે કુશયરી રહ.એ રિસાલહ, શિહાબુદ્દીન સુહરવર્દી રહ.એ અવારિફુલ મઆરિફ, ઈમામ ગિઝાલી રહ.એ ઈહયાઉલ ઉલૂમ, વગેરે.

*(મુકદ્દમહ ઈબ્ને ખલ્દૂન, અરબી : ૧/૬૧૧, બાબ : ૫, ફસ્લ ૧૭)*

***<u>તસવ્વુફની બુનિયાદ અને સ્ત્રોત</u>***

તસવ્વુફ ઈસ્લામી બાબત છે ? કે પછી એ શરીઅતથી અલગ કોઈ વિષય છે, જેને પાછળથી અમુક મુસલમાનોએ અપનાવ્યો હોય ? આ ચર્ચાના અનુસંધાનમાં ઘણા લોકો ઈસ્લામી તસવ્વુફ અને ગેર ઈસ્લામી તસવ્વુફની ચર્ચા પણ કરે છે, અને મુસ્લિમ મશાઈખના તસવ્વુફને પણ ગેરમુસ્લિમ સન્યાસીઓ અને ધર્મપુરૂષોના તસવ્વુફ સાથે જોડીને જુએ છે, બલકે તસવ્વુફ જેવા સંપૂર્ણ ઈસ્લામી વિષયને બિનઈસ્લામી માન્યતાઓ આધારિત બતાવે છે.

અગાઉ લખવામાં આવી ચુકયું છે કે, તસવ્વુફ દીને ઈસ્લામ અને શરીઅતનો જ એક ભાગ છે. તસવ્વુફના મોતબર મશાઈખ અને બુઝુર્ગોએ આ બાબત ઘણી જ સ્પષ્ટ રીતે ફરમાવી છે. આ બુઝુર્ગોના કથનો અને ફરમાનો જોઈને કોઈ પણ માણસ સમજી શકે છે તસવ્વુફ અને શરીઅત વચ્ચે કોઈ ફરક નથી. બલકે તસવ્વુફ માટે શરીઅત ઉપર અમલ કરવો જરૂરી છે. અત્રે અમે અમુક બુઝુર્ગોના કથનો વર્ણવીએ છીએ, એનાથી સમજી શકાય છે કે તસવ્વુફ શરીઅતનો જ એક ભાગ છે, અને પછી ઈસ્લામી તસવ્વુફને બિન ઈસ્લામી માન્યતાઓ આધારિત હોવાના દાવાનું પણ ટુંકમાં ખંડન કરીશું.

❑ શેખ સઅદી રહ. મશ્હૂર સૂફી બુઝુર્ગ છે. આપ રહ. ફરમાવે છે :

خلاف پیمبر کسے رہ گزید -- ہز گز بہ منزل نہ خواھد رسید

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અર્થાત : પયગંબરના બતાવેલ રસ્તાથી વિરુદ્ધ જે કોઈ ચાલશે, એ કદી પણ મંઝિલે પહોંચી શકવાનો નથી.

❑ હઝરત અબૂ અબ્દુલ્લાહ સહલ તસ્તરી રહ. ફરમાવે છે :

અમારા તરીકે તરીકતની સાત બુનિયાદો છે :

(૧) અલ્લાહની કિતાબ મજબૂત પકડી રાખવી એટલે કે અલ્લાહના આદેશો ઉપર પૂરો અમલ કરવો.

(૨) સુન્નતે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પૈરવી કરવી.

(૩) હલાલ ખાણું જ ખાવું.

(૪) કોઈને તકલીફ આપવાથી બચવું.

(૫) ગુનાહોથી સંપૂર્ણ દૂર રહેવું.

(૬) તોબા કરતા રહેવું.

(૭) હકદારના હકો અદા કરવા.

❑ હઝરત જુનૈદ બગદાદી રહ. ફરમાવે છે :

અમારું આ ઈલ્મ (તસવ્વુફ) કુરઆન અને હદીસથી બંધાયેલું અને ઘડાયેલું છે. અર્થાત ઈલ્મે તસવ્વુફની દરેક બાબત કુરઆન અને હદીસના આધારે જ છે, અને જે બાબત કુરઆન – હદીસ વિરુદ્ધ હોય એનું તસવ્વુફમાં કોઈ સ્થાન નથી.

❑ હઝરત અબૂલ કાસિમ ઈબ્રાહીમ બિન મુહમ્મદ ફરમાવે છે :

તસવ્વુફની બુનિયાદ આ વસ્તુઓ છે :

કુરઆન અને હદીસનું અનુસરણ.

ઈચ્છાઓ – મહેચ્છાઓ અને બિદઅતો છોડી દેવી.

મશાઈખનું સન્માન કરવું અને અદબ જાળવવો.

મખ્લૂકની મઅઝિરત અને માફી કુબૂલ કરવી.

દીન અને ઈબાદતમાં છુટછાટ અપનાવવાથી દૂર રહેવું.

કુરઆન – હદીસ ઉપર ઈમાન અને અમલ કરવામાં તાવીલાત ન કરવી.

❑ શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. ફરમાવે છે :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તમારી સલામતી કુરઆન અને હદીસ ઉપર અમલ કરવામાં જ છે. એને છોડવામાં હલાકત અને બરબાદી છે. એક મોમિન કુરઆન અને હદીસ ઉપર અમલ કરીને જ વલી બની શકે છે અને અબ્દાલ અને ગૌષના મરતબાઓ સુધી આગળ જઈ શકે છે.

❑ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. ફરમાવે છે :

જે માણસ શરીઅત ઉપર અડગ રહે, અને શરીઅતના અહકામ ઉપર અમલ કરે, એનો જ મરતબો ઊંચો થાય છે. બધી તરક્કી શરીઅત ઉપર અડગ રહેવામાં જ સમાયેલી છે.

❑ હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ રહ. ફરમાવે છે :

કરણી, કથની અને વિચારોમાં પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પૈરવી કરવી અને તાબેદારી જરૂરી છે. કારણ કે અલ્લાહ તઆલાની મુહબ્બત હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાબેદારી વગર પ્રાપ્ત નથી થઈ શકતી.

❑ શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. ફરમાવે છે :

ઈબાદત, રહેણી કરણી, અને અકીદામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અનુસરણ જરૂરી છે. કેમ કે સુન્નતે રસૂલ વિરુદ્ધની દરેક બાબત બાતિલ છે. સુન્નતે રસૂલ વિરુદ્ધ જે કંઈ નવી વાતો શોધવામાં આવે કે કરવામાં આવે એ બધું ગુમરાહી અને છોડવા પાત્ર છે.

સુન્નતે રસૂલની પૈરવી કરવાને બુઝુર્ગો અને સુફિયાએ કિરામ પોતાની આદત બનાવી લેતા હતા. આ બાબત મશાઈખના જીવનમાં એવી ઉતરી ગઈ હતી કે મૃત્યુ ટાણે છેલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે પણ સુન્નત એમનાથી ભૂલાતી ન હતી.

❑ હઝરત શિબ્લી રહ.ના ખાદિમ ફરમાવે છે : જયારે હઝરત શિબ્લી રહ.ની ઝબાન બંધ થઈ ગઈ, માથે પસીનો વળી ગયો તો મને ઈશારાથી વુઝૂ કરાવવાનું કહયું. મેં વુઝૂ કરાવ્યું પણ દાઢીનો ખિલાલ ભૂલી ગયો. આપ રહ.એ આવી સ્થિતિમાં પણ મારો હાથ પકડીને મારી આંગળીઓ દાઢીમાં નાંખીને ખિલાલની સુન્નત અદા કરી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑ હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ.એ એમની કિતાબ 'શરીઅત વ તરીકત કા તલાઝુમ'માં હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.નું એક લખાણ નકલ ફરમાવ્યું છે :

હકીકત આ છે કે ઝાહેરી અને બાતેની રીતે ઈલ્મે દીન અને યકીનની કુવ્વત જ સૂફિયાએ કિરામનું ઈલ્મ છે. આ જ સહુથી ઊંચું ઈલ્મ છે. સૂફિયાએ કિરામ અખ્લાકની સુધારણા અને સદાએ અલ્લાહ તઆલાની બંદગીમાં જ મશ્ગૂલ રહે છે.

અલ્લાહ તઆલા જેવા ઉચ્ચ ગુણોથી ગુણવંત થવું, પોતાની મરજીને ફના કરી દેવી, અને અલ્લાહ તઆલાની મરજીના જ બનીને રહેવું, એ તસવ્વુફની હકીકત છે.

જે અખ્લાક નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના છે, એ જ અખ્લાક સુફિયાએ કિરામના પણ છે. કારણ કે અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે ફરમાવ્યું છે : તમે સહુથી ઉચ્ચ અખ્લાક ધરાવો છે.

જે કંઈ હદીસે રસૂલમાં છે, એ બધા ઉપર અમલ કરવો પણ સુફિયાએ કિરામના અખ્લાક અને સ્વભાવમાં છે.

સુફિયાએ કિરામના અખ્લાકની વિગત નીચે મુજબ છે :

(૧) પોતાને સામાન્ય અને નાનો સમજે. એટલે કે તકબ્બુર ન કરે.

(૨) મખ્લૂક સાથે નરમીથી વર્તે અને લોકોની તકલીફ સહન કરે.

(૩) સદવર્તન કર્યે રાખે અને ગુસ્સો – બદલો છોડી દે.

(૪) બીજાઓ પ્રત્યે હમદર્દી અપનાવે અને અન્યોને દરેક ભલાઈમાં પોતાનાથી આગળ રાખે. મતલબ કે પોતાના ફાયદા કરતાં લોકોના હકોને આગળ રાખે.

(૫) સખાવત કરવી.

(૬) ભૂલો માફ કરવી અને જતી કરવી.

(૭) દરેક સ્થિતિમાં ખુશ રહેવું.

(૮) સહૂલત અને નરમીનો સ્વભાવ રાખવો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૯) બનાવટ અને દેખાવ ખાતર કોઈ કામ ન કરવું.

(૧૦) ખુલ્લા હાથે ખર્ચ કરવો. પણ એટલો બધો નહીં કે મોહતાજ બની જવાય.

(૧૧) અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખવો.

(૧૨) દુનિયાનો માલ થોડો હોય તો પણ એના ઉપર સંતોષ કરવો.

(૧૩) પરેઝગારી અપનાવવી.

(૧૪) લડાઈ, ઝઘડો અને ગુસ્સો ન કરવો. હા, હક અને દીન ખાતર હોય તો દુરુસ્ત છે.

(૧૫) કોઈના પણ પ્રત્યે કીના, હસદ અને અદાવત ન રાખવી.

(૧૬) માન – સન્માન અને હોદ્દાની લાલચ ન રાખવી.

(૧૭) વાયદા મુજબ અમલ કરવો.

(૧૮) સહનશીલ રહેવું.

(૧૯) દુરંદેશી અપનાવવી. એટલે કે ભવિષ્યનો વિચાર કરીને કોઈ કામ કરવું.

(૨૦) ભાઈઓ સાથે મુહબ્બત અને સુલહનો સંબંધ રાખવો અને અજનબીઓથી દૂર રહેવું.

(૨૧) પોતાના મુહિસન લોકોનો શુક્ર અદા કરવો.

(૨૨) પોતાની હેસિયતને મુસલમાનોની ભલાઈમાં ઉપયોગ કરવી.

સૂફી માણસ અખ્લાક વડે પોતાના ઝાહિર અને બાતિનને સુધારી લે છે. અને તસવ્વુફ સંપૂર્ણ પણે અદબનું નામ છે. અલ્લાહ તઆલાની તવહીદનો તકાઝો આ છે કે અલ્લાહ તઆલાની શરમ, એની મહાનતા અને એના ખોફને સામે રાખીને એના સિવાય દરેક વસ્તુથી મોં ફેરવી લેવામાં આવે. પોતાના મનથી જ વાતો કરતાં રહેવું અને એમાં જ રચ્યા પચ્યા રહેવું સૌથી ખરાબ ગુનો છે. (૧૧૩–૧૧૬)

❑ હઝરત મવલાના અશ્રફ અલી થાનવી રહ. ફરમાવે છે :

જે કોઈને પણ વુસૂલ (અલ્લાહ સુધી પહોંચવા)ની દોલત મળી છે, એને ઈલ્મે શરીઅતની તાબેદારી અને સુન્નતની પાબંદી થકી જ મળી છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

**તસવ્વુફ વિશે ગેરઇસ્લામી હોવાની કે ગેરઇસ્લામી અસરોથી પ્રભાવિત હોવાની ટીકા**

આમ છતાં અમુક વિદ્વાનો વિશેષ કરીને ઈસ્લામી વિષયોમાં સંશોધન કરનાર યુરોપીયન વિદ્વાનો (ઓરિયેન્ટલિસ્ટ, પૂર્વીયવાદીઓ) એવું પુરવાર કરવાની કોશિશ કરે છે કે મુસલમાનોમાં તસવ્વુફ યુનાની ફિલોસોફીની અસરથી જ આવ્યું છે. તારીખે મશાઈખે ચિશ્તમાં પ્રોફે. ખલીક અહમદ લખે છે : પ્રોફેસર નિકોલ્સને ઘણી દ્રઢતાથી આ બાબત લખી છે અને મુસ્લિમ સુફિયાએ કિરામ અને યૂનાની ચિંતકોના કથનોમાં સમાનતા બતાવવાની કોશિશ પણ કરી છે.

ડોઝી (Dozy) વોન ક્રેમર (Von Kremer) વગેરેનું કહેવું છે કે તસવ્વુફ વેદાંતના વિચારોથી પ્રભાવિત છે.

અમુક લોકો બોદ્ધ ધર્મને તસવ્વુફનો સ્ત્રોત બતાવે છે.

એક કથન આ છે કે તસવ્વુફનું મુળ ઈરાની – પારસી વિચારધારા છે.

પી.કે. હિત્તી (P.K. Hitti) ના મતે તસવ્વુફ યૂનાની, ઈરાની, હિંદુસ્તાની અને ઈસાઈ વિચારોનો ગુલદસ્તો છે.

આ વિષયે ઘણી બધી નકારાત્મક વિગતો ડો. અસ્લમ પરવેઝની કિતાબ 'તસવ્વુફ કી હકીકત'માં જોઈ શકાય છે. મુસલમાનોમાં વિષેશ કરીને અહલે હદીસ, ગેરમુકલ્લિદ અને સલફી હઝરાતની કિતાબોમાં અહલે તસવ્વુફ વિશે ગેરઈસ્લામી વિચારધારા હોવાના અનેક આરોપો કરવામાં આવે છે. જમાઅતે ઈસ્લામીના સ્થાપક મવદૂદી સાહેબ પણ તસવ્વુફના વિરોધી ગણાય છે, બલકે તેઓ તો તસવ્વુફને 'ચુન્યા બેગમ' (અફીણ) કહેતા હતા. અત્રે એ બધાની ચર્ચા કરવાનો આશય નથી. પણ અમુક સૈદ્ધાંતિક વાતો એવી લખવામાં આવે છે જેનાથી સમજી શકાય છે મુસલમાનોમાં પ્રચલિત તસવ્વુફ સંપૂર્ણપણે ઈસ્લામ અને શરીઅતનો એક ભાગ છે અને એમાં શરીઅત વિરુદ્ધ કોઈ વાત નથી.

❑ જે લોકો તસવ્વુફ અથવા એની બુનિયાદોને ગેરઈસ્લામી કહે છે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમની દલીલો અને વિચારોની સમીક્ષા કરીને ઘણા ઉપયોગી બિંદુઓ અને જવાબો પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ.એ લખ્યા છે. અત્રે ટુંકમાં એનું વર્ણન કરીએ છીએ. તેઓ લખે છે :

જે લોકોનો આગ્રહ છે કે તસવ્વુફનો સ્ત્રોત અને મુળ ગેરઈસ્લામી છે, એમણે નીચે દર્શાવવામાં આવેલ અમુક પાસાઓ અને બિંદુઓ પણ સામે રાખવા જોઈએ.

(૧) કોઈ બે વિચારધારાઓ અને ચળવળોના સિદ્ધાંતોમાં સમાનતા હોય તો ફકત આવી સમાનતાના કારણે એક ચળવળને બીજી ચળવળથી પ્રભાવિત કહેવું દુરુસ્ત નથી. શકય છે કે બન્નેવ ચળવળો સમાન સંજોગો, અને સ્થિતિઓના કારણે ઉદભવી હોય.

(૨) ઈસ્લામી તસવ્વુફમાં જે વાતો આવે છે એવી વાતો લગભગ દરેક દેશ – પ્રદેશ, દરેક ધર્મ – ભાષા અને સંસ્કૃતિમાં જોવા મળે છે. મુળ વાત આ છે કે જાહેર – બાહયથી આગળ વધીને બાતિન – અંતરને સુધારવા પ્રતિ ધ્યાન આપવું માનવીય સ્વભાવમાં શામેલ છે. અંગ્રેજ વિદ્વાન WLIBERFORCE CLARKE અને LOUIS MASSIGNON નું કહેવું છે કે, દરેક કોમ એક નક્કી સમયે તસવ્વુફ અપનાવે છે. પરંતુ કોમ દ્વારા અપનાવવામાં આવેલ તસવ્વુફના વિચારો બીજે કયાંકથી લેવામાં આવ્યા હોય એ જરૂરી નથી. સંજોગો જ ધીરે ધીરે માનવીને બાતિનની ઈસ્લાહ અને સુધારના રસ્તાઓ શોધવા ઉપર મજબૂર કરી દે છે.

(આપણા શબ્દોમાં કહીએ તો આ સુન્નતુલ્લાહ છે. એટલે કે કોઈ પણ કોમમાં જયારે એક વિશેષ સમયે દુનિયાદારી વધી જાય છે તો અલ્લાહ તઆલા તરફથી અમુક લોકો એવા પેદા કરવામાં આવે છે જે એવા સમયે દુનિયાની રોનકથી પ્રભાવિત થયા વિના દીન અને ઈબાદતની સાચી રૂહ સાચવવાનો પ્રયત્ન કરે છે.)

(૩) ઓરિયેન્ટલિસ્ટ – પૂર્વીયવાદીઓ (પૂર્વીય સંસ્કૃતિઓના અભ્યાસ કરનાર પશ્ચિમના સંશોધનકારો) અને ઈસાઈ લેખકોની આદત છે કે તેઓ ઈસ્લામી બાબતોમાં પાછલા ધર્મોની અસર શોધવામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘણી જ મહેનત કરે છે અને પછી કોઈ સમાનતા મળી આવે તો જગજીત્યો હોય એમ પોતાના સંશોધનને જાહેર કરે છે. આમ કરવામાં એક બુનિયાદી બાબત તેઓ ભૂલી જાય છે. અને તે આ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કોઈ નવો દીન લઈને આવ્યા ન હતા. આગલા અંબિયાએ કિરામને અલ્લાહ તઆલાએ તવહીદ વગેરે જે દીન આપ્યો હતો એ જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રજૂ કર્યો હતો. અલ્લાહ તઆલા પોતે ફરમાવે છે : હે મુહમ્મદ તમને આ કિતાબમાં બધી તે જ વાતો કહેવામાં આવી છે જે તમારાથી પહેલાંના પયગંબરોને કહેવામાં આવી હતી. (ફુસ્સિલત :૪૩)

સૂરએ બકરહ, આયત નં ૧૩૬માં આ વાત વધુ સ્પષ્ટતાથી કહેવામાં આવી છે :

તમે કહી દો કે અમે ઈમાન લાવ્યા છીએ અલ્લાહ ઉપર. અને જે (કુરઆન) અમારા પ્રતિ ઉતારવામાં આવ્યું છે તેના ઉપર. તથા જે કંઈ (અલ્લાહના આદેશો) હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તથા હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને હઝરત ઈસ્હાક (અલૈ.) અને હઝરત યાકૂબ (અલૈ.) તેમજ તેમના વંશજો પર મોકલવામાં આવ્યું, એ બધા ઉપર. અને (ઈમાન લાવ્યા છીએ) તે બધા ઉપર પણ જે હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.)ને આપવામાં આવ્યું તથા જે બીજા નબીઓને તેમના પરવરદિગાર તરફથી અર્પણ થયું. (ઈમાન લાવવામાં) તેઓમાંથી કોઈ વચ્ચે પણ તફાવત કરતા નથી અને અમે તો અલ્લાહના જ તાબેદાર છીએ.

(૪) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આગલી કોમો પાસે મોજૂદ દીની તાલીમનો કદી ઈન્કાર નથી કર્યો. આપનું કહેવું હતું કે હઝરત આદમ અલૈ.થી વહીનો જે સિલસિલો શરૂ થયો હતો એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ખતમ થઈ ગયો છે. દરેક કોમની શરીઅતની બુનિયાદ હક છે, પણ પાછળથી એમાં ફેરફાર કરી દેવામાં આવ્યો. એટલે ઈસ્લામી તાલીમ અને આદર્શોમાં કોઈ એવી વાત હોય જે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આગલી કોઈ કોમમાં પણ ધર્મનો હિસ્સો હતી તો એને ગેરઈસ્લામી કહેવું ખોટું છે.

(૫) અમુક લોકોને એક મોટી ગેરસમજ આ થઈ છે કે એમણે તસવ્વુફ ઉપર પાછળથી પડનારી અસરો અને ફેરફારોના આધારે તસવ્વુફના મુળ અને બુનિયાદો શોધવાના પ્રયત્નો કર્યા છે. કોઈ ચળવળ અને વિચારધારા જયારે પોતાના ઉદગમસ્થાનથી આગળ વધીને અન્ય પ્રદેશો – કોમોમાં પહોંચે છે તો ત્યાંના સાંસ્કૃતિક, ભૌગોલિક, વૈચારિક, ભૌતિક અને આધ્યાત્મિક સંજોગોથી પ્રભાવિત જરૂર થાય છે. કોઈ પણ નવી ચળવળ નવા પ્રદશો અને નવા લોકોમાં પહોંચીને કંઈક અંશે નવી પરિસ્થિતિઓ મુજબ ઢળી જતી હોય છે, એનાથી ચળવળને બળ મળે છે, અને આગળ વધવાની નવી તકો સામે આવે છે. તસવ્વુફની વિચારધારા મધ્ય એશિયામાં પહોંચી તો જરૂર બોદ્ધ ધર્મની અમુક અસરો એમાં આવી હશે, હઝરત શેખ અલી હુજવીરી રહ.એ અમુક સૂફીઓના હાલાત લખ્યા છે એનાથી સમજમાં આવે છે કે આ લોકો ઉપર બોદ્ધ ધર્મની કેટલી અસર હતી. તસવ્વુફની વિચારધારા હિંદુસ્તાનમાં પહોંચી તો અહિંયાના પ્રાચીન ધાર્મિક વિચારો અને પરંપરાઓની અસર થવી અને ઈસ્લામના બુનિયાદી વિચારોથી વિરુદ્ધ ન હોય તો એને અપનાવવું, એક સ્વભાવિક બાબત છે. હઝરત શાહ મુહમ્મદ ગોષ ગ્વાલિયરી શત્તારી રહ.એ બહરુલ હયાતમાં અને દારાશિકોહે મજમઉલ બહરૈનમાં આ દષ્ટિબિંદુએ જ ઈસ્લામી તસવ્વુફ અને હિંદુ ફિલોસોફીની સમીક્ષા કરી છે.

હઝરત શાહ વલીયુલ્લાહ રહ.નું માનવું છે કે વિવિધ રૂહાની સિલસિલાઓમાં અઝકાર અને અશ્ગાલના જે તરીકાઓ છે, એ વિશેષ પ્રદેશોમાં રહેનારા લોકોના સ્વભાવ અને પ્રકૃતિને સામે રાખીને નક્કી કરવામાં આવ્યા હતા. (તફહીમાત)

શકય છે કે મશાઈખ રહ.એ અન્ય ધર્મોની એવી બાબતો જે ઈસ્લામના બુનિયાદી સિદ્ધાંતોથી વિરુદ્ધ ન હોય, એને કોઈ આવશ્યક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જરૂરત અને મસ્લેહતના કારણે અપનાવી હોય. એકતાના જેટલા બિંદુઓ હોય, એ અપનાવવા ઈસ્લામ માટે લાભદાયી છે. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : હે અહલે કિતાબ ! આવો, આપણે એક એવી વાત ઉપર ભેગા થઈએ જે આપણા વચ્ચે સમાન છે. અને તે આ છે કે આપણે અલ્લાહ તઆલા સિવાય કોઈની ઈબાદત નહીં કરીશું. એની સાથે કોઈને શરીક નહીં કરીએ. અને ન તો અલ્લાહને છોડીને પરસ્પર એકબીજાને ખુદા બનાવીશું. આ વાતને તેઓ કુબૂલ ન કરે તો પછી તમે એમને કહી દો કે તમે ગવાહ રહેજો, અમે તો અલ્લાહના હુકમના તાબે (મુસલમાન) છીએ. (આલે ઈમ્રાન : ૬૪)

અલબત્ત આમ બીજા ધર્મની કોઈ વાત અપનાવવા માટે પયગંબરી બસીરત જરૂરી છે. રૂહાની રીતે જે માણસ ધર્મના રંગે રંગાય ગયો હોય, સ્વભાવ સંપૂર્ણ પણે ઈસ્લામી મુહમ્મદી બની ગયો હોય અને હક – બાતિલ સમજવામાં થાપ ન ખાય એવો માણસ જ આ બધું કરી શકે છે.

રૂહાની સિલસિલા બની ગયા પછી આપણા મશાઈખ રહ.એ આ બાબત ઉપર વિશેષ ધ્યાન આપ્યું હતું. મધ્ય એશિયા, હિંદુસ્તાન, આફ્રિકા, ચીન, મલાયા, જાવા વગેરે પ્રદેશોમાં સૂફી મશાઈખ રહ.એ ઈસ્લામની તબ્લીગ અને તાલીમ માટે જે રીત – પ્રણાલી અપનાવી હતી એમાં આ બાબતનું વિશેષ ધ્યાન રાખ્યું હતું. અફગાનિસ્તાનને બોદ્ધ ધર્મની અસરમાંથી બહાર કાઢીને કેવી રીતે ઈસ્લામની અસર તળે લાવવામાં આવ્યું ? મંગોલ કોમને કેવી રીતે મુસલમાન બનાવવામાં આવી ?

શી ખબર, ઈસ્લામી ઈતિહાસના અભ્યાસુઓ એનો જવાબ કયારે આપશે. (તારીખે મશાઈખે ચિશ્ત : ૨૦–૨૪)

ખુલાસો આ છે કે, કુરઆન અને હદીસનું ઊંડું જ્ઞાન ધરાવતા મશાઈખ રહ.એ નબવી તાલીમ મુજબ 'હિકમત'ની વાતો જયાંથી પણ મળી આવે, એને જરૂરત મુજબ ઈલાજ અને સબબ સ્વરૂપે અપનાવવાની હિમ્મત કરી છે. જેમ કે યાદે ઈલાહીને દિલો દિમાગમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જમાવવા ખાતર જોરથી વિશેષ અંદાઝમાં 'ઝર્બ' લગાવીને ઝિક્ર કરવો. પરંતુ આ સાથે જ મશાઈખે આ વાતનું ધ્યાન રાખ્યું હતું કે આવા તરીકાઓ સાથે કોઈ ગેરઈસ્લામી બાબત મુસલમાનોમાં ન આવી જાય. જેમ કે હુલૂલ (માણસમાં ખુદા પ્રગટ થવા)નો અકીદો કે શિર્કનો અર્થ થતો હોય એવા શબ્દો બિલ્કુલ અપનાવ્યા નથી. આ સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે આ બધું તસવ્વુફની બુનિયાદી બાબતોમાં શામેલ નથી. ફકત યાદે ઈલાહી અને દિલની સફાઈના ઈલાજ અને સબબ – તરીકા રૂપે જ કરવામાં આવે છે. અને ઘણા કાબેલ લોકોને એની જરૂરત પણ નથી પડતી.

અન્ય કોમો પાસેથી ઉપયોગી વાતો શીખવાની પરંપરા ઈસ્લામમાં નબવી દોરથી ચાલતી આવી છે. માનવીય જીવનના અનેક ક્ષેત્રોમાં, બલકે જ્ઞાન – વિજ્ઞાનમાં પણ મુસલમાનોએ અન્યો પાસેથી ઘણું શીખ્યું છે અને જેટલું શીખ્યું છે એનાથી વધારે પાછું પણ આપ્યું છે.

ખુલાસો આ કે તસવ્વુફ ઉપર બહારની અને અન્ય ધર્મ કે સંસ્કૃતિની અસરો પડી છે, એવું કહેવાના બદલે એમ કહેવું જોઈએ કે તસવ્વુફના મશાઈખની ખિદમત અને બરકતથી જે પ્રદેશોમાં ઈસ્લામ અને ઈસ્લામી તાલીમનો ફેલાવો થયો, ત્યાં એમણે શકય એટલી રીતે મુસલમાનોમાંથી ગેર ઈસ્લામી બાબતો ખતમ કરવાના પ્રયત્નો કર્યા છે.

❑ આ વિષયે હઝરત મવલાના અલી મીયાં રહ.એ એમની કિતાબ 'તઝકિયહ વ એહસાન યા તસવ્વુફ વ સુલૂક'માં '*તસવ્વુફ વ સુલૂક : એક ઈલ્હામી નિઝામ*' શિર્ષક હેઠળ ઘણી જ સુંદર વાત લખી છે. અત્રે એનો ખુલાસો લખીને આ ચર્ચા પૂરી કરીશું.

અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદીયહને એક 'ઈજતેમાઈ ઈલ્હામ'ની દોલતથી નવાઝી છે. અને આ ઈલ્હામ કોઈ પણ પ્રકારની ખામી કે વ્યકિતગત ગલતફહમીથી પાક અને મહફૂજ પણ છે.

ઈસ્લામ અને મુસલમાનો સામે જયારે પણ કપરો સમય આવ્યો, બદલાતા સંજોગો અને હાલાતના તકાઝા મુજબ નવી જરૂરત સામે આવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો આવા ટાણે અલ્લાહ તઆલા પાક સાફ દિલ, દ્ઢ સંકલ્પ અને કાર્યશકિત ધરાવતા હોય એવા મુખ્લિસ ઉલમાએ કિરામના મોટા વર્ગના દિલમાં એ જરૂરત અને તકાઝો પૂરા કરવાનો વિચાર નાંખીને એમને તન – મનથી એવી રીતે એ તકાઝામાં લગાવી દે છે કે તે ઉલમા આ કામ બાબતે પોતાને અલ્લાહના દરબારમાં જવાબદાર સમજવા લાગે છે, પછી અલ્લાહ તઆલા તરફથી એમને એ કામમાં આગળ વધવામાં ખુદાઈ મદદ પણ મળવા લાગે છે, જેનાથી એમને કાર્ય પુરું કરવાની વધારે હિમ્મત મળે છે. આ ખુદાઈ વ્યવસ્થાને હું 'ઈજતેમાઈ ઈલ્હામ' અથવા 'સામુહિક માર્ગદર્શન – હિદાયત' કહું છું. ઈસ્લામના ઈતિહાસમાં એના અનેક ઉદાહરણો મળે છે.

કદી ઉમ્મતના અમુક નેક માણસોને ઈલ્હામ કરવામાં આવે છે, જેમ કે અઝાનના કિસ્સામાં હઝરત ઝૈદ રદિ. અને હઝરત ઉમર રદિ.ને ઈલ્હામ કરવામાં આવ્યો. લયતુલ કદ્ર વિશે હઝરત ઈબ્ને ઉમર રદિ.ની રિવાયતમાં છે કે, અમુક સહાબાને રમઝાનની છેલ્લી સાત રાતોમાં હોવાનું બતાવવામાં આવ્યું હતું અને એમણે નબીએ કરીમ સલ્લલાહુ અલયહિ વ સલ્લમને એની રજૂઆત કરી હતી....આવું જ તરાવીહ વિશે પણ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુસલમાનોની આસાની ખાતર પાબંદી ફરમાવી નહીં, પછી હઝરત ઉમર રદિ.એ તરાવીહની જમાઅત શરૂ કરાવી અને અલ્લાહ તઆલાએ મુસલમાનોમાં આ નમાઝ બાજમાઅત પઢવા અને એમાં કુરઆન પઢવાનો શોખ પેદા કરી દીધો, અને આમ આ ઈબાદત પણ હિફાજતે કુરઆનનો ઝરીયો અને રમઝાનની રાતોની ઈબાદતનો ઝરીયો બની ગઈ.

કદી આવો ઈલ્હામ મોટી સંખ્યામાં અનેક મુસલમાનોને કરવામાં આવે છે. એટલી બધી સંખ્યામાં કે એ બધા લોકોનું કોઈ બાબતે એકમત થઈ જવાને શયતાની કામ કે દુશ્મનની ચાલ ન કહી શકાય. પછી એના થકી કોઈ ફિત્નો બંધ થાય છે અથવા દીનનો કોઈ મોટો મકસદ પૂરો થાય છે. જેમ કે કુરઆન શરીફ ભેગું કરવાનો વિચાર, પહેલી અને બીજી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સદીમાં હદીસો ભેગી કરવાનો વિચાર, પછી ફિકહમાં મુજતહિદ ફુકહાનો ઈજતિહાદ, વિવિધ ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, કુરઆનની કિરાઅત અને અરબીના અન્ય ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, મદરસાઓની સ્થાપના, કિતાબો લખવાનો વિચાર... વગેરે બાબતો અલ્લાહ તઆલા તરફથી ઉમ્મતના એક મોટા સમુહ ઉપર કરવામાં આવેલ 'ઈલ્હામ' છે. જેનાથી ઉમ્મતની મોટી જરૂરતો પૂરી થઈ અને ફિત્નાઓ બંધ થયા.

ઈજતેમાઈ ઈલ્હામનું એક ઉદાહરણ ગુમરાહ ફિરકાઓ અને ફિલોસોફીના નામે ઈસ્લામનું ખંડન કરનારા લોકોના જવાબ આપવાના પ્રયત્નો પણ છે. અલ્લાહ તઆલાએ અત્યંત કાબેલ, હોશિયાર અને ઊંચી દિમાગશકિત ધરાવતા મુસલમાન વિદ્વાનોની બધી શકિતઓ જરૂરતના ઝમાનામાં એ તરફ વાળી દીધી અને મુસલમાનોને ફિલોસોફીની ગુમરાહીઓથી બચાવી લીધા. ઈસ્લામી ઈતિહાસના દરેક વળાંકે, જ્ઞાન અને સંસ્કૃતિના દરેક કેન્દ્રમાં અલ્લાહ તઆલા મુસલમાનોની એક મોટી જમાઅતને જવાબદારી સોંપતા આવ્યા છે. આ ઈજતેમાઈ ઈલ્હામ અને નિરંતર ચાલતું માર્ગદર્શન ખત્મે નુબુવ્વતની મોટી દલીલ પણ છે. આગલી ઉમ્મતોમાં આ બાબત જોવા નથી મળતી કારણ કે એમને એની જરૂરત પણ ન હતી, અને નુબુવ્વતનો સિલસિલો જારી હતો.

ઈસ્લામની બીજી ત્રીજી સદી અને પછીની સદીઓમાં તઝકિયહ અને ઈસ્લાહે બાતિનની જે ચળવળ સંપૂર્ણ વિષય અને વિદ્યા બની ગઈ, એમાં નફસ અને શયતાનની ચાલાકીઓની ઓળખ, દિલની અને અખ્લાકની બુરાઈઓનો ઈલાજ, અલ્લાહ સાથે સંબંધ, અને બાતેની નિસ્બત મેળવવાના તરીકાઓ વગેરે જે કંઈ હતું, એ બધું જ તઝકિયહ અને એહસાન સ્વરૂપે નબવી વારસામાં મોજૂદ હતું. પાછળની સદીઓમાં એનું જ નામ 'તસવ્વુફ' પડી ગયું. આ તસવ્વુફ પણ 'ઈજતેમાઈ ઈજતેહાદ'નું એક સુંદર ઉદાહરણ છે. ધીરે ધીરે તસવ્વુફના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુઝુર્ગો આ વિષયને ઈજતેહાદ સુધી લઈ ગયા. અને જિહાદ જેવું મહત્વ આપીને એના વડે દિલ અને અંતરની મૃત જમીનને જીવંત કરી દીધી. દિલના બીમારોને સાજા કર્યા. તઝકિયહ અને તસવ્વુફના રબ્બાની ઉલમાએ કિરામ અને એમની કેળવણી પામીને મેદાને અમલમાં આવતા મશાઈખ વડે દુનિયાના દૂર સુદૂર અનેક પ્રદેશોમાં ઈસ્લામનો ફેલાવો થયો. એવા કાબેલ અને કાર્યક્ષમ લોકો પેદા થયા જેમણે પોતાના ઝમાનામાં મુસ્લિમ સમાજમાં ઈમાન – યકીન અને અમલે સાલેહની રૂહ ફૂંકી દીધી. જરૂરત પડી તો જિહાદ માટે પણ આગળ આવ્યા. આ લોકોની સેવાનો ઈન્કાર કોઈ એવો માણસ જ કરી શકે જે ઈસ્લામના ઈતિહાસથી વાકેફ ન હોય.

ઈતિહાસના સામાન્ય અભ્યાસથી પણ આટલું જાણી શકાય છે કે બીજી સદીથી લઈને આજ સુધી લગાતાર, નિરંતર, દરેક કાળમાં, દરેક પ્રદેશમાં બેશુમાર નિખાલસ મુસલમાનોએ આ તરીકો (તસવ્વુફ) અપનાવ્યો છે, પોતે પણ એનાથી લાભ ઉઠાવ્યો, અન્યોને લાભ પહોંચાડયો, એના થકી ઈસ્લામનો પ્રચાર કર્યો, મુસલમાનોના દીન – ઈમાન મજબૂત કર્યા, અને એમને આ તરીકાના ઉપયોગી હોવા વિશે સંપૂર્ણ યકીન પણ હતું. ઉપરાતં આ બધા લોકો સ્વયં કાબેલ હતા. કુરઆન અને હદીસના વિદ્વાન હતા. સુન્નતના આશિક અને બિદઅતના વિરોધી હતા. આવા એક બે આલિમ કે વિદ્વાનોની વાત નથી, પરંતુ લાખોની સંખ્યામાં ઉમ્મતની પહેલી હરોળના આલિમો લગાતાર સદીઓ સુધી કોઈ ગલતફહમી કે ગુમરાહીમાં ચાલતા રહે એ શકય નથી. એમના વડે જે લાખો કરોડો લોકોને હિદાયત મળવી અને રૂહાની – બાતેની કમાલાત પ્રાપ્ત થવા... આ બધી બાબતો હદીસની પરિભાષા મુજબ 'ખબરે મુતવાતિર'ની જેમ છે. જેનો ઈન્કાર શકય નથી.

સમયકાળ અને પ્રદેશો અલગ હોવા છતાં સાચા, મુખ્લિસ, નિઃસ્વાર્થ, પવિત્ર અંતર અને મનના આ બુઝુર્ગો નિરંતર આ રસ્તે ચાલતા આવતા હોય એમને ગલતફહમીના શિકાર કહેવું ખોટું છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલા તો ફરમાવે છે :

જે કોઈ અમારા રસ્તામાં મહેનત કરે છે, અમે એમને અમારી રાહનું માર્ગદર્શન કરીએ છીએ. અને અલ્લાહ 'એહસાન' કરનારા લોકોની સાથે છે. *(તઝકિયહ વ એહસાન યા તસવ્વુફ વ સુલૂક : ૩૧)*

❑ હઝરત મવલાના ગીલાની રહ.એ શાહ ઈસ્માઈલ શહીદ રહ.ના હવાલાથી ઘણી જ સુંદર વાત લખી છે :

અમારા મતે ઈજતેહાદ ફકત 'ફિકહ'માં જ થઈ શકે એવું નથી. બલકે દીનના દરેક વિષયે ઈજતેહાદ થઈ શકે છે. હા, દરેક વિષય માટે કાબેલ ઉલમા જરૂરી છે, જેઓ એ વિષયમાં કુરઆન – હદીસમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, એને સમજે અને પછી એના આધારે જે બાબતે કંઈ કહેવામાં નથી આવ્યું, એનો પણ શરઈ હુકમ સમજે અને સમજાવે. મવલાના શહીદ રહ. આ આધારે જ પછી લખે છે કે ફુકહાએ વર્ણવેલા ઈજતેહાદી મસાઈલને શરઈ હુકમ ગણવામાં આવે છે, તો પછી સૂફિયાએ કિરામ રહ.એ કુરઆન અને હદીસના આધારે એ વિષયે જે હુકમો દર્શાવ્યા છે એને કેમ બિદઅત કહેવામાં આવે છે ? માટે ફિકહ હોય, તસવ્વુફ હોય કે ઈલ્મે કલામ, બધા જ ઉલૂમ શરઈ છે અને એ વિષયના બધા જ ઈમામોને અલ્લાહ તઆલાની મદદ હતી અને એ ઉલૂમને અનુસરનારા હક ઉપર ગણાશે. તસવ્વુફ અને એની ઘણી વાતો કુરઆન અને હદીસમાં નથી, તો ફિકહના પણ બધા હુકમો કયાં કુરઆન – હદીસમાં છે ? ઈજતેહાદ દ્વારા બતાવવામાં આવેલ ફિકહી મસાઈલ બિદઅત નથી તો સૂફિયાએ કિરામની વાતો ઉપર બિદઅતનું હથિયાર ચલાવવું કેવી રીતે દુરુસ્ત છે ? (મકાલાતે ઈહસાની : ૨૯)

### *તસવ્વુફની શરૂઆત અને ઇતિહાસ*

તસવ્વુફની શરૂઆત કેવી રીતે થઈ એ સમજવા માટે જરૂરી છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક દોરને, ત્યાર પછી ખુલફાએ રાશિદીનના ઝમાના મુસલમાનોની જે ધાર્મિક, રાજકીય અને સામાજિક સ્થિતિ હતી, એ સમજવામાં આવે, પછી અંદાઝો આવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શકે છે કે એવી કઈ જરૂરત ઉભી થઈ કે લોકોને એમની દીનદારી સાચવવા માટે તઝકિયહ અને એહસાનને દીનના એક અલગ વિભાગ તરીકે વિકસાવવાની જરૂરત પડી ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં તો તઝકિયહ અને એહસાનને દીનના અન્ય વિભાગો, જિહાદ, રાજકાજ અને કુરઆન હદીસના તાલીમ – શિક્ષણથી અલગ કોઈ વિભાગ સમજવામાં આવતો ન હતો.

આ વિષયે એક લાંબી પણ અર્થસભર ચર્ચા પ્રો. ખલીક અહમદ નિઝામી રહ.એ એમની કિતાબ તારીખે મશાઈખે ચિશ્તમાં ફરમાવી છે, અલબત્ત પ્રથમ અમે હઝરત શાહ વલીયુલ્લાહ રહ.એ 'હમ્આત'માં લખેલ તસવ્વુફના ચાર દોર, ચાર તબક્કા કે ચાર રંગ કે ચાર ફેરફારોની વિગત ટુંકમાં લખીએ છીએ, પછી પ્રો. ખલીક અહમદ સા.એ તારીખે મશાઈખે ચિશ્તમાં લખેલ વિસ્તૃત ચર્ચાને ટુંકમાં રજૂ કરીશું.

### *<u>તસવ્વુફના ચાર દોર</u>*

હઝરત શાહ વલીયુલ્લાહ રહ. હમ્આતમાં લખે છે :

મુજ ફકીરને આ બાબતનું ઈલ્મ પણ આપવામાં આવ્યું છે કે, તસવ્વુફના તરીકાઓ અત્યાર સુધી ચાર મોટા ફેરફારોથી પસાર થઈને આવ્યા છે.

### *<u>(૧) પહેલા દોરનું તસવ્વુફ.</u>*

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને આપના સહાબા રદિ.ના ઝમાનામાં અમુક પેઢીઓ સુધી કામિલ લોકો સંપૂર્ણપણે ઝાહેરી આમાલ અદા કરવા પ્રત્યે જ પુરું ધ્યાન આપતા હતા. અને શરીઅતના ઝાહેરી અહકામ ઉપર અમલ કરવાથી જ આ લોકોને બાતેની જીંદગીના સઘળા મરતબા અને દરજાઓ પ્રાપ્ત થઈ જતા હતા.

આ બુઝુર્ગોનું એહસાન અને તસવ્વુફ આ હતું કે, તેઓ નમાઝ પઢતા, તિલાવત કરતા, રોઝા રાખતા, સદકહ – ઝકાત અદા કરતા અને જિહાદ કરતા હતા. માથું નમાવીને વિચારોમાં (મુરાકબહ)માં ડૂબેલો હોય, એવું કોઈ એમનામાં ન હતું. અલ્લાહની નઝદીકી મેળવવા માટે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈબાદત અને ઝિક્ર સિવાય કોઈ બીજી રીત અપનાવવાની એમને જરૂરત ન હતી. આ બુઝુર્ગોને એમના ઝિક્ર – તિલાવત અને નમાઝ વગેરેમાં જ પૂરી ખુદાની બંદગીનો લુત્ફ પણ મળી જતો હતો. ઝકાત અદા કરવામાં ખુદાનો હુકમ અદા કરવાની સાથે તેઓ દિલના 'બુખ્લ'નો ઈલાજ પણ કરતા હતા. તેઓને જયારે એમ લાગતું કે દુનિયામાં મશ્ગૂલી વધી ગઈ છે તો દિલને દુનિયાના કારોબારથી દૂર કરવાના ઈલાજ સ્વરૂપે ઝકાત આપતા હતા. ગફલતનો ઈલાજ નમાઝ, તિલાવત અને ઈબાદતથી કરી લેતા હતા.

ખુલાસો આ કે શરઈ અહકામ ઉપર અમલ કરવામાં જ આ બુઝુર્ગોને બાતિની અને રૂહાની લઝઝત પણ મળતી હતી. 'જોશ' અને 'હાલ'ની એમને જરૂરત ન હતી. જન્નતતી આરઝૂ, દોઝખનો ડર રાખતા હતા. એમની પાસે કશ્ફ – કરામત ઓછા હતા.

### *(૨) તસવ્વુફનો બીજો દોર.*

સૂફિયાએ કિરામની જમાઅતના સરદાર હઝરત જુનૈદ રહ.ના ઝમાનાથી અથવા એમના કંઈક પહેલાંથી તસવ્વુફનો એક બીજો રંગ પ્રગટ થાય છે. આ ઝમાનામાં કામિલ લોકો તો પહેલા ઝમાનાના લોકોના તરીકા ઉપર ચાલતા જ હતા. અલબત્ત એમનામાં જેઓ વિશેષ હતા એમણે ઘણી રિયાઝત, ઈબાદત, અને મહેનત કરી. દુનિયાથી બિલ્કુલ અલગ થઈ ગયા અને નિરંતર ઝિક્ર – ફિક્રમાં મશ્ગૂલ રહેવા લાગ્યા. એના કારણે એમના અંદર એક વિશેષ કેફિયત ઉત્પન્ન થઈ. આ કેફિયતનો મતલબ આ હતો કે દિલને અલ્લાહ તઆલાના તઅલ્લુકની નિસ્બત પ્રાપ્ત થઈ જાય. આ બુઝુર્ગો એ નિસ્બત મેળવવા માટે મુરાકબહ કરતા હતા. એમના ઉપર તજલ્લી, ઉન્સ, વહશત વગેરે હાલતો આવતી હતી અને તેઓ એમની હાલતને વિવિધ નુકતાઓ અને ઈશારાઓમાં વર્ણવતા પણ હતા. આ લોકો નફસ અને શયતાનના પ્રપંચો અને વસવસાઓને સારી રીતે ઓળખતા હતા. અને એનાથી બચવા ખાતર મુજાહદહ પણ કરતા હતા. આ દોરના અહલે કમાલનું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તસવ્વુફ આ હતું કે તેઓ અલ્લાહ તઆલની ઈબાદત દોઝખના અઝાબથી ડરીને અથવા જન્નતની નેઅમતોની લાલચમાં ન કરતા હતા. બલકે ઈબાદતની પ્રેરણા ખુદા પ્રત્યેની મુહબ્બતનો જઝબો હતો. અલબત્ત આ બુઝુર્ગોને હજુ તવજ્જુહની એ વિશેષ કેફિયત પ્રાપ્ત ન હતી, જેમાં નફસનું સઘળું ધ્યાન હકીકતુલ હકાઈક પ્રતિ જ રહે. આ બુઝુર્ગો ઉપર ઈબાદતનો રંગ વધારે હતો. ઈબાદતના નૂરમાં તેઓ મસ્ત રહેતા હતા.

*(૩) તસવ્વુફનો ત્રીજો દોર :*

સુલતાનુત્તરીક શેખ અબૂસઈદ બિન અબુલખૈર અને શેખ અબુલ હસન ખરકાની રહ.ના ઝમાનામાં તસવ્વુફનો એક ઓર રંગ બદલાય છે. આ દોરમાં અહલે કમાલ લોકોમાં અવામ અને સામન્ય મરતબાના લોકો તો પહેલાની જેમ શરઈ આમાલ અને અહકામ ઉપર જ અમલ કરતા જોવા મળે છે. અને ખવાસ – ઉચ્ચ મરતબો ધરાવતા લોકોએ બાતેની કેફિયાતને પોતાની મંઝિલ કરાર દીધી અને એમાંયે અતિ ઉચ્ચ સ્થાન ધરાવતા લોકોએ અહવાલથી આગળ વધીને જઝબ સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા. આ જઝબના કારણે એમની સામે 'તવજ્જુહ'ની નિસ્બતનો રસ્તો ખુલી ગયો. એમની સામેથી બધા પરદા હટી ગયા અને એમને સમજાય ગયું કે તે એક ઝાત ઉપર જ બધાનું અસ્તિત્વ છે. તે ઝાત જ બધાની કય્યૂમ છે.

*(૪) તસવ્વુફનો ચોથો દોર.*

છેલ્લે શેખ અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. અને કંઈક એમના પૂર્વેનો ઝમાનો આવે છે. આ ઝમાનામાં અહલે કમાલ બુઝુર્ગોના વધુ આગળ વધે છે. અને તેઓ કૈફિયાત અને અહવાલની મંઝિલથી આગળ વધીને તસવ્વુફના હકાઈકની ચર્ચા અને શોધ કરે છે. આ બુઝુર્ગોએ 'ઝુહૂરે વુજૂદ' (ظہور وجود)ના દરજા અને સ્થાનો શોધ્યા. વાજિબુલ વુજૂદથી સૌથી પહેલાં કઈ વસ્તુ પ્રગટ થઈ, અને કેવી રીતે તે પેદા થઈ ? આવા બધા વિષયો એમની ચર્ચાના વિષયો હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તસવ્વુફના આ ચારેવ તરીકાઓ અલ્લાહ તઆલાના દરબારમાં મકબૂલ અને મલએ આલામાં આ ચારેવનું સ્થાન માન્ય છે.

અહલે તસવ્વુફ વિશે ચર્ચા કરતી વેળા હમેંશા આ વાતનું ધ્યાન રાખવામાં આવે કે આ બુઝુર્ગોના અકવાલ અને અહવાલને એમના ઝમાનાના સ્વભાવ – જરૂરત મુજબ જ જોવા – સમજવામાં આવે. એક ઝમાનાના અહલે તસવ્વુફના અકવાલ અને અહવાલને બીજા સમયના માપંદડો અને તકાઝાઓના ત્રાજવે તોળવામાં આવે એ બિલ્કુલ મુનાસિબ નથી.

*(હમ્આત, ઉર્દૂ અનુવાદ. રસાઈલ શા. વલીયુલ્લાહ, ૧ : ૩૯–૪૩. ઉપરથી ટુંકાવીને.)*

હઝરત શાહ વલીયુલ્લાહ રહ.નો મકસદ આ લખાણમાં કાળક્રમ અનુસાર તસવ્વુફના દોર કે ઐતિહાસિક તબક્કાઓ વર્ણવવાનો નથી. બલકે તસવ્વુફની વિચારધારામાં આવેલ વિવિધ ફેરફારોનો ઈતિહાસ આપ રહ. વર્ણવવા ચાહે છે. આપ રહ. એ પોતાના ઝમાના સુધીના તસવ્વુફના ઈતિહાસ અને શરૂઆતથી લઈને વિવિધ ઝમાના અને વિવિધ પ્રદેશોમાં તસવ્વુફ અને મશાઈખે તસવ્વુફ અને લોકો ઉપર એની અસરોનો અભ્યાસ અને વિચાર કરીને તસવ્વુફમાં આવેલ ફેરફારોને વર્ણવ્યા છે. નિઃશંક આ ફેરફારો આવવામાં સમય લાગ્યો હશે, અને એક પછી એક ધીરે ધીરે જ વિચારધારામાં પરિવર્તન આવ્યું હશે, પણ આપ રહ.ના લખાણનો મકસદ ઝમાના મુજબ અને કાળક્રમાનુસાર તસવ્વુફનો ઈતિહાસ બતાવવાનો નથી. હમ્આતના ઉર્દૂ અનુવાદમાં આ ચાર ફેરફારોને 'દોર' કહેવામાં આવ્યા છે. જયારે કે અસલી ફારસી લખાણમાં 'તગય્યુરાત' (ફેરફાર) નો શબ્દ છે. એનાથી આ વાત સમજી શકાય છે. ઉપરાંત આપ રહ.એ પોતાની બીજી કિતાબ 'તફહીમાત'માં પણ આ વિશે કંઈક ચર્ચા કરી છે. એ જોતાં પણ ઉપરોકત બાબત સ્પષ્ટ થઈ જાય છે. (પ્રો. ડો. મુહમ્મદ યાસીન મઝહર સિદ્દીકી. طریقت کے چھار رنگ کا نظریۂ شاہ ولی اللہ)

ઐતિહાસિક રીતે જોવામાં આવે તો ખિલાફતે રાશિદહ પછી ઉમવી સલ્તનત અને પછી અબ્બાસી સલ્તનતના પતન સુધી લગાતાર મુસ્લિમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સત્તાની જાહોજલાલીનો દોર હતો. અલબત્ત મુસલમાનો સામાજિક અને રાજકીય સ્તરે અંદરો અંદર કમઝોર થઈ રહયા હતા. આ આંતરિક પતન જયારે એની પરાકાષ્ઠાએ પહોંચ્યું તો બાહય આક્રમણ માટે નિમિત્ત બન્યું અને ૧૨૫૮ ઈ. ૬૫૬ હિ.માં હલાકૂ ખાનના હાથે બગદાદની અબ્બાસી સલ્તનતનું પતન થયું. ખિલાફતે રાશિદહ પછી આંતરિક પતનની શરૂઆત ઉમ્મતના નેક અને સમજદાર બુઝુર્ગોએ ભાંપી લીધી હતી. પરંતુ સત્તાના સિંહાસને બેસેલા લોકોને એનો એહસાસ થતો ન હતો. તેઓ બાહય પ્રગતિ, સામ્રાજ્ય વિસ્તાર અને ભૌતિક જાહોજલાલીથી ખુશ હતા. ઘણા બુઝુર્ગોએ તો હિમ્મત કરીને બગાવત પણ કરી, પણ આખરે તેઓ નાકામ થયા. આ બાબતે હઝરત અલી રદિ.ના ખાનદાનનો ઈતિહાસ અને કુરબાનીઓ દાદ માંગી લે છે. એટલે છેવટે બુઝુર્ગોએ એક તરફ થઈને સત્તા અને સલતનત સિવાયની ઈસ્લામી બાબતોને જાળવવાનું બીડું ઝડપ્યું.

ઈસ્લામ ફકત સત્તા અને સરકારી કામગીરીનું તો નામ નથી. ઈસ્લામ તો જીવનના દરેક પાસાને લગતા આદેશો અને અદબો – સંસ્કાર શીખવાડે છે. સત્તા – સરકારને લગતી બાબતોમાં શરીઅતની અનદેખી કરવાને લઈ એક તરફ લોકોમાં બેચેની વધી રહી હતી તો બીજી તરફ ઈસ્લામી મુલ્યોનો હ્રાસ થઈ રહયો હતો, ઈસ્લામની અસલ રૂહ ખતમ થઈ રહી હતી, અને લોકો ઈસ્લામી જીવનપદ્ધતિ બાબતે જ નિરાશ થઈ જાય એવો ખતરો હતો. આવા સંજોગોમાં ઝુહદ, ત્યાગ અને મુજાહદહને પોતાનું મિશન બનાવીને એહસાન – તઝકિયહની અલગ રાહ અપનાવી રહેલા બુઝુર્ગોએ મુસ્લિમ સમાજને શકય એટલા ઈસ્લામ ઉપર અમલ કરવાની અને ઈસ્લામી તાલીમાતને જીવંત રાખવાની નવી રાહ દેખાડી. આવતા પૃષ્ઠોમાં આ વિગત કંઈક વિસ્તારથી આવશે, ઈન્શાઅલ્લાહ.

કુદરતના સંજોગો અજીબ હોય છે. સત્તા અને એના તાબે રહીને મુસ્લિમ સમાજ જેમ જેમ કમઝોર થઈ રહયો હતો એમ મશાઈખની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મહેનત વધી રહી હતી, તસવ્વુફ લોકોમાં પ્રચલિત થઈ રહયું હતું. અને જયારે તેરમી સદી ઈસ્વીમાં સલતનતનું પતન થયું ત્યારે તસવ્વુફે પણ ઈસ્લામી મુલ્યોની રક્ષા માટેની પોતાની આગવી પ્રણાલીનું છેલ્લું શિખર સર કર્યું. એટલે કે તસવ્વુફના સિલસિલાઓ બનાવવામાં આવ્યા અને એના થકી સત્તાના પતનથી વિખેરાય રહેલા મુસ્લિમ સમાજને એક સુત્રે બાંધવાનો છેલ્લો પ્રયાસ કર્યો.

બીજા શબ્દોમાં કહી શકાય કે મંગોલ હલાકૂ ખાનના આક્રમણ સુધી ઈસ્લામી સત્તા એની ચડતીનો એક દોર પૂરો કરીને પતનના રસ્તે પડી તો આ જ સમયકાળ દરમિયાન તસવ્વુફની ચળવળ એના આરંભ, ઈલ્મી – અમલી તરબિયત અને આંતરિક – બાહય વ્યવસ્થાના તબક્કાઓ પૂરા કરીને હવે પછી ઈસ્લામના સાચા રક્ષક, પ્રચારક અને કેળવણીકાર હોવામાં સત્તા – સરકારની ઉત્તરાધિકારી બને છે.

બગદાદ અને જીલાનમાં મુસ્લિમ સત્તાનું પતન થયું હતું અને કાદરી અને સુહરવરદી સિલસિલા ઉભરી રહયા હતા, તો આ જ દિવસોમાં ભારતમાં પણ ખ્વાજા મુઈનુદ્દીન રહ.ના હાથે ચિશ્તી સિલસિલાની બુનિયાદ નાખવામાં આવી અને સાથે જ ભારતમાં ઈસ્લામી સલતનતની શરૂઆત પણ થઈ. આમ ભારત રૂહાની અને જાહેરી, બન્ને રીતે મુસલમાનોના હાથે ફતેહ થયું.

જનાબ ખલીક અહમદ નિઝામી સાહેબે ઐતિહાસિક રીતે અને કાળક્રમ અનુસાર એક પછી એક સદીમાં મુસ્લિમ વિશ્વની સ્થિતિ અને તસવ્વુફની તબક્કાવાર પ્રગતિનું વર્ણન કર્યું છે. અત્રે એનો ટુંકસાર રજૂ કરવામાં આવે છે.

### *નબવી દોર અને ખિલાફતે રાશિદહ*

નબવી દોરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સમાન અધિકારો અને ન્યાય આધારિત ઈસ્લામનું રાજકીય અને ધાર્મિક માળખું અમલી સ્વરૂપે સ્થાપીને લોકોને બતાવી દીધું હતું કે મુસલમાનોએ વ્યકિતગત, સામાજિક, અને રાજકીય રીતે કેવી રીતે જીવન જીવવાનું છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સરકારી કામકાજમાં મુસલમાનો સાથે સલાહ મશ્વેરાથી કરવામાં આવતું હતું. બયતુલ માલ સામુહિક અને સાર્વજનિક સંપત્તિ કરાર દેવામાં આવી હતી. એમાંથી નિયમ મુજબ જે મળવાનું હોય એનાથી એક વાળથી વધારે માલ ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતને પણ હકદાર ગણતા ન હતા. સજાનો કૂનન દરેક માટે સમાન હતો. ન્યાયના ત્રાજવામાં ગુનેગાર સામાન્ય માણસ અને લખ્તે જિગર ફાતિમહ રદિ. પણ સમાન હતાં. દરબારે નબવીમાં અરબી અને અજમી વચ્ચે કોઈ ફરક ન હતો. સુહૈબ, બિલાલ અને સલમાન, અરબના સરદારો સમાન હતા. દરવાજે કોઈ પેહરેદાર કે આસપાસ બોડીગાર્ડ ન હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે મદીનાની ગલીઓમાં ગરીબોની મદદ અને કમઝોરોની સહાય માટે આવતા જતા હતા. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ચારેવ ખુલફાએ રાશિદીન દ્વારા આ જ રીત અપનાવવામાં આવી.

જિંદગીના છેલ્લા દિવસોમાં હજતુલ વદાઅ વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે ખુત્બહ આપ્યો હતો, એમાં એ બધી જ વાતો સિદ્ધાંત અને નિયમ સ્વરૂપે રજૂ કરી હતી, જેના આધારે મદીનામાં ઈસ્લામનું સર્વગ્રાહી માળખું રચવામાં આવ્યું હતું. આ ખુત્બહમાં જે બુનિયાદી વાતો કહેવામાં આવી હતી એ નીચે મુજબ હતી :

જહાલતનો સમય વીતી ગયો. તમે બધા જેમ આ મહીના, આજના દિવસ અને આ પવિત્ર સ્થળનું સન્માન કરો છો એવી જ રીતે તમારા માટે બીજા મુસલમાનનું ખુન હરામ છે. અલ્લાહ તઆલા તમારા દરેક કામનો હિસાબ લેશે. અને મારા મૃત્યુ પછી ગુમરાહ કથઈને એકબીજાની ગરદનો ન કાપજો.

એકબીજાના અધિકારોનો ખ્યાલ રાખજો. જેમ તમારો હક તમારી બીવી ઉપર છે, એમ તમારી બીવીનો હક પણ તમારા ઉપર છે. ઓરતો સાથે નરમ વર્તન રાખો. ગુલામો સામે સદવર્તન કરજો. તમે પોતે જે ખાઓ, પહેરો એવું જ એમને ખવડાવો અને પહેરાવજો. એમની ભૂલો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માફ કરતા રહો. તેઓ પણ આખર અલ્લાહના બંદા છે.

કોઈ આરબ વ્યકિતને આરબ હોવાના કારણે ગેર આરબ ઉપર ઉચ્ચતા નથી. ન તો ગેર આરબને આરબ ઉપર કોઈ ઉચ્ચતા છે. એક આદમ અલૈ.ની અવલાદ હોવામાં તમે બધા સમાન છો.

કોઈ પણ વ્યકિતની વસ્તુ એની રઝામંદી વગર લેવી હરામ છે.

હું તમારી વચ્ચે એક એવી વસ્તુ છોડીને જઈ રહયો છું, જેને મજબૂત પકડી રાખશો તો ગુમરાહ નહીં થાઓ. એ કુરઆન છે.

ઈખ્લાસ, મુસલમાનોની ખેરખ્વાહી, અને એકતા – સંપ રાખશો તો દિલો પણ સાફ રહેશે.

જહાલતકાળથી બાકી આવતા ખૂન – હત્યાના બદલાઓ અને વ્યાજની રકમો આજે રદબાતલ કરવામાં આવે છે. અમારા ખાનદાન તરફથી રબીઆ બિન હારિષના ખૂનનો બદલો હું માફ કરું છું અને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબનું વ્યાજ પણ હું જતું કરું છું.

### *ખિલાફતે રાશિદહ પછી*

અલબત્ત ખિલાફતે રાશિદહ પછી ઈસ્લામી રાજવ્યવસ્થાની મુળ તસ્વીર ખતમ થઈ ગઈ. દીન – ઈબાદત અને રાજસત્તાના રસ્તા અલગ અલગ થઈ ગયા. ખિલાફતે રાશિદહ પછી બનૂ ઉમય્યહની હુકૂમત શરૂ થઈ. ધીરે ધીરે સહાબા દુનિયાથી રૂખ્સત થઈ રહયા હતા. ઝુલમ, અત્યાચાર, કરારો અને વાયદાઓનું ઉલ્લંઘન, વધી રહયું હતું. હાકેમો અને ગવર્નરો લોકો ઉપર જુલમ કરી રહયા હતા. હોદ્દા અને સરકારી સંપત્તિને વ્યકિગત માલ સમજીને એને લુટાવતા હતા. આવી સ્થિતિમાં છેલ્લા અમુક સહાબા અને તાબેઈન હતા, જે આ બધું ખોટું સમજવા છતાં ખામોશ હતા. જે રીતે મોટા હોદ્દાઓ ઉપર બિરાજમાન લોકો જાહેર રીતે બેશર્મીથી આ બધું કરી રહયા હતા એમાં તેઓ પોતાને એકલા અને નિરાધાર સમજતા હતા. એમના દિલોમાં ઈમાની જોશ હતો પણ બગાવત કરવામાં ઉમ્મતમાં મોટો ફિત્નો ખૂનામરકી ફેલાય જવાનો ખતરો હતો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હસન બસરી રહ. પણ આવું જ સમજતા હતા અને કોઈ બગાવતમાં ભાગ લેતા ન હતા. ઈબ્ને અશ્અષે આપ રહ.ને મજબૂર કર્યા તો નદીમાં કૂદીને પોતાની જાન બચાવી અને ત્યાર પછી ૧૧ વરસ હજ્જાજના ઝુલમથી બચવા છુપાયને રહયા. હજ્જાજના વફાતના સમાચાર આવ્યા તો સજદહમાં પડીને દુઆ ફરમાવી કે, હે અલ્લાહ ! હું તારાથી ડરું છું, અને એવા ઝાલિમથી ડરું – બચું છું, જે તારાથી નથી ડરતો. હવે હજ્જાજ પછી એની બુરાઈઓને પણ દુનિયામાંથી ખતમ કરી દે. હજ્જાજના ઝુલમ ઉપરાંત કરબલા, મક્કા ઉપર ચઢાઈ, હર્રહની ઘટના, વગેરે એવી મોટી ઘટનાઓ હતી જેના પરિણામે દીનદાર અને સમજદાર મુસલમાનો પરેશાન અને બેચેન હતા. એક તરફ ઈસ્લામી હુકૂમતના નામે હોદ્દાઓ ઉપર બિરાજમાન લોકોનો આ ઝુલમ હતો તો બીજી તરફ આખી દુનિયામાં ઈસ્લામ ફેલાય રહયો હતો. યુરોપમાં મુસલમાનોનું લશ્કર સ્પેન સુધી પહોંચી ગયું હતું, અને બીજી તરફ મધ્ય એશિયાના પ્રદેશો ઈસ્લામી સત્તા હેઠળ આવી રહયા હતા. આ લડાઈઓમાં ઈસ્લામ પ્રચારનો મકસદ પણ હશે પણ સાથે જ સત્તા લાલસા, શાહી ઠાઠમાઠ અને પોતાની સત્તાનો વિસ્તાર કરવા જેવા દુન્યવી મકસદો પણ સામે હતા.

નબવી દોર અને ત્યાર પછી હઝરત અબૂબક્ર – હઝરત ઉમર રદિ. વગેરેનો ઝમાનો જોયેલા લોકો આ બધું જોતા હતા તો એમને ઘણું દુખ થતું હતું. આવી સ્થિતિમાં આ નેક લોકોએ સરકારથી અલગ થઈને એકાંત અપનાવવામાં જ પોતાની અને સમાજની ભલાઈ સમજી. આવી સ્થિતિમાં શું કરવું એ બાબતે એમની સામે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું માર્ગદર્શન હતું જ કે, તમારા ઝમાનામાં આવા ફિત્નાઓ થાય તો ઉહદ પહાડ ઉપર જઈને તમારી તલવાર તોડી નાંખજો. અને ઘરમાં બેસી રહેજો. કોઈ ઘરમાં ઘૂસી જાય તો બિસ્તર ઉપર સૂઈ જજો. તે બિસ્તર ઉપર આવે તો મોઢું છુપાવીને બેસી જજો અને કહી દેજો કે તમારા અને મારા ગુનાહોનો વબાલ તમારા માથા ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લઈને દોઝખમાં જાઓ. (મુસ્નદે અહમદ)

આ સ્થિતિમાં ઘણા બધા બુઝર્ગોએ બગાવત કરી, કોઈએ હાકેમો પાસે જઈને એમને સાફ સાફ શબ્દોમાં નસીહત અને તાકીદ કરી તો ઘણા બધા બુઝુર્ગોએ બનૂઉમય્યહ વિરુદ્ધ બગાવત કરવાના બદલે હુકૂમત અને એના કામો – અત્યાચારોને એક તરફ મૂકીને એકાંત અપનાવ્યો અથવા સાદગીથી લોકો વચ્ચે રહીને ફકત લોકોને દીની બાબતોની તાલીમ – તરબિયત કરવાને પસંદ કર્યું. આ બુઝુર્ગો સરકારી હોદ્દાઓથી દૂર રહેતા હતા. દરબારની હાજરી અને ખરા કે ખોટા સરકારી કામોથી દૂર રહીને ફકત દીનની તાલીમનું કામ કરવામાં લાગી રહયા.

***<u>સૂફીઓની પહેલી જમાઅત</u>***

અત્યાર સુધી દીનદારી અને હુકૂમતને એકસાથે ચાલતી જોતા આવતા મુસલમાનો માટે આ અત્યંત કપરી સ્થિતિ હતી જેમાં સરકારી સ્તરે દીનદારીનું મહત્વ ઘણું જ ઓછું હતું. કહી શકાય કે આ સંજાગોમાં જ સૂફીઓની પહેલી જમાઅત અસ્તિત્વમાં આવી. જે પ્રદેશોમાં હકૂમત તરફથી લોકો ઉપર અત્યાચારો કરવામાં આવી રહયા હતા ત્યાં જ એમણે લોકો વચ્ચે રહીને લોકોને દીન ઉપર ચાલવાની હિમ્મત આપી. લોકોને આ બાબતે તૈયાર કર્યા કે તમે પોતે દૃઢતાથી દીન ઉપર અમલ કરો. દીન ઉપર અમલ કરવા માટે સરકાર અને સત્તા જરૂરી નથી.

સૂફીઓ અને તસવ્વુફનો આ પહેલો દોર હિજરી સન ૪૧ (૬૬૧ ઈ.)થી લઈને ૨૩૬ ઈ. (૮૫૦ ઈ.) સુધી કહી શકાય.

સૂફીઓની આ જમાઅતમાં હઝરત ઉવૈસ કરની રહ. (૩૨ હિ.૬૯૧ ઈ.), હઝરત હસન બસરી રહ. (૧૧૦ હિ.– ૭૨૮ ઈ.), અબૂ હાશિમ કૂફી રહ. (૧૦૫ હિ. ૭૬૬ ઈ.) હઝરત માલિક બિન દીનાર રહ. (૧૩૭ હિ. –૭૫૩ ઈ.), હઝરત હબીબ અજમી રહ. (૧૬૫ હિ.– ૭૭૨ ઈ.), હઝરત ફુઝેલ બિન અયાઝ રહ. (૧૮૭ હિ.–૮૦૩ ઈ.), હઝરત ઈબ્રાહીમ અદહમ રહ. (૧૬૨ હિ.– ૭૬૯ ઈ.),હઝરત રાબેઆ બસરીયહ રહ.(૧૬૨ હિ.– ૭૬૯ ઈ.) વગેરે બુઝુર્ગોનો સમાવેશ થાય

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. (તારીખે મશાઈખે ચિશ્ત, ખલીક અહમદ પેજ : ૬૯–૭૩/મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૨૫–૨૬)

***સૂફીઓની પહેલી જમાઅતની કાર્યપદ્ધતિ***

દીન અને ઈસ્લામના એક અલગ વિભાગ તરીકે તસવ્વુફની શરૂઆતનો આ પ્રથમ દોર છે. આ ઝમાનાના મશાઈખ અને બુઝુર્ગોની કાર્ય પ્રણાલી વિશે તારીખે મશાઈખે ચિશ્તમાં વિસ્તારથી ઉપયોગી ચર્ચા કરવામાં આવી છે. અત્રે એનો પણ ટુંકસાર લખવામાં આવે છે.

● આ ઝમાનાના બુઝુર્ગો ઉપર ખુદા તઆલાના ખોફનો પ્રભાવ વધારે હતો. એટલે તેઓ તોબાને વધારે મહત્વ આપતા હતા.

હઝરત હસન બસરી રહ. એક રાત્રે ઘરમાં રડી રહયા હતા. કોઈએ કહયું કે આપ તો મોટા પરહેઝગાર છો. તો ફરમાવ્યું : એટલા માટે રડું છું કે, કદાચ અજાણતામાં કે ભૂલથી કોઈ ખોટું પગલું ભરાય ગયું હોય અને દરબારે ઈલાહીમાં એ પસંદ ન હોય. હઝરત રાબેઆ બસરીયહ ફરમાવતાં હતાં કે, સાચી તોબા કરો. મોંઢાની તોબા તો જૂઠા લોકો કરતા હોય છે.

● આ બુઝુર્ગોએ એમની તાલીમ, કાર્યપદ્ધતિને સામુહિક રૂપ આપ્યું ન હતું. તેઓ વ્યકિતગત રીતે ઈબાદત કરતા રહેતા હતા. મુરીદોને ભેગા કરીને એમની તરબિયત – તાલીમ કરવાની વ્યવસ્થા ન હતી. કોઈ નવી પરિભાષા કે નવી રીત પણ એમણે જરૂરી ઠેરવી ન હતી. તેઓ એમના આસપાસ અને માહોલથી એવા દુખી હતા કે એ બધાથી દૂર રહીને ફકત ઈબાદત કરવામાં જ એમને સંતોષ મળતો હતો. સત્તાનો દબદબો અને હોદ્દાની જાહોજલાલીના જે દશ્યો તેઓ જોઈ રહયા હતા, તે નબવી તાલીમ વિરુદ્ધ હતા, અને આ બાબત જ એમના વિરોધનું મુખ્ય કારણ હતી.

● આ બુઝુર્ગો કુરઆન, હદીસ, તફસીર વગેરે વિષયોના ઉંડા જાણકાર અને વિદ્વાન હતા. આ વિષયોમાં એમણે ઘણી સેવાઓ આપી છે. ઘણાએ આ વિષયોમાં કિતાબો – રિસાલા પણ લખ્યા છે. પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈબાદત અને એકાંતની જે રીત એમણે અપનાવી હતી, અને ઈખ્લાસ, ઈબાદત, ઝુહદ – ત્યાગ વગેરેની જે તાલીમ તેઓ લોકોને આપતા હતા એ વાતોને લખવાનો એહતેમામ ઘણો ઓછો હતો.

● આ બુઝુર્ગો સરકાર અને સરકારી હોદ્દાઓ, તેમજ હાકેમોની સોહબતને બુરી સમજતા હતા. એમનાથી બચીને રહેતા હતા. મજબૂરીમાં કોઈવાર મળવાનું થાય તો હિમ્મત અને દઢતાથી સચ્ચાઈ વર્ણવીને હાકેમોને નસીહત કરતા હતા.

ખલીફા હારૂન રશીદ હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.ને મળવા આવ્યા તો આપ રહ.એ જે સાફ શબ્દોમાં ઘણી કડક નસીહત ફરમાવી હતી. આખો કિસ્સો હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.ના હાલાતમાં આગળ આવી રહયો છે. એ વેળા એક નસીહત આ પણ ફરમાવી હતી : મુસલમાનોનો આખો દેશ તારું ઘર છે. અને પ્રજા તારી અવલાદ. ઘરમાં રહેતા માં – બાપ સાથે નરમી વર્તો, ભાઈઓ સાથે મહેરબાની અને રહમ અને બાળકો – અવલાદ સાથે નેકી – સખાવતનું વર્તન રાખો. કોઈ ઘરડી ડોશી પણ ભૂખી રહેશે તો એ કયામતના દિવસે તારો દામન પકડીને તારી પાસે હિસાબ માંગશે.

મને તારા આ સુંદર ચહેરાની બીક છે. જહન્નમની આગ કયાંક એને બુરો ન બનાવી દે. દોઝખની આગમાં ઘણા સુંદર ચહેરા બદસૂરત બની જશે અને અમીરો કેદી બની જશે.

બીજા બુઝુર્ગો પણ આવી જ સ્પષ્ટ વાત કરીને હાકેમોને ડરાવતા હતા. હઝરત સુફિયાન ષોરી રહ.એ હજ વેળા ખલીફા મન્સૂરને પકડીને કહયું : અમીરુલ મુઅમિનીન ! હઝરત ઉમર રદિ.એ એકવાર હજ ફરમાવી તો એમાં ૧૬ દીનારનો ખર્ચ થયો પણ હઝરત ઉમર રદિ. ફરમાવતા હતા કે, લાગે છે મેં તો આખો બયતુલ માલ ખાલી કરી દીધો. અને તમે જુઓ, ઉમ્મતનો બેહિસાબ માલ કોઈની પરવાનગી વગર ખર્ચ કર્યો છે. કયામતમાં એનો શું જવાબ આપશો ? મન્સૂર બિચારો કંઈ બોલી શકયો નહીં. પછી મન્સૂરે આપ રહ.ને કોઈ સરકારી જવાબદારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સોંપવાનો ઈરાદો કર્યો તો આપ રહ. કયાંક સંતાય ગયા.

આ ઝમાનાના મશાઈખની સવાનેહ અને હાલાતનું વાંચન કરીએ છીએ તો આ વાત પણ સામે આવે છે કે ખલીફાઓ અને ગર્વનરો તરફથી એમને સરકારી હોદ્દાઓ અને જવાબદારીઓ સ્વીકારવાની રજૂઆત કરવામાં આવી હતી. પણ આ બુઝુર્ગોએ એ સરકારી વ્યવસ્થા સાથે જોડાવાને મુનાસિબ સમજયું નહીં. કારણ કે તેઓ બુનિયાદી રીતે એ વ્યવસ્થાના વિરોધી હતા અને ઈસ્લામની સાચી તાલીમને મહફૂઝ રાખવા માંગતા હતા. ઈમામ અબૂ હનીફહ રહ. અને અન્ય બુઝુર્ગોને તો એ માટેની ફરજ પાડવામાં આવી હતી. અને ઈમામ સાહેબ રહ.એ ઈન્કાર કર્યો તો આપ રહ.ને કેદ કરીને ભારે સજા આપવામાં આવી. કૂફાના ગર્વનર યઝીદે ઈમામ સાહેબ રહ.ને ખઝાનચીનો હોદ્દો આપવાની વાત કરી. આપ રહ.એ ઈન્કાર કરી દીધો. યઝીદે કસમ ખાયને કહયું કે અબૂહનીફાએ આ હોદ્દો સ્વીકારવો જ પડશે. દોસ્તોએ પણ ઈમામ સા. રહ.ને સમજાવ્યા પણ આપ રહ. અડગ રહયા અને ફરમાવ્યું : એનો હોદ્દો સ્વીકારું અને એ કોઈ મુસલમાનના કતલનું ફરમાન લખે અને હું એના ઉપર સહી કરું, એ કેવી રીતે બને ? એ ફકત મસ્જિદના દરવાજા ગણવાની જવાબદારી સોંપે તો એ પણ હું સ્વીકારીશ નહીં. યઝીદે ગુસ્સામાં આવીને રોજ દસ કોરડા લગાવવાની સજા આપી. એ સજા ઉપર અમલ થયો અને આપ રહ.એ સહન પણ કરી લીધી, પરંતુ પોતાની વાતે અડગ રહયા.

પછી ખલીફા મન્સૂરે આપ રહ.ને કાઝીનો હોદ્દો સ્વીકારવા આગ્રહ કર્યો. આપ રહ.એ ઈન્કાર કરી દીધો અને કહયું કે, હું આ હોદ્દાને લાયક નથી. મન્સૂરે ગુસ્સામાં કહયુ કે તમે જૂઠા છો. ઈમામ સાહેબે કહયું કે, હું જૂઠો છું તો પછી કાઝી બનવાને લાયક નથી, એ મારી વાત સાચી જ છે ને. મન્સૂરે કસમ ખાધી કે તમારે હોદ્દો સ્વીકારવો જ પડશે. જવાબમાં આપ રહ.એ પણ કસમ ખાધી કે હું હરગિઝ સ્વીકારીશ નહીં. મન્સૂરે ઈમામ સાહેબ રહ.ને જેલમાં નાંખી દીધા અને જયારે જીવ નીકળ્યો ત્યારે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેલમાંથી નીકળ્યા.

***તસવ્વુફના પ્રથમ દોરના બુઝુર્ગોની મહેનતનો મહાન ફાયદો***

પ્રથમ દોરના બુઝુર્ગોની આ કાર્યપદ્ધતિ વાસ્તવમાં એ સમયની સરકારો, રાજવ્યવસ્થા અને કાર્યપ્રણાલી સામે એક પ્રકારનો એમનો વિરોધ હતો. તેઓ મુસલમાનોની રાજવ્યવસ્થા અને સામાજિક જીવવને પણ દોરે નબવી અને ખિલાફતે રાશિદહની જેમ સંપૂર્ણ ઈસ્લામી રંગમાં જોવા ચાહતા હતા.

આ બુઝુર્ગો દ્વારા સરકાર અને સત્તાથી દૂર રહેવા, બલકે એના વિરુદ્ધ રાહ અપનાવવાથી ઈસ્લામ અને મુસલમાનોને ઘણા ફાયદાઓ થયા, જેમ કે,

(૧) આ બુઝુર્ગો તે વેળાના વિશેષ સંજોગોમાં તઝકિયહ, બાતિની ઈસ્લાહ અને તરબિયત, ઈબાદત વગેરે બાબતો ઉપર વધારે ધ્યાન ન આપત તો ઈસ્લામ ફકત એક રાજવ્યવસ્થાનું નામ બનીને રહી જાત. રાજકીય કાવાદાવા અને હાર જીતના સમાચારો વચ્ચે એમણે અમલી રીતે પૂરવાર કરી બતાવ્યું કે, ફકત પ્રદેશો જીતવા અને સત્તા – શાસન કરવાનું નામ ઈસ્લામ નથી. ઈસ્લામ તો માનવ સમાજની સુધારણા, પ્રગતિ, ખેરખ્વાહી અને કેળવણીની એક સુંદર અને સર્વગ્રાહી વ્યવસ્થાનું નામ છે. ઈસ્લામ માણસને રૂહાની – આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ બતાવે છે. ખિલાફતે રાશિદહ પછીના દોરમાં આ બુઝુર્ગોની સેવાઓને બાદ કરવામાં આવે તો ઈસ્લામની હકીકત દુનિયા જીતવા નીકળેલા બાદશાહોની દાસ્તાનથી વધારે ન હોત.

(૨) ઈતિહાસ ગવાહી આપે છે કે ઈસ્લામી તાલીમ અને એની અસર ખલીફાઓ અને અમીરો વડે નહીં, બલકે આ બુઝુર્ગો મારફતે જ લોકો સુધી પહોંચી છે. ખલીફાઓ દેશ – પ્રદેશ જીતતા હતા, પણ લોકો સાથે સીધી રીતે સંપર્ક રાખતા ન હતા. ખુલફાએ રાશિદીનની જેમ તેઓની જીવનશૈલી ઈસ્લામી ન હતી. માટે તેઓની લશ્કરી જીત કે શાહી જીવનશૈલી લોકોમાં ઈસ્લામી તાલીમના પ્રચાર અને ઈસ્લામના ધાર્મિક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને માનવીય ઉદ્દેશ્યને હાસિલ કરવા માટે કાફી ન હતી. એના માટે દિલો જીતવાની જરૂરત હતી અને આ કામ બુઝુર્ગો મારફતે જ શકય બન્યું.

(૩) અમીરો અને ખલીફાઓને એમના ગેર ઈસ્લામી તરીકાઓ વિશે સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરનાર અને એમને ભૂલોનું ભાન કરાવનાર આ બુઝુર્ગો જ હતા. ઈમામ અબૂહનીફહ રહ., હઝરત સુફિયાન ષોરી રહ. ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ. શેખ હબીબ અજમી રહ. વગેરે બુઝુર્ગોએ સ્પષ્ટ શબ્દોમાં નસીહત કરી અને પોતે પણ અમલી રીતે બાદશાહો સામે પુરવાર કર્યું કે સરકારી તંત્રના ખોટા કામોના કારણે જ અમે તમારાથી અલગ રહીએ છીએ. બાદશાહો અને સુલતાનો સત્તાના મદમાં ખુદાના અહકામ પણ ભૂલી જાય છે. આ બુઝુર્ગોએ એમને એહસાસ કરાવ્યો કે તમારા કામોનો હિસાબ કરનારું દુનિયામાં પણ કોઈ છે. દરબારની ખુશામતખોરીના શોરમાં આ બુઝુર્ગોની હકગોઈ દ્વારા જ હક અને ઈસ્લામની તરજુમાનીનો હક અદા થયો છે.

(૪) ધર્મની હેસિયતથી ઈસ્લામની સાચી તસ્વીર સમજવા માટે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબા પછી આ બુઝુર્ગોનું જીવનચરિત્ર જ સ્ત્રોત ગણાય છે. ઈસ્લામનો રૂહાની ઈતિહાસ આ બુઝુર્ગો ઉપર જ આધારિત છે. જો તસવ્વુફ અને આ બુઝુર્ગોને ઈસ્લામી ઈતિહાસનો ભાગ ન ગણવામાં આવે તો ઈસ્લામના રૂહાની ઈતિહાસમાં મોટો શુન્યઅવકાશ સામે આવે છે.

(૫) આ બુઝુર્ગોની હિમ્મત, હકગોઈ અને રાજસત્તાથી દૂર રહીને ઈબાદત – ઈસ્લાહની કોશિશોનું એક સુંદર પરિણામ આ પણ સામે આવ્યું કે, ઈસ્લામી ખિલાફત, બાદશાહત અને સલતનતમાં બદલાય જવા છતાં ઈસ્લામની સંસ્કૃતિ, સંસ્કાર, ઈસ્લામી વિચારધારા, ઈબાદત અને રૂહાનિયતનો નિઝામ, ખુદાનો ખોફ, વગેરે બાબતો એના મુળ સ્વરૂપે જળવાય રહી. આ બધું સરકારી જવાબદારીઓમાં શામેલ હતું પણ એને અસલી સ્વરૂપે આ બુઝુર્ગોએ જ સાચવીને આગળ વધાર્યું. આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુઝુર્ગોની અથાગ મહેનત અને દઢતાની બરકતથી ધીરે ધીરે લોકોની અકીદત અને આસ્થાના કેન્દ્રો પણ બદલાય ગયાં. લોકોના દિલોમાં બાદશાહનું સ્થાન ખલીફા તરીકે ન રહયું. લોકો એમના દરેક આદેશો ઉપર અકીદતના બદલે સજાના ખોફથી અમલ કરતા હતા. બીજી તરફ આ બુઝુર્ગો પ્રતિ લોકોની અકીદત વધી ગઈ, લોકોને સમજાયું કે ઈસ્લામી સાચી તાલીમ અહિંયા જ મળી શકે છે. અને આમ અલ્લાહ તઆલાએ એના આ નેકદિલ હિમ્મતવાન બંદાઓ મારફતે દીને ઈસ્લામની સાચી તાલીમ અને તસ્વીર બચાવી લીધી.

જનાબ ખલીક અહમદ સાહેબના લખાણનો ખુલાસો હજુ ચાલુ છે, વચ્ચે એક બીજી વાત... ખલીક અહમદ સાહેબ અને અન્ય ઘણા બધા લેખકોએ તસવ્વુફની શરૂઆત બાબતે જે લખ્યું છે એનો મતલબ આ નીકળે છે કે, 'બનૂઉમય્યહ' દ્વારા રાજકાજમાં શુદ્ધ ઈસ્લામી પરંપરાઓ છોડવાના વિરોધ અને પ્રતિક્રિયા સ્વરૂપે બુઝુર્ગોએ અલગ થઈને ઈબાદત, ત્યાગ, એકાંત કે ઈસ્લાહે અખ્લાક, ઈસ્લાહે મુઆશરહની જે પદ્ધતિ અપનાવી, એ પાછળથી તસવ્વુફની ચળવળ બની ગઈ.

ઘણા બીજા લેખકો અને સમીક્ષકો આ બાબતે થોડી હકારાત્મક વાત કરે છે, એમની વાતનો ખુલાસો આ છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશિદીનની રહેણી કરણી અને કાર્યપદ્ધતિમાં સાદગી હતી. દુનિયાની જાહોજલાલી વ્યકિતગત રીતે પણ રાજકાજમાં એમનું લક્ષ્ય ન હતી. આમ 'એહસાન' અને તસવ્વુફની રાહ ઉપર તેઓ ચાલતા જ હતા. પાછળથી જયારે અમીરો અને સુલતાનોએ કુરઆન, હદીસ, અને તઝકિયહની તાલીમને છોડી દીધી અને એના કારણે મુસ્લિમ સમાજમાં દીન – અને દુનિયા વચ્ચે અંતર વધારે વધવા લાગ્યું તો આપમેળે જ એવા નેક લોકો અને બુઝુર્ગોની હેસિયત લોકોમાં સામે આવવા માંડી જેઓ દુન્યાની જાહોજલાલી, સરકારી હોદ્દા અને ઠાઠમાઠથી દૂર રહેવા ચાહતા હતા, રહેણી કરણીમાં સાદગી અને અલ્લાહ તઆલાની ઈબાદત વધારે પસંદ કરતા હતા અને મઅરિફતે હક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માટે મુજાહદહ કરતા હતા. અને આમ છતાં મખ્લૂક પ્રત્યે નરમી, શફકત રાખીને ઈન્સાફ સાથે હુકૂમતની જવાબદારી પૂરી કરતા લોકોના વિરોધી પણ ન હતા.

***તસવ્વુફ અને સૂફિયાએ કિરામનો બીજો દોર (ત્રીજી સદી હિજરી)***

ખિલાફતે રાશિદહ પછી ઈસ્લામી ઈતિહાસના પ્રથમ દોરની મહત્વની ઘટના ખિલાફતનું બાદશાહતમાં બદલાય જવું હતું. એનાથી અમીરો અને ખલીફાઓમાં, તથા એમની નીતિઓમાં જે પરિવર્તન આવ્યું એના નુકસાનો આપણે ઉપર વાંચી ગયા. આ દોરના સૂફિયાએ કિરામે પોતાના અમલ અને કથનો – વિચારો દ્વારા એ ખરાબીઓ વિરુદ્ધ પોતાની પ્રતિક્રિયા આપી અને ઈસ્લામની સાચી તસ્વીર રજૂ કરીને પોતાની ફરજ અદા ફરમાવી.

ત્યાર બાદ સૂફિયાએ કિરામનો આ બીજો દોર અને તબક્કાનો સમયગાળો આઠમી અને નવમી સદી ઈસવી ગણી શકાય. મુસ્લિમ ઈતિહાસનો આ સમયગાળો મુસલમાનો ઉપર યૂનાની ફિલોસોફીના પ્રભાવનો હતો.

મિસરનું શહેર ઈસ્કન્દરીયહ (Alexandria) તે વેળા યૂનાની વિદ્યાઓનું કેન્દ્ર હતું. બનૂઉમય્યાના ઝમાનામાં મુસલમાનો ઉપર યૂનાની ફિલોસોફીનો પ્રભાવ ફકત તબીબી (મેડીકલ) વિદ્યાઓ પૂરતો હતો. પછી ખિલાફતે અબ્બાસિયહમાં અન્ય વિદ્યાઓ અને પુસ્તકો પણ અરબીમાં આવ્યા. બલકે હારૂન રશીદે બયતુલ હિકમતની સ્થાપના કરીને વિવિધ કાબેલ લોકોને ફકત આ જ કામ ઉપર લગાડી દીધા કે યૂનાનની તર્ક આધારિત ફિલોસોફીનો અરબી ભાષામાં અનુવાદ કરીને મુસલમાનોને પણ એની તાલીમ આપવામાં આવે. પછી મામૂન રશીદના ઝમાનામાં આ ચલણ ઓર વધી ગયું. સરકારી સ્તરે એણે રોમના બાદશાહને પત્ર લખીને કિતાબો મંગાવી. રોમના બાદશાહે એના સલાહકારો સાથે મશ્વેરો કર્યો તો એમણે સલાહ આપી કે, આ વિદ્યા મુસલમાનો શીખશે તો એમની ધાર્મિક શ્રદ્ધા અને ઈમાન કમઝોર જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરશે. એટલે મોકલવામાં કોઈ વાંધો નથી. મામૂને ઈસ્હાક કિન્દીને અનુવાદ ઉપર નક્કી કર્યો અને બયતુલ હિકમતના કેટલાયે વિદ્વાનોને રોમ, આર્મેનિયા, મિસર, શામ વગેરે સ્થળોએ આવા પુસ્તકો શોધવા મોકલ્યા. મામૂન રશીદનો શોખ હદથી વધારે હતો. અઠવાડિયામાં એકવાર દરબારમાં ચર્ચા અને વાદ – વિવાદ (મુનાઝરહ)ની મજલિસનું આયોજન પણ કરતો હતો.

આખરે આ ફિલોસોફીએ એની અસર દેખાડી, પરિણામે મામૂન પોતે અકાઈદમાં 'મુઅતઝિલી' બની ગયો અને લોકોમાં પણ અકાઈદ બાબતે મુઅતઝિલહ ફિરકાનો પ્રભાવ વધવા લાગ્યો. આ અકીદાના પ્રભાવે મામૂનનો અકીદો બની ગયો કે કુરઆન, અલ્લાહ તઆલાનું કલામ હોવા છતાં, અંતે તો એ દુનિયાની વસ્તુઓની જેમ નષ્ટ થનાર વસ્તુ જ છે. ઈમામ અહમદ બિન હમ્બલ રહ.ને આ અકીદાનો વિરોધ કરવાના કારણે જ સજા આપવામાં આવી હતી. દરેક બાબતને, વિશેષ કરીને તવહીદ, રિસાલત, આખિરત, કયામત, મુઅજિઝહ, જન્નત, દોઝખ વગેરે અકાઈદને પણ તર્ક અને બુદ્ધિની એરણે તોળવાની યુનાની ફિલોસોફીની તાલીમના કારણે મુસલમાનોના અકીદાઓની બુનિયાદ કમઝોર પડવા લાગી. યૂનાની ફિલોસોફી (તર્કવાદ – બુદ્ધિવાદ)ના પ્રભાવે મુસલમાનોના બુનિયાદી અકીદાઓમાં કમઝોરી અને ઈમાન અને તવહીદમાં શંકાઓ પેદા થવા લાગી.

આ ઝમાનામાં ઈસ્લામી અકાઈદ અને ઈસ્લામી તાલીમની હિફાઝત કરવા માટે મુસ્લિમ વિદ્વાનોની એક મોટી જમાઅતે પણ યૂનાની ફિલોસોફીની તાલીમ લીધી. પછી તર્કવાદ અને બુદ્ધિવાદના સિદ્ધાંતો મુજબ જ ઈસ્લામી આદર્શોને પૂરવાર કરવા અને યૂનાની ફિલોસોફીને ખોટી પૂરવાર કરવાના સફળ પ્રયાસો કર્યા.

❑ બીજી તરફ આ જ ઝમાનામાં હઝરત બાયઝીદ બુસ્તામી રહ., હઝરત ઝુન્નૂન મિસરી રહ., હઝરત જુનૈદ બગદાદી રહ. વગેરે સુફિયાએ કિરામે 'ઈશ્કે ઈલાહી' વડે તર્ક અને બુદ્ધિવાદનો મુકાબલો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કર્યો. એમણે લોકોને સમજાવ્યું કે તર્ક અને બુદ્ધિ વડે મંઝિલ નથી મળી શકતી. આજે જે બાબતને આપણી અક્કલ દુરુસ્ત કહે છે, થોડા સમય પછી આપણે એને ખોટી કહીએ છીએ. માટે ખુદા તઆલા અને દીને ઈસ્લામના સિદ્ધાંતોને તર્કની એરણે પારખવાના બદલે 'ઈશ્કે ઈલાહી'માં ડૂબીને એની મજા માણવાની જરૂરત છે. સૂર્યના કિરણોને જકડવાના બદલે દિલના અંધારાને ઓળખીને જીવનના અંધારાને અજવાળવાની જરૂરત છે.

❑ બનૂઉમય્યહનો ઝમાનો સત્તા અને સલતનતના રોફ – દબદબાનો ઝમાનો હતો, ત્યારના બુઝુર્ગોએ ખુદાનો ખોફ અને તોબા ઉપર ભાર આપીને લોકોના દિલો ઉપરથી એ દબદબાની અસર ખતમ કરવાની કોશિશ કરી હતી. આ બુઝુર્ગો હમેંશા મુહબ્બ્તે ઈલાહીમાં મસ્ત રહેતા હતા.

❑ તર્કવાદ અને ફિલોસોફીની અસરે લોકોમાં ઈસ્લામી અકાઈદ અને અહકામ બાબતે ભારે અસમંજસ અને શંકા કુશંકાઓ જન્મ લઈ રહી હતી. એના ઈલાજ સ્વરૂપે જ મુહબ્બતે ઈલાહી જગાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. હઝરત બાયઝીદ બુસ્તામી રહ.ની તાલીમની બુનિયાદ હુબ્બે ઈલાહી જ હતી. હઝરત મઅરૂફ કરખી રહ. ઈસ્તેગ્રાક ઉપર વધુ ધ્યાન આપતા હતા. આમ આ રીતે આ બુઝુર્ગોએ એમના સમયની વિશેષ જરૂરત ઉપર ધ્યાન આપીને એહસાન અને તઝકિયહના ઈસ્લામી હિસ્સાને જીવંત રાખ્યો.

❑ ઈમામ અહમદ બિન હમ્બલ રહ. પણ આ જ સમયના બુઝુર્ગ છે. સામાન્ય પણે એમની ગણના સૂફીઓમાં નથી કરવામાં આવતી. અલબત્ત આપ રહ. હદીસના વિદ્વાન હતા, એટલે 'ઝુહદ'ની હદીસો એમની સામે હતી. સૂફીઓની તાલીમ અને પ્રણાલીથી તેઓ પ્રભાવિત હતા. કદી કદી સૂફિયાએ કિરામની મજલિસોમાં શરીક પણ થતા હતા અને સૂફીઓની હિકમત ભરી વાતો અને બાતિની અખ્લાક બાબતે એમની વાતોથી પ્રભાવિત પણ હતા. (મકાલાતે ઈહસાની :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૭૪–૧૮૩)

બીજા શબ્દોમાં કહીએ તો સૂફી વિચારધારા એક કદમ આગળ વધી હતી. પહેલા દોરના બુઝુર્ગો અને મશાઈખ ખુદાનો ખોફ જગાવીને લોકોને ઈબાદત અને દીન ઉપર અલમ કરવાની પ્રેરણા આપતા હતા. આ બીજા દોરના મશાઈખની કેળવણી આ હતી કે દોઝખના અઝાબથી ડરીને કે જન્નતની નેઅમતોની લાલચમાં ઈબાદત ન કરો, બલકે અલ્લાહ તઆલાની ઈબાદત એની મુહબ્બત પામવા ખાતર કરવામાં આવે.

શાહ વલીયુલ્લાહ રહ. હમ્આતમાં ફરમાવે છે : આ દોરના અહલે કમાલનું તસવ્વુફ આ હતું કે તેઓ અલ્લાહ તઆલની ઈબાદત દોઝખના અઝાબથી ડરીને અથવા જન્નતની નેઅમતોની લાલચમાં ન કરતા હતા. બલકે ઈબાદતની પ્રેરણા એમના દિલમાં ખુદા પ્રત્યેની મુહબ્બતનો જઝબો હતો. (રસાઈલે શાહ વલીયુલ્લાહ,૧ : ૪૧)

***તસવ્વુફ અને સૂફિયાએ કિરામનો ત્રીજો દોર***

***(ચોથી સદી હિજરી / દસમી સદી ઇસ્વી)***

આ ત્રીજો દોર દસમી સદી ઈસ્વી ઉપર આધારિત છે. શેખ અબૂસઈદ ઇબ્ને અરબી રહ. (મૃ. ૯૫૨ ઈ.) શેખ અબૂમુહમ્મદ અલખુલદી રહ. (મૃ. ૯૫૯ ઈ.) શેખ અબૂનસ્ર સર્રાજ રહ. (મૃ. ૩૭૮ હિ./૯૮૮ ઈ.) શેખ અબૂતાલિબ મક્કી રહ. (મૃ. ૩૮૬ / ૯૬૬ ઈ.) શેખ અબૂબક્ર રહ. (મૃ. ૧૦૦૦ ઈ.) શેખ અબૂઅબ્દુરર્હમાન સુલમી રહ. (મૃ. ૪૨૧ હિ./ ૧૦૨૧ ઈ.)વગેરે મશાઈખ આ દોરના તસવ્વુફના અકાબિર છે.

આ ઝમાનામાં લગભગ ચારેવ ઈમામોની ફિકહ સંપાદિત થઈને આગળ વધી રહી હતી. નવા ઈજતેહાદની ગુંજાઈશ ન હતી. અલબત્ત લોકોમાં અને શાસકોમાં પણ ફિકહી અહકામથી બચવા માટે હીલાબાઝી અપનાવવાનું ચલણ વધી રહયું હતું. ફિકહી અહકામોમાં ઈમામોના ઈખ્તેલાફના કારણે બદલાતા હુકમો, તેમજ વિવિધ હુકમો માટે જે દલીલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને મકસદ બતાવવામાં આવતા એના આધારે લોકો શરઈ અહકામથી છુટવાના બહાનાઓ શોધવા લાગ્યા. પરિણામે શરઈ અહકામની રૂહ કમઝોર પડવા લાગી. ફિકહની પ્રગતિ જોતાં અને લોકોમાં ઈલ્મે ફિકહની તાલીમનો શોખ – ફેલાવો જોતાં આ સ્થિતિ ઉદભવવી સ્વભાવિક હતી. આ દોરના સુફિયાએ કિરામ રહ.એ દીનની રૂહ અને સાચા મકસદની જાગૃતિ અને સમજ કેળવવા માટે તેમજ દિલની ઈસ્લાહ અને અખ્લાકની સુધારણા તરફ વધારે ધ્યાન આપ્યું.

درکنز و ہدایہ نتواں دید خدارا

آئینہ دل بیں کہ کتابے بہ ازیں نیست

આ મકસદને પાર પાડવા સુફિયાએ કિરામ રહ.એ એ સમયની જરૂરતો અને લોકોના સ્વભાવને અનુરૂપ પ્રણાલી અપનાવી. એટલે કે ઈલ્મી અને અમલી બન્ને રીતે પોતાનો સંદેશ લોકો સુધી પહોંચાડયો. આ જરૂરતને અનુલક્ષીને આ જ દોરમાં તસવ્વુફની કિતાબો લખવામાં આવી. એહસાન, તઝકિયહ અને બાતિની અખ્લાક – અહવાલને લગતા વિષયો ઉપર કિતાબો લખવામાં આવી. સાથે જ આગલા મશાઈખના હાલાત પણ કલમબંદ કરવામાં આવ્યા. જેથી એનાથી માર્ગદર્શન મેળવી શકાય. ફિકહ અને ફિકહી અહકામની તાલીમ માટે આ જ રીત અપનાવવામાં આવી હતી. હવે આ જ રસ્તે લોકોમાં 'ફિકહે બાતિન' એટલે કે શરઈ અહકામની રૂહ પેદા કરવાની કોશિશો કરવામાં આવી.

❑ શેખ અબુન્નસ્ર સર્રાજ રહ.એ કિતાબુલ્લુમઅ નામી કિતાબ લખી.

❑ શેખ અબૂતાલિબ મક્કી રહ.એ કૂતુલ કુલૂબ નામી કિતાબ લખી. જેમાં ઘણે અંશે ફિકહી કિતાબો જેવો જ અંદાજ અને તરતીબ અપનાવવામાં આવી, પણ દરેક બાબતમાં દિલની હાલત અને રૂહાનિયતની ચર્ચા કરવામાં આવી છે. ઈમાન, નમાઝ, રોઝા, ઝકાત, હજ, નિકાહ, તિજારત, વગેરે વિષયોના મહત્વના ફિકહી અહકામ અંગે લખ્યા પછી દરેક વિષયે ફઝીલત, ઈખ્લાસ, નિય્યત, વગેરેને લગતી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હદીસો, કિસ્સાઓ દ્વારા ઘણી જ અસરકારક રીતે બાતેની પાસાંઓનું પણ વર્ણન કર્યું છે.

❑ શેખ અબૂઅબ્દુર્રહમાન સુલમી રહ.એ 'તબકાતુસ્સૂફિયહ' નામી કિતાબ લખી. જેમાં પાછલા અનેક બુઝુર્ગોના હાલાત તબક્કાવાર લખવામાં આવ્યા છે. શેખ અબુબક્ર રહ.એ અત્તઆરુફ લિ મઝહબિ અહલિત્તસવ્વુફ નામી કિતાબ લખી છે. જેમાં ઈસ્લામના બુનિયાદી સિદ્ધાંતો વર્ણવીને લખ્યું છે કે અહલે તસવ્વુફ પણ આ સિદ્ધાંતો ઉપર ઈમાન રાખે છે.

આ સદીના તસવ્વુફની એક વિશેષ બાબત આ પણ છે કે તસવ્વુફની તાલીમ એક વ્યવસ્થિત અને સંગઠિત ચળવળ બની ગઈ હતી. અને તસવ્વુફને લગતી પરિભાષાઓ અને વિશેષ શબ્દો પણ પ્રચલિત થઈ ગયા હતા.

આ ઝમાનામાં સૂફિયાએ કિરામની અલગ અલગ જમાઅતો પણ બનવા માંડી હતી. અલબત્ત ત્રણેવ બાબતો ૧. કિતાબોનું સંપાદન, ૨. તસવ્વુફના વિષયની વિશેષ પરિભાષાઓ અને શબ્દો અને ૩. વિવિધ જમાઅતો – સમુહો.. હજુ આરંભિક દોરમાં હતા. સિલસિલા હજુ બન્યા ન હતા. કિતાબોમાં બધા જ વિષયો શામેલ ન હતા. અને તસવ્વુફની તાલીમ માટે જે શબ્દો, પરિભાષાઓ વપરાતી હતી એ અધુરી હતી.

ઈસ્લાહ વ તરબિયતની એક સંપૂર્ણ વિદ્યા બનવા માટે તસવ્વુફના કાફલાએ ત્યાર પછી પણ ઘણી લાંબી મજલ કાપવી પડી અને છેક તેરમી સદી ઈસ્વીમાં જઈને વિવિધ સિલસિલાઓ, એમની કાર્યપ્રણાલી અને પરિભાષાઓ અલગ થયા અને આ કેળવણીની આ વિદ્યા એના શિખરે પહોંચી.

### પાંચમી સદી હિજરી (અગિયારમી સદી ઈસ્વી) માં તસવ્વુફ

શેખ અબૂ નુઐમ અસ્ફહાની રહ.,(મૃ.૧૩૦૮ ઈ.) શેખ અબૂલકાસિમ કુશયરી રહ., (મૃ.૧૦૭૨ ઈ.) શેખ અલી હુજવીરી રહ., (મૃ.૧૦૭૯ ઈ.) શેખ અબ્દુલ્લાહ અન્સારી રહ. (મૃ.૧૦૮૮ ઈ.) શેખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અબૂસઈદ અબૂલખૈર રહ. (મૃ.૧૦૪૯ ઈ.) વગેરે અગિયારમી સદીમાં તસવ્વુફના મશ્હૂર મશાઈખ છે.

શૈખ અબૂનુઐમ રહ.એ હઝારો બુઝુર્ગો અને મશાઈખના હાલાત – જીવન ચરિત્ર હિલ્યતુલ અવલિયામાં ભેગા કર્યા છે. દસ ભાગો આધારિત આ કિતાબ ઘણી જ માહિતીસભર અને લાભદાયી છે.

શેખ અબુલકાસિમ કુશયરી રહ. તસવ્વુફના મશ્હૂર ઈમામ અને તસવ્વુફની મશ્હૂર કિતાબ રિસાલહ કુશયરિયહના લેખક છે. તસવ્વુફ ઉપર કરવામાં આવતા અનેક પ્રશ્નો અને ટીકાઓના એમણે દલીલબદ્ધ જવાબો આપીને તસવ્વુફને શરીઅત અને સુન્નત મુજબ હોવાનું પુરવાર કર્યું છે.

શેખ અલી હુજવીરી રહ.ની કિતાબ કશ્ફુલ મહજૂબ, ફારસી ભાષામાં તસવ્વુફની પ્રથમ કિતાબ ગણાય છે.

શેખ અબૂસઈદ અબૂલ ખૈર રહ., શેખ બુ અલી સીનાના સમકાલીન છે. શેખ અબૂસઈદ અબૂલ ખૈર રહ. પોતે પણ મોટા સૂફી હતા. મવલાના શિબ્લી રહ. લખે છે કે મુશ્કેલ મસાઈલમાં બુ અલી સીના શેખ અબૂસઈદ રહ.થી માર્ગદર્શન મેળવતા હતા અને આ પત્રાચાર આજે પણ મોજૂદ છે.

આ સદીમાં તસવ્વુફની સ્થિતિ જોઈએ તો :

લોકોમાં તસવ્વુફ મકબૂલ બની રહયું હતું. હનફી, શાફેઈ અને હમ્બલી દરેક મસ્લકના મશાઈખ તસવ્વુફમાં આગળ પડતા હતા. જેમ કે શેખ હુજવીરી રહ. હનફી હતા. શેખ અસ્ફહાની રહ. શાફેઈ હતા અને શેખ અબૂઅબ્દુલ્લાહ હમ્બલી હતા.

તસવ્વુફ, શરીઅતનો જ એક ભાગ છે, એ સ્પષ્ટ કરવા માટે ભરપૂર લખાણ અને માહિતી ઉપલબ્ધ કરવામાં આવી હતી. પરિણામે હવે પછી ઉલમાએ કિરામની મોટી જમાઅત તસવ્વુફ પ્રતિ આકર્ષિત થઈ.

### *તસવ્વુફ છઠ્ઠી–સાતમી સદી હિજરીમાં (બારમી–તેરમી સદી ઈસ્વી)*

બારમી સદી, ઈસ્લામી તસવ્વુફના ઈતિહાસમાં વિશેષ મહત્વ ધરાવે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. સૂફી વિચારધારા આ સદીમાં સંપૂર્ણપણે સંપાદિત થઈ ગઈ. સંપૂર્ણ વિદ્યા અને કળાનું સ્થાન મેળવી લીધું હતું. અમુક રૂહાની સિલસિલા પણ શરૂ થયા જે તેરમી સદીમાં આગળ વધ્યા. આ સદીમાં તસવ્વુફના ઉત્થાન, પ્રગતિ અને પ્રચારને સમજવા માટે ઈમામ ગિઝાલી રહ. (મૃ.૧૧૧૧ ઈ./ ૫૦૫ હિ.) શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. (મૃ. ૧૨૪૦ ઈ./ ૬૩૮ હિ.) શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. (મૃ.૧૧૬૬ હિ./૫૬૧ ઈ.), શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. (મૃ. ૧૨૩૪ ઈ./ ૬૩૨ હિ.)નું યોગદાન સૌથી વધારે છે.

ઈમામ ગિઝાલી રહ. મોટા આલિમ વિદ્વાન હતા. સામાન્ય લોકોમાં અને અમીરોમાં પણ એમનો દબદબો હતો. સેંકડો અમીરો પણ એમના દર્સમાં શરીક થતા હતા. નિઝામુલ મુલ્ક દ્વારા એમને મદરસા નિઝામિયહના શેખ બનાવવામાં આવ્યા હતા. પોતાની ઈલ્મી કાબેલિયતના પ્રતાપે આપ રહ. મોટા સરકારી વઝીરોના સમકક્ષ ગણાતા હતા. પરંતુ છેવટે બધું છોડીને જંગલોમાં નીકળી પડયા. અને સૂફી સિલસિલામાં જોડાયને શેખ અબૂઅલી ફારન્દી રહ.ની સોહબતમાં રહીને બાતેની ઈસ્લાહની મંઝિલ પૂરી કરી. સૂફીઓની સોહબતનું પરિણામ એ આવ્યું કે એમણે તસવ્વુફને બાતેની ઈસ્લાહના એક ઈસ્લામી તરીકા તરીકે સ્વીકાર કરીને એના શરઈ – ઈસ્લામી હોવાનો એકરાર કર્યો, બલકે પોતે પણ પછી એ જ રંગે રંગાય ગયા. અને તસવ્વુફની એ જ અસર હેઠળ એમણે ઈહયાઉલ ઉલૂમ સંપાદન ફરમાવી.

મવલાના ગીલાની રહ. ફરમાવે છે : એક ઝમાનામાં એમનો હાલ એવો હાલ હતો કે, કોઈ બાબત ખોટી હોય તો ગમે તેવા મોટા માણસને શકય એટલા કડક શબ્દોમાં ચોખ્ખું સંભળાવી દેતા હતા. અને પછી નફસની ઈસ્લાહ અને સુધારણા માટે મુજાહદહ શરૂ કર્યા અને સુલૂક માટે અસામન્ય તકલીફો ઉઠાવી તો પરિણામ એ આવ્યું કે, એમની ઉપર સવાર ઈલ્મનો ગર્વ – ગુરૂર, દબદબાનો શયતાન અને પાછળ પડેલું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સરદારી – નેતાગીરીના શોખનું કુતરું રફુચક્કર થઈ ગયું. દિલ – અંતરનો ઉભરો શમી ગયો. અને દરેક પ્રકારની જાહેરી રીત – રસમ છોડી દીધી.

હવે સ્થિતિ આ હતી કે લોકો એમના વિરુદ્ધ વિવિધ તરીકાઓથી ફિત્નાઓ ભડકાવતા હતા, એમની વાતો ઉપર ટીકા – પ્રશ્નો કરીને ખોટી કહેતા, અને આપને બદનામ કરતા, હાકેમો સુધી આપની શિકાયતો પહોંચાડવામાં આવતી, પણ અલ્લાહનો આ બંદો સુકૂન અને ખામોશી સાથે બધી વાતોને બરદાશ્ત કરતો અને જરાયે પ્રભાવિત થતો ન હતો. બલકે જવાબ આપવાની પણ તસ્દી લીધી નહીં. (મકાલાતે એહસાની : ૧૦૨)

અલબત્ત ઈહયાઉલુ ઉલૂમમાં દિલની બીમારીઓ બાબતે અને શરીઅતની રૂહને સાચવવાની તાકીદ કરવા હેતુ અમીરો, બાદશાહો, ઉલમા અને વિદ્વાનો, દરેકની ભારે ટીકા કરીને એમને જગાડવાના પ્રયત્નો કર્યા છે.

ઈમામ ગિઝાલી રહ.એ તસવ્વુફને એક વિદ્યા, નફસની ઈસ્લાહ અને કેળવણીની સંપૂર્ણ રીત – પ્રણાલી તરીકે સંપાદન ફરમાવી. આગલા બુઝુર્ગો જેમ કે ઈમામ કુશયરી રહ. શેખ અબૂ તાલિબ મક્કી રહ. વગેરેએ અત્યાર સુધી જે કંઈ લખ્યું હતું અને જે કંઈ આ બધા બુઝુર્ગોની તાલીમ આપ રહ. સુધી પહોંચી હતી એ બધાને એમણે પ્રથમ પોતે ઘોળીને પી ગયા અને પછી તસવ્વુફનો ફલસફો (પ્રણાલી અને વિચારધારા) સંપાદન ફરમાવી.

અલ્લામા ઈબ્ને ખલ્દૂન ફરમાવે છે કે, ઈમામ ગિઝાલી રહ.એ ઈહયાઉલ ઉલૂમમાં સૂફીયાએ કિરામ ઈબાદત અને મુજાહદહ માટે જે વિશેષ શબ્દો – પરિભાષાઓ વાપરતા હતા એનો મતલબ સ્પષ્ટ કર્યો. સૂફીઓનો તરીકો સ્પષ્ટ ફરમાવ્યો, અને એમની આ ખિદમતની બરકતથી ઈલ્મે તસવ્વુફ એક આગવી વિદ્યા અને નફસની કેળવણી – સુધારણાની આગવી કળા બની ગયું. એમના પહેલાં તસવ્વુફનો તરીકો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લગભગ 'ઈબાદત'નું જ નામ હતું.

બાદશાહો અને અમીરોથી દૂર રહેવા જેવી આગલા સૂફીયાએ કિરામે જે પરંપરા અને અમુક વિશેષ આદતો અપનાવી હતી, એના વિશે ચર્ચા કરીને ઈમામ ગિઝાલી રહ.એ એની શરઈ રીતે દલીલો આપીને એ પરંપરાઓને દુરૂસ્ત પૂરવાર ફરમાવી.

શેખ અબ્દુલ કાદિર જીલાની રહ.ના મવાઈઝ દ્વારા પણ તસવ્વુફને ઘણો ફાયદો થયો. તસવ્વુફ દ્વારા ઈસ્લામના સિદ્ધાંતો અને અખ્લાકની લોકોને તાલીમ આપવા માટે એમણે પોતાના વઅઝમાં ઘણી અસરકારક રીત અપનાવી. એમની આ સેવા ઈસ્લામી ઈતિહાસની યાદગાર બાબત છે. આપ રહ.ની વઅઝ એટલી અસરકારક અને મકબૂલ રહેતી હતી કે અમુક વેળા તો એક એક મજલિસમાં સિત્તેર હઝાર લોકો શરીક થતા હતા. ગુન્યતુત્તાલિબીન, ફુતૂહુલ ગૈબ, ફુયૂઝાતે રબ્બાનિયહ આપ રહ.ની મશ્હૂર કિતાબો છે.

જેટલી અસર આપ રહ.ના વઅઝમાં હતી, પોતે પણ એટલા જ નરમ, સાદા અને સરળ વ્યકિત હતા. નાના મોટા દરેકનું સન્માન કરતા હતા. બા અખ્લાક અને વિશાળ દિલ – મન ધરાવતા હતા. કમઝોરો અને ગરીબો સાથે બેસતા હતા. કોઈ અમીરના સન્માન માટે કદી ઉભા થતા ન હતા.

અત્રે એ પણ યાદ કરી લઈએ કે શેખ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ.(જન્મ : ૧૧૪૧ ઈ. મૃ. ૧૨૩૬ ઈ.) બે વાર શેખ અબ્દુલ કાદિર જીલાની રહ.ને મળ્યા છે. પ્રથમ આપ પોતાના શેખ ખ્વાજા ઉસ્માન હારૂની (હરવની) રહ. સાથે હતા અને બીજી વાર ૫૭ દિવસ હઝરત જીલાની રહ.ની સેવામાં રહયા હતા. શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. (મૃ. ૧૨૪૦ ઈ./૬૩૮ હિ.) અને શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.(મૃ. ૧૨૩૪ ઈ./૬૩૨ હિ.)ના તો આપ સમકાલીન હતા. આગળ આવી રહયું છે કે સિલસિલાઓની મજબૂત રચના અને ખાનકાહોની સ્થાપનામાં આ બુઝુર્ગોનું મહાન યોગદાન છે, અને જયારે આ બુઝુર્ગો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થકી કાદરી, સુહરવર્દી સિલસિલાઓ જીલાન અને બગદાદ વગેરે સ્થળોએ સંગઠિત કરી રહયા હતા, એ જ દિવસોમાં ભારતમાં ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. ચિશ્તી સિલસિલાની સ્થાપના કરી રહયા હતા.

બારમી સદીના અંતમાં બે અન્ય મહાન બુઝુર્ગો પેદા થયા. આ બુઝુર્ગોએ તસવ્વુફને તે દરેક વસ્તુ આપી જેની જરૂરત હતી. શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. અને શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.

શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. મુળ સ્પેનના વતની છે. સ્પેનમાં જ તાલીમ લીધી પછી સ્પેનના દરેક શહેર ઉપરાંત પૂર્વમાં આવ્યા, મિસર, હિજાઝ, બગદાદ બધા જ વિસ્તારોમાં ગયા. એકંદરે આખું જીવન આવી સફરમાં જ પુરું થયું. ૧૨૪૦ હિ.માં આપની વફાત થઈ. લગભગ ૫૦૦ કિતાબો એમણે લખી છે. ફુસૂસુલ હિકમ અને ફુતૂહાતે મક્કીયહ મશ્હૂર કિતાબો છે. 'વહદતુલ વુજૂદ'ની માન્યતા (વિચારધારા) સૌપ્રથમ આપ રહ. દ્વારા જ તસવ્વુફમાં આવી છે. વહદતુલ વુજૂદ ચિશ્તીયા બુઝુર્ગોની પણ વિશેષતા ગણાય છે.

શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. પણ આ સદીના બુઝુર્ગ છે. અવારિફુલ મઆરિફ આપ રહ.ની મશ્હૂર કિતાબ છે.

તસવ્વુફના અનેક મસાઈલ, ખાનકાહ, શેખ અને મુરીદ વગેરે બાબતો ઉપર વિસ્તારથી એમાં ચર્ચા કરવામાં આવી છે. તસવ્વુફની સઘળી બાબતો ઉપરાંત એમાં ખાનકાહી પ્રણાલી વિશે પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. તેરમી સદીમાં જયારે સિલસિલાઓની રચના અને પ્રસાર થયો તો બીજા સિલસિલાના બુઝુર્ગોએ પણ આ કિતાબને પોતાની તાલીમમાં મુખ્ય સ્થાન આપ્યું. ચિશ્તી મશાઈખની તાલીમમાં આ કિતાબ વિશેષ સ્થાન ધરાવે છે. શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ. મુરીદોને આ કિતાબનો દર્સ આપતા હતા. ઈબ્ને ખલ્કાન લખે છે કે છેલ્લી ઉમરમાં આપ રહ. જ શયખુલ મશાઈખ હતા.

શેખ સઅદી રહ. જયારે શેખે કામિલની શોધમાં નીકળ્યા તો શેખ શિહાબુદ્દીન રહ.ના દરવાજે જઈને ઉભા રહયા. શેખ સઅદી રહ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પોતાની શાયરીમાં એમની તાલીમનો નિચોડ વર્ણવ્યો છે કે :

પોતાની ખૂબીઓ અને બીજાની બુરાઈઓ જોવાથી બચતા રહો.

مرا پیر دانائے فرخ شہاب -- دو اندرز فرمود بر روئے آب

یکے آنکہ بر خویش خود بیں مباش -- دگر آنکہ بر غیر بد بیں مباش

સૂફિયાએ કિરામ એમની ઈબાદતો અને ઝિક્ર – અઝકાર ઉપરાંત લોકસેવા અને ખિદમતે ખલ્કની પણ અનેરી સેવા કરતા હતા. જરૂરત પડયે ખાનકાહોથી બહાર નીકળીને હુકૂમત અને સરકારી હોદ્દેદારોને નસીહત કરતા હતા. સુલતાન સંજરના મોટા ભાઈ મુહમ્મદ બિન મલિક શાહને ઈમામ ગિઝાલી રહ.એ એક હિદાયતનામું લખીને મોકલ્યું હતું. જે 'નસીહતુલ મુલૂક'ના નામે આજે પણ મશ્હૂર છે.

શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. પણ સરકારી અમલદારોને કડક શબ્દોમાં ઝુલમ કરવાથી રોકતા હતા. એકવાર એક હાકેમ આપની સેવામાં આવ્યો અને અશ્રફીઓની દસ થેલી આપ રહ.ની સેવામાં રજૂ કરી. આપ રહ.એ લેવાથી ઈન્કાર કર્યો. એણે આગ્રહ કર્યો તો આપ રહ.એ બન્ને હાથમાં એક એક થેલી પકડીને નીચોડી તો એમાંથી લોહી ટપકવા માંડયું. પછી આપ રહ.એ ફરમાવ્યું : હે અબુલ મુઝફ્ફર ! તને શરમ નથી આવતી, લોકોનું લોહી ચૂસીને મારી પાસે આવે છે !

તસવ્વુફના મહાન સૂફી શાયરો પણ આ જ સદીમાં થઈ ગયા.

શેખ હકીમ સીનાઈ રહ. શેખ નિઝામી ગંજવી રહ. અને ખ્વાજા ફરીદુદ્દીન અત્તાર રહ.

મવલાના શિબ્લી રહ. લખે છે :

શાયરી અસલ મેં ઈઝહારે જઝબાત કા નામ હે. તસવ્વુફ સે પેહલે જઝબાત કા વુજૂદ હી ન થા. કસીદહ : ખુશામદ કા નામ થા. મષ્નવી : વાકેઆ નિગારી થી. ગઝલ : ઝબાની બાતેં થીં. તસવ્વુફ કા અસલી ખમીર ઈશ્કે હકીકી હે. જો સર તા પા જઝબહ ઓર જોશ હે. ઈશ્કે હકીકી કી બદોલત ઈશ્કે મજાઝી કી કદ્ર હુઈ, ઓર ઉસ આગ ને તમામ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સીના વ દિલ ગરમા દીયે. અરબાબે દિલ એક તરફ, અરબાબે હવસ કી બાતોં મેં ભી તાસીર આ ગઈ.

આ શાયરોની ખિદમતને સમજવા માટે મવલાના રૂમી રહ.નો એક શે'ર કાફી છે :

عطارروح بود و سنائی دوچشم او -- ما از پس سنائی و عطا آمدیم

શેખ ફરીદુદ્દીન અત્તાર રહ. એ શાયરીના દરેક પ્રકારોમાં તસવ્વુફનું વર્ણન ફરમાવ્યું. રૂબાઈ, કસીદહ, ગઝલ, વગરે કુલ મળીને એક લાખથી વધુ શે'ર એમણે કહયા છે.

***<u>તસવ્વુફ સાતમી સદી હિજરીમાં :</u>***

બારમી સદીમાં તસવ્વુફના જે મહાન બુઝુર્ગો પેદા થયા એમની મહેનતો અને બરકતો તેરમી સદી સુધી જાય છે. જેમ કે ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ.(જન્મ : ૧૧૪૧ ઈ. ૫૩૭ હિ. /મૃ. ૧૨૩૬ ઈ. ૬૨૭ કે ૬૩૩ હિ.), શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. (મૃ. ૧૨૪૦ ઈ./૬૩૮ હિ.) અને શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.(મૃ. ૧૨૩૪ ઈ./૬૩૨ હિ.)

બારમી સદીમાં તસવ્વુફના રૂહાની સિલસિલાઓની બુનિયાદ પડી હતી એ તેરમી સદીમાં સામે આવ્યા. આ સિલસિલાઓ બનવાથી તસવ્વુફની મહેનત અને ચળવળને નવી રૂહ મળી. ઈસ્લામી તસવ્વુફ તેરમી સદીમાં દરેક રીતે એના શિખરે પહોંચી જાય છે. આ સિલસિલાઓ તસવ્વુફની ઊંચાઈની છેલ્લી મંઝિલ છે. હવે પછીની સદીઓમાં તસવ્વુફ ચડતી – પડતીની વિવિધ સ્થિતિઓમાંથી પસાર થાય છે, પણ એની રીત – પદ્ધતિ અને વિચારધારમાં કોઈ બુનિયાદી ફેરફાર આવતો નથી. મવલાના શિબ્લી રહ. ફરમાવે છે : હવે પછી તસવ્વુફના વિષયે જે કંઈ લખવામાં આવ્યું એનો સ્ત્રોત ઈમામ ગિઝાલી રહ. અને શેખ અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ.ના વિચારો જ છે.

હવે પછીનો સમય તસવ્વુફના વિવિધ સિલસિલાઓની સેવાઓ અને મહેનતોનો જ છે. એટલે વિવિધ સિલસિલાઓની રચના, સ્થાપના,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિલસિલાના બુઝુર્ગો અને એમની કાર્યપદ્ધતિ વિશે ટુંકી માહિતી રજૂ કરીશું. અલબત્ત એ પહેલાં સિલસિલાઓની દલીલ અને સનદ સ્વરૂપે શાહ વલીયુલ્લાહ રહ.નું એક લખાણ રજૂ કરીએ છીએ.

***સિલસિલાઓની દલીલ અને સનદ***

અલ્લાહ તઆલાની જે નેઅમતો ઉમ્મતે મુહમ્મદીયહ ઉપર છે, એમાં એક નેઅમત આ પણ છે કે બધા સિલસિલાઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સુધી પહોંચે અને જોડાય છે. હા, ઉમ્મતના શરૂના બુઝુર્ગો અને પાછળના બુઝુર્ગો વચ્ચે સિલસિલાની અમુક બાબતોમાં તફાવત છે. એટલે કે પાછલા ઝમાનાના નેક સૂફીઓની સોહબત, એમની તાલીમ, નફસની કેળવણીના આદાબ વગેરે શીખવા માટે અપનાવવામાં આવતી હતી. એ ઝમાનામાં 'ખિરકહ' (ખિલાફત) અને બયઅતનો રિવાજ ન હતો. સય્યિદુત્તાઈફહ જુનૈદ બગદાદી રહ.ના ઝમાનામાં ખિરકહનો રિવાજ શરૂ થયો અને એના પછી બયઅતનો કાયદો બન્યો.

આ બધી બાબતોમાં સિલસિલા છેક સુધી જોડાયેલા જ છે. એની ઝાહેરી સૂરત બદલાય જવાથી કોઈ ફરક નથી પડતો. 'ખિરકહ' અને બયઅતની બુનિયાદ અને દલીલ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નત છે. ખિરકહની દલીલ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો તે લિબાસ છે જે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રહ.ને અમામહ બનાવીને અમીરે લશ્કર બનાવતી વેળા પહેરાવ્યો હતો. અને બયઅતની દલીલ તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતમાં એટલી બધી છે કે કોઈ છુપી વાત નથી.

પહેલાના ઝમાનામાં ઉલમાએ કિરામ હદીસો સાંભળવા અને યાદ કરવા માટે એકબીજાથી જોડાતા હતા. પછી કિતાબો લખવામાં આવી તો કિરાઅત, મુનાવલહ, ઈજાઝત, વિજાદહ વગેરે રીતો પ્રચલિત થઈ. આમ છતાં આ (હદીસના) સિલસિલા જોડાયેલા ગણાય છે. ઝાહેરી રીતના ફેરફારથી સિલસિલા (સનદ)ને કોઈ નુકસાન નથી. અને આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બધી રીતો (કિરાઅત, મુનાવલહ વગેરે..)ની પણ સુન્નતે રસૂલમાં દલીલ અને અસલ છે. આવી જ રીતે જૂના ઝમાનાથી સૂફિયાએ કિરામની આદત છે કે પોતાના મુરીદોને ખિરકહ પહેરાવે છે, ચાહે તે ટોપી હોય, અમામહ હોય, કમીસ હોય, કબા હોય કે પછી ચાદર હોય.

પછી આપ રહ.એ ખિરકહના ત્રણ પ્રકારો વર્ણવ્યા છે. 'ખિરકએ ઈજાઝત'. કોઈને તરીકતની ઈજાઝત આપતી વેળા આપવામાં આવે છે.

'ખિરકએ ઈરાદત' સિલસિલામાં જોડાયેલ માણસ જયારે સિલસિલાના બધા આમાલ સારી રીતે કરવામાં મશ્ગૂલ રહે અને મહેનત કરે તો સૂફીઓમાં દાખલ થવાની નિશાની રૂપે આ ખિરકહ આપવામાં આવે છે.

'ખિરકએ તબર્રુક' કોઈને મહેરબાની અને ઈનામ સ્વરૂપે આ ખિરકહ આપવામાં આવે છે, જેથી સૂફીઓની બરકતો એને પ્રાપ્ત થાય. (અલ ઈન્તેબાહ, ફારસી. ૩–૪)

### *સિલસિલાઓની જરૂરત અને સંજોગો*

તસવ્વુફના ઈતિહાસમાં તેરમી ઈસ્વી સદી સિલસિલાઓની શરૂઆતની છે. સિલસિલાઓની શરૂઆત કેવી સ્થિતિમાં થઈ અને એના શું બુનિયાદી ફાયદાઓ થયા ? એ સમજવા માટે જરૂરી છે કે આ સદીમાં મુસ્લિમ સત્તાઓ અને મુસ્લિમ સમાજની સ્થિતિ શું હતી ? એ જાણી લઈએ.

તસવ્વુફની શરૂઆત કેવી રીતે થઈ, એની વિગતના અનુંસધાનમાં આપણે અગાઉ વાંચી ચુકયા છે કે રાજકીય અને સામાજિક ક્ષેત્રે મુસ્લિમ સત્તાધીશો અને સરકારી અમલદારોએ ઈસ્લામી અને નબવી તરીકાઓ પ્રત્યે ભારે અનદેખી કરી હતી, અને એમના અંદર પણ એ જ બુરાઈઓ ધીરે ધીરે આવી રહી હતી, જેના કારણે અત્યાર સુધીની ગેરઈસ્લામી સત્તાઓ પણ ધીરે ધીરે ખોખલી થઈ રહી હતી અને છેલ્લે ઈસ્લામના હાથે એમનું પતન થયું હતું. કહી શકાય કે હઝરત અલી રદિ.ની શહાદત પછી જ આ પતન શરૂ થઈ ગયું હતું અને એ જ દિવસોમાં તસવ્વુફની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પણ બુનિયાદ પડી ચુકી હતી. પાછળના ખલીફાઓ અને અમીરોમાં કોઈક વ્યકિતગત રીતે સારા હતા તો કોઈકના અમુક પગલાં અને હુકમો સારા હતા, પણ જેમ સત્તા અને શાસનની પાંખો ફેલાય રહી હતી, મુસલમાનોની સંખ્યા વધી રહી હતી, ઈલ્મે જાહેરીનો ઝોર – શોર વધી રહયો હતો, એટલી જ માત્રામાં મુળ ઈસ્લામી આદર્શો અને ઈસ્લામી સંસ્કારો લોકોમાંથી વ્યકિગત રીતે પણ અને સામાજિક સ્તરે પણ ધીરે ધીરે નષ્ટ થઈ રહયા  હતા. આખરે  તેરમી સદીમાં આ પતન એના અંતિમ સ્તરે પહોંચી ગયું, બગદાદની સત્તા કમઝોર પડી ગઈ, અંદરોઅંદરના ઝઘડા વધી ગયા. ચારે તરફ લૂટમાર અને હત્યાનો માહોલ હતો. બગદાદના ભરચક બજારોમાં વેપારના બદલે કબૂતરો લડાવવાના તમાશા થતા હતા. સમાજની સફળતા અને પ્રગતિનો આધાર ગણાતા માનવીય સંસ્કારો ખતમ થઈ ગયા હતા. ઈતિહાસમાં લખવામાં આવે છે કે હલાકૂખાનના આક્રમણના કારણે મુસલમાનોનું પતન થયું, પણ વાસ્તવિકતા આ છે કે મુસલમાનોની પડતીના કારણે જ હલાકૂખાન અને મંગોલો મુસલમાનો ઉપર ચડી આવ્યા.

ખેર, મંગોલોએ બગદાદમાં એવી તબાહી મચાવી કે દજલહ નદી લાશોથી ભરાઈ ગઈ અને માઈલો સુધી પાણી લાલ બનીને વહેતું હતું. ખાનકાહો અને મદરસાઓ વેરાન કરી દેવામાં આવ્યા. ઈસ્લામી કિતાબોના કુતુબખાનાઓ સળગાવી દેવામાં આવ્યા. ઈસ્લામી સત્તા અને સંસ્કૃતિની એક એક નિશાની તેઓ મિટાવી દેવા માંગતા હતા.

શેખ સઅદી રહ.ની મશ્હૂર પંકિત : آسماں راحق بود گر خون بارد بر زمین આ તબાહીના અનુસંધાને જ કહેવામાં આવી હતી.

આ સ્થિતિમાં તસવ્વુફ સાથે જોડાયેલા મશાઈખ સરકાર અને દુનિયાથી દૂર હોવાના કારણે મહદ અંશે બચી ગયા. બારમી સદીમાં શેખ અબ્દુલકાદિર જીલાની રહ. ઈમામ ગિઝાલી રહ. વગેરે જેવા મશાઈખની મહેનતના કારણે સામાન્ય લોકોમાં મશાઈખે તસવ્વુફની પહોંચ વધી ગઈ હતી. એટલે આ અફરાતફરીના દિવસોમાં લોકોનું ધ્યાન હવે ઈસ્લામી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તાલીમ તરફ પાછું ફર્યું. મુસીબતના કારણે ખુદાનું ધ્યાન, રજૂઅ, તવક્કુલ અને બીજા કેટલાયે બુનિયાદી અખ્લાકો તો લોકોના દિલમાં આપમેળે આવી ગયા. મશાઈખ તો સદીઓથી મુસલમાનોની સ્થિતિને જોતા આવતા હતા અને એને સુધારવાના મિશનમાં મશ્ગૂલ હતા. એમની સામે આજની કરૂણ સ્થિતિ પણ હતી અને પાછલી જાહોજલાલીની દાસ્તાન પણ હતી. આ સ્થિતિમાં એમણે પોતાના સિલસિલાઓ બનાવવા શરૂ કરી દીધા. વિલાયતોની વહેંચણી, કુતુબ અને અબ્દાલ વગેરેની નિયુકતી, અલગ અલગ ખલીફાઓને અલગ પ્રદેશમાં નક્કી કર્યા, અને એના થકી લોકોને વૈચારિક અને અમલી રીતે કોઈ એક વિચારધારા સાથે જોડી રાખવાના પ્રયત્નો કર્યા. પડતીના આ દોરમાં ચડતીનું આ પ્રથમ પગથિયું હતું.

પ્રો. ખલીક અહમદ સા. લખે છે : કોમોના ઈતિહાસમાં સૌથી ઘાતક બાબત આ હોય છે કે રાજકીય અફરાતફરીમાં એ વૈચારિક અને માનસિક રીતે પણ અફરાફતરીનો શિકાર થઈ જાય અને પોતાના અકીદા – ધર્મ બાબતે અસમંજસમાં સપડાય જાય.

મશાઈખે તસવ્વુફે આ દોરમાં લોકોને માનસિક અને વૈચારિક રીતે પડી ભાંગવાથી અને માયૂસ થવાથી બચાવવા માટે ઘણી જ સમજદારીપૂર્વક કામ કર્યું. દરેક ખુણે ખાનકાહો શરૂ થઈ અને લોકોની સુધારણા, એમને ઈસ્લામની સાચી તાલીમ અને અખ્લાકની કેળવણી આપવાના પ્રયત્નો કરવામાં આવ્યા. જે કોમ શત્રુઓના અત્યાચારોથી કમઝોર થઈ હાર માની ચુકી હતી, તસવ્વુફ વડે એ ફરી જીવંત થવા લાગી.

જીવનની આ નવી લેહર ત્રણ બુનિયાદી અખ્લાકની કેળવણીના પ્રતાપે ઉભરી રહી હતી. અલ્લાહ તઆલા ઉપર ભરોસો. વ્યકિગત સ્વાર્થ અને જીવનને સામાજિક અને સામુહિક લક્ષ્યો સામે કુરબાન કરી દેવાં અને ઈસ્લામે શીખવાડેલા સાચા અખ્લાક અને સંસ્કારને ફરી જીવંત કરવા એટલે કે સાચી રીતે અપનાવવા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હવે ધીરે ધીરે સંજોગો બદલાય છે. અલ્લાહ તઆલા એ જ દુશ્મનને હમદર્દ બનાવી દે છે. અને મશાઈખ દ્વારા આપવામાં આવેલ તાલીમ જ એનો સબબ બને છે. ક્રુર શાસકો મુસલમાનોના અખ્લાક જોઈને મુસલમાન બની ગયા. જે મંગોલોના હાથે મુસ્લિમ સત્તાનું પતન થયું હતું, એ જ લોકો હવે મુસ્લિમ સત્તાની નવેસરથી સ્થાપના કરે છે. ખ્વાજા ફરીદુદ્દીન અત્તાર રહ.ને જે મુગલ અફસરે કતલ કર્યા હતા, એ જ પાછળથી આપ રહ.ના મઝારનો મુજાવર બન્યો. બગદાદની જામેઅ મસ્જિદને હલાકૂખાનના હુકમથી તબાહ કરવામાં આવી હતી, તો ફરી એના જ આદેશથી મરમ્મત કરવામાં આવી.

ہے عیاں یورشِ تاتار کے افسانے سے
پاسباں مل گئے کعبہ کو صنم خانے سے

શેખ સઅદી રહ., મવલાના રૂમ રહ. વગેરે આ દોરના મશ્હૂર સૂફી શાયરો ગણાય છે. એમના શે'રો આજે પણ આ દોરની તસ્વીર રજૂ કરવાની સાથે આપણને એ પણ શીખવે છે કે આવા સમયે મુસલમાનોને કેવા અખ્લાક અપનાવવાની જરૂરત છે.

તસવ્વુફના આરંભથી જ તસવ્વુફ વિશે પ્રશ્ન પૂછવામાં આવતો હતો કે તસવ્વુફ શું છે ? અને એની જરૂરત શી છે ?

દરેક સદીમાં દીન અને ઈસ્લામ સાથે જોડાયેલા રહીને કુરઆન – હદીસ આધારિત ઈસ્લામની સાચી તાલીમ સાથે લઈને ચાલતા તસવ્વુફે આખરે તેરમી સદી ઈસ્વીમાં એનો જવાબ આપી દીધો કે તસવ્વુફ જ તે સાચી જીવનપ્રણાલી શીખવે છે, જે ઈસ્લામી આદેશો અને આદર્શો આધારિત છે અને જેમાં સમગ્ર માનવ જાત માટે સચ્ચાઈ અને સમાનતાનો સંદેશ છે. જે કદી હારતી પણ નથી અને મરતી પણ નથી.

### *સિલસિલાઓની શરૂઆત.*

શાહ વલીયુલ્લાહ રહ. હમ્આતમાં સૂફી સિલસિલા અને જમાઅત (خانوادہ)ની શરૂઆતને સમજાવતાં લખે છે કે શરીઅતે મુહમ્મદીની બે હેસિયતો છે, ઝાહિર અને બાતિન. અલ્લાહ તઆલા તરફથી શરીઅતના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઝાહેરી વિભાગોની હિફાજતની પણ વ્યવસ્થા છે અને બાતેની બાબતોની પણ. ઝાહેરી બાબતોની હિફાજત માટે દરેક કાળે અલ્લાહ તઆલા ફુકહા, મુહદ્દિષીન, મુજાહિદીન, કારીઓની જમાઅત પેદા કરે છે. દીનમાં ફેરફારના કોઈ પણ પ્રયત્નોનો તેઓ વિરોધ કરીને દીનને મહફૂઝ રાખે છે.

આવી જ રીતે શરીઅતના બાતિન એટલે કે એહસાનની હિફાજત માટે પણ એક અલ્લાહના વલીઓની એક જમાઅત હોય  છે.

જયારે કોઈ વલી દ્વારા અલ્લાહ તઆલા શરીઅતના બાતિનની હિફાજત કરાવવા ચાહે છે, તો એને લોકોમાં ઉચ્ચ સ્થાન આપે છે, લોકોના દિલો એના તરફ વાળે છે, લોકોમાં એની ખૂબીઓ અને નેકીઓની ચર્ચા ફેલાવે છે, જે તે કોમ અને પ્રદેશના લોકોના સ્વભાવ મુજબ શરીઅતે મુહમ્મદી અનુસાર મુજાહદહ – ઝિક્ર વગેરે અશ્ગાલ એ વલીને અલ્લાહ તઆલા ઈલ્હામ ફરમાવે છે, એ વલીની સોહબત અને કલામમાં અસર અને જોશ પેદા કરે છે, કશ્ફ, કરામત, તસર્રુફ, દુઆઓ કુબૂલ થવી, વગેરે બાબતો એને આપવામાં આવે છે. પોતાની સુધારણાના ઈચ્છુક મુરીદો મોટી સંખ્યામાં એમની પાસે ભેગા થાય છે અને તે વલીના આદેશાનુસાર અશ્ગાલ અને અઝકાર વગેરેમાં એમનું અનુસરણ કરે છે, તો આમ કોઈ સિલસિલાની બુનિયાદ પડે છે. અને એ સિલસિલા મુજબ અનુસરણ કરીને સુલૂક પૂરો કરે છે, અને મંઝિલે પહોંચે છે. આ સિલસિલાની મદદ કરનાર અને ખેરખ્વાહી કરનાર પણ કામ્યાબ થાય છે અને બુરું ચાહનાર, નુકસાન કરનાર બરબાદ થાય છે. અલ્લાહ તઆલા એ જમાઅતનો દબદબો લોકોના દિલોમાં નાંખે છે. અને બીજા અસબાબ પણ પેદા કરે છે, જેનાથી લોકો એ ખુદાના વલી સાથે જોડાય. પછી એક ઝમાના પછી અલ્લાહ તઆલા બીજા કોઈ વલીને નવાઝે છે અને બધી બરકતોનું કેન્દ્ર તે વલી બને છે. અને એક નવા સિલસિલા (خانوادہ)ની બુનિયાદ પડે છે.

પછી કાં તો પહેલો સિલસિલો પ્રાણ વગરના શરીર જેવો રહી જાય

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. અથવા અલ્લાહ તઆલા એક જ સમયે એકથી વધારે કુતુબ પેદા કરે છે, દરેક પ્રદેશમાં અલગ અલગ.

આવા સિલસિલા અનેક હતા, અનેક છે, અને હજુ અનેક સિલસિલા આવશે. એ બધાનું વર્ણન કરવાનો આશય નથી. અમુક સિલસિલા દ્વારા પાછલા સિલસિલા ફરી જીવંત થયા છે, અમુક સિલસિલા એવા છે કે એમાં બીજા અનેક સિલસિલા ભેગા ભળીને એક સિલસિલો બન્યો છે. અને અમુક સિલસિલાની બિલ્કુલ નવી બુનિયાદ પડી છે, પણ બયઅત અને ખિલાફતમાં તો તેઓ પણ આખર કોઈને કોઈ સિલસિલાથી જોડાયેલા જ હશે.

અમુક લોકો કહે છે, મુળ સિલસિલા ૧૪ (ચૌદ) છે, જેમાં ઝૈદીયહ, અયાઝીયહ, અદહમીયહ, હુબૈરિયહ, ચિશ્તીયહ, જુનૈદીયહ, અને ગાઝરૂનિયહ મશ્હૂર છે. (હમ્આત, હમ્અહ નંબર :૧)

*(દસ્તુરુલ ઉલમાના હવાલાથી આ ચૌદ સિલસિલાઓની વિગત આગળ આવી રહી છે.)*

અમુક લોકો કહે છે કે, કુલ સિલસિલાઓ ૧૨ (બાર) છે. દસ મકબૂલ છે અને બે મરદૂદ. દસ મકબૂલ સિલસિલા જુનૈદિયહ, હકીમીયહ, મુહાસબિયહ, ખફીફીયહ, નૂરીયહ અને તૈફૂરિયહ છે.

*નોટ : આ બારેવ સિલસિલાઓ – ફિરકાઓ વિશે દરેક સિલસિલાના સ્થાપક અને માન્યતાઓ, વિશેષતા વગેરે બાબતે કશ્ફૂલ મહજૂબમાં વિસ્તારથી વર્ણન છે.*

એક ઝમાના પછી ઉપરોક્ત સિલસિલાઓ ઉપરાંત બીજા સિલસિલાઓ પણ સામે આવ્યા. જેમ કે, જામીયહ, કાદરીયહ, અકબરીયહ, સુહરવર્દીયહ, કુબરવીયહ, યસવીયહ, અને ખ્વાજગાન સિલસિલો, અને ભારતમાં મુઈનીયહ તરીકે ફરી જીવંત થયેલ ચિશ્તી સિલસિલો, અને નકશબંદીયહ સ્વરૂપે ફરી જીવંત થયેલ ખ્વાજગાન સિલસિલો, અને નકશબંદીયહનું નવું સ્વરૂપ અહરારિયહ સિલસિલો, વગેરે.

ત્યાર પછી બીજા અનેક સિલસિલાઓ બન્યા. જેમ કે શેખ અબ્દુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કુદૂસ ગંગોહી રહ.નો કુદૂસિયહ સિલસિલો. શેખ મુહમ્મદ ગોષ ગ્વાલિયરી રહ.નો ગૌષિયહ સિલસિલો, ખ્વાજા મુહમ્મદ બાકી રહ.નો બાકવીયહ સિલસિલો, શેખ અહમદ સરહિંદી રહ.નો અહમદિયહ સિલસિલો. શેખ આદમ બનોરી રહ.નો આદમિયહ સિલસિલો. અમીર અબૂલઅલાનો અલાઈયહ સિલસિલો વગેરે.. આવા અનેક સિલસિલાઓ છે. અમુક સિલસિલા આજે પણ બાકી છે અને અમુક ખતમ થઈ ગયા. (હમ્આત, ફારસી, ઉદુ : હમ્અહ નં : ૧)

દસ્તુરુલ ઉલમામાં સિલસિલાઓની શરૂઆત અને એના સ્થાપકોનું સુંદર વર્ણન છે :

***<u>ચાર પીર ચૌદ ખાનવાદહ (સિલસિલા)</u>***

ચાર પીર અને ચૌદ ખાનવાદહ (સિલસિલાઓ)ની વિગત આ છે કે,

હઝરત અલી રદિ.ના ચાર ખલીફાઓ હતા. બે ખાનદાનમાં અને બે ખાનદાન બહારના. ખાનદાની ખલીફા હઝરત હસન રદિ. અને હુસૈન રદિ. હતા. ખાનદાન બહારના બે ખલીફા હઝરત હસન બસરી રહ. અને હસન ખ્વાજા કુમૈલ બિન ઝિયાદ રહ. હતા.

હસન બસરી રહ.ના બે ખલીફા હતા.

(૧) એક હબીબ અજમી રહ. અને

(૨) બીજા અબ્દુલવાહિદ બિન ઝેદ રહ.

પ્રથમ ખલીફા હઝરત હબીબ અજમી રહ.થી નવ (૯) સિલસિલાઓ નીકળ્યા છે, જેની વિગત નીચે મુજબ છે.

(૧) હબીબીયાં.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રહ.ના પુત્રોમાં બે નેક પુત્રો હતા, તેઓ હઝરત ખ્વાજા હબીબ અજમી રહ. ના શાગિર્દ અને મુરીદ હતા. અને એમનાથી સૌપ્રથમ હબીબીયાં સિલસિલો જારી થયો.

(૨) તૈફૂરિયાં.

હઝરત સુતાનુલ આરિફીન ખ્વાજા બાયઝીદ બુસ્તામી રહ.ના વતનનું નામ તૈફૂર હતું. એ આધારે આપના સિલસિલાનું નામ તૈફૂરિયાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(તૈફૂરિયહ) પડયું. આપ રહ. પણ ખ્વાજા હબીબ અજમી રહ.ના ખલીફા હતા.

(૩) કરખીયાં.

હઝરત મઅરૂફ કરખી રહ.ના સિલસિલાનું નામ છે. આપ રહ. હઝરત ખ્વાજા દાઉદ તાઈ રહ.ના ખલીફા હતા અને આ સિલસિલો પણ હઝરત હબીબ રહ. સુધી પહોંચે છે.

(૪) સકતીયાં.

હઝરત સિર્રી સકતી રહ.થી નીકળેલા સિલસિલાનું નામ છે. સિર્રી સકતી રહ. ખ્વાજા મઅરૂફ કરખી રહ.ના ખલીફા હતા.

(૫) જુનૈદિયાં

આ ખ્વાજા જુનૈદ બગદાદી રહ.નો સિલસિલો છે. આ સિલસિલાની બે શાખો છે. એક શેખ ઉસ્માન દક્કાક રહ. અને બીજી શેખ ફખ્રુદીન મન્સૂર. આ બન્ને હઝરત ઈમામ અબૂહનીફહના શાગિર્દ પણ હતા.

(૬) ગાઝરૂનીયાં.

સુલતાન અમીર ઈસ્હાક ગાઝરૂની રહ.ના સિલસિલાનું નામ છે. આપ રહ. બાદશાહત છોડીને ખ્વાજા અબ્દુલ્લાહ ખફીફ રહ.ના મુરીદ થયા હતા. ગાઝરૂન એમના શહેરનું નામ છે.

(૭) તૂસીયાં.

શેખ અલાઉદ્દીન તૂસી રહ.નો સિલસિલો છે.

(૮) સુહરવર્દીયાં.

આ સિલસિલો શેખ શિહાબુદીન સુહરવર્દી રહ.ના નામ સાથે જોડાયેલ છે અને આગળ જઈને હઝરત જુનૈદ બગદાદી રહ. સુધી પહોંચે છે.

(૯) ફિરદોસીયાં.

આ સિલસિલો પણ હઝરત જુનૈદ બગદાદી રહ. સુધી પહોંચે છે. જુનૈદિયહ સિલસિલામાં આગળ જતાં ખ્વાજા ઝિયાઉદ્દીન રહ. આવે છે, એમણે એમના ખલીફા શેખ નજમુદીન કુબરા રહ.ને સંબોધીને ફરમાવ્યું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે, અમે તમને ફિરદોસના મશાઈખમાં સ્થાન આપ્યું છે. એટલે પછી શેખ નજમુદ્દીન કુબરા રહ.થી આગળ ચાલેલા અનેક સિલસિલાઓમાં એક સિલસિલાને ફિરદોસીયાં કહેવામાં આવે છે.

હઝ. હસન બસરી રહ.ના બીજા ખલીફા હઝ. અબ્દુલ વાહિદ બિન ઝૈદ. રહ.થી પાંચ સિલસિલાઓ નીકળ્યા, જેની વિગત આ છે કે,

ખ્વાજા શેખ અબ્દુલ વાહિદ બિન ઝેદના બે ખલીફા હતા. એક શેખ અબ્દુર્રઝઝાક રહ. એમનાથી ચાલેલા સિલસિલાના બુઝુર્ગો પોતાને (૧૦) 'ઝયદીય્યહ' કહે છે. બીજા ખલીફા ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ. હતા. એમના બે ખલીફા હતા. એક શેખ અબ્દુલ્લાહ, આ લોકો પોતાને (૧૧) અયાઝીય્યહ કહે છે. અને બીજા ખલીફા શેખ ઈબ્રાહીમ અદહમ રહ. હતા. એમના બે ખલીફા હતા. એક અબ્દુલ હમીદ રહ. તેઓ પોતાના સિલસિલાને (૧૨) અદહમીય્યહ કહે છે. બીજા ખલીફા હુઝયફહ મરઅશી રહ. હતા. એમના એક ખલીફા શેખ હુબૈરહ બસરી રહ. હતા. જેમના બે ખલીફા હતા. એક શેખ બાયઝીદ, જેઓ પોતાને (૧૩) હુબૈરિયહ (હુબૈરિયાં) કહે છે. બીજા ખલીફા શેખ મુમ્શાદ દીનોરી રહ.ના એક ખલીફા શેખ અબૂ ઈસ્હાક ચિશ્તી હતા. એમનાથી (૧૪) ચિશ્તીયા સિલસિલો ચાલ્યો છે. (દસ્તૂરુલ ઉલમા, ફન્ને ષાની, પેજ : ૯૭ – ૧૦૦)

આમાંથી અમુક સિલસિલા જેમ કે ગાઝરૂનિયાં અને કરખીયાં શેખ જુનૈદ બગદાદી રહ. અને હઝરત મઅરૂફ કરખી રહ. અને એમનાથી આગળ હઝરત ઈમામ બાકિર રહ.થી હઝરત અલી રદિ. સુધી પહોંચે છે.

સિલસિલાઓની અત્યાર સુધીની વિગતથી સ્પષ્ટ થાય છે કે અગાઉથી ચાલતા આવતા સિલસિલામાં અલ્લાહ તઆલા કોઈ વિશેષ બંદાથી કોઈ પ્રદેશ કે કોમમાં વધારે કામ લેવા માંગે તો એને વધારે માન – મરતબો અને ઈલ્મ – ફઝલ અને કમાલાતથી નવાઝે છે, પરિણામે લોકો ઉપર એની અઝમત અને મહાનતાની ધાક બેસી જાય છે અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલા એના વડે એ કોમ અને સમાજની સુધારણાનું કામ લે છે. જેમ કે હઝરત શાહ વલીયુલ્લાહ રહ.નું લખાણ અગાઉ આવી ગયું. આવું બધા જ સિલસિલામાં થાય છે. આવા કોઈ વિશેષ સાહિબે કમાલ દ્વારા જયારે સિલસિલો આગળ વધે છે તો સિલસિલાનું પાછલું નામ ઘણીવાર ભૂલાય જાય છે. અને ઘણીવાર પાછલા નામ સાથે નવું નામ પણ જોડવામાં આવે છે.

ખાનદાનની વંશાવળી એનું સ્પષ્ટ ઉદાહરણ છે. એક બાપના ચાર બેટા હોય અને દરેક બેટાની અવલાદ હોય, પછી એ દરેકની અવલાદ હોય, તો એક બે પઢી પછી એક દાદાનું નાનકડું ખાનદાન મોટો કબીલો બની જાય છે. માટે તસવ્વુફની દરેક કડીએ જે બુઝુર્ગનું નામ હોય છે, એમની સાથે એમના બીજા અનેક પીરભાઈ હોય શકે છે. જેમનો સિલસિલો ઉપરથી બધાનો સરખો પણ એમના પછી દરેકનો અલગ અલગ સિલસિલો જારી થાય છે.

જેમ કે ચિશ્તી સિલસિલામાં હઝરત શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના બે મહાન ખલીફાઓ અલાઉદ્દીન અલી અહમદ સાબિર રહ. અને હઝરત શેખ નિઝામુદ્દીન અવલિયા રહ. હતા. શેખ અલાઉદ્દીન અલી અહમદ સાબિર રહ.થી આ સિલસિલો આગળ વધે છે તો એને ચિશ્તી સાબરી કહેવામાં આવે છે. અને શેખ નિઝામુદ્દીન રહ.થી આગળ વધે છે તો એને ચિશ્તી નિઝામી કહેવામાં આવે છે.

નકશબંદી મુજદ્દિદી સિલસિલાને જોઈએ તો :

હઝરત અબૂબક્ર રદિ.થી લઈને ખ્વાજા બાયઝીદ બુસ્તામી રહ. સુધી સિદ્દીકીયહ કે બકરિયહ કહેવાય છે.

પછી હઝરત બાયઝીદ બુસ્તામી રહ.ના વતની નામના આધારે ખ્વાજા અબૂબક્ર ગજદવાની રહ. સુધી તૈફૂરિયહ કહેવાય છે.

અને ખ્વાજએ ખ્વાજગાન શેખ અબ્દુલ ખાલિક ગજદવાની રહ.ની અલગ મહેનત અને બરકતના કારણે આ જ સિલસિલો 'ખ્વાજગાન' કહેવાય છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને જયારે આગળ ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી રહ. આવે છે તો એમના પછી એ નકશબંદી કહેવાય છે. આ જ સિલસિલો આગળ જતાં ખ્વાજા બાકી બિલ્લાહના કારણે બાકવી કહેવાય છે. અને પછી શેખ મુજદ્દિદ અલ્ફે ષાની રહ.ની વિશાળ ખિદમાતના કારણે નકશબંદી મુજદ્દિદી કહેવાય છે. (તોહફએ નકશબંદીયહ, ઉર્દૂ અનુવાદ, મુહમ્મદ બિન સુલેમાન : ૩૬)

***ભારતમાં સૂફી સિલસિલાઓ :***

***નકશબંદી (ખ્વાજગાન) સિલસિલો.***

હઝરત અબૂબક્ર રદિ.થી શરૂ થાય છે. સિલસિલાઓમાં આ સૌથી જૂનો સિલસિલો ગણાય છે. તસવ્વુફની મહાન હસ્તીઓ જેમ કે શેખ બાયઝીદ બુસ્તામી રહ., શેખ અબુલ હસન ખરકાની રહ. ખ્વાજા અબૂલકાસિમ કુશયરી રહ. ખ્વાજા અબ્દુલ ખાલિક ગજદવાની રહ. વગેરે આ સિલસિલાના મશાઈખ છે. આગળ આ સિલસિલામાં હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી રહ. (જન્મ : ૭૧૮ હિ. મૃત્યુ : ૭૯૧ હિ.) આવે છે. ત્યારથી નકશબંદી કહેવાય છે. ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી રહ. બુખારામાં રહેતા હતા. જે હાલ ઉઝબેકિસ્તાનમાં આવ્યું છે. પછી અકબર બાદશાહના ઝમાનામાં આ સિલસિલાના એક બુઝુર્ગ ખ્વાજા બાકી બિલ્લાહ રહ. હિંદુસ્તાન આવ્યા. એમના મુરીદોમાં એક મહાન બુઝુર્ગ શેખ અહમદ સરહિંદી મુજદ્દિદ અલ્ફેષાની રહ. (જન્મ : ૯૭૧, મૃત્યુ : ૧૦૩૪હિ.–૧૬૨૪ ઈ.) છે. જેમના થકી આ સિલસિલો ભારતમાં ફેલાયો. મજબૂત થયો. ભારતમાં એમની ખિદમતોનો એક સોનેરી ઈતિહાસ છે. અને ત્યાર પછી આ સિલસિલો ભારતમાં મુજદ્દિદીયહ કહેવાય છે.

શેખ અહમદ સરહિંદી રહ.ના પોત્ર શેખ સૈફુદ્દીન રહ.ના હાથ ઉપર બાદશાહ ઓરંગઝેબ રહ. બયઅત થયા હતા. મિરઝા મઝહર જાને જાનાં રહ. પણ ભારતમાં આ સિલસિલાના મોટા શેખ ગણાય છે.

ઐતિહાસિક રીતે સૌથી જૂનો હોવા છતાં ભારતમાં આ સિલસિલો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બીજા બધા સિલસિલાઓ પછી પહોંચ્યો છે.

*<u>કાદરિયહ સિલસિલો</u>*

શેખ મુહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની રહ. આ સિલસિલાના સ્થાપક ગણાય છે. હઝરત અલી રદિ., ખ્વાજા હસન બસરી રહ., ખ્વાજા હબીબ રહ. શેખ મઅરૂફ કરખી રહ., શેખ જુનૈદ બગદાદી રહ. જેવા બુઝુર્ગો આ સિલસિલાના મશાઈખ છે.

રૂદે કવષરમાં શેખ મુહમ્મદ ઈકરામ લખે છે : ભારતમાં આવનાર આ સિલસિલાના પ્રથમ બુઝુર્ગ શાહ નેઅમતુલ્લાહ કાદરી રહ. છે. અલબત્ત એમના થકી આ સિલસિલો ભારતમાં ફેલાયો નથી. ભારતમાં આ સિલસિલાની શરૂઆત કરનાર હઝરત મુહમ્મદ ગીલાની રહ. ગણાય છે. આપ રહ. હઝરત શેખ અબ્દુલકાદિર જીલાની રહ.ના વંશજ હતા. હલાકૂખાને બગદાદ ઉપર આક્રમણ કર્યું ત્યારે હઝ. મુહમ્મદ ગીલાની રહ. હલબ ચાલ્યા ગયા. પછી ઈરાન, ખુરાસાન અને અન્ય પ્રદેશોની સેર કરી અને વાલિદની વફાત પછી ભારત તશ્રીફ લાવ્યા. પશ્ચિમ પંજાબના ઉચ્છ મુકામને વતન બનાવ્યું. સુલતાન સિકંદર લોધી આપ રહ.નો અકીદતમંદ હતો.

એમના ચાર બેટા હતા. ચારેવ ઉચ્ચ મરતબો ધરાવતા હતા. અલબત્ત એક બેટા અબ્દુલકાદિર ષાની હતા. જે એમના જાનશીન બન્યા. ૧૫૩૩ હિ.માં આપ રહ.ની વફાત થઈ. શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. વાલિદ સાહેબના કહેવાથી પ્રથમ કાદરી સિલસિલમાં શેખ મૂસા રહ.થી બયઅત થયા હતા. પાછળથી નકશબંદી ઉપરાંત ચારેવ સિલસિલાઓમાં અન્ય મશાઈખથી આપ રહ.ને ખિલાફત મળી હતી. શેખ અલી મુત્તકી રહ. પણ કાદરી સિલસિલા રહ.ના મોટા બુઝુર્ગ છે. (વધુ માટે જુઓ : રૂદે કવષર : ૬૩–૬૫)

ગુજરાતમાં આ સિલસિલાના અનેક બુઝુર્ગો આવતા રહયા છે. બલકે શેખ અબ્દુલકાદિર જીલાની રહ.ના પુત્રોની અવલાદ અને આખા ખાનદાનો ગુજરાતમાં વસે છે. હઝરત મવલાના મુફતી અબ્દુર્રહીમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લાજપૂરી રહ. પણ આ જ ખાનદાનના વંશજ છે. અલબત્ત સુલૂકમાં આપ રહ. હઝ અકદસ થાનવી રહ. અને હઝરત શૈખુલ ઈસ્લામ મદની રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા. (હયાતે અ. રહીમ)

એન. બી.એસ બુક ડીપો. અમદાવાદથી ૨૦૧૩માં એક કિતાબ 'ગુજરાતના કાદરી અવલિયાએ કિરામ' બહાર પડી છે. એમાં તારીખે રાંદેર મંઝૂમના હવાલાથી છે કે, મુફતી સાહેબ રહ.એ પોતાના વાલિદ પીરો મુરશિદથી કાદરી સિલસિલામાં ખિલાફત મેળવી હતી. (૧૨૫)

***<u>સુહરવર્દી સિલસિલો</u>***

આ સિલસિલો મશ્હૂર બુઝુર્ગ શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.ના નામ સાથે જોડાયેલો છે. એમણે પોતાનો સિલસિલો મજબૂત કરવા માટે ઘણી મહેનત ફરમાવી હતી. પોતાની કિતાબ અવારિફુલ મઆરિફમાં તસવ્વુફ અને તઝકિયએ બાતિનના અનેક વિષયે ચર્ચા કરવા ઉપરાંત ખાનકાહી વ્યવસ્થા બાબતે પણ વિસ્તારથી લખ્યું છે. એમણે પોતાના અનેક ખલીફાઓ ભારત મોકલ્યા હતા. શેખ નૂરુદ્દીન મુબારક ગઝનવી રહ. શેખ ઝિયાઉદ્દીન રૂમી રહ., કાઝી હમીદુદ્દીન નાગોરી રહ. વગેરે આપ રહ.ના ખલીફા છે. ભારતીય ઉપખંડમાં આપ રહ.ના ખલીફા શેખ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની રહ.ને આ સિલસિલો સૌપ્રથમ ભારતમાં લાવવાનું બહુમાન પ્રાપ્ત છે. એમણે મુલ્તાન અને આસપાસના વિસ્તારોમાં સિલસિલાની ખાનકાહો શરૂ ફરમાવી હતી.

***<u>ફિરદોસિયહ સિલસિલો</u>***

ભારતમાં આ સિલસિલાની ખિદમાત બિહારમાં નોંધપાત્ર છે. હઝરત અલી રદિ. ઈમામ ઝૈનુલ આબિદીન રહ., શેખ મઅરૂફ કરખી રહ. શેખ જુનૈદ બગદાદી રહ. જેવા મશાઈખ ધરાવતો આ સિલસિલો ખ્વાજા નજમુદ્દીન કુબરા રહ.ના નામના આધારે કુબરવિયહ કહેવાય છે. અલબત્ત એમના ખલીફા શેખ સૈફુદ્દીન રહ. ના ખલીફા શેખ બદરુદ્દીન રહ.એ ભારતમાં આવીને આ સિલસિલાની તાલીમ બિહારમાં શરૂ ફરમાવી તો આ સિલસિલો ફિરદોસિયહ કહેવાયો. બિહારના મશ્હૂર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુઝુર્ગ શેખ શર્ફુદ્દીન યહયા મન્યરી રહ. આ ફિરદોસી સિલસિલાના બુઝુર્ગ છે. મકતૂબાતે સદી, અને મકતૂબાતે દો સદી, નામે એમના મકતૂબાત ઘણા જ કીંમતી અને અસરકારક છે. (તારીખે સિલસિલા ફિરદોસિયહ, તારીખે મશાઈખે ચિશ્ત)

***શત્તારિયહ સિલસિલો***

શત્તારી સિલસિલો ભારતમાં શાહ અબ્દુલ્લાહ શત્તારી રહ. મારફત આવ્યો છે. આપ રહ. શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.ના વંશજ હતા. અને તૈફૂરિયહ સિલસિલામાં આપ રહ. બયઅત હતા. શેખ મુહમ્મદ રહ.એ આપને ખિલાફત આપીને ભારત પહોંચવાનો આદેશ ફરમાવ્યો હતો. માંડૂના કિલ્લામાં આપ રહ.નો મઝાર છે. અહમદાબાદ, ગુજરાતના મશ્હૂર બુઝુર્ગ શાહ વજીહુદ્દીન અલવી રહ. આ જ સિલસિલાના બુઝુર્ગ છે. શેખ મુહમ્મદ ગ્વાલિયરી રહ. પણ આ સિલસિલાના બુઝુર્ગ છે. (અખ્બારુલ અખ્યાર, તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ : ૫૧)

***ચિશ્તીયહ સિલસિલો***

વર્તમાનમાં તસવ્વુફના પ્રચલિત સિલસિલાઓમાં ચિશ્તીયા સિલસિલાનું સ્થાન ઘણું જ ઊંચું છે. વિષેશ કરીને ભારતીય ઉપખંડમાં ઈસ્લામ પ્રચારની બહોળી સેવાઓ આ સિલસિલા થકી અંજામ આપવામાં આવી છે. અને જે બુઝુર્ગ હસ્તીઓના કારણે તસવ્વુફના એક મહાન સિલસિલાનું નામ ચિશ્તીયા પડયું છે, એમાં ખ્વાજા અબૂ ઈસ્હાક ચિશ્તી રહ.નું સ્થાન સૌથી પહેલાં છે.

મઆસિરુલ કિરામમાં મવલાના ગુલામ અલી આઝાદ બલગરામી રહ. લખે છે કે,

ولاشک بزرگانِ چشت عنبر سرشت راحقے است قدیم بررقبہ ولایتِ ہند (مآثر الکرام:۷)

અર્થાત : મુબારક ચિશ્તી સિલસિલાનું ભારત દેશ ઉપર મોટું એહસાન છે. ત્યાર પછી એમણે શેખ સુલતાન મહમૂદ ગઝનવી સાથે શેખ મુહમ્મદ ચિશ્તીની ભારત પધરામણી, પછી ખ્વાજા મુઈનુદ્દીન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અજમેરી રહ.ના ભારત આગમનનો ઉલ્લેખ કર્યો છે. આ બધી વિગત આગળ શેખ મુહમ્મદ ચિશ્તી રહ. અને હઝરત ખ્વાજા અજમેરી રહ.ના અહેવાલમાં આવી રહી છે.

ખ્વાજા અબૂ ઈસ્હાક રહ. શામ (સિરિયા)ના રહેવાસી હતા અને પીરો મુરિશીદે આપને ચિશ્તમાં જવાનો હુકમ આપ્યો હતો. આપના પછી બીજા ચાર ખલીફાઓ, ખ્વાજા અબૂઅહમદ ચિશ્તી રહ., ખ્વાજા અબૂ મુહમ્મદ ચિશ્તી રહ., ખ્વાજા અબૂયૂસુફ ચિશ્તી રહ. અને ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ., એટલે કે કુલ પાંચ, મશાઈખ આ સિલસિલામાં ચિશ્તના જ રહેવાસી છે, એટલે સિલસિલાનું નામ ચિશ્તીયા પડયું.

ભારતમાં ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. આ સિલસિલાના સ્થાપક અને મુબલ્લિગ – પ્રચારક છે. આ વિશેની વધુ વિગત એમના હાલતમાં આગળ આવી રહી છે.

બુનિયાદી રીતે ઉપરના ચાર મશ્હૂર સિલસિલાઓની ભારતીય ઉપખંડમાં કદરપાત્ર ખિદમતો અને બરકતો છે. આ સિલસિલાઓમાંથી અનેક પેટા સિલસિલા બનીને દેશના વિવિધ પ્રદેશોમાં ફેલાયા છે અને દરેકનું અલગ નામ પણ મશ્હૂર છે.

***ગુજરાતમાં સૂફી સિલસિલાઓ :***

ભારતીય ઉપખંડમાં નુબુવ્વતના કિરણોથી સૌપ્રથમ રોશની મેળવનાર ગુજરાત સૂફી બુઝુર્ગોની બરકતથી પણ જરાયે મહરૂમ નથી રહયું. અલ્લાહની મહેરબાનીથી લગભગ દરેક સિલસિલાના મહાન અને આગળ પડતા મશાઈખ ગુજરાત પધાર્યા અને એમની બરકતોથી ગુજરાતને બરકતવંતુ ફરમાવ્યું. ગુજરાતમાં પધારેલ સિલસિલાઓના મશાઈખની વિગત પણ ઘણી જ લાંબી છે, એટલે 'યાદે અય્યામ'માં આ વિશે જે વિગત આપવામાં આવેલ છે, તે જ અત્રે વર્ણન કરી દઈએ છીએ.

***ગુજરાતના મશાઈખની પવિત્ર આત્માઓ (યાદે અય્યામમાંથી)***

આ સર્વામાન્ય હકીકત છે કે હિન્દુસ્તાનમાં ઈસ્લામનો પ્રચાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ફેલાવો માત્ર તે મુસ્લિમ સંતો – મહાત્માઓના પવિત્ર આગમનને લીધે થયેલો છે જેઓ વખતો વખત પધારતા રહયા, અને પોતાના પવિત્ર વચનામૃતોથી લોકોના દિલોમાંથી કુફ્ર અને જહાલતનો કાટ અને મેલ સાફ કરતા રહયા.

હિન્દુસ્તાનના કોઈ પણ ખૂણામાં આપ જશો, આ બુઝુર્ગો અને મહાત્માઓના ચરણોની છાપ તમને જોવા મળશે. એમના મહાકાર્યોને આપણે ભૂલી ગયા છીએ અને આપણે આપણા કુકૃત્યોના કારણે એમના સાચા ઈતિહાસને વિવિધ પ્રકારના રંગો મેળવીને, એની સૂરત બદલી નાખી છે, પરંતુ હજુ પણ એ હકીકતથી કોઈ ઈન્કાર કરી શકે એમ નથી કે માત્ર એમના જ તવક્કુલ (ઈશ્વર પર શ્રદ્ધા), સંતોષ, ભોગ અને ત્યાગ, પરહેઝગારી અને સદાચાર તેમજ ખુલૂસ અને શુદ્ધ ભાવનાનું પરિણામ છે કે આજે હિન્દુસ્તાનની વસ્તીનો પાંચમો ભાગ (જે કયારેક શિર્ક અને જહાલતમાં ડૂબેલો હતો) તે "વહદહૂ લા શરીક લહૂ" (તે એક જ અને તેનો કોઈ ભાગિયો નથી એવા એક માત્ર અલ્લાહ) સમક્ષ પોતાના નમ્ર મસ્તકો ઝુકાવે છે.

ગુજરાત પણ એ પવિત્ર આત્માઓના ધ્યાન અને કૃપાદ્રષ્ટિથી વંચિત નથી રહયું. દરેક જમાનામાં તરીકતના પીરો (આધ્યાત્મિક પરંપરાઓના સદગુરુઓ) પધારતા રહયા અને હિદાયતના નૂરથી, ઉપદેશની જયોતિથી પ્રજાજનોના દિલોને ઉજજવળ બનાવતા રહયા.

***મશાઈખે ચિશ્તિય્યહ***

એ જ બુઝુર્ગો પૈકી શૈખ હુસામુદ્દીન ઉસ્માન બિન દાઉદ મુલતાની, અવસાન હિ.સ. ૭૩૬ (ઈ.સ. ૧૩૩૭)ની મહાન હસ્તી પણ છે, જેઓ સુલતાનુલ મશાઈખ નિઝામુદ્દીન મુહમ્મદ અલ બદાયૂનીના મહાન ખલીફાઓ પૈકી હતા. મુહમ્મદ શાહ તુગલકના સમયમાં દિલ્હીથી ગુજરાત પધાર્યા અને નહરવાલા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(અણહિલવાડ, હાલનું પાટણ)માં નિવાસ કર્યો. જયાં હવે એમનો મઝાર છે.

અલ્લામા કમાલુદ્દીન દહેલ્વી, અવસાન હિ.સ.૭૫૬ (ઈ.સ. ૧૩૫૫), શેખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વીના ખલીફા અને ભાણેજ હતા. તેઓ પણ ગુજરાત પધાર્યા અને એમની ઔલાદમાં પેઢી દર પેઢી એવા હઝરાતો અને મહાનુભાવો પેદા થતા રહયા, જેમણે બારમી સદી (હિજરી) સુધી આ સિલસિલા (પરંપરા)ને જાળવી રાખ્યો અને હંમેશા ગુજરાવાસીઓને પોતાના આધ્યાત્મિક જ્ઞાન અને બરકતોથી ફાયદો પહોંચાડયો.

સત્ય વાત તો એ છે કે એમની બરકતો ગુજરાત સુધી મર્યાદિત ન રહી, બલકે જે જમાનામાં હિન્દુસ્તાનમાં ચિશ્તિયહ નિઝામિય્યહ સિલસિલો લગભગ નામશેષ થઈ ગયો હતો. ત્યારે શેખ કલીમુલ્લાહ જહાનાબાદીએ, જેઓ એ જ ખાનદાનના એક બુઝુર્ગ શૈખ યહયા બિન મહમૂદ ગુજરાતી, (મુહાજિરે મદીના) (અવસાન હિ.સ. ૧૧૦૧/ઈ.સ. ૧૬૯૦) પાસેથી મદીના મુનવ્વરામાં આ સિલસિલાની રૂહાની બરકતોને પ્રાપ્ત કરીને દિલ્હી પાછા આવ્યા અને પછી હિન્દુસ્તાનમાં ફરી એક વાર આ સિલસિલાના ફૈઝનું ઝરણું વહેતું થઈ ગયું, મૌલાના ફખ્રુદીન દહેલ્વી એ જ સિલસિલાની એક કડી હતા.

શૈખ યાકુબ બિન મૌલાના ખ્વાજગી, અવસાન હિ. સ. ૭૯૮ (ઈ.સ. ૧૩૯૬), શૈખ ઝૈનુદ્દીન દૌલતાબાદીના ખલીફા અને પોતાના જમાનાના મહાન મશાઈખ પૈકી હતા, " ફુસૂસુલ હિકમ" (કિતાબ) શીખવામાં ખૂબ જ પ્રવીણ હતા, નહરવાલા (પાટણ)માં એમની ખાનકાહ હતી, જે ગેરમાર્ગે અંધારામાં ભટકતા લોકો માટે હિદાયતના ચિરાગનું કામ આપતી હતી, શૈખ બુર્હાનુદ્દીન અબ્દુલ્લાહ અલ બુખારીએ પણ તેમનાથી લાભ લીધો હતો.

શૈખ રુકનુદ્દીન મવદૂદ (અવસાન હિ.સ. ૮૪૨, ઈ.સ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૪૩૮), હઝરત શૈખ ફરીદુદ્દીન મસ્ઊદ ગંજશકરની ઔલાદમાં હતા, પરંતુ ચિશ્તિય્યહ સિલસિલો શૈખ મુહમ્મદ બિન અહમદ મવદૂદીથી પ્રાપ્ત કર્યો હતો. જેમને બાપ – દાદા પાસેથી આ સિલસિલો મળ્યો હતો.

હિન્દુસ્તાનમાં આ જ એક તરીકો (સિલસિલો) છે, જે હઝરત મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી (રહ.)ના વાસ્તા વગર પહોંચ્યો છે. (આગળ શેખ કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી રહ.ના હાલાતમાં આ વિશે વધુ માહિતી આવી રહી છે. ઈન્શાઅલ્લાહ.) આ સિલસિલામાં (૧) શૈખ અઝીઝુલ્લાહ મુતવક્કિલ (૨) શૈખ રહમતુલ્લાહ, (૩) શૈખ બહાઉદ્દીન (બાજન) (૪) શૈખ અલી મુત્તકી, વગેરે મહાન મરતબાવાળા મશાઈખ થયા છે, જેઓ દક્ષિણ ભારત અને ગુજરાતમાં સદીઓ સુધી લોકોને ફાયદો પહોંચાડતા રહયા છે.

શૈખ કબીરુદ્દીન નાગોરી (નાગોર – રાજસ્થાન)ના મહાન સંત, અવસાન હિ.સ. ૮૫૮, ઈ.સ. ૧૪૫૪), સુલ્તાનુત્તારિકીન શૈખ હમીદુદ્દીન સુવાલીના વંશજ હતા. બાપ–દાદા મારફતે આ સિલસિલો પ્રાપ્ત કર્યો હતો. જયારે રાજપૂતોએ અજમેર અને નાગોર કબજો કરી ઈસ્લામનું નિશાન મિટાવી દેવા માટે સાહસ કર્યુ ત્યારે તેઓ પોતાના પ્રિય વતનથી હિજરત કરીને અમદાવાદ આવતા રહયા. થોડા દિવસો સુધી અજ્ઞાત ખૂણામાં જીવન વિતાવ્યું, પરંતુ

મુશ્ક આંસ્ત કે ખૂદ બ–બોયદ ન કે અત્તાર બ–ગોયદ

(કસ્તૂરી તો તે છે જે પોતે જ પોતાની સુગંધ પ્રસારીને પોતાની ઓળખ કરાવી દે છે. કસ્તૂરી વેચનારે એના ગુણગાન કરવાની જરૂર નથી હોતી.)

એ ઉકિત અનુસાર લોકોને તેમના વિષે જાણ થઈ અને તેમનું નિવાસ સ્થાન કિબ્લએ હાજાત (લોકોની જરૂરતો પૂરી થવાનું કેન્દ્ર) બની ગયું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તેઓ મોટા લેખક પણ હતા, "મિસ્બાહુલ નહવ" નું વિસ્તૃત વિવેચન અને વિવરણ લખ્યું હતું.

સૈયદ કમાલુદ્દીન કઝવીની (વફાતઃ હિ.સ. ૮૮૧ – ઈ.સ. ૧૪૭૬), ભરૂચમાં રહેતા હતા, તેમને હઝરત સૈયદ મુહમ્મદ ગેસૂ દરાઝ (રહ.) થી ઈરાદત હતી. અને તેમની ખાનકાહ હંમેશા ખુદાના તાલિબોથી ભરેલી રહેતી હતી.

આ ઉપરાંત ચિશ્તિય્યહ સિલસિલાના બીજા મશાઈખ પણ ગુજરાતમાં પધાર્યા અને તેમનાથી ગુજરાતીઓ લાભાંવિત થયા. લંબાણના ભયથી હું તેમની વિગતોમાં ઉતરતો નથી.

*<u>સુહરવર્દિયહ સિલસિલાના મશાઇખ</u>*

સુહરવર્દીયહ સિલસિલાના મશાઈખમાં લગભગ સૌ પ્રથમ સૈયદ શરફુદ્દીન મશહદીએ ગુજરાતને પોતાના પવિત્ર પગલાંથી પાવન કર્યુ. અને ભરૂચમાં સ્થાયી થયા. તેઓ હઝરત મખ્દૂમ જહાંનિયાન સૈયદ જલાલુદ્દીન હુસૈન બુખારીના જમાઈ અને ખલીફા હતા. હિ.સ. ૮૦૮ – ઈ.સ. ૧૪૦૫ માં તેમનું અવસાન થયું.

સૈયદ યહયા બિન અલી તિરમિઝી પણ મખ્દૂમના તર્બિયત યાફતા અને કેળવતી તેમજ તા'લીમ પામેલા હતા. તેમણે વડોદરામાં નિવાસ કર્યો હતો. ત્યાં જ તેમનો મઝાર છે. તે સ્થળ તકિયા માતુરિદિય્યહના નામથી પ્રખ્યાત છે, તેમણે હિ.સ. ૮૫૦ – ઈ.સ. ૧૪૪૬) માં દુનિયાની જંજાળમાંથી મુકિત મેળવી.

કાઝી અલમુદીન શાતિબી, સૈયદ સદરુદ્દીન રાજુ કત્તાલના ખલીફા હતા. બીજી કાબેલિયતો અને ખૂબીઓ ઉપરાંત કિરઅત અને તજવીદમાં ઈમામે ફન (એ વિદ્યાના અગ્રણી)ની હેસીયત ધરાવતા હતા. નહરવાલા (પાટણ)માં તેમનો નિવાસ હતો. હિ.સ. ૮૬૦ – ઈ.સ. ૧૪૫૬ માં તેમનું અવસાન થયું.

સૈયદ બુરહાનુદ્દીન અબ્દુલ્લાહ બિન મહમૂદ અલ બુખારી,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મખ્દૂમ જહાંનિયાનના પૌત્ર હતા. બાર વરસની નાની વયમાં ગુજરાત પધાર્યા. વિદ્યા પ્રાપ્તિ પછી પોતાના મોટા ભાઈ સૈયદ હામિદ બિન મહમૂદ અને પોતાના પિતાના કાકા સૈયદ સદ્રુદ્દીન રાજૂ કત્તાલ પાસેથી ખિલાફતનો ખિરકહ મેળવ્યો, શેખ અહમદ ખટ્ટુ મગરિબીની સેવામાં રહીને ફાયદો મેળવ્યો અને તે જમાનામાં ચિશ્તિય્યહ અને કાદિરિય્યહ અને નકશબંદિય્યહ સિલસિલાના જે મશાઈખ હયાત હતા. તેમાંના દરેકથી ફાયદો મેળવ્યો.

એ વિવિધ આધ્યાત્મિક નેઅમતોથી માલામાલ થયા પછી તેમણે અન્યોને ફૈઝ પહોંચાડવા તરફ લક્ષ આપ્યું. ગુજરાતના સુલતાનો એમની ચરણ રજને કુહલુલ જવાહિર (હીરાને વાટીકૂટીને બનાવેલા અતિ કિમતી સુરમા) સમાન સમજતા હતા. હિ.સ. ૮૫૭ – ઈ.સ. ૧૪૫૩માં તેમનું અવસાન થયું.

સૈયદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ બુખારી તેમના સુપુત્ર હતા અને તેમનો રુશ્દો હિદાયતનો, આધ્યાત્મ જ્ઞાન પ્રદાનનો અને ઉપદેશનો સિલસિલો લાંબા સમય સુધી ચાલુ રહયો. એ જ ખાનદાનમાં....

(૧) સૈયદ મુહમ્મદ ઝાહિદ (૨) સૈયદ જલાલ (૩) સૈયદ મુહમ્મદ (૪) સૈયદ જલાલ બીજા (૫) સૈયદ જાફર (૬) સૈયદ અલી. વગેરે થયા છે.

એ બુઝુર્ગોનો સિલસિલો સમગ્ર ગુજરાતમાં ફેલાયેલો હતો.

(૧) શૈખ ઉસ્માન , (૨) શૈખ અલી ખતીબ, (૩) શૈખ અબ્દુલ લતીફ, (૪) કાઝી મહમૂદ, (૫) કાઝી હમ્માદ (૬) મૌલાના તાજુદ્દીન (૭)મૌલાના મખ્દૂમ શૈખ શરફુદ્દીન શહબાઝ.

અને ગુજરાતના બીજા ઘણા મશાઈખ એ જ સિલસિલાના ગુણ ભંડારથી પરિતૃપ્ત થયેલા હતા.

***<u>મગરિબિય્યહ સિલસિલો</u>***

મગરિબિય્યહ સિલસિલાની નામવર, વિખ્યાત વિભૂતિ શૈખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહમદ ખટ્ટુ છે. શિહાબુદ્દીન તેમનો લકબ હતો. ગુજરાતીઓ તેમને 'ગંજબખ્શ'ના લકબથી યાદ કરે છે. તેઓ દિલ્હીના 'ગંજે બાદઆવુર્દ' (આંધીમા ઉડીને આવેલો ખજાનો) હતા. બાળપણમાં એક વખતે જોરદાર આંધી આવી અને તેમને ઉડાવી લઈ ગઈ. ખુશનસીબે શેખ ઈસ્હાક મગરિબીના હાથમા આવ્યા. તેઓ તેમને ખટ્ટ લઈ આવ્યા જે નાગોરની નજીક એક ગામ હતું. શેખ ઈસ્હાક મોટા ભાગે ત્યાં રહેતા હતા. તેમણે દિલ ખોલીને તેમને તાલીમ અને તરબિયત, શિક્ષણ અને કેળવણી આપી. લાંબા સમય સુધી તેઓ તેમની સાથે રહયા.

તેમના અવસાન પછી હજ પ્રવાસે, ત્યાંથી પાછા ફરતાં જ ગુજરાતના સુલતાન મુઝફ્ફર શાહ પહેલાના આગ્રહથી ગુજરાતમાં થોભી ગયા. સુલતાન અહમદ શાહ અને તેના પુત્ર મુહમ્મદ શાહને તેમના પ્રતિ ભારે શ્રદ્ધા હતી. અહમદાબાદ શહેરના પાયાનો પથ્થર તેમના પવિત્ર હાથે જ મુકાવ્યો હતો. પીર અને મુરીદ બંનેનું નામ 'અહમદ' હતું એટલે એ શહેરનું નામ અહમદાબાદ રાખવામાં આવ્યું.

હિ.સ. ૮૪૯ – ઈ.સ. ૧૪૪૫માં તેમનું અવસાન થયું અને સરખેજમાં દફન થયા. મુહમ્મદ શાહે તેમના મઝાર પર મોટી મોટી ઈમારતો બનાવી.

શૈખ મહમૂદ ઈરજી અને શૈખ અલાહુદ્દીન તેમનાથી તર્બિયત અને કેળવણી પામેલા હતા. સૈયદ અબ્દુલ્લાહ બિન મહમૂદ બુખારી (કુત્બે આલમ) અને સૈયદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહે (શાહ આલમ) એ પણ તેમની) સોહબતનો ફૈઝ પ્રાપ્ત કર્યો હતો.

***એદરુસિય્યહ સિલસિલો***

એદરુસિય્યહ તરીકાનો વિકાસ યમનના એક પ્રદેશ 'હઝરમવત'માં થયો, ત્યાંથી તે ગુજરાત પહોંચ્યા અને માત્ર ગુજરાત અને દક્ષિણ હિંદ સુધી મર્યાદિત રહયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સૌ પ્રથમ સૈયદ શેખ બિન અબ્દુલ્લાહ હઝરમી ગુજરાત પધાર્યા અને અમદાવાદમાં નિવાસ કર્યો, હિ.સ. ૯૯૦ – ઈ.સ. ૧૫૮૨ માં તેમનું અવસાન થયું,

થોડા દિવસો પછી તેમના વડા સુપુત્ર સૈયદ અહમદ બિન શેખ પધાર્યા અને ભરૂચમાં વસવાટ કર્યો, તેમનું અવસાન હિ.સ. ૧૦૨૪ – ઈ.સ. ૧૬૧૫ માં થયું. ભરૂચમાં તેમનો મઝાર છે.

સૈયદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ હઝરમી, સૈયદ શેખના પૌત્ર હતા. પોતાના દાદાના જીવનકાળમાં હિન્દુસ્તાન પધાર્યા. કેટલાક દિવસો અમદાવાદમાં રહયા અને દાદાથી આધ્યાત્મિકજ્ઞાન મેળવતા રહયા. તે પછી સૂરતમા વસવાટ કર્યો.

અબૂ બક્ર શિલ્લીએ ''અલ મશરઉર્રવી' માં લખ્યું છે.

انعقد الاجماع علی فضله و كماله

(તેમની વિદ્વતા અને ગુણસંપન્નતા બધા વિદ્વાનોને પણ સ્વીકાર્ય છે.)

હિ.સ. ૧૦૩૦ – ઈ.સ. ૧૬૨૧માં તેમનું અવસાન થયું અને સૂરતમાં દફન થયા.

શેખ જા'ફર બિન અલી હઝરમી, સૈયદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહના ભત્રીજા હતા. ગુજરાત પધારીને કેટલાક દિવસો અમદાવાદમાં રહયા. તે પછી સૂરતમાં પોતાના કાકાના જાનશીન થયા. જા'ફર સાદિકના નામથી મશ્હૂર હતા. શાહજહાં અને દારા શિકોહને તેમના પ્રતિ ભારે શ્રદ્ધા હતી. દારા શિકોહની ફરમાઈશથી ''સફીનતુલ ઔલિયા'' (કિતાબ)નો અરબીમાં અનુવાદ કર્યો હતો. હિ.સ. ૧૦૬૪ – ઈ.સ. ૧૬૫૪ માં તેમનું અવસાન થયું. સુરતમાં પોતાના કાકાની પાસે દફન થયેલા છે.

શેખ નુરુદ્દીન મુહમ્મદ બિન અલી રાંદેરી પણ આજ સિલસિલાના એક બુઝુર્ગ હતા. તેમણે રહીફુલ મુહમ્મદિય્યહ ફી તરીકિસ સૂફિયા'' નામની લાજવાબ કિતાબ લખેલી છે. મારા મિત્ર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નવાબ નુરૂલ હસનખાન મર્હૂમના પુસ્તકાલયમાં એની એક પ્રત મૌજૂદ છે. તેમનું અવસાન હિ.સ. ૧૦૬૮ – ઈ.સ. ૧૬૫૮ માં થયું.

તેમા ઉપરાંત આ સિલસિલાના બીજા પણ મશાઈખ ગુજરાત પધાર્યા અને ત્યાંના લોકોને પોતાના ફૈઝ અને બરકતોથી માલામાલ કરી દીધા. સૌનું વર્ણન કરવામાં ખૂબ લંબાણ થઈ જવાનો સંભવ છે.

***કાદિરિય્યહ સિલસિલો***

મોટા ભાગે સૌ પ્રથમ શૈખ શમ્સુદ્દીન નાગોરીએ આ સિલસિલાના ફૈઝ અને બરકતો ગુજરાતવાસીઓ સુધી પહોંચાડયા તેમને શેખ ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ જબ્રતીથી આ સિલસિલો પહોંચ્યો હતો.

તે પછી શેખ જમાલ બિન અલ હુસૈન બગદાદીને બહાદુર શાહ ગુજરાતીએ અત્રે પધારવાની તકલીફ આપી. હિ.સ. ૯૭૧ – ઈ.સ. ૧૫૬૪ માં તેમનું અવસાન થયું.

શેખ જમાલના સુપુત્ર અને જાનશીન શેખ યતીમુલ્લાહ મોટા મહાન મરતબાના શેખ હતા. હિ.સ. ૧૦૦૯ – ઈ.સ. ૧૬૦૧ માં તેમનું અવસાન થયું.

શેખ અબ્દુલ ફત્તાહ અસ્કરી, ''મષનવીએ મઅનવી'' ના વિવરણ કર્તા અને ભાષ્યકાર પણ એ જ સિલસિલાના એક મશહૂર અને લોકપ્રિય બુઝુર્ગ હતા. તેઓ અમદાવાદમાં રહેતા હતા. તેમના જ વંશમાં મદ્રાસ (તામીલનાડુ) રાજયના વેલોરમાં (એક મુબારક ખાનદાન છે. જે આજ સુધી પોતાના ઈલ્મ અને મશીખત (આધ્યાત્મિક મરતબા) ના કારણે અનોખું સ્થાન ધરાવે છે. સૈયદ અ.સમદ ખુદાનુમા પણ ગુજરાતમાં રહેતા હતા. તેમનાથી સૈયદ અ.રઝઝાક બાંસવીએ સિલસિલો પ્રાપ્ત કર્યો અને હજુ સુધી ફિરંગીમહલ (લખનવ) ના આલિમો એ જ હકીકતના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મદીરાલયમાંથી મદીરાપાન કરીને મસ્ત છે.

*રિફાઈય્યહ સિલસિલો*

સૈયદ અહમદ કબીર રિફાઈના સિલસિલાથી હિંદવાસીઓ ઘણા ઓછા પરિચિત છે. એ સિલસિલાના અકાબિર (મહાપુરુષો) વખતો વખત હિંદુસ્તાન પધાર્યા. પરંતુ તેમનો ફૈઝ ગુજરાત અને દખ્ખણ સુધી સિમિત રહયો.

શેખ શરફુદીન અસાવલી એ જ સિલસિલાના એક બુઝુર્ગ હતા. તેમના ફૈઝ અને બરકતોથી ગુજરાતવાસીઓએ લાંબા કાળ સુધી ફાયદો ઉઠાવ્યો.

શેખ ંશરફુદીન અસાવલીના ખલીફા શેખ નસીર બિન જમાલ અલ નવસારવી હતા. તેઓ પોતાના ઈલ્મ અને પવિત્રતાના કારણે મોટા જબરજસ્ત શેખ હતા. હિ.સ. ૮૫૧ – ઈ.સ. ૧૪૪૭માં તેમનું અવસાન થયું.

એક બીજા બુઝુર્ગ સૈયદ અલી બિન અ. રહીમ રિફાઈ હતા. તેમનું અવસાન હિ.સ. ૮૫૬ – ઈ.સ.૧૪૫૨ માં થયું હતું, તેઓ પણ મૃત્યુ પર્યંત અમદાવાદમાં રહયા. અને ગુજરાતવાસીઓને પોતાના ફઝલ અને કમાલથી લાભાંવિત કરતા રહયા

એક બીજા બુઝુર્ગ સૈયદ અલી બિન ઈબ્રાહીમ રિફાઈ હતા. તેમનો નિવાસ પણ અમદાવાદમાં હતો. અવસાન હિ.સ. ૯૯૩ – ઈ.સ. ૧૫૮૫ માં થયું.

સૈયદ અ. રહીમ રિફાઈ અરબસ્તાનથી આવીને સુરતમાં સ્થાયી થયા. લાંબા કાળ સુધી તેમનો સિલસિલો ચાલુ રહયો. તેમનું અવસાન હિ.સ. ૧૧૩૨ – ઈ.સ. ૧૭૨૦ માં થયું.

*નકશબંદિય્યહ સિલસિલો*

સબળ અનુમાન એવું છે કે નકશબંદિયહ સિલસિલો સૌ પ્રથમ ગુજરાતમાં શૈખ નુરૂદીન અબુલ ફુતૂહ શીરાઝી મારફતે પહોંચ્યો તેમને મીર સૈયદ શરીફથી ઈરાદત (શ્રદ્ધા – નિસ્બત) હતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કેટલાક સમય પછી ખ્વાજા જમાલુદ્દીન ખારઝમી પધાર્યા અને સૂરતમાં નિવાસ કર્યો. તેમનું અવસાન હિ.સ. ૧૦૧૬ – ઈ.સ. ૧૬૦૭ માં થયું. સૂરતમાં તેમનો મઝાર છે.

તેમના વંશમાં..

ખ્વાજા અબુલ હસન,

ખ્વાજા સૈયદ મુહમ્મદ,

ખ્વાજા નુરૂલ હસન,

ખ્વાજા ફૈઝુલ હસન,

ખ્વાજા નુરૂલ આ'લા...

વગેરે લાંબા કાળ સુધી આ સિલસિલાના અલમબરદાર (ઝંડાધારી) રહયા.

ખ્વાજા મુહમ્મદ દેહદારી, ખ્વાજા જમાલુદ્દીન ખારઝમીના સમકાલીન હતા. તેમણે મૌલાના અ. રહમાન જામી પાસે કેળવણી મેળવી હતી. તેઓ પણ એ જ કાળમાં પધારીને સૂરતમાં સ્થાયી થયા. કામરેજનો જમીનદાર તાનસેન તેમના હાથ પર ઈસ્લામ સ્વીકારીને પાવન થયો. હિ.સ. ૧૦૧૬ – ઈ.સ ૧૬૦૭ માં તેમનું અવસાન થયું અને સૂરતમાં દફન થયા.

શૈખ નુરુલ્લાહ અને શૈખ નસરુલ્લાહ પેશાવરીએ પોતાના હજ પ્રવાસ વેળા સૂરતમાં કેટલાક દિવસ રોકાઈને તેને ગૌરવ આપ્યું હતું અને આ સિલસિલાનો ફેલાવો કર્યો.

### *શત્તારિય્યહ સિલસિલો*

શત્તારિય્યહ સિલસિલો શેખ મુહમ્મદ ગૌસ ગ્વાલિયરી મારફતે ગુજરાતમાં પહોંચ્યો જયારે હુમાયુને શેરશાહના હાથે પરાજય પામીને ઈરાન જવું પડયું ત્યારે શેખ મુહમ્મદ ગૌસ ગુજરાત તશરીફ લાવ્યા. લગભગ બાર વરસ અહીં રહયા. અહી તેમના પર કુફ્રનો ફત્વો પણ લગાડવામાં આવ્યો અને સિલસિલાનો ફેલાવો પણ થયો. એ પણ મઝાની વાત છે કે રહેવાસી ગ્વાલિયરના હતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છતાં આગ્રા અને દિલ્હીની આસપાસના લોકો તેમના ફઝલ અને કમાલથી અપરિચિત રહયા. જયારે દક્ષિણ ભારત અને ગુજરાતના આલિમોએ અને મશાઈખે તેમને શિર આંખો પર સ્થાન આપ્યું

અલ્લામા વજીહુદ્દીન અલવી

શેખ સદરુદ્દીન ઝાકિર.

શેખ પીર મુહમ્મદ,

શેખ લશ્કર મુહમ્મદ,

શેખ વલી મુહમ્મદ,

શેખ અલી શેર

અને બીજા ઘણા ગુજરાતના બુઝુર્ગો આ સિલસિલાથી સંકલિત થયા અને ગુજરાત અને દખ્ખણમાં આ સિલસિલો એવો ફેલાયો કે બીજા સિલસિલાઓ એની સાથે ફના થઈ ગયા.

શેખ સિબ્ગતુલ્લાહ ભરૂચી આ સિલસિલો લઈને મદીના તય્યિબહ પહોંચ્યા અને મદીનાના મોટા મોટા મશાઈખે તેમનાથી એ સિલસિલો હાસિલ કર્યો.

શેખ લશ્કર મુહમ્મદના એક મોટા ખલીફા શેખ ઈસા જુન્દુલ્લાહ હતા. તેઓ તમામ ઉલૂમ અને ફુનૂન વિદ્યા અને કળામાં અલ્લામા (તજજ્ઞ) હતા અને હદીસ શરીફમાં અનન્ય પ્રતિભા ધરાવતા હતા. તેઓ પણ એ જ સિલસિલાના ઝંડાધારી હતા. તેમની કેળવણીથી એવા એવા બાકમાલ મશાઈખ સામે આવ્યા, જેઓ લાંબા કાળ સુધી હિન્દુસ્તાનના વતનીઓને પોતાના શુભ અસ્તિત્વથી લાભાંવિત કરતા રહયા.

એ હજારો મશાઈખમાંથી જેમના કશ્ફ અને કરામતની દાસ્તાનોથી ગુજરાતના ઈતિહાસો ભરપૂર છે મેં માત્ર તે જ બુઝુર્ગો નો ઉલ્લેખ કર્યો છે જેઓ મશ્હૂર સિલસિલાઓમાંથી કોઈક સિલસિલા જોડે સંકલિત હતા અને પોતાના સિલસિલાના અધ્યક્ષ હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*(યાદે અય્યામ, મવ. હકીમ સય્યિદ અબ્દુલ હય્ય રહ.*
*ગુજરાતી અનુવાદ : અબ્દુલ કાદિર ફાતીવાલા. ૧૫૧–૧૬૩)*

***ચારેવ સિલસિલાના શજરહ***

ભારતમાં આવેલ તસવ્વુફના ચારેવ મશ્હૂર સિલસિલાઓના અનેક શજરહ છે. જે વિવિધ રીતે સિલસિલાના સ્થાપક સુધી પહોંચે છે. અલબત્ત ચિશ્તીયા સાબરીયહ સિલસિલાના સય્યિદુત્તાઈફહ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ચારેવ સિલસિલાઓની ખિલાફત ધરાવતા હતા. અને એમના પછી બધા જ ખલીફાઓ ચારેવ સિલસિલામાં બયઅત ફરમાવે છે, એટલે ચારેવ સિલસિલાના તે જ શજરહ અત્રે વર્ણવીએ છીએ, જે છેલ્લે હાજી ઈમ્દાદુલ્લાહ રહ. સુધી પહોંચે છે. બીજા મશાઈખ પાસે આ સિલસિલા અન્ય મશાઈખ અને શજરહ થકી પહોંચ્યા હોય એ શકય છે, બલકે ઘણા મશાઈખના શજરહ અલગ છે જ.

***નકશબંદી સિલસિલાનો શજરહ***

શૈખુલ મશાઈખ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.
મીયાંજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.
હઝરત સય્યિદ અહમદ બરેલ્વી રહ.
હઝરત શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી રહ.
હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી રહ.
હઝરત શાહ અબ્દુર્રહીમ દહેલ્વી રહ.
હઝરત સય્યિદ અબ્દુલ્લાહ રહ.
હઝરત સય્યિદ આદમ બિન્નોરી રહ.
હઝરત શેખ અહમદ સરહિંદી મુજદિદ અલ્ફે ષાની રહ.
હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ રહ.
હઝરત ખ્વાજા મલન્ગી રહ.
હઝરત ખ્વાજા અદુરવેશ મુહમ્મદ રહ.
હઝરત ખ્વાજા ઝાહિદ રહ.
હઝરત ખ્વાજા ઉબૈદુલ્લાહ અહરાર રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા યાકૂબ ચરખી રહ.

હઝરત ખ્વાજા અલાઉદ્દીન અત્તાર રહ.

**હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી રહ.**

હઝરત ખ્વાજા સય્યિદ અમીર કલાલ રહ.

હઝરત ખ્વાજા મુહમ્મદ બાબા સમાસી રહ.

હઝરત ખ્વાજા અલી રામેતની રહ.

હઝરત ખ્વાજા મહમૂદ અબુલખૈર રહ.

હઝરત ખ્વાજા સય્યિદ આરિફ રેવગીરી રહ.

હઝરત ખ્વાજા અબ્દુલ ખાલિક ગજદવાની રહ.

હઝરત ખ્વાજા યૂસુફ હમ્દાની રહ.

હઝરત ખ્વાજા અબૂ અલી ફારમદી રહ.

હઝરત ખ્વાજા અબૂલકાસિમ કુશયરી રહ.

શેખ અબૂલ હસન ખરકાની રહ.

હઝરત ખ્વાજા બાયઝીદ બુસ્તામી રહ.

હઝરત શેખ જઅફર સાદિક રહ.

હઝરત કાસિમ બિન મુહમ્મદ બિન અબૂબક્ર રદિ.

હઝરત સલમાન ફારસી રદિ.

હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

નકશબંદી સિલસિલામાં મશ્હૂર શજરહ પ્રમાણે શજરહ છેલ્લે હઝરત અબૂબક્ર રદિ. સુધી જ પહોંચે છે. પરંતુ એક બીજા શજરહ મુજબ ખ્વાજા હસન બસરી રહ.ની મારફત હઝરત અલી રદિ. સુધી પણ પહોંચે છે.

કુલ્લિયાતે ઈમ્દાદીયહમાં આ શજરહ પણ હાજી સાહેબ રહ. વર્ણવ્યો છે, જે આ મુજબ છે.

ખ્વાજા અબૂલકાસિમ કુશયરી રહ. પછી

શેખ અબૂઅલી દક્કાક રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વાજા અબૂલકાસિમ નસીરાબાદી રહ.
ખ્વાજા અબૂબક્ર શિબ્લી રહ.
શેખ જુનૈદ બગદાદી રહ.
શેખ સિર્રી સકતી રહ.
શેખ મઅરૂફ કરખી રહ.
શેખ દાઉદ તાઈ રહ.
ખ્વાજા હબીબ અજમી રહ.
હઝરત હસન બસરી રહ.
હઝરત અલી રદિ.
નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

નોંધ : હઝરત હાજી સાહેબ રહ.નો એક નકશબંદી શજરહ શાહ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ. મારફત પણ શેખ બહાઉદ્દીન નકશબંદ રહ. સુધી અને છેલ્લે હઝરત હસન બસરી રહ. સુધી પહોંચે છે. કુલ્લિયાતે ઈમ્દાદીયહમાં અને મકતૂબાતે કુદ્દૂસિયહમાં એનું પણ વર્ણન છે.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.
હઝરત શેખ મિયાંજી નૂર મુહંમદ જંજાનવી રહ.
હઝરત શેખ સય્યિદ હાજી અ. રહીમ રહ.
હઝરત શેખ અબ્દુલ બારી સિદ્દીકી રહ.
હઝરત શેખ અબ્દુલ હાદી સિદ્દીકી રહ.
હઝરત શેખ અઝુદુદ્દીન અમરોહવી રહ.
હઝરત શાહ મુહમ્મદ મકકી જઅફરી રહ.
હઝરત શેખ સય્યિદ મુહમ્મદી અકબરાબાદી રહ.
હઝરત શેખ મુહિબ્બુલ્લાહ ફારૂકી રહ.
હઝરત શેખ અબૂ સઈદ ગંગોહી રહ.
હઝરત શેખ નિઝામુદ્દીન ફારૂકી રહ.
હઝરત શેખ જલાલુદ્દીન થાનેસરી રહ.
**હઝરત શેખ અબ્દુલ કુદ્દુસ ગંગોહી રહ.**

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ દુરવેશ મુહમ્મદ બિન કાસિમ અવધી રહ.
હઝરત સચ્યિદ બુદ્ધન બેહરાઈચી રહ.
હઝરત સચ્યિદ અજમલ બેહરાઈચી રહ.
હઝરત શાહ અબ્દુલ હક રહ.
હઝરત ખ્વાજા ઉબૈદુલ્લાહ અહરાર રહ.
હઝરત ખ્વાજા યાકૂબ ચરખી રહ.
હઝરત ખ્વાજા અલાઉદ્દીન અત્તાર રહ.
**હઝરત ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી રહ.**
હઝરત ખ્વાજા સચ્યિદ અમીર કલાલ રહ.
હઝરત ખ્વાજા મુહમ્મદ બાબા સમાસી રહ.
હઝરત ખ્વાજા અલી રામેતની રહ.
હઝરત ખ્વાજા મહમૂદ અબુલખૈર રહ.
હઝરત ખ્વાજા સચ્યિદ આરિફ રેવગીરી રહ.
હઝરત ખ્વાજા અબ્દુલ ખાલિક ગજદવાની રહ.
હઝરત ખ્વાજા યૂસુફ હમ્દાની રહ.
હઝરત ખ્વાજા અબૂ અલી ફારમદી રહ.
ખ્વાજા અબુલકાસિમ કુશયરી રહ.
શેખ અબૂઅલી દક્કાક રહ.
ખ્વાજા અબૂલકાસિમ નસીરાબાદી રહ.
ખ્વાજા અબૂબક્ર શિબ્લી રહ.
શેખ જુનૈદ બગદાદી રહ.
શેખ સિર્રી સકતી રહ.
શેખ મઅરૂફ કરખી રહ.
શેખ દાઉદ તાઈ રહ.
ખ્વાજા હબીબ અજમી રહ.
હઝરત હસન બસરી રહ.
હઝરત અલી રદિ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

*કાદરિયહ સિલસિલાનો શજરહ :*

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.
હઝરત શેખ મિયાંજી નૂર મુહમ્મદ જંજાનવી રહ.
હઝરત શેખ સય્યિદ હાજી અ. રહીમ રહ.
હઝરત શેખ અબ્દુલ બારી સિદ્દીકી રહ.
હઝરત શેખ અબ્દુલ હાદી સિદ્દીકી રહ.
હઝરત શેખ અઝુદુદ્દીન અમરોહવી રહ.
હઝરત શાહ મુહમ્મદ મકકી જઅફરી રહ.
હઝરત શેખ સય્યિદ મુહમ્મદી અકબરાબાદી રહ.
હઝરત શેખ મુહિબ્બુલ્લાહ ફારૂકી રહ.
હઝરત શેખ અબૂ સઈદ ગંગોહી રહ.
હઝરત શેખ નિઝામુદ્દીન ફારૂકી રહ.
હઝરત શેખ જલાલુદ્દીન થાનેસરી રહ.
**હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.**
હઝરત ખ્વાજા દુરવેશ બિન મુહમ્મદ કાસિમ અવધી રહ.
હઝરત ખ્વાજા સય્યિદ બુદ્ધન રહ. બેહરાઈચી રહ.
હઝરત ખ્વાજા મખ્દૂમ જહાનીયાં જહાંગશ્ત રહ.
હઝરત ખ્વાજા જલાલુદ્દીન બુખારી રહ.
હઝરત ખ્વાજા ઉબૈદ બિન ઈસા રહ.
હઝરત ખ્વાજા અબૂલમકારિમ ફાઝિલ રહ.
હઝરત ખ્વાજા કુત્બુદ્દીન અબૂલગૈષ રહ.
હઝરત ખ્વાજા શમ્સુદ્દીન અલી અફલહ રહ.
હઝરત ખ્વાજા શમ્સુદ્દીન હદ્દાદ રહ.
**હઝરત શૈખુલ મશાઈખ સય્યિદ અબ્દુલ કાદિર જીલાની રહ.**
હઝરત ખ્વાજા અબૂ સઈદ મુબારક મખ્ઝૂમી રહ.
હઝરત ખ્વાજા અબુલ હસન કુરશી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા અબુલ ફરહ તરતૂસી રહ.

હઝરત ખ્વાજા અબ્દુલ વાહિદ બિન અબ્દુલ અઝીઝ રહ.

હઝરત ખ્વાજા અબૂબક્ર શિબ્લી રહ.

હઝરત ખ્વાજા શેખ જુનૈદ બગદાદી રહ.

હઝરત ખ્વાજા શેખ સિર્રી સકતી રહ.

હઝરત ખ્વાજા શેખ મઅરૂફ કરખી રહ.

હઝરત ખ્વાજા શેખ દાઉદ તાઈ રહ.

હઝરત ખ્વાજા ખ્વાજા હબીબ અજમી રહ.

હઝરત ખ્વાજા હઝરત હસન બસરી રહ.

હઝરત અલી રદિ.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

આ શજરહ 'તારીખ વ મશાઈખે તસવ્વુફ'માંથી લેવામાં આવ્યો છે. અન્ય કિતાબોના શજરહમાં અમુક નામો છુટી ગયા હોય એમ લાગે છે, અથવા બીજો સિલસિલો હોય શકે છે.

***<u>સુહરવર્દી સિલસિલાનો શજરહ :</u>***

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.

હઝરત શેખ મિયાંજી નૂર મુહમ્મદ જંજાનવી રહ.

હઝરત શેખ સય્યિદ હાજી અ. રહીમ રહ.

હઝરત શેખ અબ્દુલ બારી સિદ્દીકી રહ.

હઝરત શેખ અબ્દુલ હાદી સિદ્દીકી રહ.

હઝરત શેખ અઝુદ્દીન અમરોહવી રહ.

હઝરત શેખ અઝુદ્દીન અમરોહવી રહ.

હઝરત શાહ મુહમ્મદ મકકી જઅફરી રહ.

હઝરત શેખ સય્યિદ મુહમ્મદી અકબરાબાદી રહ.

હઝરત શેખ મુહિબ્બુલ્લાહ ફારૂકી રહ.

હઝરત શેખ અબૂ સઈદ ગંગોહી રહ.

હઝરત શેખ નિઝામુદ્દીન ફારૂકી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત શેખ જલાલુદ્દીન થાનેસરી રહ.
**હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.**
હઝરત સય્યિદ અજમલ બેહરાઈચી રહ.
હઝરત સય્યિદ જલાલુદ્દીન બુખારી રહ.
હઝરત સય્યિદ રુકનુદ્દીન અબુલ ફતહ રહ.
હઝરત સય્યિદ સદરુદ્દીન રહ.
હઝરત સય્યિદ બહાઉદ્દીન ઝકરિયા મુલતાની રહ.
**હઝરત સય્યિદ શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.**
હઝરત સય્યિદ ઝિયાઉદ્દીન અબૂનજીબ સુહરવર્દી રહ.
હઝરત વજીહુદ્દીન સુહરવર્દી રહ.
હઝરત સય્યિદ અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ રહ.
હઝરત સય્યિદ અહમદ દીનોરી રહ.
હઝરત સય્યિદ મમ્શાદ અલૂ દીનોરી રહ.
હઝરત સય્યિદ જુનૈદ બગદાદી રહ.
હઝરત ખ્વાજા સિર્રી સકતી રહ.
હઝરત ખ્વાજા મઅરૂફ કરખી રહ.
હઝરત ખ્વાજા દાઉદ તાઈ રહ.
હઝરત ખ્વાજા હબીબ અજમી રહ.
હઝરત ખ્વાજા હસન બસરી રહ.
હઝરત અલી રદિ.
નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

***ચિશ્તીયહ સિલસિલાનો શજરહ :***

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.
હઝરત શેખ મિયાંજી નૂર મુહમ્મદ જંજાનવી રહ.
હઝરત શેખ સય્યિદ હાજી અ. રહીમ રહ.
હઝરત શેખ અબ્દુલ બારી સિદ્દીકી રહ.
હઝરત શેખ અબ્દુલ હાદી સિદ્દીકી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત શેખ અઝુદુદીન અમરોહવી રહ.
હઝરત શાહ મુહમ્મદ મકકી જઅફરી રહ.
હઝરત શેખ સય્યિદ મુહમ્મદી અકબરાબાદી રહ.
હઝરત શેખ મુહિબ્બુલ્લાહ ફારૂકી રહ.
હઝરત શેખ અબૂ સઈદ ગંગોહી રહ.
હઝરત શેખ નિઝામુદીન ફારૂકી રહ.
હઝરત શેખ જલાલુદીન થાનેસરી રહ.
હઝરત શેખુલ મશાઈખ શાહ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.
હઝરત શેખ મુહમ્મદ બિન આરિફ રહ.
હઝરત શેખ અહમદ અબ્દુલ હક રુદોલ્વી રહ.
હઝરત શેખ જલાલુદીન કબીરુલ અવલિયા રહ.
હઝરત શેખ શમ્સુદીન તુર્ક પાનીપતી રહ.
હઝરત ખ્વાજા અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી રહ.
હઝરત ખ્વાજા ફરીદુદીન ગંજશકર રહ.
હઝરત ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર કાકી રહ.
**હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ.**
હઝરત ખ્વાજા ઉસ્માન હારવની રહ.
હઝરત ખ્વાજા શરીફ ઝન્દની રહ.
હઝરત ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ.
હઝરત ખ્વાજા સય્યિદ અબૂયુસૂફ રહ. ચિશ્તી
હઝરત ખ્વાજા અબૂ મુહમ્મદ બિન અબૂ અહમદ ચિશ્તી રહ.
હઝરત ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ ચિશ્તી રહ.
હઝરત ખ્વાજા અબૂ ઈસ્હાક ચિશ્તી રહ.
હઝરત ખ્વાજા મમ્શાદ અલૂ દીનોરી રહ.
હઝરત ખ્વાજા અબૂ હુબૈરહ બસરી રહ.
હઝરત ખ્વાજા હુઝૈફહ મરઅશી રહ.
હઝરત ખ્વાજા સુલતાન ઈબ્રાહીમ બિન અદહમ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ.

હઝરત ખ્વાજા અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ.

હઝરત ખ્વાજા હસન બસરી રહ.

હઝરત અલી મુરતઝા રદિ.

આકાએ નામદાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

નોંધ : હઝરત હાજી સાહેબ રહ.નો આ શજરહ ચિશ્તીયા 'સાબરીયહ' સિલસિલા મુજબ છે. હઝરત હાજી સાહેબ રહ.એ ઝિયાઉલ કુલૂબમાં ચિશ્તીયહ નિઝામીયહ સિલસિલાનો શજરહ પણ વર્ણવ્યો છે.

***વિવિધ સિલસિલાઓનો ફરક***

હઝરત થાનવી રહ. ફરમાવે છે :

નકશબંદીયહ, ચિશ્તીયહ, વગેરે નામો છે. હકીકત બધાની એક જ છે. એટલે કે, اولـئك حزب الله ، الخ આ અલ્લાહની જમાઅત છે. અને અલ્લાહની જમાઅતવાળા જ કામ્યાબ છે. ઘણા નકશબંદીઓની તબીઅત (મઝાક) ચિશ્તી હોય છે તો ઘણા ચિશ્તીઓ નકશબંદી સ્વભાવના હોય છે. આ ફરક એવો જ છે જેમ કે કુરઆનમાં છે : બની આદમને અમે કબીલાઓ અને જમાઅતોમાં વહેંચ્યા છે, જેથી તેઓને ઓળખ બાકી રહે. (મલ્ફૂઝાતે હકીમુલ ઉમ્મત, ૨૫–૯૬)

અલકવલુલ જમીલમાં હઝરત શાહ વલીયુલ્લાહ રહ. ફરમાવે છે કે, જેમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબા પછી ફિકહના ચાર ઈમામો થયા છે એવી જ રીતે તઝકિયહ અને એહસાનમાં પણ છે. તરીકતના અવલિયાએ કિરામની હેસિયત ફિકહના મુજતહિદીન જેવી છે. એમણે શરીઅતના બાતિનના અહકામ માટે કાયદાઓ અને અહકામ નક્કી ફરમાવ્યા છે. અને જેમ ચારેવ ઈમામો – મસ્લકો હક ઉપર છે, એવી જ રીતે બધા જ સિલસિલાઓ હક છે. (અલકવલુલ જમીલ : ૧૦૭/૧૫૯/૧૬૧)

મવલાના મનાઝિર અહસન ગીલાની રહ. ફરમાવે છે :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેમ ફિકહમાં હનફી, શાફેઈ, માલિકી, હમ્બલી વગેરે મસ્લકો ઘણી બધી બાબતે વિરોધાભાસ હોવા છતાં અહલે સુન્નત વલ જમાઅત અને અહલે હક છે, એવી જ રીતે કાદરી, નકશબંદી, સુહરવર્દી, ચિશ્તી વગેરે સૂફીઓ અને એમના સિલસિલાઓ વિશે પણ એવું જ સમજવામાં આવે કે બધા જ તરીકાઓ દુરુસ્ત છે. આ સિલસિલાઓમાં જે તફાવત છે એનો સંબંધ સિલસિલાના સ્થાપક તઝકિયહ અને દિલની સફાઈ બાબત પોતાના સ્વભાવ અને પસંદ મુજબ એમણે અપનાવેલ તરીકાથી છે, અથવા શરૂ શરૂમાં જે લોકોમાં સિલસિલો શરૂ થયો એમની રીત, સ્વભાવ અને માહોલ, આદતોના આધારે સિલસિલાઓમાં તફાવત છે. હઝરત શાહ વલીયુલ્લાહ રહ. તફહીમાતમાં લખે છે : શેખ બહાઉદ્દીન રહ. તુર્ક લોકોમાં 'એહસાન'ને પુર્નજીવન કરવા માટે મોકલવામાં આવ્યા હતા. તુર્ક લોકોમાં બહીમી કુવ્વત (જાનવરો જેવું અક્કડપણું) વધારે છે અને આપ રહ. મજઝૂબ હતા. આપ રહ.ના અંતર અને દિલની કાબેલિયતે નૂરે ઈલાહી અને અને ખુદાઈ નિકટતાને સારી રીતે અપાનાવી લીધી હતા, એટલે આ વિશેષ લોકોમાં આપ રહ.ની વિશેષ તરબિયતના કારણે ઈસ્લાહનો એક એવો તરીકો સામે આવ્યો, જે ઘણો જ મુફીદ પુરવાર થયો. આવી જ સ્થિતિ અન્ય સૂફિયાએ કિરામના તરીકાઓની છે. (મકાલાતે એહસાની :૩૧)

આગળ શાહ વલીયુલ્લાહ રહ.ની હમ્આતનું લખાણ અમે વર્ણવ્યું છે કે, ''જયારે કોઈ વલી દ્વારા અલ્લાહ તઆલા શરીઅતના બાતેનની હિફાજત કરાવવા ચાહે છે, તો એને લોકોમાં ઉચ્ચ સ્થાન આપે છે, લોકોના દિલો એના તરફ વાળે છે, લોકોમાં એની ખૂબીઓ અને નેકીઓની ચર્ચા ફેલાવે છે, જે તે કોમ અને પ્રદેશના લોકોના સ્વભાવ મુજબ શરીઅતે મુહમ્મદી અનુસાર મુજાહદહ – ઝિક્ર વગેરે અશ્ગાલ એ વલીને અલ્લાહ તઆલા ઈલ્હામ ફરમાવે છે, એ વલીની સોહબત અને કલામમાં અસર અને જોશ પેદા કરે છે, કશ્ફ, કરામત, તસર્રુફ, દુઆઓ કુબૂલ થવી, વગેરે બાબતો એને આપવામાં આવે છે. પોતાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સુધારણાના ઈચ્છુક મુરીદો મોટી સંખ્યામાં એમની પાસે ભેગા થાય છે અને તે વલીના આદેશાનુસાર અશ્ગાલ અને અઝકાર વગેરેમાં એમનું અનુસરણ કરે છે, તો આમ કોઈ સિલસિલાની બુનિયાદ પડે છે."

મતલબ કે વિવિધ પ્રદેશો અને ત્યાંના લોકોના સ્વભાવ અને પ્રકૃતિનો તફાવત પણ સિલસિલાની તાલીમ અને કાર્યપદ્ધતિમાં તફાવતનું એક કારણ છે.

સિલસિલાઓ વચ્ચેના તફાવત અને ફરક છે કે નહીં, એની આ સામન્ય સમજૂતી છે. જેનો ખુલાસો આ છે કે, તઝકિયહ અને એહસાનના અલ્લાહ તઆલાના આદેશ ઉપર અમલ કરવાના આ વિવિધ તરીકાઓ છે. બધાનો આશય અને મકસદ એક જ છે, એ આધારે એમનામાં કોઈ તફાવત નથી. આમ છતાં આ દરેક તરીકાઓ અલગ છે, અને અલગ હોવાના કારણો પણ છે, એટલે એમના વચ્ચે તફાવત છે. શાહ વલીયુલ્લાહ રહ.એ અલકવલુલ જમીલમાં લખ્યું છે કે, એવું પણ નથી કે એહસાન અને તઝકિયહ માટે આ જ તરીકા જરૂરી અને નક્કી છે, સહાબએ કિરામ અને બીજા બુઝુર્ગોને આ તરીકાઓ વગર બીજા તરીકાઓથી પણ એહસાનનો હેતુ અને મકસદ પ્રાપ્ત થઈ જતો હતો.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. લખે છે :

સલૂકના તરીકાઓ બેશુમાર થઈ ગયા છે. એમાં ત્રણ તરીકાઓ ઘણા જ નજીકના છે.

(૧) પ્રથમ તરીકો સુલહા અને નેક લોકોનો છે. આ તરીકામાં બધી શરઈ ફરજો, ઈબાદતો, રોઝહ, નમાઝ, તિલાવત, જિહાદ, હજ વગેરે પૂરી કરવી પડે છે, આ તરીકામાં મંઝિલે મકસૂદ સુધી પહોંચવામાં વાર લાગે છે.

(૨) બીજો તરીકો મુજાહદહ અને રિયાઝત – મહેનત કરનાર લોકોનો છે. એમાં (ઉપરોકત બધી ફરજો ઉપરાંત) બુરી આદતો – અખ્લાકને સુધારીને સારી આદતો અને અખ્લાક શીખવાડવામાં આવે છે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને બુરાઈઓને ખૂબીઓથી બદલવામાં આવે છે. આ રસ્તે ચાલનારા લોકો વધુ પડતા મંઝિલે પહોંચી જાય છે.

(૩) ત્રીજો તરીકો શત્તારી લોકોનો છે. આ લોકો બધી જ રીતે દુનિયા સાથેનો સંબંધ તોડી નાંખે છે. પરસ્પરનો સહવાસ અને સંબંધ પણ ખતમ કરી નાંખે છે. ફકત દુરૂદ અને ઝિક્રના શોખમાં પરોવાયેલા રહે છે. હદીસ મુજબ મૃત્યુ પહેલાં જ મૃત્યુને સામે જોઈને ફકત ઈબાદતો ઉપર જમ્યા રહે છે. (કુલ્લિયાતે ઈમ્દાદીયહ, ઝિયાઉલ કુલૂબ : ૧૦)

ફિહકી ઈજતેહાદ અને મુજતહિદ ઈમામો આ તરીકાઓ વચ્ચેના તફાવતનું સ્પષ્ટ ઉદાહરણ છે. બધા જ ઈમામો બરહક છે, એમના ઈજતેહાદનો મકસદ કુરઆન અને હદીસ ઉપર પૂર્ણ રીતે અમલ કરવા માટે અહકામ બતાવવાનો છે. દરેકના ઈજતેહાદની બુનિયાદ કુરઆન અને હદીસ જ છે, હા, મુજતહિદ ઈમામોએ કુરઆન અને હદીસમાં એમના ઊંડા જ્ઞાન અને સમજ તેમજ કાબેલિયતના આધારે જે નિયમો ઘડયા છે, એમાં તફાવત છે, અને એ આધારે ઘણા બધા હુકમોમાં પણ જાઈઝ – નાજાઈઝનો તફાવત આવે છે. એવી જ રીતે એહસાન અને તઝકિયહના મકસદને પ્રાપ્ત કરવા માટે કુરઆન અને હદીસના આધારે અલગ અલગ બુઝુર્ગોએ અલગ અલગ તરીકા અપનાવ્યા છે. અને દિલની સફાઈ, બાતેની અખ્લાકની તાલીમ – કેળવણી વગેરે માટે દરેકે અલગ અલગ તરીકાઓ અપનાવ્યા છે અને દરેકના અલગ અલગ નિયમો – કાયદાઓ પણ છે. મામૂલાત, અઝકાર, અશ્ગાલ, મુજાહદહની રીતો પણ અલગ અલગ છે. પણ આ બધી રીતો છે, મંઝિલ અને મકસદ નથી. હઝરત શાહ વલીયુલ્લાહ રહ.એ અલકવલુલ જમીલ તેમજ અન્ય એમની અન્ય કિતાબોમાં અને હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.એ ઝિયાઉલ કુલૂબમાં દરેક સિલસિલાના અઝકાર અને મુરાકબહની રીત વગેરે દર્શાવ્યા છે. અત્રે એ બધાનો ઉલ્લેખ ટાળીએ છીએ, જેની ઈચ્છા હોય તે આ કિતાબોમાં વાંચી શકે છે.

ફતાવા મહમૂદિયહમાં છે : આ બધા અશ્ગાલ અને મુરાકબાતને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખોટા કહેવાનો તો કોઈ પ્રશ્ન નથી. પણ એને જરૂરી અને વાજિબ પણ ન કહી શકાય. આ બધું કેળવણી અને સુધારણાની રીતો છે. અમુક બીમારો માટે આ વસ્તુઓ કોઈ એતેબારથી જરૂરી પણ હોય શકે છે અને અમુક માટે નુકસાનકારક – નાજાઇઝ પણ હોય શકે છે.

કોઈ ખાસ બીમાર કે તાલિબ – સાલિક માટે કોઈ આલિમે રબ્બાની, પાબંદે સુન્નત શેખ એક અમલને જરૂરી ઠેરવે તો જરૂરત હોય ત્યાં સુધી એને જરૂરી ઠેરવી શકાય છે અને અન્ય સ્થિતિઓમાં એ જ અમલ નાજાઈઝ કે ખોટો પણ હોય શકે છે. (ફતાવા મહમૂદિયહ : ૪–૮૦, ફતાવા મહમૂદિયહમાં આ લખાણ મુફતી નિઝામુદ્દીન સા. રહ.નું છે.)

***બધા સિલસિલાઓ હઝરત અલી રદિ.થી જ કેમ ?***

અમુક બુઝુર્ગોના મતે આ હઝરત અલી રદિ.ની એક ફઝીલત અને મહાનતા છે કે તસવ્વુફના વધુ પડતા સિલસિલાઓ હઝરત હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી પહોંચે છે.

હઝરત શાહ વલીયુલ્લાહ રહ. 'હમ્આત'માં લખે છે :

و از امتِ آں حضرت صلی الله علیه وسلم اول کسیکه فاتح باب جذب شده است و دراں جا نهاده است حضرت امیر المؤمنین علی اند کرم الله وجهه . ولهذا سلاسل طرق بداں جانب راجع میشوند . و درحقیقت رجوع سلاسل اولیاء بسوء ایشاں از جهتِ روایت ثابت نمی شود ، وحسن بصری از ایشاں خصوصیتے که با دیگراں نباشد معلوم نیست ، مع هذا صوفیه قاطبتهم طبقةً بعد طبقةٍ اتفاق کرده بارجاع سلسلهٔ طریقت بایشاں ، و لا بد ایں اتفاق بے وجهے نیست و ایں وجه نزدیك فقیر آں است که ایشاں اول مجذوب اند ازیں امت.

**નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમ્મતમાં સૌપ્રથમ જઝબનો દરવાજો ખોલનાર અને તે ઉચ્ચ સ્થાને પહોંચનાર હસ્તી હઝરત અમીરુલ મુઅમિનીન અલી રદિ. છે. એટલા જ માટે તસવ્વુફના**

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિલસિલા એમના સુધી પહોંચે છે.અલબત્ત એક હકીકત આ પણ છે કે અવલિયાના સિલસિલાઓનું એમના સુધી જોડાયેલા હોવું (હદીસની) રિવાયત મુજબ નથી. અન્યોને છોડીને હસન બસરી રહ. અને હઝરત અલી રદિ. વચ્ચે વિશેષ નિસ્બત શું છે એ ખબર નથી. આમ છતાં બધા જ સુફિયાએ કિરામ, દરેક ઝમાનામાં હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી સિલસિલાના જોડાવા બાબતે સહમત છે, તો પછી જરૂર એની કોઈ દલીલ અને આધાર હશે. અને મુજ ફકીરના મતે એનું કારણ આ છે કે હઝરત અલી રદિ. સૌપ્રથમ મજઝૂબ હતા. (હમ્આત : ફારસી : ૩૧)

(નોટ : હઝરત અલી રદિ. અને હઝરત હસન બસરી રહ. વચ્ચે સિલસિલો જોડાયેલો ન હોવા બાબતે હઝરત શાહ વલીયુલ્લાહ રહ.ના આ કથનનું અનેક બુઝુર્ગોએ ખંડન કર્યું છે. અને હઝરત અલી રદિ. અને હઝરત હસન બસરી રહ.ની મુલાકાત, સોહબત અને ફૈઝ મેળવ્યો હોવાનું પુરવાર કર્યું છે. શાહ વલીયુલ્લાહ રહ. પોતે પણ માને છે કે સિલસિલો જોડાયેલ જ છે. આ બાબતનું વિગતવાર વર્ણન આગળ હઝરત હસન બસરી રહ.ના હાલાતમાં આવી રહયું છે.)

મીર અબ્દુલ વાહિદ બલગરામી રહ. એમની કિતાબ સબ્અ સનાબિલમાં લખે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ચારેવ ખલીફાઓ એમના કમાલના કારણે ખુલફાએ રાશેદીન અને ખલીફએ બરહક છે. આ ચારેવ કાબેલ અને હકદાર હતા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી વારાફરતી મસ્નદે ખિલાફત ઉપર બિરાજમાન થાય. અને તેઓ વારાફરતી સીધા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખલીફા બન્યા. રહી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ વાત કે બઅયતના ચારેવ સિલસિલા હઝરત અલી રદિ. સુધી જ કેમ પહોંચે છે ? બીજા કોઈ ખલીફા સુધી કેમ નહીં ? એનું કારણ આ છે કે,

હઝરત અલી રદિ. સિવાય બીજા ખલીફાઓએ કોઈ અન્ય વ્યકિતને પોતાના ખલીફા કે જાનશીન નથી બનાવ્યા. હઝરત અલી રદિ. ઉપર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સીધી ખિલાફત ખતમ થઈ ગઈ એટલે એમણે નાછુટકે હઝરત હસન બસરી રહ.ને પોતાના ખલીફા બનાવ્યા. અને પછી એમનાથી સિલસિલા ચાલ્યા, એટલે બધા સિલસિલા હઝરત અલી રદિ. સુધી પહોંચે છે. ખુલાસો આ કે ખિલાફતના ક્રમમાં હઝરત અલી રદિ.ના છેલ્લા હોવાના કારણે બધા સિલસિલા એમના ઉપર પહોંચે છે. જો હઝરત અલી રદિ. સિવાય ત્રણમાંથી કોઈ બીજા ખલીફા છેલ્લા હોત તો બધા સિલસિલા એમના ઉપર ખતમ થાત.

*(સબ્અ સનાબિલ, ઉર્દૂ : ૭૭–૭૮)*

એક સવાલના જવાબમાં હઝરત અકદસ મુફતી મહમૂદ હસન ગંગોહી રહ. લખે છે :

હઝરત અલી રદિ.ને એહસાનની જે નિસ્બત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત પ્રાપ્ત થઈ હતી એ નિસ્બતને હઝરત અલી રદિ. પહેલા ખલીફા હઝરત અબૂબક્ર રદિ., બીજા ખલીફા હઝરત ઉમર રદિ. અને ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન રદિ.સાથે રહીને ઓર વધારે મજબૂત કરી છે. એટલે કહી શકાય કે હઝરત અલી રદિ.ની નિસ્બતે એહસાન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશેદીનના ફૈઝ અને રૂહાનિયતનો સંગમ છે. માટે જે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિલસિલાઓ પણ હઝરત અલી રદિ.થી ચાલ્યા છે, તે બીજા ખુલફાએ રાશેદીનના ફૈઝથી ખાલી નથી. અમુક સિલસિલા એવા પણ છે જેમાં હઝરત અલી રદિ.નો વાસ્તો નથી. જેમ કે મવલાના આશિક ઈલાહી રહ.ના ભેગા કરેલા શજરહથી સ્પષ્ટ થાય છે. હઝરત મવલાના શાહ વલીયુલ્લાહ રહ.એ પણ એની ચોખવટ કરી છે. ખુલફાએ રાશેદીન પાસે ઝાહિરી અને બાતિની, બન્ને રીતે ઈમામત અને ખિલાફત હતી. એટલે તેઓ ઘણા ઉચા સ્થાને બિરાજમાન હતા. અને અન્ય સહાબા કરતાં પણ વધારે ઊંચા દરજા વાળા ગણાય છે. એટલે જ આ ખલીફાઓના સિલસિલામાં બાતિની ફૈઝ અને બરકતો પણ વધારે છે. પરિણામે સાચો તાલિબ ઘણો જલદી આગળ વધીને મકામે મઅરિફત સુધી પહોંચી જાય છે. (ફતાવા મહમૂદિયહ : ૪/૩૭૨)

જેમ કે ઉપર આવી ગયું નકશબંદી સિલસિલો મશ્હૂર શજરહ પ્રમાણે હઝરત અબૂબક્ર રદિ. સુધી પહોંચે છે. અને બીજી રીતે હઝરત અલી રદિ. સુધી પણ પહોંચે છે. એવી જ રીતે બીજા અુમક સિલસિલાઓ હઝરત ઉમર ફારૂક રદિ. હઝરત ઉસ્માન રદિ., હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ., હઝરત ઝુબૈર રદિ., હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. હઝરત અબુ હુરૈરહ રદિ. હઝરત અનસ બિન માલિક રદિ., હઝરત સલમાન ફારસી રદિ. વગેરે સહાબા રદિ. સુધી પણ પહોંચે છે. પરંતુ એ બધા બીજી રીતે હઝરત અલી રદિ. સુધી પણ પહોંચે છે અને એ જ શજરહ વધારે મશ્હૂર હોય છે એટલે ફકત હઝરત અલી રદિ. વાળો શજરહ સિલસિલાના લોકોમાં મશ્હૂર હોય છે. વધુ વિગત માટે જુઓ, આઈનએ તસવ્વુફ : ઝિયાઉલ હસન ફારૂકી ૯૭–૯૯.

***<u>ચિશ્તી સિલસિલાની કાર્યપદ્ધતિ અને વિશેષતાઓ</u>***

(૧) સિલસિલએ ચિશ્તિય્યહની સર્વ મહેનતનો આશય માણસના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિલમાં અલ્લાહ તઆલાની મુહબ્બતનું બીજ રોપવું છે. તેઓ કહેતા કે માનવ જીવનની ઉન્નતિ ત્યારે જ શકય છે જયારે તેનામાં પોતાના પાલનહાર સાથે ખરો સંબંધ હોય. જેણે અલ્લાહની ઝાતને તેના ગુણો વડે ઓળખી તેણે દુન્યાની તમામ ભૌતિક શકિતઓથી પોતાને સ્વતંત્ર કરી લીધો. માણસ જેની ઈચ્છા કરે છે એ જીવન, રોઝી, તંદુરસ્તી, ઈઝઝત વગેરે બધી જ વસ્તુઓનો આપનાર માત્ર અલ્લાહ જ છે, જયારે આ માન્યતા અને યકીન માણસના અંતરમાં મજબૂત થઈ જાય છે તો અસાધારણ આત્મવિશ્વાસ ઉત્પન્ન થઈ જાય છે. સાચી કેળવણી માનવીનું અસલી જીવન અલ્લાહ તઆલાની મુહબ્બત વગર શકય નથી.

(૨) ચિશ્તિય્યહ સિલસિલો માનવ બિરાદરીની એકતામાં માને છે. અને પોતાના ઉચ્ચ આધ્યાત્મિક અને સંસ્કારિક મુલ્યોને દરેક માનવી સુધી પહોંચાડવાનું ધ્યેય રાખે છે. મખ્લૂક અલ્લાહ તઆલાનો પરિવાર છે, એ સુત્ર ઉપર યકીન રાખી ચિશ્તી મશાઈખો માનવ બિરાદરીને પ્રેમના એક જ તાંતણામાં પરોવવાની કોશિશ કરવાને જરૂરી સમજે છે. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી (રહ.) ફરમાવતા હતા કે માણસે સમુદ્ર જેવી સખાવત, સૂરજ જેવું હેત અને પૃથ્વી જેવી તવાઝુઅ (નમ્રતા) પ્રાપ્ત કરવી જોઈએ. સમુદ્ર, સૂરજ અને પૃથ્વીની સખાવતો અને મહેરબાનીઓ પોતાના અને પરાયાનો ફર્ક નથી કરતી અને દરેક વ્યકિત માટે હોય છે.

(૩) ચિશ્તિય્યહ સિલસિલાના મશાઈખે ધર્મની તે ક્રાંતિકારી વિચારધારા રજૂ કરી જે કુરઆની તા'લીમનો નિચોડ છે. તેઓએ બતાવ્યું કે,

ધર્મ ખરેખર મખ્લૂકની સેવાનું જ બીજું નામ છે.

માનવ સમાજને રાહત પહોંચાડવાની દરેક કોશિશનું નામ ધર્મ છે.

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી (રહ.) ફરમાવ્યા કરતા હતા કે ખરી ઈબાદત એ છે કે,

અશકતોની ફરિયાદ ઉપર ધ્યાન આપવું,

કમઝોર અને બીચારાઓની જરૂરતો પૂરી કરવી,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ભુખ્યાઓનું પેટ ભરવું.

(૪) ચિશ્તી મશાઈખનો અકીદો હતો કે માણસને ભલાઈ અને નેકી કરવા ઉપર પ્રોત્સાહિત કરવો, ભલાઈ અને નેકીનો શોખ એમાં ઉભારવો, અને બદી – ગુનાહોની બુરાઈને દિલમાં જમાવીને એનાથી દૂર રહેવા ઉપર તૈયાર કરવો.

માણસમાં સંસ્કારિક અને આધ્યાત્મિક મુલ્યોનું સિંચન કરવું એમની ફરજ જ નહીં, બલકે નબીઓનું કાર્ય છે અને તેને ચાલુ રાખવાની જવાબદારી તેમના ઉપર આવે છે.

(૫) ચિશ્તી મશાઈખે વહદતુલ વુજૂદ (અદ્વૈતભાવ)ની વિચારધારાના અમલી પાસાને સ્પષ્ટ કર્યું, આ વિચારધારા જયારે માનવ સમાજમાં અમલી રૂપ ઈખ્તિયાર કરે છે તો એનું પરિણામ સામાજિક એકતા અને સદભાવનાના રૂપમાં પ્રગટ થાય છે. હઝરત શાહ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી (રહ.)એ એક વેળા શાહઝાદહ દારા શિકોહને લખ્યું હતું કે,

રસૂલે અકરમ (સલ.)ને કુરઆને પાકમાં 'રહમતુલલિલ આલમીન' કહેવામાં આવ્યા છે. જેનો સીધો મતલબ એ છે કે આખું વિશ્વ આપ (સલ.)ની રહમતની છાંવમાં છે. વધુ સ્પષ્ટીકરણ કરતા તેમણે લખ્યું કે 'ફુસૂસુલ હિકમ'માં એનો ખુલાસો એમ કરવામાં આવ્યો છે કે 'માણસ માણસ વચ્ચે કર્ક કરવો જાઈઝ નથી.' (કિંવા માનતવાની દ્રષ્ટ્રિએ બધા જ માનવો બરાબર છે.)

(૬) ચિશ્તી મશાઈખે એ પણ જરૂરી સમજયું કે રાજા અને રાજકારણથી અલગ રહેવામાં આવે, જેથી દરબાર ભકિતના અસંતુષ્ટ જીવન અને રાજકારણની હરપળે બદલાતી માંગણીઓ તેમના વિચાર અને વર્તન ઉપર પ્રભાવશાળી ન બની શકે. અને તેઓ પોતાના ઉચ્ચ આધ્યાત્મિક (રૂહાની) અને સંસ્કારિક (અખ્લાકી) ધ્યેયો માટે થતી કોશિશોમાં કોઈ અડચણ ન અનુભવે.

(૭) ચિશ્તી મશાઈખનું કહેવું એમ હતું કે વ્યકિતગત તેમજ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સામુહિક સફળતા અને કામ્યાબીનો ભેદ જીવનની જરૂરતોને વધારવામાં નહિં, બલકે એને ઘટાડીને મર્યાદિત કરવામાં છે. કનાઅત અને સબ્રનું જીવન માણસને ખરી ખુશી અને ખરા સુખની ગેરન્ટી આપે છે અને આ બધું ત્યારે જ શકય છે, જયારે માણસ સૃષ્ટિના સર્જનહારની હસ્તીને હરપળે પોતાની નજર સમક્ષ સમજે અને જીવનના બધા કાર્યો એવી રીતે બજાવી લાવે જાણે કોઈ ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ માટે માણસ અણથક મહેનત કરતો હોય.

(૮) શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ રહ. હમ્આતમાં લખે છે : ચિશ્તીયહ મકબૂલ બુઝુર્ગોનો તરીકો છે. આ તરીકાના લોકો સામાન્ય લોકોમાં ઘણા જ મકબૂલ હોય છે. સૂફિયાએ કિરામમાં ચિશ્તી મશાઈખ સામાન્ય લોકો જેવા જ હોય છે.

(૯) ઈશ્કે ઈલાહી ચિશ્તીયા સિલસિલાની બુનિયાદ છે. ઈબાદત, રિયાઝત, મુજાહદહ વગેરેનો મકસદ ઈશ્કે ઈલાહીને પ્રબળ બનાવવાનો જ છે.

(૧૦) નફસનો વિરોધ આ સિલસિલામાં મુખ્ય બાબત છે. ચિશ્તી મશાઈખ મુજબ નફસ 'સનમે અકબર' એટલે મોટો અવરોધ છે. એને હરાવવો જ રાહે સુલૂકની પહેલી મંઝિલ છે. એના વગર આગળ વધવું શકય નથી. હઝરત શાહ વલીયુલ્લાહ રહ. લખે છે : નફસને હરાવવો ચિશ્તી મશાઈખની તાલીમની બુનિયાદ છે. અને નફસની તાબેદારી 'કુફ્ર' છે. નફસને તાબે કરવા માટે જ મુજાહદહ કરવાની તાકીદ કરવામાં આવે છે. રિયાઝત અને મુજાહદહનો મકસદ બાતિનની સફાઈ અને અખ્લાકની સુધારણા છે. હઝરત નિઝામુદ્દીન અવલિયા રહ. ફરમાવે છે : અમારા ખાનદાનમાં બે વાતો છે : એક નફસ અને ખ્વાહિશાતનો વિરોધ. અને બીજી છે : લોકોને ફાયદો પહોંચાડો.

(૧૧) અખ્લાક, સંસ્કાર અને ઉચ્ચ માનવીય પરંપરાઓ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. અખ્લાક અને આદાબની તાલીમ – કેળવણીના બે પાસાં છે, બન્ને એકબીજા સાથે જોડાયેલાં છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

'તખ્લીયહ' એટલે કે બુરી આદતો જેમ કે કીનો, તકબ્બુર, ગીબત વગેરેથી નફસને પાક કરવામાં આવે.

અને સારા સંસ્કાર જેમ કે સખાવત, માફી, સબ્ર, સહનશીલતા, તવક્કુલ, કનાઅત વગેરેને કેળવણી આપવામાં આવે, એનું નામ 'તહલિયહ' છે.

(૧૨) ચિશ્તી મશાઈખ કોઈને હકીર કે નાનો નથી સમજતા. કોઈને તકલીફ નથી આપતા. હોદ્દા અને મોટાઈના બદલે નમ્રતા – તવાઝુઅ અને સામાન્ય બનીને રહેવાને પસંદ કરે છે. અલ્લાહ તઆલાની મખ્લૂક સાથે એમનું વર્તન શફકત, મુહબ્બત, અને માફી – દરગુઝરનું હોય છે. લોકોથી તકલીફ પહોંચે તો એના ઉપર સબ્ર – સહનશીલતાથી કામ લે છે. એને પોતાની રૂહાની તરક્કીનો સબબ સમજે છે. અને અમીરીના બદલે ફકીરી પસંદ કરે છે.

(૧૩) આ સિલસિલામાં ઉલૂમે ઝાહિરી અને ઉલૂમે બાતિની બન્ને શીખવા – અનુસરવા અને શરીઅત – તરીકતને સાથે લઈને ચાલવાને જરૂરી ઠેરવવામાં આવે છે. ઉલૂમ ઝાહેરીને જરૂરી સમજવામાં આવે છે. હિફ્જે કુરઆન અને તિલાવતનો શોખ ચિશ્તી સૂફિયાની આગવી ઓળખ ગણાય છે. ઝુહદ અને ત્યાગમાં ગુલૂ નથી કરતા. શરીઅત ઉપર અમલ કરવાને વધારે મહત્વ આપે છે.

(૧૪) મિરાતુલ અસરારમાં છે :

ખ્વાજગાને ચિશ્ત સુન્નતે નબવી મુજબ શહેરો અને ગામડાઓમાં રહે છે. લોકોને ગયરુલ્લાહથી તોડે છે અને અલ્લાહ તઆલા સાથે જોડે છે. હમેશા બાતિનની સફાઈ માટે કોશિશ કરતા રહે છે. પીરોના સિલસિલાથી જે તાલીમ મળી હોય છે એને મજબૂત પકડી રાખે છે. વસવસાઓને દિલમાં નથી આવવા દેતા. 'શર્હે સદ્ર' એમનો મકસદ હોય છે. રિયાઝત અને મુજાહદહનો શોખ રાખતા હોય છે. અમીરો કરતાં ફકીરોને વધારે પસંદ કરે છે. મહેમાનની ખિદમત કરવાનો ખાસ એહતેમામ કરે છે. સિમાઅ અને અહલે સિમાઅથી સંબંધ રાખે છે. બધા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જ લોકોને પોતાના કરતાં સારા સમજે છે અને દરેક સાથે મુહબ્બત – સુલેહ સાથે રહે છે. બધાની વચ્ચે રહેતા હોય છે છતાં વહદતુલ વુજૂદને હમેંશા સામે રાખે છે. મુરીદોને પહેલેથી જ 'લા મવજૂદ ઈલ્લલ્લાહ'નો મુરાકબહ કરાવે છે, જેથી હકીકી ઈમાનથી તેઓ મહરૂમ ન રહે. જે ઝિક્ર અને વઝીફો તેઓ અપનાવે છે તેના ઉપર મરતાં સુધી પાબંદી કરે છે. કોઈ 'શુગ્લ' બાબત અલ્લાહ તઆલા તરફથી છોડવાનો ઈશારો મળે તો પછી એ છોડી દે છે. હમેંશા મસ્ત અને હોશિયાર રહે છે. એટલે 'સક્ર' (ઈસ્તિગ્રાક) અને 'સહ્વ' (હોશિયારી) બન્ને કેફિયતો સાથે લઈને ચાલે છે. જયારે કે જુનૈદીયાં લોકો 'સહ્વ'ને ફઝીલત આપે છે અને તૈફૂરિયાં લોકો 'સક્ર'ને વધારે પસંદ કરે છે. આ બન્ને હાલતોને સાથે રાખીને ચાલનાર લોકો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સાચા અનુયાયી છે.

ચિશ્તી લોકો એટલા બા અદબ, મુતવાઝેઅ અને અખ્લાકે હસનહ ધરાવનાર હોય છે કે કોઈ પણ એમનાથી નફરત કરી જ ન શકે. અકલ અને ફઝલને નર્યા ઈલ્મથી આગળ રાખે છે. હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ. ફરમાવે છે કે ઈબ્લીસ પોતાના ઈલ્મ ઉપર અભિમાનના કારણે બરબાદ થયો અને હઝરત આદમ અલૈ.ને અલ્લાહ તઆલાનો ફઝલ મળ્યો તો ઈરફાનના મરતબા ઉપર પહોંચી ગયા. મુરીદીન પાસે શરૂઆતમાં જ બાતિનની સફાઈ માટે એવી કોશિશ કરાવે છે કે અવલિયાએ કિરામની રૂહાનિયત અને દિલની હાજરી નસીબ થઈ જાય અને પછી ગુનાહોથી બચવાનું સરળ રહે અને બધા જ કામો અલ્લાહ તઆલાની મરજી મુજબ થાય. ચિશ્તી અવલિયાનો 'હાલ' મોતબર હોય છે કારણ કે અંબિયાએ કિરામ ઉપર વહી થાય છે અને અવલિયાએ કિરામને ઈલ્હામ.

અલ્લાહ તઆલાની મરજી એમના ઉપર એવી સવાર હોય છે કે લોકોની બુરાઈ અને તારીફ તરફ બિલ્કુલ ધ્યાન નથી આપતા. જે રીતે અને તરીકાએ એમને બાતિની તરક્કી મળે એ અપનાવે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમનો અસલ મશ્રબ અને રીત ઈશ્ક, આજિઝી, તર્ક – ત્યાગ અને ઈષાર છે. નફહાતુલ ઉન્સમાં છે કે, શૈખુલ ઈસ્લામ રહ. ફરમાવે છે કે મેં ખ્વાજા અહમદ ચિશ્તી રહ.થી વધીને કોઈ મજબૂત માણસ નથી જોયો. બધા જ ચિશ્તી મશાઈખ આવી રીતે મખ્લૂકથી બેબાક અને બાતિનના શેહસવાર હોય છે. દરેક હાલતમાં ઈખ્લાસ અને રિયાકારીથી દૂર રહેવાની કોશિશ કરતા રહે છે. (મિરાતુલ અસરાર, ઉર્દૂ : ૩૭૨–૩૭૩)

(૧૫) ચિશ્તી બુઝુર્ગોની એક વિશેષતા આ પણ છે કે, રાજા અને રાજકરણ એટલે કે બાદશાહોની દોસ્તી અને દરબારોની હાજરીથી દૂર રહેતા હતા. સુલતાન અલતમશ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.નો વિશેષ અકીદતમંદ હતો પણ આપ રહ. કદી એના દરબારમાં જતા ન હતા. ફકત એક વાર એક જરૂરતના લઈને બાદશાહ પાસે પહોંચ્યા હતા. જેમ કે એમના હાલાતમાં આવી રહયું છે.

સુલતાન અલાઉદ્દીન ખિલજી શેખ નિઝામુદ્દીન અવલિયા રહ.નો અકીદતમંદ હતા. એકવાર સુલતાને હઝરત નિઝામુદ્દીન રહ.ને મળવાની ઈચ્છા વ્યકત કરી તો હઝરત નિઝામુદ્દીન રહ.એ ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું : આ ફકીરના ઘરના બે દરવાજાઓ છે, બાદશાહ એક દરવાજેથી આવશે તો હું બીજા દરવાજેથી બહાર નીકળી જઈશ.

એવું પણ નથી કે મશાઈખ બાદશાહોથી નફરત કરતા હતા. બલકે તેઓ અમીરો – બાદશાહોની નિકટતા અને દોસ્તીને પસંદ કરતા ન હતા. અલબત્ત જરૂરત પડે તો જરૂરતમંદો અને મોહતાજોની ભલામણ બાદશાહોને લખી મોકલાવતા હતા.

શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.એ બાદશાહને આવી એક ભલામણ કરતી વેળા લખ્યું કે,

> આ માણસનો મામલો સૌપ્રથમ અલ્લાહના દરબારમાં રજૂ કરું છું, હવે જો તમે આ માણસનું કામ કરી દેશો તો કરનાર તો અલ્લાહ તઆલા જ છે, પણ શુક્રિયહમાં તમારો પણ હિસ્સો હશે. અને નહીં કરો તો હું એમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સમજીશ કે અલ્લાહને જ મંજૂર ન હતું, એમાં તમારો શું વાંક !

મશાઈખ અને બાદશાહોનો સંબંધ સમજવા માટે આ પત્ર ઘણું બધું કહી જાય છે. એટલે કે બાદશાહો સાથે એમનો સંબંધ ફકત એટલો જ હતો કે જરૂરતમંદ લોકોની સહાય કરી શકાય, અને એમાંયે અલ્લાહ તઆલા તરફ જ એમની નજર રહેતી હતી. બાદશાહોને ફકત એક ઝરીયો અને સબબ સમજતા હતા. એટલે જ મશાઈખ રહ. બાદશાહોના તોહફા અને જાગીરો કુબૂલ કરતા ન હતા. સુલતાન અલતમશે ખ્વાજા બખ્તીયાર કાકી રહ.ને જાગીર આપવાની ઈચ્છા વ્યકત કરી હતી પણ આપ રહ. એ ઈન્કાર કરી દીધો. શેખ હમીદુદ્દીન નાગોરી રહ. સુલતાને મોકલેલા તોહફા ફક્ત ખાનકાહના ખર્ચ માટે કુબૂલ ફરમાવતા હતા. બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ.ને ઉલગખાને અમુક ગામોની જાગીરનું ફરમાન લખીને મોકલાવ્યું તો પાછું મોકલાવી દીધું. શેખ નિઝામુદ્દીન અવલિયા આ બાબતે સૌથી વધારે કડક સ્વભાવ અને સિદ્ધાંતવાદી હતા. સુલતાન અને દરબારના કોઈ પણ વ્યકિત દ્વારા મોકલાવવામાં આવેલ તોહફા કુબૂલ કરવાની ખાનકાહમાં પાબંદી હતી.

હઝરત નિઝામુદ્દીન અવલિયા રહ.એ બધા જ ખલીફાઓને સરકારી નોકરીથી અલગ રહેવાનો આદેશ ફરમાવ્યો હતો. પરિણામે સુલતાન મુહમ્મદ બિન તુગ્લકે જયારે આદેશ કર્યો કે બધા જ સૂફિયા સલતનત સાથે મળીને સલતનતની મદદ કરે તો સુહરવર્દી સિલસિલાના લગભગ બધા મશાઈખે સુલતાનના આદેશનું પાલન કર્યું પણ ચિશ્તી મશાઈખ જેમ કે શેખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી રહ., શેખ કુત્બુદ્દીન મુનવ્વર રહ., મવલાના શમ્સુદ્દીન યહયા રહ. વગેરેએ સુલતાનનો આદેશ ઠુકરાવી દીધો અને પરિણામે એમણે પરેશાનીઓ ઉઠાવવી પડી.

અમીર ખુસરુ રહ. શેખ નિઝામુદ્દીન અવલિયા રહ.ના વિશેષ શાગિર્દ અને મુરીદ હતા. એમના પ્રત્યે ઘણી જ મુહબ્બત હતી પણ સલતનત સાથેના એમના સંબંધોના કારણે એમને ખિલાફત આપવામાં આવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નહીં, એટલે કે ખિલાફત માટે શરત હતી કે સરકારી હોદ્દાઓ અને દરબારથી દૂર રહેવામાં આવે. શેખ નિઝામુદ્દીન અવલિયા રહ. ખિલાફતનામહમાં સરકારી હોદ્દો ન સ્વીકારવાની વસીયત ફરમાવતા હતા.

કોઈ બુઝુર્ગ કદી કોઈ તોહફો કુબૂલ ફરમાવતા તો એને ગરીબો, ફકીરો અને ખાનકાહમાં ખર્ચ કરી દેતા હતા.

એવી જ રીતે શાહી દરબારની હાજરી અને નોકરી કે ગમે તેવો શાહી હોદ્દો સ્વીકારવાને પણ પસંદ કરતા ન હતા. સુલતાન અલતમશે ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.ને 'શૈખુલ ઈસ્લામ'નો હોદ્દો સ્વીકારવાની દરખાસ્ત કરી તો આપ રહ.એ મના કરી દીધું.

મશાઈખના હાલાતમાં આવા અનેક કિસ્સા છે. બાબા ફરીદુદ્દીન રહ. શેખ બદરુદ્દીન ગઝનવી રહ.નો એક કિસ્સો બાબા સાહેબ રહ.ના હાલાતમાં આવી રહયો છે.

ચિશ્તી મશાઈખ એમ સમજતા હતા કે અમીરો અને બાદશાહોની દોસ્તીના કારણે જે માલદારી અને દોલત મળે એનાથી એશ – આરામમાં પડી જવાનો ભય રહે છે. એક બીજું કારણ આ છે કે બાદશાહના એહસાન તળે હોવાથી એના બુરા કામો, કોતાહી અને અત્યાચારો વિરુદ્ધ બોલવાની હિમ્મત ન થાય એવું પણ શકય છે. અને ત્રીજું કારણ આ હતું કે, બાદશાહે આપેલ માલમાં હલાલ માલ કેટલો છે એ પણ સ્પષ્ટ નથી હોતું.

ચિશ્તી મશાઈખથી વિપરીત સુહરવર્દી મશાઈખ રહ. બાદશાહોના તોહફા અને નઝરાના કુબૂલ ફરમાવતા હતા. શેખ રુકનુદ્દીન મુલતાની રહ. (શેખ બહાઉદ્દીન ઝકરિયા રહ.ના પોત્ર)નો તો આદેશ હતો કે સરકારી અફસરો, અમલદારો અને અમીરો ખાનકાહમાં હરગિઝ ખાલી હાથ આવે નહીં, પોતાની સાથે ખાનકાહ માટે કંઈક નઝરાનું કે હોશિયાર અને કાબેલ માણસો લઈને આવે.

નકશબંદી મશાઈખ પણ બાદશાહોથી સંબંધ રાખતા હતા. એમની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જાગીરો અને તોહફા કુબૂલ કરતા હતા. આમ છતાં તેઓ દઢતા પૂર્વક બાદશાહોને એમની કોતાહીઓ બાબત રોકટોક પણ કરતા હતા.

મુજદ્દિદ અલ્ફે ષાની શેખ અહમદ સરહિંદી રહ. અકબર બાદશાહની બિદઅતો વિરુદ્ધ હમેંશા અવાજ ઉઠાવતા હતા. એટલે જ પછી જહાંગીર બાદશાહે એમને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કરી દીધા હતા. આ બુઝુર્ગોનું માનવું હતું કે, સરકારી કામકાજમાં શામેલ રહીને અથવા હુકૂમત સાથે સારા સંબંધો કેળવીને બાદશાહ પાસેથી સારા કામો કરાવી શકાય છે. ગરીબો અને મોહતાજોની મદદ પણ સારી રીતે કરી શકાય છે. લોકોમાં ફેલાયેલ બદીઓ, ગુનાઓ અને બિદઅતો ઉપર પાબંદી પણ લગાવી શકાય છે. મુજદ્દિદ અલ્ફે ષાની રહ., હઝરત હઝરત શાહ વલીયુલ્લાહ રહ., હઝરત મિરઝા મઝહર રહ. વગેરે બુઝુર્ગોએ બાદશાહો અને અમીરો – અફસરોના નામે લખેલ પત્રો દ્વારા આ બાબત આસાનીથી સમજી શકાય છે.

કાદરીયા સિલસિલાના બુઝુર્ગોમાં બાદશાહોથી દોસ્તી અને એમની પાસેથી જાગીરો વગેરે સ્વીકારવા અને અને ન સ્વીકારીને દૂર રહેવું,એમ બન્ને પ્રકારની પરંપરાઓ જોવા મળે છે. લાગે છે આ બાબતે એમને કોઈ વિશેષ સિદ્ધાંત નક્કી કર્યો ન હતો. દરેક શેખ અને સાલિક એમના સંજોગો મુજબ જે રાહ અપનાવે એની ઈજાઝત હતી. આમ છતાં આ મશાઈખની તાલીમમાં નિડર રહીને હક વાત કહેવાની અને ગરીબોની મદદ કરવાની વિશેષ તાકીદ હતી.

*(તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ, અરબ સે હિંદુસ્તાન તક : ૭૫–૭૭/ હાલાત વ ખિદમાત, મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૪૨–૪૪)*

(૧૬) હિંદુઓ સાથે સારા – સુમેળ ભર્યા સંબંધો રાખવાની ભારતમાં ચિશ્તી મશાઈખની પરંપરા છે. બલકે ચિશ્તીય્યહ બુઝુર્ગોની ખાનકાહોમાં જોગીઓ અને સાધુઓ, વિશેષ કરીને નાથપંથી સાધુઓની આવન જાવન અને ચર્ચાઓ થતી રહેતી હતી. વિચારો – અકીદાઓની આપ લે, તાલીમ, નસીહત ઉપરાંત એકબીજાથી આગળ અને અળગા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોવાના પુરાવા સ્વરૂપે કરામતો પણ દેખાડવામાં આવતી હતી. ચર્ચાઓમાં દલીલો પણ આપવામાં આવતી હતી. એટલે એમની ભાષા અને પરિભાષા, વિશેષ શબ્દો અને માન્યતાઓ વગેરે મશાઈખની તાલીમમાં આવતી રહેતી હતી.

અલબત્ત હિંદુઓ સાથેના સંબંધો સમાજ કે સંસ્કૃતિની અસરના કારણે નહીં, બલકે માનવતા અને માનવીય અખ્લાકના લીધે હતા. હદીસે નબવી 'બધી જ મખ્લૂક અલ્લાહનું ખાનદાન છે.'ના સિદ્ધાંતમાં મશાઈખ માનતા હતા. અકીદા અને ધર્મનો તફાવત માનવ બિરાદરીની સગાઈને તોડતો નથી, એમ માનતા હતા.

બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ.ખાનકાહમાં હિંદુ જોગીઓની આવન જાવન સામાન્ય બાબત હતી. એમની કોઈ વાત સારી લાગતી તો આપ રહ. ખુશી વ્યકત ફરમાવતા હતા.

એકવાર કોઈ જોગી આવ્યો તો આપ રહ.એ એને પૂછયું : તમારી સાધનાનું મુળ શું છે ? એણે ઉત્તર આપ્યો કે અમારા જ્ઞાન અનુસાર પિંડમાં બે સૃષ્ટિઓ હોય છે. એક અલવી (સર્વોચ્ચ – તુર્ય જગત) અને બીજી સિફલી (ભૌતિક– જાગૃત જગત). માથાથી લઈને નાભિ સુધી અલવી પિંડ અને નાભિથી ચરણો સુધી સિફલી. સાધનનું રહસ્ય આ છે કે, સચ્ચાઈ, સફાઈ, નિષ્ઠા અને સદવ્યવહારનો સંબંધ અલવી સૃષ્ટિ સાથે છે. અને સિફલી દુનિયામાં પવિત્રતા, શીયળતા, નિયંત્રણ, સાધુપણું હોવાં જોઈએ. આપ રહ.એ ફરમાવ્યું કે, મને એની વાતો સારી લાગી.

એકવાર કોઈ નવો માણસ આવ્યો અને માથું મુંડાવીને મુરીદ થઈ ગયો. પછી કોઈ દિવસ એક જોગી આવ્યો. આ મુરીદ એને વાળ વધારવાની ઔષધિ પૂછવા લાગ્યો તો બાબા ફરીદુદ્દીન રહ. આ બાબતે ઘણા જ નારાજ થયા અને ફરમાવ્યું : વાળ તો નફસને કચડવા માટે મુંડાવ્યા હતા, પછી એને વધારવાની દવા પૂછવાનો શો મતલબ ? (અલખબાની, હિન્દી : ૫૪–૫૫)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની ખાનકાહમાં જોગીઓ આવતા હતા. જોગીઓ સાથે ચમત્કારના મુકાબલાના કિસ્સા પણ એમના મશ્હૂર છે.

શેખ અહમદ અબ્દુલહક રહ.ના હાલાતમાં આગળ આવી રહયું છે કે તેઓએ એકવાર પોતાને સંબોધીને કહેવા લાગ્યા :

અહમદ ! તેં કંઈ મેળવ્યું નથી. બુઝુર્ગોની સોહબત અપનાવવાની હજુ જરૂરત છે. જીવતા લોકોની સોહબત બહુ થઈ, હવે મુરદા લોકોની સોહબત અપનાવી જો. પછી એક દિવસ પોતે જ પોતાની કબર ખોદી અને છ મહીના સુધી એમાં બેસીને અલ્લાહની યાદમાં મશ્ગૂલ રહયા.(અખબારુલ અખ્યાર : ૩૯૭)

શ્વાસ રોકી રાખવો, ખાધા – પીધા વગર લાંબો સમય જીવંત રહેવું, વગેરે ચમત્કારો હિંદુ જોગીઓમાં પણ તે સમયે સામાન્ય હતા. એટલે આપ રહ.એ એમને જવાબ આપવા હેતુ મુજાહદહ કરીને આ 'કમાલ' પણ પ્રાપ્ત કર્યો હોય એ શકય છે.

શાહ અઝદુદ્દીન રહ. પણ સાબરી ઈમ્દાદી સિલસિલાના મહાન બુઝુર્ગ છે. એમણે હિન્દુ ફિલોસોફી અને વેદાંતની વિદ્યા મેળવવા સંસ્કૃત ભાષા પણ શીખી હતી. એ દિવસોમાં એક મુસલમાન માટે બ્રાહ્મણોની ભાષા શીખવી મુશ્કેલ હતું. અયોધ્યા, બનારસ વગેરે સ્થળોના પંડિતો પાસે જઈને, તકલીફો વેઠીને પણ આ ભાષા શીખી લીધી અને એના થકી હિન્દુ વિચારધારાની સમજણ એના મુળ સ્ત્રોતથી મેળવવામાં સફળ થયા.

એકવાર એક મુસલમાન પોતાના એક હિન્દુ દોસ્તને લઈને હઝરત શેખ નિઝામુદ્દીન અવલિયા રહ.ની ખિદમતમાં આવ્યો અને કહેવા લાગ્યો : આ મારો ભાઈ છે. શેખ નિઝામુદ્દીન રહ.એ પૂછયું : તારા આ ભાઈમાં મુસલમાનો જેવી કયી બાબત છે ? એણે અરજ કરી કે હું એટલા માટે એને આપની ખિદમતમાં લાવ્યો છું કે, આપની નજર અને સોબતની બરકતથી એ મુસલમાન થઈ જાય. આ સાંભળીને શેખ નિઝામુદ્દીન રહ.ની આંખમાં આંસુ આવી ગયાં અને ફરમાવ્યું : આ કોમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર કોઈના કહેવાની અસર નથી થતી. હા, કોઈ નેક માણસની સોબત એને મળી જાય તો એની બરકતથી એ મુસલમાન થઈ જશે.

હિંદુઓ સાથે સારા સંબંધો રાખવા અને મેળમિલાપ રાખવા અને માનવીય સમાનતાના ઈસ્લામી આદેશ ઉપર વધારે અમલ કરવાથી ઈસ્લામ અને ભારતીય સમાજ બન્નેને ઘણો લાભ થયો. મોટી સંખ્યામાં લોકોએ ઈસ્લામ સ્વીકાર કર્યો, એનાથી વધારે ફાયદો ભારતના લોકોને થયો. ભારતીય સમાજમાં ચાલતી આવતી વર્ણવ્યવસ્થાના કારણે સામાન્ય લોકોની બહુમતિ નીચ, પછાત કે અછૂત ગણાતી હતી. મુસલમાન સૂફીઓ અને મુસલમાનોના વર્તન અને વહેવારના કારણે ભારતીય સમાજને માનવીય એકતા અને સમાનતાની નવી ઓળખ મળી. જેનાથી ભારત અત્યાર સુધી પરિચિત પણ ન હતું.

***ચિશ્તી તાલીમની બુનિયાદો અને તરીકાઓ***

પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ.એ 'તારીખે મશાઈખે ચિશ્ત'માં ચિશ્તી કાર્યપદ્ધતિ વિશે ઘણી વિસ્તારથી ચર્ચા કરી છે, અત્રે એનો ખુલાસો વર્ણવીએ છીએ :

(૧) અરકાને ઈસ્લામની પાબંદી : મશાઈખે ચિશ્તની ઈસ્લાહી મહેનતની શરૂઆત દીની ઈસ્લામી તરબિયત કરાવે છે. સૌપ્રથમ અરકાને ઈસ્લામની પાબંદીની તાકીદ કરે છે. મશાઈખ એમના ખલીફાઓને આ બાબતે વિશેષ તાકીદ ફરમાવતા હતા. મશાઈખનું માનવું હતું કે અરકાને ઈસ્લામની પાબંદી વગર રૂહાની તરક્કી શકય જ નથી. રાહે સુલૂકની પહેલી મંઝિલ આ જ છે.

(૨) ઈત્તેબાએ શરીઅત : મશાઈખે ચિશ્ત જીવનના દરેક ક્ષેત્રે શરીઅત અને સુન્નતની તાબેદારીનો ખ્યાલ રાખે છે. અને પોતાના અકીદતમંદોને એની તાકીદ કરીને એના ફાયદા બતાવે છે. હઝરત મવલાના અશ્રફ અલી થાનવી રહ.એ 'અસ્સુન્નતલ જલિય્યહ' માં ઘણી મહેનતથી અનેક મલ્ફૂઝાત અને તઝકિરાઓના હવાલાથી મશાઈખે ચિશ્તની ઈત્તેબાએ સુન્નતને સ્પષ્ટ ફરમાવી છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૩) અખ્લાકની તાલીમ : મશાઈખે ચિશ્તના ઈસ્લાહી પ્રોગ્રામમાં અખ્લાકની તાલીમ મુખ્ય વસ્તુ છે. તેઓ અખ્લાકી તાલીમને 'નબીઓનું કામ' સમજે છે. રાત દિવસ એની જ મહેનત કરે છે કે માણસમાંથી બુરાઈઓ દૂર કરીને એના વ્યકિતત્વને અજવાળવામાં આવે.

બાબા ફરીદુદ્દીન રહ. ફરમાવતા હતા કે, પીર તો દુલ્હનને શણગારનાર (Beautifier) છે. જેમ શણગારનારી ઓરત દુલ્હનને શણગારે છે એવી જ રીતે પીર પોતાના મુરીદના અખ્લાક અને બાતિનને શણગારે છે. શેખ નિઝામુદ્દીન અવલિયા રહ. હઝરત અલી રદિ.એ બતાવેલ આ ત્રણ વસ્તુઓને હુસ્ને અખ્લાકને પૂર્ણ કરનારી બતાવતા હતા.

લોકો સાથે હસતા મુખે – સાફ દિલથી વાત કરો.

હલાલ રોઝીનો ખ્યાલ રાખો.

આ વિષયની અમુક બાબતો ઉપર નંબર ૧૪ માં પણ આવી ગઈ છે.

***અખ્લાકી કેળવણીની બુનિયાદો***

અખ્લાકની તાલીમ બાબતે મશાઈખે ચિશ્ત નીચેની બાબતો વિશેની તાકીદ આગ્રહ રાખે છે :

(૧) ઈસ્લાહે નિય્યત.

આ સૌથી મહત્વની બાબત છે. શેખ નિઝામુદ્દીન રહ.નું કથન છે : મુળ વાત આ છે કે નિય્યત સારી હોવી જોઈએ. લોકોની નજર અમલ તરફ હોય છે, પણ અલ્લાહ તઆલાની નજર નિય્યત ઉપર હોય છે. (ફવાઈદુલ ફુવાદ)

(૨) ઈસ્તેકામત :

મશાઈખનું કહેવું છે કે ઈસ્તેકામત વગર માણસને કંઈ મળતું નથી. 'યક દર ગીર, મુહકમ ગીર' માણસની જીંદગીનો સિદ્ધાંત હોવો જોઈએ.

(૩) તવક્કુલ :

ફવાઈદુલ ફુવાદ, તુહફતુન્નસાઈહ, સિયરુલ અવલિયા અને મશાઈખે ચિશ્તની અન્ય કિતાબોમાં તવક્કુલના મહત્વ ઉપર વિશેષ ચર્ચા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરવામાં આવી છે. શેખ ચિરાગ દહેલ્વી રહ.નું કથન છે : રોઝી કમાવું તવક્કુલના વિરુદ્ધ નથી. કોઈ બચળવાર માણસ કંઈ મહેનત કરે અને દિલની નજર માલ ઉપર નહીં, બલકે અલ્લાહ તઆલા ઉપર છે તો એ મુતવક્કિલ છે.

(૪) અફવ – માફી :

સિયરુલ અવલિયામાં છે : શેખ નિઝામુદ્દીન રહ. ફરમાવતા હતા કે ગુસ્સો પી જવા કરતાં પણ માફ કરવું વધારે મોટું કામ છે. કારણ કે કોઈ માણસ ગુસ્સો પી જાય પણ માફ ન કરે તો શકય છે કે પછી એના દિલમાં 'કીના'ની બુનિયાદ પડી જાય.

(૫) ઈષાર – હમદર્દી :

શેખ ચિરાગ દહેલ્વી રહ. ويؤثرون على أنفسهم الخ આયતે કરીમા પઢીને એનું મહત્વ સમજાવતા હતા. આ વિષયે ખયરુલ મજાલિસમાં એમણે વર્ણવેલા કિસ્સાઓ વાંચીને રડવું આવી જાય છે.

દયાનતદારી : ખયરુલ મજાલિસ, ફવાઇદુલ ફુવાદ વગેરે કિતાબોમાં અનેક સ્થળે જોવા મળે છે કે મશાઇખ એમની મજલિસોમાં હાજર થનાર લોકોને આ વાત ઠસાવવા માંગતા હોય છે કે દયાનતદારીમાં જ બધી ખુશી અને માલદારી છે. ફવાઇદુલ ફુવાદમાં લખ્યું છે કે, એકવાર લાહોર ફકત એટલા માટે તબાહ થઈ ગયું હતું કે ત્યાંના વેપારીઓએ ગુજરાતમાં વધારે કિંમત વસૂલ કરી હતી.

(૬) લોકોની બુરાઈ શોધવાની મનાઈ : મશાઈખના મલ્ફૂઝાતમાં અનેક સ્થળોએ આ બુરી આદત છોડવાની તાકીદ આવી છે. માણસની રચનાત્મક શકિત અને કાબેલિયત એમાં જ ખતમ થઈ જાય છે.

(૭) સહનશીલતા : 'સિદ્દીક' લોકોની સિફત કહીને આ બાબતની તાકીદ કરવામાં આવી છે.

ઉપરાંત મશાઈખે ચિશ્ત દ્વારા એમના મુરીદો અને અકીદતમંદોને ઈસ્લામી આદાબ શીખવાડવાની ઘણી મહેનત કરવામાં આવી. સેંકડો નબવી સુન્નતો એમણે જીવંત ફરમાવી. વધુ વિગત જોઈતી હોય તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિયરુલ અવલિયાના સાતમા બાબનું વાંચન કરવામાં આવે.

*(તારીખે મશાઈખે ચિશ્ત : ર૬૭–ર૭ર)*

***ઓગણીસમાં સદીના ભારતમાં ચિશ્તી મશાઇખની ખિદમાત***

**પ્રોફેસર ખલીક અહમદ નિઝામી તારીખે મશાઈખે ચિશ્તમાં લખે છેઃ**

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ (રહ.) ઓગણીસમી સદીની ત્રણ મહાન ચળવળોના મુળસ્ત્રોત હતા :

***મદરસાઓ :***

(૧) મુસલમાનોમાં દીની તા'લીમના પ્રસાર માટે જે ચળવળ શરૂ થઈ અને અંતે દારુલ ઉલૂમ દેવબંદનું રૂપ ધારણ કર્યું, એ હાજી સાહેબના ખલીફાઓની મહેનતોનું પરિણામ છે. મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.), મવ.મુહંમદ કાસિમ નાનોતવી (રહ.), મવ. મુ. યાકૂબ નાનોતવી (રહ.) અને હાજી આબિદ હુસૈન(રહ.) હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના જ ખલીફા હતા.

***તબ્લીગી ચળવળ***

(૨) તસવ્વુફ અને સુલૂક (આધ્યામિકતા)તથા દઅવતો તબ્લીગ મારફત મુસલમાનોની ઈસ્લાહ અને સુધારણાનું જે કામ શરૂ કરવામાં આવ્યું, એમાં બે બુઝુર્ગોનો ગણનાપાત્ર ફાળો છે. એક મવલાના અશરફ અલી થાનવી (રહ.) જેઓ હઝરત હાજી સાહેબ રહ.ના ખલીફા હતા. એક નાનકડા ગામની મસ્જિદમાં બેસીને મુસલમાનોની જીવનના અનેક પાસાઓ વિશે એમણે સુધારણાની ચળવળ ચલાવી. આમ છતાં એમની ચળવળ મવલાના ઈલ્યાસ સાહેબ રહ.ની તબ્લીગી ચળવળ જેટલો બહોળો પ્રભાવ ધરાવતી ન હતી.

મવ. મુહંમદ ઈલ્યાસ (રહ.) છે. મવ.ગંગોહી (રહ.)ના મુરીદ હતા. અલ્લાહ તઆલા આ ઝમાનામાં જે દીની બસીરત અને લાગણી – હિમ્મત અલ્લાહ તઆલા એમને આપી હતી એની કોઈ મિસાલ નથી. **પાછલી સદીમાં કોઈ બુઝુર્ગ દ્વારા ચિશ્તીયા**

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

**સિલસિલાના ઈસ્લાહી ઉસૂલો – સિદ્ધાંતોને એવી રીતે નથી અપનાવવામાં આવ્યા જેવા કે મવલાના ઈલ્યાસ રહ.એ અપનાવ્યા હતા.**

*ભારતની આઝાદીની લડત*

(૩) ત્રીજી અગત્યની ચળવળ દેશની આઝાદીની ચળવળ હતી. એમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સા.પોતે શામિલ હતા. એમના મુરીદો એમની સાથે હતા. એ લોકોએ જે અગત્યના કામો કર્યા છે, તે ભારતનાં ઈતિહાસમાં સોનેરી અક્ષરોએ લખવાપાત્ર છે.હાજી સા.(રહ.)ના દિલમાં દેશની આઝાદીની જે ચિંગારી હતી, તે હઝરત શૈખુલ હિન્દ (રહ.)ના રૂપમાં ભડકો બની ફેલાઈ ગઈ હતી.તેમણે અને તેમના બાહોશ શાગિર્દોએ દેશની આઝાદી માટે જે તકલીફો વેઠી છે, તેની ભારતનો કોઈપણ પ્રામાણિક ઈતિહાસકાર નોંધ લીધા વગર રહેશે નહીં.

*(તારીખે દાવત વ અઝીમત / તારીખે મશાઈખે ચિશ્ત : ૨૩૪)*

*સંદર્ભગ્રંથો :*


| | |
|---|---|
| રિસાલહ કુશયરિયહ. | શેખ અબૂલ કાસિમ અબ્દુલ કરીમ કુશૈરી રહ. |
| અવારિફુલ મઆરિફ. | શેખ શિહાબુદીન ઉમર સુહરવર્દી રહ. |
| કશ્ફુલ મહજૂબ. | શેખ અબુલ હસન અલી હુજવીરી રહ. |
| કિતાબુલ્લુમઅ. | અબૂ નસ્ર અબ્દુલ્લાહ સર્રાજ તૂસી રહ. |
| તલબીસે ઈબ્લીસ. | અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી રહ. |
| મુકદમહ ઈબ્ને ખલ્લદૂન. | અબ્દુર્રહમાન ઈબ્ને મુહમ્મદ ખલ્લદૂન |
| તારીખે મશાઈખે ચિશ્ત. | શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત. | પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ. |
| મિરાતુલ અસરાર. | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| હમ્આત. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| અલકવલુલ જમીલ. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| અલઈન્તિબાહ. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| તારીખ વ મશાઈખે તસવ્વુફ. | મુફતી મુહમ્મદ અમ્જદ હુસૈન |
| આઈનએ તસવ્વુફ. | પ્રો. ઝિયાઉલ હસન ફારૂકી |
| કૂતુલ કુલૂબ. | શેખ અબૂ તાલિબ મક્કી રહ. |
| મશાઈખે ચિશ્તીયા સાબરીયહ. | ડો. રઝી અહમદ કમાલ. |
| શરીઅત વ તરીકત કા તલાઝુમ. | હઝ. શેખ મવલાના ઝકરિયા રહ. |
| મકાલાતે એહસાની. | મવલાના મનાઝિર અહસન ગીલાની રહ. |
| યાદે અય્યામ. | મવ. અબૂલ હસન અલી મીયાં નદવી રહ. |
| કુલ્લિયાતે ઈમ્દાદીયહ. | હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. |
| મકતૂબાતે કુદૂસિયહ. | શેખ અબ્દુલ કુદૂસ ગંગોહી રહ. |
| રૂદે કવષર. | શેખ મુહમ્મદ ઈકરામ |
| દસ્તૂરુલ ઉલમા. | કાઝી અબ્દુન્નબી અહમદ નગરી રહ. |
| સબ્અ સનાબિલ. | મીર અબ્દુલ વાહિદ બલગરામી રહ. |
| શરીઅત વ તસવ્વુફ. | મવ. શાહ મુહમ્મદ મસીહુલ્લાહ સા. રહ. |
| ઈમ્દાદુલ ફતાવા, | હઝ. અકદસ મવ.અશ્રફઅલી થાનવી રહ |
| ફતાવા મહમૂદિયહ. | હઝ. અકદસ ફકીહુલ ઉમ્મત રહ. |
| રસાઈલે ઈમામ ગિઝાલી. અય્યુહલ વલદ. | ઈમામ ગિઝાલી રહ. |
| ઈકતિબાસુલ અનવાર. | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી.<br>ઉર્દૂ અનુવાદ : કેપ્ટન વાહિદ બખ્શ સયાલ |
| તઝકિયહ વ એહસાન યા તસવ્વુફ વ સુલૂક. | મવ. અબૂલ હસન અલી મીયાં નદવી રહ. |
| તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ, અરબ સે હિંદુસ્તાન તક. | પ્રોફેસર મુહમ્મદ હિફઝુર્રહમાન |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ચિશ્તીયા મશાઇખ

## ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ

## સિલસિલાના બુઝુર્ગોનું

## જીવન ચરિત્ર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧.

## સુલતાનુલ અવલિયા

## અમીરુલ મુઅમિનીન

# હઝરત અલી મુરતઝા રદિ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## અનુક્રમણિકા


| | |
|---|---|
| હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને અબૂતાલિબ | ૧૪૦ |
| હઝરત અલી રદિ.ના વાલિદહ : ફાતિમહ રદિ. | ૧૪૨ |
| હઝરત અલી રદિ.ના ભાઈ બહેનો | ૧૪૩ |
| હઝરત અલી રદિ.નો જન્મ | ૧૪૬ |
| ઈસ્લામ સ્વીકાર | ૧૪૬ |
| હઝરત અલી રદિ.નું મક્કી જીવન | ૧૪૭ |
| હિજરત | ૧૫૧ |
| હઝરત અલી રદિ. મદીનામાં. | ૧૫૪ |
| આર્થિક તંગી અને ઈસ્તિકામત | ૧૫૫ |
| નબવી લાડ – મુહબ્બત | ૧૫૭ |
| વવિધ લડાઈઓમાં હઝરત અલી રદિ.ની બહાદુરી | ૧૫૮ |
| ગઝવએ બદર | ૧૫૮ |
| ગઝવએ ઉહદ | ૧૫૯ |
| સુલહે હુદયબિયહ | ૧૬૨ |
| ખૈબર | ૧૬૩ |
| ફત્હે મક્કહ | ૧૬૫ |
| ગઝવએ તબૂક વેળા એક અનોખી સઆદત | ૧૬૬ |
| યમનમાં ઈસ્લામની તબ્લીગ | ૧૬૭ |
| હજ્જતુલ વદાઅ | ૧૬૯ |
| નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત | ૧૬૯ |
| હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત અલી રદિ. | ૧૭૦ |
| હઝરત ઉમર રદિ. અને હઝરત અલી રદિ. | ૧૭૩ |
| હઝરત ઉસ્માન રદિ. અને હઝરત અલી રદિ. | ૧૭૪ |
| હઝરત અલી રદિ.ની ખિલાફત અને બયઅત | ૧૮૩ |
| જંગે જમલ | ૧૮૬ |
| હઝરત અલી રદિ. અને હઝરત મુઆવિયહ રદિ. | ૧૮૧ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| લવાદનો નિર્ણય. | ૧૯૬ |
| ખારજીઓનો ઉદય અને એમની સાથે લડાઈ | ૧૯૭ |
| હઝરત અલી રદિ.ની શહાદત | ૧૯૮ |
| હઝરત અલી રદિ. કેવા હતા ? | ૨૦૦ |
| ખારજી અને સબાઈ ફિરકા | ૨૦૩ |
| ખવારિજ. | ૨૦૩ |
| સબાઈ ફિરકો | ૨૦૫ |
| હઝરત અલી રદિ.નો દોરે ખિલાફત | ૨૧૦ |
| હઝરત અલી રદિ.ની કાર્યપ્રણાલી | ૨૧૩ |
| હઝરત અલી રદિ.ની વિશેષતાઓ અને ફઝીલતો | ૨૧૭ |
| કુરઆન અને તફસીર | ૨૧૮ |
| હદીસ શરીફ | ૨૨૦ |
| ફિકહ અને કઝા (ફેસલા) | ૨૨૨ |
| અરબી નહવ (વ્યાકરણ) વિદ્યાના પ્રણેતા | ૨૩૦ |
| અમાનતદારી | ૨૩૧ |
| હદીસ શરીફમાં હઝરત અલી રદિ.ના ફઝાઈલ | ૨૩૨ |
| ઝુહદ, ત્યાગ અને દરવેશી | ૨૩૬ |
| ઈબાદત | ૨૩૮ |
| સખાવત | ૨૪૦ |
| દુશ્મનો અને વિરોધીઓ સાથે સદવર્તન | ૨૪૨ |
| સાચા સલાહકાર | ૨૪૩ |
| ઘરેલું જીવન | ૨૪૪ |
| ખાણું – પીણું અને લિબાસ | ૨૪૫ |
| અવલાદ | ૨૪૫ |
| વિવિધ કિસ્સાઓ. | ૨૪૭ |
| હઝરત અલી રદિ.ના અકવાલ – મલ્ફૂઝાત | ૨૫૩ |
| તસવ્વુફના સિલસિલાઓ અને હઝરત અલી રદિ. | ૨૫૮ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સચ્યિદના અલી મુરતઝા રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા અબૂતાલિબના સાહબઝાદહ હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જયારે સાત વરસના હતા ત્યારે આપની વાલિદહ અને દસ વરસની ઉમરે દાદા અબ્દુલ મુત્તલિબનો ઈન્તિકાલ થયો, ત્યાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉછેર અને ભરણપોષણની જવાબદારી સંપૂર્ણ રીતે કાકા અબૂ તાલિબે જ પૂરી ફરમાવી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની જ દેખરેખ હેઠળ યુવાન થયા. ચાલીસ વરસની ઉમરે પહોંચ્યા અને અલ્લાહ તઆલા તરફથી નુબુવ્વત મળી ત્યાં સુધી અને ત્યાર પછી પણ તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુરબ્બી અને વડીલ ગણાતા હતા.

***નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને અબૂતાલિબ***

અબૂતાલિબના જ ઘરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત અલી રદિ. અને એમના બીજા ભાઈઓ સાથે સગાભાઈઓની જેમ મોટા થયા. હઝરત અબૂતાલિબ મોટા માલદાર ન હતા. છતાં ભત્રીજા મુહમ્મદ (સલ.)ના ભરણપોષણ અને ઉછેરમાં કોઈ કચાસ છોડી નહીં. પોતાના સગા પુત્રો કરતાં વધારે પ્રેમ અને હેતથી વર્તતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પોતાની આંખોથી દૂર થવા દેતા ન હતા. ખાવામાં પણ આપનો વિશેષ ખ્યાલ રાખતા હતા. એકવાર અબૂતાલિબ શામની સફરે જઈ રહયા હતા. સફરની તૈયારી પૂરી થઈ અને નીકળવાનો સમય આવ્યો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમની જુદાઈના એહસાસમાં ગમગીન થઈ ગયા. આ દશ્ય જોઈને અબૂતાલિબનું હૈયું મુહબ્બતથી ઉભરાય ગયું. કહેવા લાગ્યા : ખુદાની કસમ ! ન તો હું આ બાકળને છોડી શકું છું અને ન તો આ બાળક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારા વગર રહી શકે એમ છે. હું એને મારી સાથે સફરમાં લઈ જઈશ.

મક્કામાં જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નુબુવ્વતનું એલાન કર્યું, મુર્તિપૂજા અને એનાથી લગતી બીજી રસમો, ઝુલમ, અત્યાચાર અને અન્ય બદીઓ વિરુદ્ધ ઈમાન, સચ્ચાઈ અને સંસ્કારની ચળવળ ચલાવી તો આખું મક્કહ આપનું વિરોધી થઈ ગયું. આ સ્થિતિમાં મુસલમાન ન હોવા છતાં અબૂતાલિબ આપના સમર્થનમાં અડગ રહયા. મક્કાના સરદારોએ આવીને અબૂતાલિબને કહયું કે તમે અમારા સરદાર છો. અમે તમારું સન્માન કરીએ છીએ. અમે તમને વિનંતી કરી હતી કે તમારા ભત્રીજાને રોકો. પણ તમે એમ કરતા નથી. અમે અમારા બાપદાદાઓનું અપમાન, અમારા માબૂદો અને મુર્તિઓની બુરાઈ ઘણી સાંભળી લીધી. હવે અમારી ધીરજ ખૂટી ગઈ છે. હવે કાં તો તમે મુહમ્મદ (સલ.)ને રોકો અથવા અમે અને તમે આમને સામે લડી લઈએ અને કોઈ એક સમુહ હાર્યો – માર્યો જાય.

અબૂ તાલિબે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને બોલાવ્યા અને બધી વિગત સંભળાવીને ઈચ્છા દર્શાવી કે ભત્રીજા ! તમે મારા ઉપર અને તમારા પોતાના ઉપર કંઈક રહમ કરો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો : આ લોકો જમણા હાથમાં સૂરજ અને ડાબા હાથમાં ચાંદ લાવીને મૂકી દે તો પણ હું મારું કામ છોડીશ નહીં. હું મારું કામ કરતો રહીશ. પછી અલ્લાહ ચાહે તો આ કામને આગળ વધારી દે અથવા હું એમાં ખપી જાઉં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ જવાબ સાંભળીને અબૂતાલિબે મુસલમાન ન હતાં છતાં આપને કહયું : મારા પ્યારા ભત્રીજા ! તમારું કામ જારી રાખો. જે કહેવું હોય અને જે તાલીમ આપવી હોય તે આપો. ખુદાની કસમ ! હું તમને એમના હવાલે નહીં કરું અને તમારી મદદ કરતો રહીશ.

અબૂતાલિબની અડગતા અને સમર્થનના કારણે મક્કાના સરદારોએ અબ્દુલ મુત્તલિબના ખાનદાનનો બાયકોટ કરવાનો અને સંબંધો તોડી લેવાનો નિર્ણય કર્યો અને એક કરાર લખીને કાબા શરીફના દરવાજે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લટકાવી દીધો. આ સ્થિતિમાં અબૂતાલિબ અને એમના કારણે ખાનદાનના અન્ય લોકોએ બાયકોટ સ્વીકારીને એકલા પડી જવાનું પસંદ કર્યું પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સાથ છોડયો નહીં. આખું ખાનદાન મક્કાના ઘરો છોડીને એક તળેટીમાં રહેવા ચાલ્યું ગયું અને ત્રણ વરસ ત્યાં જ રહયું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતના દસમાં વરસે લગભગ ૮૦ વરસની ઉમરે શવ્વાલમાં અબૂતાલિબની વફાત થઈ. અબૂતાલિબે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ભરપૂર હિમાયત કરી પણ મુસલમાન થયા નહીં. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમના મુસલમાન ન થવાનો ઘણો અફસોસ હતો.

***હઝરત અલી રદિ.ના વાલિદહ : ફાતિમહ રદિ.***

અબૂતાલિબના અહલિયહ એટલે હઝરત અલી રદિ.ના વાલિદહનું નામ ફાતિમહ બિન્તે અસદ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમના વિશે ફરમાવતા હતા કે જે વાલિદહની કુખે મારો જન્મ થયો એમની વફાત પછી આ ખાતૂન જ મારા વાલિદહ હતાં. અબૂતાલિબના ઘરે કોઈ દાવત હોય અને બધા ભેગા હું પણ ખાવામાં શરીક હોઉ છતાં એમાંથી કંઈક બચાવીને રાખતા હતા, અને પાછળથી મને ખવડાવતાં હતાં. હઝરત ફાતિમહ બિન્તે અસદ રદિ.ને અલ્લાહ તઆલાએ ઈસ્લામની દોલતથી નવાઝયાં હતાં. મદીના હિજરત પણ કરી હતી. એમની વફાત વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના હાથે પોતાના ઝભ્ભાનું કફન પહેરાવ્યું, એમની કબરમાં ઉતરીને પહેલાં પોતે એકવાર સૂઈ ગયા પછી એમને દફન કર્યાં.

તબરાનીમાં છે કે એમની તદફીન પછી કોઈએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, આજે જે પ્રમાણે કર્યું એવું કામ કરતા આપને અમે પહેલાં જોયા નથી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મેં એમને મારો ઝભ્ભો પહેરાવ્યો, તેઓ મને જન્નતનો ઝભ્ભો પહેરાવશે. હું એમની કબરમાં સૂઈ ગયો, જેથી કબરના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દબાણમાં એમને રાહત રહે. મારી સાથે સદવર્તન કરનાર લોકોમાં અબૂતાલિબ પછી તેઓ સૌથી આગળ હતાં.

*હઝરત અલી રદિ.ના ભાઈ બહેનો*

અબૂતાલિબના ચાર પુત્રો હતો. (૧) તાલિબ. આ પુત્રના આધારે જ એમને અબૂતાલિબ કહેવામાં આવતા હતા. (૨) હઝરત અકીલ રદિ. (૩) હઝરત જઅફર રદિ. (૪) હઝરત અલી રદિ.. અને બે પુત્રીઓ હતી. (૧) ઉમ્મે હાની. અને જુમાનહ. આ બધા ભાઈ બહેનોમાં દસ વરસનો ફરક હતો. હઝરત અલી રદિ. હઝરત જઅફર રદિ.થી દસ વરસ નાના હતા.

ચાર પુત્રોમાંથી તાલિબ ગઝવએ બદર પછી લાપતા થઈ ગયા. એમણે ઈસ્લામ સ્વીકાર્યો ન હતો. ગઝવએ બદર વેળા મક્કાના સરદારોના દબાણવશ એમની સાથે નીકળ્યા હતા પણ પછી પાછા વળી ગયા હતા.

હઝરત અકીલ રદિ. ફત્હે મક્કા મેળા અથવા હુદયબિયહ પછી મુસલમાન થયા હતા. ગઝવએ બદર વેળા તેઓ સામે પક્ષે હતા અને મુસલમાનો દ્વારા કેદ કરવામાં આવ્યા હતા. અને એમને છોડાવવા માટે કાકા હઝરત અબ્બાસે પૈસા ભર્યા હતા. ગઝવએ મૂતહમાં મુસલમાન થઈને ભાગ લીધો હતો.

અબૂતાલિબ પોતાની અવલાદમાં હઝરત અકીલને વધારે ચાહતા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલહિ વ સલ્લમ મક્કામાં હતા એ દિવસોમાં એકવાર દુકાળ પડયો ત્યારે અબૂતાલિબની સ્થિતિ ખરાબ હતી. આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત અબ્બાસ એમની પાસે ગયા અને કહયું કે તમારી અવલાદ અમને સોંપી દયો, અમે બન્ને એમને સાચવીશું. તો અબૂતાલિબે કહયું કે અકીલને મારી પાસે રહેવા દયો તો સારું. એમના સિવાય જે ભાઈઓ છે એમને તમે વહેંચી લ્યો. એટલે પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ. અને હઝરત અબ્બાસ રદિ.એ હઝરત જઅફર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રદિ.ના ભરણપોષણ – ઉછેરની જવાબદારી લઈને સાથે લઈ લીધા.

હઝરત અકીલ રદિ. ૯૬ વરસની ઉમરે યઝીદની હુકૂમતના દિવસોમાં વફાત પામ્યા. એમના ૧૨ પુત્રો હતા. એમાંથી ૯ પુત્રો હઝરત હુસૈન રદિ. સાથે શહીદ થયા.

હઝરત જઅફર રદિ. શરૂમાં જ મુસલમાન થઈ ગયા હતા. મદીના હિજરત કરીને આવનારા મુસલમાનોને મદીનાના મુસલમાનો સાથે ભાઈ બનાવીને રહેવા વગેરેનો બંદોબસ્ત કરવામાં આવતો હતો. આપ રદિ.ને હઝરત મઆઝ બિન જબલ રદિ.ના ભાઈ બનાવવામાં આવ્યા હતા. હઝરત અબૂહુરયરહ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ધરતી ઉપર ચાલનારા અને સવારી ઉપર સવાર થનારા લોકોમાં સૌથી શ્રેષ્ઠ માણસ જઅફર બિન અબૂતાલિબ હતા. ગરીબો સાથે એમને ઘણી મુહબ્બત હતી. એમની મદદ માટે તત્પર રહેતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને 'અબૂલમસાકીન'નો ખિતાબ આપ્યો હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા કે શરીર અને સંસ્કાર, બંને રીતે જઅફર મારા જેવા જ છે. મક્કાના મુસીબતના દિવસોમાં આપ રદિ. હિજરત કરીને હબ્શહ ગયા હતા. આપ રદિ.ની વાતથી પ્રભાવિત થઈને ત્યાંના રાજા નજાશી મુસલમાન થયા હતા. નજાશીએ જયારે પૂછયું કે તમારો ધર્મ શું છે ? તો ઈસ્લામની ખૂબીઓ એવી રીતે વર્ણવી અને ગણાવી કે નજાશી એનાથી પ્રભાવિત થઈ ગયો. ખૈબરની લડાઈમાં મુસલમાનોની જીત થઈ ત્યારે તેઓ પાછા આવ્યા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને જોઈને ઘણા જ ખુશ થઈ ગયા. કપાળે બોસો લીધો અને ફરમાવ્યું : મને સમજ નથી પડતી કે કઈ બાબતની ખુશી વધારે છે ? ખૈબરની જીતની કે જઅફરના આવવાની.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હયાતીમાં જ હિજરી સન ૮માં મૂતહની લડાઈમાં બહાદૂરી પૂર્વક લડતાં લડતાં આપ રદિ. શહીદ થયા. એમના શરીરે ૯૦ થી વધારે ઝખ્મો હતા. નબીએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમની શહાદતથી ગમગીન થઈ ગયા. એમના ઘરે ગયા અને ફરમાવ્યું : મારા ભાઈના છોકરાઓને લાવો. બાળકો એમની પાસે લાવવામાં આવ્યા તો મરઘીના બચ્ચાની જેમ નાના નાના હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હજામને બોલાવીને એમના વાળ સાફ કરાવ્યા અને એમની વાલિદહને કહયું : ભરણ પોષણ અને ખર્ચની ચિંતા સતાવે છે ? ફિકર ન કરશો. હું એમનો વાલી છું. દુનિયામાં પણ અને આખિરતમાં પણ.

અબૂતાલિબની એક પુત્રી ઉમ્મે હાની હતાં. મુળ નામ ફાખ્તહ કે ફાતિમહ હતું.

ફત્હે મક્કા વેળા ઈસ્લામ લાવ્યાં. મુસલમાનોની જીતના સમાચાર સાંભળીને એમનો શોહર હુબૈરહ નાસીને નજરાન ચાલ્યો ગયો. મદીના આવીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને શાદીનો પયગામ મોકલાવ્યો તો ઉમ્મે હાની રદિ.એ જવાબ આપ્યો કે, મને મારી ઝાત કરતાં પણ તમે વધારે પ્યારા છો. પણ મારા બાળકોના કારણે હું શાદી કરવા ચાહતી નથી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમના જવાબથી ખુશ થયા અને એમના વખાણ કર્યાં.

ફત્હે મક્કા વેળા એમણે પોતાના ઘરમાં બની મખ્ઝૂમના બે માણસોને પનાહ આપીને સંતાડયા હતા. હઝરત અલી રદિ. એમને મારી નાખવાની ધમકી આપતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમના ઘરે આવ્યા અને મરહબા કહીને ઉમ્મે હાની રદિ.ને પૂછયું કે શું વાત છે ? એમણે બે માણસો વિશે જણાવ્યું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જે કોઈ માણસને તમે પનાહ આપી છે, અમે પણ એને પનાહ આપીએ છીએ. જેમને તમે સાચવ્યા છે અમે પણ તેમને મારીશું નહીં.

પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમના ઘરે આઠ રકાત નમાઝ પઢી. એમની વફાતનું વરસ સ્પષ્ટ રીતે કોઈએ નોંધ્યું નથી, અલબત્ત હઝરત અલી રદિ.ની શહાદત પછી જીવંત હતાં અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હિજરી સન પચાસ પછી એમની વફાત થઈ છે.

અબૂતાલિબના બીજા પુત્રી જુમાનહ હતાં. કાકા હારિષના દીકરા અબૂસુફિયાન સાથે એમના નિકાહ થયાં હતાં. ખૈબરની જીત પછી એમને પણ ગનીમતમાંથી હિસ્સો આપવામાં આવ્યો હતો. એટલે ત્યાર પહેલાં તેઓ મુસલમાન થઈ ગયાં હતાં એમ કહી શકાય. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હયાતીમાં મદીના શરીફમાં જ એમનો ઈન્તેકાલ થયો.

### હઝરત અલી રદિ.નો જન્મ

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત મળી એના દસ વરસ પહેલાં હઝરત અલી રદિ.નો જન્મ થયો. અનેક સીરતકારોનું કહેવું છે કે હઝ. અલી રદિ.નો જન્મ ખાનએ કાબામાં થયો હતો. ખાનએ કાબામાં જન્મ થયો હોય એવા બીજા વ્યકિત હકીમ બિન હિઝામ છે.

હઝરત અલી રદિ. નાના હતા એ દિવસોમાં મક્કામાં દુકાળ પડયો. લોકો ઘણી તંગીમાં હતા. આ સ્થિતિમાં અબૂતાલિબની સહાય કરવાના હેતુએ નબીએ કરીમ સલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને અને હઝરત અબ્બાસ રદિ.એ હઝરત અકીલ રદિ.ને પોતાની પરવરિશમાં લઈ લીધા. આમ હઝરત અલી રદિ.ને બાળપણથી જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત અને તરબિયત મળી. આપને હજુ તે વેળા નુબુવ્વત મળી ન હતી.

### ઇસ્લામ સ્વીકાર

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત મળી ત્યાર પછી એકવાર હઝરત અલી રદિ. ઘરમાં આવ્યા તો આપ હઝરત ખદીજા (રદિ.) સાથે નમાઝ પઢી રહયા હતા. હઝરત અલી રદિ.એ પૂછયું કે આ શું છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સમજાવ્યું કે આ અલ્લાહનો દીન છે. અલ્લાહને આ જ પસંદ છે. એના માટે અલ્લાહ તઆલા નબીઓ મોકલે છે. હું પણ તમને એક ખુદા તરફ આવવાનું કહું છું. એનો કોઈ ભાગીદાર નથી. આ સાંભળીને હઝરત અલી રદિ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કહયું કે આવું બધું તો મેં આજથી પહેલાં સાંભળ્યું નથી. હું અબૂતાલિબને પૂછીને જ કોઈ નિર્ણય કરીશ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હજુ ચાહતા ન હતા કે ઈસ્લામ અને ઈમાનની વાત બહાર પડે. એટલે એમને કહયું કે તમારી ઈચ્છા ન હોય તો વાંધો નહીં, પણ હમણાં કોઈને કહેશો નહીં. હઝરત અલી રદિ. એ રાત્રે ખામોશ રહયા. પણ સવાર સુધીમાં એમના દિલમાં અલ્લાહ તઆલાએ ઈમાનના બીજ રોપી દીધાં. સવારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવીને અરજ કરી કે કાલે કઈ વાતની સમજણ આપી હતી ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જણાવ્યું કે, ગવાહી આપો કે અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી. તે એકલો જ ખુદા છે. લાત અને ઉઝઝાનો ઈન્કાર કરો. કોઈને અલ્લાહનો શરીક બનાવવાથી દૂર રહો. આ સાંભળીને હઝરત અલી રદિ.એ તુરંત કલિમએ શહાદત પઢયો અને મુસલમાન થઈ ગયા. પોતાના વાલિદ અબૂતાલિબને ખબર ન પડે એવી રીતે આવતા જતા હતા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાકીદ મુજબ પોતાના મુસલમાન હોવાની કોઈને ખબર પડવા દેતા ન હતા.

આપ રદિ. હઝરત ખદીજા રદિ. પછી સહુપ્રથમ મુસલમાન થનાર હસ્તી છે. ઉમર લગભગ દસ વરસની હતી. હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તરબિયતમાં હતા. સાથે જ રહેતા હતા. એટલે એમના સ્વભાવ અને સંસ્કારમાં કોઈ ખરાબી ન હોય એ સ્પષ્ટ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે અકીદત અને મુહબ્બત હોય એ પણ જાહેર છે. આવી સ્થિતિમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત અને તરબિયતના નૂરની સંપૂર્ણ રોશની એમને મળે એ સ્વભાવિક છે.

### *હઝરત અલી રદિ.નું મક્કી જીવન*

ઈસ્લામ સ્વીકાર પછી હઝરત અલી રદિ.ના તેર વરસો મક્કામાં પસાર થયા. તેઓ રાત – દિવસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સંગાથે રહેતા હતા. એટલે સલાહ – મશ્વેરાની મજલિસો,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈબાદતોમાં, દીનની તાલીમ – તરબિયતમાં, કાફિરો સાથેની ચર્ચાઓમાં અને અન્ય દરેક અવસરે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે જ રહેતા હતા.

સીરતકાર ઈબ્ને ઈસ્હાક લખે છે કે શરૂમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બધી નમાઝો સંતાયને મક્કાની આસપાસ પહાડોની કોઈ તળેટીમાં જઈને પઢતા હતા. હઝરત અલી રદિ. પણ એમના વાલિદ અબૂતાલિબ અને અન્ય કાકાઓથી સંતાયને જતા હતા અને બધી નમાઝો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે પઢતા હતા. એક દિવસ અબૂતાલિબે જોઈ લીધા તો પૂછયું કે આ કેવો દીન – ધર્મ છે ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે અલ્લાહનો, એના ફરિશ્તાઓનો, એના પયગંબરોનો અને આપણા વડીલ – પૂર્વજ બુઝુર્ગ હઝરત ઈબ્રાહીમ અલૈ.નો ધર્મ છે. મને અલ્લાહે રસૂલ બનાવ્યો છે. અને તમે જ તે હકદાર માણસો છો, જેને સહુપ્રથમ આ દીનની દાવત પેશ કરવામાં આવે. અબૂતાલિબે કહયું કે હું મારા બાપદાદાઓની રસમને છોડી શકતો નથી. અલબત્ત હું તમને કોઈ તકલીફ નહીં પહોંચવા દઉં. પછી હઝરત અલી રદિ.ને પૂછયું કે, બેટા ! આ કેવો દીન તમે અપનાવ્યો છે ? એમણે અરજ કરી કે હું અલ્લાહ અને એના રસૂલ ઉપર ઈમાન લાવ્યો છું અને અલ્લાહના રસૂલ સંગાથે અલ્લાહની ઈબાદત કરું છું. જવાબમાં અબૂતાલિબે ફરમાવ્યું કે, મુહમ્મદ તમને સારી વાતોની જ શિખામણ આપે છે. તમે એમના સાથે જ રહેજો.

નુબુવ્વત મળ્યા પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રથમ સાવચેતી પૂર્વક અમુક્તમુક લોકો સામે જ ઈસ્લામની દાવત રજૂ કરતા હતા. જાહેરમાં ઈસ્લામી દાવત અને એનો સંદેશ લોકો સામે વર્ણવતા ન હતા. ચોથા વરસે અલ્લાહ તઆલા તરફથી જાહેરમાં ઈસ્લામ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો અને સહુપ્રથમ ઘરના અને ખાનદાનના લોકોને તબ્લીગ કરવાનું કહેવામાં આવ્યું તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સફા પહાડ ઉપર ચઢીને ખાનદાનના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લોકોને ભેગા કર્યા અને ઈસ્લામની દાવત આપી. પરંતુ વરસોથી મુર્તિપૂજાના રંગે રંગાયેલા લોકો એકદમ સમજે એમ ન હતા. અબૂલહબે તો એ જ મજલિસમાં એલફેલ બકવાસ કરીને જવાબ આપ્યો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બીજો પ્રયાસ કર્યો અને ખાનદાનના લોકોને ખાવાની દાવત ઉપર ભેગા કર્યા. આ માટે હઝરત અલી રદિ.ને વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપી. હઝરત અલી રદિ. હજુ ઘણા નાના હતા. આશરે ૧૪ વરસની ઉમર હશે, છતાં સરસ બંદોબસ્ત ફરમાવ્યો. દસ્તરખાન ઉપર બકરાના પગ અને દૂધ વગેરેની વ્યવસ્થા હતી. ખાનદાનના ચાલીસ જેટલા લોકો એમાં શરીક હતા. હઝરત હમ્ઝહ રદિ. હઝરત અબ્બાસ રદિ., અબૂલહબ અને અબૂતાલિબ પણ હતા.

લોકો ખાણાથી પરવાર્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઉભા થઈને ફરમાવ્યું : હે અબ્દુલ મુત્તલિબના વારસદારો ! ખુદાની કસમ ! હું તમારી સામે દુનિયા અને આખિરતની બેહતરીન નેઅમત પેશ કરું છું. તમારામાંથી કોણ એમાં મારી મદદ કરીને મને સાથ આપશે ? જવાબમાં બધાંએ ચુપ સાધી લીધી. ફકત હઝરત અલી રદિ. બોલ્યા કે, એમ તો હું ઉમરમાં નાનો છું, અને મારી આંખોમાં બીમારી છે, મારા પગો પાતળા છે, છતાં હું તમારો સહાયક અને મદદગાર બનીશ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : સરસ. તમે બેસી જાઓ.

પછી ફરીવાર લોકોને સંબોધીને પૂછયું. પણ કોઈએ જવાબ આપ્યો નહીં. ફરીવાર હઝ. અલી રદિ. ઉભા થયા અને પોતાની વાત દોહરાવી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને બેસાડીને ત્રીજીવાર લોકોને પૂછયું. ત્રીજીવાર પણ બધા ખામોશ રહયા તો હઝરત અલી રદિ.એ ત્રીજીવાર પણ પોતાની વાત દોહરાવી અને પોતાની સઆદતમંદી વ્યકત ફરમાવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : બેસી જાઓ, તમે તો મારા ભાઈ અને વારસદારો છો જ. સિયરે સહાબામાં છે કે ઉપરોકત રિવાયત તબરીમાં છે અને મુસ્નદે અહમદમાં પણ ટુંકાવીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ રિવાયત મોજૂદ છે. *(સિયરે સહાબા : ૧– ૨૧૮)*

મક્કી દોરમાં હઝ. અલી રદિ.ની ઉમર નાની હતી. એટલે આપના માથે મોટી જવાબદારીઓ ન હતી. હજના દિવસોમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝ. અબૂબક્ર રદિ. સાથે કબીલાઓના સરદારોને મળવા જતા હતા. એમાં હઝ. અલી રદિ. પણ કદી કદી સાથે જતા હતા.

આસપાસના કબીલાના લોકો અને સરદારો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતની જાણકારી મેળવવા અથવા ઈસ્લામનો પયગામ સમજવા મક્કા આવતા હતા. મક્કાનું વાતાવરણ ઈસ્લામની વિરુદ્ધ હતું એ પણ બધા જાણતા હતા. એટલે આવા આવનારા લોકો વેપાર કે તવાફ વગેરેનું બહાનું કાઢીને આવતા હતા. હઝરત અલી રદિ. મક્કામાં અને કાબામાં ફરતા રહેતા અને હોશિયારી પૂર્વક આવા આગંતુકોનો વિશ્વાસ કેળવીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે લઈ આવતા હતા. હઝરત અબૂઝર ગિફારી રદિ. વિશે આવી ઘટના વિસ્તાર પૂર્વક બુખારી શરીફમાં વર્ણવવામાં આવી છે.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત અલી રદિ.ને સાથે લઈને કાબા શરીફના દરવાજે આવ્યા. હઝરત અલી રદિ.ને બેસાડીને પોતે એમના ખભા ઉપર ચડીને ઉભા થવા લાગ્યા. પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયું કે હઝરત અલી રદિ.ને ભાર લાગે છે એટલે ઉતરી પડયા અને પછી પોતે બેસી ગયા અને હઝરત અલી રદિ.ને ખભા ઉપર સવાર કરીને ઊંચા કર્યા. હઝરત અલી રદિ. ફરમાવે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખભે ચડીને મને એવું લાગ્યું કે હું આસમાને પહોંચી જઈશ. હું કાબા શરીફની છત સુધી પહોંચી ગયો. ત્યાં તાંબા કે પિત્તળની એક મુર્તિ હતી. મેં એને આમ તેમ હલાવીને ઉખેડી લીધી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : એને ફેંકી દયો. હઝરત અલી રદિ.એ એને ફેંકી તો કાચના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાસણની જેમ એના ટુકડા ટુકડા થઈ ગયા. પછી કોઈ જોઈ ના લે એવી રીતે બન્ને જણા ઘરોમાં ચાલ્યા ગયા.

અલમુરતઝામાં હઝરત મવલાના અલી મીયાં રહ.એ આ ઘટના હિજરત પહેલાંના કોઈ દિવસની છે એમ લખ્યું છે. સિયરે સહાબાના હાશિયહમાં છે કે હાકિમ રહ.એ પોતાની કિતાબ મુસ્તદરકમાં આ ઘટનાને હિજરતની છેલ્લી રાતની ઘટના તરીકે વર્ણવી છે. અને અન્ય મુહદ્દિષીન અને સીરતકારોએ આ કિસ્સો ફત્હે મક્કા વખતે પેશ આવ્યો હોવાનું વર્ણવ્યું છે. (સીયરે સહાબા : ૨૨૭)

***હિજરત***

મક્કામાં ઈસ્લામ અને મુસલમાનોનું કામ આસાન ન હતું. નબીએ કરીમ સલ્લલલાહુ અલયહિ વ સલ્લમને ખાનદાનનું સમર્થન હતું છતાં સતાવવામાં આવતા હતા. મક્કાના જે આગેવાનો અને સજ્જનોએ ઈસ્લામ સ્વીકાર કર્યો હતો એમને પણ સતાવવામાં – મારવામાં આવતા હતા. એટલે મુસલમાનોએ હિજરતની રાહ અપનાવી. બે વાર નાના – મોટા સમુહોમાં હિજરત કરીને હબ્શહ ચાલ્યા ગયા અને ત્યાં શાંતિથી રહેવા લાગ્યા. અહિંયા મક્કામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અડગતાથી ઈસ્લામનો પયગામ મક્કાના લોકો અને હજ, ઉમરહ, તવાફ માટે બહારથી આવનાર લોકો સામે રજૂ કરતા હતા. ઈસ્લામની દાવત માટે તાઈફ પણ ગયા. આ બધી મહેનતોમાં ધાર્યું પરિણામ મળતું ન હતું. સહાય અને સમર્થન તો દૂરની વાત, તકલીફો, અડચણો અને અવરોધોના પહાડ સામે હતા. આ દરમિયાન હઝરત હમ્ઝહ રદિ. અને હઝરત ઉમર રદિ. જેવા બહાદુર અને શકિતશાળી લોકોના ઈસ્લામ સ્વીકારથી મુસલમાનોને કંઈક રાહત થઈ.

દસેક વરસ પછી મદીનાથી હજ માટે મક્કા માટે આવતા ઓસ અને ખઝરજ કબીલાના લોકોને ઈસ્લામની દાવતમાં પોતાનું ઉજળું ભવિષ્ય દેખાયું. તેઓ મદીનામાં યહૂદીઓ સાથે રહેતા હતા અને એમના સહવાસથી એટલું જાણતા હતા કે એક છેલ્લા નબી આવશે અને એમની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાબરદારીમાં દુનિયા – આખિરતની કામ્યાબી છે. યહૂદીઓ એમને કહેતા કે એ નબી આવશે તો એમની સાથે મળીને તમારો ખાતમો કરીશું. મદીનાવાસીઓના કિસ્મતમાં અલ્લાહ તઆલાએ સઆદત લખી હશે એટલે એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વાતો સાંભળીને વિચાર્યું કે આ જ તે નબી છે, યહૂદીઓ એમને અપનાવે એ પહેલાં આપણે એમને અપનાવી લઈએ. અને આમ મદીના શરીફમાં ધીરે ધીરે ઈસ્લામનો ફેલાવો થવા લાગ્યો. બીજી તરફ મક્કાના દુશ્મનો પણ હવે અધીરા બન્યા હતા. એમણે નક્કી કર્યું કે દરેક કબીલાનો એક બહાદુર માણસ લઈને બધા મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એક સાથે અને એક હાથે મારી નાખે, જેથી હત્યાની જવાબદારી દરેક કબીલા ઉપર આવે અને મુહમ્મદના કબીલાવાળાઓ કોઈનાથી બદલો પણ ન લઈ શકે. રાત્રે ઘરનો ઘેરો ઘાલવાનો પ્લાન બનાવીને બધા અલગ પડયા અને પછી રાત્રે ઘરની ચારે તરફ ગોઠવાય ગયા. અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ મન્સૂબાની જાણ કરી દીધી અને આ જ ઘેરાબંદીમાંથી નીકળીને મદીના તરફ હિજરત કરવાનો હુકમ આપ્યો.

અહિંયા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો હઝરત અલી રદિ. પ્રત્યે વિશ્વાસ અને હઝરત અલી રદિ.ની બહાદુરી સામે આવે છે. આ વેળા અલ્લાહના રસૂલે હઝરત અલી રદિ.ને પોતાના બિસ્તર ઉપર સુવાનો આદેશ આપ્યો અને ફરમાવ્યું કોઈ તમારો વાળ વાંકો નહી કરી શકે. ઘરની ચારે તરફ દુશ્મન ઘેરો ઘાલીને ઉભા હોય, એમાંથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સલામત નીકળી જાય પછી એકલા અલી રદિ. નો શું હાલ થશે ? એ વિચારીએ તો આજે પણ કંપારી છુટે એવું દશ્ય છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હાથમાંથી નીકળી જવાના ગુસ્સામાં બધા અલી રદિ.ના ટુકડે ટુકડા કરી નાખે. પણ હઝરત અલી રદિ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે અગાઢ મુહબ્બત હતી. અને ઉપરથી સલામતીની ખાતરી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપવામાં આવી હતી એટલે આપ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બિસ્તર ઉપર શાંતિથી પોઢી ગયા.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો રાત્રે પોતાના સમયે ઘરથી બહાર આવ્યા. માટીની એક મુઠ્ઠી ભરીને એમના ઉપર ઉડાડી અને સહી સલામત નીકળી ગયા. કોઈને આભાસ પણ ન થયો કે અમારી વચ્ચેથી કોઈ નીકળીને ગયું છે. થોડીવારે કોઈ ત્યાં આવ્યું અને કહેવા લાગ્યું કે તમે મુહમ્મદને મારવા ઘેરો ઘાલીને બેઠા છો, પણ મુહમ્મદ તો કયારના નીકળી ગયા. એમણે ઘરની અંદર ડોકિયું કરીને જોયું તો એક માણસ પથારીમાં ઓઢીને સૂતો છે, એટલે સમજયા કે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અંદર જ છે. પણ સવારે હઝરત અલી રદિ. બહાર આવ્યા તો બધા હાથ ઘસતા રહી ગયા. કસોટી અને કટોકટીના આવા અવસરે હઝરત અલી રદિ. ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો વિશ્વાસ અને હઝરત અલી રદિ.ની અડગતા અને સાહસ ઘણું બધું કહી જાય છે.

તબકાતે ઈબ્ને સઅદમાં હઝરત અલી રદિ.નું કથન છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હિજરત કરીને મદીના તશ્રીફ લઈ ગયા તો મને આદેશ ફરમાવ્યો કે હું મક્કામાં રહું અને જે લોકોની અમાનતો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હતી એ એમને સલામત પાછી કરી દે. હઝરત અલી રદિ. ફરમાવે છે કે ત્યાર પછી હું ત્રણ દિવસ મક્કામાં રહયો. હરતો ફરતો રહયો. સંતાયો પણ નહીં. અને ત્રણ દિવસ પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રસ્તે જ ચાલી નીકળ્યો અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કુબા સ્થળે જયાં રોકાયા હતા ત્યાં જઈ પહોંચ્યો.

આપ રદિ. રાત્રે ચાલતા અને દિવસે છુપાયને રહેતા હતા. કુબા પહોંચતા સુધીમાં તો આપના પગ એવા ફાટી ગયા કે ચાલવું અશકય થઈ ગયું. એમના પહોંચવાની ખબર પડી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈને બોલાવવા મોકલ્યા. લોકોએ અરજ કરી કે તેઓ ચાલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શકે એમ નથી. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે એમની પાસે ગયા. એમના પગ ઉપર મુબારક હાથ ફેરવ્યો અને થુંક લગાવ્યું. જેના પરિણામે એમની તકલીફ સારી થઈ ગઈ અને પછી શહાદત સુધી કદી એમના પગોમાં કોઈ દર્દ કે તકલીફ ઉભી ન થઈ.

*હઝરત અલી રદિ. મદીનામાં.*

હઝરત અલી રદિ. મદીના પહોંચ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ત્યાં બનાવેલા નિયમ મુજબ હઝરત અલી રદિ.ને પોતાના ભાઈ બનાવ્યા. એક રિવાયત મુજબ અન્સારી સહાબી હઝરત સહલ બિન હુનૈફ રદિ.ના ભાઈ બનાવ્યા હતા.

પછી હિજરતના બીજા અથવા ત્રીજા વરસે ગઝવએ ઉહદ પહેલાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ફાતિમહ રદિ.ના નિકાહ એમની સાથે કરાવ્યા. નિકાહ વેળા હઝરત અલી રદિ.ની ઉમર ૨૧ વરસ પાંચ મહીના અને હઝરત ફાતિમહ રદિ.ની ઉમર ૧૫ વરસ સાડા પાંચ મહીના હતી.

આ ઘટનાની વિગત વર્ણવતા હઝરત અલી રદિ. ફરમાવે છે કે મારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં એમની સાહબઝાદી સાથે નિકાહ કરવાની ઈચ્છા વ્યકત કરવી હતી. પણ નિકાહનો પયગામ કેવી રીતે આપું ? કારણ કે મારી પાસે કંઈ જ ન હતું. પછી મને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુહબ્બત અને શફકતનો વિચાર આવ્યો તો હિમ્મત કરીને મેં મારી વાત રજૂ કરી દીધી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું :

તમારી પાસે કંઈ છે ?

= ના, મારી પાસે તો કંઈ જ નથી.

મેં તમને હત્મીયહ નામી એક બખ્તર આપ્યું હતું, એ કયાં છે ?

= એ મારી પાસે સલામત છે.

તો એ જ ફાતિમહને આપી દયો.

હઝરત અલી રદિ. એ તે બખ્તર હઝરત ફાતિમહને મહેર સ્વરૂપે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ્યું અને એના ઉપર જ નિકાહ થયા. નિકાહ વેળા હઝરત બિલાલ રદિ.ને અત્તર અને ખુશ્બૂ ખરીદી લાવવાનો હુકમ ફરમાવ્યો, પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે નિકાહ પઢાવ્યા, બન્ને ઉપર વુઝૂનું પાણી છાંટયું, અને ખેર ભલાઈની દુઆ આપીને ફરમાવ્યું કે, મેં તમારા નિકાહ મારા ઘરના સૌથી બેહરત માણસ સાથે કરાવ્યા છે.

સિયરે સહાબામાં છે કે હઝરત અલી રદિ.એ બખ્તર હઝરત ઉસ્માન રદિ.ને ૪૮૦ દિરહમમાં વેચ્યું અને કિમત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં ધરી દીધી.

એમાંથી જ મહેર અદા કરવામાં આવી અને જે રકમ બચી એનાથી વલીમાની વ્યવસ્થા કરવામાં આવી. ખજૂરો, જવની રોટી, પનીર અને એક વિશેષ પ્રકારના શોરબાની વ્યવસ્થા કરવામાં આવી. હઝરત અસ્માઅ રદિ. ફરમાવે છે કે તે દિવસોમાં આ સૌથી શ્રેષ્ઠ વલીમો હતો. (સિયરુસ્સહાબા)

દહેજમાં એક મશક, ચામડાનો એક તકિયો એક પલંગ, અનાજ દળવાની બે ઘંટી, એક બિસ્તર અને એક ચાદર આપીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ફાતિમહને એક ચાદર પહેરાવીને રૂખસતી આપી.

નિકાહના ૧૧ મહીના પછી રૂખસતી થઈ. ત્યાં સુધી હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે એક જ ઘરમાં રહેતા હતા.

### *આર્થિક તંગી અને ઇસ્તિકામત*

મદીનામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જેમ હઝરત અલી રદિ. અને હઝરત ફાતિમહ રદિ.ના ઘરમાં હમેંશા તંગી જ રહી. કેટલાયે દિવસો સુધી ઘરમાં ચુલો સળગતો ન હતો.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ફાતિમહ રદિ. પાસે આવ્યા અને પૂછયું કે મારા બાળકો (હઝરત હસન અને હઝરત હુસૈન રદિ.) કયાં છે ? હઝરત ફાતિમહ રદિ.એ જવાબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ્યો કે આજે સવારે અમે ઉઠયા તો અમારા ઘરમાં કોઈ વસ્તુ ખાવાની ન હતી. એટલે એમના વાલિદ એવું કહીને એમને બહાર લઈ ગયા છે કે બાળકો ઘરમાં રહેશે તો ખાવા – પીવાની જીદ કરશે અને રડશે. તેઓ એમને લઈને ફલાણા યહૂદી પાસે ગયા છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ ત્યાં પહોંચ્યા અને જોયું તો બાળકો એક સુરાહીથી રમી રહયા છે અને એમની પાસે અડધી વધેલી અમુક ખજૂરો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલી ! હવે બાળકોને લઈને ઘરે ચાલો ! તડકો વધી રહયો છે. હઝરત અલી રદિ. અરજ કરી કે યા રસૂલલ્લાહ ! સવારથી અમારા ઘરમાં કંઈ ખાવાનું નથી. આપ થોડીવાર બેસો તો હું ફાતિમહ માટે અમુક વધેલી પડેલી ખજૂરો ભેગી કરી લઉં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ થોડીવાર બેસી ગયા એટલામાં હઝરત અલી રદિ.એ ખજૂરો ભેગી કરીને એક કપડામાં બાંધી લીધી અને બંને બાળકોને ઉચકીને ઘરે આવ્યા.

બુખારી શરીફમાં છે કે હઝરત ફાતિમહ રદિ. ઘરના કામકાજ, પાણી ભરવું અને ઘંટી દળવાના કામોથી પરેશાન હતાં. હાથો પર અને શરીરે ચામઠાં પડી ગયાં હતાં. એ દરમિયાન એમને સમાચાર મળ્યા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે અમુક કેદી ગુલામો આવ્યા છે. હઝરત ફાતિમહ રદિ. એક ગુલામ માંગવાના ઈરાદે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયાં પણ આપ ઘરે હતા નહીં. એટલે હઝરત આઈશહ રદિ.ને પોતાની ઈચ્છા દર્શાવીને પાછા આવી ગયાં.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરે આવ્યા તો હઝરત આઈશહ રદિ.એ બધી વિગત દર્શાવી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ફાતિમહના ઘરે આવ્યા. હઝરત ફાતિમહ રદિ. ફરમાવે છે કે અમારી સુવાની જગ્યાએ આવ્યા. અમે ઉઠવા લાગ્યા તો ફરમાવ્યું : ત્યાં જ રહો. અને પછી ફરમાવ્યું : તમે લોકોએ જે વસ્તુની ઈચ્છા દર્શાવી છે એના કરતાં વધારે સારી વસ્તુ તમને બતાવું ? જયારે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તમે સુવા જાઓ તો ૩૪ વાર અલ્લાહુ અકબર, ૩૩ વાર અલ્હમ્દુલિલ્લાહ અને ૩૩ વાર સુબ્હાનલ્લાહ પઢી લ્યો. તમે જે વસ્તુ માંગી છે એના કરતાં આ વધારે ઉપયોગી છે.

હયાતુસ્સહાબામાં છે કે, હજરત સુવેદ બિન ગફલહ (રદી.) ફરમાવે છે કે હઝરત અલી (રદી.)ના ઘરે એક વાર ભુખ્યા રહેવાના દિવસો આવ્યા. હઝરત અલી (રદી.)એ હઝરત ફાતિમહ (રદિ.)ને કહયું કે તમે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે જઈને કંઈક લઈ આવો, તો કેટલું સારું !

હઝરત ફાતિમહ (રદી.) હઝરત અલી (રદી.)ના કહેવા અનુસાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં પહોંચ્યા, આ સમયે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હઝરત ઉમ્મે અયમન (રદી.) બેસેલા હતાં. હઝરત ફાતિમહ (રદી.)એ દરવાજો ખખડાવ્યો, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બોલ્યા કે આ તો ફાતિમાનો ટંકારવ છે અને તેણી આવા સમયે તો મારી પાસે આવતી નથી. (કોણ જાણે આજે શું હશે ?)

હઝરત ફાતિમહ (રદી.)એ અંદર આવીને અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ ! ફરિશ્તાઓનો ખોરાક – આહાર 'લા ઈલાહ ઈલ્લલ્લાહ, સુબ્હાનલ્લાહ અને અલ્હમ્દુલિલ્લાહ' કહેવું છે, અમારો આહાર અને ખોરાક શું છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

ખુદાની કસમ, જેણે મને હિદાયત આપીને નબી બનાવ્યો છે, મુહમ્મદના કોઈ પણ ઘરમાં ૩૦ દિવસથી આગ સળગી નથી. (ચૂલો નથી સળગ્યો.)

મારી પાસે બકરીઓ આવી છે, તમે ઈચ્છો તો તમારા માટે પાંચ બકરીઓનો હુકમ કરી દઉં અને તમે ઈચ્છો તો તમને પાંચ એવા વાકયો શીખવાડી દઉં જે મને હઝરત જિબ્રઈલ (અલૈ.)એ શીખવાડયા છે.

હઝરત ફાતિમહ (રદી.) એ અરજ કરી કે મને એ પાંચ (દુઆઓ)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શીખવાડી દો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કહો

يَا أَوَّلَ الْأَوَّلِيْنَ وَ يَا آخِرَالآخِرِيْنَ يَا ذَا الْقُوَّةِ الْمَتِيْنَ وَيَا رَاحِمَ الْمَسَاكِيْنَ وَيَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

હઝરત ફાતિમહ (રદી.) આ દુઆ શીખીને હઝરત અલી (રદિ.) પાસે પાછા ચાલ્યા આવ્યાં, ઘરે પહોંચ્યા તો હઝરત અલી (રદી.)એ પૂછયું શું લાવ્યાં ? હઝરત ફાતિમહ (રદી.) એ અરજ કરી કે હું અહિંયાથી દુનિયા લેવા ગઈ હતી અને હવે તમારી પાસે આખિરત લઈને આવી છું. હઝરત અલી (રદી.)એ ફરમાવ્યું કે તમે ઘણા ખુશનસીબ છો.

***નબવી લાડ – મુહબ્બત***

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત અલી રદિ.ને મુહબ્બત અને લાડમાં અબૂતુરાબ કહેતા હતા. એનો કિસ્સો વર્ણવતા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે કે, એકવાર હઝરત અલી રદિ. ઘરે હઝરત ફાતિમહ રદિ. પાસે ગયા અને પાછા આવીને મસ્જિદમાં સૂઈ ગયા. એટલામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત ફાતિમહના ઘર તરફ જઈ પહોંચ્યા અને પૂછયું કે તમારા પિત્રાઈ ભાઈ કયાં છે ? હઝ. ફાતિમહ રદિ.એ કહયું કે મસ્જિદમાં. આપ મસ્જિદમાં આવ્યા તો જોયું કે અલી સૂતેલા છે, શરીરેથી ચાદર ઉતરી ગઈ છે અને પીઠ ઉપર માટી ચોંટેલી છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે એમની પીઠ ઉપરથી માટી સાફ કરવા લાગ્યા અને બે વાર ફરમાવ્યું : અબૂતુરાબ ઉઠો, બેસો.

***વિવિધ લડાઈઓમાં હઝરત અલી રદિ.ની બહાદુરી***

- ***ગઝવએ બદર***

મદીના આવ્યા પછી ગઝવએ બદર પ્રથમ મોટી લડાઈ હતી. આ લડાઈ થકી ઈસ્લામની દાવતનો રસ્તો સાફ થઈ ગયો. મુસલમાનોના અસ્તિત્વનો ખાતમો કરવા માંગતા લોકો હવે એમના મહત્વને સ્વીકારતા થઈ ગયા.

૧૭ રમઝાન, શુક્રવારના દિવસે લડાઈ હતી. તે સમયની પ્રથા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુજબ પ્રથમ વ્યકિતગત મુકાબલા માટે એકબીજાને લલકારવામાં આવ્યા. મક્કાના ત્રણ બહાદુરો ઉત્બહ બિન રબીઅહ, શયબહ બિન રબીઅહ અને ઉત્બહનો છોકરો વલીદ સામે આવ્યા. મુસલમાનો તરફથી ત્રણ અન્સારી સહાબા એમના મુકાબલા માટે સામે આવ્યા તો મક્કાના લોકોએ એમને પાછા મોકલીને કહયું કે અમે અમારા સગાઓ સાથે લડવા માંગીએ છીએ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મક્કાના દુશ્મનો અને એમના સમકક્ષ મુસલમાનોને સારી રીતે ઓળખતા હતા. એમની લલકાર સ્વીકારીને હુકમ ફરમાવ્યો કે, હમ્ઝહ આગળ આવો, અલી આગળ આવો. ઉબૈદહ આગળ આવો. ત્રણેવ બહાદુરો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સૌથી નિકટના સગા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમનાથી મુહબ્બત અને લગાવ હતો પણ ખતરાના સમયે અને નાઝુક ઘડીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને જ આગળ કર્યા. હઝરત ઉબૈદહ રદિ. ઉત્બહના મુકાબલામાં આવ્યા, હઝરત અલી રદિ.એ વલીદને લલકાર્યો અને એક જ વારમાં એનું ઢીમ ઢાળી દીધું. હઝરત હમ્ઝહ રદિ.એ શયબહનું કામ પતાવ્યું અને પછી બન્ને હઝરત ઉબૈદહ રદિ.ને મદદે આવ્યા અને ઉત્બહને માર્યો. હઝરત ઉબૈદહ રદિ. ઝખ્મી થઈ ગયા હતા એમને લઈને લશ્કરમાં પાછા આવ્યા, પણ તેઓ બચી શકયા નહી અને શહીદ થઈ ગયા.

મુસલમાનોના લશ્કરનો ઝંડો હઝરત અલી રદિ.ના હાથમાં હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'ઝુલ્ફિકાર' નામી પોતાની તલવાર હઝરત અલી રદિ.ને લડવા આપી હતી, અને લડાઈ પછી હમેંશા માટે આપી દીધી. લડાઈ પૂરી થઈ અને ગનીમત વહેંચવામાં આવી તો એક બખ્તર, એક ઊંટ અને એક તલવાર હઝ.અલી રદિ.ના ભાગે આવ્યાં.

***ગઝવએ ઉહદ***

હિજરતના ત્રીજા વરસે શવ્વાલમાં ઉહદ મુકામે લડાઈ થઈ. અલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તઆલાએ મુસલમાનોની મદદ ફરમાવી અને મુસલમાનો જીતવા લાગ્યા. દુશ્મન હારીને નાસવા લાગ્યો, પણ એવામાં પહાડની પાછલી બાજુએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગોઠવેલા માણસો હટી ગયા, હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર રદિ. અમીર હતા, એમણે સાથીઓને રોકયા પણ બધા લડાઈ જીતવાની ખુશી અને ગનીમત ભેગી કરવા ત્યાંથી ચાલ્યા ગયા. આ જગ્યા ખાલી જોઈને દુશ્મન પાછળથી આવી ચડયો. લડાઈનું પાસું એકદમ પલટાય ગયું. અમુક દુશ્મનો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સુધી પહોંચી ગયા. એક પથ્થર એવો કોઈએ માર્યો કે દાંત તૂટી ગયો અને ચહેરો લોહીલુહાણ થઈ ગયો અને આપ બેસી ગયા. હઝરત અલી રદિ. અહીંયા પાસે જ લડી રહયા હતા. મુસ્અબ બિન ઉમૈર રદિ.ની શહાદત પછી મુસલમાનોનો ઝંડો એમની પાસે જ હતો. સામે પક્ષે અબૂસઅદ નામના વ્યકિત પાસે ઝંડો હતો. એણે આપને લલકાર્યા તો એવો પછાડયો કે જમીન ઉપર તરફડવા લાગ્યો. શરીરના કપડાંનું પણ ભાન ન રહયું. એના ઉપર રહમ ખાયને આપ રદિ. પાછા આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તલ્હા બિન ઉબૈદુલ્લાહ રદિ. સાથે મળીને ઉભા કર્યા અને પછી એક ઉચા સ્થળે ઉભા કરી દીધા. જેથી મુસલમાનો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોઈ શકે અને હિમ્મતથી લડી શકે. લડાઈ ખતમ થઈ ગયા પછી હઝરત ફાતિમહ રદિ. પણ આવી ગયાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માથામાંથી નીકળતું લોહી ધોવા માટે હઝરત અલી રદિ. પાણી ભરીને લાવ્યા. હઝરત ફાતિમહ ધોતા હતાં પણ પાણીના કારણે લોહી વધારે વહેતું હતું. એટલે એમણે એક ચટાઈનો ટુકડો ફાડીને સળગાવ્યો અને એની રાખ ઝખમમાં ભરી દીધી તો લોહી બંધ થયું.

હિજરી સન ૫, શવ્વાલમાં ખંદકની લડાઈ થઈ. આ લડાઈ અને એના પરિણામો પણ દૂરગામી છે. જેમ બદરની લડાઈ મુસલમાનોના અસ્તિત્વની લડાઈ હતી, એમ ખંદકની લડાઈમાં શત્રુઓની હાર એમના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અસ્તિત્વને સદાને માટે કમઝોર કરનાર અને એમના નષ્ટની શરૂઆત કરનારી પુરવાર થઈ.

મુસલમાનોએ શહેરમાં કિલ્લેબંધ થઈને લડવાનો ફેસલો કર્યો હતો. એટલે મદીનાની જે તરફ સપાટ જમીન હતી, ત્યાં લાંબી પહોળી ખાઈ – ખાડી ખોદી લીધી જેથી એક પણ દુશ્મન શહેરમાં પ્રવેશી શકે નહીં. બીજી તરફ પહાડો હતા અને ખતરો ન હતો. મક્કાના સરદારો, યોદ્ધાઓ અને આસપાસના કબીલાઓ બધા ભેગા મળીને મદીના શરીફ અને એમાં વસતા મુસલમાનોને સદાને માટે ખતમ કરવાના ઈરાદે આવ્યા હતા. મદીના સમીપે આવીને જોયું તો એક નવી જ વસ્તુ એમની સામે હતી. શહેરની ફરતે ખાઈ અવરોધ બની જાય એ નવી બાબત હતી. મુસલમાનોને આ યુકિત હઝરત સલમાન ફારસી રદિ.એ બતાવી હતી. એક સ્થળે ખાઈ થોડી સાંકળી હતી, ત્યાંથી અમુક યોદ્ધાઓ પાણીદાર ઘોડાઓ કુદાવીને અંદર આવી જતા હતા.

અરબસ્તાનનો એક મશહૂર યોદ્ધો અમ્ર બિન અબ્દે વુદ એક હઝાર યોદ્ધાઓ સમાન ગણાતો હતો. ઘોડો કુદાવીને અંદર આવી ગયો અને મુસલમાનોને લલકાર્યા. હઝરત અલી એની લલકારનો જવાબ આપવા બે વાર ઉભા થયા પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રોકી દીધા. ત્રીજી વાર વધારે ગુસ્સામાં એણે મુસલમાનોને પડકાર ફેંકયો. તો હઝરત અલી રદિ. ઉભા થયા અને મુકાબલા માટે જવાની પરવાનગી માંગી. આપ સલ્લ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમને ખબર છે ? આ અમ્ર છે. હઝ. અલી રદિ.એ કહયું કે અમ્ર હોય તો શું થયું ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પરવાનગી આપી દીધી. હઝરત અલી રદિ.એ એની સામે જઈને પોતાની ઓળખ આપી તો કહેવા લાગ્યો કે ભત્રીજા ! તારા કાકાઓ વગેરે મોટા લોકોને સામે કર. તને મારવામાં મને મજા નહીં આવે. હઝરત અલી રદિ.એ કહયું કે પણ તને મારવામાં મને ખૂબ મજા પડશે. હઝરત અલી રદિ.નો આ જવાબ સાંભળીને એને ગુસ્સો આવી ગયો. ઘોડા ઉપરથી કૂદીને ઘોડાના આગલા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પગો કાપી નાંખ્યા અને ઘોડાના મોંઢા ઉપર તલવાર મારીને એને પાડી દીધો અને પછી તલવાર તાણીને હઝરત અલી રદિ. સામે આવી ઉભો. થોડી વાર સુધી બન્નેની તલવારો અથડાયી, બન્ને આગળ પાછળ થઈને પેંતરો બદલીને વાર કરતા રહયા, અને એમાં અચાનક હઝરત અલી રદિ.ના એક જ વારમાં એ ભોંય ભેગો થઈ ગયો.

શત્રુઓ થોડા દિવસ સુધી મદીનાની બહાર ઘેરો ઘાલીને બેસી રહયા પછી એક પછી એક એવા સંજોગો બન્યા કે તેઓએ નાસી જવામાં જ સલામતી સમજી. આ લડાઈ પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કુરેશ હવે પછી ચામે ચાલીને કદી તમારી સાથે લડવા નહીં આવે. હવે આપણે સામે ચાલીને લડવા જઈશું.

આ લડાઈથી પરવારીને તુરંત મદીનામાં રહીને મુસલમાનો સાથે ગદ્દારી કરનાર યહૂદી કબીલા બનૂકુરૈઝહને સજા આપવાનું નક્કી કરવામાં આવ્યું. એમાં પણ મુસલમાનો તરફથી હઝરત અલી રદિ.ને ઝંડો સોંપવામાં આવ્યો હતો.

ત્યાર પછી હિજરી સન ૬ માં બનૂસઅદ કબીલા વિશે ખબર પડી કે તેઓ ખૈબરના યહૂદીઓની મદદ કરવાની તૈયારી કરી રહયા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને ૧૦૦ મુસલમાનોની ટુકડી લઈને રવાના કર્યા. શાબાન મહીનામાં એમના ઉપર હુમલો કરીને એમને નાસીપાસ કરી દેવામાં આવ્યા અને ૫૦૦ ઊંટ તેમજ બે હઝાર બકરીઓ ગનીમતનો માલ લઈને હઝરત અલી રદિ. મદીના શરીફ પાછા આવ્યા.

### સુલહે હુદયબિયહ

મદીનાથી ઉમરહના ઈરાદે નીકળેલા મુસલમાનોને જયારે મક્કામાં પ્રવેશવાથી રોકી દેવામાં આવ્યા તો બધાએ હુદયબિયહ મુકામે પડાવ કર્યો હતો. છેલ્લે આ સ્થળે સુલેહની વાતચીત થઈ. કુરૈશ તરફથી સુહૈલ બિન અમ્ર વાર્તાકાર તરીકે આવ્યા હતા. સુલેહનો કરાર લેખિત રૂપે તૈયાર કરવાનું નક્કી થયું તો હઝરત અલી રદિ.ને લખવા માટે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બોલાવવામાં આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને ફરમાવ્યું, સહુ પ્રથમ ''બિસ્મિલ્લાહિર્રમાનિર્રહીમ'' લખો. સુહેલે કહયું કે રહમાન કોણ છે એ મને ખબર નથી. અરબોના જૂના રિવાજ મુજબ 'બિસ્મિકલ્લાહુમ્મ'' જ લખો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કોઈ વાંધો નહીં, એમ જ લખો. પછી આગળ લખાવ્યું :

''આ કરાર મુહમ્મદ રસૂલુલ્લાહ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.''

સુહેલે કહયું કે અમે તમને અલ્લાહના રસૂલ માનતા હોત તો બયતુલ્લાહ આવવાથી રોકત પણ નહીં અને લડાઈ પણ ન કરત.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે તમે ભલે ન માનો. હું અલ્લાહનો રસૂલ છું.

સુહેલે કહયું કે 'રસૂલુલ્લાહ'ના બદલે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખવામાં આવે.

આ દરમિયાન હઝરત અલી રદિ. 'મુહમ્મદ રસૂલુલ્લાહ' લખી ચુકયા હતા એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હુકમ ફરમાવ્યો કે એ શબ્દો ભૂંસીને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખવામાં આવે. હઝરત અલી રદિ.ની ગૈરતને આ સ્વીકાર્ય ન હતું. કહેવા લાગ્યા કે હું આ શબ્દો ભુંસી શકું એમ નથી. છેવટે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે મને બતાવો રસૂલુલ્લાહ કયાં લખ્યું છે, પછી પોતે એ શબ્દો ભુંસ્યા અને હઝરત અલી રદિ.ને આગળની વાતો લખવાનો હુકમ ફરમાવ્યો.

### ખૈબર

હિજરી સન સાતમાં ખૈબરની લડાઈ થઈ. મદીના શરીફની ઉત્તરપૂર્વે ખૈબર મુકામે યહૂદીઓના અનેક નાના મોટા કિલ્લા હતા. યહૂદીઓનું આ મજબૂત કેન્દ્ર હતું અને એક રીતે અરબસ્તાનમાં વસતા યહૂદીઓની મદદ માટેની સૈન્ય છાવણી પણ હતી. આયોજનબદ્ધ રીતે બનાવવામાં આવેલ આ કિલ્લાઓ અનાજ – પાણીનો સંગ્રહ કરવા ઉપરાંત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રક્ષણાત્મક રીતે પણ ઘણા મજબૂત હતા. અત્રેના યહૂદીઓ અન્ય યહૂદીઓ સાથે મળીને મદીના શરીફ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી રહયા હતા એટલે પહેલેથી જ એમને રોકવાના ઈરાદે નબીએ કરીમ સલ્લલ્લાહુઅ અલયહિ વ સલ્લમે ૧૪૦૦ સહાબા લઈને ખૈબર તરફ કૂચ કરી. અત્રે ખૈબરની લડાઈની આખી દાસ્તાન વર્ણવવાનો આશય નથી. હઝરત અલી રદિ.ના એક મહાન કાર્યનો ઉલ્લેખ કરવો છે.

અત્રે એક પછી એક અનેક કિલ્લા હતા. બધા કિલ્લા ફતેહ થતા ગયા, અલબત્ત એક કિલ્લો 'અલકમૂસ' કોઈ રીતે જીતાતો ન હતો. પહેલાં હઝરત અબૂબક્ર રદિ., પછી હઝરત ઉમર રદિ.,ને લડાઈની કમાન સોંપવામાં આવી, પણ સફળતા ન મળી. છેલ્લે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, કાલે એવા માણસને કમાન સોંપવામાં આવશે જેને અલ્લાહ અને એના રસૂલ પસંદ કરે છે. અને એના હાથે જ આ કિલ્લો ફતેહ થશે. બીજા ઘણા મોટા સહાબા એવી ઈચ્છા કરતા હતા કે આ સઆદત માટે અમારું નામ લેવામાં આવે. પણ અચાનક હઝરત અલી રદિ.નું નામ લેવામાં આવ્યું. લોકોને ઘણી નવાઈ લાગી, કારણ કે એમની આંખો આવી હોવાના કારણે તેઓ બીમાર હતા. આમ છતાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને બોલાવ્યા, આંખોમાં પોતાનું થુંક લગાવ્યું તો એ જ ઘડીએ એવી સાજી થઈ ગઈ જાણે કે કશું થયું જ ન હતું. હઝરત અલી રદિ.ને ઝંડો આપવામાં આવ્યો તો એમણે પૂછયું કે શું હું લડાઈ કરીને એ બધાંને મુસલમાન બનાવી લઉ ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : નહીં. પહેલાં એમને ઈસ્લામની દાવત આપો. એમને સમજાવો કે અલ્લાહ તઆલાના હુકમો એમના માટે શું શું છે ? ખુદાની કસમ ! તમારા હાથે એક માણસને પણ હિદાયત મળે એ તમારા માટે અનેક લાલ ઊંટો કરતાં વધારે મોટી દોલત છે.

હઝરત અલી રદિ. તલવાર લઈને અલકમૂસ કિલ્લા તરફ રવાના થયા. સૌપ્રથમ સામે મશહૂર યહૂદી યોદ્ધો મુરહહબ મળ્યો. અત્યાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સુધીની લડાઈમાં એણે મુસલમાનોને ઘણું નુકસાન પહોંચાડયું હતું. હઝરત અલી રદિ. સાથે સામનો થયો તો એક બે વાર પછી મોકો જોઈને એક એવો વાર હઝરત અલી રદિ.એ કર્યો કે બખ્તરની કડીઓ સહિત એનું માથું કપાઈને છૂટું પડી ગયું. અને આ એક જ મુકાબલામાં આખા કિલ્લાની ફતેહનો ફેસલો થઈ ગયો.

હઝરત મવલાના સય્યિદ અલી મીયાં નદવી રહ.એ અલમુરતઝામાં હઝરત અલી રદિ.ના કારનામાઓમાં ૪૦ માણસો ઉચકી શકે એટલો ભારે ખૈબરના કિલ્લાનો દરવાજો હઝરત અલી રદિ. દ્વારા એકલા હાથે ઉંચકીને ઉખેડી ફેંકવાની રિવાયતો પણ નકલ ફરમાવી છે. અને હાશિયહમાં લખ્યું છે કે ઈબ્ને કષીર રહ.એ આ રિવાયતોને ઝઈફ કહી છે, પણ બીજી અનેક રિવાયતોમાં આ બાબતનું વર્ણન છે. એટલે આવી કોઈ ઘટના ઘટી હોય એ શકય છે. અને રિવાયતોથી આ બાબત પૂરવાર થતી હોય તો એ અહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓ વિરુદ્ધ પણ નથી. અવલિયાએ કિરામની કરામતો હક છે, એ આપણો અકીદો છે અને હઝરત અલી રદિ. તો તમામ અવલિયાના સરદાર છે.

### ફત્હે મક્કહ

હિજરી સન ૮ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મક્કા ઉપર ચડાઈ કરવાનો ઈરાદો કર્યો અને તેયારી કરવાનો આદેશ આપ્યો તો આ બાબતે એક તકેદારી એ રાખવામાં આવી કે દુશ્મનોને મક્કા ઉપર ચડાઈ બાબતે મુસલમાનોના ઈરાદા અને તૈયારીની બિલ્કુલ ખબર ન પડે. આ છતાં એક નેક અને મુખ્લિસ સહાબી હઝરત હાતિબ ઈબ્ને બલ્તઅહ રદિ.એ પત્ર દ્વારા આ તૈયારીની ખબર મક્કા વાળાઓને પહોંચાડવાના હેતુએ એક સ્ત્રીને પૈસા આપીને રવાના કરી. હઝરત હાતિબ રદિ. એમ વિચારીને કે જીત અને ફતેહ તો અલ્લાહના રસૂલની જ છે. પણ મક્કાવાળાઓને જાણ કરવાથી મારું એમના ઉપર એહસાન રહેશે. બદલામાં તેઓ મક્કામાં રહેતા એમના બાળ બચ્ચાઓ અને સગાઓનો ખ્યાલ રાખશે. પણ અલ્લાહ તઆલાએ વહી દ્વારા આ બાબત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહના રસૂલને બતાવી દીધી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ. અને હઝરત ઝુબૈર રદિ.ને બોલાવીને ફરમાવ્યું કે મક્કાના રસ્તે ફલાણા સ્થળે એક સ્ત્રી મળશે એની પાસેથી પત્ર કઢાવી લાવો. આ બન્ને મારતે ઘોડે રવાના થયા અને નક્કી સ્થળે જઈને એ સ્ત્રીને પકડીને પત્રની માંગણી કરી. એના સામાનની જડતી લીધી પણ કોઈ પત્ર દેખાયો નહીં. એને પૂછયં તો તેણે પોતાની પાસે કોઈ પણ પત્ર હોવાનો ઈન્કાર કર્યો. હઝરત અલી રદિ.એ ફરમાવ્યું ખુદાની કસમ ! અલ્લાહના રસૂલ ખોટું નથી બોલતા. જો તું સીધી રીતે પત્ર નહી કાઢે તો તારા કપડાં ઉતારીને અમે જડતી લઈશું. છેવટે પોતાના વાળમાંથી એણે પત્ર કાઢયો અને બન્ને જણા મદીના પરત આવ્યા. હઝરત હાતિબ રદિ.ને પૂછવામાં આવ્યું કે તમે આવું કેમ કર્યું તો એમણે સાચું બતાવી દીધું કે એમનો આશય આવો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બદરી સહાબી હોવાની બરકતથી એમને માફ કરી દીધા.

મક્કામાં પ્રવેશતી વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નાની મોટી ટુકડીઓ બનાવીને દરેકનો અલગ ઝંડો અને સરદાર નક્કી કર્યા હતા. એક ઝંડો હઝરત સઅદ બિન ઉબાદહ રદિ. પાસે હતો. તેઓ જોશમાં શાયરી ગાતા ગાતા બોલી ગયા કે આજે તો ભારે લડાઈ અને ખુવારીનો દિવસ છે. આજે તો હરમ શરીફમાં પણ લડાઈ થશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો ફરમાવ્યું : નહીં, આજે તો કાબાના અદબ અને સન્માન કરવાનો દિવસ છે. પછી ઝંડો હઝરત સઅદ રદિ. પાસેથી લઈને હઝરત અલી રદિ.ને આપી દીધો, બીજી રિવાયતોમાં હઝરત સઅદ રદિ.ના પુત્ર કૈસ રદિ.ને અથવા ઝુબૈર રદિ.ને ઝંડો સુપરત ફરમાવવાનું પણ વર્ણન છે. (ફત્હુલ બારી)

### *ગઝવએ તબૂક વેળા એક અનોખી સઆદત*

હિજરી સન ૯ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તબૂક મુકામે લડાઈ માટે નીકળ્યા તો મદીના શરીફમાં પોતાના ઉત્તરાધિકારી તરીકે હઝરત મુહમ્મદ બિન મસ્લમહ રદિ. અને પોતાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘરના સભ્યો અને અહલે બયતના રક્ષણ માટે અલી રદિ.ને નિયુકત ફરમાવ્યા. હઝરત અલી રદિ. બહાદુર અને લડવૈયા હતા. લડાઈથી દૂર હોવાનો અફસોસ હતો અને ઉપરથી મુનાફિકોએ ટોણો માર્યો કે એમને ઘરમાં રહેતી ઓરતો સાચવવા રાખ્યા છે. એટલે હઝરત અલી રદિ. ઘણા જ બેચેન થઈ ગયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વેળા એમને બોલાવીને ફરમાવ્યું : શું તમને આ પસંદ નથી કે મારા નાયબ તરીકે તમારી હેસિયત એવી જ હોય જેમ હઝરત મૂસા અલૈ.ના નાયબ તરીકે એમના ભાઈ હારૂન અલૈ. હતા. હા, એટલો ફરક રહેશે કે મારા સિવાય હવે કોઈ નબી નહી હોય.

***યમનમાં ઇસ્લામની તબ્લીગ***

હિજરી સન ૧૦ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ખાલિદ રદિ.ને યમન મોકલ્યા. એ પહેલાં હિજરી સન ૯ માં યમનના અમુક લોકો અને સમુહો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં આવીને ઈસ્લામ સ્વીકારી ચુકયા હતા. હવે હઝરત ખાલિદ રદિ.ને ત્યાં જઈને લોકોને ઈસ્લામ સમજાવીને એમને ઈસ્લામમાં દાખલ કરવાની જવાબદારી સોંપવામાં આવી. પણ છ મહીના લગાતાર પ્રયત્નો કરવા છતાં હઝરત ખાલિદ રદિ.ને ઝાઝી સફળતા ન મળી, એટલે એમને પાછા બોલાવીને હઝરત અલી રદિ.ને યમન જવાનો હુકમ ફરમાવ્યો. હઝરત અલી રદિ.એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! યમનના લોકો મારા કરતાં વધારે સમજદાર અને અનુભવી છે. હું એમના વચ્ચે રહીને કેવી રીતે એમને સમજાવી શકીશ ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તુરંત દુઆ ફરમાવી કે હે અલ્લાહ ! અલીની ઝબાનને સાચી અને સીધી બનાવી દયો અને એમના દિલને હિદાયતના નૂરથી ભરી દયો. પછી પોતાના હાથો વડે એમના માથે પાઘડી બાંધી અને એક કાળો ઝંડો દઈને રવાના ફરમાવ્યા.

હઝરત અલી રદિ. યમન પહોંચ્યા તો અહિંયાની સ્થિતિ બિલકુલ બદલાયેલી હતી. હઝરત ખાલિદ રદિ.ની છ મહીનાની મહેનતથી જે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લોકો ઈસ્લામને સમજી શકયા ન હતા, એ હઝરત અલી રદિ.ની અમુક દિવસની તાલીમ – કેળવણીથી સાચા મુસલમાન બની ગયા અને આખો હમ્દાન કબીલો મુસલમાન થઈ ગયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત અલી રદિ.એ પત્ર  દ્વારા હમ્દાન કબીલાના ઈસ્લામ સ્વીકારના સમાચાર સંભળાવ્યા તો સજદહમાં પડી ગયા અને હમ્દાન કબીલા માટે સલામતીની ખૂબ દુઆઓ ફરમાવી.

હિજરી સન ૯ માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈસ્લામના પ્રથમ હજ કરવા માટે હઝરત અબૂબક્ર રદિ.ને હાજીઓના કાફલાના અમીર બનાવીને મક્કા શરીફ રવાના કર્યા. હઝરત અબૂબક્ર રદિ. મદીના શરીફથી રવાના થઈ ઘણા આગળ નીકળી ગયા. ત્યાર પછી સૂરએ બરાઅતની શરૂની ૪૦ આયતો અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી. એમાં આદેશ આપવામાં આવ્યો હતો કે ગત વરસે મક્કાની ફતેહ વેળા મક્કાના કાફિરો સાથે જે કરાર કરવામાં આવ્યા હતા, એ બધા કરારો ચાર મહીનાનો સમય અને મોહલત આપીને ખતમ – નિષ્ક્રીય હોવાની જાહેરાત કરી દેવામાં આવે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વિચાર્યું કે અરબસ્તાનના બધા જ કબીલાઓ હજ માટે મક્કામાં ભેગા થાય છે, એટલે હજના અવસરે જ આ જાહેરાત કરી દેવામાં તો વધારે યોગ્ય રહેશે અને દરેકને આ બધા કરારો ચાર માસ પછી રદબાતલ હોવાના સમાચાર મળી જશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ હેતુએ હઝરત અલી રદિ.ને પોતાની ઊંટણી આપી અને આદેશ ફરમાવ્યો કે બની શકે એટલી ઝડપી ગતિએ કુરઆનની આ આયતો લઈને હઝરત અબૂબક્ર રદિ. પાસે પહોંચો. અને ત્યાં જઈને એની જાહેરાત કરો. હઝરત અલી રદિ. રસ્તામાં હઝરત અબૂબક્રને જઈ મળ્યા. હઝરત અબૂબક્ર રદિ.એ પૂછયું કે તમને અમીર બનાવવામાં આવ્યા છે કે પછી અમીર હું જ છું ? હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે ના, હું અમીર નથી. હું તમારા તાબે છું. હઝરત અલી રદિ. મક્કા પહોંચ્યા અને કુરબાનીનો દિવસ આવ્યો તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આદેશ મુજબ એલાન ફરમાવ્યું કે, કોઈ પણ કાફિર જન્નતમાં નહીં જશે. હવે પછી કોઈ મુશ્રિક માણસ હજ નહીં કરી શકે. હવે પછી નગ્ન અવસ્થામાં કાબાનો તવાફ કરી શકાશે નહીં.

### હજ્જતુલ વદાઅ

હજ્જતુલ વદાઅમાં હઝરત અલી રદિ. યમનથી આવીને શરીક થયા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ૧૦૦ ઊંટ કુરબાનીના લઈને આવ્યા હતા. એમાંથી ૬૩ ઊંટ પોતે ઝબહ ફરમાવ્યા અને બાકીના ઊંટ હઝરત અલી રદિ. પાસે ઝબહ કરાવ્યા.

હજથી પરત ફરતી વેળા ગદીરે ખુમ નામી મુકામે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો પડાવ હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સમાચાર પહોંચ્યા કે યમનમાં હઝરત અલી રદિ.એ ન્યાય અને ઈન્સાફના આધારે કરેલા અમુક ફેસલાઓથી અમુક લોકો નારાજ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ સ્થળે એક તકરીર ફરમાવી અને એમાં હઝરત અલી રદિ.ના વખાણ કરીને દુઆ ફરમાવી કે, હે અલ્લાહ ! જે કોઈ અલીની હિમાયત ફરમાવે તું પણ એની હિમાયત ફરમાવ અને જે કોઈ અલી સાથે દુશ્મની રાખે, તું પણ એની સાથે દુશ્મની કરજે.

### નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત

હજ્જતુલ વદાઅથી પરત આવીને રબીઉલ અવ્વલ હિજરી સન ૧૧ માં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બીમાર પડયા. ઘરના એક સભ્ય હોવાથી હઝરત અલી રદિ. સતત આપની સેવામાં હાજર રહેતા હતા. આ જ છેલ્લા દિવસોમાં હઝરત અબૂબક્ર રદિ.એ મસ્જિદે નબવીમાં નમાઝ પઢાવી હતી.

છેલ્લી ઘડીઓના અહેવાલ વર્ણવતા હઝરત અલી રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વસીય્યત ફરમાવી કે નમાઝની પાબંદી કરવામાં આવે. ઝકાત અદા કરવામાં આવે. ગુલામો –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાંદીઓના હકો અદા કરવામાં આવે.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે કે હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોઈ રહી હતી, આપે આસમાન તરફ જોયું અને ફરમાવ્યું :

فى الرفيق الأعلى فى الرفيق الأعلى

**સૌથી સારા દોસ્તના દરબારમાં**

આ વેળા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એક લગન અને પાણી ભરવાનો એક પ્યાલો હતો. પાણીમાં હાથ નાંખીને ચહેરા ઉપર ફેરવતા અને ફરમાવતા કે, લા ઈલાહ ઈલ્લલ્લાહ... પછી ડાબા હાથની આંગળી સીધી કરી અને ફરમાવ્યું :

فى الرفيق الأعلى فى الرفيق الأعلى

**સૌથી સારા દોસ્તના દરબારમાં**

અને આ જ સ્થિતિમાં રૂહ પરવાઝ કરી ગઈ. ૧૨ રબીઉલ અવ્વલ, સોમવાર, બપોરનો સમય હતો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ગુસલ આપવા અને ફકન વગેરેની બધી જવાબદારીઓ હઝરત અલી રદિ.એ જ પૂરી ફરમાવી.

ત્યાર પછી હઝરત અબૂબક્ર રદિ.ને ખલીફા બનાવવામાં આવ્યા.

### *હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત અલી રદિ.*

હઝરત ફાતિમહ રદિ.ને પોતાના વાલિદ અંબિયાના સરદાર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતનો ઘણો સદમો હતો. ઉપરાંત અમુક બાબતોમાં હઝરત અબુબક્ર રદિ.થી નારાજ હતાં. આ સ્થિતિમાં હઝરત અલી રદિ. ઘરમાં હઝરત ફાતિમહને સંભાળવામાં વ્યસ્ત રહયા.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતના છ મહીના પછી હઝરત ફાતિમહ રદિ.ની વફાત થઈ. ત્યાર પછી હઝરત અલી રદિ.એ હઝરત અબૂબક્ર રદિ.ના હાથ ઉપર બયઅત ફરમાવી.

અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે હઝરત અલી રદિ.એ પહેલા કે બીજા જ દિવસે બયઅત કરી લીધી હતી. અલબત્ત હઝરત ફાતિમહ રદિ.ની હઝરત અબૂબક્ર પ્રત્યેની નારાજગીના કારણે એમની લાગણીનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્યાલ રાખીને જાહેરમાં દૂર રહેતા હતા. બીજી રિવાયતોમાં એમ પણ આવે છે કે આ દિવસોમાં હઝરત અલી રદિ. એમની પાસે મોજૂદ કુરઆન શરીફની સૂરતો– આયતોને ભેગી કરવામાં મશ્ગૂલ હતા.

હઝરત ફાતિમહ રદિ. જયારે બીમાર પડયાં તો હઝરત અબૂબક્ર રદિ. મળવા આવ્યા. હઝરત અલી રદિ.એ હઝરત ફાતિમહ રદિ.ને કહયું કે અબૂબક્ર રદિ. દરવાજે ઉભા છે ? તમે ચાહો તો એમને અંદર આવવાની રજા આપું. હઝરત ફાતિમહ રદિ.એ હઝરત અલી રદિ.ને પૂછયું કે, તમને આ બાબત પસંદ છે ? હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે, હા, કોઈ વાંધો નથી. એટલે પછી એમને અંદર આવવા દીધા. હઝરત અબૂબક્ર રદિ. અંદર આવ્યા, માફી અને મઅઝિરતની વાત કરી તો હઝરત ફાતિમહ રદિ. એમનાથી ખુશ થઈ ગયાં.

મુળ વાત આ હતી કે હઝરત ફાતિમહ રદિ.નો આગ્રહ હતો કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી વારસા વહેંચણી કરવામાં આવે. જે અમુક જમીનો વગેરે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાનું અને ઘરવાળાઓનું ગુઝરાન ચાલે એ હેતુએ પોતાની કહીને અલગ કરી હતી એની વારસા વહેંચણી થાય. પરંતુ હઝરત અબૂબક્ર રદિ.નું કહેવું હતું કે અંબિયાએ કિરામનો કોઈ વારસદાર નથી હોતો. તેઓ જે કંઈ છોડીને જાય છે એ બધું સદકહ છે. આ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે. આ જ આધારે હઝરત અબૂબક્ર રદિ.એ પોતાની વહાલી દીકરી અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પત્નિ હઝરત આઈશહ રદિ.ને પણ કંઈ આપ્યું ન હતું. હઝરત અબૂબક્ર રદિ. પોતાની જગ્યાએ સાચા હતા. ઘણીવાર અંદરોઅંદર આવી નારાજગીઓ થાય છે અને કોઈ એક પક્ષને પોતાની વાત ઉપર એટલું યકીન હોય છે કે બીજી બધી દલીલો બેકાર સમજે છે. અથવા શકય છે કે તેઓ એમ સમજતાં હોય કે ભલે નબીના માલમાં કોઈ વારસદાર ન બની શકે, એ બધું સદકહ છે, પણ અબૂબક્ર રદિ. ખલીફા હોવાથી અધિકાર રાખે છે કે એ વસ્તુઓ અમને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપી દયે.

અલબત્ત હઝરત ફાતિમહ રદિ. નારાજ હોવા છતાં કોઈ લડાઈ કે ફિત્નાની વાત હરગિઝ ન થવા દીધી. નારાજગી છતાં શરાફત અને ઉચ્ચ અખ્લાકની નબવી ખાનદાની પરંપરા એમણે સંપૂર્ણ રીતે જાળવી રાખી અને છેલ્લી ઘડીએ જયારે હઝરત અબૂબક્ર રદિ. એમની પાસે આવ્યા તો બધી નારાજગી દૂર કરીને રાજી થઈ ગયાં હતાં.

મગરિબ અને ઈશા દરમિયાન આપનો ઈન્તેકાલ થયો. ખબર પડતાં જ હઝરત અબૂબક્ર રદિ, હઝરત ઉમર રદિ., હઝરત ઝુબૈર રદિ. હઝ. અબ્દુર્રહમાન બિન ઓફ રદિ. વગેરે સહાબા ભેગા થઈ ગયા. જનાઝહ આવ્યો તો હઝરત અલી રદિ.એ હઝરત અબૂબક્ર રદિ.ને ફરમાવ્યું કે, નમાઝ પઢાવો. હઝરત અબૂબક્ર રદિ.એ ફરમાવ્યું કે, તમે પોતે છો છતાં હું પઢાવું ? હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે, હા, આગળ વધો. ખુદાની કસમ ! તમારા સિવાય બીજું કોઈ નમાઝ નહીં પઢાવે.

૩ રમઝાનુલ મુબારક, હિજરી સન ૧૧, મંગળવારની રાત્રે આપને દફન કરવામાં આવ્યાં. આપ રહ.થી હઝરત અલી રદિ.ની અવલાદમાં ત્રણ પુત્રો : હસન, હુસૈન, મુહસ્સન, અને બે પુત્રીઓ ઉમ્મે કુલ્થૂમ અને ઝયનબ હતાં.

હઝરત અબૂબક્ર રદિ.ના ખલીફા બન્યા પછી હઝરત અલી રદિ.એ સંપૂર્ણ રીતે એમને સહકાર આપ્યો. જરૂરતના કોઈ પણ અવસરે હઝરત અલી રદિ. પાછળ નથી રહયા. હઝરત અબૂબક્ર રદિ. ખલીફા બન્યા પછીના તુરંતના દિવસોમાં એક કસોટી ઈસ્લામથી ફરી જનારા કબીલાઓને સમજાવવાની, નહીતર એમની સાથે લડાઈ કરવાની હતી. આ માટે ઝુલ્કિસ્સહ સ્થળે હઝરત અબૂબક્ર રદિ. પોતે જવાના આગ્રહી હતા. અને સવારી ઉપર સવાર પણ થઈ ગયા. આ વેળા હઝરત અલી રદિ. આગળ આવી ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો વાસ્તો આપીને કહયું કે જો તમને કંઈક પણ તકલીફ પહોંચશે તો એની દુરગામી નકારાત્મક અસરો પડશે. માટે તમારે જવું જોઈએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નહીં. એટલે હઝરત અલી રદિ.ની વાતનું માન રાખીને એમણે આ સફર મુલતવી ફરમાવી. હઝરત અલી રદિ.એ પોતાના એક પુત્રનું નામ પણ અબૂબક્ર રાખ્યું હતું.

### હઝરત ઉમર રદિ. અને હઝરત અલી રદિ.

હઝરત અબૂબક્ર રદિ. પછી હઝરત ઉમર રદિ.ને ખલીફા બનાવવામાં આવ્યા. હઝરત અલી રદિ.એ હઝરત ઉમર રદિ.ને પણ ભરપૂર સાથ સહકાર આપ્યો. હઝરત ઉમર રદિ. કોઈ પણ મોટો નિર્ણય હઝરત અલી રદિ.ના મશ્વેરા વગર કરતા ન હતા.

નિહાવંદ અને યરમૂકની બે મોટી લડાઈઓ વિશે જયારે હઝરત ઉમર રદિ.એ સહાબએ કિરામ રદિ.ને ભેગા કર્યા તો ઘણા સહાબાએ સલાહ આપી કે હઝરત ઉમર રદિ. પણ મક્કા – મદીનાથી એક લશ્કર લઈને નીકળે અને મુસ્લિમ સૈન્યની મદદે પહોંચે. પણ બન્ને વેળા હઝરત અલી રદિ.એ વિરોધ કરીને કહયું કે તમારે તો મદીનામાં જ રહેવું જોઈએ. કોઈ પણ વાલીએ એનું પાટનગર છોડવું જોઈએ નહીં. અને બન્ને વેળા હઝરત ઉમર રદિ.એ હઝરત અલી રદિ.ની સલાહ મુજબ અમલ કર્યો. એનાથી વિપરીત જયારે બયતુલ મુકદ્દસની ફતેહ થઈ તો સુલેહની દસ્તાવેજ લખવા અને બયતુલ મુકદ્દસની ચાવીઓ સોંપવા માટે ઈસાઈઓનો આગ્રહ હતો કે મુસલમાનોના ખલીફા પોતે બયતુલમુકદ્દસ આવે. હઝરત ઉમર રદિ.એ સહાબા સાથે મસલત કરી તો હઝરત ઉસ્માન રદિ.એ ફરમાવ્યું કે તમારે પોતે જવું જોઈએ નહીં. પણ હઝરત અલી રદિ.ની સલાહ આ હતી કે હઝરત ઉમર રદિ.એ આ ઐતિહાસિક અવસરે જરૂર જવું જોઈએ. હઝરત ઉમર રદિ.એ હઝરત અલી રદિ.ની વાત માન્ય રાખી અને બયતુલ મુકદ્દસની સફરે રવાના થયા. અને મદીના શરીફમાં હઝરત અલી રદિ.ને પોતાના નાયબ બનાવ્યા.

હઝરત અલી રદિ.એ વિવિધ કેસોના ફેસલા કરવામાં અને સત્તાના કામકાજમાં હઝરત ઉમર રદિ.ને એટલો બધો સહકાર આપ્યો હતો કે હઝરત ઉમર રદિ. ફરમાવતા હતા કે, لو لا علی لهلك عمر એટલે કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જો અલી ન હોત તો ઉમર બરબાદ થઈ જાત.

હઝરત અલી રદિ.એ પોતાની એક સાહબઝાદી અને તે પણ હઝરત ફાતિમહ રદિ.ની કુખે જન્મેલાં હઝરત ઉમ્મે કુલ્ષુમ રદિ.ના નિકાહ હઝરત ઉમર રદિ. સાથે કરાવ્યા હતા.

આ બધું દર્શાવે છે કે હઝરત અલી રદિ. અને હઝરત ઉમર રદિ. વચ્ચે કેટલા નિખાલસ સંબંધો હતા.

હઝરત ઉમર રદિ.ને શહીદ કરવામાં આવ્યા તો હઝરત અલી રદિ.ને ઘણો જ સદમો અને અફસોસ થયો. કોઈએ આપ રદિ.ને રડતાં જોઈએ પૂછયું કે, શા માટે રડો છો ? તો હઝરત અલી રદિ.એ ફરમાવ્યું : ઉમરની શહાદત ઉપર રડી રહયો છું. ઉમર રદિ.ની શહાદત ઈસ્લામના કિલ્લામાં એક એવું ગાબડું છે, જે કયામત સુધી પૂરી શકાશે નહીં.

અબૂ જુહયફહ રદિ. ફરમાવે છે કે હું હઝરત ઉમર રદિ.ની મય્યિત પાસે ઉભ્ભો હતો. ચહેરો ચાદરથી ઢંકાયેલો હતો. એટલામાં હઝરત અલી રદિ. આવ્યા અને હઝરત ઉમર રદિ.નો ચહેરો ખોલ્યો, પછી કહેવા લાગ્યા :

અબૂહફસ (ઉમર) ! તમારા ઉપર અલ્લાહની રહમતો ઉતરે. ખુદાની કસમ ! રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી તમારા સિવાય કોઈ બીજો કોઈ એવો નેક માણસ નથી, જેનું નામએ આમાલ મને એવું પસંદ હોય કે હું એને મારા માટે અલ્લાહ સામે રજૂ કરું.

***હઝરત ઉસ્માન રદિ. અને હઝરત અલી રદિ.***

હઝરત ઉમર રદિ.એ વફાત પહેલાં છ માણસોની એક કમીટી બનાવીને એમાંથી કોઈ એકને ખલીફા બનાવવાની જવાબદારી સોંપી હતી. (૧) હઝરત ઉસ્માન બિન અફફાન રદિ., (૨) હઝરત અલી રદિ., (૩) હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ રદિ., (૪) હઝરત ઝુબૈર બિન અવ્વામ રદિ., (૫) હઝરત સઅદ બિન વક્કાસ રદિ., (૬) હઝરત અબ્દુર્રહમાન બિન ઓફ રદિ.

પછી ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાને તમારા સાથે ભલાઈ મંજૂર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હશે તો તમારામાંથી કોઈ એક વ્યકિત ઉપર અલ્લાહ તઆલા બધાને સહમત કરી દેશે. જેમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી હઝરત અબૂબક્ર રદિ. ઉપર બધાને સહમત કરી દીધા હતા. જયાં સુધી કોઈ એકને ખલીફા તરીકે નક્કી કરવામાં ન આવે, હઝરત સુહૈબ રૂમી રદિ. મસ્જિદે નબવીમાં ઈમામત કરાવશે. અમુક લોકો એવા પણ હોવા જોઈએ જે આ છ માણસોને મશ્વેરો કરવા માટે ભેગા કરે અને તેઓ વહેલી તકે કોઈ નિર્ણય કરી લે એની તકેદારી રાખે. છેલ્લે પોતાના તરફથી આ પણ ફરમાવ્યું કે, મને નથી લાગતું કે લોકો હઝરત ઉસ્માન રદિ. અને હઝરત અલી રદિ. સિવાય કોઈ બીજાને આગળ કરે.

આ છ માંથી હઝરત ઝુબૈર રદિ.એ પોતાનો હક અથવા મત હઝરત અલી રદિ.ને આપ્યો. હઝરત સઅદ રદિ.એ એમનો મત હઝરત અબ્દુર્રહમાન રદિ.ને આપી દીધો. અને હઝરત તલ્હા રદિ.એ પોતાનો મત હઝરત ઉસ્માન રદિ.ને આપ્યો. આમ છ માંથી ત્રણ માણસો નીકળી ગયા. પછી હઝરત અબ્દુર્રહમાન રદિ. બોલ્યા કે આપણા ત્રણમાંથી જે કોઈ પોતાનો હક છોડી દે એને સત્તા આપવામાં આવે કે બાકીના બે માણસોમાંથી કોઈ એકને તે ખલીફા તરીકે નક્કી કરે. જો તમે બેમાંથી કોઈ એક પોતાનો હક છોડવા તૈયાર હોય તો બોલો. હઝરત ઉસ્માન રદિ. અને હઝરત અલી રદિ. ખામોશ રહયા તો એમણે (હઝ. અ.રહમાન રદિ.એ) પોતાનો હક છોડીને કહયું કે હવે હું તમારા બેમાંથી કોઈ એકને ખલીફા તરીકે નક્કી કરીશ. હું જેને પણ નક્કી કરું એના ઉપર તમે બન્ને રાજી છો ? બન્નેએ રઝામંદી દર્શાવી. એટલે ત્યાર પછી ત્રણ દિવસ સુધી લગાતાર તેઓ લોકોથી સલાહ મશ્વેરો કરતા રહયા. એકાંતમાં અને જાહેરમાં, નાના – મોટા, મરદ – ઓરત, બાળકો અને યુવાનો, શહેરી અને ગામડિયા, દરેક પ્રકારના લોકો સાથે મસલત કરી. અને છેલ્લે જુમ્અહના દિવસે હઝરત ઉસ્માન રદિ.ને ખલીફા તરીકે નક્કી ફરમાવ્યા અને બધાને એમના હાથ ઉપર બયઅત કરવાનો આદેશ ફરમાવ્યો. આમ હઝરત ઉસ્માન રદિ. ખલીફા બન્યા. આ જ મજલિસમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અલી રદિ.એ ખુલ્લા દિલે હઝરત ઉસ્માન રદિ.ના હાથ ઉપર બયઅત કરી.

હઝરત ઉસ્માન રદિ.ના ખિલાફતકાળમાં પણ હઝરત અલી રદિ. મદીનામાં રહયા. જરૂરત પડયે હઝરત ઉસ્માન રદિ.ને મદદ કરતા હતા. હઝરત ઉસ્માન રદિ. ઘણા કેસો એમની પાસે મોકલીને ફેસલો કરાવતા હતા. હઝરત ઉમર રદિ.ના સમયમાં એક પછી એક, અનેક દેશોમાં ઈસ્લામનો ફેલાવો થઈ રહયો હતો, એ સિલસિલો હઝરત ઉસ્માન રદિ.ના ઝમાનામાં ચાલુ રહયો. બલકે આપ રદિ.એ આ કાર્યને વધારે આગળ ધપાવ્યું. વિશ્વભરમાં ઈસ્લામ પ્રચાર માટે જતા મુસલમાનોને વધારે સુવિધાઓ આપી. શત્રુઓ સાથે યુદ્ધ કરવા માટે ઈસ્લામી સેનાને વધારે શકિતશાળી બનાવી. આઝરબૈઝાન અને આર્મેનિયા ઈસ્લામી સલતનતમાં શામેલ થયા. હિજરી સન ૨૭માં હઝરત અબ્દુલ્લાહ બિન સઅદ રદિ.ના નેતૃત્વમાં મુસલમાનો આફિકામાં પ્રવેશ્યા અને તરાબલસ (ત્રિપોલી) કબરસ, તબરિસ્તાન અને જુરજાનના પ્રદેશો જીતવામાં આવ્યા. હઝરત ઉમર રદિ.ની શહાદત પછી અુમક પ્રદેશોના લોકો બગાવત કરીને વિમુખ થઈ ગયા હતા. આ પ્રદેશો ઉપર ફરીવાર ઈસ્લામી શાસન બહાલ કરવામાં આવ્યું. ફારસ, મર્વ, બલ્ખ, હિરાત (ઈરાન અને વર્તમાન અફગાનિસ્તાન)ના અનેક પ્રદેશો સુધી ઈસ્લામ ફેલાય ગયો. હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ રદિ.ના નેતૃત્વમાં મુસલમાનોના લશ્કરે વર્તમાન બલુચિસ્તાન સુધીના પ્રદેશો જીતી લીધા.

હઝરત ઉસ્માન રદિ.એ સામાન્ય લોકોના કલ્યાણ અને સમાજના વિકાસ માટે ઉપયોગી ફેસલાઓ પણ કર્યા. જેમ કે, મદીના તરફ આવનારા બધા જ રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું. જેથી મુસાફરોને તકલીફ ન પડે. રસ્તાઓ ઉપર થોડા થોડા અંતરે ચોકીઓ બનાવવામાં આવી. સરાય (મુસાફિર ખાના) બનાવવામાં આવ્યાં. મદીના શરીફથી થોડા અંતરે એક બંધ બનાવ્યો. કારણ કે કદી કદી ખૈબર તરફથી પૂરના પાણી મદીના સુધી આવી જતાં હતાં. એને મહઝૂરનો બંધ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કહેવામાં આવતો હતો. પાણીનું વહેણ બદલવા માટે નહેરો પણ ખોદવામાં આવી હતી. સમગ્ર પ્રદેશમાં ઊંટો અને ઘોડાઓના ઉછેર માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. એ માટે અનેક સ્થળોએ ગોચરની જમીન વિશેષ કરવામાં આવી. એને હરિયાળી રાખવામાં માટે ત્યાં કુવા ખોદવામાં આવ્યા. અમુક ફાર્મ તો હઝારો ઊંટોનો ઉછેર થઈ શકે એટલા વિશાળ હતાં. અનેક સ્થળોએ કુવા ખોદાવ્યા. પુલો અને રસ્તા બનાવ્યા. વિવિધ શહેરોમાં મસ્જિદો બનાવડાવી. મદીના ઉપરાંત અન્ય શહેરોમાં પણ બયતુલ માલ દ્વારા સહાય પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી.

હઝરત ઉસ્માન રદિ.નું એક મહાન કાર્ય મુસલમાનોને કુરઆનની એક સરખી તિલાવતની તાલીમનું પણ છે. આજ સુધી કુરઆન પઢાવનારા આલિમો પાસે એમણે પોતે શીખેલ અને ભેગા કરેલ કુરઆનમાંથી અન્યોને પઢાવતા હતા. આરંભે અરબી લખાણોમાં નુકતા અને ઝબર – ઝેર દર્શાવવામાં આવતા ન હતા. એના કારણે અમુક શબ્દોના ઉચ્ચાર વગેરેમાં કંઈક ફેરફાર થઈ જતો હતો. હઝરત ઉસ્માન રદિ.એ હઝરત અબૂબક્ર રદિ.ના ઝમાનામાં ભેગા કરવામાં આવેલ કુરઆનની આધારભૂત નકલમાંથી સાત નકલો કરીને ઈસ્લામી પ્રદેશના વિવિધ ભાગોમાં રવાના કરી અને આદેશ કર્યો કે હવે આ મુજબ જ કુરઆન પઢવા – પઢાવવામાં આવે.

> હઝરત અલી રદિ. ફરમાવતા હતા : અલ્લાહ તઆલા અબૂબક્ર ઉપર રહેમ ફરમાવે, તેમણે જ સૌપ્રથમ કુરઆનને એક કિતાબ સ્વરૂપે ભેગું કર્યું, અને પછી હઝરત ઉસ્માન રદિ.એ જે તરતીબથી કુરઆનની પ્રતો બનાવીને લોકોને એ મુજબ જ પઢવાનો આદેશ ફરમાવ્યો. હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ.ના ઝમાનામાં કોઈને એ તરતીબથી વિરોધ ન હતો. એમ પણ એ દિવસોમાં એવો કોઈ વિખવાદ થયો ન હતો જેવો હઝરત ઉસ્માન રદિ.ના ઝમાનામાં જોવામાં આવ્યો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલાએ હઝરત ઉસ્માન રદિ.ને એક મોટી ખિદમત અંજામ આપવાની તોફીક આપી. અને એના થકી ઉમ્મતમાંથી વિરોધાભાસ ખતમ થઈ ગયો અને કુરઆન બાબતે બધા એકસુત્ર થઈ ગયા. જો ઉસ્માન રદિ.ની જગ્યાએ હું હોત અને મારી સામે આવી સ્થિતિ ઉભી થાત તો હું પણ એવું જ કરત જેમ હઝરત ઉસ્માન રદિ.એ કર્યું.

મક્કામાં હરમ શરીફને વિશાળ કરવાની જરૂરત ઉભી થઈ તો આસપાસના મકાનો ખરીદીને હરમ શરીફને વિશાળ કરવામાં આવ્યું. ખાનએ કાબા ઉપર કીમતી ગિલાફ ચડાવવાની શરૂઆત પણ હઝરત ઉસ્માન રદિ.એ ફરમાવી હતી. હઝરત ઉસ્માન રદિ.એ મુસલમાનો અને ઈસ્લામી સત્તાની ખૂબ સેવા કરી. અમાનતદારી અને ખંત સાથે બનતા પ્રયાસો કર્યા.

હઝરત ઉસ્માન રદિ.ના ઝમાનામાં ઈસ્લામ વિશ્વભરમાં ફેલાય રહયો હતો, પણ બીજી તરફ ઈસ્લામના દુશ્મનો દ્વારા ઈસ્લામ વિરુદ્ધ પ્રપંચો પણ આયોજનબદ્ધ રીતે રચવામાં આવી રહયા હતા. આ પ્રપંચો અને ષડયંત્રોએ ભયંકર રૂપ ધારણ કર્યું અને મદીના શરીફમાં હઝરત ઉસ્માન રદિ.ને શહીદ કરવામાં આવ્યા.

આ વિવાદ અને અન્યાયી બગાવતની વિગત ઘણી લાંબી છે, હઝરત ઉસ્માન રદિ.ના હાલાતે જીંદગીમાં ઈતિહાસકારોએ વિસ્તારપૂર્વક એનું વર્ણન કર્યું છે. અત્રે હઝરત અલી રદિ.ને કેન્દ્રમાં રાખીને આ વિવાદમાં હઝરત અલી રદિ.એ હઝરત ઉસ્માન રદિ. તરફે જે વફાદારી અને મદદની સેવા બજાવી એનું ટુંકું વર્ણન કરીને આગળ વધીશું.

હઝરત ઉમર રદિ. પછી હઝરત ઉસ્માન રદિ.ના ઝમાનામાં જયારે ફિત્નો શરૂ થયો તો હઝરત અલી રદિ.એ ફિત્નો ખતમ કરવા માટે એમને અનેક સલાહ – સુચનો દર્શાવ્યા.

એકવાર હઝરત ઉસ્માન રદિ.એ પોતે હઝરત અલી રદિ.ને પૂછયું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે, ઈસ્લામી પ્રદેશોમાં વર્તમાન વિવાદ અને બગાવતના અસલ કારણો શું છે અને એને ખતમ કરવાના શું ઉપાયો છે ?

હઝરત અલી રદિ.એ પૂરી નિખાલસતા અને નિડરતા સાથે જવાબ આપ્યો કે વર્તમાન આક્રોશ અને વિરોધનું અસલ કારણ તમે નિયુકત કરેલા હાકેમો છે.

હઝરત ઉસ્માન રદિ.એ કહયું કે મેં દરેકને હાકેમ બનાવતી વખતે હઝરત ઉમર રદિ. જેવી જ તકેદારી રાખી છે અને એમના જ માપદંડો અપનાવ્યા છે, છતાં એ હાકેમોથી લોકો કેમ નારાજ છે ?

હઝરત અલી રદિ.એ ફરમાવ્યું :

> તમારી આ વાત સાચી છે. પરંતુ હઝરત ઉમર દરેકને પોતાના કાબૂમાં રાખતા હતા. બધાને એવી રીતે જકડી રાખ્યા હતા કે અરબસ્તાનનું ભડકેલું ઊંટ પણ તરફડવા લાગે. એનાથી વિપરીત તમે જરૂરતથી વધારે નરમદિલ છો. તમારા હાકેમો તમારી નરમીનો ફાયદો ઉઠાવીને મનમાની કરે છે અને તમને એની ખબર પણ નથી પડતી. પ્રજા એમ સમજે છે કે હાકેમો અને અફસરો જે કરે છે એ બધું દરબારે ખિલાફતના આદેશ મુજબ જ કરે છે અને આમ વગર વાંકે પણ બધો વાંક તમારા ઉપર આવે છે.

છેલ્લે બગાવતીઓની એક ટોળી મિસરથી મદીના શરીફ સુધી આવી તો હઝરત ઉસ્માન રદિ.એ હઝરત અલી રદિ.ને આગ્રહ કર્યો કે એમની પાસે જઈને વાત કરે. હઝરત અલી રદિ. એમની પાસે ગયા, એમના સવાલોના જવાબો આપ્યા. જે ગેરસમજો હતી, એની સચ્ચાઈ સમજાવી અને જે યોગ્ય માંગણીઓ હતી એના વિશે યોગ્ય પગલાં લેવાની ખાતરી પણ આપી. હઝરત અલી રદિ.ના પ્રયાસોથી આ લોકો પાછા વળી ગયા.

એમના પાછા વળ્યાને થોડા દિવસ પછી અચાનક મદીના શરીફની ગલીઓમાં ઘોડા દોડવા માંડયા. ઘોડાઓનો અવાજ સાંભળીને લોકો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બહાર નીકળી આવ્યા. જોયું તો ઘોડે સવારો બદલો લેવાનો અને મારવાના સુત્રો પોકારી રહયા હતા. લોકો પરેશાન હતા કે આ બધું શું છે ? આ બગાવતીઓ પાછા કેમ આવી ગયા ? હઝરત અલી રદિ. આગળ વધીને એમની પાસે ગયા અને પાછા આવવાનું કારણ પૂછયું : એમણે જવાબ આપ્યો કે અમે પાછા જઈ રહયા હતા, એવામાં અમને એક સવાર દેખાયો. અમને એના વિશે કંઈક શંકા થઈ અને એને પકડીને જડતી લીધી તો એની પાસે એક પત્ર હતો. પત્રમાં હઝરત ઉસ્માન રદિ.ના સિક્કા સાથે લખવામાં આવ્યું હતું કે આ બગાવતીઓ મિસર પાછા આવે તો એમને દરેકને મારી નાખવામાં આવે. હવે અમને યકીન છે કે અમારી સાથે ધોકો કરવામાં આવી રહયો છે. હવે અમે અમારો બદલો લઈને જ રહીશું. હઝરત અલી રદિ. હઝરત ઉસ્માન રદિ.ને મળ્યા અને વિગત દર્શાવીને સાચી હકીકત જાણવાનો પ્રયત્ન કર્યો તો હઝરત ઉસ્માન રદિ.એ જવાબ આપ્યો કે મેં પોતે આવો કોઈ પત્ર લખ્યો નથી અને કોઈ બીજાને લખવાનું પણ કહયું નથી. ત્યારે લોકોને ખબર પડી કે હઝ. ઉસ્માન રદિ.ના સેક્રેટરીએ પોતે જ આ હરકત કરી છે.

હકીકત બધાની સામે આવી ગઈ, હઝરત ઉસ્માન રદિ.નો વાંક – ગુનો નથી, એ પણ સ્પષ્ટ થઈ ગયું છતાં બગાવતીઓ માનવા તૈયાર થયા નહીં. એમનો મકસદ તબાહી અને ફસાદ ફેલાવવાનો હતો. એટલે કહેવા લાગ્યા કે આ પત્ર ગમે તેણે લખ્યો હોય, એના જવાબદાર તો ખલીફા હોવાથી તેઓ જ છે. માટે એમણે ખિલાફત છોડી દેવી જોઈએ. આ વાતચીત ચાલી રહી હતી એવામાં કૂફા અને બસરહના પાછા જઈ રહેલા બગાવતીઓ પણ પાછા આવી ગયા. એમને પૂછવામાં આવ્યું કે તમારો રસ્તો તો અલગ છે, તમે કેવી રીતે પાછા આવ્યા ? પણ એમણે કોઈ જવાબ આપ્યો નહીં અને બધા ફરી પાછા ભેગા થઈ ગયા. એમની એક જ માંગ હતી કે ઉસ્માન રદિ. ખિલાફત છોડી દે. પણ હઝરત ઉસ્માન રદિ.નો એક જ જવાબ હતો : જયાં સુધી જીવતો રહીશ, હું ખિલાફતનું કમીસ ઉતારીશ નહીં. આ કમીસ એટલે કે જવાબદારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલા તરફથી મને સોંપવામાં આવી છે. અને રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને ફરમાવ્યું છે : અલ્લાહ તમને એક લિબાસ પહેરાવશે. જેને ઉતારવા માટે લોકો તમારી પાસે આવશે, પણ તમે એ લિબાસ ઉતારશો નહીં. લોકો હું તલવારના જોરે ખલીફા નથી બન્યો. અને તલવારના જોરે કોઈ મને ઉતારી પણ શકશે નહીં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વસીય્યત મુજબ હું છેલ્લે સુધી સબ્ર કરીશ.

અલબત્ત હઝરત અલી રદિ. ત્યાર પછી આ વિવાદમાંથી હટી ગયા.

બીજી તરફ ફસાદી લોકોએ હઝરત ઉસ્માન રદિ.ના ઘરનો ઘેરાવ કરીને અંદર ખાવા – પાણી જવા ઉપર પણ પાબંદી લગાવી દીધી. હઝરત અલી રદિ.એ આ બાબતની ખબર પડી તો ઘેરાબંદી કરનારાઓ પાસે આવ્યા અને ફરમાવ્યું કે, તમારી આવી નાકાબંદી ઈસ્લામ અને ઈન્સાયિતના વિરુદ્ધ છે. કાફિરો પણ મુસલમાનોને કેદ કરે છે તો એમને ખાવા – પીવાનું તો આપતા હોય છે. આ માણસે તમારું શું નુકસાન કર્યું છે કે તમે એમની સાથે આવું વર્તન કરો છો ? નાકાબંદી કરનાર લોકોએ હઝરત અલી રદિ.ની વાત ઉપર કોઈ ધ્યાન આપ્યું નહીં અને કોઈ પણ વસ્તુ અંદર જવા દેવા રાજી થયા નહીં, હઝરત અલી રદિ.ને એનાથી ઘણો સદમો થયો અને પોતાનો અમામહ ફેંકીને ત્યાંથી ચાલ્યા આવ્યા.

આ ઘેરાબંદી લાંબી ચાલી, પણ હઝરત અલી રદિ. અને મદીનામાં કોઈ બીજાને, બલકે હઝરત ઉસ્માન રદિ.ને પણ એવો અંદાઝો ન હતો કે વાત શહાદત સુધી પહોંચી જશે. બધા એમ સમજતા હતા કે પોતાની માંગણીઓ સ્વીકારવા માટેના દેખાવો છે, વધૂમાં વધૂ વિરોધીઓ ફકત એમને ખિલાફત છોડવા ઉપર મજૂબર કરી રહયા છે, પણ એમની અડગતા જોઈને પોતે જ માયૂસ થઈને પાછા વળી જશે. આમ વિચારીને હઝરત ઉસ્માન રદિ. પણ પોતાની વાત ઉપર અડગ હતા. અને કોઈને પણ લડવાની પરવાનગી આપતા ન હતા. બાકી તેઓ લશ્કર બોલાવીને એમને હટાવી શકતા હતા, મારી શકતા હતા કે કેદ પણ કરી શકતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અલી રદિ.એ સાવચેતી માટે પોતાના બંને પુત્રો હઝરત હસન રદિ. અને હઝરત હુસૈન રદિ.ને હઝરત ઉસ્માન રદિ.ના ઘરના દરવાજે પહેરા માટે ગોઠવી દીધા.

હઝરત ઉસ્માન રદિ.એ પણ એમને દરેક રીતે સમજાવવાની કોશિશ કરી, પણ બધી કોશિશ બેકાર ગઈ. ૧૮ ઝિલ્હજ, હિજરી સન ૩૫, જુમ્અહના મુબારક દિવસે એમણે હઝરત ઉસ્માન રદિ.ના ઘર ઉપર હુમલો કરી દીધો. ઘરના મોટા દરવાજે હઝરત હસન રદિ. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ. હઝરત મુહમ્મદ બિન તલ્હા રદિ. અને બીજા અમુક યુવાનો પહેરો ભરી રહયા હતા. એમને ખ્યાલ પણ ન હતો કે આ લોકો આવું ખતરનાક પગલું ભરી શકે છે. છતાં એમણે બહાદુરીથી મુકાબલો કર્યો. એમના બધા વાર અને ધક્કા રોકીને ઝખમી થવા છતાં કોઈને અંદર આવવા દીધા નહીં. આ લોકો દરવાજે બાગીઓ સાથે લડવામાં વ્યસ્ત હતા એવામાં ચાર માણસો ચુપચાપ બીજા મકાનની દીવારેથી કુદીને હઝરત ઉસ્માન રદિ.ના મકાનમાં દાખલ થઈ ગયા. હઝરત ઉસ્માન રદિ.એ આજે રોઝો રાખ્યો હતો અને કુરઆન શરીફની તિલાવત કરી રહયા હતા. જુમ્અહની સાંજનો સમય હતો. અને ઝાલિમો – બદબખ્ત લોકો કંઈ પણ પરવા કર્યા વિના તલવાર અને ભાલા લઈને આપ રહ. ઉપર તૂટી પડયા. આપના અહલિયહ મુહતરમહ હઝરત નાઈલહ રદિ. એમને બચાવવા આગળ આવ્યાં તો એમના ઉપર પણ હુમલો કરી દીધો. તલવારનો વાર રોકવામાં એમની આંગળી કપાય ગઈ. આખરે ૮૨ વરસના બુઝુર્ગ સહાબીને એમણે શહીદ કરી દીધા. સામે કુરઆન શરીફ ખુલ્લું હતું અને આપ રદિ.નું બેગુનાહ ખુન કુરઆનની આયત ( فسيكفيكهم الله ) ઉપર ઉડીને પડયું. આયતનો અર્થ થાય છે : આ બધાને અલ્લાહ તઆલા જોઈ લેશે.

હઝરત અલી રદિ.ને હઝરત ઉસ્માન રદિ.ની શહાદતની ખબર પડી તો એમને ઘણો જ આઘાત લાગ્યો. જે લોકોને એમણે હઝરત ઉસ્માન રદિ.ની હિફાજત ઉપર નિયુકત કર્યા હતા એમનાથી નારાજ થઈ ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હસન રદિ. અને હઝરત હુસૈન રદિ.ને તો મારીને સજા આપી. મુહમ્મદ બિન તલ્હા અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ.ને બોલાવીને એમની સામે નારાજગી જતાવી અને ફરમાવ્યું કે તમારા મોજૂદ હોવા છતાં આ ઘટના કેવી રીતે બની ગઈ ?

***હઝરત અલી રદિ.ની ખિલાફત અને બયઅત***

હઝરત ઉસ્માન રદિ.ની શહાદત પછી ત્રણ દિવસ સુધી કોઈ ખલીફા ન હતા. આ દરમિયાન લોકોએ હઝરત અલી રદિ.ને ખિલાફતની જવાબદારી કબૂલ કરવાનો આગ્રહ કર્યો પણ હઝરત અલી રદિ. એના માટે તૈયાર ન હતા. છેવટે મુહાજિરીન અને અન્સાર સહાબાના આગ્રહને વશ થઈને તૈયાર થયા. અને ત્રીજા દિવસે એટલે કે ૨૧ ઝિલહજને સોમવારના દિવસે મસ્જિદમાં આવ્યા અને આપ રદિ.ના હાથ ઉપર લોકોએ બયઅત કરી. ત્યારી પછીની પ્રથમ જુમ્અહ વેળા જે લોકો બાકી હતા એમણે બયઅત કરી અને હઝરત અલી રદિ.એ પ્રથમ ખુત્બહ આપ્યો. એમાં આપ રદિ.એ બીજી બધી વાતોની સાથે આ પણ વર્ણવ્યું કે જે અુમક વાતો અલ્લાહ તઆલાએ સખત રીતે હરામ ફરમાવી છે એમાં મુસલમાનના જાન – માલ મુખ્ય છે.

મદીના શરીફમાં મોજૂદ સહાબા – તાબેઈન તરફથી હઝરત અલી રદિ.ના હાથ ઉપર ખલીફા તરીકે બયઅત કરી લેવામાં આવી હતી, અલબત્ત મદીનાથી બહાર ઈસ્લામી સલતનતનું વર્તૂળ અતિ વિશાળ હતું. દરેક પ્રદેશ ઉપર અલગ અલગ હાકેમો હતા અને આ હાકેમો હઝરત અલી રદિ.ને ખલીફા માને એ પણ ઘણું જરૂરી હતું. હઝરત અલી રદિ.એ ખિલાફતની જવાબદારી સંભાળી કે તુરંત જ અંદર અને બહારથી માંગણી થવા લાગી કે હઝરત ઉસ્માન રદિ.ના હત્યારાઓથી બદલો લેવામાં આવે. પણ આ બાબત એટલી સરળ ન હતી. એનું પ્રથમ કારણ આ હતું કે હત્યારાઓને કોઈ ઓળખતું ન હતું. હઝરત ઉસ્માન રદિ.ના અહલિયહ નાઈલહ શહાદત વેળા ત્યાં મોજૂદ હતાં, તેઓ ફકત મુહમ્મદ બિન અબૂબક્રને ઓળખતાં હતાં. એમને હઝરત અલી રદિ.એ પકડયા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો કસમ ખાયને કહયું કે હું અંદર ગયો હતો, પણ હઝરત ઉસ્માન રદિ.એ મને કહયું કે, ભત્રીજા ! તમારા વાલિદ જીવતા હોત તો એમને તમારું આ કામ પસંદ ન પડત. એટલે હું પાછો હટી ગયો હતો. હઝરત ઉસ્માન રદિ.ની શહાદતમાં મારો કોઈ હાથ નથી. હઝરત નાઈલહ રદિ.એ પણ એમની વાતનું સમર્થન કર્યું. બીજા બે માણસોને કોઈ ઓળખતું ન હતું. એ સિવાય વિરોધ અને બગાવત કરનાર દરેક માણસ ઉપર સીધી રીતે હઝરત ઉસ્માન રદિ.ના કત્લનો આરોપ ન હતો.

હઝરત અલી રદિ.ની સ્થિતિ એકદમ નાઝુક હતી. એમની આસપાસ જે લોકો સશસ્ત્ર હતા એ વધુ પડતા હઝરત ઉસ્માન વિરુદ્ધ બગાવત કરનારા લોકો હતા. એટલે એમનું પોતાનું સૈન્ય આ બાબતે એમનો સાથ આપે એમ ન હતું. અને મદીના બહારના જે લોકો, હાકેમો અને ગ્રુપો આ બાબતે હઝરત અલી રદિ. ઉપર બદલો લેવાનો દબાવ બનાવી રહયા હતા, તેઓ અને એમની સાથે મોજૂદ સશસ્ત્ર સૈન્ય હઝરત ઉસ્માનની શહાદતનો બદલો ન લેવાય ત્યાં સુધી હઝરત અલી રદિ.ના હાથ ઉપર બયઅત કરવા તૈયાર ન હતા. આવી સ્થિતિમાં હઝરત અલી રદિ. સ્પષ્ટ રીતે બદલો લેવાની વાત કરી શકતા ન હતા. આ માટે જરૂરી હતું કે હઝરત અલી રદિ.ની આસપાસ બદલો લેવાની વાત કરનારા શકિતશાળી લોકો મોજૂદ હોય. અને જે શકિતશાળી લોકો હઝરત ઉસ્માનના બદલાની વાત કરતા હતા, એ પોતાની બયઅત અને હિમાયત માટે પ્રથમ બદલાની શરત મુકતા હતા.

હવે પછીનો ઘટના ક્રમ ઘણો જ અટપટો છે. ઈસ્લામી ઈતિહાસનો આ અતિ નાઝુક અને કપરો સમય હતો. મુસલમાનોમાં એવી ફૂટ પડી ગઈ હતી કે સાચા અને ખોટાનો ફરક સમજવો મુશ્કેલ હતો. દરેક પક્ષ પોતાને સાચો સમજતો હતો અને એમાં મુસલમાનો વચ્ચે બે મોટી ખુનરેઝ લડાઈઓ લડાઈ ગઈ અને મહાન સહાબા સહિત હઝારો મુસલમાનો માર્યા ગયા.

હઝરત ઉસ્માન વિરુદ્ધ બગાવતનું મુળ કારણ એમના હાકેમો દ્વારા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરવામાં આવતા ખોટા નિર્ણયો હતા, એટલે હઝરત અલી રદિ.એ હઝરત ઉસ્માન દ્વારા નિયુકત હાકેમોને બરખાસ્ત કરીને નવા હાકેમોની નિયુકતી શરુ કરી. શામમાં હઝરત અમીર મુઆવિયહ રદિ. હાકેમ હતા. હઝરત અલી રદિ.એ એમના સ્થાને હઝરત સહલ બિન હુનૈફ રદિ.ને હાકેમ બનાવીને મોકલ્યા. તેઓ મદીનાથી નીકળીને તબૂક પહોંચ્યા તો રસ્તામાં એમને હઝરત મુઆવિયહ રદિ.ના દસ્તાના અમુક સવારો મળ્યા. એમણે હઝરત સહલ રદિ.ને પૂછયું કે તમે કોણ છો ? કહયું કે હાકેમ બનીને જઈ રહયો છું.

સવારોએ પૂછયું કે કયા પ્રદેશ ઉપર ?

એમણે જણાવ્યું કે શામ ઉપર.

સવારોએ કહયું કે જો તમને હઝરત ઉસ્માન રદિ.એ મોકલ્યા છે તો તમારો આવકાર છે, નહીંતર પાછા ચાલ્યા જાઓ. આમ હાલાત ખરાબ દેખાયા તો હઝરત સહલ રદિ. પાછા મદીના આવી ગયા.

હઝરત અલી રદિ.એ હઝરત મુઆવિયહ રદિ.ને પત્ર લખીને જણાવ્યું કે મુહાજિરીન અને અન્સાર સહાબા દ્વારા સર્વાનુમતે મારા હાથ ઉપર બયઅત કરવામાં આવી છે, માટે તમારે મારી વાત માનવી જોઈએ. નહીંતર તમારી સાથે લડાઈ કરવામાં આવશે. હઝરત મુઆવિયહ રદિ.એ એક હોશિયાર માણસ થકી જવાબ મોકલાવ્યો. જેમાં બિસ્મિલ્લાહ લખ્યું હતું. પત્રની શરૂઆતમાં સંબોધન હઝરત અલી રદિ.ને હતું, પણ કોઈ વિગત ન હતી અને લખનાર તરીકે પોતાનું નામ લખ્યું હતું. પત્ર લાવનાર માણસ આવ્યો તો હઝરત અલી રદિ.એ પૂછયું કે એમાં શું છે ? તો પત્રની વિગત સંભળાવવાના બદલે એ કહેવા લાગ્યો કે, લોકો ! હું શામમાં પચાસ હઝાર (અમુક કિતાબોમાં સિત્તેર હઝાર) મશાઈખને એવી સ્થિતિમાં જોઈને આવ્યો છું કે હઝરત ઉસ્માન રદિ.ના લોહીથી ખરડાયેલા કુરતા સામે રડી રડીને એમની દાઢી ભીની થઈ ગઈ છે. કુરતો દમિશ્કના મિમ્બર ઉપર મુકવામાં આવ્યો છે અને બધાએ નક્કી કર્યું છે કે જયાં સુધી હઝરત ઉસ્માનની શહાદતનો બદલો ન લેવાય

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ત્યાં સુધી અમારી તલવારો મ્યાનની બહાર ખુલ્લી જ રહેશે. હઝરત અલી રદિ.એ એને જવાબમાં કહયું કે હે અલ્લાહ ! તું જાણે છે કે ઉસ્માન રદિ.ના લોહીનો કોઈ ગુનો મારા ઉપર નથી.

આ બધા વિવાદમાં એનક પ્રકારની ગેરસમજો કામ કરી રહી હતી. લોકો એમ સમજતા હતા કે હઝરત અલી રદિ. હઝરત ઉસ્માન રદિ.ની શહાદતનો બદલો લેવા માંગતા નથી. અને એમના હત્યા કરનાર લોકોના સમર્થનથી જ ખલીફા બનીને હવે હઝરત ઉસ્માન રદિ.ના હાકેમો અને સગાઓને રસ્તામાંથી હટાવી રહયા છે. સામે પક્ષે એમ સમજવામાં આવતું હતું કે જયારે ખિલાફતની બઅયત થઈ ગઈ છે તો બધાએ ખલીફાને સાથ આપવો જોઈએ. પછી ખલીફા સામે પોતાનો દાવો રજૂ કરીને બધી કાર્યવાહી નિયમ મુજબ કરવામાં આવે. આમ કરવાથી બગાવતીઓ દબાય જશે અને હઝરત ઉસ્માન રદિ.નો બદલો પણ લેવાશે. દરેક પક્ષ પોતાની વાત ઉપર એટલો અડગ અને વિશ્વસ્ત હતો કે બીજી કોઈ વાત કે હિકમત – મસ્લેહત સમજમાં આવતી જ ન હતી. આનું જ નામ ફિત્નહ છે. જેમાં સારા અને નેક, સમજદાર અને હોશિયાર લોકો પણ ફસાય જાય અને એમની હોશિયારી–બુદ્ધિ કામ ન આવે.

### જંગે જમલ

હઝરત અમીર મુઆવિયહ રદિ. સાથે આ વિવાદ ચાલી રહયો હતો. હઝરત અલી રદિ. હજુ મદીના શરીફમાં જ હતા. એ દરમિયાન એક બીજી સમસ્યા સામે આવી ગઈ. હઝરત આઈશહ રદિ. મક્કાથી પરત મદીના આવી રહયા હતાં અને રસ્તામાં એમને ખબર મળી કે હઝરત ઉસ્માન રદિ.ને શહીદ કરી દેવામાં આવ્યા છે અને હઝરત અલી રદિ.ને ખલીફા બનાવવામાં આવ્યા છે. એટલે તેઓ ત્યાંથી જ પાછા વળી ગયાં. લોકોએ પાછા વળવાનો સબબ પૂછયો તો ફરમાવ્યું કે હઝરત ઉસ્માન રદિ.ને મઝલૂમ શહીદ કરી દેવામાં આવ્યા છે. ફિત્નો હજુ પણ ગરમ છે. માટે હવે હત્યારાઓથી હઝરત ઉસ્માન રદિ.ની શહાદતનો બદલો લેવાનો અને ઈસ્લામની ઈઝઝત બચાવવાનો સમય છે. મદીના શરીફથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બે મહાન સહાબી હઝરત તલ્હા રદિ. અને હઝરત ઝુબૈર રદિ. પણ મદીના છોડીને મક્કા આવી ગયા. મદીના શરીફથી નીકળીને બીજા પણ ઘણા સહાબા અને હઝરત ઉસ્માન રદિ.ના તરફદાર લોકો મક્કા આવી ગયા. આમ મક્કામાં હઝરત ઉસ્માન રદિ.ની શહાદતનો બદલો લેવાની તૈયારી થવા માંડી. અહિંયાના લોકોએ નક્કી કર્યું કે વહેલી તકે ઈરાકના શહેરોમાં પહોંચીને ત્યાં પોતાનું વર્ચસ્વ કરી લેવામાં આવે. કારણ કે પાછલા વરસોની ઈસ્લામી લશ્કરની જીતના કારણે ત્યાંના બયતુલ માલના ખઝાના ભરેલા હતા અને એના સહારે પોતાનું વર્ચસ્વ મજબૂત કરી શકાય એમ હતું.

હઝરત અલી રદિ. પણ આવું જ વિચારતા હતા. તેઓ પણ ઈચ્છતા હતા કે મક્કી ગ્રુપથી પહેલાં બસરહ પહોંચી જાય અને બયતુલ માલની હિફાઝતની વ્યવસ્થા કરે. હઝરત અલી રદિ. વિશે જયારે મદીનાના અન્સારી સહાબાને ખબર પડી કે મદીના છોડીને જઈ રહયા છે તો દરખાસ્ત કરી કે મદીના શરીફ પાટનગર છે, એને છોડીને જવું મુનાસિબ નથી. હઝરત ઉમર રદિ.ના ઝમાનામાં મોટી લડાઈઓ થઈ, અને ઘણીવાર જરૂરત ઉભી થઈ પણ તેઓ મદીનાથી બહાર નીકળ્યા ન હતા. મદીના બહાર જયાં પણ તમને જરૂરત હોય, યોગ્ય માણસો અને અમીરો નિયુકત કરીને કામ કરવું બેહતર છે. પણ હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે ઈરાક ઉપર વિરોધી ગ્રુપનું વર્ચસ્વ થઈ જશે તો ભારે નુકસાન થશે. માટે ત્યાં જવું જરૂરી છે.

મદીના શરીફ છોડવાનું એક બીજું કારણ ઈતિહાસકારો આ પણ દર્શાવે છે કે હઝરત અલી રદિ.એ સંજોગો જોઈને ભાંપી લીધું હતું કે હવે આપસની લડાઈ અને વિખવાદ નક્કી છે. ફિત્નો એવી રીતે ઘરમાં પેસી ગયો છે કે મોટી ખુવારી વગર નીકળશે નહીં, એટલે તેઓ મદીના શરીફને આ ફિત્નાથી દૂર રાખવા માંગતા હતા. મદીના શરીફના એહતેરામ અને અદબનો તકાદો પણ આ જ હતો કે આવા ફિત્નાના સમયમાં મદીના શરીફને કોઈ એક પક્ષનું કેન્દ્ર કે મુખ્ય મથક બનાવવાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બદલે ખાલી છોડી દેવામાં આવે. અને લડાઈ કે સુલહ, જે કરવું હોય તે બીજા સ્થળને કેન્દ્રમાં રાખીને જ કરવામાં આવે.

હઝરત અલી રદિ.એ એલાન કરી દીધું કે લોકો ઈરાક જવાની તૈયારી કરે. એટલે અમુક સહાબા સિવાય વધુ પડતા લોકો હઝરત અલી રદિ. સાથે જવા તૈયાર થઈ ગયા અને હઝરત અલી રદિ. સાથે રવાના થયા. આ કાફલો 'ઝીકાર' નામી સ્થળે પહોંચ્યો તો ખબર પડી કે હઝરત તલ્હા અને હઝરત ઝુબૈર રદિ. એમનાથી પહેલાં બસરહ પહોંચી ગયા છે અને બનૂ સઅદ કબીલા સિવાય બીજા બધા જ લોકોએ એમના હાથ ઉપર બયઅત કરી લીધી છે.

હઝરત અલી રદિ. હવે ઝીકાર મુકામે જ રોકાય ગયા. અને હઝરત હસન રદિ.ને હઝરત અમ્માર બિન યાસિર રદિ. સાથે કૂફા રવાના કર્યા. જેથી તેઓ કૂફા વાસીઓને ખિલાફતના કેન્દ્ર એટલે કે મદીના શરીફમાં જેમને ખલીફા બનાવવામાં આવ્યા છે એમની હિમાયત કરે અને ખિલાફતને મજબૂત બનાવે. આ લોકો જયારે કૂફા પહોંચ્યા તો કૂફાના ગવર્નર હઝરત અબૂ મુસા અશ્અરી રદિ. કૂફાની મસ્જિદમાં ભારે મેદની સામે તકરીર કરી રહયા હતા કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે ફિત્નાથી ડરાવ્યા હતા, તેની શરૂઆત થઈ ચુકી છે. હવે હથિયારો બેકાર કરીને એકતરફ થઈ જાઓ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે ફિત્નાના ઝમાનામાં સૂતેલો માણસ બેસેલા કરતાં, અને બેસી રહેલો માણસ ચાલતા માણસ કરતાં બેહતર હશે. આ દરમિયાન હઝરત હસન રદિ. મસ્જિદમાં પહોંચ્યા અને હઝરત અબૂ મુસા અશ્અરી રદિ.ના સ્થાને પોતે તકરીર શરૂ ફરમાવી. પરિણામે કૂફાવાસીઓ હઝરત અલી રદિ.ની મદદ કરવા તૈયાર થઈ ગયા. બીજા દિવસે સવારે સાડા નવ હઝાર સૈનિકોની એક સશસ્ત્ર જમાત હઝરત હસન રદિ. સાથે રવાના થઈ અને ઝીકારમાં હઝરત અલી રદિ.ને જઈ મળ્યા. હવે હઝરત અલી રદિ. બસરહ તરફ રવાના થયા. બસરહના લોકો અને યુવાનો ત્રણ બાજુ વહેંચાયેલા હતા. એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સમુહ તટસ્થ હતો. બીજો સમુહ હઝરત અલી રદિ. તરફે હતો અને ત્રીજો સમુહ હઝરત આઈશહ રદિ. હઝરત તલ્હા રદિ. વગેરેની હિમાયત કરતો હતો. સામ સામે બન્ને સમુહો બલ્કે લશ્કરો આવી ગયા હતા. આવી સ્થિતિમાં ઘણા તટસ્થ લોકોએ સુલેહની કોશિશ શરૂ કરી. બન્ને તરફેના નેક અને સમજદાર લોકો સુલહ કરવા તૈયાર થઈ ગયા. બસ એક સવાર પડવાની વાર હતી. પણ બન્ને પક્ષે અમુક ફિત્નાખોર પ્રપંચીઓ સક્રિય હતા. જેઓ સુલહ થયા એમ ઈચ્છતા ન હતા. એટલે રાતના અંધારામાં એક પક્ષના અુમક માણસોએ બીજા લશ્કર ઉપર હુમલો કરી દીધો. અંધારામાં બન્ને પક્ષો એમ સમજયા કે સામેવાળાએ શરૂઆત – ગદ્દારી કરી છે, બન્ને એકબીજા સાથે લડવા લાગ્યા.

હઝરત આઈશહ રદિ. ઊંટ ઉપર સવાર થઈને પોતાના લશ્કરને રોકવા નીકળ્યા, હઝરત અલી રદિ. પણ પોતાના માણસોને રોકવા નીકળ્યા, પણ વાત આગળ વધી ગઈ હતી. બન્ને લશ્કરો એકબીજામાં ભળીને એકબીજાને મારી રહયા હતા.

હઝરત અલી રદિ. મારતે ઘોડે મેદાને જંગમાં આવ્યા. સામે પક્ષે હઝરત ઝુબૈર રદિ. લશ્કરના એક ભાગનું નેતૃત્વ કરતા હતા. સીધા એમની પાસે પહોંચ્યા અને ફરમાવ્યું : હે અબૂઅબ્દુલ્લાહ ! તમને યાદ છે ? એક દિવસ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું કે તમે અલી રદિ.ને દોસ્ત સમજો છો ? તમે હામી ભરી હતી. અને પછી રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું કે એક દિવસ તમે એમની સાથે નાહક લડાઈ કરશો.

હઝરત અલી રદિ.ની આ વાત સાંભળીને હઝરત ઝુબૈર રદિ.ને બધું યાદ આવી ગયું. તુરંત ત્યાંથી નીકળી ગયા. પોતાના સાહબઝાદહ અબ્દુલ્લાહ રદિ.ને કહયું કે બેટા અલી રદિ.એ એવી વાત કહી દીધી છે કે લડાઈનો બધો જુસ્સો ખતમ થઈ ગયો છે. હું હવે અલગ થાઉ છું, તમે પણ મારી સાથે જ ચાલો. તેઓ તો આમ કહીને અલગ થયા પણ હઝરત અબ્દુલ્લાહ રદિ. અલગ થયા નહીં, એમને અલગ થતાં જોઈને હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તલ્હા રદિ. પણ ડગમગી ગયા. આ દરમિયાન કોઈએ હઝરત તલ્હાને ઝેરી તીર તાકીને માર્યું, જે ગુંઠણમાં વાગ્યું, મેદાનમાંથી નીકળીને તેઓ બસરહના એક ઘરમાં રોકાયા અને ત્યાં જ પછી એમની વફાત થઈ. લડાઈના મેદાનમાં હવે હઝરત અલી રદિ.નું પલ્લું ભારે હતું. સામે પક્ષે મેદાનમાં ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઈશહ રદિ. ઉભા હતાં. એમનું ઊંટ મેદાનની વચ્ચે હતું અને એના થકી જ એમના લશ્કરનો જુસ્સો બાકી હતો. હઝરત આઈશહ રદિ.ના ઊંટ ઉપર દરેક તરફથી હમલો થઈ રહયો હતો. એમના ઊંટની હિફાજત કરવામાં એક પછી એક સિત્તેર માણસોએ જાન ખપાવી દીધી. જે પ્રમાણે લોકો એમના ઊંટની આસપાસ પોતાના પ્રાણ ન્યોછાવર કરી રહયા હતા એ જોઈને હઝરત અલી રદિ. પણ અચંબામાં હતા. હઝરત અલી રદિ.એ એક માણસને પાછળથી મોકલીને ઊંટના પગ કાપી નાખવા મોકલ્યો. જેથી હઝરત આઈશહ રદિ.નું ઊંટ બેસી જાય અને એમના લોકોનો જુસ્સો ખતમ થઈ જાય. છેવટે એવું જ થયું. ઉટ બેસ્યું તે તુરંત એમના લોકોનો જુસ્સો ખતમ થઈ ગયો અને લડાઈ ધીમી પડી થઈ. હઝરત આઈશહ રદિ.ના ભાઈ મુહમ્મદ બિન અબૂબક્ર રદિ. હઝરત અલી રદિ. તરફે હતા, તુરંત એમને હઝરત આઈશહ રદિ. પાસે હિફાજત માટે મોકલ્યા. અને એલાન કરાવી દીધું કે કોઈનો પીછો કરવામાં આવશે નહીં, ગનીમત ભેગી કરવામાં આવશે નહીં. મેદાને જંગમાં ઘોડા દોડાવવા નહીં, જેથી કોઈ ઝખ્મી માર્યો ન જાય. પછી પોતે હઝરત આઈશહ રદિ. પાસે હાજર થયા. એમની સરભરા ફરમાવી. બસરહમાં અમુક દિવસ આરામથી રાખ્યાં અને પછી બસરહની ૪૦ નેક શરીફ ખાતૂનો સાથે એમને મદીના રવાના ફરમાવ્યાં. બાર હઝાર દિરહમ તોહફામાં આપ્યા. રવાનગીના દિવસે હઝરત અલી રદિ. પોતે રસ્તામાં આવીને ઉભા રહયા. અમુક માઈલ સુધી પગપાળા સાથે ચાલ્યા અને પોતાના સાહબઝાદાઓને આગળ સુધી એમની સાથે મોકલ્યા. હઝરત આઈશહ રદિ.એ રવાનગી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સમયે ફરમાવ્યું કે,

માારા બાળકો ! અમારી લડાઈ ગલતફહમીના કારણે હતી. મારા અને અલી વચ્ચે કોઈ ઝઘડો નથી.

હઝરત અલી રદિ.એ ફરમાવ્યુ :

તમે સાચું કહો છો. તમે દુનિયામાં અને આખિરતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવી અને અમારી વાલિદહ સમાન ઉમ્મુલ મુઅમિનીન છો.

હિજરી સન ૩૬, એક રજબના દિવસે હઝરત આઈશહ બસરહ છોડીને મદીના આવવા રવાના થયાં.

લડાઈ પૂરી થઈ તો હઝરત અલી રદિ.એ બન્ને તરફ જેટલા લોકો શહીદ થયા હતા એમની જનાઝહની નમાઝ પઢી. ૧૩૦૦૦ હઝાર માણસો આ લડાઈમાં કુરબાન થયા. કોઈ માલે ગનીમત ભેગો કરવામાં આવ્યો નહીં. અમુક લોકોનો માલે ગનીમત માટે આગ્રહ હતો તો હઝરત અલી રદિ. એમને ચુપ કરી દીધા.

આ લડાઈમાં હઝરત આઈશહ રદિ. ઊંટ ઉપર સવાર હતાં, અરબીમાં ઊંટને 'જમલ' કહેવામાં આવે છે, એટલે ઈસ્લામી ઈતિહાસમાં આ ઘટના 'જંગે જમલ'ના નામથી મશહૂર છે.

### *હઝરત અલી રદિ. અને હઝરત મુઆવિયહ રદિ.*

હવે હઝરત અલી રદિ.એ કાયમ માટે મદીના છોડીને કૂફામાં રહેવાનું નક્કી કરી લીધું હતું, એટલે બસરહથી નીકળીને કૂફા રવાના થયા. ૧૨, રજબ ૩૬ હિ. સોમવારે આપ રદિ. કૂફા પહોંચ્યા. કૂફા વાસીઓ આપ રદિ.ને ઈરાનના બાદશાહોએ બનાવેલ સફેદ શાહી મહેલમાં આવકાર આપીને મેઝબાની કરવા ચાહતા હતા. પણ આપ રદિ.એ ફરમાવ્યું કે, ઉમર બિન ખત્તાબ રદિ. હમેંશા શાહી મહેલોને તુચ્છ નજરે જોતા હતા. મને પણ આ બધાની જરૂરત નથી. ખુલ્લું મેદાન મારા માટે કાફી છે. અને મેદાનમાં જ પડાવ કર્યો, શહેરની મોટી મસ્જિદમાં બે રકાત નમાઝ પઢી અને લોકો સામે તકરીર ફરમાવી અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછી અહીંયાથી જ રાજકાજ અને ખિલાફતની જવાબદારીઓ નિભાવવાનું શરૂ ફરમાવ્યું.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.ને બસરહના હાકેમ બનાવ્યા. ઉપરાંત મદાઈન, અસ્ફહાન, કસ્કર, સજિસ્તાન, ખુરાસાન વગેરે પ્રદેશોના હાકેમો – ગવર્નરો નિયુકત ફરમાવ્યા.

પછી હઝરત મુઆવિયહ રદિ.સાથે પોતે સુલહના પ્રયાસો શરૂ કરીને એમને પત્ર લખ્યો. હઝરત મુઆવિયહના દરબારમાં શામના વડીલો મોજૂદ હતા. હઝરત મુઆવિયહ રદિ.એ પ્રથમ પોતે પત્ર વાંચ્યો અને પછી બધા હાજરજનોને સંભળાવ્યો :

> તમારા ઉપર અને તમારી સાથે મોજૂદ દરેક માણસ ઉપર મારી બયઅત કરવી જરૂરી છે. કેમ કે મુહાજિરીન અને અન્સાર સહાબાએ મને ખિલાફતની જવાબદારી સોંપી છે. અબૂબક્ર રદિ., ઉમર રદિ. અને ઉસ્માન રદિ.ને પણ એમણે જ ખલીફા બનાવ્યા હતા. માટે હવે જે કોઈ આનાકાની કરશે એના ઉપર દબાણ કરીને વાત મનાવવામાં આવશે. તમારા માટે પણ બેહતર આ જ છે કે મુહાજિરીન અને અન્સાર સહાબાની વાત માનો. નહીતર લડાઈ માટે તૈયાર રહો. જો તમે હઝરત ઉસ્માન રદિ.ની શહાદતનો બદલો લેવા ચાહતા હોવ તો પ્રથમ મારા તાબે થાઓ. પછી નિયમ મુજબ એમનો મુકદ્દમો રજૂ કરો. હું અલ્લાહની કિતાબ અને રસૂલની સુન્નત મુજબ એનો ફેસલો કરીશ. (અલમુરતઝા, સિયરે સહાબા)

હઝરત અમીર મુઆવિયહ રદિ. ૨૦ – ૨૨ વરસથી શામના ગવર્નર હતા. એટલે શામના વિવિધ વિસ્તારો ઉપરાંત નાના – મોટા દરેક લોકો ઉપર આપનું વર્ચસ્વ અને એ બધાનું સમર્થન આપ રદિ. સાથે હતું. ઉપરાંત હઝરત અલી રદિ.થી નારાજ હોય એવા ગવર્નરો અને મોટા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માણસો પણ એમની પાસે આવી ગયા હતા. ઘણા મોટા સહાબા રદિ. પણ એમની સાથે હતા. હઝરત અમીર મુઆવિયહ રદિ.એ આખા શામમાં હઝરત ઉસ્માન રદિ.ની શહાદતની ઘટના વિશે તકરીરો કરાવી. દમિશ્કની જામેઅ મસ્જિદમાં હઝરત ઉસ્માન રદિ.નો લોહીથી ખરડાયેલો કુરતો અને હઝરત નાઈલહ રદિ.ની આંગળીઓ સામે મુકીને હઝરત ઉસ્માન રદિ.ની શહાદતનો બદલો લેવા માટે લોકોને તૈયાર કરવામાં આવતા હતા.

હઝરત અલી રદિ.નો પત્ર મળ્યો તો પોતાના સલાહકારોથી મશ્વેરો કરીને હઝરત અલી રદિ.ને જવાબ લખ્યો અને હઝરત ઉસ્માન રદિ.ના હત્યારાઓને પોતાને હવાલે કરવા ઉપર આગ્રહ કર્યો. આ જ માંગણી એમના તરફથી સતત કરવામાં આવતી હતી. હઝરત મુઆવિયહ રદિ. તરફથી અબૂ મુસ્લિમ પત્રનો જવાબ લઈને આવ્યા હતા. એમણે જવાબ રજૂ કરીને રંજ અને ગમ સાથે દરખાસ્ત કરી કે હઝરત ઉસ્માન રદિ.ના હત્યારાઓને અમારા હવાલે કરી દયો તો અમે બધા શામના લોકો ખુશીથી તમારા હાથ ઉપર બયઅત કરવા તૈયાર છીએ. ફઝીલત અને કમાલમાં તમે જ આગળ છો. અને તમે જ ખિલાફતના હકદાર છો. હઝરત અલી રદિ. એ બીજા દિવસે સવારે જવાબ આપવાનો વાયદો કર્યો. અબૂ મુસ્લિમ બીજા દિવસે સવારે હાજર થયા તો જોયું કે દસ હઝાર સશસ્ત્ર લોકો ભેગા છે અને બધાએ એકી અવાજે કહયું કે અમે બધા જ ઉસ્માનના હત્યારા છે. અબૂ મુસ્લિમને ઘણી નવાઈ લાગી. હઝરત અલી રદિ.એ એમને કહયું કે જોઈ લ્યો. ઉસ્માન રદિ.ના હત્યારાઓ ઉપર મારો કેટલો કાબૂ છે ?

હઝરત અલી રદિ.એ ફરીવાર હઝરત મુઆવિયહ રદિ.ને પત્ર લખીને જણાવ્યું કે હઝરત ઉસ્માન રદિ.ની શહાદતમાં એમનો કોઈ હાથ નથી. હઝરત અમ્ર બિન આસ રદિ.ને અલગથી પત્ર લખ્યો. પણ બધી કોશિશો બેકાર ! આ ફિત્નો મુસલમાનોની હજુ વધારે ખુવારી વગર બહાર નીકળે એમ ન હતો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અલી રદિ.એ નાછુટકે લડાઈની તૈયારીઓ આરંભી અને લગભગ એંસી હઝાર સૈનિકોનું લશ્કર લઈને શામની સરહદો તરફ રવાના થયા.

હઝરત અમીર મુઆવિયહ રદિ.ને ખબર પડી તો એમણે પોતાના લશ્કરોને 'સિફફીન' મેદાનમાં ભેગા થવાનો આદેશ ફરમાવ્યો. અને વહેલા પહોંચીને પાણીની નહેરો ઉપર કબજો કરી લેવાનું કહયું. હઝરત અલી રદિ.નું લશ્કર ત્યાં પહોંચ્યું તો પાણી ઉપર શામીઓનો કબજો હતો.

પહેલા ત્રણ દિવસ બન્ને લશ્કરો આમને સામને થતા, અને બેમાંથી કોઈ પણ પહેલ કરતું નહીં, એટલે સાંજે બન્ને લશ્કરો પાછા હટી જતા. પાણી માટે લડાઈ થઈ અને છેવટે એવું નક્કી થયું કે બન્ને લશ્કરો સમાન રીતે પાણી વાપરશે. બન્ને લશ્કરો એકીસાથે પાણી વાપરવા લાગ્યા અને આવન જાવન વધી તો સિપાહીઓ વચ્ચે વાતચીત અને પરસ્પર હળવા – મળવાના સંબંધો બની ગયા અને એટલા બધા હળી મળી ગયા કે ઘણાને લાગ્યું કે હવે સુલહ થઈ જશે.

અમુક દિવસો સુધી આમ ચાલ્યું, નાની મોટી ઝપાઝપી થતી, પણ લશ્કરો આગળ વધતા ન હતા. આ દરમિયાન પણ સુલહની વાતચીત ચાલતી રહી, પણ કોઈ કોશિશ સફળ થઈ નહીં. ઈતિહાસકારોના મત મુજબ બંને તરફ અમુક એવા લોકો હતા જેઓ સુલહ ઈચ્છતા ન હતા. એમને મુસલમાનો વચ્ચે ફિત્નો જ કરાવવો હતો. બન્ને લશ્કરમાં મોજૂદ ઉલમા, બુઝુર્ગો અને કુરઆનના હાફેજો લડાઈ થાય એમ ઈચ્છતા ન હતા. ત્રણ મહીના સુધી એમણે લડાઈ રોકી રાખી અને સુલહની કોશિશો કરતા રહયા. આ ત્રણ મહીનાઓ દરમિયાન ૮૫ વાર લશ્કરો આમને સામને થઈને લડવા આવી ગયા હતા પણ આ બુઝુર્ગોએ વચ્ચે પડીને લડાઈ આગળ વધવા દીધી નહીં. રબીઉલ અવ્વલ, રબીઉલ આખર, અને જમાદિયુલ અવ્વલ, ત્રણ મહીના એમ જ પસાર થઈ ગયા.

છેવટે જમાદિયુલ આખરમાં મોટા પાયે લડાઈ શરૂ થઈ ગઈ. સવાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને સાંજે બે વાર બન્ને તરફથી લશ્કરો આમને સામને આવતા અને લડી – મરીને છાવણીમાં પાછા ચાલ્યા જતા હતા. જમાદિયુલ આખર પૂરો થયો અને માહે રજબ આવ્યો તો લડાઈ બંધ કરી દેવામાં આવી. આ દરમિયાન સુલહની ઘણી કોશિશો કરવામાં આવી પણ સફળતા મળી નહીં. છેવટે મુહર્રમ પૂરો થયા પછી બન્ને લશ્કરો સંપૂર્ણ રીતે આમને સામને આવી ગયા અને આખો દિવસ એકબીજા સાથે લડવાનું શરૂ થયું. કેટલાયે દિવસોની લડાઈ પછી હઝરત અલી રદિ.ના લશ્કરનું પલ્લું ભારે પડવા લાગ્યું. એક દિવસે લડાઈ ઘણી લાંબી ચાલી અને એમ લાગ્યું કે આજે શામી લશ્કરે પરાસ્ત થઈને હારવું જ પડશે તો એમના તરફથી એક દસ્તો એમના નેઝાઓ ઉપર કુરઆન મુકીને મેદાનમાં આવી ગયો કે આપણે ભાઈ ભાઈ થઈને લડવું નથી. આપણી વચ્ચે અલ્લાહની કિતાબ ફેસલો કરશે.

હઝરત અલી રદિ.ના લશ્કરે કુરઆન સામે પોતાનું માથું નમાવી દીધું અને લડાઈ અટકાવી દીધી. થોડા દિવસની વાતચીત પછી નક્કી થયું કે બન્ને તરફથી અમુક માણસો લવાદ અને સુલહ માટે નક્કી કરવામાં આવે. તેઓ જે ફેસલો કરે તે દરેકને માન્ય રહેશે.

હઝરત અમીર મુઆવિહય રદિ. તરફથી હઝરત અમ્ર બિન આસ રદિ.નું નામ નક્કી કરવામાં આવ્યું. હઝરત અલી રદિ.એ મશ્વેરો કર્યો તો લોકોએ હઝરત અબૂ મુસા અશ્અરી રદિ.નું નામ દર્શાવ્યું, પણ હઝરત અલી રદિ.એ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. નહીતર અશ્તર નખ્ઈને નક્કી કરવાનો આગ્રહ કર્યો. પણ લોકોએ હઝરત અલી રદિ.ની વાત માની નહીં. આખરે હઝરત અલી રદિ. બોલ્યા કે, ઠીક છે, તમને જે યોગ્ય લાગે તે કરો.

હઝરત અબૂ મુસા અશ્અરી રદિ. તો આખા ઝઘડાથી દૂર રહીને શામના એક ગામડામાં એકલા રહેવા ચાલ્યા ગયા હતા. એમને ત્યાંથી બોલાવવામાં આવ્યા અને બન્ને લશ્કરના અમીરો તરફથી એક કરાર લખવામાં આવ્યો કે ઉપરોકત બન્ને જણા કુરઆન અને સુન્નત મુજબ જે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફેસલો કરશે તે બન્નેને માન્ય રહેશે. અને જો ફેસલો કુરઆન – સુન્નતે નબવી મુજબ નહીં હોય તો માન્ય નહી રહે.

૧૩ સફર, હિજરી સન ૩૭ ના રોજ આ કરાર લખવામાં આવ્યો. અને પછી હઝરત અલી રદિ. કૂફા પાછા વળી ગયા અને હઝરત અમીર મુઆવિયહ રદિ. દમિશ્ક રવાના થયા. અલબત્ત હઝરત અલી રદિ.ના લશ્કરમાં પાછા ફરતી વખતે ઘણો વિરોધાભાસ થઈ ગયો કે કોઈ ત્રીજા માણસને ફેસલા માટે કેમ નક્કી કરવામાં આવ્યા ? અને કૂફા પહોંચતા સુધી અનેકવાર આ લોકો એકબીજા લડવા ઉપર ઉતરી આવ્યા. હઝરત અલી રદિ. એમને જેમ તેમ કરીને કૂફા સુધી લાવ્યા પણ અહિંયા આવીને બાર હઝાર માણસો વિરોધ કરીને અલગ થઈ ગયા અને કહેવા લાગ્યા કે અલ્લાહ સિવાય કોઈ બીજાને ફેસલો કરવાનો અધિકાર નથી. અલ્લાહના દીનમાં માણસોનો ફેસલો હરગિઝ નહીં ચાલે.

***લવાદનો નિર્ણય.***

દૂમતુલ જુન્દુલ મુકામે બન્ને બુઝુર્ગોને ભેગા થવાનું નક્કી થયું. બન્ને તરફથી ચારસો ચારસો માણસો સાથે રાખવામાં આવ્યા. જે સહાબા અત્યાર સુધી ઝઘડાથી બાજુ પર હતા તેઓ પણ શું ફેસલો આવે છે એ જાણવા અહીંયા પહોંચ્યા.

હઝરત અબૂ મુસા અશ્અરી રદિ. સીધા સાદા માણસ હતા. સામે પક્ષે હઝરત અમ્ર બિન આસ રદિ. હોશિયાર અને ચાલાક હતા.

બંને જણાની વાતચીત એકાંતમાં શરૂ થઈ. હઝરત અબૂમુસા અશ્અરી રદિ. એ ખિલાફત માટે એક નવું નામ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.નું સુચવ્યું. પણ હઝરત અમ્ર બિન આસ રદિ.એ માન્ય રાખ્યું નહીં. છેવટે હઝરત અબૂ મુસા અશ્અરી રદિ.એ કહયું કે હઝરત અલી રદિ. અને મુઆવિયહ રદિ., બન્નેને આપણે હટાવી દઈએ અને મુસલમાનોની મજલિસે શૂરાને ફરીવાર નવો ખલીફા નક્કી કરવાની જવાબદારી સોંપવામાં આવે. આ બાબતે બન્ને સહમત થઈ ગયા અને પછી લોકો સમક્ષ આવ્યા. હઝરત અમ્ર બિન આસ રદિ.એ આગ્રહ કર્યો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે હઝરત અબૂ મુસા રદિ. મારા કરતાં શ્રેષ્ઠ છે એટલે તેઓ જ પહેલા મિમ્બર ઉપર જઈને અમારો ફેસલો સંભળાવે. હઝરત અબૂ મુસા રદિ.એ એલાન કર્યું કે અમે હઝરત અલી રદિ. અને હઝરત મુઆવિયહ રદિ., બન્નેને હટાવી દેવાનો નિર્ણય કર્યો છે. હવે નવેસરથી ખલીફા નક્કી કરવામાં આવશે. એમના પછી હઝરત અમ્ર બિન આસ રદિ. મિમ્બર ઉપર આવ્યા અને ફરમાવ્યું કે લોકો ! હઝ. અબૂ મુસા રદિ.એ એમના અમીર હઝરત અલી રદિ.ને ખિલાફતથી હટાવી દીધા છે. હું પણ એનાથી સહમત છું પણ અમારા અમીર મુઆવિયહ રદિ.ને હું આ હોદ્દા ઉપર બાકી રાખું છું.

હઝરત અબૂ મુસા અશ્અરી રદિ. આ દૃશ્ય જોઈને હેરાન થઈ ગયા. લોકોમાં પણ હંગામો થઈ ગયો. કોઈ બાબતે સહમતી થઈ નહીં અને ઈખ્તેલાફ બાકી રહયો. હઝરત અબૂ મુસા રદિ. એ જ વેળા પાછા વળી ગયા અને મરતાં સુધી મક્કામાં એકાંતમાં જ રહયા.

***ખારજીઓનો ઉદય અને એમની સાથે લડાઈ***

આ વિવાદનો કોઈ ઉકેલ આવ્યો ન હતો. એમ જ ચાલી રહયું હતું એવામાં હઝરત અલી રદિ.ના સમર્થકોમાં જે લોકો લવાદ બનાવવાને ખોટું કહીને અલગ થયા હતા એ બધા હરૂરાઅ નામી સ્થળે ભેગા થયા. પહેલાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ. અને પછી હઝરત અલી રદિ. એમને સમજાવવા ગયા. પણ આ લોકો પોતાની વાતે અડગ હતા કે હઝરત અલી રદિ. લવાદ બનાવવાને પોતાની ભૂલ માનીને તોબા કરે અને હઝરત મુઆવિયહ રદિ. સાથે લડાઈ કરે. કૂફા, બસરહ, અંબાર, મદાઈન વગેરે સ્થળોએ આ ગ્રુપના જેટલા લોકો હતા એ બધા નહરવાનમાં ભેગા થયા અને અબ્દુલ્લાહ બિન વહબ રાસબીના હાથ ઉપર બયઅત કરીને લોકોને મારવા લૂટવા લાગ્યા. આખરે હઝરત અલી રદિ.એ નહરવાન મુકામે એમની સાથે લડાઈ કરી. અને ચાર હઝાર જેટલા એમના માણસો માર્યા ગયા અને એમનું ગ્રુપ કમઝોર પડી ગયું. ઘણા લડાઈથી અલગ થઈને પહેલેથી જ નીકળી ગયા હતા અને અમુક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અલી રદિ. તરફે આવી ગયા.

હઝરત અલી રદિ.નો ઈરાદો હવે ફરીથી શામ ઉપર ચડાઈ કરવાનો હતો. થોડો સમય તૈયારી કરવા રોકાયા એ દિવસોમાં હઝરત અમીર મુઆવિયહ રદિ. તરફથી મિસર ઉપર ચડાઈ કરવામાં આવી અને મિસર એમના તાબામાં જતું રહયું, હવે તેઓ હિજાઝ, ઈરાક અને યમન તરફ આગળ વધવા લાગ્યા.

હઝરત મુઆવિયહ રદિ. અને એમના સમર્થકોમાં કોઈ આપસી વિરોધાભાસ ન હતો. બધા એકમતે એમને અમીર માનતા હતા. એનાથી વિપરીત હઝરત અલી રદિ.ના સમર્થકો પોતાનું અલગ મંતવ્ય અને અલગ માંગણીઓ ધરાવતા હતા. તેઓ હઝરત અલી રદિ.ને પોતાની મરજી મુજબ ચલાવવા માંગતા હતા. આ સ્થિતિમાં હઝરત અલી રદિ.ના મુકાબલામાં હઝરત અમીર મુઆવિયહ રદિ.નું દરેક પગલું ભારે પડી રહયું હતું અને એક પછી એક દરેક ક્ષેત્રે હઝરત અલી રદિ.ના પક્ષે નુકસાન ઉઠાવવું પડતું હતું.

### *હઝરત અલી રદિ.ની શહાદત*

હઝરત અલી રદિ.એ જે લોકોને નહરવાન મુકામે હરાવી – મારીને સીધા કર્યા હતા, તેઓ હજુ છુટા છવાયા પોતાનો મકસદ પૂરો કરવાનું આયોજન કરી રહયા હતા. એમણે નક્કી કર્યું કે જો હઝરત અલી રદિ., હઝરત અમીર મુઆવિયહ રદિ. અને હઝરત અમ્ર બિન આસ રદિ.,ને કતલ કરી દેવામાં આવે તો પછી મુસ્લિમ ઉમ્મતને તેઓ જેમ ચાહશે તેમ ગુમરાહ કરી શકશે. આ હેતુએ એમણે ત્રણ માણસો નક્કી કર્યા. અબ્દુર્રહમાન બિન મુલ્જિમને હઝરત અલી રદિ.ના કત્લ માટે, બર્ક બિન અબ્દુલ્લાહને હઝરત અમીર મુઆવિયહ રદિ. માટે, અને અમ્ર બિન બુકૈરને હઝરત અમ્ર બિન આસ રદિ. માટે નક્કી કર્યો.

૧૭ રમઝાન હિજરી સન ૪૦, ફજરની નમાઝ પછીનો સમય આ લોકોએ નક્કી કરીને એક સાથે પોતાનું કામ પાર પાડવાનું આયોજન કર્યું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મિસરના ગવર્નર હઝરત અમ્ર બિન આસ રદિ. આ દિવસે બીમાર હતા એટલે એમણે ખારિજહ બિન હુઝાફહ રદિ.ને નમાઝ પઢાવવા મોકલ્યા હતા. હત્યારા અમ્ર બિન બુકૈરે એમને જ અમ્ર બિન આસ રદિ. સમજીને શહીદ કરી દીધા. દમિશ્કમાં હઝરત અમીર મુઆવિયહ રદિ. ઉપર બર્ક દ્વારા મસ્જિદના દરવાજેથી નીકળતી વેળા વાર કરવામાં આવ્યો પણ મામૂલી ઝખમ આવ્યો અને હઝરત મુઆવિયહ રદિ. બચી ગયા. કૂફા આવેલ અબ્દુર્રહમાન બિન મુલ્જિમ હઝરત અલી રદિ.ના રસ્તે છુપાયને બેસી ગયો. ફજરની નમાઝ માટે જતા હતા ત્યારે એણે હઝરત અલી રદિ. ઉપર વાર કર્યો. આપ રદિ.ના માથામાં ઊંડો ઘા પડી ગયો અને ત્રણ દિવસ પછી ૧૯ રમઝાન, હિજરી સન ૪૦, જુમ્અહના રોજ હઝરત અલી રદિ.નો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન. વફાત વેળા આપ રદિ.ની ઉમર ૬૩ વરસની હતી. ચાર વરસ નવ મહીના આપ રદિ. ખલીફા રહયા. નમાઝે જનાઝહ હઝરત હસન રદિ.એ પઢાવી અને કૂફાના શાહી મહેલમાં આપ રદિ.ને દફન કરવામાં આવ્યા. અલબત્ત કબરનું ચોક્કસ સ્થાન કોઈને બતાવવામાં આવ્યું નહીં.

આપ રદિ.ને કયાં દફન કરવામાં આવ્યા એ બાબતે ઈતિહાસકારોમાં ભારે મતભેદ છે. એક કથન આ પણ છે કે કૂફામાં જામેઅ મસ્જિદ પાસે એક ખુલ્લી જગ્યામાં દફન કરવામાં આવ્યા. ઉપરાંત એક કથન આ પણ છે કે આપ રદિ.ના સાહબઝાદા હઝરત હસન રદિ. આપની મય્યિતને મદીના શરીફ લઈ ગયા અને ત્યાં દફન કરવામાં આવ્યા.

આજકાલ કૂફા પાસે 'નજફ' શહેરમાં મશ્હદે અલી નામના સ્થળને હઝરત અલી રદિ.ની કબરનું સ્થાન માનીને શીયા હઝરાત એની ઝિયારતે જાય છે. એ વિશે મોતબર ઈતિહાસકારોનું માનવું છે કે આ હઝરત અલી રદિ.ની કબર નથી. બલકે અહિંયા હઝરત મુગૈરહ બિન શુઅબહ રદિ.ની કબર છે. હઝરત અલી રદિ.ની શહાદતના લગભગ ૩૦૦ વરસ પછી આ સ્થળને હઝરત અલી રદિ.ની કબર કરાર દઈને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લોકો સમક્ષ રજૂ કરવામાં આવ્યું. ત્યાર પહેલાં કોઈ પણ ઈતિહાસકારના કથનમાં આ વિશે કોઈ ઉલ્લેખ મળતો નથી.

હત્યારાને હઝરત અલી રદિ.એ પકડવાનો હુકમ કરીને હઝરત હસન અને હુસૈન રદિ.ને ફરમાવ્યું કે

> એને પકડીને રાખો. ખવડાવો – પીવડાવો. જો હું મરી જાઉ તો એને બદલામાં કતલ કરજો. હું બચી જાઉ તો પછી હું ફેસલો કરીશ. ચાહે માફ કરું કે બદલો લઉ. આ જ શરીઅતનો હુકમ છે.

હઝરત હસન રદિ. અને હુસૈન રદિ.ને લાંબી વસીય્યત ફરમાવી, અને છેલ્લે ફરમાવ્યું કે,

> હે અબ્દુલમુત્તલિબના ફરઝંદો ! અમીરુલ મુઅમિનીનને શહીદ કરી દેવામાં આવ્યા એનું બહાનું બનાવીને મુસલમાનોનું નાહક ખૂન ન વહાવજો. મારા હત્યારા સિવાય બીજા કોઈને મારશો નહીં. એના નાક – કાન ન કાપજો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈ પણ પ્રાણી, ચાહે એ ભોંકનાર કુતરું કેમ ન હોય, એની લાશ સાથે આવું વર્તન કરવાની મનાઈ ફરમાવી છે.

આ વેળા જુન્દુબ બિન અબ્દુલ્લાહ રદિ.એ અરજ કરી કે હે અમીરુલ મુઅમિનીન ! જો તમે દુનિયાથી રુખસત થઈ જાઓ અમે તમારા સ્થાને હઝરત હસન રદિ.ના હાથ ઉપર બયઅત કરી લઈએ ? આપ રદિ.એ ફરમાવ્યું : હું આ બાબતનો આદેશ નથી આપતો અને એમ કરવાથી મના પણ નથી કરતો.

### હઝરત અલી રદિ. કેવા હતા ?

એકવાર હઝરત મુઆવિયહ રદિ.એ હઝરત ઝિરાર બિન ઝમુરહ રદિ.ને કહયું કે બતાવો તો ખરા, અલી કેવા હતા ? હઝરત ઝિરાર રદિ.એ ફરમાવ્યું કે મને આ બાબતે માફ રાખો તો સારું. હઝરત મુઆવિયહ રદિ.એ ફરમાવ્યું કે ના, તમારે બોલવું જ પડશે. એમણે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરીવાર માફ રાખવા અરજ કરી. પણ હઝરત મુઆવિયહ રદિ.એ હુકમ ફરમાવ્યો, તો એમણે બોલવાનું શરૂ કર્યું :

હઝરત અલી રદિ. મોટા દુરંદેશ અને દીર્ઘદષ્ટા હતા. મજબૂત શરીર ધરાવતા બહાદુર હતા. સ્પષ્ટ વકતા અને નિડર હતા. એમના ફેસલા ન્યાય અને ઈન્સાફના આધારે જ થતા હતા. એમનું આખું વ્યકિતત્વ ઈલ્મ અને ઈમાનનું ઝરણું હતું. દુનિયા અને દુનિયાની ગંદકીઓથી નફરત કરતા હતા. એમને દુનિયાના અજવાળા કરતાં એનું અંધારું વધારે પસંદ હતું. ખુદા ગવાહ છે કે રાત્રે ઈબાદત વેળા તેઓ ખુબ રડતા હતા. મોડે સુધી ફિકર અને ચિંતામાં ગરકાવ રહેતા હતા. હાથ મસળતા અને પોતાનાથી જ વાતો કરતા હતા. મોટા – જાડા કપડાં પહેરતા હતા અને સાદું ખાણું ખાતા હતા. અત્યંત નિખાલસ દોસ્ત અને સમાન સાથીઓ જેવો વર્તાવ રાખતા હતા. એમની પાસે કોઈ જતું તો સામે ચાલીને વાત શરૂ કરી દેતા હતા. વાયદાના પાકા હતા. મુસ્કાનમાં એમનાં દાંત સફેદ મોતીઓની જેમ દેખાતા હતા. દીનદારોનું સન્માન અને ગરીબો સાથે મુહબ્બત કરતા હતા. કોઈ ગમે તેવો શકિતશાળી હોય એમની પાસે પોતાની ખોટી વાત મનાવવામાં માયૂસ રહેતો અને ગમે તેવો કમઝોર માણસ એમની પાસે પોતાની વાત સાચી મનાવવાનું યકીન રાખતો હતો.

હું ખુદા તઆલાને ગવાહ રાખીને કહું છું કે, મેં એમની એવી રાતો જોઈ છે, જેમાં રાતની કાળી ચાદર ઓઢીને તેઓ મસ્જિદના મેહરાબમાં એવા રડતા – તડપતા હતા જેમ કોઈને ઝેરીલા સાંપે ડંખ માર્યો હોય અને તે મરવા માટે તરફડતો હોય. મને તો આજે પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એવું લાગે છે કે અલી રદિ. હજુ બોલી રહયા છે અને હું સાંભળી રહયો છું કે,

હે દુનિયા ! તું મારી સાથે છેડછાડ કરી રહી છે, તું મારાથી કોઈ આશા રાખે છે ? મારાથી કોઈ આશા ન રાખજે. કોઈ બીજાને ધોકો આપજે. હું તને ત્રણ તલાક આપી ચુકયો છું. હવે પછી હું તને કદી અપનાવીશ નહીં. તારું આયુષ્ય કેટલું ? તું કેટલી અપમાનિત અને બદનામ છે. તારી સત્તા અને શકિત પણ ખોખરી છે અને એના બદલામાં તારી આફતો અને મુસીબતો કેટલી ખતરનાક !

આહ ! લાંબી સફર સામે છે, રસ્તો સુમસાન છે અને ભાથું ઘણું ઓછું.

હઝરત મુઆવિયહ રદિ. આ વિગત સાંભળીને રડી પડયા. દાઢી ઉપર આંસુ ટપકવા લાગ્યાં. બાંયો વડે આસું લુછયા અને પછી દર્દભરી અવાજે ફરમાવ્યું : અલ્લાહ તઆલા અબુલ હસન ઉપર રહમ ફરમાવે. સાચે જ તેઓ આવા હતા. અને ઝિરાર ! જરા તમારો હાલ તો બતાવો ? અલી રદિ.ની જુદાઈ તમને કેવી લાગે છે ? હઝરત ઝિરાર રદિ.એ ફરમાવ્યું :

મારી સ્થિતિ શું બતાવું ? કોઈ ઓરતના ખોળામાં રમતા એના બાળકને કાપીને મારી નાખવામાં આવે, અને બાળકના આઘાતમાં રડી રડીને એનો જે હાલ થયો હોય, એ વિચારી લ્યો.

જયારે હઝરત મુઆવિયહ રદિ.ને હઝરત અલી રદિ.ની શહાદતની ખબર પડી તો રડવા લાગ્યા. એમના બીવી કહેવા લાગ્યાં : તમે એમની શહાદત ઉપર રડો છો ? તમે તો પોતે પણ એમના વિરુદ્ધ લડતા રહયા ! હઝરત મુઆવિયહ રદિ.એ જવાબ આપ્યો : તમને ખબર નથી ? હઝરત અલી રદિ.ની શહાદતના કારણે લોકો કેવા મહાન આલિમથી મહરૂમ થઈ ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હસન બસરી રહ.ને કોઈએ હઝરત અલી રદિ. વિશે પૂછયું તો આપ રહ.એ ફરમાવ્યું :

અલ્લાહની કસમ ! અલી રદિ. ખુદાના દુશ્મનોને નિશાના ઉપર વાગનાર તીર સમાન હતા. તેઓ આ ઉમ્મતમાં 'રબ્બાની' હસ્તી હતા. સહુપ્રથમ ઈસ્લામ સ્વીકારનાર અને સૌથી વધારે ફઝીલત ધરાવનાર હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રિશ્તેદાર હતા. અલ્લાહના હુકમ ઉપર અમલ કરવામાં કદી કોઈ સુસ્તી કરતા ન હતા. અલ્લાહના દીન ઉપર અમલ કરવામાં કોઈની શેહશરમ રાખતા ન હતા. અલ્લાહના માલને ખોટી રીતે ખર્ચ કરનાર ન હતા. કુરઆનના આદેશો મુજબ અમલ કરવામાં કોઈ નરમી સ્વીકારતા ન હતા.

## *ખારજી અને સબાઈ ફિરકા*

### *ખવારિજ.*

હઝરત અલી રદિ.ના સમર્થકોમાં બે વિશેષ પ્રકારના લોકો હતા. ઈસ્લામને, મુસલમાનોને અને હઝરત અલી રદિ.ને એમના કારણે ઘણું જ નુકસાન પહોંચ્યું.

ખારિજી લોકો હઝરત અલી રદિ.ના સમર્થક હતા. વધુ પડતા લોકો કબીલા બનુ તમીમના હતા. હઝરત અલી રદિ.એ જયારે હઝરત મુઆવિયહ રદિ. સાથેના વિવાદમાં હઝરત અબૂ મુસા અશ્અરી રદિ.ને લવાદ તરીકે નિયુકત કર્યા તો એનો વિરોધ કર્યો અને કહેવા લાગ્યા કે અલ્લાહની કિતાબ છે પછી કોઈ બીજાની વાત માનવાનો પ્રશ્ન જ ઉભો નથી થતો. અલ્લાહની કિતાબમાં દરેક વાત સ્પષ્ટ લખવામાં આવી છે પછી કોઈ બીજા માણસને લવાદ કે હાકિમ માનવાનો મતલબ અલ્લાહના ફેસલા સામે બીજાની વાત માનવી ગણાય. આ લોકોએ કુરઆનના શબ્દો : إن الحكم إلا لله ને પોતાનું સુત્ર બનાવી લીધું. અર્થાત ફેસલાનો અધિકાર ફકત અલ્લાહ તઆલાને જ છે. નહરવાન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુકામે હઝરત અલી રદિ.એ ઘણા લોકોને ખતમ કર્યા પણ તેઓ સંપૂર્ણ ખતમ થયા નહીં, બલકે હવે તેઓ હઝરત અલી રદિ.ના પણ વિરોધી બની ગયા. અને એમને કતલ કરવાનો મન્સૂબો બનાવ્યો અને પાર પણ પાડયો, જેમ કે અગાઉ આવી ગયું.

આ લોકો વિચારધારામાં ઘણા કડક હતા. ઈબાદતો ઘણી કરતા હતા. ખાણું – પીણું હલાલ ખાતા હતા. પણ પોતાની કડકાઈના કારણે જે કોઈ એમનો વિરોધી હોતો એને કાફિર કહીને કતલ કરવામાં પણ વાર લગાડતા ન હતા. ઘણી બધી નેકીઓ કરતાં હોવા છતાં કુરઆનનો મતલબ સમજયા વગર અમલ કરવાનો આગ્રહ રાખતા હતા એટલે તેઓ દીનને સારી રીતે સમજી શકયા નહીં.

એમનો અકીદો હતો કે ફકત હઝરત અલી રદિ. જ સાચા ઈમામ અને ખલીફા છે. એમના હાથ ઉપર બયઅત ન કરનાર અને એમના વિરુદ્ધ લડનારા બધા જ કાફિર છે. એટલે કાફિરો સાથે લડાઈ જરૂરી છે.

પછી જયારે હઝરત અલી રદિ.એ હઝરત મુઆવિયહ રદિ. સાથે સુલહ કરવા લવાદીપણાને સ્વીકાર્યું તો હઝરત અલી રદિ. એમના અકીદા મુજબ ગુનેગાર બની ગયા કારણ કે એમણે કાફિરો સાથે સુલહ કરવાનો પ્રયત્ન કર્યો અને અલ્લાહને છોડીને માણસોના ફેસલા ઉપર રાજી થઈ ગયા.

એમનો એક અકીદો આ પણ હતો કે જે કોઈ મુસલમાન ગુનાહે કબીરહ કરીને તોબા વગર મરી જાય તો કાયમને માટે જહન્નમમાં જ રહેશે. એને અલ્લાહ તઆલા મુસલમાન હોવા છતાં એને માફ નહીં કરે.

### સબાઈ ફિરકો

અબ્દુલ્લાહ બિન સબા નામના વ્યકિતના તાબેદારોને કહેવામાં આવે છે. આ લોકો હઝરત અલી રદિ. વિશે ઘણી જ વધારે અકીદત રાખતા હતા. ઘણા તો એમને ખુદા માનવા સુધી પહોંચી ગયા હતા. હઝરત અલી રદિ.ની સીરત આ ફિરકાની અસલી હકીકત અને ઈતિહાસ જાણવા વગર અધૂરી લેખાશે. એટલે અત્રે એનો ટુંકો ઈતિહાસ પણ રજૂ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી દઈએ છીએ.

ખુલફાએ ષલાષહ એટલે કે હઝરત અબૂબક્ર રદિ. હઝરત ઉમર રદિ., અને હઝરત ઉસ્માન રદિ.ના સમયકાળમાં યહૂદીઓ, ઈસાઈઓ, પારસીઓ અને મુર્તિપૂજક કાફિરોના પ્રદેશો અલ્લાહ તઆલાની મહેરબાનીથી સહાબએ કિરામ રદિ. અને તાબેઈન રહ.એ ફતેહ કર્યા, ઘણા શત્રુઓ માર્યા ગયા, અનેકને કેદ કરવામાં આવ્યા. એમના માલ સંપત્તિ ગનીમત સ્વરૂપે મુસલમાનોના હાથમાં આવી ગયા. આ બધા ધર્મોના અનુયાયીઓ ઈસ્લામ સામે પરાજિત અને અપમાનિત થઈ ગયા તો તેઓ એક નવી ચાલ ચાલ્યા. ભરપૂર ધોકા અને ફરેબનો સહારો લીધો અને મુસલમાનોમાં પેસીને ઈસ્લામના પ્રકાશને બુઝાવવા અને મુસલમાનો માંહે ફિત્ના – ફસાદ અને વિરોધ – ઝઘડો ઉત્પન્ન કરવાના પ્રયત્નો કરવા લાગ્યા.

આ કાવતરાખોર ટોળીનો વડો અબ્દુલ્લાહ બિન સબા યહૂદી હતો અને યમનના સન્આ શહેરનો રહેવાસી હતો. વરસો સુધી યહૂદી સમુદાયમાં એ ગુમરાહી અને ધોકા – ફરેબના કાવતરાં કરી ચૂકયો હતો. દગાબાઝ, ફરેબી અને શતરંજનો ચાલાક ખેલાડી હતો. ફિત્ના – ફસાદ અને લડાઈ – ઝઘડા કરાવવામાં પાવરધો અને આવી પ્રવૃતિઓના ઉતાર – ચઢાવથી સુપેરે પરિચિત હતો. એણે દરેક માણસ મુજબ વિવિધ રીતે ફરેબની જાળ બિછાવી અને દરેક વ્યકિત, સમુહ કે કબીલાની સ્થિતિ મુજબ એમના માંહે ગુમરાહીના બીજ રોપવાં શરૂ કર્યાં. (પેજ : ૫૬)

એ મદીના આવ્યો તો સવારે બધાથી પહેલાં મસ્જિદમાં આવતો અને રાત્રે છેલ્લે નીકળતો હતો. સહુપ્રથમ એણે હઝરત ઉસ્માન રદિ.ના નામે અહલે બયતને ભડકાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મદીના શરીફમાં હાશમી સહાબા રદિ.એ એની ચાલ ચાલવા દીધી નહીં. એણે જોયું કે મદીના શરીફમાં કોઈ મારી જાળમાં ફસાશે નહીં એટલે બસરહ અને ઈરાક ચાલ્યો ગયો. ત્યાંના લોકો નવમુસ્લિમ હતા. સહાબા ઓછા હતા. એટલે ત્યાં એ લોકોને કહેવા લાગ્યો કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સલ્લમના ખાનદાનના લોકોને છોડીને બીજા લોકો ખલીફા હોય એ કેવી રીતે યોગ્ય છે ? પછી ધીરે ધીરે લોકોમાં હઝરત ઉસ્માન વિરુદ્ધ વાતો કરવા લાગ્યો. હઝરત ઉસ્માન રદિ. રાજકાજને લગતી બાબતોમાં જે નિર્ણયો કરતા એમાં ખામીઓ બતાવીને લોકો સમક્ષ એમને ખોટા બતાવવા લાગ્યો. વિવિધ પ્રદેશોમાં હઝરત ઉસ્માન રદિ.એ નિયુકત કરેલા ગવર્નરો વિશે લોકોને કહયું કે ઉસ્માન એમના સગાઓને ઊંચા હોદ્દાઓ આપે છે. બયતુલ માલમાંથી સરકારી પૈસા એવા લોકોને આપે છે જેઓ હકદાર નથી. લડાઈઓમાં દુશ્મનનો જે માલ હાથ આવે એમાં શરીઅતનો નિયમ છે કે પાંચમો ભાગ સરકારી ખઝાનામાં દાખલ કરવામાં આવે, પણ ઉસ્માને તરાબુલુસની લડાઈનો માલ મિસરના ગવર્નર અબ્દુલ્લાહ બિન સઅદને આપી દીધો.

વિવિધ પ્રકારના આરોપોનું વર્તુળ એવી રીતે રચવામાં આવ્યું હતું કે અમુક નેક લોકોને પણ શંકા થવા લાગી.

બસરહના ગવર્નર અબ્દુલ્લાહ બિન આમિરને એની શરારતની ખબર પડી તો એને ત્યાંથી કાઢી મુકયો. શામમાં દમિશ્ક ગયો પણ હઝરત મુઆવિયહ રદિ.ને ખબર પડી તો એને રવાના કરી દીધો. ત્યાર પછી એ કાહિરહ આવ્યો. અહિંયા એને ભારે સફળતા મળી અને એક મોટું ગ્રુપ એણે તૈયાર કરી લીધું. અંતે એ લોકોએ આયોજબ મુજબ બસરહ અને કાહિરહના લોકો મદીનામાં આવ્યા અને હઝરત ઉસ્માન રદિ.ના ઘરને ઘેરી લીધું અને અંતે તેઓને શહીદ કરી દીધા. આ બધું કરવા દરમિયાન એણે હઝરત અલી રદિ.ના નામથી, હઝરત આઈશહ રદિ.ના નામથી લોકોને પત્રો લખ્યા, જેમાં હઝરત ઉસ્માન રદિ.ને એમના હોદ્દા પરથી હટાવવાના પ્રયાસો કરવાની તાકીદ હતી. અમુક પત્રો હઝરત તલ્હા અને હઝરત ઝુબૈર રદિ.ના નામથી પણ લખ્યા.

હઝરત મવલાના મુહમ્મદ મંઝૂર નોમાની રહ. લખે છે કે, ઈતિહાસકારોના વર્ણન મુજબ એણે સહુપ્રથમ અમુક લોકો વચ્ચે તુક્કો વહેતો કર્યો કે મુસલમાનોનો આ અકીદો ભારે નવાઈ ઉપજાવે છે કે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ઈસા અલૈ. આ દુનિયામાં ફરીવાર આવશે અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરીવાર આવશે નહીં. જયારે કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો સઘળા અંબિયાએ કિરામ અને હઝરત ઈસા અલૈ. કરતાં પણ વધારે ઉચ્ચ મરતબો ધરાવે છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નિશંક ફરીવાર આ દુનિયામાં પધારશે. આ વાત એણે એવા અજ્ઞાન અને કાચા લોકો સામે રજૂ કરી જેઓ ઈસ્લામથી સારી રીતે પરિચિત ન હતા. ઈસ્લામ પૂર્વેથી જ આવી વાહિયાત વાતોમાં રાચતા આવતા હતા અને ઈસ્લામ અપનાવ્યા પછી હજુ સુધી એમનું માનસ ઈસ્લામી રીતે કેળવાયું ન હતું. (ઈરાની ઈન્કિલાબ, ઈમામ ખુમૈની ઓર શીઈય્યત : ૧૦૫)

હઝરત શાહ અબ્દુલ અઝીઝ રહ. લખે છે કે, ત્યાર પછી એ જાહેરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાનદાન પ્રતિ મુહબ્બત, અકીદત અને શ્રદ્ધા વ્યકત કરવા માંડયો. અહલે બયત સાથે મુહબ્બત – અકીદત રાખવા અને એમાં અડગ રહેવાનું પ્રોત્સાહન આપવા લાગ્યો. એના આ પ્રયત્નો દરેક પ્રકારના મુસલમાનોમાં સ્વીકાર્ય બન્યા અને આ પ્રવૃતિના લઈ લોકો એને મુસલમાનોનો નિખાલસ હમદર્દ અને સાચો – પાકો મુસલમાન સમજવા લાગ્યા.

જયારે ભોળા મુસલમાનોનો એક સમુહ એની જાળમાં ફસાઈને એનો અકીદતમંદ બની ગયો તો સહુપ્રથમ આ વાત એમના દિમાગમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી હઝરત અલી રદિ. જ સૌથી શ્રેષ્ઠ મુસલમાન છે. તેઓ જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નિકટતમ સહયોગી છે, તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉત્તરાધિકારી પણ છે અને દામાદ પણ છે.

પછી જયારે એણે જોયું કે એના અનુયાયીઓએ દઢપણે હઝરત અલી રદિ.ને સઘળા સહાબએ કિરામ રદિ. કરતાં શ્રેષ્ઠ સહાબી માની લીધા છે તો પોતાના અમુક માનીતા ચેલાઓ અને દોસ્તોને નવો ભેદ શીખવાડયો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે, હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના 'વસી' એટલે કે નાયબ અને ઉત્તરાધિકારી હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્પષ્ટ આદેશ આપીને એમને પોતાના નાયબ અને ખલીફા બનાવ્યા હતા, અને કુરઆને કરીમની આયત

(إنما وليكم الله و رسوله والذين آمنوا)

થી પણ એમની ખિલાફત પૂરવાર થાય છે. પરંતુ બીજા સહાબાએ ફરેબ કરીને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વસીય્યત દબાવી દીધી. અલ્લાહ અને એના રસૂલના આદેશનું પાલન કર્યું નહીં, હઝરત અલી રદિ.નો હક છીનવી લીધો અને દુનિયાની લાલચે બધાએ દીનને છોડી દીધો.

અબ્દુલ્લાહ બિન સબાએ ફેલાવેલ આ કુશંકાઓ અને ગેરસમજો લોકો વચ્ચે ચર્ચાનો વિષય બની ગઈ અને હઝરત અલી રદિ.ના લશ્કરમાં આ આધારે ત્રણેય ખલીફાઓની બુરાઈ થવા લાગી. લોકો વચ્ચે ગ્રુપ બની ગયા અને વાદ વિવાદ તેમજ વિરોધ – ઝઘડો પણ કરવા લાગ્યા. આ બધી વિગતની જયારે હઝરત અલી રદિ.ને ખબર પડી તો જાહેરમાં મિમ્બર ઉપર ઈબ્ને સબાની આ જમાતના ગુમરાહ હોવાનું જાહેર કર્યું, પોતાને એમના સાથે કોઈ સંબંધ ન હોવાનું એલાન કર્યું અને અમુક લોકોને સજા કરવાની ધમકી પણ આપી.

ઈબ્ને સબાએ જોઈ લીધું કે એનું આ તીર પણ નિશાને લાગ્યું છે, મુસલમાનોના અકીદામાં ગરબડ કરવાનો રસ્તો ખુલી ગયો છે, મુસલમાનો હવે અંદરોઅંદર ઝઘડવા લાગ્યા છે અને એકબીજાને ભાંડવા માંડયા છે, તો આગળની ચાલ ચાલવા માટે એણે અમુક માનીતા અને વિશ્વાસુ ચેલાઓને ભેગા કર્યા, એમનાથી કરાર અને વાયદો લઈને વિવાદની એક ખતરનાક નવી બાબતની શિખામણ આપી. એમને બતાવવામાં આવ્યું કે, હઝરત અલી રદિ. ઘણા બધા એવા કામો અંજામ આપે છે, જે સામાન્ય માણસના ગજા અને શકિત બહારના છે. આ બધું એમના માંહે મોજૂદ ખુદાઈ શકિતના કારણે જ થાય છે. માટે હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલી જ ખુદા છે. એમના સિવાય કોઈ ખુદા નથી. પછી ચેલાઓથી કરાર લીધો કે આ ભેદની વાત છે, એને છુપાવીને રાખવી આપણા સહુ માટે ફરજ છે.

સામાન્ય પણે એવું થાય છે કે ભેદની વાત કોઈ બે માણસોથી આગળ વધે તો એ જાહેર થઈ જ જાય છે, એ મુજબ ધીરે ધીરે આ ખતરનાક દૃષ્ટિકોણ પણ લોકોમાં જાહેર થઈ ગયો અને હઝરત અલી રદિ.ને એની જાણ થઈ ગઈ. હઝરત અલી રદિ.એ આ લોકો અને એમના સરદાર ઈબ્ને સબાને બોલાવીને આગમાં સળગાવી દેવાની ધમકી આપી. એમનાથી તોબા કરાવી અને પછી 'મદાઈન' તરફ એમને તડીપાર કરી દીધા. આ તબક્કે હઝરત અલી રદિ.ના લશ્કરમાં ત્રણ વિભાગો પડી ગયા.

(૧) શીયા તફઝીલીય્યહ : આ લોકો હઝરત અલી રદિ.ને સઘળા સહાબા કરતાં મહાન અને શ્રેષ્ઠ માનતા હતા. આ સમુહ ઈબ્ને સબાના અનુયાયીઓમાં બધાથી નીચલી કક્ષાનો હતો. આ ફિરકાના લોકો ઈબ્ને સબા મલ્ઊનની કુશંકાઓના એક અંશ સુધી જ શિકાર થયા હતા. હઝરત અલી રદિ.એ એમને ધમકાવ્યા અને ફરમાવ્યું કે હવે પછી કોઈના વિશે મને ખબર પડશે કે તે મને હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ. કરતાં શ્રેષ્ઠ કહે છે તો એને જૂઠો આરોપ લગાવવાની સજા એટલે કે ૮૦ કોરડા ફટકારવામાં આવશે.

(૨) શીયા સબ્બીય્યહ : આ ફિરકાને 'તબર્રાઈય્યહ' પણ કહેવામાં આવે છે. આ લોકો અહલે બયત અને ચાર સહાબા સિવાય દરેક સહાબીને ઝાલિમ, અત્યાચારી, બીજાના હકો હડપકરનાર, કાફિર અને મુનાફિક સમજે છે. આ ગ્રુપ ઈબ્ને સબાના અનુયાયીઓમાં મધ્યમ કક્ષાનું કહી શકાય. આ ગ્રુપના વિચારો અને અકીદાની હઝરત અલી રદિ.ને ખબર પડી તો આપ રહ.એ અનેક તકરીરો ફરમાવી, આવા લોકોની માન્યતાઓનું ખંડન કર્યું અને એમના સાથે પોતાનો કોઈ પણ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૩) ગાલી શીયા : નાપાક ઈબ્ને સબાના અનુયાયીઓમાં આ ગ્રુપ સૌથી વધારે બદતર અને વિશેષ બદમાશ લોકો ઉપર આધારિત હતું. આ લોકો હઝરત અલી રદિ.ને ખુદા માનતા હતા.

ખુલાસો એ કે ઈબ્ને સબા રાફઝીઓના બધા જ ફિરકાનો વડો છે અને દરેક ફિરકાએ ઓછા વધતા અંશે ઈબ્ને સબાથી જ માર્ગદર્શન મેળવ્યું છે. *(શીયા સુન્ની ઈખ્તેલાફાત ઓર સિરાતે મુસ્તકીમ : ૫૬ – ૫૮)*

મુળ રીતે ઈબ્ને સબાએ એની પ્રવૃતિઓ થકી શીયાધર્મના ઓઠા હેઠળ યહૂદીઝમને પ્રચલિત કરવાની કોશિશ કરી છે.

(સબાઈ ફિરકાનો ઉપરોકત પરિચય 'શીયા ધર્મનો ઈતિહાસ અને માન્યતાઓ' નામી પુસ્તિકામાંથી કંઈક સુધારા વધારા કરીને લેવામાં આવ્યો છે.)

***<u>હઝરત અલી રદિ.નો દૌરે ખિલાફત</u>***

અલ્લાહ તઆલાની તકદીર મુજબ અસબાબ ગમે તે બન્યા હોય, પણ આ વાત સ્પષ્ટ છે કે હઝરત અલી રદિ.ના ખલીફા બનવાની સાથે જ અચાનક ઈસ્લામી વિશ્વમાં વિવાદ, વિરોધ અને વિખવાદની આગ ભડકી ઉઠી અને ઈસ્લામી વિશ્વની એકતા એવી તૂટી ગઈ કે હઝરત અલી રદિ. દ્વારા ઘણા પ્રયત્નો કરવા છતાં પણ ફરીવાર એ પૃષ્ઠો જોડાયને આખી કિતાબ ન  બની શકયાં. દિવસે દિવસે પરેશાનીઓ અને વિવાદ વધતા જ રહયા. અને ત્યારથી જ હમેંશા માટે ઈસ્લામી સમાજમાં ફિરકાબંદી એવી પેસી ગઈ કે કયામત વગર એનો અંત દેખાતો નથી. બધું જોતાં એટલું કહી શકાય કે હઝરત અલી રદિ.નો દૌરે ખિલાફત એમના આગલા ખલીફાઓની જેમ કામ્યાબ ન રહયો. શેરે ખુદા રદિ.ની હોશિયારી, કાબેલિયત, બહાદુરી અને નેકી – તકવાની જે અસરો વિશ્વ ઉપર લોકો જોવા માંગતા હતા એ બધી શકિત પરસ્પરની લડાઈ અને ગૃહયુદ્ધમાં ખપી ગઈ.

હઝરત અબૂબક્ર સિદ્દીક રદિ.એ જયારે ખિલાફતની બાગદોર સંભાળી ત્યારે પણ ઈસ્લામી વિશ્વ કપરા સંજોગોમાંથી પસાર થઈ રહયું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતું, આમ છતાં ત્યારની સ્થિતિ અને હઝરત અલી રદિ. સામે આવેલા સંજોગો અલગ હતા. સિદ્દિકે અકબર રદિ. સામે મુસીબતો અને અડચણો હતી, પણ ત્યારે સમસ્યા કુફ્ર, ઈરતિદાદ અને ઈસ્લામની હતી, એમાં બધા જ મુસલમાનો એકસંપ હતા અને હઝરત અબૂબક્ર રદિ.ની પડખે હતા. અને સામે પક્ષે મુરતદ કબીલાઓમાં એમની સત્તા લાલસાના કારણે સંપ ન હતો. સત્ય અને અસત્ય સ્પષ્ટ હતું. એટલે એમને કાબૂમાં કરી લેવા એકરીતે સરળ બાબત હતી. એનાથી વિપરીત હઝરત અલી રદિ.ના મુકાબલામાં સામે પક્ષે બે અલગ જમાઅતો હતી અને બધા જ મુસલમાનો હતા. બલકે એમના વિરોધીઓમાં એક પક્ષે ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઈશહ રદિ., આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફોયભાઈ હઝરત ઝુબૈર રદિ. જેવા મહાન લોકો હતા. તો બીજા સમુહમાં હઝરત અમીર મુઆવિયહ રદિ., હઝરત અમ્ર બિન આસ રદિ. જેવા હોશિયાર અને મુત્સદ્દી લોકો હતા. અને આ ત્રણેવ પક્ષો પોતાને સત્ય ઉપર સમજતા હતા. આ કોણ હક ઉપર છે અને કોણ ના હક ઉપર છે, એ અઘરી બાબત બની ગઈ હતી. જે કોઈ પોતાને હક ઉપર સમજીને બીજાને નાહક સમજે એની સામે મુસલમાનો સાથે લડાઈ કરીને મુસલમાનોને જ મારવાની મોટી સમસ્યા હતી. એમાંયે હઝરત મુઆવિયહ રદિ.ને એવા સમર્થકો અને નિખાલસ સહયોગીઓ મળ્યા હતા, જેવા હઝરત અલી રદિ. પાસે ઓછા હતા.

હઝરત અલી રદિ.ની રાજકીય અસફળતાનું એક કારણ આ પણ હતું કે તેઓ તકવા, દીનદારી, અમાનત, ન્યાયના એવા ઉચ્ચ માપદંડોના આધારે ખિલાફત ચલાવવા માંગતા હતા, જે પ્રમાણે હઝરત ઉમર રદિ. ચલાવતા હતા. પરંતુ હવે સંજોગો બદલાય ગયા હતા, એની અસર લોકોના દિલો ઉપર પડી હતી અને જે રસ્તે આપ રદિ. લોકોને લઈ જવા માંગતા હતા, લોકોમાં એની લાયકાત બાકી રહી ન હતી. એક તરફ હઝરત મુઆવિયહ રદિ.એ એમના સહાયકો સામે ખઝાના ખુલ્લા મુકી દીધા હતા તો બીજી તરફ હઝરત અલી રદિ. તણખલાનો પણ હિસાબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લેવા ચાહતા હતા. આ બાબતે હઝરત અલી રદિ.ની સખ્તીથી પરેશાન થઈને એમના અમુક સગાઓ અને મહત્વના સહયોગીઓ પણ સાથ છોડી ગયા હતા. અલબત્ત હઝરત અલી રદિ.ને આ પસંદ ન હતું કે રાજકીય સફળતા માટે સચ્ચાઈ, અમાનતદારી અને તકવાની ઈસ્લામી બુનિયાદો છોડી દેવામાં આવે.

હઝરત ઈમામ અબૂહનીફહ રદિ. ફરમાવે છે કે

ما قاتل أحد عليا إلا و عليٌّ أولى بالحق منه و لو لا ما سار عليٌّ فيهم ماعلم أحد كيف السيرة فى المسلمين.

> હઝરત અલી રદિ. જેમની સાથે જે મુદ્દે પણ લડયા, એ મુદ્દાઓમાં હઝરત અલી રદિ. એમના વિરોધી કરતાં વધારે સાચા હતા. અને હઝરત અલી રદિ.એ આ લોકો સાથે જે રીત અપનાવી, એ રીત એમણે ન અપનાવી હોત તો પછી મુસલમાનોને કદી ખબર જ ન પડત કે પરસ્પર આવો ઈખ્તિલાફ થાય તો કેવી રીત અપનાવવી જોઈએ.

*(અલ મુરતઝા : ૨૬૮)*

હઝરત અલી રદિ.ની નાકામીનું બીજું કારણ આ હતું કે એમના અનુયાયીઓ અને સમર્થકોમાં સંપ– એકતા, અને ઈખ્લાસ ન હતો. એક મોટી સંખ્યા અબ્દુલ્લાહ બિન સબાના અનુયાયીઓની હતી, જેઓ એમ સમજતા હતા કે હઝરત અલી રદિ. રસૂલે ખુદાના નાયબ છે. અને પછી આ જ માન્યતાને આગળ વધારીને હઝરત અલી રદિ.ને ખુદા સમાન સમજવા લાગ્યા હતા. હઝરત અલી રદિ.એ એમને ભારે સજાઓ આપી પણ ફિત્નાના બીજ રોપાય ગયાં હતાં એટલી એની અસર ખતમ થાય એ શકય ન હતું. ઈસ્લામ અને ખિલાફત, બન્નેને આ ફિત્નાએ ઘણું નુકસાન પહોંચાડયું. હઝરત આઈશહ રદિ. સાથેની લડાઈમાં સુલહ બિલકુલ નજીક હતી, અને આ લોકોએ જ ગરબડ કરીને લડાઈ શરૂ કરાવી દીધી.

હઝરત અલી રદિ.ના સમર્થકોમાં એક ગ્રુપ કુરઆન પઢનારા કટ્ટર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લોકોનું હતું. તેઓ દરેક મામલામાં કુરઆનના શબ્દોને આગળ કરીને એ મુજબ અમલ કરાવવા ચાહતા હતા. કુરઆન શું કહેવા માંગે છે અને એ બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે શું ફરમાવ્યું છે, એનાથી એમને કોઈ લેવા દેવા ન હતી. હઝરત મુઆવિયહ રદિ. સાથેની લડાઈમાં જયારે લવાદ સ્વીકારવામાં આવ્યા તો આ ગ્રુપ દ્વારા અલગ થઈને નવો ફિરકો બનાવી લેવામાં આવ્યો.

બીજા જે નિખાલસ લોકો હતા, તેઓ હઝરત અલી રદિ.ના સાચા હમદર્દ અને સહાયક હતા. પણ સિફ્ફીનની લડાઈમાં જીતની છેલ્લી ઘડીએ વિરોધીઓની ચાલમાં ફસાયને એમની વાત માની લેવાથી માયૂસ અને હતાશ થઈ ગયા હતા. આ બાબતે પણ હઝરત અલી રદિ. ઉપર ખારજી ગ્રુપ દ્વારા જ દબાવ બનાવવામાં આવ્યો હતો. એટલે કહી શકાય કે આ નિખાલસ લોકો હઝરત અલી રદિ. ઉપર પોતાની કોઈ અસર ન હોવાથી અને ખોટા લોકોનો પ્રભાવ હોવાથી પાછળ હટી રહયા હતા.

આટલી બધી અડચણો અને અવરોધો છતાં હઝરત અલી રદિ.એ બેનમૂન હિમ્મત, દઢતા, અને સબ્ર – ધીરજ સાથે સંજોગોનો મુકાબલો કર્યો, આ દરમિયાન સચ્ચાઈ, તકવા, દીનદારી અને હિકમત – મસ્લેહતને પણ પૂરી રીતે સામે રાખ્યાં. દુનિયાદારી કે સત્તાની લાલસામાં સિદ્ધાંતો સાથે કોઈ સોદો કર્યો નહીં. થોડીક જ દુનિયાદારી કે ઢીલ અપનાવવામાં આવત તો આપ રદિ. ખિલાફત અને રાજકાજમાં સફળ થઈ જાત, પણ રાજકાજ કે સત્તાની સામે દીન અને ઈસ્લામના બુનિયાદી સિદ્ધાંતોની હેસિયત બીજા નંબરે આવી જાત. આ જ તે બુનિયાદી બાબત છે જેના લઈને આપ રદિ.ની ખિલાફતને 'ખિલાફતે રાશિદહ' કહેવામાં આવે છે.

### *હઝરત અલી રદિ.ની કાર્યપ્રણાલી*

હઝરત અલી રદિ. બાદશાહ કે શહેનશાહ જેવા સામાન્ય ખલીફા ન હતા. બલકે પૂરી તકેદારી સાથે હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત ઉમર રદિ.ના રસ્તે ચાલનાર સાચા અર્થમાં અમીરુલ મુઅમિનીન હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુસલમાનોના મુરબ્બી, વડીલ, માર્ગદર્શક, દરેક રીતે આદર્શ અને અનુકરણીય હસ્તી હતા. લોકોના વાણી, વર્તન અને સંસ્કાર ઉપર પણ દેખરેખ રાખતા હતા. લોકો એમના વર્તન અને વહેવારમાં કયાં અને કેવી રીતે નબવી રસ્તેથી હટે છે એની દેખરેખ રાખતા હતા. લોકોને નમાઝ પઢાવતા, નસીહત કરતા, મસાઈલ સમજાવતા, અને બતાવતા કે અલ્લાહ તઆલાના શું હકો લોકો ઉપર લાગુ પડે છે. મસ્જિદમાં સામાન્ય માણસની જેમ બેસતા હતા અને લોકો આપની પાસે આવીને મશ્વેરો કરતા અને મસાઈલ પૂછતા હતા. બજારોમાં ફરતા હતા, લોકોના કારોબાર અને વેપાર ઉપર દેખરેખ રાખતા હતા. એમને માપ તોલમાં સાવચેત રહવાની અને અલ્લાહથી ડરવાની તાકીદ ફરમાવતા હતા.

પોતાના માટે ઘણા જ સાવચેત અને સાવધ હતા. પોતાના હોદ્દાથી કે ખાનદાની શરાફતને આડ બનાવીને કોઈ પણ પ્રકારનો લાભ ઉઠાવતા ન હતા. બજારમાં કોઈ વસ્તુ ખરીદવા જતા તો એવો દુકાનદાર શોધતા જે એમને ઓળખતો ન હોય. લોકો વચ્ચે રહેવામાં પોતાનો અલગ મુકામ અને નોખી હેસિયત દેખાય નહીં એની પૂરતી તકેદારી રાખતા હતા. હાકેમો અને અફસરો ઉપર વોચ રાખતા હતા. અચાનક તપાસ પણ કરતા કરાવતા હતા. જે લોકોને કોઈ જવાબદારી સોંપતા હતા એમના વિશે જાઈઝ – નાજાઈઝ કામોની જાણકારી રાખવા ઉપરાંત એમના અખ્લાક અને કિરદાર (ચરિત્ર) વિશે પણ જાણકારી મેળવતા રહેતા હતા. જો એમને લાગતું કે કોઈ હાકેમનું વર્તન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશિદીનના વર્તનથી વિપરીત છે, અથવા અલ્લાહથી ડરનારા નેક મુત્તકી લોકો જેવું નથી તો એમને બોલાવીની પૂછપરછ કરતા અને ટકોર કરતા હતા.

આપ રદિ.એ બસરહ ઉપર ઉસ્માન બિન હુનૈફ રદિ.ને હાકેમ બનાવ્યા હતા. બસરહની એક દાવતમાં એમનું માન સન્માન વધારે કરવામાં આવ્યું અને ઈસ્લામી સમાનતાથી વિપરીત ગરીબો – સામાન્ય માણસો સાથે હલકું વર્તન દાખવવામાં આવ્યું. આપ રદિ.ને એની ખબર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મળી તો એક પત્ર લખ્યો કે, હે ઈબ્ને હુનૈફ ! મને ખબર મળી છે કે બસરહના કોઈ માણસે તમારી દાવત કરી હતી, તમે શોખથી ત્યાં ગયા. તમારી સામે રંગબેરંગી વાનગીઓ અને મિષ્ટાન્ન મુકવામાં આવ્યાં. તમે એવું કેમ ના વિચાર્યું અહિંયા ગરીબ અને બચરવાળ લોકોની અનદેખી કરવામાં આવે છે. ફકત માલદારોને જ બોલાવવામાં આવે છે. આવી દાવતોમાં તમે જે કંઈ ચાવો છો એના વિશે પૂરી તકેદારી રાખજો. કોઈ શંકાસ્પદ માલ હોય તો એને ગળેથી પણ ઉતરવા ના દેજો. અને જે પાક – હલાલ હોય એને પૂરા શોખથી ખાજો. (અલમુરતઝા)

સરકારી કામકાજમાં આપ રદિ. હઝરત ઉમર રદિ. જેવી જ તકેદારી અને એહતિયાત ઈચ્છતા હતા.

ઘણા લોકો ઈસ્લામી સત્તામાં વિસ્તાર થવાના કારણે અને રોમન તેમજ પારસી સત્તાઓ ઈસ્લામી સત્તા હેઠળ આવી જવાથી, એ સરકારોની કાર્યપદ્ધતિથી ટેવાયેલા હોવાના કારણે અથવા નવા પ્રદેશો, નવા સમય અને નવા લોકો માટે નવી ઉદાર નીતિ ચાહતા હતા. હઝરત ઉસ્માન રદિ. આ બાબતે થોડા નરમ હતા, પણ હઝરત અલી રદિ. ચાહતા હતા કે હઝરત ઉમર રદિ.ના માપંદડ ઉપર જ આગળ વધવામાં આવે. નહીંતર વિશ્વની ગેરઈસ્લામી રાજાશાહીઓ અને ઈસ્લામી ખિલાફતમાં કોઈ ફરક નહીં રહે.

એકવાર નજરાનના યહૂદીઓ હઝરત અલી રદિ. પાસે આવ્યા અને ઘણી જ નરમી સાથે દરખાસ્ત કરી કે એમને પાછા એમના વતનમાં આબાદ કરવામાં આવે. હઝરત ઉમર રદિ.એ એમને હિજાઝમાંથી કાઢીને નજરાનમાં વસાવ્યા હતા. હઝરત અલી રદિ.એ સાફ ઈન્કાર કર્યો અને ફરમાવ્યું : ઉમર રદિ. થી વધારે સહી ફેસલો બીજા કોઈનો ના હોય શકે.

જયારે પણ કોઈને હાકેમ બનાવતા તો એને યોગ્ય નસીહતો અને તાકીદો કરતા હતા. હાકેમોની દેખરેખ પોતે પણ રાખતા હતા અને પોતાના માણસોને તપાસ માટે પણ મોકલતા હતા. એકવાર હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કઅબ બિન માલિક રદિ.ને તપાસ કરવા મોકલ્યા અને ફરમાવ્યું કે, તમે તમારા સાથીઓની જમાત લઈને નીકળો. ઈરાકના દરેક જિલ્લામાં ફરો અને હોકેમો – અફસરો વિશે તપાસ કરો અને એમની હરકતોની ભાળ મેળવો.

હાકેમોના ખર્ચાઓ અને બયતુલ માલના વપરાશ બાબતે ઘણા કડક હતા. એકવાર એક પ્રદેશના હાકેમે બયતુલમાલમાંથી કરજ લઈને પાંચસો ગુલામો અને બાંદીઓ આઝાદ કરી દીધા. અમુક દિવસો પછી હઝરત અલી રદિ.ને ખબર પડી તો એની પાસે બયતુલ માલની રકમ પરત માંગી. એની પાસે કોઈ રકમ હતી નહીં, એ કહેવા લાગ્યો કે, ખુદાની કસમ ! હઝરત ઉસ્માન રદિ. તો આટલા કડક ન હતા. આ તો પાઈ પાઈનો હિસાબ માંગે છે. અને પછી હઝરત મુઆવિયહ રદિ. પાસે ચાલ્યો ગયો. હઝરત અલી રદિ.ને એના ચાલ્યા જવાની ખબર પડી તો ફરમાવ્યું :

> અલ્લાહ એનું બુરું કરે, કામો તો મોટા અમીરો શરીફો જેવા કરવા છે, પણ ગુલામોની જેમ ડરીને ભાગી ગયો અને ગુનેગારની જેમ ખિયાનત કરી ગયો. જો તે આપણી પાસે રહેત તો એને આપણે કેદ કરવા સિવાય બીજી કોઈ સજા ન આપત.

એક બાબતે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ.એ બયતુલ માલની રકમ પોતાના વપરાશમાં લીધી. હઝરત અલી રદિ.એ પૂછપરછ કરી તો ફરમાવ્યું કે, આ મારા હકની રકમ હતી અને હજુ પણ મારો હક બાકી છે. પોતે હક ઉપર હોવા છતાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ.ને ડર લાગ્યો કે હઝરત અલી રદિ. આ બાબતે કડક પૂછપરછ કરશે એટલે મક્કા ચાલ્યા આવ્યા.

બયતુલ માલ વિશે આવી તકેદારી રાખવાની સાથે ગરીબો અને જરૂરત મંદો માટે બયતુલ માલના દરવાજા ખુલ્લા હતા. ખુલ્લા હાથે ગરીબોની મદદ કરવામાં આવતી હતી. હઝરત અલી રદિ.ના ટુંકા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખિલાફતકાળમાં ઈરાનમાં અનેક વાર બગાવતો થઈ, પણ સામાન્ય પ્રજા ઉપર કોઈ સખતી કરવામાં આવતી ન હતી. ઈરાનીઓ આપ રદિ.ની આ નીતિથી પ્રભાવિત થઈને કહેતા હતા કે,

> ખુદાની કસમ ! આ અરબી માણસે નોશેરવાનની યાદ તાજી કરી દીધી.

***<u>હઝરત અલી રદિ.ની વિશેષતાઓ અને ફઝીલતો</u>***

હઝરત અલી રદિ. બાળપણથી જ નબવી દર્સગાહમાં તાલીમ – તરબિયત મેળવતા આવ્યા હતા. આપ રદિ. પોતે ફરમાવે છે કે રોજ સવારે હું આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવતો હતો, અને મારા જેવું નિકટનું સ્થાન કોઈને પ્રાપ્ત ન હતું. વધુ પડતી સફરોમાં પણ આપ રદિ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સંગાથનું બહુમાન મળતું હતું. એકવાર શુરૈહ બિન હાનીએ હઝરત આઈશહ રદિ.ને વુઝૂ કરતી વેળા ચામડાના મોજાઓ ઉપર મસહ કરવા બાબતે સવાલ કર્યો તો હઝરત આઈશહ રદિ.એ હઝરત અલી રદિ.નું નામ લઈને ફરમાવ્યું કે, એમને પૂછો, તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે સફર કરતા રહેતા હતા.

હઝરત શાહ વલીયુલ્લાહ રહ. હઝરત અલી રદિ.ની ફઝીલત અને મહાનતાના બે બુનિયાદી કારણો દર્શાવ્યા છે. એક તો તેઓ ઈસ્લામને લગતી દરેક બાબતમાં હમેંશા આગળ રહેતા આવ્યા હતા. ઈસ્લામ સ્વીકાર, શત્રુઓ સાથે લડાઈ અને બીજી દરેક બાબતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મજલિસમાં સહુપ્રથમ પોતાને તૈયાર બતાવતા હતા. બીજું મહત્વનું કારણ આપ રદિ.ની નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથેની રિશ્તેદારી, મુહબ્બત અને વિશ્વાસ છે. અને છેલ્લે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાની દીકરી હઝરત ફાતિમહ રદિ.સાથે આપના નિકાહ કરાવ્યા.

બાળપણથી જ લખવા વાંચવાની તાલીમ પણ મેળવી હતી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એલાને નુબુવ્વત વેળા આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રદિ.ની ઉમર ૧૦ વરસ જેટલી હતી, પણ આપ રદિ. લખવા – વાંચવાનું જાણતા હતા. એટલે જ આપ રદિ. ઈસ્લામના આરંભથી જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાતિબ (લહિયા) હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તરફથી લખવામાં આવતા ઘણા પત્રો આપ રદિ. જ લખતા હતા.

*કુરઆન અને તફસીર.*

કુરઆન શરીફ ઈસ્લામનો મુળ સ્ત્રોત છે. અને હઝરત અલી રદિ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કુરઆનની વિશેષ તાલીમ પણ આપતા હતા. ઈબ્ને અબ્દુલ બર્ર ફરમાવે છે કે જે સહાબાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હયાતીમાં જ કુરઆન જમા (હિફજ) કરી લીધું હતું એ સઆદતમંદ સહાબામાં હઝરત અલી રદિ. પણ શામેલ છે. બલકે આપ રદિ. કુરઆનના મોટા આલિમ અને મુફસ્સિર ગણાતા હતા.

આપ રદિ. પોતે ફરમાવતા હતા કે, કુરઆની કોઈ પણ આયત વિશે મને પૂછી લ્યો, એ દિવસે કે રાત્રે, મેદાનમાં કે પહાડોમાં, કયાં નાઝિલ થઈ, મને ખબર છે. જીવનના છેલ્લા દિવસોમાં ફરમાવતા હતા કે હું આ દુનિયાથી ચાલ્યો જાઉં એ પહેલાં કુરઆનનો મતલબ મારાથી સમજી લ્યો.

એકવાર આપ રદિ.એ ફરમાવ્યું કે,

> નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જિંદગીમાં ત્યાં સુધી મને ઊંઘ આવતી ન હતી જયાં સુધી હું એ માહિતી ન મેળવી લઉં કે આજે જિબ્રઈલ હલાલ – હરામ વિશે શું આદેશો લઈને આવ્યા. આજે કઈ સુન્નત લોકોને જાણવા મળી છે અને કુરઆનની કઈ આયત કયા અનુસંધાનમાં ઉતારવામાં આવી છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી છ મહીના સુધી આપ રદિ. વધારે બહાર આવતા ન હતા. એનું એક કારણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈતિહાસકારોએ આ પણ દર્શાવ્યું છે કે એ દિવસોમાં આપ રદિ. કુરઆનની સૂરતોને જે તરતીબથી નાઝિલ થઈ હતી, એ પ્રમાણે સંપાદન – ભેગી કરવામાં વ્યસ્ત હતા. ઈબ્ને નદીમે પોતાની કિતાબ 'અલફહરિસ્ત'માં સૂરતોનો આ ક્રમ નકલ કર્યો છે.

કુરઆનના મલતબ અને અર્થ – ભાવાર્થ સમજવામાં આપ કાબેલ હતા. હઝરત મુઆવિયહ રદિ. સાથેની લડાઈમાં જયારે લવાદ નક્કી કરવામાં આવ્યા તો ખારજી લોકોએ વિરોધ કરતાં કહયું કે કુરઆન હોવા છતાં કોઈ બીજાની વાત માનવી ગુનો છે, તો આપ રદિ. એ બધા ખારજી કુરઆનના હાફિઝો, આલિમો વગેરેને ભેગા કરીને ફરમાવ્યું કે,

> કુરઆનમાં છે કે જયારે મીયા – બીવી વચ્ચે લડાઈ અને વિખવાદ થાય તો અલ્લાહ તઆલાએ પોતે કુરઆનમાં આદેશ આપ્યો છે કે એક માણસ શોહર તરફથી અને બીજો માણસ સ્ત્રી તરફથી લવાદ તરીકે સુલહના પ્રયત્નો કરે. તો પછી ઉમ્મતે મુસ્લિમહમાં લડાઈ થાય તો એમના વચ્ચે કોઈને લવાદ કેમ ના બનાવી શકાય ? શું આખી ઉમ્મતે મુસ્લિમહની હેસિયત અલ્લાહ તઆલાના દરબારમાં મીયાં – બીવી જેટલી પણ નહીં હોય.

કુરઆનની આયતોમાં કઈ આયત પહેલાં અને કઈ આયત પછી નાઝિલ થઈ એની વિશેષ જાણકારી આપ રદિ.ને હતી. ઈસ્લામના આરંભે બતાવવામાં આવેલ અમુક આદેશોમાં પાછળથી મુસલમાનોની સ્થિતિ પ્રમાણે અલ્લાહ તઆલા તરફથી બદલવામાં આવ્યા હતા. કુરઆનમાં પણ અમુક આયતો એવી છે જેના વિશે પછી કુરઆનમાં જ બીજો આદેશ આપવામાં આવ્યો છે. એટલા માટે આયતોના નાઝિલ થવાના સમય અને ક્રમ ઉપરાંત કઈ ઘટના વેળા, કયા મામલામાં, કેવી પૃષ્ઠભુમિમાં આયતો નાઝિલ થઈ હતી એની વિશેષ જાણકારી ઘણી મહત્વની બાબત છે. હઝરત અલી રદિ. આ વિષયના સૌથી વધારે જાણકાર હતા. કૂફાની મસ્જિદમાં કોઈ માણસ વઅઝ કે દર્સ આપવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચાહતો તો આપ રદિ. એને બોલાવીને આ વિષયે એની કસોટી લેતા હતા. જો આ વિષયનું એને ઈલ્મ હોય તો એને પરવાનગી આપતા હતા, નહીંતર એને રોકી દેતા હતા.

સિયરે સહાબામાં છે કે અમુક લોકોનું કહેવું છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રદિ.ને બાતિની ઈલ્મ પણ અલગથી આપ્યું હતું. આપ રદિ.ના શાગિર્દોએ આપ રદિ.થી પૂછયું કે શું કુરઆન સિવાય બીજું કંઈ પણ તમારી પાસે છે ? આપ રદિ.એ ફરમાવ્યું:

> તે ખુદાની કસમ ! જે દાણો ફાડીને ઝાડ ઉગાડે છે, અને જે શરીરમાં રૂહ પેદા કરે છે, કુરઆન સિવાય મારા પાસે બીજું કંઈ નથી. પણ કુરઆન સમજવાની કાબેલિયત અલ્લાહ તઆલા જેને ચાહે તેને જ આપે છે.

આયતોના શાને નુઝૂલ અને તફસીર વિશે આપ રદિ.ના કથનો એટલા બધા છે કે એક દળદાળ પુસ્તક તૈયાર થઈ જાય. અલબત્ત આ કિતાબ એનું સ્થાન નથી. એટલે એનું વર્ણન કરતા નથી.

### *હદીસ શરીફ*

હઝરત અલી રદિ.ને પોતાના બાળપણથી લઈને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત સુધી લગભગ ૩૦ વરસ નબવી સોહબત અને તરબિયત પ્રાપ્ત રહી. મુસલમાનોમાં ઈસ્લામી અહકામ અને નબવી તાલીમના સૌથી મોટા જાણકાર તરીકે હઝરત અબૂબક્ર રદિ. પછી આપનું સ્થાન હતું. આપના પૂર્વેના ત્રણેવ ખલીફાઓના સમયકાળમાં પણ ઈસ્લામી આદેશો અને અહકામ વિશે સાચી અને સચોટ જાણકારી માટે આપ રદિ.ની વાત છેલ્લી ગણાતી હતી. ત્રણેવ ખલીફાઓ અનેક મસ્અલાઓમાં આપ રદિ.ને પૂછવાની તકેદારી રાખતા હતા. અને પછી પોતે ખલીફા બન્યા ત્યારે પણ લોકોને ઈસ્લામની તાલીમ આપતા હતા. આ બધાનો ખુલાસો આ કે ઈસ્લામની તાલીમ આપવાનો, ઈસ્લામી અહકામ લોકોને શીખવાડવાનો અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસો લોકો સામે વર્ણવવાનો મોકો અને સમય ચારેવ ખલીફાઓમાં સૌથી વધારે આપને જ મળ્યો છે. કુલ મળીને ૫૮૬ હદીસો આપ રદિ. દ્વારા વર્ણવવામાં આવેલી હદીસની કિતાબોમાં મોજૂદ છે. હઝરત શાહ વલીયુલ્લાહ રહ. હઝરત અલી રદિ.એ વર્ણવેલી બધી હદીસો સામે રાખીને ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ચહેરા અને શરીર વિશે, નમાઝ, નવાફિલ અને દુઆને લગતી વધુ પડતી હદીસો હઝરત અલી રદિ. દ્વારા વર્ણવવામાં આવી છે. આમ એટલા માટે છે કે આવા વિશેષ સમયે તેઓ જરૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સંગાથે રહેતા હતા અને આપ રદિ.ને પણ ઈબાદતો, દુઆ વગેરેનો ઘણો શોખ હતો.

એમ તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમયમાં હદીસ શરીફ લખવાનો રિવાજ ન હતો. અને બધાને એની પરવાનગી પણ ન હતી. અલબત્ત અમુક વિશેષ લોકોને અમુક જરૂરતની વાતો લખવાની પરવાનગી હતી. હઝરત અલી રદિ.ને પણ આ સઆદત પ્રાપ્ત હતી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં જ આપ રદિ.એ અમુક હદીસો લખીને પોતાની પાસે રાખી હતી. એક લાંબા કાગળ ઉપર લખેલી હદીસો આપ રદિ. તલવારના મ્યાન સાથે લટકાવી – વીંટાળીને રાખતા હતા. એને 'સહીફહ' કહેતા હતા.

મવલાના તકી ઉસ્માની દા.બ. ફરમાવે છે :

ઈમામ બુખારી રહ.એ બુખારી શરીફમાં છ સ્થળે આ સહીફહનો ઉલ્લેખ કર્યો છે. જે અલગ અલગ વિષયોના અનુસંધાનમાં એનું નામ આવે છે એ જોતાં લાગે છે કે એમાં ઘણી બધી વિગતો હશે. કિસાસ, દિયત, ફિદયહ, ઈસ્લામી સત્તા, ગેરમુસ્લિમોને લગતી બાબતો, વારસાવહેંચણીના અમુક મસ્અલાઓ, ઊંટોની ઝકાતની વિગત, અને મદીના શરીફની પવિત્રતા બાબતેની હદીસો હઝરત અલી રદિ.એ આ સહીફહમાં લખી રાખી હતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

<u>ફિકહ અને કઝા (ફેસલા)</u>

કુરઆન અને સુન્નતે નબવી વિશે ઊંડી સમજ અને વિશાળ જાણકારી હોવાના કારણે વિવિધ મસ્અલાઓમાં શરીઅતનો હુકમ પૂછવામાં આપ રદિ. ઉપર સહાબાએ કિરામનો ભારે વિશ્વાસ હતો. ત્રણેવ ખલીફાઓ અને હઝરત આઈશહ રદિ. પણ ઘણા બધા મસ્અલાઓમાં આપને જ પૂછવાનો હુકમ ફરમાવતાં હતાં. આપ રદિ.ની આ કાબેલિયતને આપ રદિ.ના વિરોધીઓ પણ માનતા હતા. હઝરત અમીર મુઆવિયહ રદિ. પણ કદી કદી અમુક મસાઈલમાં આપ રદિ.ને પત્ર લખીને પેચીદા મામલાઓમાં શરીઅતનો હુકમ પૂછતા હતા. એકવાર હીજડાના વારસાઈ હિસ્સાનો મસ્અલો હઝરત મુઆવિયહ રદિ. દ્વારા પૂછાવવામાં આવ્યો તો જવાબ આપીને આપ રદિ. ફરમાવવા લાગ્યા કે ખુદાનો શુક્ર છે કે અમારા દુશ્મનો પણ ઈલ્મે દીનમાં અમારા મોહતાજ છે.

આ જ કારણે અટપટા કેસોના ઉકેલ અને ફેસલા માટે દરેકની નજર હઝરત અલી રદિ. તરફ જ જતી હતી. ત્રણેવ ખલીફાઓના સમયકાળ દરમિયાન હઝરત અલી રદિ.ને પેચીદા કેસોમાં ખાસ બોલાવવામાં આવતા હતા અને એમના દ્વારા જ ફેસલા કરાવવામાં આવતા હતા.

હઝરત ઉમર રદિ. ફરમાવતા હતા કે અમારામાં સૌથી સચોટ ફેસલો કરનાર હસ્તી હઝરત અલી રદિ. છે અને સૌથી સારું કુરઆન પઢનાર હસ્તી હઝરત ઉબય બિન કઅબ રદિ. છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર ફરમાવ્યું હતું કે સહાબામાં સૌથી સાચા ફેસલા કરનાર માણસ હઝરત અલી રદિ. છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે હઝરત અલી રદિ.ને યમનના કાજી બનાવીને મોકલ્યા હતા. આ વેળા હઝરત અલી રદિ.એ અરજ કરી કે ત્યાં વિવિધ પ્રકારના ઝઘડાઓ સામે આવશે, અને મારી પાસે એના નિરાકરણ કે ફેસલાઓ કરવાનો વિશેષ અનુભવ પણ નથી, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ ફરમાવી કે અલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તઆલા તમારી ઝબાનથી સાચી વાત કહેવડાવે અને તમારા દિલને દઢતા – અડગતા આપશે. હઝરત અલી રદિ. ફરમાવે છે કે ત્યાર પછી મને કોઈ પણ કેસમાં ફેસલો કરવામાં કોઈ અડચણ આવી નથી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રદિ.એ કેસનો ફેસલો કરવા બાબતના અમુક બુનિયાદી નિયમો પણ બતાવ્યા હતા. એકવાર ફરમાવ્યું :

> હે અલી ! જયારે બે માણસો વચ્ચેના ઝઘડાનો ફેસલો કરવાનો થાય ત્યારે ફકત એક જ માણસની વાત સાંભળીને ફેસલો ન કરજો. તમારો નિર્ણય બીજા પક્ષને સાંભળવા સુધી રોકી રાખો.

ત્રણેવ ખલીફાઓના સમયમાં ચોરી, ઝિના વગેરે ગુનાઓના કેસોની સુનાવણી ઘણીવાર આપ રદિ.ને સુપરત કરવામાં આવતી હતી. આવા કેસોમાં આપ રદિ. ગવાહો અને વાદી – પ્રતિવાદીના બયાનો વિશે બરાબર ઉલટ તપાસ કરતા હતા.

એકવાર એક માણસને ચોરીના આરોપમાં આપ રદિ. સામે રજૂ કરવામાં આવ્યો. બે માણસો ગવાહ બનીને ગવાહી આપવા પણ આવ્યા. આપ રદિ.એ ગવાહોને બરાબર ડરાવ્યા કે જો મારી ઉલટતપાસમાં તમે ખોટા અને જૂઠા નીકળ્યા તો તમને સખત સજા આપવામાં આવશે. ફકત તમારી ગવાહીને સાંભળીને હું સજા આપી દઈશ એમ ના સમજશો. પછી આપ રદિ. કોઈ કામમાં પરોવાય ગયા. થોડી વાર પછી જોયું તો બન્ને ગવાહો રફુચક્કર થઈ ગયા હતા. આપ રદિ.એ આરોપીને બેકસૂર છોડી મુકયો.

સીરતકારોએ આપ રદિ.ના અનેક ફેસલાઓ કિતાબોમાં ભેગા કર્યા છે. બલકે અમુક લેખકોએ ફકત આપ રદિ.ના ફેસલાઓ આધારિત અલગથી પુસ્તકો સંપાદન કર્યા છે. અત્રે અમુક દિલચસ્પ ફેસલાઓ લખવામાં આવે છે.

● બે મુસાફરો કયાંક જઈ રહયા હતા. એકની પાસે ત્રણ રોટીઓ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતી અને બીજાની પાસે પાંચ રોટીઓ હતી. બન્નેવ સાથે ખાવા બેસ્યા. એવામાં ત્રીજો મુસાફર આવી ગયો અને ખાવામાં શરીક થઈ ગયો. ખાયને પરવાર્યા તો એણે આઠ દિરહમ પોતે ખાધેલ ખાણાના બદલામાં આપ્યા અને ચાલતો થયો. જેની પાંચ રોટીઓ હતી એણે સીધો હિસાબ બતાવ્યો કે મારી પાંચ રોટીઓ હતી એટલે પાંચ દિરહમ મારા અને તારી ત્રણ રોટીઓ હતી એટલે ત્રણ દિરહમ તારા. પણ ત્રણ રોટીઓ વાળો મુસાફર આ વહેંચણી બાબતે રાજી ન હતો અને અડધી રકમની માંગણી કરી રહયો હતો. આ મામલો હઝરત અલી રદિ. સામે રજૂ કરવામાં આવ્યો. આપ રદિ.એ ત્રણ રોટીવાળાને કહયું કે તમારો સાથી જે કહે છે એ મુજબ તમારો હિસ્સો લઈ લ્યો, તમારો એમાં જ ફાયદો છે. પરંતુ એ કહેવા લાગ્યો કે, તમે ન્યાય મુજબ ફેસલો કરો, જે ફેસલો હશે તે મને મંજૂર છે. હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે સાચી વાત આ છે કે તમને ફકત એક જ દિરહમ મળશે અને બીજા સાત દિરહમ તમારા સાથી (પાંચ રોટીના માલિક)ને મળશે. આ ફેસલો સાંભળીને એને નવાઈ લાગી. આપ રદિ.એ એને સમજાવ્યો કે, તમે ત્રણ માણસો હતા. અને રોટીઓ આઠ હતી. ત્રણેવે બરાબર ખાધું એમ ગણીએ તો આઠેવ રોટીઓના ત્રણ ત્રણ ભાગ થાય. તમારા કુલ નવ ભાગ. અને તમારા સાથીના ૧૫ ભાગ. કુલ ચોવીસ ભાગ. આ ચોવીસ ટુકડાઓમાંથી ત્રણેવે બરાબર ખાધું એટલે દરેકે આઠ ટુકડા ખાધા. તમારી રોટીઓના નવ ટુકડાઓમાંથી આઠ તમે પોતે ખાધા અને એક જ ટુકડો તમે અજનબી મુસાફરને આપ્યો ગણાય. તમારા સાથીએ એના પંદર ટુકડાઓમાંથી આઠ ટુકડા પોતે ખાધા અને સાત ટુકડા અજનબીને આપ્યા. આમ આઠ દિરહમમાંથી તમને ફકત એક અને તમારા સાથીને સાત દિરહમ મળવા જોઈએ.

● યમનમાં એકવાર આપ રદિ. સામે એક વિચિત્ર કેસ રજૂ કરવામાં આવ્યા. એક મેદાનમાં લોકોએ સિંહને ફસાવવા એક ખાડો ખોદયો હતો. લોકોની ચાલાકી મુજબ સિંહ એ ખાડામાં પડી ગયો. હવે લોકો સિંહને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જોવા માટે ખાડાની આસપાસ ભેગા થયા. એમાં મસ્તી મજાક અને ધક્કા મુક્કીમાં એક માણસનો પગ લપસ્યો અને એ ખાડામાં પડવા લાગ્યો. પડતાં પડતાં એણે બીજા માણસને પકડયો, બીજાએ ત્રીજાને પકડયો. ત્રીજાએ ચોથાને પકડયો. આમ ચારેવ કુવામાં ખાબકયા. સિંહે ચારેવને ઝખ્મી કર્યા, એ દરમિયાન એક માણસે પોતાના ચાકુ દ્વારા સિંહને મારી નાખ્યો. આ ચારેવ ઝખ્મીઓ પણ આખરે મરી ગયા. વિવિધ કબીલાના લોકો એમના મરનાર માણસનો બદલો લેવા એક બીજાને દોષ દેવા લાગ્યા. ભારે લડાઈ થાય એવું હતું એવામાં હઝરત અલી રદિ. ત્યાં આવી પહોંચ્યા અને ફરમાવ્યું : ભલા લોકો ! હજુ તો રસૂલે ખુદા તમારા દરમિયાન મોજૂદ છે અને તમે લડવા મારવા ઉપર ઉતરી આવ્યા. ચાર માણસોના બદલામાં સો બસો માણસો મારી નાખશો ! તમે રાજી હોવ તો હું તમારા દરમિયાન ફેસલો કરું છું. તમને માન્ય રહે તો ઘણું સારું. નહિંતર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે તમારી વાત રજૂ કરજો. તેઓનો ફેસલો સાચો જ રહેશે.

જે કબીલાઓ દ્વારા આ કુવો ખોદવામાં આવ્યો છે, એમની પાસે ચારેવ મરનારાઓની દિયત (માલ સ્વરૂપે ખૂનનો બદલો) વસૂલ કરવામાં આવશે. અલબત્ત એક ખૂનની પૂરી દિયત, બીજાની અડધી. ત્રીજાની એક તૃતિયાંશ અને ચોથાની એક ચતૃથાંશ.

પ્રથમ જે માણસ પડયો એને (એના સગાઓને) એક ચતૃથાંશ દિયત આપવામાં આવે. બીજા નંબરે પડનારને એક તૃતિયાંશ દિયત, ત્રીજા નંબરે પડનારને અડધી દિયત અને છેલ્લે પડનારને પૂરી દિયતની રકમ આપવામાં આવે.

લોકોને આ અજીબો ગરીબ ફેસલો સમજમાં આવ્યો નહીં અને એમણે માનવાથી ઈન્કાર કરી દીધો. પછી હજના દિવસોમાં તેઓ મક્કા આવ્યા તો હજ્જતુલ વદાઅમાં આ કેસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ રજૂ કર્યો. સાથે જ દર્શાવ્યું કે આ કેસમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અલી રદિ. આવો ફેસલો કર્યો છે.

સિયરે સહાબામાં છે કે રિવાયતોમાં ફેસલો કયા આધારે કરવામાં આવ્યો એની વિગત આવતી નથી. પણ અમારા મતે હઝરત અલી રદિ. એ અુમક બાબતોને આધાર બનાવીને આ ફેસલો આપ્યો હશે. પ્રથમ વાત તો આ કે આ ખાડો જે લોકોએ ખોદયો હતો એ બધા ખાડો ખોદવાના કારણે એક રીતે જવાબદાર ગણાય, એટલે દિયતની રકમ એમની પાસેથી ઉઘરાવીને જમા કરી. પ્રથમ પડીને મરનાર માણસના પડવા અને મરવામાં કોઈ બીજાનો વાંક પ્રથમ નજરે દેખાતો નથી, અચાનક એ પોતે જ પડી ગયો એમ કહી શકાય. પણ એના પડવા – મરવામાં ધક્કા મુક્કીનો કંઈક દખલ કહેવાય, સાથે જ એણે બીજા માણસને પણ પકડીને ખાડામાં નાખ્યો એટલે બીજા ત્રણ માણસોને મારવાનો વાંક પણ એના ઉપર છે, એટલે ખાડો ખોદનાર લોકો પાસે ફકત એક ચતૃથાંશ દિયત એના સગાઓને અપાવી. બીજા માસણના પડવા અને મરવામાં એનો પોતાનો પણ કંઈક વાંક હતો. પહેલો પડનાર માણસનો પણ કંઈક વાંક હતો અને ધક્કા મુક્કીનો પણ વાંક હતો. એટલે એને દિયત થોડી વધારે આપવામાં આવી. ત્રીજા માણસના પડવામાં એનો વાંક ઓર ઓછો હતો, પણ પહેલા પડનાર બન્ને લોકો અને ધક્કા મુક્કીનો વાંક વધારે કહી શકાય એટલે એને અડધી દિયત અપાવવામાં આવી. ચોથા પડનાર માણસે પોતે કોઈને પકડીને પાડયો ન હતો, એટલે એને મળનાર દિયતમાંથી કંઈ પણ ઓછું કર્યા વગર દિયતની પૂરી રકમ એને આપવામાં આવી.

● એકવાર કુરૈશના બે માણસોએ એક ઓરતને સો દીનાર અમાનત રૂપે સાચવવા આપ્યા. અને કહયું કે અમારા બેમાંથી કોઈ એક આ અમાનત લેવા આવે તો જયાં સુધી એની સાથે બીજો પણ ન હોય, આ અમાનત આપવી નહીં. ત્યાર પછી એક વરસ સુધી કોઈ લેવા આવ્યું નહીં. એક વરસ પછી બેમાંથી એક આવ્યો અને કહેવા લાગ્યો કે મારો સાથી મરી ગયો છે એટલે દીનાર હવે મને આપી દયો. ઓરતે ઈન્કાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કર્યો અને કહયું કે તમારી શરત આ હતી કે બન્ને સાથે આવે તો જ આપવામાં આવશે, માટે કોઈ એકને હું આપીશ નહીં. આ માણસે ઓરતના ઘરવાળાઓ અને પાડોશીઓ દ્વારા એના ઉપર દબાવ બનાવ્યો. છવેટે ઓરતે મજબૂર થઈને દીનાર એને આપી દીધા. ત્યાર પછી એક વરસ સુધી કોઈ આવ્યું નહીં. અને એક વરસ પછી બીજો સાથી આવ્યો અને કહેવા લાગ્યો કે મારા દીનાર લાવો. ઓરતે એને કહયું કે તારો સાથી આવ્યો હતો અને તને મરેલો બતાવીને અમાનત લઈ ગયો છે. હવે હું શું કરું ? આ બન્નેનો ઝઘડો હઝરત ઉમર રદિ. પાસે પહોંચ્યો. હઝરત ઉમર રદિ. ઓરત વિરુદ્ધ ફેસલો કરે એમ લાગ્યું એટલે ઓરતે કહયું કે અમારો ઝઘડો હઝરત અલી રદિ. પાસે મોકલો. કેસ હઝરત અલી રદિ. સામે રજૂ થયો તો તુરંત સમજી ગયા કે આ બન્ને ઓરત સાથે ફરેબ કરી રહયા છે. એટલે તુરંત આવનારને કહયું કે તમે કહયું હતું ને કે બન્ને સાથે આવે તો જ અમાનત પાછી આપવી ? એણે કહયું કે હા, એમ કહયું હતું. હઝરત અલી રદિ.એ કહયું કે તારી અમાનત ઓરત પાસેથી તને અપાવીશ. પણ શરત મુબજ તું સાથીને લઈને આવજે. પેલો માણસ માયૂસ થઈને ચાલ્યો ગયો. (અત્તુરુકુલ હુકમિય્યહ : ૮૦, બહવાલા બયહકી, ઈઝાલતુલ ખિફા, વગૈરહ)

● એકવાર હઝરત અલી રદિ. પાસે એક માણસ પકડીને લાવવામાં આવ્યો. હાથમાં લોહીથી ખરડાયેલો છુરો હતો અને લોહીમાં લથપથ એક લાશ પાસેથી એને પકડવામાં આવ્યો હતો. એને પૂછયું તો એણે એકરાર કર્યો કે હા, મેં આ ખૂન કર્યું છે. હઝરત અલી રદિ.એ હુકમ ફરમાવ્યો કે એને બદલામાં કતલ કરી દયો. લોકો એને કતલ કરવા લઈ જઈ રહયા હતા, એવામાં એક માણસ દોડતો આવ્યો અને કહેવા લાગ્યો, હે લોકો ! ઉતાવળ ન કરો. એને પાછો હઝરત અલી રદિ. પાસે લઈને આવો. લોકો એને લઈને હઝરત અલી રદિ. પાસે પાછા આવ્યા તો આ બીજો માણસ કહેવા લાગ્યો કે, અમીરુલ મુઅમિનીન, એ લાશનો હત્યારો આ નથી. એનો હત્યારો હું છું. હઝરત અલી રદિ.એ પહેલાને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પૂછયું કે તેં હત્યા કરી હતી નહીં છતાં શા માટે હત્યાનો એકરાર કર્યો ? એણે કહયું કે અમીરુલ મુઅમિનીન ! મને એના વગર છુટકો જ ન હતો. મારી પાસે લોહીથી ખરડાયેલો છુરો. સામે લાશ, લોકોએ મને આ જ સ્થિતિમાં જોયો. હવે હું ના કહું તો પણ કોણ મારી વાત માને ? એટલે મેં પોતાની ઝાતને અલ્લાહને હવાલે કરી દીધી. હઝરત અલી રદિ.એ એને કહયું કે આ તમે સારું કામ નથી કર્યું. પણ તમે તમારી વિગત દર્શાવો, તમે ત્યાં શા માટે ગયા હતા અને તમારા હાથમાં લોહીથી ખરડાયેલ છુરો વગેરે ? એણે વિગત બતાવી કે હું એક કસાઈ માણસ છું. સવારે અંધારામાં મારી દુકાને ગયો, એક વાછરડું ઝબહ કર્યું, એની ખાલ ઉતારતો હતો એવામાં મને પેશાબ લાગી. હું હાથમાં ખરડાયેલો છરો લઈને દુકાન પાસેની વેરાન જગ્યાએ પેશાબ કરવા ગયો. પેશાબ કરીને દુકાને પાછો આવતો હતો એવામાં સામે જ આ લાશ લોહીમાં લથબથ પડી હતી. હું એકદમ ગભરાય ગયો અને ત્યાં જ ઉભો રહી ગયો. હાથમાં ચાકૂ સાથે હું અવાચક બનીને ઉભો હતો એવામાં આ માણસો ત્યાં આવી પહોંચ્યા અને મને પકડી લીધો. અને લોકો કહેવા લાગ્યા કે એણે જ હત્યા કરી છે. આ જ હત્યારો છે. મને યકીન થઈ ગયું કે હવે આટલા બધા લોકોની સામે મારી વાત કોઈ માનવાનું નથી. એટલે એક એવા ગુનાનો મેં એકરાર કરી લીધો જે મેં કર્યો જ ન હતો.

હઝરત અલી રદિ. બીજા નંબરે આવીને એકરાર કરનારને પૂછયું કે તમારી વિગત દર્શાવો. એ કહેવા લાગ્યો કે, હું નાદાર થઈ ગયો તો મેં પૈસાની લાલચે પેલા માણસને કતલ કર્યો, પણ એટલામાં મેં પોલીસના લોકોને આવતા જોયા તો હું એ વેરાન જગ્યાએથી હટી ગયો. અને એટલામાં ત્યાં આ કસાઈ આવી ગયો અને પકડાય ગયો. હું પાછળ પાછળ આવ્યો અને મેં જોયું કે તમે એને બદલામાં કતલ કરવાનો હુકમ કર્યો છે તો મને થયું કે આ તો મારા માથે બે માણસોના ખુનનો ગુનો આવશે. એટલે હું સામે આવી ગયો અને મેં એકરાર કરી લીધો. હઝરત અલી રદિ.એ હઝરત હસન રદિ.ને પૂછયું કે આ સ્થિતિમાં તમે શું હુકમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરશો ? હઝરત હસન રદિ.એ ફરમાવ્યું કે, અમીરુલ મુઅમિનીન ! આ માણસે એક હત્યા કરી છે, તો સાથે જ એક માણસને વગર વાંકે મરવાથી બચાવ્યો પણ છે. અને અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે માણસે કોઈ એક જાન બચાવી એણે સઘળા લોકોને બચાવ્યા એમ સમજો. હઝરત અલી રદિ.એ બન્નેને છોડી દીધા અને મરનારના સગાઓને બયતુલ માલમાંથી દિયતની રકમ આપવાનો હુકમ ફરમાવ્યો. (અત્તુરુકુલ હુકમિય્યહ : ૧૪૨, બહવાલા અલમુગ્ની વગૈરહ)

● એક ઓરત હઝરત અલી રદિ. પાસે આવી અને પોતાના શોહર વિરુદ્ધ દાવો કર્યો કે મારી એક ગુલામડી છે. મારા શોહરે એની સાથે ઝિના કર્યો છે. હઝરત અલી રદિ. શોહરને પૂછયું તો એણે જણાવ્યું કે એ ગુલામડી મને આપી દેવામાં આવી હતી. એટલે મારા માટે હલાલ છે. હઝરત અલી રદિ.એ ઓરતને કહયું કે, જો તું સાચી નીકળીશ તો તારા શોહરને સંગસાર કરવામાં આવશે. અને જૂઠી નીકળીશ તો તને ૮૦ કોરડા ફટકારવામાં આવશે. એટલામાં નમાઝની ઈકામત સંભળાયી એટલે હઝરત અલી રદિ. નમાઝ પઢવા ચાલ્યા ગયા. ઓરત વિચારવા લાગી કે કાં તો શોહરને સંગસાર કરવામાં આવશે કાં મને ૮૦ કોરડા પડશે. એટલે મોકો જોઈને ત્યાંથી સરકી ગઈ. અને હઝરત અલી રદિ.એ પણ પછી એની તપાસ કરી નહીં. (અત્તુરુકુલ હુકમિય્યહ : ૧૬૬, બહવાલા બયહકી વગૈરહ)

● એકવાર એક માણસે બેકારનો મુકદમો આપ રદિ. સામે રજૂ કર્યો. એક માણસને પકડી લાવ્યો અને કહેવા લાગ્યો કે આ માણસે ખ્વાબ જોયું કે એણે મારી માંની આબરુ લુંટી છે. આપ રદિ.એ ફરમાવ્યું કે આરોપીને તડકામાં ઉભો રાખો અને એના પડછાયાને સો કોરડા ફટકારો.

હઝરત અલી રદિ.ના ફેસલાઓને ઘણા લોકો લખી લેતા હતા, જેથી પાછળથી કોઈ કેસમાં એનાથી માર્ગદર્શન મેળવી શકાય. અલબત્ત જયારે ફિત્નાનો દોર શરૂ થયો તો લોકો ઘણું બધું પોતે લખીને હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલી રદિ.ના નામે ફેરવવા લાગ્યા. હઝરત અલી રદિ.ના નામે લખવામાં આવેલા આવા ફેસલાઓનો એક સંગ્રહ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. સામે રજૂ કરવામાં આવ્યો તો આપ રદિ.એ એના એક ભાગને બનાવટી કરાર દઈને ફરમાવ્યું કે, પૂરતી સમજદારી અને હોશિયારી ધરાવનાર અલી રદિ. આવા ફેસલા કયારેય ન કરે. (સિયરે સહાબા)

### *અરબી નહવ (વ્યાકરણ) વિદ્યાના પ્રણેતા*

હઝરત અલી રદિ.ની હસ્તી અનેક એવી બાબતોની પ્રણેતા છે, જેના થકી આજ સુધી વિશ્વ એમનું આભારી છે. ઘણી નવી બાબતો એમની સલાહ મુજબ કે એમના નિર્ણયો થકી શરૂ થઈ અને પછી વિશ્વ માટે એ ઉપયોગી પણ પુરવાર થઈ.

હઝરત ઉમર રદિ.એ જયારે ઈસ્લામી તારીખની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો અને એ માટે સહાબાને ભેગા ફરમાવ્યા તો, મુહર્રમ મહીનાથી ઈસ્લામી વરસ શરૂ કરવાની સલાહ આપનાર સહાબામાં મુખ્ય નામ હઝરત અલી રદિ.નું જ હતું અને હઝરત ઉમર રદિ.ને હઝરત અલી રદિ.ના મંતવ્યો અને મશ્વેરાઓ ઉપર જે વિશ્વાસ હતો, એ જોતાં કહી શકાય કે મુહર્રમને ઈસ્લામી વરસનો પહેલો મહીના નક્કી કરવાનો નિર્ણય હઝરત અલી રદિ.ના મશ્વેરા મુજબ જ કરવામાં આવ્યો હતો.

આ જ પ્રમાણે અરબી 'નહવ' (વ્યાકરણ વિદ્યા)ના પ્રણેતા હોવાનું સૌભાગ્ય પણ હઝરત અલી રદિ.ના ભાગે જ છે. અલમુરતઝામાં હઝરત મવલાના સય્યિદ અબૂલ હસન અલી નદવી રહ. લખે છે કે, અબૂલ કાસિમ ઝુજાઝી કહે છે કે એકવાર હું હઝરત અલી રદિ.ની સેવામાં પહોંચ્યો તો મેં જોયું કે આપ રદિ. ઘણા ચિંતિત, માથું ઝુકાવીને બેસેલા છે. મેં અરજ કરી કે અમીરુલ મુઅમિનીન શેની ફિકરમાં પરેશાન છે ? તો એમણે ફરમાવ્યું કે, તમારા શહેરમાં હું લોકોને ખોટી રીતે અરબી બોલતાં સાંભળી રહયો છું. માટે ચાહું છું કે ભાષા બોલવાના અમુક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાયદાઓની એક યાદી તૈયાર કરું. મેં અરજ કરી કે જો તમે આ કામ કરી દયો તો અમને જીવનદાન મળી જશે અને અરબી ભાષાનું અસ્તિત્વ અમારા શહેરોમાં ટકી જશે. આ વાતચીતના ત્રણ દિવસ પછી હું આપ રદિ.ની સેવામાં આવ્યો તો આપ રદિ.એ એક કાગળ મને આપ્યો. જેમાં આ વિષયના અમુક કાયદાઓ આપ રદિ.એ લખ્યા હતા.

આવો જ કિસ્સો હઝરત અલી રદિ. અને અબુલ અસ્વદ દુઈલી રહ.નો પણ વર્ણવવામાં આવે છે.

'અલમુરતઝા'માં મિસરના વિદ્વાન 'અલઅક્કાદ'નું કથન વર્ણવવામાં આવ્યું છે કે, હઝરત અલી રદિ.એ આરંભેલા કાર્યોમાં અકાઈદ અને ઈલ્મે કલામ, ઈલ્મે કઝા, ઈલ્મે ફિકહ, ઈલ્મે નહવ અને અરબી લેખનના નિયમોનું સંપાદન મુખ્ય છે.

### *અમાનતદારી*

આપ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તરબિયતમાં રહયા હતા, એટલે અમાનતદારી તો જરૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી શીખી જ હોય. બાળપણથી જ નબવી તરબિયતના કારણે અમાનતદારીનો ગુણ આપ રદિ.માં મોજૂદ હતો. હિજરત વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોને અમાનતો પાછી સોંપવાની જવાબદારી આપ રદિ.ને જ સોંપી હતી.

જયારે આપ રદિ. ખલીફા હતા એ દિવસોમાં બયતુલ માલના માલ બાબતે આપ રદિ. ઘણા કડક હતા. અગાઉ આ બાબતે અમુક કિસ્સા આવી ગયા છે. આ દિવસોનો કિસ્સો છે કે એકવાર બયતુલ માલમાં નારંગીના ફળો આવ્યા. હઝરત હસન અને હુસૈન રદિ.એ એક એક નારંગી ઉઠાવી તો આપ રદિ.એ તુરંત છીનવી લીધી અને લોકોમાં વહેંચી દીધી.

ગનીમતનો માલ વહેંચતી વેળા પહેલાં તો સાવચેતી પૂર્વક સરખા ભાગ પાડતા હતા, પછી દરેકના નામની ચિટ્ઠી નાખતા હતા. કોઈને સીધી રીતે માલ આપતા ન હતા. જેથી કોઈ એક ભાગમાં કંઈ વધારે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘટાડો હોય તો આપ રદિ.ના માથે એનો ગુનો આવે નહીં. એકવાર અસ્ફહાનથી માલ આવ્યો. એમાં એક રોટી પણ હતી. આપ રદિ.એ એના પણ સાત ટુકડા કરીને પછી ચિટ્ઠી નાખીને ભાગ વહેંચ્યા.

એકવાર બયતુલ માલમાં મોજૂદ બધો જ માલ લોકોમાં વહેંચી દીધો, પછી ઝાડુ આપીને સફાઈ કરી અને છેલ્લે બે રકાત નમાઝ એવી નિય્યત કરીને પઢી કે કયામતના દિવસે એમની અમાનતદારીની ગવાહી આપે.

***હદીસ શરીફમાં હઝરત અલી રદિ.ના ફઝાઇલ***

- ❑ હઝરત સઅદ બિન વક્કાસ રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને સંબોધીને એકવાર ફરમાવ્યું હતું : (દુનિયા અને આખિરતમાં, રિશ્તેદારી અને મરબતબાના એતેબારથી અને ઈસ્લામના મદદગાર હોવામાં) તમારું સ્થાન મારા માટે એવું જ છે, જેમ હઝરત મૂસા અલૈ. માટે હઝરત હારૂન અલૈ. હતા. હા, એટલો ફરક છે કે મારા પછી કોઈ નબી નહીં આવે. (બુખારી – મુસ્લિમ)
- ❑ હઝરત અલી રદિ. ફરમાવે છે કે જે અલ્લાહ દાણાને ફાડીને એમાંથી છોડ ઉગાડે છે, અને પ્રાણીઓને પેદા કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને ખાતરી આપી હતી કે જે કોઈ સાચો – પાકો મુસલમાન હશે એ મારી સાથે મુહબ્બત રાખશે અને જે મુનાફિક હશે એ જ મારાથી અદાવત રાખશે.

મતલબ કે હઝરત અલી રદિ.ની મુહબ્બત રાખવી જરૂરી છે. એના વગર ઈમાન કામિલ નથી થઈ શકતું. હઝરત અલી રદિ.ની મુહબ્બત રાખવાનો જ એક ભાગ આ પણ છે કે હઝરત અલી રદિ.ના દોસ્તો, સગાઓ અને બીજા સઘળા સહાબા સાથે પણ મુહબ્બત રાખવામાં આવે.

- ❑ હઝરત ઈમરાન બિન હુસૈન રદિ. રિવાયત કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલી મારા સાથે જ છે અને હું અલી સાથે છું. અને અલી દરેક મોમિનના દોસ્ત છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(તિરમિઝી)

❑ હઝરત ઝૈદ બિન અરકમ રદિ. ફરમાવે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું જેનો દોસ્ત છું અલી પણ એમના દોસ્ત છે. (મુ. અહમદ, તિરમિઝી)

❑ હઝરત ઈબ્ને ઉમર રદિ. ફરમાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હિજરત પછી એક અન્સારી અને એક મુહાજિર સહાબા દરમિયાન ભાઈચારાનો સંબંધ જોડયો હતો. એકવાર હઝરત અલી રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મજલિસમાં આવ્યા તો આંખોમાં આંસુ હતા. કહેવા લાગ્યા કે, આપ બીજા બધા મુહાજિર લોકોને અન્સારમાંથી ભાઈ શોધી દીધા. મારી સાથે કોઈને પણ ભાઈ બનાવ્યા નહીં ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમે તો દુનિયા અને આખિરતમાં મારા ભાઈ છો. (તિરમિઝી)

❑ હઝરત અલી રદિ. રિવાયત ફરમાવે છે કે, હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે જયારે પણ કોઈ વસ્તુ માંગતો, આપ જરૂર આપતા હતા અને જયારે હું ખામોશ રહેતો અને કંઈ માગતો નહીં, તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે આપતા હતા. (તિરમિઝી)

❑ હઝરત અલી રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું હિકમત (બુદ્ધિ – જ્ઞાન)નું શહેર છું અને અલી આ શહેરનો દરવાજો છે. એક રિવાયતમાં છે : હું ઈલ્મનું શહેર છું અને અલી એનો દરવાજો છે. અને બીજી એક રિવાયતમાં આ પણ છે કે, જે કોઈ ઈલ્મ હાસિલ કરવા ચાહે એ ઈલ્મના શહેરના દરવાજેથી અંદર આવે.

❑ મતલબ આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફતે નુબુવ્વત અને વહીનું જે ઈલ્મ અને અલ્લાહના આદેશોની જાણકારી ઉમ્મતને મળી, એ સહાબએ કિરામ મારફતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જ મળી છે, એટલે સહાબએ કિરામ ઈલ્મે ઈલાહી અને ઈલ્મે નબવીના દરવાજા કહેવાય છે. આ બાબતે હઝરત અલી રદિ.નું સ્થાન સૌથી ઉચ્ચ છે, એ મહાનતા અને ફઝીલત બતાવવા ફકત હઝરત અલી રદિ.નું નામ લેવામાં આવ્યું. એટલે જ એક બીજી હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મારા સહાબા આસમાને હિદાયતના તારાઓની જેમ છે. રાહ ભટકેલ મુસાફર જે કોઈ તારાને પકડી લેશે એને એ તારો મંઝિલે પહોંચાડી દેશે.

❑ હઝરત જાબિર રદિ. રિવાયત ફરમાવે છે કે ગઝવએ તાઈફ વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને બોલાવ્યા અને કાનમાં કંઈક કહેવા લાગ્યા. ઘણીવાર સુધી આમ વાત ચાલતી રહી તો મુનાફિકો કહેવા લાગ્યા કે પોતાના પિત્રાઈ સાથે ઘણી લાંબી વાતો કરવામાં આવી રહી છે ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો ફરમાવ્યું : અલી સાથે હું નહીં, અલ્લાહ તઆલા વાતો કરતા હતા.

લડાઈ સામે હતી, અને લડાઈને લગતી એવી વાત હશે જે બધા સામે કહેવી યોગ્ય ન હોય, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કાનમાં કહી. અમુક લોકોનું એમ કહેવું કે હઝરત અલી રદિ.ને કોઈ વિશેષ ઈલ્મે બાતિન આપવામાં આવ્યું હતું જે બીજા સહાબાને આપવામાં આવ્યું ન હતું, એ બેબુનિયાદ છે.

❑ હઝરત અબૂસઈદ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હે અલી ! મારા અને તમારા સિવાય કોઈ બીજા માટે જાઈઝ નથી કે જનાબતની હાલતમાં આ મસ્જિદમાંથી પસાર થાય.

મતલબ આ છે કે શરૂમાં મસ્જિદે નબવીની આસપાસ સહાબાના ઘરો હતા અને દરવાજા મસ્જિદ તરફ ખુલતા હતા. આ ઘરના સ્ત્રી – પુરૂષોની આવન જાવન મસ્જિદમાંથી જ થતી હતી. પાછળથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હુકમ આપવામાં આવ્યો કે હવે ઘરોના દરવાજા મસ્જિદ તરફ બંધ કરીને પાછલી બાજુ કરી લ્યો. હવેથી જનાબતવાળા પુરૂષો અને હૈઝ વાળી સ્ત્રીઓ મસ્જિદમાંથી પસાર થવાની પરવાનગી નથી. આ હુકમમાંથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત અલી રદિ.ને બાકાત રાખવામાં આવ્યા.

- એક હદીસમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ. સિવાય બીજા દરેકના ઘરોના દરવાજા બંધ કરવાનો આદેશ આપ્યો.
- હઝરત ઉમ્મે અતીય્યહ રદિ. રિવાયત ફરમાવે છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.ને સહાબાની એક જમાત સાથે કોઈ લડાઈ માટે મોકલ્યા હતા. ત્યાર પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મેં દુઆ કરતાં સાંભળ્યા કે, હે અલ્લાહ ! જયાં સુધી અલી સહી સલામત પાછા ન આવે, મને મોત ના આપજો.
- હઝરત ઉમ્મે સલ્મહ રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મુનાફિક લોકો અલીને પસંદ નથી કરતા અને મોમિન કદી અલી સાથે અદાવત ન રાખશે.
- બીજી એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જેણે અલીને બુરું કહયું એણે મને બુરું કહયું.
- હઝરત અલી રદિ.ની રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને સંબોધીને ફરમાવ્યું કે, હે અલી ! તમારી સ્થિતિ હઝરત ઈસા અલૈ. જેવી જ છે. યહૂદીઓએ એમની સાથે અદાવત અને દુશ્મની રાખી. એટલી બધી કે એમની વાલિદહ મરિયમ ઉપર બદકારીનો આરોપ પણ લગાવ્યો, અને ઈસાઈઓએ એમની સાથે એટલી બધી મુહબ્બત દર્શાવી કે એમને એવા સ્થાને મૂકી દીધા જે એમનું સ્થાન ન હતું. પછી હઝરત અલી રદિ.એ ફરમાવ્યું કે, મારા બારામાં પણ આ મુજબ બે પ્રકારના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માણસો બરબાદીમાં પડશે. એક માણસ મારી મુહબ્બતમાં અતિશયોકિત દાખવનાર જે મારી એવી ખૂબીઓ વર્ણવશે જે મારામાં નથી અને બીજો અદાવત રાખનાર, જે અદાવતની આગમાં મારા ઉપર આરોપો લગાવશે.(મુ. અહમદ. મિશ્કાત)

***ઝુહદ, ત્યાગ અને દરવેશી***

આપ રદિ. ઝુદહ અને ત્યાગનું જીવંત ઉદાહરણ હતા. બલકે કહી શકાય કે ત્યાગ અને દરવેશીના બધા દરજા આપ રદિ. ઉપર આવીને પૂરા થઈ જાય છે. આપ રદિ.ના ઘરમાં કદી દુન્યવી જાહોજલાલ કે માલ – દોલતને કદી સ્થાન મળ્યું જ નથી. અમીરુલ મુઅમિનીન બનીને કૂફા આવ્યા અને કૂફામાં શાહી મહેલો પહેલેથી જ બનાવેલા હતા, છતાં એમાં રહેવાને પસંદ કર્યું નહીં. બાળપણથી લઈને ૨૫ / ૨૬ વરસની ઉમર સુધી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે જ રહયા, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘરમાં તો શું દોલત હોય ? ત્યાર પછી હઝરત ફાતિમહ રદિ. સાથે શાદી થઈ અને અલગ ઘરમાં રહેવા લાગ્યા, ત્યાર પછીની આપની દુનિયા કેટલી આગળ વધી ? એનો જવાબ આ છે કે હઝરત ફાતિમહ રદિ. એમના દહેજમાં જે બે ચાર વસ્તુઓ લઈને આવ્યાં હતાં, એમની વફાત સુધી એમાં એક પણ વસ્તુનો વધારો થયો ન હતો.

ખલીફા બન્યા પછી પણ આપ રહ.ની આ જ હાલત હતી. દુનિયા અને એના આરામની એક પણ વસ્તુ આપ રદિ.એ અપનાવી ન હતી. જાડા કપડાં અને સાદો ખોરાક.

એકવાર અબ્દુલ્લાહ બિન ઝરીર નામી માણસ આપ રદિ. સાથે ખાવા ખાય રહયા હતા. દસ્તરખ્વાન ઉપર બિલકુલ સાદુ ખાણું હતું. એમણે અરજ કરી અમીરુલ મુઅમિનીન ! તમને કોઈ પક્ષીનો ગોશ્ત ખાવાનો શોખ નથી ? આપ રદિ.એ ફરમાવ્યું : હે ઝરીર ! ખલીફાને મુસલમાનોના માલમાંથી બે પ્યાલા ખાણું લેવાનો હક છે. એક પ્યાલું તે એના ઘરવાળાઓ સાથે મળીને ખાય અને બીજું પ્યાલું હાજર માણસોને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખવડાવે.

દરવાજે કોઈ દરબાન ન હતો. કોઈ શાહી ઠાઠમાઠ કે દબદબો ન હતો. દુનિયાના અનેક દેશોમાંથી માલે ગનીમત અને ટેકસ અહિંયા આવી રહયો હતો અને અહિંયાનો ખલીફા જાડું કપડું અને સાદું ખાણું ખાય રહયો છે.

એકવાર મિમ્બર ઉપર ઉભા રહીને પોતાની તલવાર વેચવાનું એલાન કર્યું અને ફરમાવ્યું કે, ખુદાની કસમ ! મારી પાસે નવી લુંગી ખરીદવા જેટલા પૈસા હોત તો હું મારી તલવાર ન વેચત.

હારૂન બિન અન્તરહ એમના વાલિદનો કિસ્સો વર્ણવે છે કે એમના વાલિદ એક મુકામે હઝરત અલી રદિ. પાસે ગયા. આપ રદિ. એક જૂની ચાદર ઓઢીને બેસેલા હતા. સખત ઠંડી અને ટાઢ હોવાથી થરથરી રહયા હતા. મેં અરજ કરી કે અમીરુલ મુઅમિનીન ! અલ્લાહ તઆલાએ તમારા માટે અને તમારા ઘરવાળાઓ માટે આ માલમાં (બયતુલ માલમાં) એક વિશેષ હિસ્સો નક્કી કર્યો છે. છતાં તમે પોતાની સાથે આવો વર્તાવ કેમ કરો છો ? આપ રદિ.એ જવાબ આપ્યો કે, ખુદાની કસમ ! હું તમારા આ માલમાંથી કંઈ પણ લેવા માંગતો નથી. આ મારી પોતાની ચાદર છે જે હું ઘરેથી ઓઢીને આવ્યો છું. અથવા તો એમ કહયું કે મદીનાથી ઓઢીને આવ્યો છું.

અબૂમતર રહ. ફરમાવે છે કે એક દિવસ મેં હઝરત અલી રદિ.ને જોયા કે લુંગી બાંધીને ચાદર શરીરે વીંટાળીને નીકળ્યા છે. હાથમાં એક ચાબુક હતો. એવું લાગતું હતું કે કોઈ ગામડિયો શહેરમાં આવ્યો છે. એક દુકાને ગયા અને ત્રણ દિરહમમાં એક કપડાનો સોદો કર્યો પણ દુકાનદાર આપ રદિ.ને ઓળખી ગયો, એટલે ત્યાંથી એમ જ પાછા વળી ગયા. બીજી દુકાને ગયા તો એ પણ આપ રદિ.ને ઓળખી ગયો. ત્યાંથી પણ આગળ વધી ગયા. પછી એક દુકાને ગયા. ત્યાં એક છોકરો બેસેલો હતો. એનાથી ત્રણ દિરહમમાં એક કમીસ ખરીદી લીધું. થોડી વાર પછી છોકરાનો બાપ પાછળથી દોડતો આવ્યો અને એક દિરહમ પાછો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપવા લાગ્યો. આપ રદિ.એ પૂછયું આ શું છે ? એણે કહયું કે કમીસની કીમત ફકત બે દિરહમ છે. એક પાછો આપવા આવ્યો છું. આપ રદિ.એ જવાબ આપ્યો કે મેં અને વેચાનારે પરસ્પર ખુશીથી આ સોદો કર્યો છે.

કોઈએ આપ રદિ.ને પૂછયું કે તમે પોતાના કપડાંમાં થીંગડા કેમ લગાવો છો ? આપ રદિ.એ જવાબ આપ્યો કે એનાથી દિલમાં ખુશૂઅ – આજિઝી પેદા થાય છે અને બીજા લોકોને જરૂરત પડયે આમ કરવાની પ્રેરણા મળે છે.

હસન બિન સાલેહજી કહે છે કે એકવાર હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.ની મજલિસમાં ઝાહિદ – દરવેશ લોકો વિશે વાત ચાલી તો હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.એ ફરમાવ્યું કે સૌથી મોટા દરવેશ હઝરત અલી રદિ. હતા.

એકવાર લોકોને સંબોધીને કહેવા લાગ્યા કે હે લોકો, અલ્લાહની કસમ ! મેં તમારા માલમાંથી થોડું – ઘણું કંઈ જ નથી લીધું. સિવાય આ એક વસ્તુ. પછી પોતાની આસ્તીનમાંથી એક ખૂશ્બૂની શીશી કાઢી અને કહેવા લાગ્યા કે મને એક ગામડિયાએ ભેટ આપી છે. પછી કહેવા લાગ્યા કે, જે માણસ પાસે ખજૂરો ભરેલી વાંસની એક ટોકરી હોય અને એમાંથી રોજ એક ખજૂર ખાય લે તો આવો માણસ કામ્યાબ કહી શકાય.

એકવાર આપ રદિ. ગધેડા ઉપર સવાર થયા અને બંને પગો એક બાજુએ લટકાવીને બેસી ગયા. પછી ફરમાવ્યું : દુનિયાને મેં આવી રીતે અપમાનિત કરી છે.

### ઇબાદત

હઝરત અલી રદિ. ઈબાદતનો ભારે શોખ રાખતા હતા. રાત અને દિવસમાં શકય એટલો વધારે સમય ઈબાદતમાં પસાર કરતા હતા. બલકે મુફસ્સિરીનના મતે કુરઆનમાં અલ્લાહ તઆલાએ હઝરત અલી રદિ.ના ઈબાદત ગુઝાર હોવાને નમૂના રૂપે વર્ણન ફરમાવ્યું છે.

કુરઆનમાં એક સ્થળે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સહાબાનું વર્ણન આ પ્રમાણે છે :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

مُحمدٌ رَّسُولُ اللهِ والذِينَ مَعَهٗ أَشِدَّاءُ عَلىٰ الْكُفَّارِ رُحَماءُ بَيْنَهُمْ تَراهُمْ رُكَّعًا سُجَّداً يَبْتَغُونَ فَضْلاً منَ اللّٰهِ وَ رِضْوَاناً

મુહમ્મદ રસૂલુલ્લાહ અને જે લોકો એમની સાથે છે, તેઓ કાફિરો ઉપર કડક છે, પરસ્પર નરમદિલ છે. તું એમને ઘણા વધારે રુકૂઅ અને સજદહ કરનાર જોઈશ. તેઓ અલ્લાહની મહેરબાની અને ખુશી પામવાનો પ્રયત્ન કરે છે.

મુફસ્સિરીન આ આયતની તફસીરમાં લખે છે કે, રસૂલની સાથેના માણસ એટલે હઝરત અબૂબક્ર રદિ., કાફિરો માટે કડક એટલે હઝરત ઉમર રદિ., પરસ્પર નરમ દિલ એટલે હઝરત ઉસ્માન રદિ., વધારે રુકૂઅ અને સજદહ કરનાર એટલે હઝરત અલી રદિ. અને અલ્લાહની મહેરબાની શોધનાર એટલે બીજા બધા સહાબા. (સિયરે સહાબા)

સહાબએ કિરામ દરમિયાન પણ આપ રદિ.ની આ ખૂબી મશહૂર હતી.

હઝરત આઈશહ રદિ. ફરમાવે છે : જયાં સુધી મને ખબર છે, તેઓ મોટા રોઝદાર અને ઈબાદતગુઝાર હતા. (તિરમિઝી)

ઝુબૈર બિન સઈદ કુરૈશી ફરમાવે છે :

હાશમી ખાનદાનનો કોઈ માણસ હઝરત અલી રદિ. કરતાં વધારે ઈબાદત ગુઝાર મેં નથી જોયો.

ઝિરાર બિન ઝમુરહ રદિ. ફરમાવે છે : હું ખુદા તઆલાને ગવાહ રાખીને કહું છું કે, મેં એમની એવી રાતો જોઈ છે, જેમાં રાતની કાળી ચાદર ઓઢીને તેઓ મસ્જિદના મેહરાબમાં એવા રડતા – તડપતા હતા જેમ કોઈને ઝેરીલા સાંપે ડંક માર્યો હોય અને તે મરવા માટે તરફડતો હોય.

એક વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રદિ. અને ફાતિમહ રદિ.ને ફરમાવ્યું કે, તમે બન્ને દરેક નમાઝ પછી દસ વાર સુબ્હાનલ્લાહ, દસ વાર અલ્હમ્દુલિલ્લાહ, દસ વાર અલ્લાહુ અકબર અને રાત્રે સુતી વેળા ૩૩ વાર સુબ્હાનલ્લાહ, ૩૩ વાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્હમ્દુલિલ્લાહ, અને ૩૩ વાર અલ્લાહુ અકબર પઢયા કરો. હઝરત અલી રદિ. ફરમાવે છે કે જયારથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને એની તાકીદ કરી છે, મેં આ તસ્બીહ કદી છોડી નથી. ઈબ્ને કવાએ પૂછયું કે સિફ્ફીનની રાત્રે પણ આ તસ્બીહ છોડી નથી ? આપ રદિ.એ ફરમાવ્યું : હા, આ રાત્રે પણ આ તસ્બીહની મેં પાબંદી કરી હતી.

અશતર નખ્ઈ એક વાર આપ રદિ.ની ખિદમતમાં રાતના સમયે હાજર થયા તો આપ રદિ. નમાઝમાં મશ્ગૂલ હતા. નમાઝથી ફારિગ થયા તો અરજ કરી કે, અમીરુલ મુઅમિનીન ! દિવસે રોઝા અને રાત્રે નમાઝ, અને વચ્ચે થકવી દેનારા કામો ? હઝરત અલી રદિ.એ જવાબ આપ્યો કે, આખિરતની સફર લાંબી છે. રાત્રે પણ ચાલીશું તો જ મંઝિલે પહોંચાશે.

*સખાવત*

આપ રદિ. દિલના ભારે ગની હતા. કોઈ માંગનાર આપના દરવાજેથી ખાલી હાથ ન જતો. કંઈ નહીં તો બેચાર દાણા પણ એને જરૂર આપતા હતા. એકવાર આખી રાત કોઈના બાગને પાણી પાઈને થોડા જવ મજૂરી પેટે રળી લાવ્યા. સવારે એમાંથી થોડા જવ દળાવીને હરીરહ પકાવ્યો. એટલામાં કોઈ માંગનારે સાદ આપ્યો તો હઝરત અલી રદિ. બધો હરીરહ એને આપી દીધો. પછી બીજા થોડા જવ દળીને પકાવ્યા. એટલામાં એક ગરીબ યતીમે અવાજ દીધી તો બધો હરીરહ એને આપી દીધો. આવી રીતે એ જવમાંથી ત્રીજી વાર હરીરહ બનાવ્યો તો ત્રીજીવારનો હરીરહ એક મુશ્રિક કેદીને આપી દીધો. અને શેરે ખુદા રદિ. આખી રાતની મજૂરી પછી દિવસ ભર ફાકાથી રહયા.

એક દિવસ આપ રદિ.ની મજલિસમાં એક કમઝોર માણસ આવી પહોંચ્યો. બિલ્કુલ ગરીબ લાગતા આ માણસની આંખો અંદર સુધી ઉતરી ગઈ હતી. બદહાલ શરીરે ચીંથરેહાલ પોશાક ઉપર અનેક થીંગડા લાગેલા હતા. ધીરે ધીરે નજીક આવ્યો. એ કંઈ કહેવા ચાહતો હતો પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બોલી શકાતું ન હતું. થોડીવારે હિમ્મત કરીને એણે અરજ કરી કે અમીરુલ મુઅમિનીન ! એક જરૂરત લઈને તમારી પાસે આવ્યો છું. તમારી પાસે આવતાં પહેલાં આ જરૂરત અલ્લાહ તઆલા સમક્ષ રજૂ કરી ચુકયો છું. જો તમે મારી આ જરૂરત પૂરી કરશો તો અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરીશ અને તમારો પણ શુક્ર અદા કરીશ. અને તમે મારી આ જરૂરત પૂરી નહી કરો તો હું અલ્લાહ તઆલાનો તો શુક્ર અદા કરીશ અને તમારાથી કોઈ શિકાયત – નારાજગી નહી રાખું. આપ રદિ.એ ફરમાવ્યું : મારા ભાઈ ! તારી જરૂરત જમીન ઉપર લખી દે. હું તારા ચહેરા ઉપર માંગવાની શરમ જોવા નથી માંગતો. એણે જમીન ઉપર લખ્યું કે મને પહેરવા માટે એક જોડ કપડાંની જરૂરત છે. હઝરત અલી રદિ.એ એના માટે એક જોડ સુંદર કપડાંની વ્યવસ્થા કરી દીધી. આ માણસ ખુશ થઈ ગયો અને આપ રદિ.ના વખાણમાં શેર પઢવા લાગ્યો. હઝરત અલી રદિ.એ એના અશ્આર સાંભળ્યા તો બીજા સો દીનાર એને આપવાનો આદેશ ફરમાવ્યો. કોઈકે અરજ કરી કે એક જોડ કપડાં અને સો દીનાર એને આપ રદિ.એ આપ્યાં ? આપ રદિ.એ ફરમાવ્યું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : લોકો સાથે એમના મરતબા મુજબ વર્તાવ કરો.

એકવાર ફરમાવ્યું કે, ગરીબોને ઝકાતના સો દિરહમ આપવા કરતાં મોમિન ભાઈને વીસ દિરહમ આપવા મને વધારે પસંદ છે.

યંબૂઅ મુકામે આપ રદિ.ની એક જમીન હતી. એને મુસલમાનો માટે વકફ કરતી વેળા આપ રદિ.એ લખાણ લખ્યું : અલી બિન અબી તાલિબ લખી આપે છે કે મેં ફલાણી ફલાણી જમીન અલ્લાહ તઆલા માટે, અને દૂર તેમજ નજીકના સગાઓ માટે સદકો કરી દીધી છે. હવેથી આ જમીન કોઈને હદિયા કે બીજા સ્વરૂપે આપવામાં આવશે નહીં. હું જીવું કે મરું એનો કોઈ વારસદાર ન હશે.

આપ રદિ.ની શહાદત વેળા આપના સાહબઝાદહ હઝરત હસન રદિ.એ ફરમાવ્યું : આજે એવો માણસ તમને છોડી ગયો છે જે વારસામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સોનું ચાંદી કંઈ જ છોડી નથી ગયો. એક ગુલામ ખરીદવા બચાવી રાખેલા સાતસો દિરહમ એમની પાસે હતા.

***દુશ્મનો અને વિરોધીઓ સાથે સદવર્તન***

હઝરત અલી રદિ.નું આખું જીવન અલ્લાહ અને રસૂલના દુશ્મનો સાથે લડાઈમાં અથવા પોતાના વિરોધીઓનો સામનો કરવામાં જ વીત્યું છે એમ કહી શકાય. આમ છતાં દુશ્મનો વિશે એમનું વર્તન ઘણું નરમ અને ઉદાર હતું.

જંગે જમલમાં હઝરત આઈશહ રદિ.એમની સામે લશ્કરનું નેતૃત્વ કરતાં હતાં, છતાં એમની સાથે ભારે સન્માન અને સખાવતનો વર્તાવ કરીને એમને બસરહમાં રાખ્યાં અને પછી પૂરા સન્માન સહિત મદીના રવાના કર્યાં. હઝરત આઈશહ રદિ.ને બસરહના જે અમીરનું ઘર આરામ માટે આપવામાં આવ્યું હતું એમાં જ હઝરત આઈશહ રદિ.ના લશ્કરના ઝખ્મીઓને પણ રાખવામાં આવ્યા હતા. આપ રદિ. હઝરત આઈશહ રદિ.ને મળવા ગયા છતાં ત્યાં મોજૂદ વિરોધીઓને કંઈ કહયું નહીં. લડાઈ વેળા જાહેરાત કરાવી દીધી કે કોઈ નાસે તેને પકડવામાં આવે નહીં. ઝખ્મીઓ ઉપર ઘોડા દોડાવવામાં ન આવે. ગનીમતનો માલ લૂટવામાં ન આવે.

હઝરત ઝુબૈર રદિ. આપના સામા પક્ષે હઝરત આઈશહ રદિ.ના લશ્કરના અમીર હતા. લડાઈ દરમિયાન જ તેઓ એકતરફ થવાના ઈરાદે લશ્કર છોડીને ચાલી નીકળ્યા, રસ્તામાં એક દુશ્મને એમનો પીછો કરીને ધોકો આપીને શહીદ કરી દીધા અને આપનું માથું લઈને હઝરત અલી રદિ. પાસે આવ્યો. એ સમજતો હતો કે હઝરત અલી રદિ. ઘણા ખુશ થશે. આપ રદિ.એ એને અંદર પણ ન આવવા દીધો અને ફરમાવ્યું કે સફિય્યહના ફરઝંદના હત્યારાને દરવાજેથી જ કાઢી મુકો. અને એને જહન્નમની ખુશખબરી આપી દયો. મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુખેથી સાંભળ્યું છે કે દરેક નબીના હવારી હોય છે. મારા હવારી ઝુબૈર રદિ. છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાહોશી, દુરંદેશી અને બુદ્ધિ – અનુભવના કારણે આપ રદિ.ની સલાહ અને મશ્વેરા ઉપર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનાથી જ વિશ્વાસ કરવામાં આવતો હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ આપ રદિ.ને મહત્વની દરેક બાબતે મશ્વેરામાં શરીક ફરમાવતા હતા.

પછી હઝરત અબૂબક્ર રદિ., હઝરત ઉમર રદિ. અને હઝરત ઉસ્માન રદિ. પણ આપ રદિ. સાથે મહત્વની બાબતે સલાહ મસ્લત કરતા હતા અને એ મુજબ અમલ પણ કરતા હતા. હઝરત અબૂબક્ર રદિ.એ મુહાજિરીન અને અન્સાર સહાબાની એક મજલિસે શૂરા બનાવી હતી, એમાં હઝરત અલી રદિ. પણ શામેલ હતા. હઝરત ઉમર રદિ. તો આપના યોગ્ય અને કીમતી મશ્વેરાઓથી એટલા પ્રભાવિત હતા કે આપ રદિ.નું કથન આજે પણ અરબી ભાષામાં એક દષ્ટાંત રૂપે ટાંકવામાં આવે છે : لو لا علی لهلك عمر અર્થાત જો અલી ન હોત તો ઉમર હલાક થઈ જાત. ઘણી વેળા હઝરત ઉમર રદિ. પોતાના નિર્ણય પણ હઝરત અલી રદિ.ના મશ્વેરાના કારણે બદલી દેતા હતા. હઝરત ઉસ્માન રદિ.ને પણ આપ રદિ. ઉપર પૂરો વિશ્વાસ હતો. ફિત્નાના દિવસોમાં હઝરત ઉસ્માન રદિ.એ આપની સાથે વિશેષ સલાહ – મશ્વેરો કર્યો હતો એનું વર્ણન અગાઉ આવી ગયું છે.

આપ રદિ.નું મંતવ્ય અને નિર્ણય એટલો સચોટ રહેતો હતો કે જયારે પણ આપ રદિ.ના કોઈ ફેસલા કે સલાહ વિશે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જાણ કરવામાં આવી તો એને કદી રદ કર્યો નહીં, બલકે ફરમાવ્યું : મારા મતે પણ આ બાબતે હઝરત અલી રદિ.એ કરેલ નિર્ણય જ યોગ્ય છે.

એકવાર તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત અલી રદિ.નો જવાબ સાંભળીને ફરમાવ્યું : અલ્લાહનો શુક્ર છે કે અમને અહલે બયતને એણે હિકમતથી નવાઝયા છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

<u>ઘરેલું જીવન</u>

હઝરત અલી રદિ. મક્કામાં બાળપણથી જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તરબિયત અને ભરણપોષણ હેઠળ હતા. મદીના આવ્યા પછી પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પોતાની સાથે જ રાખ્યા હતા. એટલે આપ રદિ.નું કોઈ અલગ ઘર – વસવાટ કે રહેઠાણ ન હતું. કોઈ ખાસ બોજ માથે ન હતો અને ખર્ચ પણ ન હતો. એટલે આવકનું કોઈ સાધન પણ આપ રદિ. પાસે ન હતું. હઝરત ફાતિમહ રદિ. સાથે નિકાહ થયા પછી આપ રદિ.એ અલગ ઘરમાં રહેવાનું શરૂ કર્યું. સૌપ્રથમ વલીમાની ફિકર થઈ તો પોતાનું બખ્તર વેચીને એમાંથી વલીમો ખવડાવ્યો. અને જયારે અલગ રહેવાનું શરૂ થયું તો નિભાવના ખર્ચની ફિકર માથે આવી. અત્યાર સુધી એકલા હતા, અને બહાદુરી આપની ખૂબી હતી એટલે લડાઈમાં મળેલ માલે ગનીમત જ આપની પૂંજી હતી. જરૂરત પડયે કયાંક મજૂરી કરીને રોટીની વ્યવસ્થા કરી લેતા હતા. ખૈબરની જીત પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રદિ.એ જમીનનો એક ટુકડો આપ્યો. પછી હઝરત ઉમર રદિ.એ ફિદકના બાગની દેખરેખના જવાબદાર બનાવ્યા અને અન્ય સહાબાની જેમ પાંચ હઝાર દિરહમ વાર્ષિક વઝીફો એમના માટે નક્કી ફરમાવ્યો. હઝરત અલી રદિ. પોતે ખલીફા બન્યા તો બયતુલમાલમાંથી જરૂરત મુજબ ઘણો થોડો વઝીફો પોતાના માટે લેતા હતા. અને શહાદત સુધી એ જ હાલત ઉપર રહયા.

ઘરમાં કદી કદી હઝરત ફાતિમહ રદિ. સાથે નારાજગીના બનાવ પણ બનતા હતા. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વચ્ચે પડીને મામલો પતાવી દેતા હતા. એકવાર હઝરત અલી રદિ.એ હઝરત ફાતિમહ રદિ. ઉપર કંઈક વધારે સખતી કરી તો હઝરત ફાતિમહ રદિ. શિકાયત કરવા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યાં. પાછળ પાછળ હઝરત અલી રદિ. પણ આવ્યા. હઝરત ફાતિમહ રદિ. શિકાયત કરી ચુકયા તો આપ સલ્લલ્લાહુ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : બેટી ! તમે જ બતાવો, કયો શોહર એની બીવી પાસે ચુપચાપ આવે છે ? હઝરત અલી રદિ. પાછળ જ હતા. જોયું કે એક બાપ પોતાની બેટીને જ સમજાવે છે, તો ઘણા પ્રભાવિત થયા અને કહેવા લાગ્યા : હવે હું તમારા સ્વભાવ વિરુદ્ધ કોઈ કામ નહીં કરું.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતનો હઝરત ફાતિમહ રદિ.ને ઘણો જ ગમ હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ફકત છ મહીના તેઓ જીવતં રહયાં.

### *ખાણું – પીણું અને લિબાસ*

દુનિયા પ્રત્યેના અણગમા અને ત્યાગ – ઝુહદના કારણે આપ રદિ.ની રહેણી – કરણી બિલ્કુલ સાદી હતી. સામાન્યપણે સાદું ખાણું ખાતા હતા. મિષ્ટાન્ન, મજેદાર, ચટાકેદાર કે ઉમદા વસ્તુઓ આપ રદિ. દસ્તરખાન ઉપર આવવા દેતા ન હતા. કીમતી લિબાસ પહેરવાનો શોખ પણ ન હતો. રંગબેરંગી કપડાં અને ઠાઠમાઠથી દૂર રહેતા હતા. હા, અમામહ શોખથી પહેરતા હતા અને ફરમાવતા કે અમામહ તો અરબોના તાજ છે. કદી સફેદ ટોપી પણ પહેરતા હતા. કુરતાની આસ્તીન એટલી નાની રાખતા કે અડધો હાથ બહાર દેખાતો હતો. લુંગી પણ પીંડલીઓ સુધી ઊંચી રાખતા હતા. એક ચાદર અને લુંગી પહેરીને ખિલાફતની જવાબદારીઓ નિભાવતા હતા. થીંગડા લાગેલા કપડાં પહેરતા હતા અને કોઈ પૂછે તો કહેતા કે એનાથી દિલ નરમ રહે છે અને લોકોને પણ આમ કરવાની પ્રેરણા મળે છે. ડાબા હાથે વીંટી પહેરતા હતા. જેના ઉપર الله الملك કોતરેલું હતું.

### *અવલાદ*

જયાં સુધી હઝરત ફાતિમહ રદિ. હયાત હતાં, આપ રદિ.એ બીજા નિકાહ નથી કર્યા. હઝરત ફાતિમહ રદિ.થી આપની અવલાદમાં ત્રણ બેટા અને બે દીકરીઓ છે.

- હઝ. હસન રદિ. • હઝ. હુસૈન રદિ. • હઝ. મુહસ્સન રદિ.
- ઝયનબ કુબરા રદિ. • ઉમ્મે કુલ્સુમ કુબરા રદિ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ સિવાય બીજા નિકાહો અને અવલાદની વિગત નીચે મુજબ છે.

(૨) ઉમ્મુલ બનીન બિન્તે હિઝામ સાથે થયા. એમનાથી ચાર દીકરા • અબ્બાસ • જઅફર • અબ્દુલ્લાહ • ઉસ્માન પેદા થયા. એમાંથી અબ્બાસ સિવાય ત્રણેવ કરબલામાં હઝરત હુસૈન રદિ. સાથે શહીદ થયા.

(૩) લયલા બિન્તે મસ્ઉદ. એમનાથી • ઉબૈદુલ્લાહ અને • અબૂબક્ર રદિ. પેદા થયા.

(૪) અસ્માઅ બિન્તે ઉમૈસ રદિ. એમનાથી • યહયા અને • મુહમ્મદ અસ્ગર પેદા થયા.

(૫) ઉમામહ બિન્તે અબૂલ આસ રદિ. હઝરત ઝયનબ રદિ.ના દીકરી અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નવાસી હતાં. એમનાથી • મુહમ્મદ અવસત પેદા થયા.

(૬) ખવલહ બિન્તે જઅફર. એમનાથી મુહમ્મદ બિન અલી રહ. પેદા થયા. મુહમ્મદ બિન હનફીય્યહના નામથી મશ્હૂર હતા. અને મોટા બુઝુર્ગ, બહાદુર અને આલિમ હતા.

(૭) ઉમ્મે સઈદ બિન ઉરવહ. એમનાથી • ઉમ્મુલ હસન અને • રમલહ કુબરા, અને • ઉમ્મે કુલ્સુમ, ત્રણ દીકરીઓ પેદા થઈ.

(૮) મહયાત બિન્તે ઈમ્રાઉલ કૈસ. એમનાથી એક દીકરી પેદા થઈ પણ બાળપણમાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો.

(૯) સહબા બિન્તે રબીઆ. આપ રહ. ઉમ્મે વલદ હતાં એમની કુખે • ઉમર અને • રુકય્યહ પેદા થયાં.

ઉપરાંત અન્ય બાંદીઓની કુખે નીચે મુજબ અવલાદ હતી.

| | | |
|---|---|---|
| ઉમ્મે હાની. | મયમૂનહ | ઝયનબ સુગ્રા |
| રમલહ સુગ્રા | ઉમ્મે કુલ્સુમ સુગ્રા | ફાતિમહ |
| ઉમામહ | ખદીજહ ઉમ્મુલકિરામ | ઉમ્મે સલ્મહ |
| ઉમ્મે જઅફર | જુમાનહ | નફીસહ |

બધા મળીને હઝરત અલી રદિ.ની સત્તર છોકરીઓ અને ૧૪

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છોકરા હતા. એમાંથી પાંચ દીકરાઓ : હઝરત હસન રદિ. હઝરત હુસૈન રદિ. મુહમ્મદ બિન હનફીય્યહ, ઉમર અને અબ્બાસ દ્વારા આપનો વંશ આગળ ચાલ્યો છે. (સિયરે સહાબહ, અલમુરતઝા. વગેરે.)

*વિવિધ કિસ્સાઓ.*

● ગઝવએ ઉહદની લડાઈ વેળા મુસલમાનોનો ઝંડો હઝરત અલી રદિ.ના હાથમાં હતો. કુરૈશના એક બહાદુર અબૂસઅદ બિન અબૂતલ્હાએ આપ રદિ.ને જોયા તો ઘોડો દોડાવતો મેદાનની વચ્ચે આવી પહોંચ્યો અને હઝરત અલી રદિ.ને લલકારીને કહેવા લાગ્યો : છે કોઈ શૂરવીર ? કોણ મારી સાથે લડવા તૈયાર છે ? મુસલમાનો તરફેથી કોઈ એના મુકાબલામાં આવ્યું નહીં, એટલે વધારે ઘમંડ સાથે બુમ પાડી, તમે મુસલમાનો તો એમ કહો છો ને કે તમારા માણસો જન્નતમાં અને અમારા માણસો જહન્નમમાં જશે ? શું તમે એવું નથી ચાહતા કે મારી તલવારથી મરીને જન્નતમાં જાવ અથવા મને મારીને જહન્નમમાં મોકલો.

હઝરત અલી રદિ.એ એનો ઘમંડ જોયો તો તલવાર લઈને મેદાનમાં આવી ગયા. બન્નેવ જણા થોડીવાર એકબીજાનો વાર રોકતા રહયા, એ દરમિયાન હઝરત અલી રદિ.ના એક વારથી એનો પગ કપાય ગયો અને એ જમીન ઉપર એવો પડયો કે એના શરીરેથી કપડાં પણ ઉતરી ગયા અને હઝરત અલી રદિ. સામે કરગરવા લાગ્યો. આપ રદિ.એ એનાથી મોંઢું ફેરવી લીધું અને ત્યાંથી હટી ગયા. હઝરત અલી રદિ.ને પછી લોકોએ પૂછયું કે તમે એનું કામ પુરું કેમ ના કરી દીધું ? તો આપ રદિ.એ જવાબ આપ્યો કે એક તો એ કરગરવા લાગ્યો અને એનું શરીર ખુલી ગયું હતું એટલે મેં મોઢું ફેરવી લીધું.

● એકવાર આપ રદિ.નું બખ્તર ખોવાય ગયું હતું. તપાસ કરી તો ખબર પડી કે એક યહૂદી પાસે છે. આપ રદિ.એ યહૂદીને ફરમાવ્યું કે આ મારું બખ્તર છે. મેં ન તો કોઈને વેચ્યું છે, ન તો કોઈને હદિયો આપ્યું છે. યહૂદી કહેવા લાગ્યો કે, આ મારું છે. એટલે જ મારા હાથમાં છે. હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલી રદિ. એને લઈને કાઝી શુરૈહ પાસે અદાલતમાં આવ્યા. કાઝી શુરૈહ રહ.એ આપને 'અમીરુલ મુઅમિનીન' કહીને સંબોધ્યા તો આપ રદિ.એ મના ફરમાવ્યું અને કહયું કે અહીંયા હું અમીરુલ મુઅમિનીન નથી. અમને બંનેને સમાન રીતે સંબોધો. કાઝી સાહેબે ફરમાવ્યું : જનાબ અલી ! બોલો શું કહો છો ? આપ રદિ.એ પોતાનો દાવો રજૂ કર્યો કે આ મારું બખ્તર છે. મેં ન તો કોઈને વેચ્યું છે, ન તો કોઈને હદિયો આપ્યું છે. કાઝી શુરૈહે યહૂદીને પૂછયું કે તમે શું કહો છો ? એણે કહયું કે આ મારું બખ્તર છે. અને મારી પાસે છે એ દલીલ છે કે મારું જ છે. કાઝી સાહેબે હવે હઝરત અલી રદિ.ને પૂછયું કે, તમારી પાસે કોઈ ગવાહ છે ? આપ રદિ.એ પોતાના ગુલામ કંબર અને સાહબઝાદહ હસન રદિ.ને ગવાહ તરીકે આગળ કર્યા. કાઝી શુરૈહ રહ.એ ફરમાવ્યું કે બાપ તરફે બેટાની ગવાહી અને આકા તરફે ગુલામની ગવાહી સ્વીકાર્ય નથી. બીજા કોઈ ગવાહ હોય તો રજૂ કરો. બીજા કોઈ ગવાહ હતા નહીં એટલે યહૂદીના હકમાં ફેસલો કરવામાં આવ્યો અને હઝરત અલી રદિ.નો દાવો ખારિજ કરવામાં આવ્યો.

યહૂદી આ ઘટનાથી ઘણો જ પ્રભાવિત થયો. કહેવા લાગ્યો કે અલી અમીરુલ મુઅમિનીન છે, તેઓ પોતે મને પકડીને કાઝી પાસે લાવ્યા અને કાઝી એમના વિરુદ્ધ ફેસલો આપે છે ! હું ગવાહી આપું છું કે આ દીન સાચો છે. અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ છે, અમીરુલ મુઅમિનીન ! લ્યો આ બખ્તર તમારું જ છે.

● હઝરત ઉમર રદિ.એ હઝરત અલી રદિ.ને એક જમીન બખ્શીશ તરીકે આપી. હઝરત અલી રદિ.એ એની બાજુમાં એક બીજો ટુકડો ખરીદયો અને એ જમીનમાં પાણી માટે કુવો ખોદવાનો હુકમ ફરમાવ્યો. કુવો ખોદતાં ખોદતાં મીઠા પાણીનું ઝરણું મળી આવ્યું. લોકો ખુશ થઈ ગયા અને હઝરત અલી રદિ.ને ખુશખબરી આપવા દોડયા. હઝરત અલી રદિ.એ સમાચાર સાંભળીને ફરમાવ્યું : આ ખુશખબરી તો આ કુવાના વારસદારો માટે છે. પછી ઊંચા સાદે બધા સાંભળી શકે એમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાવ્યું : લોકો ! હું અલ્લાહને ગવાહ બનાવીને કહું છું કે મેં આ જમીન ગરીબો અને મોહતાજોને, અલ્લાહની રાહમાં આવતા જતા મુસાફરો માટે વકફ કરી દીધી છે. લડાઈ અને શાંતિ દરેક સ્થિતિમાં લોકો એનાથી ફાયદો ઉઠાવશે. જયારે અમુક ચહેરા કાળા હશે અને અમુક સફેદ હશે, એ કયામતના દિવસ માટે આ જમીન વકફ કરું છું. અલ્લાહ તઆલા મને આ સદકહના કારણે દોઝખથી બચાવી લે.

• હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિ. એક દિવસ મદીના શરીફના બજારોમાં ફરતા ફરતા એક મુકામે પહોંચ્યા તો એક માણસની આસપાસ ભીડ જોયી. આ માણસ બરાડા પાડીને હઝરત અલી રદિ.ની શાનમાં ગુસ્તાખી કરી રહયો હતો. હઝરત સઅદ રદિ. ગુસ્સામાં લોકોને ચીરતા એની પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યા : હે ફલાણા ! તું હઝરત અલી રદિ.ને કેમ અપશબ્દો કહે છે ?

તને ખબર નથી કે હઝરત અલી રદિ. સહુપ્રથમ મુસલમાન થનાર હસ્તી છે. તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે નમાઝ પઢનાર પ્રથમ મુસલમાન છે. તેઓ મુસલમાનોમાં સૌથી વધુ દુનિયાથી દૂર રહેનાર માણસ છે. તેઓ સૌથી મોટા વિદ્વાન છે. તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જમાઈ છે. લડાઈઓમાં મુસલમાનોનો ઝંડો ઉઠાવીને આગળ ચાલનાર વ્યકિત છે. ત્યાર પછી હઝરત સઅદ રદિ. કિબ્લા તરફ મોંઢું કરીને એના માટે બદદુઆ કરવા લાગ્યા : હે અલ્લાહ ! આ માણસે તારા એક દોસ્તની શાનમાં ગુસ્તાખી કરી છે. લોકોની આ ભીડ અહીંયાથી હટે એ પહેલાં તું લોકોને તારી કુદરત બતાવી દે. હઝરત સઅદ રદિ.ની દુઆ તુરંત કુબૂલ થઈ. જે ઊંટણી ઉપર તે સવાર હતો એણે એક ઝટકામાં એને નીચે પાડી દીધો, એનું માથું ધડથી કપાયને અલગ થઈ ગયું અને પળવારમાં એ મરી ગયો.

• એકવાર આપ રદિ. બેસેલા હતા એવામાં એક ફકીરે આવીને સવાલ કર્યો. આપ રદિ.એ હઝરત હસન રદિ.ને કહયું કે તમારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાલિદહ પાસે જઈને કહો કે તમને જે છ દિરહમ આપ્યા હતા એમાંથી એક દિરહમ આપો. હઝરત હસન રદિ.એ પાછા આવીને અરજ કરી કે વાલિદહ કહે છે કે આ છ દિરહમ લોટ ખરીદવા રાખી મૂકયા છે. આપ રદિ.એ ફરમાવ્યું કે જયાં સુધી માણસને પોતાની પાસે મોજૂદ માલ કરતાં અલ્લાહ તઆલા પાસે મોજૂદ નેઅમતો ઉપર વધારે ભરોસો ન થઈ જાય, એનું ઈમાન કામિલ નથી થઈ શકતું. એમને કહો કે બધા જ દિરહમ આપી દયો. હઝરત ફાતિમહ રદિ.એ છ દિરહમ મોકલાવી દીધા અને આપ રદિ.એ મોહતાજને તે આપી દીધા. આપ રદિ. હજુ ત્યાં જ બેસેલા હતા એવામાં એક માણસ ઊંટ લઈને ત્યાંથી પસાર થયો. આપ રદિ.એ પૂછયું કે  આ ઊંટ કેટલાનું છે ? એણે કહયું કે એકસો ચાલીસ દિહરમનું. આપ રદિ.એ ફરમાવ્યું : એને અહિંયા જ બાંધી દયો. હું તને એની કિમત પછી આપી દઈશ. એ માણસ ઊંટ મૂકીને ચાલ્યો ગયો. થોડીવારે બીજો માણસ આવ્યો અને પૂછયું કે આ ઊંટ કોનું છે ? હઝરત અલી રદિ.એ ફરમાવ્યું : મારું છે. એણે પૂછયું કે કેટલામાં વેચશો ? આપ રદિ.એ ફરમાવ્યું કે બસો દિરહમમાં. એણે એ જ ઘડીએ ખરીદી લીધું અને બસો દિરહમ રોકડા આપી દીધા. આપ રદિ.એ એકસો ચાલીસ એની કિમતના ચુકવી દીધા અને સાંઈઠ દિરહમ લઈને હઝરત ફાતિમહ રદિ. પાસે આવ્યા. એમણે પૂછયું કે આ કેવા પૈસા છે ? તો આપ રદિ.એ ફરમાવ્યું : આ તે ઈનામ છે જેનો અલ્લાહ તઆલાએ એના બંદાઓને વાયદો કર્યો છે કે જે કોઈ એક નેકી કરશે અલ્લાહ એને દસ ગણો બદલો આપશે. (સૂ. અન્આમ : ૧૬૦)

• એકવાર લોકો હઝરત ઉમર રદિ.ની આસપાસ બેસીની આપ રદિ.ની વાતો સાંભળી રહયા હતા. આ દરમિયાન હઝરત ઉમર રદિ.એ ફરમાવ્યું : હઝરત અલી રદિ.માં ત્રણ એવી ખૂબીઓ છે, મને એમાંથી એક પણ મળી જાય તો મારા હકમાં કીમતી ઊંટો કરતાં વધારે મહત્વની છે. લોકોએ પૂછયું કે, એ ત્રણ ખૂબીઓ કઈ છે ? તો આપ રદિ.એ ફરમાવ્યું કે, પહેલી ખૂબી આ છે કે એમના નિકાહ આપ સલ્લલ્લાહુ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલયહિ વ સલ્લમની સાહબઝાદી હઝરત ફાતિમહ રદિ. સાથે થયા છે. બીજી ખૂબી આ કે તેઓ મસ્જિદે નબવીમાં ઘરની જેમ રહી શકે છે. અને ત્રીજી ખૂબી આ છે કે ખૈબરના દિવસે મુસલમાનોનો ઝંડો એમને આપવામાં આવ્યો હતો.

• અબૂ મતર કહે છે કે એકવાર હું મસ્જિદેની નીકળ્યો તો મને પાછળથી કોઈકે કહયું કે તમારી લુંગી ઉચી રાખો. એમાં ખુદાનો ખોફ અને ફરમાબરદારી છે અને કપડાંની સફાઈ પણ છે. અને સાચો મુસલમાન માથાના વાળ પણ કાપતો રહે છે. અબૂમતરે પાછા ફરીને જોયું તો હઝરત અલી રદિ. નસીહત ફરમાવી રહયા હતા. હઝરત અલી રદિ. ત્યાંથી આગળ વધ્યા અને ઊંટોના બજારમાં જઈ પહોંચ્યા. લોકોને કહેવા લાગ્યા : લોકો ! વેપાર કરો પણ કસમ ન ખાઓ. કસમ ખાવાથી સામાન તો વેચાય જશે પણ બરકત ખતમ થઈ જશે. પછી એક ખજૂર વેચનાર પાસે આવ્યા. અહિંયા એક ગુલામડી રડી રહી હતી. આપ રદિ.એ એને રડવાનું કારણ પૂછયું તો એણે કહયું કે એના માલિકે એક દિહરમની ખજૂરો લેવા મોકલી હતી. અહિંયાથી લઈને ગઈ તો હવે માલિક કહે છે કે ખજૂરો પરત કરીને દિરહમ પાછો લઈ આવ. હવે આ વેપારી ખજૂરો પાછી લેવાની ના પાડે છે. હઝરત અલી રદિ.એ વેપારીને ખજૂરો પાછી લેવાનું કહયું તો એ આનાકાની કરીને મોટેથી બોલવા લાગ્યો. અબૂમતરે વેપારીને કહયું કે હે વેપારી તને ખબર છે ? આ કોણ છે ? એણે કહયું કે, હું એમને ઓળખતો નથી. અબૂમતરે કહયું કે આ અમીરુલ મુઅમિનીન હઝરત અલી રદિ. છે. આપ રદિ.નું નામ સાંભળીને એ થરથર કાંપવા લાગ્યો અને ખજૂરો પરત લઈને દિરહમ પાછો આપી દીધો. પછી કરગરીને કહેવા લાગ્યો : અમીરુલ મુઅમિનીન ! હું ચાહું છું તમે મને માફી કરી દયો અને મારાથી રાજી થઈ જાઓ. આપ રદિ.એ કહયું કે, તમે હકદારને એનો હક આપી દીધો તો હવે હું તમારાથી રાજી છું.

• એક દિવસ આપ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વસલ્લમની હદીસ વર્ણવી રહયા હતા, એવામાં એક માણસ વચ્ચે ટપકીને કહેવા લાગ્યો કે તમે જૂઠું બોલો છો. અમે તો આજ સુધી આવી કોઈ વાત સાંભળી નથી. આપ રદિ.એ ફરમાવ્યું કે તું જૂઠો છે. હું તારા માટે બદદુઆ કરીશ. એ ઘમંડમાં કહેવા લાગ્યો કે કરોને બદદુઆ. આપ રદિ.એ એના માટે બદદુઆ કરી તો એ માણસ ત્યાંથી હટે એ પહેલાં તો એની આંખોની રોશની ખતમ થઈ ગઈ.

• નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી એક યહૂદી આપ રદિ. પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, તમે કેવા લોકો છો ? હજુ તો તમારા નબીને તમે દફનાવ્યા પણ નથી અને તમારી વચ્ચે પરસ્પર વિખવાદ ઉભો થઈ ગયો ? આપ રદિ. એનો મતલબ સમજી ગયા. એટલે એને જવાબ આપતાં ફરમાવ્યું કે, અમારો વિવાદ ફકત ખિલાફતના મસ્અલહમાં છે. પણ તમને તમારો હાલ ખબર છે ? હજુ તો દરિયો પાર કરીને તમારા પગ સુકાયા પણ ન હતા, અને તમે તમારા નબી પાસે જ સીધી માંગણી કરી હતી કે અમને પણ પેલા લોકો જેવો એક માબૂદ બનાવી આપો.

• એક ઓરત આપ રદિ. પાસે રડતી આંસુ વહાવતી આવી અને શિકાયત કરવા લાગી કે મારો ભાઈ મરી ગયો અને છસો દિરહમ વારસામાં છોડી ગયો. પણ મને એક જ દિરહમ વારસો મળ્યો. આવું કેમ ? આપ રદિ.એ ફરમાવ્યું : કદાચ તારો ભાઈ પોતાની પાછળ એની માં, બીવી, બે બેટીઓ અને બાર ભાઈ છોડી ગયો હશે. ઓરતે કહયું કે હા આવું જ છે. આપ રદિ.એ ફરમાવ્યું કે તો પછી તારા ભાગે એક જ દિરહમ આવે. વારસમાંથી માં ને છઠ્ઠો ભાગ ૧૦૦ દિરહમ મળશે. બીવીને આઠમો ભાગ ૭૫ દિરહમ મળશે. બે પુત્રીઓને બે તૃતીયાંશ એટલે કે ૪૦૦ દિરહમ મળશે. હવે વધ્યા ૨૫ દિરહમ. એમાં બાર ભાઈઓને બે બે અને બહેનને એક દિરહમ. આમ ૭૦૦ ની વારસા વહેંચણી બરાબર છે.

• એક દિવસ બજારમાં ખજૂરો ખરીદવા ગયા. એક દિરહમની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખજૂરો ખરીદી અને પાઘડીના છેડે બાંધી લીધી. એક માણસે આપ રદિ.ને જોયા તો આવીને અરજ કરી કે હે અમીરુલ મુઅમિનીન ! લાવો તમારી ખજૂરો હું ઉચકી લઉ. આપ રદિ.એ એને ના પાડી અને ફરમાવ્યું કે, પોતાના ઘરવાળાઓનો બોજ માણસે પોતે જ ઉઠાવવો જોઈએ.

● હઝરત અલી રદિ. ફરમાવે છે કે કેટલાયે દિવસ અમારે એવું થતું કે અમારી પાસે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ખાવા માટે કોઈ વસ્તુ ન રહેતી નહીં. એકવાર આવા જ દિવસો હતો. હું ઘરની બહાર કયાંક જઈ રહયો હતો, એ દરમિયાન મને રસ્તામાં એક દીનાર જડયો. થોડીવાર હું વિચારતો રહયો કે ઉઠાવું કે નહીં ? છેવટે મેં મારી તંગી અને પરેશાનીનો વિચાર કરીને ઉઠાવી લીધો. બજાર ગયો અને એનો લોટ ખરીદીને લાવ્યો અને હઝરત ફાતિમહ રદિ.ને રોટી પકાવવા આપ્યો. હઝરત ફાતિમહની હાલત એવી હતી કે અશકિતના કારણે બરાબર રોટી પણ પકાવી શકતાં ન હતાં. રોટી બની ગઈ તો મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં જઈને ખબર આપી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, એ ખાણું ખાય લ્યો. અલ્લાહ તઆલાએ તમને એ રોઝી આપી છે. (તારીખે મશાઈખે ચિશ્ત)

***<u>હઝરત અલી રદિ.ના અકવાલ – મલ્ફૂઝાત</u>***

- ❑ સંસ્કાર – અખ્લાક સૌથી મહાન ખૂબી છે. અને ખૈરાત કરવી સૌથી મોટી ઈબાદત છે.
- ❑ બુદ્ધિશાળી માણસ નમ્ર અને નીચે રહીને શિખરો સર કરે છે અને નાદાન વ્યકિત ઊંચો થવાના પ્રયત્નો કરીને પરાસ્ત થાય છે.
- ❑ હોશિયારી – બુદ્ધિ બે પ્રકારની હોય છે. કુદરતે આપેલી અને શિક્ષણ થકી મેળવેલ અને શીખેલી હોશિયારી કુદરતી હોશિયારી વગર લાભ નથી આપતી.
- ❑ પસ્તાવો અને અફસોસ ગુનાઓને માફ કરે દે છે અને અભિમાન નેકીઓને નષ્ટ કરે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

- ❑ આદતો ઉપર કંટ્રોલ કરવો મોટી ખૂબી છે.
- ❑ અનુભવને સાચવીને પછી એ પ્રમાણે કામ કરવાનું નામ હોશિયારી છે.
- ❑ સત્યમાં ભલે બીક લાગે પણ એમાં જ સફળતા – છુટકારો છે. અને જૂઠમાં ભલે મજા આવે પણ એમાં અંતે બરબાદી છે.
- ❑ માનવીની ખૂબીઓ અને સંસ્કારો જ એની અસલી કીમત છે.
- ❑ શરીફ અને પ્રમાણિક માણસ ભૂખ્યો હોય ત્યારે બેકાબૂ થઈ જાય છે અને કમીનો માણસ પેટ ભરાય ત્યારે બેકાબુ બને છે.
- ❑ દિલને પણ આરામ આપો. એને હિકમતવાળી રમૂજો વડે ખુશ કરો. જેમ શરીર થાકે છે એમ દિલ પણ થાકીને કંટાળે છે.
- ❑ અમલ વગરનું ઈલ્મ મુસીબત છે અને અખ્લાક વગરનો અમલ બેકાર છે.
- ❑ માલદારી ગુનાહો તરફ લઈ જતી હોય તો ગરીબી ઘણી સારી છે.
- ❑ માફ કરવામાં ઉતાવળ કરો. શરાફત – સજ્જનતા અને બદલો લેવામાં ઉતાવળ કરવી કમીનાપણું છે.
- ❑ ગુનેગાર માટે ગુનાનો એકરાર મોટી ભલામણ છે.
- ❑ અકલમંદ માણસ ખામોશ હોય ત્યારે અલ્લાહની કુદરતમાં ચિંતન – મનન કરતો હોય છે અને આંખ ઉઠાવે તો દુનિયાથી બોધ હાસલ કરે છે.
- ❑ માણસનો નફસ (મન) વાસના ભુખ્યો હોય છે. સુસ્તી અને સહુલતને પસંદ કરે છે. મોજ મસ્તી પ્રતિ આકર્ષાય છે. બુરાઈ અને ગુનાઓ કરવા લલચાય છે. બુરાઈ એમાં વસી જાય છે. કામચોર હોય છે. માટે એને નેકી કરવા અને બુરાઈ છોડવા મજબૂર કરો, તો જ એ કાબૂમાં રહેશે. એના હાલ ઉપર છોડી દેશો તો બરબાદ કરી દેશો.
- ❑ મોટી – લાંબી આશાઓ સાથે હોય તો કામમાં નિખાલસતા નથી રહેતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

- ❑ બુરો માણસ કદી કોઈને સારો નથી સમજતો. તે દરેકને પોતાના જેવો જ સમજે છે.
- ❑ જ્ઞાન માલ કરતાં વધારે સારી બાબત છે. જ્ઞાન તમારું રક્ષણ કરે છે અને માલનું તમારે રક્ષણ કરવું પડે છે.
- ❑ લાલચથી રોઝી નથી વધતી પણ માણસનું મહત્વ ઓછું થઈ જાય છે.
- ❑ ઉતાવળો માણસ પોતાના કાર્યો ઉપર પસ્તાય છે. અને જો એને પસ્તાવો ન થાય તો સમજી લ્યો કે એની બેવકૂફી પાકી થઈ ગઈ છે.
- ❑ ખૂબ સમજી લ્યો ! કોઈ પણ માણસે અલ્લાહ સિવાય બીજા કોઈથી આશા રાખવી નહીં. પોતાના ગુનાહો સિવાય કોઈનાથી ડરવું નહીં. કોઈ વાત આવડતી ન હોય તો શીખવા કે જાણવામાં શરમ રાખવી નહીં. અને પોતાની જાણ બહારની વાત પૂછવામાં આવે તો કહી દયો કે હું જાણતો નથી.
- ❑ ગરીબી માણસની હોશિયારીને પણ બુઠ્ઠી કરી દે છે. ઘણીવાર ગરીબ માણસ પોતાના વતનમાં રહીને પણ પરદેશી હોય છે.
- ❑ અશકિત આફત સમાન છે. સબ્ર – ધીરજ બહાદુરોનું કામ છે. દુનિયાનો ત્યાગ મોંઘેરો સામાન છે. અને ખોફે ખુદામાં જ બચાવ છે.
- ❑ સંસ્કાર અને અખ્લાક રોજ બરોજ નવો બનતો પોશાક છે. અને ચિંતન – મનન ચોખ્ખો આયનો છે.
- ❑ કોઈની ચડતીના દિવસોમાં બીજાની ખૂબીઓ પણ એના સાથે જોડી દેવામાં આવે છે અને પડતીના દિવસોમાં માણસની પોતાની ખૂબીઓને નકારી દેવામાં આવે છે.
- ❑ માણસ જયારે દિલમાં કંઈક છુપાવતો હોય તો વાતચીતમાં અને હાવભાવમાં એનો અણસાર જરૂર આવી જાય છે.
- ❑ અલ્લાહ તમને આઝાદ બનાવ્યા છે. એટલે કોઈના ગુલામ ન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બની જશો.

- ❑ ખોટી આશાઓ ઉપર ભરોસો ન રાખો. આ તમન્નાઓ તો બેવકૂફોની પૂંજી ગણાય છે.
- ❑ સાંભળો હું તમને બતાવું છું ? સૌથી મોટા આલિમ કોણ છે ? ખુદાના બંદાઓ સમક્ષ ગુનાના કામોને સુંદર કામો કહીને રજૂ ન કરે. ખુદાની પકડથી બેખોફ ન બનાવે અને ખુદાની રહમતથી માયૂસ પણ ન કરે.
- ❑ સામાન્ય પણે લોકો જે વસ્તુને જાણતા ઓળખતા ન હોય એનાથી નફરત જ કરતા હોય છે.
- ❑ માણસ એની વાણી નીચે છુપાયેલો છે. એટલે કે જયાં સુધી બોલતો નથી, એની મહાનતા કે અભણતા ખબર પડતી નથી.
- ❑ જે માણસને પોતાની ઓકાત ખબર હોય છે એ કદી બરબાદ નથી થતો.
- ❑ કદી માણસના મોંઢેથી નીકળેલો ફકત એક જ શબ્દ ઘણી બધી નેઅમતો છીનવી લે છે.
- ❑ દિલમાં જેટલી વધારે લાલચ હોય છે, અલ્લાહ ઉપર એટલું જ યકીન ઓછું હોય છે.
- ❑ દુનિયા એક મૃત જાનવર છે. અને મૃત જાનવરને ખાવા એકઠા થનારા લોકોની દોસ્તી, લાલચના સમયે એક બીજાની મદદના બદલે દુશ્મનીમાં બદલાય જાય છે.
- ❑ દરેકના મંતવ્ય અને મશ્વેરા પાછળ એનો વ્યકિતગત અનુભવ ડોકાતો હોય છે.
- ❑ યુવાનીમાં જો સમય બરબાદ કર્યો છે તો જીવનના છેલ્લા પડાવે એની ભરપાઈ કરી લ્યો. જેથી અંજામ બેહતર થાય.
- ❑ જે લોકો વધારે જ્ઞાની છે એમની પાસેથી શીખામણ મેળવો અને જેઓ અભણ છે એમને શીખવાડો.
- ❑ કંજૂસ માણસ દુનિયામાં ગરીબો જેવું જીવન જીવે છે અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આખિરતમાં માલદારો જેવો હિસાબ ચુકવશે.

- શરીઅતે મશ્વેરો કરવાનું સુચન એટલા માટે કર્યું છે કે મશ્વેરો આપનાર નિખાલસ હોય છે અને મશ્વેરો લેનાર માણસના દિલમાં પોતાનો સ્વાર્થ છુપાયેલો હોય છે.
- તમે કોઈની સાથે ઉપકાર કરો તો એને છુપાવીને રાખો અને કોઈ બીજું તમારી સાથે ઉપકાર કરે તો લોકો સામે એને જાહેર કરો.

***તસવ્વુફના સિલસિલાઓ અને હઝરત અલી રદિ.***

હઝરત અલી રદિ.ની એક ફઝીલત અને મહાનતા આ પણ છે કે તસવ્વુફના વધુ પડતા સિલસિલાઓ હઝરત હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી પહોંચે છે.

હઝરત શાહ વલીયુલ્લાહ રહ. 'હમ્આત'માં લખે છે :

واز امتِ آں حضرت صلى الله عليه وسلم اول كسيكه فاتح باب جذب شده است و دراں جا نهاده است حضرت امير المؤمنين على اند كرم الله وجهه . ولهذا سلاسل طرق بداں جانب راجع ميشوند . و درحقيقت رجوع سلاسل اولياء بسوء ايشاں از جهتِ روايت ثابت نمى شود ، وحسن بصرى از ايشاں خصوصيتے كه با ديگراں نباشد معلوم نيست ، مع هذا صوفيه قاطبتهم طبقةً بعد طبقةٍ اتفاق كرده بارجاع سلسلهٔ طريقت بايشاں ، و لا بد ايں اتفاق بے وجهے نيست و ايں وجه نزديك فقير آں است كه ايشاں اول مجذوب اند ازيں امت.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમ્મતમાં સહુપ્રથમ જઝબનો દરવાજોનો ખોલનાર અને તે ઉચ્ચ સ્થાને પહોંચનાર હસ્તી હઝરત અમીરુલ મુઅમિનીન અલી રદિ. છે. એટલા જ માટે તસવ્વુફના સિલસિલા એમના સુધી પહોંચે છે. અલબત્ત એક હકીકત આ પણ છે કે અવલિયાના સિલસિલાઓનું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમના સુધી જોડાયેલા હોવું (હદીસની) રિવાયત મુજબ નથી. અન્યોને છોડીને હસન બસરી રહ. અને હઝરત અલી રદિ. વચ્ચે વિશેષ નિસ્બત શું છે એ ખબર નથી. આમ છતાં બધા જ સુફિયાએ કિરામ, દરેક ઝમાનામાં હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી સિલસિલાના જોડાવા બાબતે સહમત છે, તો પછી જરૂર એની કોઈ દલીલ અને આધાર હશે. અને મુજ ફકીરના મતે એનું કારણ આ છે કે હઝરત અલી રદિ. સહુપ્રથમ મજઝૂબ હતા. (હમ્આત : ફારસી : ૩૧)

(નોટ : હઝરત અલી રદિ. અને હઝરત હસન બસરી રહ. વચ્ચે સિલસિલો જોડાયેલો ન હોવા બાબતે હઝરત શાહ વલીયુલ્લાહ રહ.ના આ કથનનું અનેક બુઝુર્ગોએ ખંડન કર્યું છે. અને હઝરત અલી રદિ. અને હઝરત હસન બસરી રહ.ની મુલાકાત, સોહબત અને ફૈઝ મેળવ્યો હોવાનું પુરવાર કર્યું છે. આ બાબતનું વિગતવાર વર્ણન આગળ હઝરત હસન બસરી રહ.ના હાલાતમાં આવી રહયું છે.)

મીર અબ્દુલ વાહિદ બલગરામી રહ. એમની કિતાબ સબ્અ સનાબિલમાં લખે છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ચારેવ ખલીફાઓ એમના કમાલના કારણે ખુલફાએ રાશેદીન અને ખલીફએ બરહક છે. આ ચારેવ કાબેલ અને હકદાર હતા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી વારાફરતી મસ્નદે ખિલાફત ઉપર બિરાજમાન થાય. અને તેઓ વારાફરતી સીધા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખલીફા બન્યા. રહી આ વાત કે બઅયતના ચારેવ સિલસિલા હઝરત અલી રદિ. સુધી જ કેમ પહોંચે છે ? બીજા કોઈ ખલીફા સુધી કેમ નહીં ? એનું કારણ આ છે કે,

હઝરત અલી રદિ. સિવાય બીજા ખલીફાઓએ કોઈ અન્ય વ્યકિતને પોતાના ખલીફા કે જાનશીન નથી બનાવ્યા. હઝરત અલી રદિ. ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સીધી ખિલાફત ખતમ થઈ ગઈ એટલે એમણે નાછુટકે હઝરત હસન બસરી રહ.ને પોતાના ખલીફા બનાવ્યા. અને પછી એમનાથી સિલસિલા ચાલ્યા, એટલે બધા સિલસિલા હઝરત અલી રદિ. સુધી પહોંચે છે. ખુલાસો આ કે ખિલાફતના ક્રમમાં હઝરત અલી રદિ.ના છેલ્લા હોવાના કારણે બધા સિલસિલા એમના ઉપર પહોંચે છે. જો હઝરત અલી રદિ. સિવાય ત્રણમાંથી કોઈ બીજા ખલીફા છેલ્લા હોત તો બધા સિલસિલા એમના ઉપર ખતમ થાત. ( સબ્અ સનાબિલ, ઉર્દૂ : ૭૭–૭૮)

એક સવાલના જવાબમાં હઝરત અકદસ મુફતી મહમૂદ હસન ગંગોહી રહ. લખે છે :

> હઝરત અલી રદિ.ને એહસાનની જે નિસ્બત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફત પ્રાપ્ત થઈ હતી એ નિસ્બતને હઝરત અલી રદિ. પહેલા ખલીફા હઝરત અબૂબક્ર રદિ., બીજા ખલીફા હઝરત ઉમર રદિ. અને ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન રદિ.સાથે રહીને ઓર વધારે મજબૂત કરી છે. એટલે કહી શકાય કે હઝરત અલી રદિ.ની નિસ્બતે એહસાન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશેદીનના ફૈઝ અને રૂહાનિયતનો સંગમ છે. માટે જે સિલસિલાઓ પણ હઝરત અલી રદિ.થી ચાલ્યા છે, તે બીજા ખુલફાએ રાશેદીનના ફૈઝથી ખાલી નથી. અમુક સિલસિલા એવા પણ છે જેમાં હઝરત અલી રદિ.નો વાસ્તો નથી. જેમ કે મવલાના આશિક ઈલાહી રહ.ના ભેગા કરેલા શજરહથી સ્પષ્ટ થાય છે. હઝરત મવલાના શાહ વલીયુલ્લાહ રહ.એ પણ એની ચોખવટ કરી છે. ખુલફાએ રાશેદીન પાસે ઝાહિરી અને બાતિની, બન્ને રીતે ઈમામત અને ખિલાફત હતી. એટલે તેઓ ઘણા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉચા સ્થાને બિરાજમાન હતા. અને અન્ય સહાબા કરતાં પણ વધારે ઊંચા દરજા વાળા ગણાય છે. એટલે જ આ ખલીફાઓના સિલસિલામાં બાતિની ફૈઝ અને બરકતો પણ વધારે છે. પરિણામે સાચો તાલિબ ઘણો જલદી આગળ વધીને મકામે મઅરિફત સુધી પહોંચી જાય છે. (ફતાવા મહમૂદિયહ : ૪/ ૩૭૨)

<u>*સંદર્ભ ગ્રંથો :*</u>


| | |
|---|---|
| અલમુરતઝા. | હઝ. મવ. સય્યિદ અલી મીયાં રહ. |
| સિયરે સહાબા. | મવ. શાહ મુઈનુદ્દીન નદવી રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝરત શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| ફતાવા મહમૂદિયહ | હઝરત અકદસ ફકીહુલ ઉમ્મત રહ. |
| હમ્આત | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| અલ ઈન્તેબાહ | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| મખ્ઝને અખ્લાક | મવલાના રહમતુલ્લાહ સુબ્હાની. |
| અત્તુરુકુલ હુકમિય્યહ | ઈબ્ને કય્યિમ જવ્ઝી રહ. |
| શીયા ધર્મનો ઈતિહાસ | મુફતી અ.કય્યૂમ પાલનપૂરી |
| મઝાહિરે હક | અલ્લામહ નવાબ કુત્બુદ્દીન દહેલ્વી રહ. |

હઝરત અલી મુરતઝા કે સો કિસ્સે : શેખ મુહમ્મદ સિદીક મન્શાવી.

સય્યિદના અલી બિન અબી તાલિબ : ડો. અલી મુહમ્મદ સલાબી.

| | |
|---|---|
| સબ્અ સનાબિલ | મીર અબ્દુલ વાહિદ બલગરામી રહ |
| ફત્હુલ બારી | ઈબ્ને હજર અસ્કલાની રહ. |
| તારીખુલ ખુલફા | અલ્લામહ સુયૂતી રહ. |
| તબ્કાતે ઈબ્ને સઅદ | મુહમ્મદ બિન સઅદ રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૨.

# હઝરત હસન બસરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| વતન અને ખાનદાન | ૨૬૩ |
| જન્મ અને તાલીમ – તરબિયત | ૨૬૩ |
| ઈબાદત અને મુજાહદહ | ૨૬૫ |
| રોજગાર – નોકરી. | ૨૬૬ |
| અખ્લાક અને ફઝાઈલ | ૨૬૮ |
| મધૂરવાણી અને હિકમત | ૨૭૦ |
| નિડરતા | ૨૭૦ |
| વફાત | ૨૭૩ |
| બુઝુર્ગી અને મહાનતાના અસબાબ | ૨૭૪ |
| મહાન મુહદ્દિષ | ૨૭૫ |
| મહાન ફકીહ | ૨૭૬ |
| હસન બસરી રહ. અને ઈલ્મે તસવ્વુફ | ૨૭૯ |
| હઝરત હસન રહ. અને હઝરત અલી રદિ. વચ્ચે સીધો સંબંધ. | ૨૮૩ |
| હઝરત હસન બસરી રહ.ની કાર્યપદ્ધતિ | ૨૮૮ |
| મલ્ફૂઝાત અને અમુક કિસ્સાઓ | ૨૮૯ |
| ખલીફાઓ | ૨૯૧ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*વતન અને ખાનદાન*

હઝરત હસન બસરી રહ. મહાન તાબેઈ હોવા ઉપરાંત હઝરત અલી રદિ.ના ઉચ્ચ ખલીફા છે. નામ હસન હતું. અબૂસઈદ ઉપનામ હતું. આપ રહ.ના વાલિદનું નામ યસાર હતું. મુળ ઈરાકના બાબિલ પ્રદેશના રહેવાસી અને એક અરબી કબીલાથી સંબંધ ધરાવતા હતા. વાલિદહનું નામ ખયરહ હતું.

હઝરત યસાર અને હઝરત ખયરહ, બન્ને 'જંગે મયસાન'માં કેદી તરીકે મુસલમાનોના હાથમાં આવ્યા હતા. હઝરત યસાર રહ. ગુલામ તરીકે હઝરત ઝૈદ બિન ષાબિત રદિ. પાસે પહોંચ્યા અને પછી હઝરત ઝૈદ રદિ.એ એમને આઝાદ કરી દીધા. હઝરત ખયરહ રહ.ને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવી ઉમ્મુલ મુઅમિનીન હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ની ગુલામીની સઆદત મળી, અને પાછળથી આઝાદ થયાં.

*જન્મ અને તાલીમ – તરબિયત*

હઝરત ઉમર રદિ.ની ખિલાફતના ઝમાનામાં હઝરત યસાર રહ. અને હઝરત ખયરહ રદિ.ની શાદી થઈ. અને હઝરત ઉમર રદિ.ની શહાદતના બે વરસ પહેલાં હિજરી સન ૨૧ માં એમના ઘરે એક પુત્રનો જન્મ થયો. ઈતિહાસકારોએ લખ્યું છે કે હઝરત યસાર રહ.ના ઘરે આ પુત્રનો જન્મ થયો તો એને હઝરત ઉમર રદિ.ની સેવામાં દુઆ માટે લઈ ગયા. હઝરત ઉમર રદિ.એ આ બાળકની તહનીક કરી, દુઆઓ આપી અને ફરમાવ્યું કે આ બાળક ખુબસૂરત છે, એનું નામ 'હસન' રાખો.

આપની તરબિયતમાં ઉમ્મુલ મુઅમિનીન હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ની બરકત અને એમના ઉછેર – પાલનનો મોટો ફાળો છે. આપ રહ. દૂધ પીતા હતા એ દિવસોમાં આપના વાલિદહ ખયરહ હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉમ્મે સલ્મહ રદિ.ની ખિદમત કરતાં હતાં. કદી કદી એવું થતું કે હઝરત ખયરહ કામ અર્થે ઘરથી બહાર ગયા હોય તો આપ રહ. રડવા લાગતા. એટલે રડતા બાળકને શાંત કરવા માટે હઝરત ઉમ્મે સલ્મહ રદિ. કદી એમને ખોળામાં લઈને છાતી આપી દેતાં હતાં. જેથી ખયરહ રહ.ના પાછા આવવા સુધી તેઓ ચુપ રહે. આમ કરવામાં શકય છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બીવીના પવિત્ર દૂધના બે ચાર ટીપાં પીવાની સઆદત હઝરત હસન રદિ.ને મળી હોય.

અલ બિદાયહ વ ન્નિહાયહમાં છે કે આપનાં વાલિદહ આપને લઈને વિવિધ સહાબા રદિ. પાસે જતાં હતાં અને સહાબા એમના માટે દુઆ કરતા હતા. હઝરત ઉમર રદિ.એ એમના માટે દુઆ કરી હતી કે હે અલ્લાહ આ બાળકને દીનની સમજ અતા ફરમાવો અને લોકોના દિલોમાં એને મહબૂબ બનાવી દે.

હઝરત ઉમ્મે સલ્મહ રદિ. ઉપરાંત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અન્ય બીવીઓનું પણ આપ રહ.ની તરબિયત અને ઘડતરમાં યોગદાન છે. અને આપ રહ.એ એમની તરબિયતથી ઘણું બધું શીખ્યું હતું. તબ્કાતે ઈબ્ને સઅદમાં આપ રહ.નું પોતાનું કથન છે કે હઝરત ઉસ્માન રદિ.ના ઝમાના સુધી એટલે કે ૧૪ વરસની ઉમર સુધી તેઓ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પાક – નેક બીવીઓના ઘરોમાં આવતા જતા હતા. (સિયરે તાબેઈન : ૭૫)

આપ રહ. ઘણા જ ખૂબસૂરત હતા. તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ શરીર ધરાવતા હતા. યુવાનીમાં તો આપ રહ.ની સૌંદર્યની વાત જ કોઈ ઓર હતી. અસ્મઈએ આપના વાલિદનું કથન વર્ણવ્યું છે કે હસનના હાથનું કાંડું એક વેંત પહોળું હતું. માથે કાળી પાઘડી પહેરતા હતા અને લીલી ચાદર ઓઢીને ફરતા હતા.

આસિમ અહવલ ફરમાવે છે કે એકવાર હું બસરહ જઈ રહયો હતો. મેં ઈમામ શઅબીને પૂછયું કે બસરહ જઈ રહયો છું, ત્યાં તમારું કોઈ કામ છે ? એમણે ફરમાવ્યું કે, હસન રહ.ને મારા સલામ કહેજો. મેં કહયું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે હું એમને ઓળખતો નથી. શઅબી રહ.એ નિશાની બતાવતાં ફરમાવ્યું કે, બસરહમાં જઈને તમને સૌથી વધારે ખુબસૂરત જે માણસ નજર આવે અને જે માણસનો તમારા ઉપર સૌથી વધુ પ્રભાવ પડે, એને સલામ કહી દેજો. આસિમ રહ.એ આ નિશાનીઓ મુજબ સલામ પહોંચાડયા અને પછી તપાસ કરી તો ખબર પડી કે એ જ હસન બસરી હતા.

મદીના શરીફમાં સહાબએ કિરામ રદિ.ની વચ્ચે આપ રહ.નો ઉછેર થયો. ઈકતેબાસુલ અન્વારમાં છે કે ૧૩૦ અથવા ૧૩૩ સહાબા રદિ. સાથે આપ રહ.એ મુલાકાત ફરમાવી છે. ૧૪ વરસની ઉમરે હઝરત ઉસ્માન રદિ.ને જુમ્અહનો ખુત્બહ આપતાં આપ રહ.એ સાંભળ્યા હોવાનો અને હઝરત ઉસ્માન રદિ.ની શહાદતના દિવસે મદીનામાં મોજૂદ હોવાનો ઉલ્લેખ પણ કિતાબોમાં આવે છે.

ત્યાર પછી ૧૪ વરસની ઉમરે પોતાના વાલિદૈન સાથે બસરહ ચાલ્યા ગયા. આ જ કારણે આપ રહ.ને 'બસરી' કહેવામાં આવે છે. બસરહની જામેઅ મસ્જિદમાં અકાબિર સહાબા કુરઆન અને હદીસનો દર્સ આપતા હતા. આપ રહ. પણ ત્યાં જઈને દીનનું ઈલ્મ શીખવામાં મશ્ગૂલ થઈ ગયા. હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ના દર્સમાં શરીક થતા હતા. હદીસ અને તફસીરનું ઈલ્મ પ્રાપ્ત કરીને પોતે પણ મહાન વિદ્વાન બન્યા.

આપ રહ.નું ઘર સાદગી અને ફકીરીનું એક નમૂનો હતું. ફકત સરદી ગરમીથી બચી શકાય એટલો સામાન ઘરમાં હતો. મતર રહ. ફરમાવે છે કે એકવાર બીમારીમાં અમે હઝરત હસન રહ.ના ઘરે એમના ખબર અંતર પૂછવા ગયા, અમે ત્યાં જોયું કે એમના ઘરમાં કોઈ વસ્તુ નથી. બિસ્તર, ચાદર, તકિયા, ચટાઈ કંઈ જ નહીં. હા બિસ્તર ચાદર વાળો એક પલંગ હતો, જેના ઉપર આપ રહ. આરામ ફરમાવી રહયા હતા.

### ઇબાદત અને મુજાહદહ

ઈબાદતનો ઘણો જ શોખ હતો. લાંબી ઈબાદતો કરતા હતા. અલબત્ત એમાં ગુલૂ (હદથી વધારે) ન કરતા હતા. દર મહીને અય્યામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બીઝ (ઈસ્લામી મહીનાની ૧૩/ ૧૪/૧૫ મી તારીખે) રોઝો રાખતા હતા. દર અઠવાડિયે સોમવાર અને ગુરૂવારે પણ રોઝો રાખતા હતા. રજબ, ઝીલ્કઅદહ, ઝીલ્હજ અને મુહર્રમના મહીનાઓમાં રોઝો રાખતા હતા. આટલી બધી ઈબાદતો છતાં પોતાને અલ્લાહ તઆલાના ગુનેગાર અને કસૂરવાર સમજતા હતા. સદા એમ વિચારીને બેચેન થઈ જતા અને રડતા કે અલ્લાહ તઆલાની ઈબાદત અને એનો શુક્ર અદા નથી કરી શકતો. જે કંઈ કરી શકાય છે એના વિશે પણ કોઈ ભરોસો નથી કે અલ્લાહ તઆલાના દરબારમાં એ કુબૂલ થશે કે નહીં ? આ જ ગમ અને ફિકરમાં કદી હસતા ન હતા. સદા ગમગીન રહેતા હતા. જે કોઈ આપને મળતું એને એમ જ લાગતું કે આપ રહ. ઉપર કોઈ મોટી મુસીબત આવી પડી છે. યૂસુફ બિન અસ્બાત રહ. ફરમાવે છે કે ૩૦ વરસથી મેં એમને હસતા નથી જોયા. આપ રહ. સમજતા હતા કે માણસનું હસવું એના દિલના ગાફેલ હોવાના કારણે હોય છે. જે માણસનું દિલ અલ્લાહની યાદમાં મશ્ગૂલ અને એના ખોફમાં રડતું હોય એ માણસ કેવી રીતે હસી શકે છે ?

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે હમેંશા વુઝુ સાથે રહેવાની અને વુઝૂ કરીને સુવાની આદત હતી. એક રાત્રે સિત્તેર વાર ઊંઘમાંથી ઉઠયા તો સિત્તેર વાર વુઝૂ કર્યું અને અને દરેક વાર બે રકાત નમાઝ પણ પઢી.

***રોજગાર – નોકરી.***

હઝરત મુઆવિયહ રદિ.ના ઝમાનામાં અબ્દુલ્લાહ બિન આમિર તરફથી રબીઅ બિન ઝિયાદ હારિષી ખુરાસાનના હાકેમ હતા. હસન બસરી રહ.એ થોડો સમય રબીઅના મુન્શી (સેક્રેટરી) તરીકે કામ કર્યું હતું. પછી અદી બિન અરતાત દ્વારા આપ રહ.ને બસરહના કાઝી નિયુકત કરવામાં આવ્યા, પણ તબિયત નાદુરસ્ત રહેવાના કારણે આ જવાબદારી છોડી દીધી. એમના પછી અદી દ્વારા આ હોદ્દો મશ્હૂર વિદ્વાન ઈયાસ બિન મુઆવિયહને આપવામાં આવ્યો.

ઈલ્મ, ઈબાદત ઉપરાંત લડાઈ – જિહાદના મેદાનમાં પણ આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. આગળ પડતા હતા. લડાઈના મેદાનમાં હિમ્મતપૂર્વક આગળ રહેનાર નિડર ઉલમા અને યોદ્ધાઓમાં આપની ગણના થતી હતી. લોકો અરબના મશ્હૂર યોદ્ધાઓ સાથે આપ રહ.ની સરખામણી કરતા હતા. મશ્હૂર સેનાપતિ મુહલબ બિન અબૂ સફરહ આપને હમેંશા લશ્કરની આગળ રાખતા હતા. કાબૂલની લડાઈમાં આપ રહ. હઝ. અબ્દુર્રહમાન બિન સમુરહ રદિ. સાથે શરીક થયા હતા.

ઉમવી ખલીફાઓ, વિશેષ કરીને હજ્જાજ બિન યૂસુફ વિરુદ્ધ સ્પષ્ટ શબ્દોમાં ટીકા કરતા હતા. અલબત્ત આમ છતાં એમનો સશસ્ત્ર વિરોધ કરવાને ખોટું સમજતા હતા. આપ રહ.એ સત્તા વિરોધી લોકો અને એમના મકસદ વિશે સારી જાણકારી મેળવી હતા. આપ રહ. ફરમાવતા કે વિરોધ કરવામાં જે લોકો નિખાલસ છે, તેઓ વધુ પડતા અજ્ઞાન, નાદાન અને સામાન્ય લોકો છે. એમના પાસે રાજકાજની આવડત નથી. અને જે દુનિયાદાર લોકો પાસે આવડત અને સમજ છે, તેઓ નિખાલસ નથી. એમને દુનિયા અને સત્તા મળી જશે તો પછી તેઓ પણ દીનને બાજુ પર મૂકી દેશે.

એક માણસે આપને પૂછયું કે આ ફિત્નાઓ વિશે તમારો શું ખ્યાલ છે ? આપ રહ.એ ફરમાવ્યું કે, હું કોઈનો સાથ નહીં આપું. શામના એક વ્યકિતએ પૂછયું કે અમીરુલ મુઅમિનીન સાથે પણ નહીં રહો ? આપ રહ.એ એને ધક્કો મારીને ફરમાવ્યું : હા, અમીરુલ મુઅમિનીનનો સાથ પણ નહીં આપું.

હજ્જાજ બિન યૂસુફ વિરુદ્ધ ઈબ્ને અશ્અષે બગાવત કરી તો ઘણા નેક લોકો અને અમુક તાબેઈન પણ એની સાથે થઈ ગયા. ઉકબહ બિન અબ્દુલ ગાફિર, અબૂલજવઝાઅ વગેરેએ આવીને આપ રહ.ને પૂછયું કે, આ ઝાલિમ માણસ હજ્જાજ વિરુદ્ધ લડાઈ કરવા વિશે આપ શું કહો છો ? બેગુનાહ લોકોનું ખૂન વહાવે છે અને માલ લૂટે છે. આપ રહ.એ ફરમાવ્યું કે, એના વિરુદ્ધ લડાઈ કરવામાં ફાયદો નથી. જો આ માણસ લોકો ઉપર અલ્લાહનો અઝાબ છે તો લોકોની તલવારોથી એ ટળવાનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નથી. અને જો અલ્લાહની બલા અને આજમાયશ છે તો સબ્ર કરો, દુઆ કરો. અલ્લાહ તઆલા પોતાનો ફેસલો બદલી દેશે.

ઈબ્ને અશઅષના સલાહકારોનો આગ્રહ હતો કે કોઈ પણ રીતે હસન બસરીનો સાથ મેળવવામાં આવે. આપ રહ. પોતે બહાદૂર લડવૈયા હતા. બસરહ ઉપરાંત આખા ઈરાકના લોકોમાં આપ રહ.નું મોટું સ્થાન અને સન્માન હતું. ઈબ્ને અશઅષને એના સલાહકારોએ આગ્રહ કર્યો કે જો તમે એમ ઈચ્છો છો કે લોકો તમારી આસપાસ તમારા ઉપર એવી રીતે એમની જાન કુરબાન કરી દે જેમ હઝરત આઈશહ રદિ.ની આસપાસ લોકોએ પોતાને કુરબાન કરી દીધા હતા તો તમે હસન બસરી રહ.ને તમારી સાથે મેળવી લ્યો. છેવટે ઈબ્ને અશઅષ આપ રહ. પાસે આવ્યા અને કોઈ પણ રીતે આપ રહ.ને સાથે લઈને નીકળ્યા. આપ રહ. માટે આ મોટી કસોટી હતી. નાચાર આપ રહ. એની સાથે ચાલવા લાગ્યા, પણ જેવો મોકો મળ્યો કે તુરંત એક નદીમાં કુદી પડયા અને એક વાંસના સહારે પોતાની જાન બચાવીને બહાર આવ્યા અને ત્યાર પછી સંતાય ગયા. અને હજ્જાજની વફાત સુધી લગભગ ૧૧ વરસ સંતાયને જ રહયા.(સિયરે તાબેઈન :૮૫)

### અખ્લાક અને ફઝાઈલ

ઉલમા લખે છે કે હઝરત હસન બસરી રહ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત મળી ન હતી. તેઓ સહાબી ન હતા. અલબત્ત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પુનિત પત્નિઓની કેળવણી અને તરબિયતના પ્રતાપે, મદીના શરીફના નેક માહોલ અને સેંકડો સહાબાની સોહબતની બરકતથી સંપૂર્ણ પણે સહાબાના સંસ્કાર ધરાવતા હતા. તાબેઈનની જમાઅતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે સૌથી વધુ સમાનતા ધરાવનાર હસ્તી આપ રહ. જ હતા.

શઅબી રહ. મોટા તાબેઈ હતા. એમના પુત્રએ એકવાર એમને પૂછયું કે તમે જે પ્રમાણે હસન બસરી રહ. સાથે સન્માનનો વર્તાવ કરો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છો, એવો વર્તાવ બીજા કોઈની સાથે નથી કરતા. શઅબી રહ.એ જવાબ આપ્યો કે મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સિત્તેર સહાબાને જોયા છે. આજના લોકોમાં હસન બસરી એમના સાથે સૌથી વધારે સમાનતા ધરાવે છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતો પ્રત્યે ઘણી જ અકીદત અને મુહબ્બત હતી. પોતાનાથી બનતા પ્રયત્નો કરીને સુન્નત ઉપર અમલ કરતા હતા.

ખાલિદ બિન સફવાન હઝરત હસન રહ.ના પાડોશી હતા. તેઓ ફરમાવે છે કે હઝરત હસન રહ.નું બાતિન એમના ઝાહિરની જેમ જ રોશન છે. એમની કથની અને કરણી સમાન છે. તેઓ લોકોને કોઈ નેક કામની નસીહત અને તાકીદ કરતા હશે તો સમજી લ્યો કે તેઓ પોતે એના ઉપર દઢતાથી અમલ કરતા હશે. અને લોકોને કોઈ બુરાઈથી રોકતા હશે તો પોતે પણ એનાથી સૌથી વધારે બચતા હશે.

પોતાને એક સામાન્ય, તુચ્છ અને ગુનેગાર માણસ સમજતા હતા. ઘણીવાર કોઈ કોઈ કુતરાને જોઈને બોલી ઉઠતા કે હે અલ્લાહ ! મને કુતરાના સદકહમાં કુબૂલ ફરમાવ.

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે આપ રહ.ની તકરીર અને વઅઝમાં અજબ તાસીર હતી. અઠવાડિયામાં એકવાર વઅઝ ફરમાવતા હતા. જેમાં મોટા ઉલમા અને બુઝુર્ગો પણ ફૈઝ ઉઠાવવા હાજર રહેતા હતા. અલબત્ત જે મજલિસમાં રાબિઅહ બસરીયહ હાજર હોય એમાં વઅઝ ફરમાવતા ન હતા. તારીખે મશાઈખે ચિશ્ત અને 'ફખ્રુલ હસન'માં ઈહયાઉલ ઉલૂમના હવાલાથી લખ્યું છે કે હઝરત અલી રદિ. બસરહ આવ્યા અને આપ રહ.ની મજલિસમાં આવીને પૂછયું કે હસન તમે આલિમ છો કે તાલિબે ઈલ્મ ? આપ રહ.એ જવાબ આપ્યો કે હું કંઈ જ નથી. હા, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી જે કંઈ મને મળ્યું છે એ લોકોને બતાવું છું. હઝરત અલી રદિ.એ આ જવાબ સાંભળીને ફરમાવ્યું : આ યુવાન વઅઝ કહેવાને કાબેલ છે. પછી એમના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિવાય બસરહમાં બીજા બધા જ ઉલમા ઉપર વઅઝ કરવાની પાબંદી લગાવી દીધી.

### મધૂરવાણી અને હિકમત

આપ રહ.ની વાણી અને તકરીર – વઅઝ ઘણી જ મધૂર અને અસરકારક હતી. લોકો ઉપર એની ઘણી અસર થતી હતી. અબૂ અમ્ર બિન અલા ફરમાવે છે કે હસન બસરી રહ. અને હજ્જાજ બિન યૂસુફથી વધીને મીઠી અને શુદ્ધ ભાષા બોલતા મેં કોઈને નથી જોયા. એક માણસે આપ રહ.ને પૂછયું કે આપની ભાષા અને વાકયોમાં મને કદી કોઈ ભૂલ કે ગરબડ નથી દેખાયી. આપ રહ.એ ફરમાવ્યું : ભત્રીજા ! હું એનાથી ઘણો આગળ છું.

લાંબો અનુભવ, દઢતા, તકવા, અને વાણીની મધૂરતા ભેગી થઈ જાય તો માણસની વાતો હિકમત ભરી કહેવાય છે. હસન બસરી રહ. આ જ સ્થાને બિરાજમાન હતા. જયારે વાત કરતા તો એમ લાગતું કે દિલમાંથી હિકમતના ઝરણા ફૂટે છે અને મોઢેથી શબ્દોના ફૂલ વરસી રહયા છે. અઅમશ કહે છે કે હસન બસરી રહ. લાંબો સમય સુધી દિલમાં હિકમતનો સંગ્રહ કરતા રહયા. છેવટે આ હિકમત આપના મોઢેથી વહેવા માંડી. અબૂજઅફર મુહમ્મદ બિન અલી રહ. ફરમાવે છે કે હસન બસરી તે હસ્તી છે જેમની વાણી અંબિયાએ કિરામની વાણીની જેમ અસરકારક અને મનમોહક છે.

### નિડરતા

લડાઈમાં જેમ નિડર હતા, એ જ પ્રમાણે હાકેમો અને લોકોને ખોટી બાબતોમાં ટોકવામાં અને સચ્ચાઈ ઉચ્ચારવામાં પણ આપ રહ. ભારે નિડર હતા. કોઈનાથી ડરતા ન હતા.

હજ્જાજ બિન યૂસુફે બસરહમાં શાહી મહેલ તામીર કરાવ્યો. મહેલ બની સજીને તૈયાર થઈ ગયો તો હજ્જાજે લોકોને મહેલના દીદાર – દર્શન કરવા આમંત્રણ આપ્યું. લોકોના ટોળાં મહેલ જોવા આવવા લાગ્યા અને મહેલ જોઈને એની ખૂબસૂરતીના વખાણ કરવા લાગ્યા. હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હસન બસરી રહ.ને ખબર પડી તો આ મોકાને મુનાસિબ સમજીને લોકોને નસીહત કરવાને ઈરાદે નીકળ્યા. ત્યાં પહોંચીને જોયું તો લોકો તવાફની જેમ મહેલની ચારે તરફ ફરી રહયા છે. દરેકની જીભે મહેલના વખાણ છે, એની જ ચર્ચા છે. આપ રહ. આ દશ્ય જોઈને પરેશાન થઈ ગયા. લોકોને સંબોધીને નસીહત શરૂ કરી દીધી :

> હે લોકો ! જે બદતરીન લોકોએ દુનિયામાં પોતાની શાન બાન જતાવવા મોટા મહેલો બનાવ્યા હતા એમાં ફિરઓન પણ છે. વાદળોને જઈ મળે એવી ઊંચી ઈમારતો બનાવી હતી. પણ અલ્લાહ તઆલાએ એ ફિરઓનને દરિયાની ઊંડાઈમાં ડૂબાડીને મારી નાખ્યો અને એના શાહી મહેલને વીજળીના એક કડાકે કકડભૂસ કરી દીધો. કાશ ! હજ્જાજને પણ ખબર પડે કે આસમાન વાળો એનાથી નારાજ છે અને જમીનવાળા પણ એને ધોકો આપી રહયા છે.

લોકોમાંથી કોઈને બીક લાગી કે હજ્જાજ એમનાથી નારાજ થઈને બદલો લેશે એટલે આપ રહ.ને અટકાવ્યા કે અબૂસઈદ ! બસ કરો.

આપ રહ.એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ ઉલમાથી કરાર લીધો છે કે તેઓ લોકોને સાફ સાફ સાચી વાત બતાવે. હક બોલવામાં ખયાનત ન કરે. મેં મારી ફરજ અદા કરી છે.

બીજા દિવસે હજ્જાજ દરબારમાં આવ્યો તો ગુસ્સામાં રાતો પીળો થઈ રહયો હતો. દરબારીઓને કહેવા લાગ્યો કે ! બુઝદિલો, એક ગુલામનો છોકરો આપણા શાહી મહેલ વિશે એલ ફેલ બકવાસ કરતો રહયો અને તમે એનો તમાશો જોયા કર્યા ? ખુદાની કસમ ! આજે હું તમને એનું લોહી ચખાડીશ. પછી જલ્લાદને બોલાવ્યો અને હસન બસરી રહ.ને પકડી લાવવાનો હુકમ કર્યો. સાંકળોથી જકડીને આપ રહ.ને લાવવામાં આવ્યા.

આપ રહ.એ તલવાર અને જલ્લાદને જોયા તો થોડું મુસ્કુરાયા. પછી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હજ્જાજ તરફ જોવા લાગ્યા. ચહેરા ઉપર સંતોષ અને નિડરતાનો ભાવ હતો. અડગતા અને દઢતા, ઈમાન અને તકવો આપના પૂરા શરીરથી પ્રગટ થઈ રહયો હતો. હજ્જાજ તરફ એક નજર કરી તો એમાં હજ્જાજ થથરી ગયો. ડરીને કહેવા લાગ્યો કે અબૂ સઈદ ! મારી પાસે આવો. આપ રહ. એની પાસે ગયા અને બાજુમાં બેસી ગયા.

લોકો હેરાન હતા કે આ શું થઈ રહયું છે ?

હજ્જાજે અદબ પૂર્વક અમુક દીની સવાલો પૂછયા અને આપ રહ.એ એના જવાબો આપ્યા. હજ્જાજ ખુશ થઈ ગયો અને કહેવા લાગ્યો કે તમે ઉલમાના સરદાર છો.

હસન બસરી રહ. પાછા નીકળ્યા તો એક માણસે આપ રહ.ને પૂછયું કે, અબૂસઈદ ! તમને તો હજ્જાજે કતલ કરવાના ઈરાદો બોલાવ્યા હતા. અને મેં જોયું કે તમે એની સામે ઉભા હતા ત્યારે તમે કંઈક પઢી રહયા હતા ? આ બધું શું છે ? આપ રહ.એ જવાબ આપ્યો કે, હું આ દુઆ પઢતો હતો :

يَا وَلِيَّ نِعْمَتِيْ وَ مَلَاذِي عِنْدَ كُرْبَتِي اِجْعَلْ نِقْمَتَهٗ بَرْداً وَّ سَلَاماً عَلَيَّ

كَمَا جَعَلْتَ النَّارَ بَرْداً وَّ سَلَاماً عَلٰى اِبْرَاهِيْمَ

હે નેઅમતોના માલિક અને મુસીબત વેળાના મારા મદદગાર ! હજ્જાજના આ ગુસ્સાને મારા માટે રહમત અને સલામતી બનાવી દે, જેમ ઈબ્રાહીમ અલૈ. ઉપર આગને રહમત અને સલામતી બનાવી દેવામાં આવી હતી.

કહે છે કે હજ્જાજના ઝુલમ સિતમથી કોઈ આલિમ બચ્યા નથી. ફકત હસન બસરી રહ. બચી ગયા અને હજ્જાજ એમનાથી પ્રભાવિત થયો.

જયારે હજ્જાજ મરી ગયો તો હસન બસરી રહ.એ દુઆ ફરમાવી કે હે અલ્લાહ ! તેં એને મોત આપી દીધી. હવે એની બુરાઈ પણ અમારા દરમિયાનથી ખતમ કરી દે. આ જયારે અમારો ગર્વનર બનીને આવ્યો તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવો તેવો હતો. મિમ્બર ઉપર બેસીને બકવાસ કરતો હતો અને નમાઝના સમયની પણ પરવા કરતો ન હતો. ન અલ્લાહથી ડરતો હતો ન લોકોથી શરમાતો હતો. જો કોઈ એને નમાઝનો સમય બતાવતું તો એને તલવારો અને કોરડાઓથી મારવામાં આવતો હતો.

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ. ખલીફા બન્યા તો એમણે હસન બસરી રહ.ને લખ્યું કે હું સત્તાની કસોટીમાં સપડાયો છું. મને સહયોગ આપે એવા નિખાલસ મદદગારો મને શોધી આપો. જવાબમાં આપ રહ.એ લખ્યું કે, દુનિયાદાર લોકોને તમે પસંદ નહીં કરો અને દીનદાર હશે એ રાજકાજમાં તમારી સાથે રહેવાને પસંદ નહીં કરે. માટે અલ્લાહથી જ મદદ માંગો. વસ્સલામ.

*વફાત*

ચાર મુહર્રમ અથવા એક રજબ, હિજરી સન ૧૧૦, (૭૨૮ ઈ.) હિશામ બિન અબ્દુલ મલિકની હુકૂમતના દિવસોમાં બસરહમાં આપ રહ.ની વફાત થઈ. ૮૯ વરસની ઉમર હતી. જુમેરાત સાંજે આપ રહ.ની વફાત થઈ. અને બીજા દિવસે જુમ્અહની નમાઝ પછી આપને દફન કરવામાં આવ્યા. આખું બસરહ શહેર આપની નમાઝે જનાઝહ માટે ઉમટી પડયું હતું. નમાઝે જનાઝહ અને દફનમાં પણ બધા જ શરીક થયા. સ્થિતિ એવી હતી આ દિવસે બસરહ શહેરમાં કોઈ માણસ ન હતું એટલે જામેઅ મસ્જિદમાં અસરની નમાઝ માટે કોઈ માણસ આવ્યો નહી. બધા જ આપ રહ.ની તદફીનમાં હતા. હુમૈદ તવીલ રહ. ફરમાવે છે કે બસરહમાં ઈસ્લામ આવ્યા પછી આ પહેલો અવસર હતો કે જામેઅ મસ્જિદમાં નમાજ ન પઢવામાં આવી હોય.

આપ રહ.ની વફાતના એક દિવસ પહેલાં એક માણસે ખ્વાબ જોયું કે એક પક્ષી મસ્જિદની સૌથી વધારે ખુબસૂરત ઈંટ લઈને ઉડી ગયું. એણે આ ખ્વાબ તાબીરના ઈમામ અને વિદ્વાન ઈબ્ને સીરીન રહ. સામે વર્ણવ્યું તો એમણે તાબીર આપી કે હસન બસરી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો છે. થોડી જ વારમાં ખબર આવી કે હસન બસરી રહ.ની વફાત થઈ છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જીવનના છેલ્લા દિવસોમાં એક લખનારને બોલાવીને લખાવ્યું કે,

હસન ગવાહી આપે છે કે લા ઈલાહ ઈલ્લલ્લાહ, વ અશ્હદુ અન્ન મુહમ્મદ ર્રસૂલુલ્લાહ.

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે, વફાત વેળા એક અજીબ કિસ્સો બન્યો. આપ રહ. હસીને બોલતા હતા : કયો ગુનાહ ? કયો ગુનાહ ? પછી આપનો ઈન્તેકાલ થઈ ગયો. વફાત પછી એક બુઝુર્ગે આપને ખ્વાબમાં જોયા તો વફાત વેળા હસવાનું કારણ અને ગુનાહનો સવાલ કરવાનો સબબ પૂછયો તો આપ રહ.એ જણાવ્યું કે, સકરાત વેળા કોઈ કહી રહયું હતું : હે મલિકુલ મવત ! આ માણસ સાથે કડક વહેવાર કરજો, કારણ કે એના માથે એક ગુનો હજુ બાકી છે. એના ઉપર મેં ખુશ થઈને પૂછયું કે, કયા ગુનાહની વાત કરો છો ?

***<u>બુઝુર્ગી અને મહાનતાના અસબાબ</u>***

એકવાર અબ્બાસી ખલીફા અબૂલઅબ્બાસ સફફાહ પાસે શેખ અબૂબક્ર હુઝલી રહ. પધાર્યા હતા. અબૂઅબ્બાસે એમને પૂછયું કે, એવી તે શી ખૂબી હતી જેના કારણે હસન બસરી રહ. આટલા ઊંચા મરતબાએ પહોંચી ગયા ? અબૂબક્ર રહ.એ જવાબ આપ્યો કે હસન રહ.એ બાર વરસની ઉમરે કુરઆન હિફ્જ કરી લીધું હતું. પછી આપ રહ.એ દરેક સૂરતની તફસીર અને મતલબ સમજવાનો શરૂ કર્યો અને જયાં સુધી એક સૂરત પૂરી સમજી લેતા ન હતા, બીજી સૂરત શરૂ કરતા ન હતા. એક દિરહમનો પણ વેપાર નથી કર્યો. કોઈ સરકારી હોદ્દો કુબૂલ કર્યો નથી. જે કરવાના કામો હતા એ જ કરતા હતા અને જે કામો ત્યજવાના હતા એને છોડી દીધા. સફફાહ આ સાંભળીને કહેવા લાગ્યા કે, આ જ ખૂબીઓના કારણે શેખ (હસન) રહ.ને આ ઉચ્ચ મરતબો મળ્યો હતો.

યૂનુસ બિન ઉબૈદ રહ. કહે છે કે લોકો આપ રહ.ના એટલા બધા અકીદતમંદ હતા કે ફકત આપ રહ.ની ઝિયારતથી પણ ખૂશ થઈને પોતાને સઆદતમંદ સમજતા હતા અને રૂહાની ફાયદો હાસિલ કરતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા. કોઈ વાત સાંભળવાની પણ ઈચ્છા કરતા ન હતા. મતલબ કે આપ રહ.નો રૂહાની ફૈઝ મજલિસમાં આવનાર દરેક માણસને મળતો હતો.

*મહાન મુહદ્દિષ*

સિયરે તાબેઈનમાં છે કે આપ રહ.ના જીવન ચરિત્રના અભ્યાસથી માલૂમ પડે છે કે હસન બસરી રહ.ના દર્સની કોઈ વિશેષ મજલિસ ન હતી. તેઓ આવી પરંપરાને પસંદ પણ ન કરતા હતા. જરૂરત પડયે જ કોઈ હદીસ વર્ણવતા હતા. આપ રહ. ફરમાવતા કે જો અલ્લાહ તઆલાનો ઉલમા સાથે લોકોને ઈલ્મ શીખવાડવાનો કરાર ન હોત તો હું હદીસ બયાન ન કરત. આમ છતાં ઈલ્મ – અમલમાં આપ રહ.ની મહાનતા અને કાબેલિયતના કારણે લોકો આપની પાસે આવતા જ રહેતા હતા. જયારે પણ મક્કા જતા તો લોકો આપને તખ્ત ઉપર બેસાડીને આપ રહ. પાસે દીનની વાતો શીખતા હતા.

આપ રહ.એ અનેક મોટા સહાબા રદિ.ની સોહબતમાં રહીને દીનની તાલીમ મેળવી હતી.અને એમના મુખે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસો સાંભળી હતી. વિશેષ કરીને હઝરત અનસ રદિ., હઝરત અલી રદિ., હઝરત ઈમરાન બિન હુસૈન રદિ., હઝરત અબૂલ અહવસ રદિ., હઝરત ઉસ્માન રદિ. હઝરત અહમર રદિ., હઝરત ઝુબૈર બિન અવ્વામ રદિ. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ. હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદિ. હઝરત અબૂ મુસા અશઅરી રદિ., હઝરત અકીલ બિન અબૂ તાલિબ રદિ. હઝરત ઉસ્માન બિન અબૂલ આસ રદિ., હઝરત મુગીરહ બિન શુઅબહ રદિ., હઝરત અબૂ હુરયરહ રદિ. વગેરે. હઝરત ઉસ્માન રદિ.ના જુમ્અહના અનેક ખુત્બહ સાંભળ્યા હોવાનું આપ રહ. પોતે ફરમાવતા હતા.

એકવાર એક માણસે આપ રહ.ને કહયું કે આપ હદીસો વર્ણવો છો અને ફરમાવો છો કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું.. જો તમે સનદ પણ વર્ણવો કે તમે કયા સહાબી વગેરેથી આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હદીસ સાંભળી છે તો વધારે સારું. આપ રહ.એ જવાબ આપ્યો કે, ભલા માણસ ! હું જૂઠી હદીસો નથી વર્ણવતો. મેં અનેક સહાબા પાસેથી ઈલ્મ મેળવ્યું છે. ખુરાસાનની લડાઈમાં હું શરીક હતો. અમારી સાથે ૩૦૦ સહાબા હતા.

આપના શાગિર્દોનું વર્તૂળ પણ વિશાળ છે. તે સમયના મહાન ઉલમા અને મુહદ્દિષીન આપ રહ. પાસે આવતા અને પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવતા હતા. યૂનુસ બિન ઉબૈદ રહ., ઈબ્ને અવ્ન રહ., હુમૈદ તવીલ રહ., ષાબિત બુનાની રહ., માલિક બિન દીનાર રહ., હિશામ બિન હસ્સાન રહ., રબીઅ બિન સબીહ રહ., હિશામ બિન ઝિયાદ રહ. અશ્અષ બિન બરાઝ, અશ્અષ બિન જાબિર રહ., અશ્અષ બિન અબ્દુલ મલિક, અશ્અષ બિન સવાર .. વગેરે બુઝુર્ગોએ આપ રહ.થી હદીસો સાંભળીને રિવાયત ફરમાવી છે.

અલી બિન મદીની રહ. ફરમાવે છે કે હસન બસરી રહ. જે બદરી સહાબાથી રિવાયત ફરમાવે છે મેં એની ગણતરી કરી તો પચાસથી ઓછા છે. એમાં ૨૪ મુહાજિર સહાબા છે.

આપ રહ. જયારે મક્કા જતા તો ઉલમા આપની આસપાસ ભેગા થઈ જતા હતા. આપ રહ.ને એક તખ્ત ઉપર બેસાડીને હદીસો સાંભળતા હતા. ઈમામ મુજાહિદ રહ., અતા ઈબ્ને રબાહ રહ., ઈમામ તાઉસ રહ. જેવા મોટા ઉલમા પણ આ દર્સની મજલિસમાં શરીક થતા હતા અને બધા એક મતે કહેતા હતા કે અમે આ માણસ જેવો વિદ્વાન બીજો કોઈ નથી જોયો.

### મહાન ફકીહ

આપ રહ. હદીસની જેમ ઈલ્મે ફિકહમાં પણ મોટા વિદ્વાન ગણાતા હતા. તફસીર અને અકાઈદમાં પણ આપ રહ.નું મોટું સ્થાન ગણાય છે. હુમૈદ તવીલ અને યૂનુસ બિન ઉબૈદ રહ. બન્ને આપના વિશેષ શાગિર્દ છે. તેઓ કહે છે કે અમેં બધા જ ફુકહા – મુફતીઓ જોઈ લીધા પણ હસન બસરીથી વધીને ફિકહની ઉંડી જાણકારી રાખનાર કોઈ નથી જોયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુગીરહ રહ. ફરમાવે છે કે, કાજીના ફેસલાઓ, દિયત – હત્યાનો બદલો, વગેરે વિષયોમાં આમિર શુઅબી મોટા વિદ્વાન છે. નમાઝ, ઝકાત, હલાલ – હરામમાં ઈબ્રાહીમ નખ્ઈ રહ. મોટા વિદ્વાન અને મુફતી છે. હજના મસાઈલમાં અતા ઈબ્ને રબાહને વધારે જાણકારી છે. સઈદ બિન જુબૈર તફસીરમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. ઈબ્ન સીરીન વેપાર અને ખરીદ – વેચાણના મસ્અલાઓના જાણકાર છે. અને હસન બસરી આ બધા જ વિદ્વાનોના સરદાર છે.

કતાદહ રહ. ફરમાવે છે કે હઝરત હસન બસરી રહ. હલાલ – હરામના સૌથી મોટા જાણકાર હતા. હઝરત અય્યૂબ રહ. ફરમાવે છે કે હસન રહ.થી મોટા ફકીહ મારી આંખોએ નથી જોયા. રબીઅ બિન અનસ રહ. વર્ણવે છે કે હું પૂરા દસ વરસ હઝરત હસન રહ. પાસે આવતો જતો રહયો. મને હમેંશા એમના થકી નવા નવા મસાઈલ જાણવા મળ્યા.

સિયરે તાબેઈનમાં છે કે અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે આપ રહ.એ હદીસ અને ફિકહમાં અમુક કિતાબો પણ લખી હતી. અસ્બગ બિન ઝૈદ રહ.ના મતે આપ રહ.નો જયારે ઈન્તેકાલ થયો તો ઘણી કિતાબો છોડી ગયા જેમાં એમણે ઈલ્મની વાતો લખી હતી. અલબત્ત સહી વાત આ છે કે આપ રહ. ઈલ્મ અને દીનની વાતો કિતાબોમાં લખતા રહેતા હતા, પણ વફાત પહેલાં એક કિતાબ સિવાય એ બધા લખાણો અને કિતાબો સળગાવી દીધી. સુહેલ બિન હુસૈન બાહિલી રહ. ફરમાવે છે કે મેં હઝરત હસન બસરી રહ.ના પુત્ર અબ્દુલ્લાહને કહેવડાવ્યું કે તમારા વાલિદની બધી કિતાબો મને મોકલાવો. એમણે મને જવાબમાં લખ્યું કે, મારા વાલિદ સાહેબની તબિયત જયારે ખરાબ થવા માંડી તો મને બધી કિતાબો ભેગી કરવાનો આદેશ આપ્યો, મેં બધી કિતાબો ભેગી કરી દીધી. મને ખબર ન હતી કે તેઓ શું કરવાના છે ? પછી એમણે નોકરને તનૂર સળગાવવાનો હુકમ કર્યો, જયારે આગ બરાબર ભડકવા લાગી તો એમના હુકમ મુજબ એક સિવાય બધી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિતાબો એમાં સળગાવી દેવામાં આવી.

ફિકહમાં આપનું જે સ્થાન છે એ જોતાં આપ રહ. 'મુજતહિદ'નો દરજો ધરાવતા હતા. અને જે મસાઈલમાં કુરઆન –હદીસની કોઈ દલીલ ન હોય એમાં તેઓ ઈજતેહાદ કરતા હતા. એકવાર અબૂસલ્મહ બિન અબ્દુર્રહમાને પૂછયું કે, આપ રહ. જે મસ્અલાઓમાં લોકોને ફતવો આપો છે એમાં આપની પાસે કોઈ રિવાયતની દલીલ હોય છે ? આપ રહ.એ ફરમાવ્યું કે, ના ઘણા મસ્અલાઓમાં કોઈ રિવાયત અને સનદ નથી હોતી, પણ ખુદાની કસમ ! અમારું મંતવ્ય પૂછનારના હકમાં એના પોતાના મંતવ્ય કરતાં વધારે બેહતર હોય છે. સામાન્ય પણે હઝરત હસન રહ.નું મંતવ્ય અને સહાબા રદિ.નું મંતવ્ય સમાન હોતું. અબૂકતાદહ લોકોને હસન બસરી રહ. પાસે જઈને મસ્અલા પૂછવાની તાકીદ કરતા અને ફરમાવતા કે ખુદાની કસમ ! મેં જોયું છે કે એમણે બતાવેલ હુકમ હઝરત ઉમર રદિ.ના હુકમની જેમ હોય છે. બીજા કોઈમાં પણ મેં આ સમાનતા નથી જોયી. અમુક બુઝુર્ગોનું કથન છે કે જો હસન બસરી રહ.ને સહાબાની સોહબત થોડી વધારે પહેલાં મળી હોત તો સહાબા રદિ. પણ મસાઈલમાં હસન બસરી રહ.ને આગળ રાખત. (સિયરે તાબેઈન : ૭૯)

હઝરત ઉમર રદિ.એ ઈરાકના લોકોને ઈસ્લામ અને દીનની તાલીમ માટે હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ.ને મદીના શરીફથી વિશેષ રૂપે મોકલ્યા હતા. હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. અને હઝરત ઉમર રદિ. બન્ને બુઝુર્ગો દીની મસાઈલમાં શરીઅતનો મકસદ અને હેતુ સામે રાખીને કોઈ હુકમ બતાવતા હતા. હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. પાસે રહીને જે લોકોએ દીન અને ઈસ્લામની તાલીમ મેળવી એ બધામાં આ બાબત જોવા મળે છે. આ બુઝુર્ગો કુરઆન કે હદીસના કોઈ એક શબ્દને પકડી રાખવાના બદલે બીજી બધી આયતો, હદીસો સામે રાખવા ઉપરાંત શરીઅતનો મકસદ અને હેતુ પણ સામે રાખીને કોઈ હુકમ દર્શાવતા હતા. હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ.ના આવા શાગિર્દો પાસેથી હઝરત હસન બસરી રહ. એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈલ્મ મેળવ્યું હતું. એટલે એમના દર્શાવેલ હુકમોમાં પણ હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. અને હઝરત ઉમર રદિ. જેવી સમાનતા જોવા મળતી હતી.

## હસન બસરી રહ. અને ઇલ્મે તસવ્વુફ

હસન બસરી રહ. ઝાહેરી ઉલૂમમાં શૈખુલ ઈસ્લામનો મરતબો ધરાવતા હતા. એ જ પ્રમાણે આપ રહ.ની હસ્તી ઈલ્મે બાતિનનું ઝરણું અને રૂહાનિયતનું કેન્દ્ર હતું. તસવ્વુફના ઘણા બધા સિલસિલા હઝરત હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી પહોંચે છે.

અગાઉ આવી ચુકયું છે કે હઝરત ઉસ્માન રદિ.ની શહાદત વેળા હઝરત હસન રહ. ૧૪ વરસના હતા. હઝરત અલી રદિ. પણ મદીના શરીફમાં રહેતા હતા. હઝરત ઉસ્માન રદિ.ની શહાદત પછી હઝરત અલી રદિ.ના હાથ ઉપર ખિલાફતની બયઅત થઈ, એ દિવસોમાં પણ હઝરત હસન રહ. મદીના શરીફમાં હતા અને શહાદત, બયઅત વગેરેની અનેક ઘટનાઓનો ઉલ્લેખ હઝરત હસન રહ. પોતે ફરમાવતા હતા. ત્યાર પછી હઝરત હસન રહ. બસરહ ચાલ્યા ગયા અને હઝરત અલી રદિ. પણ બસરહ અને કૂફા તરફ ચાલ્યા ગયા હતા. લગભગ હઝરત ઉસ્માન રદિ.ની વફાતના બીજા વરસે 'જમલ'ની લડાઈ બસરહ પાસે જ થઈ અને ત્યાર પછી હઝરત અલી રદિ.એ કૂફાને પોતાનું પાટનગર બનાવ્યું.

આ દિવસોમાં હઝરત હસન રહ.એ હઝરત અલી રદિ. પાસે રહીને ઘણું ઈલ્મ પ્રાપ્ત કર્યું હતું. તકવા અને પરહેઝગારીની તાલીમ અને તરબિયત હઝરત અલી રદિ. પાસેથી જ મેળવી હતી. હઝરત અલી રદિ.ને પણ આપ રહ.ઉપર ભારે વિશ્વાસ હતો. હઝરત અલી રદિ. તરફથી બસરહમાં ફકત હઝરત હસન રહ.ને જ વઅઝ કહેવાની પરવાનગી હતી.

હઝરત અલી રદિ.ની શહાદત વેળા હઝ. હસન બસરી રહ.ની ઉમર લગભગ ૧૯ વરસની હતી. અને આ ઉમરમાં જ હઝરત અલી રદિ.ની સોહબતના પ્રતાપે હઝરત હસન રહ.એ પોતાના દિલને અજવાળી લીધું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતું. એટલે જ ત્યાર પછીના દિવસોમાં આપ રહ.ને ઘણો ઉચો મરતબો મળ્યો. શરીઅત અને તરીકતની દરેક બાબતમાં લોકો આપ રહ. પાસે આવીને માર્ગદર્શન મેળવતા હતા. હઝરત અલી રદિ.ની શહાદત અને ત્યાર પછીના દિવસોમાં તસવ્વુફની પરંપરા કેવી રીતે શરૂ થઈ એનું ટુંક વર્ણન અમે અત્રે રજૂ કરીએ છે.

મુળ વાત આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ત્યાર પછી સહાબએ કિરામના ઝમાનામાં વર્તમાનની જેમ તસવ્વુફ કોઈ અલગ વિદ્યા અને દીનનો અલગ ભાગ ન હતો. બલક એ ઝમાનામાં ફિકહ, હદીસ, અકાઈદ, વગેરે ઈસ્લામી વિદ્યાઓ પણ અલગ અલગ ન હતી. દીનના ઈલ્મમાં બધું ભેગું જ ગણાતું હતું.

ખિલાફતે રાશિદહ પછી બનૂ ઉમય્યહની હુકૂમત શરૂ થઈ. ધીરે ધીરે સહાબા દુનિયાથી રૂખ્સત થઈ રહયા હતા. ઝુલમ, અત્યાચાર, કરારો અને વાયદાઓનું ઉલ્લધન, વધી રહયા હતા. હાકેમો અને ગવર્નરો લોકો ઉપર જુલમ કરી રહયા હતા. હોદ્દા અને સરકારી સંપત્તિને વ્યકિગત માલની સમજીને એને લુટાવતા હતા. આવી સ્થિતિમાં છેલ્લા અમુક સહાબા અને તાબેઈન હતા, જે આ બધું ખોટું સમજવા છતાં ખામોશ હતા. જે રીતે મોટા હોદ્દાઓ ઉપર બિરાજમાન લોકો જાહેર રીતે બેશર્મીથી આ બધું કરી રહયા હતા, એમાં તે લોકો પોતાને એકલા અને નિરાધાર સમજતા હતા. એમના દિલોમાં ઈમાની જોશ હતો પણ બગાવત કરવામાં ઉમ્મતમાં મોટો ફિત્નો અને ખૂનામરકી ફેલાય જવાનો ખતરો હતો. હઝરત હસન બસરી રહ. પણ આવું જ સમજતા હતા અને કોઈ બગાવતમાં ભાગ લેતા ન હતા. ઈબ્ને અશ્અષે આપ રહ.ને મજબૂર કર્યા તો નદીમાં કૂદીને પોતાની જાન બચાવી અને ત્યાર પછી ૧૧ વરસ હજ્જાજના ઝુલમથી બચવા છુપાયને રહયા. હજ્જાજના વફાતના સમાચાર આવ્યા તો સજદહમાં પડીને દુઆ ફરમાવી કે, હે અલ્લાહ હું તારાથી ડરું છું, અને એવા ઝાલિમથી ડરું – બચું છે, જે તારાથી નથી ડરતો. હવે હજ્જાજ પછી એની બુરાઈઓને પણ દુનિયામાંથી ખતમ કરી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દે. હજ્જાજના ઝુલમ ઉપરાંત કરબલા, મક્કા ઉપર ચઢાઈ, હર્રહની ઘટના, વગેરે એવી મોટી ઘટનાઓ હતી જેના પરિણામે દીનદાર અને સમજદાર મુસલમાનો પરેશાન અને બેચેન હતા. એક તરફ ઈસ્લામી હુકૂમતના નામે હોદ્દાઓ ઉપર બિરાજમાન લોકોનો આ ઝુલમ હતો તો બીજી તરફ આખી દુનિયામાં ઈસ્લામ ફેલાય રહયો હતો. યુરોપમાં મુસલમાનોનું લશ્કર સ્પેન સુધી પહોંચી ગયું હતું, અને બીજી તરફ મધ્ય એશિયાના પ્રદેશો ઈસ્લામી સત્તા હેઠળ આવી રહયા હતા. આ લડાઈઓમાં ઈસ્લામ પ્રચારનો મકસદ પણ હશે પણ સાથે જ સત્તા લાલસા, શાહી ઠાઠમાઠ અને પોતાની સત્તાનો વિસ્તાર કરવા જેવા દુન્યવી મકસદો પણ સામે હતા. નબવી દોર અને ત્યાર પછી હઝરત અબૂબક્ર – હઝરત ઉમર રદિ. વગેરેનો ઝમાનો જોયેલા લોકો આ બધું જોતા હતા તો એમને ઘણું દુખ થતું હતું. આવી સ્થિતિમાં આ નેક લોકોએ સરકારથી અલગ થઈને એકાંત અપનાવવામાં જ પોતાની અને સમાજની ભલાઈ સમજી. આવી સ્થિતિમાં શું કરવું એ બાબતે એમની સામે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું માર્ગદર્શન હતું જ કે,

તમારા ઝમાનામાં આવા ફિત્નાઓ થાય તો ઉહદ પહાડ ઉપર જઈને તમારી તલવાર તોડી નાંખજો. અને ઘરમાં બેસી રહેજો. કોઈ ઘરમાં ઘૂસી જાય તો બિસ્તર ઉપર સૂઈ જજો. તે બિસ્તર ઉપર આવે તો મોઢું છુપાવીને બેસી જજો અને કહી દેજો કે તમારા અને મારા ગુનાહોનો વબાલ તમારા માથા ઉપર લઈને દોઝખમાં જાઓ. (મુસ્નદે અહમદ)

આ સ્થિતિમાં ઘણા બધા બુઝર્ગોએ બગાવત કરી, કોઈએ હાકેમો પાસે જઈને એમને સાફ સાફ શબ્દોમાં નસીહત અને તાકીદ કરી તો ઘણા બધા બુઝુર્ગોએ બનૂઉમય્યહ વિરુદ્ધ બગાવત કરવાના બદલે હુકૂમત અને એના કામો – અત્યાચારોને એક તરફ મૂકીને એકાંત અપનાવ્યો અથવા સાદગીથી લોકો વચ્ચે રહીને ફકત લોકોને દીની બાબતોની તાલીમ – તરબિયત કરવાને પસંદ કર્યું. આ બુઝુર્ગો સરકારી હોદ્દાઓથી દૂર રહેતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા. દરબારની હાજરી અને ખરા કે ખોટા સરકારી કામોથી દૂર રહીને ફકત દીનની તાલીમનું કામ કરવામાં લાગી રહયા. અત્યાર સુધી દીનદારી અને હુકૂમતને એકસાથે ચાલતી જોતા આવતા મુસલમાનો માટે આ અત્યંત કપરી સ્થિતિ હતી જેમાં સરકારી સ્તરે દીનદારીનું મહત્વ ઘણું જ ઓછું હતું. કહી શકાય કે આ સંજાગોમાં જ સૂફીઓની પહેલી જમાઅત અસ્તિત્વમાં આવી. જે પ્રદેશોમાં હકૂમત તરફથી લોકો ઉપર અત્યાચારો કરવામાં આવી રહયા હતા ત્યાં જ એમણે લોકો વચ્ચે રહીને લોકોને દીન ઉપર ચાલવાની હિમ્મત આપી. લોકોને આ બાબતે તૈયાર કર્યા કે તમે પોતે દઢતાથી દીન ઉપર અમલ કરો. દીન ઉપર અલમ કરવા માટે સરકાર અને સત્તા જરૂરી નથી.

સૂફીઓ અને તસવ્વુફનો આ પહેલો દોર હિજરી સન ૪૧ (૬૬૧ ઈ.)થી લઈને ૨૩૬ ઈ. (૮૫૦ ઈ.) સુધી કહી શકાય. સૂફીઓની આ જમાઅતમાં હઝરત ઉવૈસ કરની રહ. (૩૨ હિ.૬૯૧ ઈ.), હઝરત હસન બસરી રહ. (૧૧૦ હિ.– ૭૨૮ ઈ.), હઝરત માલિક બિન દીનાર રહ. (૧૩૭ હિ. –૭૫૩ ઈ.), હઝરત હબીબ અજમી રહ. (૧૬૫ હિ.– ૭૭૨ ઈ.), હઝરત ફુઝેલ બિન અયાઝ રહ. (૧૮૭ હિ.–૮૦૩ ઈ.), હઝરત ઈબ્રાહીમ અદહમ રહ. (૧૬૨ હિ.– ૭૬૯ ઈ.),હઝરત રાબેઆ બસરીયહ રહ.(૧૬૨ હિ.– ૭૬૯ ઈ.) વગેરે બુઝુર્ગોનો સમાવેશ થાય છે. (તારીખે મશાઈખે ચિશ્ત, ખલીક અહમદ પેજ : ૬૯–૭૩/મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૨૫–૨૬)

દીન અને ઈસ્લામના એક અલગ વિભાગ તરીતે તસવ્વુફની શરૂઆતનો આ પ્રથમ દોર છે. આ ઝમાનાના મશાઈખ અને બુઝુર્ગોની કાર્ય પ્રલાણી વિશે તારીખે મશાઈખે ચિશ્તમાં વિસ્તારથી ઉપયોગી ચર્ચા કરવામાં આવી છે. અત્રે એનો પણ ટુંકસાર લખવામાં આવે છે.

- આ ઝમાનાના બુઝુર્ગો ઉપર ખુદા તઆલાના ખોફનો પ્રભાવ વધારે હતો. એટલે તેઓ તોબાને વધારે મહત્વ આપતા હતા.
- આ બુઝુર્ગોએ એમની તાલીમ, કાર્યપદ્ધતિને સામુહિક રૂપ આપ્યું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ન હતું. તેઓ વ્યકિતગત રીતે ઈબાદત કરતા રહેતા હતા. પોતાના મુરીદોને ભેગા કરીને એમને તરબિયત – તાલીમ આપવાનો રિવાજ ન હતો.

● આ બુઝુર્ગો કુરઆન, હદીસ, તફસીર વગેરે વિષયોના ઉંડા જાણકાર અને વિદ્વાન હતા. આ વિષયોમાં એમણે ઘણી સેવાઓ આપી છે. ઘણાએ આ વિષયોમાં કિતાબો – રિસાલા પણ લખ્યા છે. પણ ઈબાદત અને એકાંતની જે રીત એમણે અપનાવી હતી, અને ઈખ્લાસ, ઈબાદત, ત્યાગ વગેરેની જે તાલીમ તેઓ લોકોને આપતા હતા એ વાતોને લખવાનો એહતેમામ ઘણો ઓછો હતો.

● આ બુઝુર્ગો સરકાર અને સરકારી હોદ્દાઓ, તેમજ હાકેમોની સોહબતને બુરી સમજતા હતા. એમનાથી બચીને રહેતા હતા. મજબૂરીમાં કોઈવાર મળવાનું થાય તો હિમ્મત અને દ્રઢતાથી સચ્ચાઈ વર્ણવીને હાકેમોને નસીહત કરતા હતા.

***<u>હઝરત હસન રહ. અને હઝરત અલી રદિ. વચ્ચે સીધો સંબંધ.</u>***

હઝરત અલી રદિ.ની શહાદત પછી ઉમવી ખલીફાઓ અને હાકેમો દ્વારા અહલે બયત અને અબ્બાસીઓ ઉપર ઘણા ઝુલમ કરવામાં આવ્યા. આવી સ્થિતિમાં હઝરત હસન રહ. સ્પષ્ટ રીતે કોઈ પણ હદીસમાં એવું બોલતા ન હતા કે આ હદીસ મેં હઝરત અલી રદિ. પાસેથી સાંભળી છે અથવા મને આ બાબતની જાણકારી હઝરત અલી રદિ.ના મુખેથી સાંભળી છે. હઝરત અલી રદિ. સિવાય બીજા સહાબાની હદીસોમાં એમનું નામ લેતા હતા. પણ હઝરત અલી રદિ.ની રિવાયત હોય તો સીધું એમ કહેતા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે.... આપના શાગિર્દ યૂનુસ બિન ઉબૈદ રહ.એ આપને પૂછયું કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ હદીસ તમે કયા સહાબી પાસેથી સાંભળી છે ? તો આપ રહ.એ ફરમાવ્યું : હે ભત્રીજા ! તમે એવી બાબત પૂછી છે જે અનેક લોકો મને પૂછી ચુકયા છે. અને જો તમે મારા વિશ્વાસુ ન હોત તો તમને પણ ન બતાવત. જે ઝમાનામાં આપણે છીએ તે તમે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જુઓ જ છે. એટલે કે હજ્જાજ બિન યૂસુફના ઝુલમનો ઝમાનો હતો. યાદ રાખો ! જયારે હું એમ કહું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું તો સમજી લ્યો કે એ હઝરત અલી રદિ.ની રિવાયત છે. (તહઝીબુલ કમાલ, ભાગ : ૬–૧૨૪, આષારુસ્સુનન, વગેરે.)

એટલે હદીસ શરીફની મશ્હૂર કિતાબોમાં કોઈ એવી હદીસ નથી, જેની સનદમાં હસન બસરી રહ.એ પોતે એવું કહયું હોય કે આ હદીસ મેં હઝરત અલી રદિ.ના મુખેથી સાંભળી છે.

કોઈ પણ સનદમાં આવો ઉલ્લેખ ન હોવાથી ઈલ્મે હદીસના વિદ્વાનો એમના સિદ્ધાંત પ્રમાણે એમ લખે છે કે હઝરત અલી રદિ. અને હઝરત હસન બસરી રહ. વચ્ચે 'સિમાઅ' (હદીસ કહેવા – સાંભળવાનો સંબંધ) નથી. આ બાબતને આધાર બનાવીને ઘણા બુઝુર્ગો એમ કહે છે કે હઝરત અલી રદિ. અને હઝરત હસન વચ્ચે કોઈ પણ પ્રકારની તાલીમ કે દીની માર્ગદર્શનનો કોઈ સંબંધ હતો જ નહીં. એટલે હસન બસરી રહ.ને હઝરત અલી રદિ.ના ખલીફા ન કહી શકાય.

પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ. લખે છે કે હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી રહ.એ પોતાની કિતાબ 'અલ ઈન્તેબાહ' અને અલકવ્લુલ જમીલમાં લખ્યું છે કે ચિશ્તી સિલસિલો હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી પહોંચતો નથી. કારણ કે હઝરત અલી રદિ.ના ઝમાનામાં હસન બસરી રહ. ઘણા નાના હતા એટલે ખલીફા બન્યા હોય એ શકય નથી. એના જવાબમાં હઝરત દહેલ્વી રહ.ના સમયના જ એક બુઝુર્ગ શાહ ફખ્રુદ્દીન દહેલ્વી રહ. (૧૧૯૯ હિ.)એ ફખ્રુલ હસન નામી એક કિતાબમાં એનો જવાબ લખ્યો છે. અને ઈલ્મે હદીસના નિયમોના આધારે ચર્ચા કરીને પુરવાર કર્યું છે કે હઝરત હસન રહ. એ સીધી રીતે હઝરત અલી રદિ.થી હદીસો સાંભળી છે. ગત સદીના મશ્હૂર વિદ્વાન મવલાના અહસનુઝઝમાન હૈદરાબાદી (મુરીદ વ ખલીફા : મવલાના મુહમ્મદ અલી ખૈરાબાદી રહ.એ ફખ્રુલ હસનની લાંબી શર્હ અલકવ્લુલ મુસ્તહસન નામે લખી છે. અને એમાં પણ આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાબત પૂરવાર કરવામાં આવી છે. (તારીખે મશાઈખે ચિશ્ત :૧૪૧, ૪૮૦)

મુહદ્દિષીન અને ઈલ્મે હદીસના વિદ્વાનોમાં આ બાબત પહેલેથી જ ચર્ચાનો વિષય રહી છે કે હઝરત હસન બસરી રહ. વિશે ઈલ્મે હદીસના નિયમો મુજબ એમ કહી શકાય કે તેમણે હઝરત અલી રદિ.ના મુખે સીધી રીતે હદીસો સાંભળી છે કે નહીં ? વધુ પડતા વિદ્વાનો આ બાબતે એમના નિયમને અનુસરીને આ બાબતનો ઈન્કાર કરે છે. જેમ કે અમે ઉપર વર્ણન કર્યું. અલબત્ત ઈલ્મે હદીસના બીજા અનેક વિદ્વાનોનુ આ બાબતે કહેવું છે કે હઝરત હસન બસરી રહ.એ સીધી રીતે હઝરત અલી રદિ. પાસેથી હદીસો સાંભળી છે. આ વિદ્વાનોમાં અલ્લામહ સુયૂતી રહ. હાફિજ ઝિયાઉદ્દીન મકદસી રહ. હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની રહ., અલ્લામહ મિઝઝી રહ.વગેરે ઉલમા શામેલ છે.

આ એક લાંબી ચર્ચા અને સંશોધનનો વિષય છે. વધુ વિગત ફખ્રુલ હસન, અલકવ્લુલ મુસ્તહસન, ઈત્હાફુલ ફિરકહ બિરફવિ ખિરકહ (અલ્લામહ સુયૂતી રહ.) ઈમ્દાદુલ ફતાવા ૪–૪૯૧ વગેરે કિતાબોમાં જોઈ શકાય છે

અલ્લામહ સુયૂતી રહ. પોતાના ઉપરોકત રિસાલહના આરંભે લખે છે કે, મુહદ્દિષીનની એક જમાત હસન બસરી રહ. વિશે એમ માને છે કે એમણે સીધી રીતે હઝરત અલી રદિ.ની હદીસો સાંભળી નથી. આવું જ પાછળના અમુક ઉલમા પણ માને છે. મારા મનમાં આ કારણે તસવ્વુફની ખિલાફત અને ખિરકહના સિલસિલા વિશે પણ ગડમથલ મચી ગઈ. જયારે કે હદીસના વિદ્વાનોની એક જમાઅત હસન બસરી અને હઝરત અલી રદિ. વચ્ચે સીધો સંબંધ પૂરવાર માને છે અને મારા મતે પણ આ જ સહીહ છે. *(ઈત્હાફુલ ફિરકહ બિરફવિ ખિરકહ, પેજ : ૧)*

હઝરત શાહ વલીયુલ્લાહ રહ.એ પોતાની કિતાબ હમ્આતમાં અને અલ ઈન્તેબાહમાં એક સ્થળે સ્પષ્ટ રૂપે અને અલકવ્લુલ જમીલમાં મોંઘમ શબ્દોમાં સિલસિલા બાબતે લખ્યું છે કે હઝરત હસન બસરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને હઝરત અલી રદિ. વચ્ચે સિલસિલો જોડાયેલો ન કહી શકાય. હમ્આતનું લખાણ અગાઉ હઝરત અલી રદિ.ના હાલાતમાં આવી ગયું છે, અત્રે એને ફરી જોઈ લઈએ :

હઝરત શાહ વલીયુલ્લાહ રહ. 'હમ્આત'માં લખે છે :

واز امتِ آں حضرت صلی اللہ علیہ وسلم اول کسے کہ فاتح باب جذب شدہ است و دراں جا نہادہ است حضرت امیر المؤمنین علی اند کرم اللہ وجہہ. ولہذا سلاسل طرق بداں جانب راجع میشوند . و درحقیقت رجوع سلاسل اولیاء بسوء ایشاں از جہتِ روایت ثابت نمی شود، وحسن بصری از ایشاں خصوصیتے کہ با دیگراں نباشد معلوم نیست ،مع ہذا صوفیہ قاطبتہم طبقۃً بعد طبقۃٍ اتفاق کردہ بارجاع سلسلۂ طریقت بایشاں، ولابد ایں اتفاق بے وجہے نیست وایں وجہ نزدیک فقیر آں است کہ ایشاں اول مجذوب اند ازیں امت.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉમ્મતમાં સહુપ્રથમ જઝબનો દરવાજોનો ખોલનાર અને તે ઉચ્ચ સ્થાને પહોંચનાર હસ્તી હઝરત અમીરુલ મુઅમિનીન અલી રદિ. છે. એટલા જ માટે તસવ્વુફના સિલસિલા એમના સુધી પહોંચે છે.

અલબત્ત એક હકીકત આ પણ છે કે અવલિયાના સિલસિલાઓનું એમના સુધી જોડાયેલા હોવું (હદીસની) રિવાયત મુજબ નથી. અન્યોને છોડીને હસન બસરી રહ. અને હઝરત અલી રદિ. વચ્ચેની વિશેષ નિસ્બત શું છે એ ખબર નથી. આમ છતાં બધા જ સુફિયાએ કિરામ, દરેક ઝમાનામાં હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી સિલસિલાના જોડાવા બાબતે સહમત છે, તો પછી જરૂર એની કોઈ દલીલ અને આધાર હશે. અને મુજ ફકીરના મતે એનું કારણ આ છે કે હઝરત અલી રદિ. સહુપ્રથમ મજઝૂબ હતા. (હમ્આત, ફારસી : ૩૧)

આ જ પ્રમાણે અલ ઈન્તેબાહમાં એક સ્થળે સિલસિલા વિશે જોડાયેલા હોવા બાબતે શંકા વર્ણવીને પછી આગળ બીજા એક સ્થળે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લખ્યું છે :

والحسن البصرى ينسب إلى سيدنا على رضى الله عنهم عند أهل السلوك قاطبة وإن كان أهل الحديث لا يثبتون ذلك و قد انتصر الشيخ القشاشى لأهل السلوك الكلام واف وشاف فى الكتاب العقد الفريد فى سلاسل أهل التوحيد ، والله أعلم.

**તરજમહ : તસવ્વુફના બુઝુર્ગોના હઝરત હસન બસરી રહ.ની નિસ્બત હઝરત અલી રદિ. સાથે યકીની રીતે જોડાયેલ માને છે. અને હદીસના વિદ્વાનો બન્ને વચ્ચે હદીસ શીખવા – શીખવવાનો સંબંધ પૂરવાર હોય એમ માનતા નથી. અને શેખ અહમદ કશાશી રહ.એ એમની કિતાબ 'અલ ઈકદુલ ફરીદ ફી સલાસિલી ત્તવહીદ'માં વિગતવાર ચર્ચા કરીને તસવ્વુફના બુઝુર્ગોની વાત પૂરવાર કરીને એમનું સમર્થન કર્યું છે. (અલ ઈન્તેબાહ : ૩૧)**

ઉપરોકત ચર્ચા મુખ્યતવે ઈલ્મે હદીસના સિદ્ધાંતોના આધારે કરવામાં આવે છે. અને એમાં ફકત હદીસ સાંભળવા કે ન સાંભળવા વિશે જ કોઈ મત – મંતવ્ય આપવામાં આવે છે. એનો મતલબ એવો હરગિઝ નથી કે હસન બસરી રહ.એ હઝરત અલી રદિ.ના મુખે કોઈ જ વાત નથી સાંભળી. અથવા હઝરત અલી રદિ.ની તાલીમ – તરબિયત અને સોહબતથી કોઈ ફાયદો નથી ઉઠાવ્યો. ઉપરની ચર્ચા મુજબ તો હઝરત અલી રદિ. પાસેથી હદીસો પણ સાંભળી છે તો પછી ઈસ્લાહે બાતિન અને અન્ય બાબતે એમના પાસેથી માર્ગદર્શન મેળવ્યું હોવાની વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. હઝરત હસન બસરી ૧૪ વરસ સુધી મદીનામાં રહયા. હઝરત ઉસ્માન રદિ. પાછળ નમાઝ પઢતા હતા. જયાં હઝરત અલી રદિ. પણ નમાઝ પઢતા હતા. હઝ. હસન પોતે હઝરત ઝુબૈર રદિ.ને હઝરત અલી રદિ.ના હાથ ઉપર બયઅત કરતા જોવાનું વર્ણન કરે છે. હઝરત હસન રહ.નો ઉછેર હઝરત ઉમ્મે સલ્મહ રદિ.ના ઘરમાં થયો જયાં હઝરત અલી રદિ.ની આવન જાવન હતી. તેઓ પોતે હઝરત હસન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બસરીને લઈને મોટા સહાબા પાસે જતાં હતાં. આ આધારે જ અહલે તરીકત અને સૂફિયા આ બાબતે એકમત છે કે હઝરત હસન બસરી રહ.એ સીધી રીતે હઝરત અલી રદિ.થી બાતિની ફૈઝ હાસિલ કર્યો છે. અને આમ આ સિલસિલો હઝ. હસન બસરી રહ.ના વાસ્તાથી હઝરત અલી રદિ. સુધી જોડાય છે અને પહોંચે છે. (ફખ્રુલ હસન, અલકવ્લુલ મુસ્તહસન, ઈત્હાફુલ ફિરકહ બિરફવિ ખિરકહ.)

*હઝરત હસન બસરી રહ.ની કાર્યપદ્ધતિ*

હઝરત હસન બસરી રહ. તસવ્વુફમાં જે વાતો અને કામો ઉપર પોતે પાબંદ હતા અને જેની એમણે લોકોને તાલીમ આપી એ બુનિયાદી બાબતો નીચે મુજબ છે :

• મુહાસબએ નફસ (આત્મ મંથન) એટલે દરેક વેળા પોતાના નફસ અને મનની સ્થિતિને કાબૂમાં રાખીને એને અલ્લાહની નાફરમાની તરફ જવાથી રોકવું.

• આખિરતનો ગમ. એટલે કે મરવા પછી અલ્લાહ તઆલા સામે જયારે હિસાબ આપવાનો થશે તો એની નેઅમતો અને ઈનામોના શુક્ર કરવામાં અને એની ઈબાદત કરવામાં જે કોતાહી થઈ છે એની ફિકર કરવી.

• જરૂરત મુજબ અલ્લાહ તઆલાની હલાલ નેઅમતોથી ફાયદો ઉઠાવવો. આપ રહ. ઈબાદત અને મુજાહદહની બાબતમાં ગુલૂ અને અતિરેક કરતા ન હતા. જરૂરત મુજબ સારું ખાવું ખાતા હતા. સારા અને નવા કપડાં પણ પહેરતા હતા.

• જરૂરતથી વધારે માલ ભેગો ન કરવો.

• સમાજ અને કોમ પ્રત્યેની જવાબદારીઓ નિભાવવી. આ બાબતે આપ રહ. વિશેષ સજાગ હતા. લોકોને ભેગા કરીને એમને નસીહત કરતા હતા. તે સમયના હાકેમો પાસે જઈને પણ એમને સ્પષ્ટ શબ્દોમાં નસીહત ફરમાવતા હતા. હજ્જાજના મહેલ વિશેનો કિસ્સો આગળ આવી ગયો છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❐એક માણસે આપ રહ.ને જાણ કરી કે ફલાણા સ્થળે એક માણસ એકલો જ રહે છે. આપ રહ. એક દિવસ એને મળવા ગયા અને એને પૂછયું કે તમને એકાંત પસંદ હોય એમ લાગે છે ? લોકો સાથે હળતા મળતા કેમ નથી ? એણે કહયું કે એક કામમાં મશ્ગૂલ રહું છું એટલે લોકોને મળવાની હિમ્મત નથી થતી. આપ રહ.એ અરજ કરી કે અહિંયા પાસે જ હસન બસરી રહે છે, એમને મળતા રહો અને એમની પાસે આવન જાવન રાખો. એણે કહયું કે જે કામમાં મશ્ગૂલ છું એના કારણે હસન બસરીને પણ મળી શકું એમ નથી. આપ રહ. એ પૂછયું કે એવું તે વળી શું કામ છે ? એણે કહયું કે સવાર પડે ત્યારથી અલ્લાહ તઆલાની નેઅમતો અને સામે મારા ગુનાહોને યાદ કરું છું. નેઅમતોનો શુક્ર અદા કરું છું અને ગુનાહોથી તોબા કરું છું. આપ રહ.એ એને ફરમાવ્યું કે, ભાઈ ! તું તો હસન બસરી કરતાં પણ વધારે સમજદાર છે. તારા કામમાં જ લાગ્યો રહેજે.

❐આપ રહ.એ એક યુવાનને જોયો કે ખુશ છે અને હસી રહયો છે. આપ રહ.એ એને ફરમાવ્યું :

તું પુલ સિરાત ઉપરથી પસાર થયો છે ?

= ના.

તને ખબર છે કે તું જન્નતમાં જઈશ કે દોઝખમાં ?

= ના.

તો પછી શા માટે ખુશ છે અને હસી રહયો છે ?

આપ રહ.ની આ નસીહત પછી એ માણસને કોઈએ હસતો નથી જોયો.

❐દોઝખમાંથી એક માણસને હઝાર વરસો પછી બહાર કાઢવામાં આવશે. આ માણસ હું જ હોવ તો કેટલું સારું !

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❒અલ્લાહ તઆલા જે બંદા સાથે ભલાઈનો ઈરાદો ફરમાવે છે એને બાળ બચ્ચા અને જીવન જરૂરીયાતમાં મશ્ગૂલ નથી ફરમાવતા. (ઘરવાળાઓના હકો અદા કરવા અને ભરણપોષણ કરવું અલગ વસ્તુ છે અને એમાં મશ્ગૂલ રહેવું અલગ બાબત છે.)

❒તવાઝુઅની શરત આ છે કે માણસ ઘરેથી નીકળે અને સામે જે કોઈ મળે એને પોતાના કરતાં વધારે સારો સમજે.

❒જે માણસથી કોઈ ગુનો થઈ જાય અને તે સાચી તોબા કરી લે તો પછી એનો મરતબો અલ્લાહ તઆલા પાસે પહેલાં કરતાં વધારે થઈ જાય છે.

❒એક માણસે દિલ સખત હોવાની શિકાયત કરી તો આપ રહ.એ ફરમાવ્યું કે ઝિક્રની મજલિસમાં શરીક થયા કરો.

❒એકવાર ફરમાવ્યું કે, અમે એવા અકાબિર જોયા છે કે તમે હરામ વસ્તુઓથી જેટલા દૂર રહો છો, એના કરતાં વધારે તેઓ હલાલ વસ્તુઓ વાપરવાથી દૂર રહેતા હતા.

❒લાલચના કારણે આલિમ માણસ અપમાનિત થઈ જાય છે. પછી કસમ ખાયને ફરમાવ્યું કે, જે માણસ પણ રૂપિયા પૈસાને સારા સમજે છે અલ્લાહ તઆલા એને અપમાનિત કરે છે.

❒એક માણસને આપ રહ.એ જોયો. તે એક હદીસ વારંવાર પઢતો હતો અને ખુશ થતો હતો : المرء مع من أحب માણસ જે લોકો સાથે મુહબ્બત રાખતો હશે કયામતમાં એમની સાથે જ હશે. આપ રહ.એ એને ફરમાવ્યું :

હે આદમી ! આ હદીસના કારણે કોઈ ગલતફહમીમાં ન રહેજે. કયામતનો સાથ ત્યારે જ મળશે જયારે તું એમના જેવા આમાલ પણ કરતો હોઈશ.

❒ જે કોઈ માણસ વિશે ખબર પડતી કે તે આપની ગીબત કરે છે તો આપ રહ. એને તોહફો મોકલાવતા હતા અને ફરમાવતા કે જે તોહફો તમે મને આપ્યો છે એ મારા તોહફા કરતાં વધુ કીમતી છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

***ખલીફાઓ***

ખઝીનતુલ અસ્ફિયામાં છે કે આપ રહ.ના પાંચ મશ્હૂર ખલીફાઓ છે.

(૧) ખ્વાજા અબ્દુલ વાહિદ બિન ઝેદ રહ.

(૨) ઈબ્ને રઝીન રહ.

(૩) શેખ હબીબ અજમી રહ.

(૪) શેખ અતબહ બિન ગુલામ રહ.

(૫) શેખ મુહમ્મદ વાસેઅ રહ.

હઝરત ખ્વાજા અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ.થી જે સિલસિલો આગળ ચાલ્યો એ પાછળથી ચિશ્તીયા સિલસિલો કહેવાયો.

અને શેખ હબીબ અજમી રહ.થી જે સિલસિલો ચાલ્યો એમાં હઝરત જુનૈદ બગદાદી રહ. આવે છે એટલે જુનૈદી કહેવાય છે.

આ સિલસિલામાં આગળ જતાં શજરહમાં શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. આવે છે. એટલે કાદરી પણ કહેવાય છે.

હઝરત જુનૈદ બગદાદી રહ.થી આગળ ચાલેલા બીજા સિલસિલામાં હઝરત શેખ સિહાબુદીન સુહર્વદી રહ. આવે છે, એ સિલસિલો સુહર્વદી કહેવાય છે.

***સંદર્ભ ગ્રંથો :***


| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત. | હઝરત શૈખુલ હદીસ રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત. | પ્રોફેસર ખલીક અહમદ. |
| સીયરે તાબેઈન. | મવ.શાહ મુઈનુદીન રહ. |
| સીરતુત્તાબેઈન | મવ. અ.રહમાન મઝાહિરી. |
| ખઝીનતુલ અસ્ફિયા. | મુફતી ગુલામ સરવર લાહોરી |
| મજમૂઅહ રસાઈલે સુયૂતી. | અલ્લામહ જલાલુદીન સુયૂતી રહ. |
| ફખ્રુલ હસન. | ખ્વાજા મુહમ્મદ ફખ્રુદીન દહેલ્વી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| મશાઈખે ચિશ્તીયહ સાબરીયહ. | પ્રોફેસર રઝી અહમદ કમાલ |
| અલકવ્લુલ મુસ્તહસન | મવલાના અહસનુઝઝમાન હૈદરાબાદી |
| તહઝીબુલ કમાલ | જમાલુદ્દીન યૂસુફ મિઝઝી રહ. |
| અલ ઈન્તેબાહ | હઝરત શાહ વલીયુલ્લાહ રહ. |
| હમ્આત | હઝરત શાહ વલીયુલ્લાહ રહ. |
| ઈમ્દાદુલ ફતાવા | હઝ. અકદસ મવ. અશરફ અલી થાનવી રહ |
| મશાઈખે ચિશ્તીયહ સાબરીયહ. | પ્રોફેસર રઝી અહમદ કમાલ |

ફિકહે હઝરત હસન બસરી રહ. ડો. મુહમ્મદ રવ્વાસ કિલ્અહજી.

ઉર્દૂ અનુવાદ : મવ. અબ્દુલ કય્યૂમ, લાહોર.

ઈત્હાફુલ ફિરકહ બિરફવિ ખિરકહ. અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૩.

# ખ્વાજા અબ્દુલ વાહિદ બિન ઝૈદ બસરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| વતન અને તાલીમ | ૨૯૫ |
| તકવા અને બુઝુર્ગીનો સબબ | ૨૯૫ |
| આખી રાતની ઈબાદત | ૨૯૬ |
| દુનિયાની સેર | ૨૯૮ |
| કરામતો | ૨૯૯ |
| જન્નતી દોસ્ત | ૩૦૦ |
| અસરકારક વાએઝ | ૩૦૫ |
| મલ્ફૂઝાત | ૩૦૬ |
| વફાત | ૩૦૭ |
| ખલીફાઓ | ૩૦૮ |
| સંદર્ભ ગ્રંથો | ૩૦૮ |
| | |
| | |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

### વતન અને તાલીમ

આપ બસરહના રહેવાસી હતા. હસન બસરી રહ.ના ખલીફા અને શાગિર્દ હતા. હઝરત અલી રદિ.ના એક બીજા ખલીફા હઝરત કુમૈલ બિન ઝિયાદ રહ.ની સોહબતમાં પણ આપ રહયા હતા અને ખિલાફતથી નવાઝવામાં આવ્યા હતા. અલબત્ત સામાન્ય પણે આપણા બુઝુર્ગોના શજરહમાં આપ રહ.ના શેખ તરીકે ફકત હઝરત હસન બસરી રહ.નું નામ લખવામાં આવે છે.

હસન બસરી રહ. ઉપરાંત અતા બિન અબી રબાહ રહ., અબ્દુલ્લાહ બિન રાશિદ રહ., ઉબાદહ બિન નસી રહ. વગેરે બુઝુર્ગો પાસે આપ રહ.એ હદીસ પઢી હતી.

### તકવા અને બુઝુર્ગીનો સબબ

બુઝુર્ગી અને તકવાના ઉચ્ચ સ્થાને પહોંચવા પહેલાં આપ એક સામાન્ય માનવી હતા. એકવાર એક ગુલામ ખરીદયો. એને હુકમ કર્યો કે આખી રાત ખિદમત માટે જાગતો રહે. એણે અરજ કરી કે મને રાતના સમયે તમારી ખિદમતમાંથી રજા આપવામાં આવે. હું તમને એક દીનાર આપીશ. આપ રહ.એ એને પરવાનગી આપી દીધી. તે રોજ રાત્રે ચાલ્યો જતો અને સવારે આવીને એક દીનાર આપને આપી દેતો હતો જેના ઉપર સૂરએ ઈખ્લાસ કોતરેલી હોતી.

કોઈએ આપને શિકાયત કરી કે તે રાત્રે મુરદાઓના કફન ચોરે છે. આપ રહ.એ પોતે એની તપાસ કરવાનો નિર્ણય કર્યો. એક રાત્રે આપ રહ. છુપાયને એની પાછળ ગયા. શહેર બહાર જઈને તે એક કબ્રસ્તાનમાં ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયો. સવારે એણે દુઆ કરી કે હે મારા મોટા સરદાર ! મારા નાના સરદારનું મહેનતાણું આપી દયો. અચાનક એક દીનાર હવામાંથી એના હાથોમાં આવી પડયો. ગુલામ તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દીનાર લઈને ચાલી નીકળ્યો પણ આપ રહ. ત્યાં જ રહી ગયા. એના વિશે કફનચોરીની બદગુમાની કરવાના કારણે આપને પસ્તાવો થયો, વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢીને તોબા કરી અને ઈરાદો કરી લીધો કે એને આઝાદ કરી દઈશ. નમાઝ પઢીને શહેરમાં ગયા તો કોઈ અજનબી શહેર હતું. પૂછપરછ કરી તો ખબર પડી કે આપનું વતન તો અહીંયાથી બે વરસના અંતરે છે. આપને ઘણી નવાઈ લાગી. એટલામાં એક અસ્વાર સામેથી આવ્યો અને આપને પૂછયું કે અબ્દુલવાહિદ કેમ અહીંયા બેસ્યા છો ? આપ રહ.એ એને બીના કહી સંભળાવી તો એણે બતાવ્યું કે એ ગુલામ ફરી રાત્રે અહીંયા જ આવશે. તમે સવારે એની પાછળ પાછળ ચાલજો તો મુકામે પહોંચી જશો.

બીજી રાત્રે તે ઘણું બધું ઉમદા ખાણું લઈને આવ્યો. આપ રહ.ને આપીને કહેવા લાગ્યો કે આકા ! આ ખાઈ લ્યો અને ફરીવાર આવી હરકત ન કરજો. પછી એણે આખી રાત ઈબાદત કરી. સવારે એને દીનાર મળ્યો તો બન્ને દીનાર આપ રહ.ને આપ્યા. પાછા ફરતી વેળા આપ રહ. એની પાછળ પાછળ અમુક કદમ ચાલ્યા કે તુરંત પોતાનું શહેર આવી ગયું. શહેરમાં આવીને એણે પોતે જ કહયું કે તમે મને આઝાદ કરવાનો ઈરાદો કર્યો હતો ? આપ રહ.એ કહયું કે, સાચી વાત છે. જા હું તને આઝાદ કરું છું. એણે શુક્ર અદા કર્યો અને અમુક કાંકરીઓ એક થેલીમાં આપ રહ.ને ભેટ આપી અને ચાલતો થયો. સવારે જોયું તો એ કાંકરીઓ કીમતી મોતી હતાં.

શેખ અ. વાહિદ રહ. ઉપર આ ઘટનાની ઘણી જ અસર થઈ. તુરંત બધો સામાન વેચ્યો, ફકીરોને વહેંચ્યો અને દુનિયા છોડીને ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયા.  ત્યાર પછી અનેક બુઝુર્ગોની સોહબતમાં રહીને ઈલ્મે હદીષ મેળવ્યું. હઝરત ઈમામે આઝમ અબૂહનીફહ રહ. પાસે પણ આપે તાલીમ લીધી હતી.

***આખી રાતની ઇબાદત***

શેખ અબ્દુલવાહિદ રહ. ફરમાવે છે કે એકવાર મારી પીંડલીઓમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દર્દ થયું. મને એના કારણે નમાઝમાં તકલીફ થતી હતી. એક રાત્રે હું નમાઝ માટે ઉઠયો તો એમાં દર્દ કંઈ વધારે જ લાગ્યું. ઘણી તકલીફ સાથે નમાઝ પૂરી કરીને ચાદર માથા નીચે મુકીને સૂઈ ગયો. ખ્વાબમાં જોયું કે એક છોકરી બીજી અમુક છોકરીઓ સાથે મારી પાસે આવીને બેસી ગઈ. બીજી છોકરીઓ એના પાછળ બેસી. એણે એક છોકરીને કહયું કે આ માણસને ઉઠાવો, પણ સંભાળજો, એને કંઈ તકલીફ ન થાય. બધી છોકરીઓ મારા પાસે આવી અને મને ઉઠાવ્યો. પછી એણે હુકમ કર્યો કે એના માટે નરમ બિસ્તર અને તકિયા લાવો. સાત નરમ બિસ્તર ઉપરાછાપરી બિછાવવામાં આવ્યા. કદી જોવામાં ન આવ્યા હોય એવા તકિયા પણ મૂકવામાં આવ્યા. હવે એણે હુકમ કર્યો કે આ માણસને બિસ્તર ઉપર સુવાડો, પણ સાચવજો, એની આંખ ખુલી ન જાય. હું આ બધું જોતો અને સાંભળતો રહયો. પછી ચારે તરફ ફૂલો મુકવાનો હુકમ કર્યો. છેલ્લે એ છોકરી મારા પાસે આવી અને દર્દની જગ્યાએ હાથ મૂકીને ફેરવ્યો અને બોલી કે ઉભો થા, નમાઝ પઢ. અલ્લાહ તઆલાએ તારી તકલીફ ખતમ કરી દીધી. એણે પોતાનું વાકય પૂરું કર્યું અને તુરંત મારી આંખ ખુલી ગઈ. હવે હું બિલ્કુલ તંદુરસ્ત હતો અને ત્યારથી લઈને આજ સુધી હું કદી બીમાર નથી પડયો. એ છોકરીના આ શબ્દોની મીઠાશ અને અસર આજે પણ મારા દિલમાં છે કે, ઉભો થા, નમાઝ પઢ. અલ્લાહ તઆલાએ તારી તકલીફ ખતમ કરી દીધી છે.

આપ રહ. ફરમાવે છે કે,

એકવાર રાત્રે એવી ઊંઘ આવી કે બધા મામૂલાત છૂટી ગયા. રાત્રે ખ્વાબમાં એક સુંદર યુવતીએ આવીને કહયું કે મારા માટે મહેનત કરો. મેં પૂછયું કે હે છોકરી તારી કીમત શું છે ? અને તારો માલિક કોણ છે ? એણે કહયું કે મારી કીમત અલ્લાહ તઆલા સાથે મુહબ્બત છે. અને મારો માલિક એવી હસ્તી છે જેની પાસે કોઈ માણસ મારી યોગ્ય કીમત લઈને જાય તો એ પાછો નહીં કાઢે. શેખ અબ્દુલ વાહિદ રહ. આ ખ્વાબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જોઈને જાગી ગયા અને ત્યાર પછી આખી રાત નમાઝ પઢવાની કસમ ખાય લીધી અને ત્યાર પછીથી લગાતાર ચાલીસ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢતા રહયા. (ફઝાઈલે આમાલ, ફઝાઈલે નમાઝ : ૨૫૫)

***દુનિયાની સૈર***

એકવાર ચીન દેશમાં કોઈ સન્યાસીના એકાંતવાસ ઉપર પહોંચ્યા. દરવાજે પહોંચીને એને બુમ પાડી કે હે રાહિબ (સન્યાસી ) ! આમ ત્રણવાર અવાજ આપી ત્યારે એણે મોંઢું બહાર કાઢીને જવાબ આપ્યો કે, હું રાહિબ નથી. રાહિબ તો એવો માણસ હોય શકે ...

- ❑ જે અલ્લાહ તઆલાથી ડરતો હોય.
- ❑ એની મહાનતાનો એકરાર કરતો હોય.
- ❑ એની મહાનતા સામે પોતાને તુચ્છ સમજતો હોય.
- ❑ એની મુસીબતો ઉપર સબ્ર અને ધીરજ રાખતો હોય.
- ❑ એની તકદીર ઉપરા રાજી અને ખુશ હોય.
- ❑ એની નેઅમતોનો શુક્ર અદા કરે.
- ❑ ઈનામો – નવાઝિશ ઉપર એના વખાણ કરે.
- ❑ એના હિસાબ – કિતાબની ફિકર રાખે.
- ❑ દિવસે રોઝા રાખે અને રાત્રે નમાઝ પઢે.
- ❑ દોઝખનો ડર એને રાત્રે સુવા ન દે.

આવો માણસ રાહિબ કહેવાય. હું તો ફાડી ખાનારા કુતરો છું. મેં પોતાને અહીંયા બાંધી રાખ્યો છે, જેથી મારી ઝબાનથી કોઈને ફાડી ન ખાઉં.

મેં એને પૂછયું કે હે રાહિબ ! મખ્લૂકને એના ખાલિક અલ્લાહથી કઈ વસ્તુએ ગફલતમાં નાખી દીધા છે ?

એણે કહયું કે, મારા ભાઈ ! અલ્લાહ તઆલાની મઅરિફત પછી કોઈ બીજી વસ્તુ બહેકાવનારી હોય તો એ દુનિયાની મુહબ્બત અને એનું આકર્ષણ છે. અલ્લાહ તઆલાની નાફરમાની માટે આ જ મોટી જડ છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જે કોઈ દુનિયાની મુહબ્બતને દિલમાંથી કાઢી નાંખે અને તોબા – ઈસ્તિગ્ફાર કરી લે એ જ અકલમંદ છે.

આપ રહ. ફરમાવે છે કે, એકવાર હું અને અય્યૂબ સખ્તીયાની રહ. શામ દેશના રસ્તે સફર કરી રહયા હતા. અમને રસ્તામાં એક હબશી માણસ મળ્યો. લાકડીઓનો ભારો માથે ઉઠાવીને જઈ રહયો હતો. અમે એને પૂછયું કે હે હબશી ! તારો રબ કોણ છે ? એણે કહયું કે મારા જેવા માણસથી તમે આ પ્રશ્ન પૂછો છો ? આમ કહીને એણે લાકડીઓનો ભારો નીચે મૂકયો અને આસમાન તરફ મોંઢું ઉઠાવીને કહેવા લાગ્યો : હે અલ્લાહ ! આ લાકડીઓને સોનું બનાવી દે. તુરંત એ લાકડીઓ સોનાની બની ગઈ. પછી બોલ્યો કે આરિફીનને પૂછતા રહો, એમની નવીનતાઓ કદી ખતમ નથી થતી. હઝ. અય્યૂબ રહ. ફરમાવે છે કે મને એ હબશીની સ્થિતિ જોઈને ભારે અચરજ થયું. હું પોતાને તુચ્છ સમજવા લાગ્યો. પછી અમે એને પૂછયું કે તારી પાસે કંઈ ખાવાનું છે ? જવાબમાં એણે હાથ હલાવીને ઈશારો કર્યો તો એક પ્યાલો અમારી સામે આવી ગયો. બરફથી વધારે સફેદ અને મુશ્ક કરતાં વધારે ખુશ્બૂદાર મધથી છલોછલ હતો. એણે કહયું કે આ મધમાખીઓનું મધ નથી. અમે એ ખાધું. એના જેવી મીઠી અને રસદાર ચીજ અમે જોયી ન હતી. અમને આ બધાની ઘણી નવાઈ લાગી. એ કહેવા લાગ્યો કે,

= કરામતો જોઈને નવાઈ પામી જનાર માણસ 'આરિફ' નથી હોય શકતો.

= નવાઈ કરનાર માણસ અલ્લાહથી દૂર હોય છે

= અને કરામતોના આધારે ઈબાદત કરનાર માણસ અલ્લાહ તઆલાથી નાવાકેફ હોય છે.

***કરામતો***

આપ રહ. મોટા સાહિબે કરામત હતા.

એક વાર કયાંક જઈ રહયા હતા. સમુદ્રી સફર હતી. દરિયા કિનારે નાવડીવાળાઓ પૈસા હોય એમને જ બેસાડતા હતા. ગરીબો બિચારા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિનારે જોતા રહી જતા. આપ રહ.એ આ દશ્ય જોયું તો એ બધાને ભેગા કર્યા અને કહયું કે જાઓ, મારું નામ લઈને નદીને કહો કે સુકાય જાય. ગરીબોએ આ સંદેશ નદીને પહોંચાડયો તો પાણી એટલું બધું ઓછું થઈ ગયું બધા સહી સલામત પાર થઈ ગયા.

આપ રહ. એકવાર દરિયાની સફરે હતા. દરિયામાં આંધી આવી તો આપ રહ.નું જહાઝ આપને કોઈ ટાપુ ઉપર લઈ ગયું. ત્યાં આપ રહ.એ એક મુર્તિપૂજકને જોયો. આપ રહ.એ એને પૂછયું કે તું કોની ઈબાદત કરે છે ? એણે મુર્તિ બતાવી. આપ રહ.એ એને તવહીદ અને ઈસ્લામની તબ્લીગ કરી. કુરઆન શરીફની આયતો સાંભળીને એના દિલ ઉપર ઘણી અસર થઈ. તે મુસલમાન થઈ ગયો અને ટાપુ છોડીને આપ રહ. સાથે રહેવા લાગ્યો. રસ્તામાં આપ રહ.એ એના માટે કંઈક ચંદો ભેગો કરવાનો ઈરાદો કર્યો તો કહેવા લાગ્યો કે,

હું જયારે અલ્લાહને છોડીને મૂર્તિને પૂજતો હતો ત્યારે અલ્લાહ તઆલાએ મને સાચવી રાખ્યો હતો. હવે તો હું એની ઈબાદત કરું છું. એ મને કેમ બરબાદ કરશે ?

એકવાર રાત્રે એણે પૂછયું કે અલ્લાહ તઆલા રાત્રે સુઈ જતા હશે ? લોકોએ એને બતાવ્યું કે અલ્લાહ તઆલા તો સદા જીવંત રહેનાર હસ્તી છે. ઊંઘ જેવી ખામીઓ અલ્લાહ તઆલામાં ન હોય. આ સાંભળીને કહેવા લાગ્યો કે તમે બધા કેવા ગુલામ છો ? તમારો આકા અને માલિક જાગે છે અને તમે સૂઈ જાઓ છો ? આપ રહ. અને આપના સાથીઓને એના ઈમાનની મજબૂતી ઉપર ઘણી નવાઈ લાગી. થોડા દિવસ પછી એનો ઈન્તેકાલ થઈ ગયો તો આપ રહ.એ ખ્વાબમાં એને જન્નતમાં ઘણા જ ઉચ્ચ મુકામે જાયો.

### જન્નતી દોસ્ત

છેલ્લી ઉમરમાં આપ રહ. ઘણા જ બીમાર થઈ ગયા હતા. શરીર ઉપર લકવાની અસર થઈ ગઈ હતી. વુઝૂ કરવાની પણ શકિત રહી ન હતી. એક દિવસ નમાઝના સમય વેળા ખાદિમ વગેરે કોઈ ન હતું. આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ને ઘણી જ બેચેની થઈ. અલ્લાહ તઆલાથી દૂઆ કરી તો નમાઝ – વુઝૂ વેળા લકવાની અસર જતી રહેતી અને નમાઝ પછી શરીર પાછું લકવાગ્રસ્ત થઈ જતું.

આપ રહ. ફરમાવે છે કે ત્રણ રાત સુધી હું દુઆ કરતો રહયો કે હે અલ્લાહ ! જન્નતમાં જે કોઈ મારો દોસ્ત હશે એની સાથે દુનિયામાં મારી મુલાકાત કરાવી દયો. ત્રણ દિવસ પછી મને બતાવવામાં આવ્યું કે અસ્માઅ સવદા તારી સાથી છું. આ સ્ત્રી એટલી કાળી હતી કે 'સવદા' (કાળી) એનું નામ પડી ગયું હતું. મેં પૂછયું કે એ કયાં રહે છે ? તો મને બતાવવામાં આવ્યું કે કૂફાના ફલાણા મહોલ્લામાં રહે છે. હું એને મળવા નીકળ્યો. મેં લોકોને પૂછયું તો બતાવ્યું કે એ બકરીઓ ચરાવે છે અને હમણા ફલાણા જંગલમાં હશે. હું જંગલમાં પહોંચ્યો તો જોયું કે એક ગોદડી ઓઢીને એ નમાઝ પઢી રહી છે અને એની આસપાસ બકરીઓ અને વાઘ એક સાથે ચરી રહયા છે. હું પહોંચ્યો તો એણે નમાઝ ટુંકાવીને સલામ ફેરવી. પછી કહેવા લાગી કે અબ્દુલવાહિદ ! આજે ચાલ્યા જાઓ. આજે મુલાકાત નહીં થાય. મુલાકાતનો વાયદો કાલ (કયામતના દિવસ)નો છે.

મેં એમને કહયું કે અલ્લાહ તઆલા તમારા ઉપર રહમ કરે, તમને કેવી રીતે ખબર પડી કે હું અબ્દુલવાદિહ છું ? એણે જવાબ આપ્યો કે બધી રૂહો અઝલમાં એટલે કે સૃષ્ટિના સર્જન પહેલાં એક લશ્કરની જેમ ભેગી હતી. જેમના વચ્ચે ત્યાં ઓળખાણ થઈ હશે એ બધા અહીંયા પણ પરિચિત હોય છે. (આ એક હદીસ શરીફનો ખુલાસો છે.) મેં એમને કહયું કે કંઈ નસીહત કરો. તો કહેવા લાગી કે જે માણસ પોતે વાએઝ હોય, અન્યોને નસીહત અને બોધ આપતો હોય એ બીજા માણસ પાસે નસીહત માંગે છે ?

પછી એ કહેવા લાગી કે મને બુઝુર્ગોથી જાણવા મળ્યું છે કે જે કોઈ માણસને અલ્લાહ તઆલાએ દુનિયાની કોઈ નેઅમત આપી દીધી હોય, છતાં એ માણસ દુનિયા પાછળ પડયો રહે એવા માણસને અલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તઆલા પોતાની મુહબ્બતથી દૂર કરી દે છે. પછી એણે અમુક શેર પઢયા, જેનો તરજુમો નીચે મુજબ છે :

હે વાએઝ ! તું વઅઝ કરે છે ત્યારે લોકોને ગુનાહોથી રોકે છે, પણ પોતે ગુનાહોનો બીમાર છે. અન્યોને કહેતાં પહેલાં તું પોતે તોબા કરી લેત તો લોકો ઉપર તારી વાતની અસર વધારે થાત. પણ માણસ પોતે કરતો હોય એવા કામોથી અન્યોને મના કરે તો એનો મતલબ એ થયો કે તું પોતે શક અને અવઢવમાં છે.

મેં એમને પૂછયું કે તમારી અહિંયા બકરીઓ વાઘ સાથે ચરી રહી છે, એનું શું રહસ્ય છે ? એણે કહયું કે જાઓ, તમે તમારું કામ કરો. મેં મારા માલિક સાથે સુલેહ કરી લીધી છે, એટલે માલિકે મારી બકરીઓ અને વાઘ વચ્ચે સુલેહ કરાવી દીધી છે. (તફસીરે ઈબ્ને કષીર, સૂરએ બકરહ, આયત : ૪૪)

તારીખે મશાઈખે ચિશતમાં હઝરત શૈખુલ હદીસ રહ. આ કિસ્સો વર્ણવ્યા પછી લખે છે કે મેં મારા કાકા હઝરત મવલાના ઈલ્યાસ સાહેબ (હઝરત જી) રહ. ના મકાનમાં પણ આ આશ્ચર્યજનક બાબત જોયી કે એમના મકાનમાં અનેક મરઘીઓ અને બિલાડીઓ આખો દિવસ સાથે જ હરતી ફરતી હતી.

તફસીરે રુહુલ બયાન (૩–૫૧૬)માં હઝરત અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ.નો એક કિસ્સો છે. આપ રહ.એ ફરમાવ્યું કે એકવાર અમે બધા એક મજલિસમાં હતા અને જિહાદ માટે જવાની તૈયારી કરી રહયા હતા. મેં મારા દોસ્તોને કુરઆનની બે આયતો પઢવાનું કહયું તો એણે આ આયત પઢી :

إن الله اشترى من المؤمنين أنفسهم وأموالهم بأن لهم الجنة

*(તવબહ : ૧૧૧)*

અલ્લાહ તઆલાએ મોમિનો પાસેથી એમના પ્રાણ અને સંપત્તિ એમને જન્નત આપીને ખરીદી લીધાં છે.

આ આયત સાંભળીને પંદરેક વરસનો એક છોકરો ઉભો થયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાપના ઈન્તેકાલ પછી ઘણો બધો માલ એને વારસામાં મળ્યો હતો. એ કહેવા લાગ્યો કે શું સાચે જ જાન – માલના બદલામાં અલ્લાહ તઆલા જન્નતનો બદલો આપશે ? મેં કહયું કે હા, મારા દોસ્ત. તે કહેવા લાગ્યો કે, હું તમને ગવાહ બનાવું છું કે મેં મારા પ્રાણ અને માલ જન્નતના બદલામાં અલ્લાહ તઆલાને વેચી દીધાં. મેં એને કહયું કે, તલવારની મુસીબત ઘણી અઘરી વસ્તુ છે. તું હજુ નાનો છે, અને મને ડર છે કે તારાથી એ મુસીબત સહેવાશે નહીં અને તું પાછો આવતો રહીશ. એ કહેવા લાગ્યો કે હે અબ્દુલવાહિદ ! હું અલ્લાહ તઆલા સાથે જન્નતનો સોદો કરું અને પાછો હટું ? હું અલ્લાહને જ ગવાહ બનાવું છું કે મેં એના સાથે આ મામલો કરી લીધો છે.

અબ્દુલ વાહિદ રહ. ફરમાવે છે કે, એ છોકરાની વાત સાંભળીને અમે પોતાને તુચ્છ સમજવા લાગ્યા. અમને થયું કે એક નાનકડો છોકરો અમારા કરતાં વધારે સારી સમજ ધરાવે છે. એણે પોતાનો સઘળો માલ સદકહમાં આપી દીધો. ફકત ઘોડો, હથિયારો અને સફરના ભાથા માટેના પૈસા પોતાની પાસે રાખ્યા. લશ્કરની કુચના દિવસે એ સવારના પહોરમાં જ અમારી પાસે આવ્યો અને બોલ્યો :

અબ્દુલ વાહિદ ! અસ્સલામુ અલયકુમ.

મેં કહયું વઅલયકુમુસ્સલામ. ઈન્શાઅલ્લાહ તમારા સોદામાં તમને ભારે નફો થશે. સફરમાં એ અમારી સાથે રહેતો હતો. દિવસે રોઝો રાખતો હતો અને રાત્રે ઈબાદત કરતો. અમારી અને અમારા ઘોડાઓની પણ તે પોતે ચાકરી કરતો હતો. અમે સુઈ જતા પણ તે જાગીને અમારી ચોકીદારી કરતો. અમારું લશ્કર રોમના પ્રદેશમાં પહોંચ્યું. હજુ લડાઈ થઈ ન હતી અને લશ્કરે એક સ્થળે પડાવ નાખ્યો હતો. એક દિવસ અચાનક તે આવ્યો અને જોરથી બોલવા લાગ્યો કે, હાય ! અયનાઅ મરઝિય્યહને મળવાનો શોખ ઘણો જ વધી ગયો છે.

મારા સાથીઓ કહેવા લાગ્યા કે આ છોકરાનું દિમાગ ખરાબ થઈ ગયું હોય એમ લાગે છે. મેં એને બોલાવીને પૂછયું કે, મારા વહાલા ! આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અયનાઅ મરઝિય્યહ શું છે ? એણે કહયું કે, હું થોડીવાર સુઈ ગયો હતો, મેં જોયું કે કોઈ માણસે આવીને મને કહયું કે અયનાઅ મરઝિય્યહ પાસે ચાલ. એ મને એક સુંદર બાગ પાસે લઈ આવ્યો. બાગમાં પાણીની નહેરો વહી રહી હતી. નહેરના કિનારાઓ ઉપર ઘરેણા પહેરેલી સુંદર છોકરીઓ બેસેલી હતી. એવી સૌંદર્યવાન કે હું એમના સૌંદર્યને વર્ણન નથી કરી શકતો. એમણે મને જોયો તો એ બધી મને વધાવવા લાગી અને પરસ્પર વાતો કરવા લાગી કે આ અયનાઅ મરઝિય્યહનો શોહર છે. મેં એમને કહયું કે, અસ્સલામુ અલયકુન્ન. તમારામાં કોઈ અયનાઅ મરઝિય્યહ છે ? તેણીઓએ કહયું કે, ના, અમે તો એની નોકરાણીઓ છીએ. તું આગળ જા. હું આગળ વધ્યો. ત્યાં મેં જોયું કે એક અતિસુંદર બગીચામાં ખુશ્બૂદાર દૂધની નહેર વહી રહી છે. અહીયાં પણ નહેરના કિનારે સુંદર છોકરીઓ હતી. મને જોઈને કહેવા લાગી કે આ જ અયનાઅ મરઝિય્યહનો શોહર છે. ત્યાર પછી આગળ વધ્યો તો શરાબની નહેર આવી. અહીંયાથી આગળ વધ્યો તો ચોખ્ખા મધની નહેર આવી. ત્યાંથી આગળ વધીને એક સુંદર તંબુ પાસે પહોંચ્યો. તંબુના દરવાજે એક સુંદર ગુલામડી ઘરેણા અને ઝવેરાત પહેરીને ઉભી હતી. મને જોઈને તેણે બુમ પાડી કે હે અયનાઅ મરઝિય્યહ ! આ તારો શોહર આવી ગયો છે. હું આગળ વધીને તંબુ પાસે ગયો અને અંદર ચાલ્યો ગયો. અંદર એક સોનેરી પલંગ ઉપર અયનાઅ મરઝિય્યહ બેસેલી હતી. તેણે મને આવકાર્યો. મેં આગળ વધીને એને ભેટવાનો ઈરાદો કર્યો તો એ બોલી કે, થોભી જા. હજુ મળવાનો સમય નથી આવ્યો. હજુ તારામાં જીવનના શ્વાસ બાકી છે. ઈન્શાઅલ્લાહ આજે રાત્રે આપણે સાથે ઈફતાર કરીશું. હે અબ્દુલ વાહિદ ! ત્યાર પછી મારી આંખ ખુલી ગઈ. અને હવે હું અયનાઅ મરઝિય્યહ માટે બેચેન છું. હજુ અમારી આ વાતચીત ચાલુ જ હતી, એટલામાં દુશ્મનનું એક લશ્કર અમે આવતું જોયું. યુવાને તુરંત હથિયાર ઉઠાવ્યા અને લશ્કર ઉપર તૂટી પડયો. એક પછી એક નવ માણસોને એણે કતલ કર્યા એ હું જોતો રહયો. અને દસમા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નંબરે તે પોતે ઝખ્મી થઈને નીચે પડયો. હું એની પાસે પહોંચ્યો તો જોયું કે તે લોહીમાં લથપથ પડયો હતો અને ખુશખુશાલ હસી રહયો હતો. પછી આ જ સ્થિતિમાં એણે છેલ્લા શ્વાસ લીધા. ખઝીનતુલ અસ્ફિયા, મિરાતુલ અસ્રાર વગેરે અનેક કિતાબોમાં આ કિસ્સો થોડા ફેરફાર સાથે વર્ણવવામાં આવ્યો છે.

હઝ. અબ્દુલ વાહિદ બિન ઝેદ રહ.નો આવો જ બીજો એક કિસ્સો ઈબ્રાહીમ નામી એક યુવાનની વાલિદહ બાબતે પણ છે. હઝ. અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ.એ એકવાર જિહાદની ફઝીલત બાબતે વઅઝ ફરમાવી અને એમાં શહાદતના સવાબ વિશે જન્નત અને જન્નતની નેઅમતોનું વર્ણન ફરમાવ્યું. એમાં શહીદ થનાર માટે જન્નતની હૂર અયનાઅ મરઝિય્યહ સાથે શાદી થવાની ખુશખબરી પણ સંભળાવી. આ સ્ત્રીએ તુરંત ઉભા થઈને પોતાના છોકરા તરફથી જન્નતની હૂરના મહેર સ્વરૂપે ૧૦ હઝાર દીનાર આપ્યા અને પોતાના છોકરા ઈબ્રાહીમને લડાઈમાં જવાનો હુકમ કર્યો.

આખો કિસ્સો અહમદ બિન ઈબ્રાહીમ દીમ્યાતી રહ.એ એમની કિતાબ (مشــارع الاشـواق إلــى مصارع العشـاق) પેજ : ૨૧૫ માં વર્ણવ્યો છે. લેખકના લખવા મુજબ અબૂ જઅફર અહમદ બિન લબ્બાન રહ.એ એમની કિતાબ (تـنبيــه ذوى الاقـدار إلـى مسـالك الأبـرار)માં ઉપરોકત કિસ્સો વર્ણવ્યો છે.

***<u>અસરકારક વાએઝ</u>***

ઉપરોકત કિસ્સાથી એ પણ પૂરવાર થાય છે હઝરત અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ. મોટા વાએઝ હતા.

સિયરુ અઅલામિન્નુબલામાં છે કે મસ્મઅ બિન આસિમ કહે છે કે એકવાર એમની વઅઝની મજલિસમાં હું હાજર હતો. એમની વઅઝની અસરથી એ મજલિસમાં ચાર માણસો મરી ગયા હતા.

સિયરુ અઅલામિન્નુબલામાં બીજા એક માણસનું કથન છે કે એકવાર અબ્દુલવાહિદ બિન ઝેદ વઅઝ કહી રહયા હતા. એટલામાં એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માણસે ઉભા થઈને કહયું કે, બસ. રોકાય જાઓ. મારા દિલનો પરદો તમે ચીરી નાખ્યો છે. પણ અબ્દુલવાહિદ રહ. એ વઅઝ ચાલુ રાખી. થોડી જ વારમાં એ માણસ મરી ગયો. હું એના જનાઝહમાં પણ શરીક થયો હતો. *(સિયરુ અઅલામિન્નુબલા)*

હારિસ બિન ઉબૈદ કહે છે કે માલિક બિન દીનાર રહ.ની મજલિસમાં અબ્દુલવાહિદ મારા સાથે બેસતા હતા અને એટલું રડતા હતા કે એમના રડવાના કારણે હું માલિક રહ.ની વાતો પણ સમજી શકતો ન હતો.

ઝેદ બિન ઉમર કહે છે કે એકવાર અસર પછી હું હઝરત શેખ અબ્દુલવાહિદ રહ.ની મજલિસમાં ગયો. મેં જોયું કે તેઓ ખૂબ રડી રહયા છે. આંસુઓ એમની દાઢી સુધી વહી રહયા હતા અને એમના ખભાઓ જાણે કોઈનો ભય હોય એમ થરથર કાંપી રહયા છે. (સિફતુ સ્સફવહ : ૩–૩૨૧)

*મલ્ફૂઝાત :*

- ❑ દુનિયામાં માણસનું ઉદાહરણ માં ના ગર્ભમાં મોજૂદ બાળક જેવું છે. બાળક બહાર આવી જાય પછી પાછું જવા નથી ચાહતું. મોમિન પણ એકવાર દુનિયાથી નીકળી જાય પછી પાછો દુનિયામાં આવવાની ઈચ્છા કરશે નહીં.
- ❑ રોટી અને નમક જરૂર ખાતા રહો. એનાથી ચરબી ઓગળે છે અને સ્વભાવમાં દઢતા વધે છે.
- ❑ માણસ એના પરવરદિગારના હુકમ પ્રમાણે કાર્ય કરતો રહે એ જ એની સર્વશ્રેષ્ઠ સ્થિતિ છે. અલ્લાહ તઆલા માણસને પોતાની ફરમાબરદારી માટે દુનિયામાં રાખે તો ફરમાબરદારી કરતો રહે અને મૃત્યુ આપીને પોતાની પાસે બોલાવી લે તો એના ઉપર પણ રાજી રહેવું જ બંદા માટે બેહતર છે.(અકવાલે સલફ : ૨–૨૪૬)
- ❑ સિયરુલ અકતાબમાં છે કે આપ રહ. ફરમાવતા કે, ખુદા ન કરે કોઈ દરવેશ હાથમાં દિરહમ પકડીને પોતાના દોસ્તોમાં એટલે કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દરવેશો દરિયમાન અપમાનિત થાય. દરવેશનો હાથ, એનું પેટ અને ગજવું હમેંશા ખાલી હોવાં જોઈએ. જો એમ નથી તો એ દરવેશ નથી.

- હિલ્યતુલ અવલિયામાં છે કે આપ રહ. ફરમાવતા કે જે માણસ પેટ બાબતે મજબૂત હોય એટલે કે ભુખ્યા રહેવાની શકિત ધરાવતો હોય એ દીન ઉપર પણ મજબૂત હોય છે અને ઉચ્ચ અખ્લાક બાબતે પણ ઊંચો હોય છે. અને જે કોઈને દીન બાબતે પેટ કેટલું નુકસાન કરી શકે છે એનો અંદાઝો ન હોય તો એ માણસ ઈબાદત કરનારાઓ માંહે આંધળો ગણાય છે.
- દુઆની કુબૂલિયત એમાં રહેલા ઈખ્લાસ સાથે બંધાયેલી છે.
- જે માણસ એને પ્રાપ્ત ઈલ્મ મુજબ અમલ કરે છે એના ઉપર અલ્લાહ તઆલા ઈલ્મના દરવાજા ખોલી નાંખે છે.

***સૌપ્રથમ ખાનકાહ***

ફતાવા ઈબ્ને તયમિયહમાં છે :

أول من بنى دويرة الصوفية بعض أصحاب عبدالواحد بن زيد و عبدالواحد من أصحاب الحسن و كان فى البصرة من المبالغة فى الزهد والعباده والخوف و نحو ذلك ما لم يكن فى سائر أهل الأمصار ولهذا كان يقال فقه كوفى و عبادة بصرية

સૌપ્રથમ ખાનકાહની સ્થાપના કરનાર અથવા ખાનકાહી પરંપરા શરૂ કરનાર હઝરત અબ્દુલવાહિદ બિન ઝૈદ રહ.ના મુરીદો હતા. અને ઈસ્લામી વિશ્વમાં બસરહના બુઝુર્ગો વિશેષ કરીને ઈબાદત અને ઝુહદમાં સહુથી વધારે મશ્ગૂલ રહેતા હતા. એક સમયે એમ કહેવાતું હતું કે ફિકહમાં કૂફા અને ઈબાદતમાં બસરહને કોઈ પહોંચી ન શકે. (ફતાવા ઈબ્ને તયમિયહ : ૧૧–૭)

***વફાત***

સિયરુલ અકતાબમાં લખવા મુજબ ૨૭ સફર, ૧૭૦ હિજરીના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિવસે આપ રહ.ની વફાત થઈ. અમુક લોકોએ ૧૭૭ હિજરી પણ લખી છે. તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે ૧૭૭ હિ./૧૭૮ હિ./ ૧૭૬ હિ. /૧૮૬ હિ. વગેરે અનેક કથનો આપ રહ.ની વફાતના વરસ વિશે લખવામાં આવ્યાં છે. ખઝીનતુલ અસ્ફિયામાં છે કે ૧૭૭ હિ.નું કથન અમારા મતે યોગ્ય છે. અલબત્ત સિયરુ અઅલામિન્નુબલામાં છે કે ૧૫૦ હિજરી પછી કોઈ સમયે આપ રહ.ની વફાત થઈ છે. ૧૭૭ હિજરીમાં વફાત થઈ હોવાની વાત યોગ્ય નથી, એ અબ્દુલ વાહિદ બિન ઝિયાદ રહ.ની વફાતની તારીખ છે.

*ખલીફાઓ :*

ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ. ખ્વાજા અબૂલ ફઝલ બિન રઝીન રહ. ખ્વાજા અબૂ યાકૂબ સૂસી રહ. વગેરે આપના મહાન ખલીફાઓ છે.

શેખ નજમુદ્દીન કુબરા રહ.(૫૪૦–૬૧૮)નો સિલસિલો આગળ જઈને શેખ અબૂયાકૂબ સૂસી રહ.ને જઈ મળે છે. અલબત્ત સિલસિલો લખનારા શજરહમાં શેખ અબ્દુલવાહિદ બિન ઝૈદ રહ.ના શેખ ખ્વાજા હસન બસરી રહ.ના સ્થાને શેખ કુમૈલ બિન ઝિયાદ રહ.નું નામ લખે છે. જેમ આપણા બુઝુર્ગોના શજરહમાં ફકત હઝ. હસન બસરી રહ.નું નામ લખવામાં આવે છે. શેખ અબ્દુલ વાહિદ રહ.ને હસન બસરી રહ. ઉપરાંત શેખ કુમૈલ બિન ઝિયાદ રહ.થી પણ ખિલાફત હતી, એટલે સિલસિલો હસન બસરી રહ. અને હઝ. કુમૈલ બિન ઝિયાદ રહ. બન્નેના વાસ્તાથી હઝરત અલી રદિ. પહોંચે છે એમ ગણી શકાય છે.

હવે પછી આપણા સિલસિલામાં ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ. આવે છે.

*સંદર્ભ ગ્રંથો :*

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત. | હઝ. શેખ. મવલાના ઝકરિયા રહ. |
| અકવાલે સલફ | હઝ. મવ. કમરુઝઝમાન સા. દા.બ. |
| ખઝીનતુલ અસ્ફિયા. | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| સિયરુ અઅલામિન્નુબલા. | હાફિજ શમ્સુદીન ઝહબી રહ. |
| મિરાતુલ અસરાર. | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| તફસીરે રુહુલ બયાન. | શેખ ઈસ્માઈલ હક્કી રહ. |
| તફસીરે ઈબ્ને કષીર. | અલ્લામહ ઈબ્ને કષીર રહ. |
| સિફતુસ્સફવહ. | ઈબ્ને જવઝી રહ. |
| હિલ્યતુલ અવલિયા. | અબૂ નુઐમ અસ્ફહાની રહ. |
| સિયરુલ અકતાબ. | શેખ અલ્લાહ દિયા ચિશ્તી રહ. |
| ફતાવા ઈબ્ને તયમીયહ | અલ્લામહ ઈબ્ને તયમિયહ |
| ફઝાઈલે આમાલ. | હઝ. શેખ. મવલાના ઝકરિયા રહ. |

મશારિઉલ અશ્વાક ઈલા મસારિઉલ ઉશ્શાક.
શેખ અહમદ બિન ઈબ્રાહીમ દીમ્યાતી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૪.

# હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| વતન અને જન્મ | ૩૧૨ |
| ડાકૂગીરી અને તોબા | ૩૧૨ |
| તાલીમ અને બયઅત | ૩૧૪ |
| ઈબાદત અને મુજાહદહ | ૩૧૫ |
| ખલીફા હારૂન રશીદને નસીહત | ૩૧૫ |
| એકાંત અને આખિરતનો ખોફ | ૩૨૧ |
| ખૈરિયતનો જવાબ | ૩૨૨ |
| હિકમત અને ઈબ્રતની વાતો | ૩૨૪ |
| આપના પુત્ર હઝરત અલી રહ. | ૩૨૭ |
| વફાત | ૩૨૮ |
| ખલીફાઓ | ૩૨૯ |
| સંદર્ભ ગ્રંથો : | ૩૨૯ |
| | |
| | |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*વતન અને જન્મ*

સમરકંદમાં હિજરી સન ૧૦૭, ખ્વાજા ફુઝૈલ રહ.નો જન્મ થયો. અને ત્યાંના એક શહેર અબીવર્દ (Abiward)માં આપ રહ.નું બાળપણ વીત્યું હતું. (Abiward) જૂના ખુરાસાન પ્રાંતનું એક શહેર હતું. આજકાલ તુર્કમાનિસ્તાનનું એક શહેર ગણાય છે. સિયરુ અઅલામિન્નુબલામાં છે કે પાછળથી કૂફામાં આવીને વસ્યા હતા. અત્રે હદીસ અને અન્ય ઈસ્લામી વિદ્યાઓનું જ્ઞાન મેળવ્યું અને પછી મક્કા શરીફ જઈને ત્યાં જ રહયા. અબૂ અલી અને અબૂલ ફઝલ આપ રહ.ની કુન્નિયત અને આબિદુલ હરમૈન આપનો લકબ છે.

*ડાકૂગીરી અને તૌબા*

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શૈખુલ હદીસ રહ. લખે છે કે પહેલાં આપ રહ. સરખ્સ અને અબીવર્દ વચ્ચેના વિસ્તારના ડાકૂઓની એક જમાતના સરદાર હતા. બધા ડાકૂઓની અમાનતો આપની પાસે જ જમા રહેતી હતી. આ સ્થિતિમાં નમાઝ રોઝાની પણ પાબંદી કરતા હતા.(તઝકિરતુલ અવલિયા) એકવાર લૂટના ઈરાદેથી કયાંક જઈ રહયા હતા એવામાં કોઈ તિલાવત કરનારના મુખે કુરઆનની એક આયત આપ રહ.એ સાંભળી કે,

ألم يأن للذين آمنوا أن تخشع قلوبهم لذكر الله

શું ઈમાન વાળાઓ માટે સમય નથી આવ્યો કે તેઓનું દિલ અલ્લાહના નામ સામે ઝૂકી પડે.. આ આયત એકદમ એવી અસર કરી ગઈ કે રડી પડયા અને તોબા કરી લીધી. અલ્લાહ તઆલાએ કોઈના થકી કામ લેવું હોય છે તો પહેલેથી જ એના યોગ્ય અસબાબ બનાવી દે છે. આપની પહેલેથી જ આદત હતી કે જયારે કોઈનો માલ લૂટતા તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એની બધી વિગત લખી લેતા હતા. એટલે જયારે તોબા કરી તો બધી રકમો એમના અસલ માલિકોને પરત કરી દીધી. એમાં એક યહૂદીએ રકમ પાછી લેવાનો ઈન્કાર કરી દીધો. એનું કહેવું હતું કે મારી થેલીમાં તો સોનાના સિક્કા હતા. આપ રહ.એ એને ઘણો સમજાવ્યો પણ એ માનવા તૈયાર ન હતો. છેવટે એણે કહયું કે મેં કસમ ખાધી છે કે જયાં સુધી મારું સોનું પાછું નહીં મળે હું તને માફ નહીં કરું. હવે તું એક કામ કર, મારા ઘરમાં ફલાણી થેલીમાં સોનું મેં મુકયું છે, તે લાવીને મને આપી દે એટલે મારી કસમ પૂરી થઈ જાય અને હું તને માફ કરી દઊં. આપ રહ.એ એ થેલી લાવીને એને આપી. હકીકતમાં આ થેલીમાં એણે રેતી ભરી રાખી હતી અને આપ રહ.ની કસોટી કરવા ચાહતો હતો. એણે થેલી હાથમાં લઈને ખોલી તો એ સોનાથી ભરેલી હતી. આ કરામત જોઈને એણે કહયું કે હવે મને યકીન છે કે તમે સાચી તોબા કરી છે. તવરાતમાં લખ્યું છે કે જેની તોબા સાચી હોય છે એના હાથમાં રેતી પણ સોનું બની જાય છે. અને પછી એ પણ મુસલમાન બની ગયો. તઝકિરતુલ અવલિયામાં છે કે યહૂદીએ પ્રથમ આપ સામે શરત મુકી કે મારા ઘર સામે જે પહાડી છે એ હટાવીને મેદાન સરખું કરી દયો તો માફ કરું. આપ રહ. માફીની આ શરત પૂરી કરવાના ઈરાદે પહાડીની માટી ખોદવાનું શરૂ કર્યું. અલ્લાહનું કરવું કે એક રાત્રે એવી આંધી આવી કે આખી પહાડી ત્યાંથી ખતમ થઈને મેદાન બની ગયું. પછી યહૂદીએ પોતાની કસમ પૂરી કરવા રેતી ભરેલી થેલી મંગાવી, જે સાનું બની ગઈ અને એણે ઈસ્લામ સ્વીકાર કરી લીધો.

સિરયુ અઅલામિન્નુબલામાં લખવા મુજબ ડાકૂગીરીના સમયમાં એક યુવતી સાથે એમને ઈશ્ક થઈ ગયો હતો. રાત્રે એને મળવા કોઈની છત ઉપર ચડીને કૂદી રહયા હતા એવામાં ઉપરોકત આયત સાંભળીને આપ રહ.એ તોબા કરી. તોબા કરીને સફરમાં નીકળ્યા. રાત્રે એક કાફલા પાસે રોકાયા તો કાફલા વાળા વાત કરી રહયા હતા કે સવારે જ સફર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આગળ વધારીશું. રાત્રે સફર કરવામાં ફુઝૈલ ડાકૂનો ભય છે. એમની વાત સાંભળીને હઝરત ફુઝૈલ રહ.ને થયું કે આ બધું મારી તોબાના અસબાબ છે. કાફલાવાળાઓને કહયું કે હું જ ફુઝૈલ છું અને હવે મેં તોબા કરી લીધી છે.

ઈતિહાસકારોએ લૂંટ અને ડાકૂગીરી અને પછી તોબા કરવાની ઘટનાઓનું અલગ અલગ રીતે વર્ણન કર્યું છે. તઝકિરતુલ અવલિયા વગેરે કિતાબોમાં એની વિગત જોઈ શકાય છે.

***તાલીમ અને બયઅત***

ત્યાર પછી આપ રહ. કૂફા આવી ગયા. અહિંયા થોડા દિવસ ઈમામ અબૂહનીફહ રહ.ની સેવામાં રહયા. અલબત્ત ઈબાદતનો શોખ વધારે હતો એટલે હઝરત હસન બસરી રહ.ને મળવા બસરહ રવાના થયા. ત્યાં પહોંચ્યા તો હઝરત હસન બસરી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો હતો. એટલે હઝરત ખ્વાજા અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ.ના હાથે બયઅત થયા.

સિયરુલ અકતાબમાં છે કે, આપ રહ. ખ્વાજા હસન બસરી રહ. પાસે જવા નીકળ્યા અને બસરહ નજીક પહોંચ્યા તો ખબર પડી કે હઝરત હસન બસરી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. આપ રહ.ને ઘણો જ અફસોસ થયો અને રડવા લાગ્યા. કોઈક હમદર્દે કહયું કે જો તમે મુરીદ થવા માંગતા હોવ તો શેખ અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ. પાસે ચાલ્યા જાઓ. તેઓ હઝરત હસન બસરી રહ.ના ખલીફા અને મોટા બુઝુર્ગ છે. એમના જેવા કોઈ બુઝુર્ગ તમને આ દુનિયામાં નહીં મળે. ખ્વાજા હબીબ અજમી રહ. એમના દોસ્ત છે અને દરઅઠવાડિયે બન્નેની મુલાકાત પણ થાય છે. એટલે પછી આપ રહ. હઝરત અબ્દુલવાહિદ બિન ઝૈદ રહ.ની પાસે જવા રવાના થયા અને એમના હાથે બયઅત થયા.

હઝરત અબ્દુલ વાહિદ બિન ઝૈદ રહ. પાસે પહોંચ્યા તો એમણે આપ રહ. પ્રત્યે મહેરબાની અને મુહબ્બતનો વર્તાવ કર્યો. પછી ફરમાવ્યું કે, ફુઝૈલ ! દરેક પ્રકારની બુરાઈથી બચતા રહો. દરવેશી એટલે ખામોશી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને એકલતાનું બીજું નામ સમજો. પાછલા ગુનાહો ઉપર પસ્તાવો કરો અને માફી માંગતા રહો. અલ્લાહ તઆલાને દરેક જગ્યાએ હાજર સમજો. (સિયરુલ અકતાબ : ૪૮)

***ઇબાદત અને મુજાહદહ***

હમેંશા રોઝા રાખતા હતા. પાંચસો રકાત રોજ નફલ પઢતા હતા. અનવારુલ આરિફીનમાં લખવા મુજબ એકવાર વુઝૂમાં કોઈ અવયવને બે વાર ધોયો. ત્રણવાર ધોવાનું ભૂલી ગયા. રાત્રે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખ્વાબમાં ઝિયારત થઈ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે ફૂઝૈલ તમારા જેવો માણસ મારી સુન્નત છોડી દે, એ કેમ ચાલે ? આપ રહ. એકદમ ચમકીને જાગી ગયા અને પછી રોજની પાંચસો રકાત નફલ પઢવાનું નક્કી કરી લીધું.

લોકોનું પાણી ભરતા હતા અને એની કમાણી થકી જ પોતાનું અને ઘરવાળાઓનું ગુઝરાન ચલાવતા હતા. ખ્વાજા અબૂ અલી રહ. ફરમાવે છે કે ૩૦ વરસ આપ રહ.ની સેવામાં રહયો. એકવાર સિવાય કદી આપ રહ.ને હસતા નથી જોયા. હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રહ. ફરમાવે છે કે જે માણસ મોટો બનવા માંગે છે એ અપમાનિત થાય છે. પછી મેં એમને કહયું કે મને કંઈક નસીહત કરો તો એમણે ફરમાવ્યું કે નાના બનીને રહો. મોટા બનીને ન રહો.

***ખલીફા હારૂન રશીદને નસીહત***

ખલીફા હારૂન રશીદ સાથે આપની ગુફતગૂનો એક લાંબો કિસ્સો ઘણા બધા સીરતકારોએ વર્ણવ્યો છે, ઘણો દિલચસ્પ અને બોધદાયક છે.

ખલીફા હારૂન રશીદના વઝીર ફઝલ બિન રબીઅનું વર્ણન છે કે એકવાર હજ પૂરી કરીને ખલીફા હારૂન રશીદ મારા ઘરે આવ્યા. હું ગભરાયને બહાર આવ્યો અને કહયું કે મને બોલાવી લીધો હોત. તમે શા માટે તકલીફ ઉઠાવી ? હારૂન રશીદે કહયું કે મારું દિલ ગભરાય રહયું છે. અંદરથી પરેશાન છું અને દિલના સુકૂન માટે કોઈ અલ્લાહવાળા પાસે જવાની ઈચ્છા છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મેં કહયું કે અહીંયા પાસે જ સુફયાન બિન ઉયયનહ રહ. છે. આપણે એમની પાસે જઈએ. અમે એમની પાસે પહોંચ્યા અને દરવાજે ટકોરા દીધા તો અંદરથી પૂછયું કે કોણ ? અમે જવાબ આપ્યો કે અમીરુલ મુઅમિનીન તમને મળવા આવ્યા છે. તેઓ ઉતાવળે બહાર આવ્યા અને અરજ કરી આપ અમીર છો, મને જ હુકમ કરીને બોલવી લીધો હોત ! બાદશાહે પછી આવવાનો મકસદ વર્ણવ્યો. થોડીવાર વાતો કરતા રહયા પછી પૂછયું કે તમારા માથે કોઈનું કરજ હોય હું આપની મદદ કરી દઊં ? એમણે કરજની વિગત જણાવી તો મને કહયું કે એમનું કરજ અદા કરવાની વ્યવસ્થા કરી દયો.

અહીંયાથી પાછા વળ્યા તો હારૂન રશીદે કહયું કે મને હજુ ચેન નથી. કોઈ બીજા પાસે જઈએ. મેં એમને અબ્દુર્રઝાક બિન હુમામનું નામ બતાવ્યું અને પછી અમે ત્યાં જઈ પહોંચ્યા. દરવાજે ટકોર કરી તો પૂછયું કે કોણ છે ? મેં બતાવ્યું કે અમીરુલ મુઅમિનીની તમને મળવાની ઈચ્છા લઈને આવ્યા છે. તેઓ પણ એકદમ બહાર આવ્યા અને કહેવા લાગ્યા કે આપ મને હુકમ કરત તો હું પોતે જ આવી જત. ખલીફાએ કહયું કે, કોઈ વાંધો નહીં. અમારો મકસદ સાંભળો અને ઉકેલ પેશ કરો. પછી મોડે સુધી હારૂન રશીદ અને શેખ અબ્દુર્રઝાક વાતો કરતા રહયા. થોડીવારે મને બોલાવીને હુકમ કર્યો કે શેખ અબ્દુર્રઝાક રહ.નું સઘળું કરજ અદા કરી દેવામાં આવે.

ત્યાંથી રવાના થયા તો હારૂન રશીદ કહેવા લાગ્યા કે હજુ દિલની મુરાદ પૂરી થઈ નથી. કયાંક બીજે જવું પડશે. મેં હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.નું નામ લીધું. અમે ત્યાં પહોંચ્યા તો તેઓ નમાઝમાં મશ્ગૂલ હતા. મેં દરવાઝો ખખડાવ્યો તો પૂછયું કે કોણ છે ? મેં કહયું કે અમીરુલ મુઅમિનીન આવ્યા છે, એમને અંદર બોલાવો. એમણે કહયું કે મારે વળી એમની સાથે શી લેવા દેવા ?

મેં કહયું કે, સુબ્હાનલ્લાહ, શું અમીરની ફરમાબરદારી તમારા ઉપર જરૂરી નથી ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમણે અંદરથી જ જવાબ આપ્યો કે શું તમને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ ઈરશાદ ખબર નથી કે કોઈ મોમિન માટે યોગ્ય નથી કે બીજાઓ સામે પોતાને અપમાનિત કરે. એમ કહીને તેઓ દરવાજે આવ્યા. દરવાજો ખોલીને પાછા ગયા, ચિરાગ ઓલવી દીધો અને એક ખુણામાં જઈ બેસી થયા. અમે ઘરમાં જઈને એમને શોધવા લાગ્યા. મારાથી પણ પહેલાં હારૂન રશીદનો હાથ એમને અડી ગયો તો એકદમ ફુઝૈલ બોલી ઉઠયા : અરે આ હાથ તો કેટલો નરમ છે ! પણ અલ્લાહના અઝાબથી બચી જાય તો જ બસ છે. મને દિલમાં થયું કે આજે રાત્રે જરૂર હઝરત ફુઝૈલ ખલીફા સાથે તકવાથી ભરપૂર સારી વાતો કરશે.

ખલીફાએ ત્યાર પછી પોતાના આવવાનો મકસદ વર્ણવ્યો.

હઝરત ફુઝૈલ રહ. કહેવા લાગ્યા કે, જયારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.ને ખલીફા બનાવવામાં આવ્યા તો સાલિમ બિન અબ્દુલ્લાહ રહ., મુહમ્મદ બિન કઅબ રહ. અને રજાઅ બિન હયવહ રહ.ને બોલાવ્યા અને ત્રણેવને કહયું કે મારા માથે ખિલાફત જેવી મોટી કસોટી આવી પડી છે. તમે બધા મને યોગ્ય સલાહ આપીને મારી મદદ કરો.

જવાબમાં સહુ પ્રથમ સાલિમ બિન અબ્દુલ્લાહ રહ.એ ફરમાવ્યું કે, અમીરુલ મુઅમિનીન ! આવતી કાલે કયામતના દિવસે અલ્લાહના અઝાબથી બચવા માંગો છો તો મરતાં સુધી આ દુનિયાનો રોઝો રાખી લ્યો. એટલે કે મરતાં સુધી દુનિયાથી સંપૂર્ણ બચીને રહો.

પછી મુહમ્મદ બિન કઅબ રહ.એ નસીહત કરી કે અલ્લાહના અઝાબથી બચવા ચાહો છો તો મોટી ઉમરના દરેક વ્યકિતને તમારા વાલિદની જેમ કાબિલે એહતેરામ સમજો. મધ્યમ ઉમરના માણસને પોતાના ભાઈ અને નાનાઓને પોતાના બાળકોની જેમ સમજીને એમની સાથે વર્તાવ કરો.

રજાઅ બિન હયવહ રહ. એ સલાહ આપી કે કયામતના દિવસે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલાના અઝાબથી બચવા ચાહતા હોવ તો મુસલમાનો માટે પણ એ જ વાત પસંદ કરો જે પોતાના માટે પસંદ કરો છો. અને એમના માટે એ વસ્તુ નાપસંદ કરો જે અલ્લાહ તઆલા પાસે નાપસંદ છે. આવી સ્થિતિમાં તમને મોત આવશે તો તમે અલ્લાહના અઝાબથી બચી જશો. હે બાદશાહ મને તમારી બાબતે તે દિવસનો ઘણો જ ડર છે જયારે લોકોના કદમ ડગમગી જશે.

આ સાંભળીને ખલીફા હારૂન રશીદ ઘણા જ રડયા. રડતાં રડતાં લગભગ બેહોશ જેવા થઈ ગયા.

ફઝલ બિન રબીઅ કહે છે મેં અરજ કરી કે, હઝરત ! અમીરુલ મુઅમિનીન ઉપર થોડી નરમી કરો. વધુ કડક વાતો ન કહો.

હઝરત ફુઝૈલ કહેવા લાગ્યા : હે રબીઅના બેટા ! તમે અને તમારા સાથીઓ એમને તબાહ કરી રહયા છો અને હું નરમી કરું ?

થોડી વારે હારૂન રશીદને હોશ આવ્યો તો ફુઝૈલ બિન અયાઝ રહ.ને કહેવા લાગ્યા, હજુ વધારે નસીહત કરો ! તો ફરમાવ્યું :

એકવાર હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ.ના એક ગર્વનર વિશે એમને શિકાયત કરવામાં આવી. એમણે ગર્વનરને પત્ર લખ્યો કે, હે ભાઈ ! હું તને એ દિવસ યાદ અપાવું છું જયારે દોઝખ વાળા અલ્લાહના અઝાબમાં લગાતાર જાગતા રહેશે. પોતાને તે સમયથી બચાવો જયારે તમને અલ્લાહ તઆલાના દરબારમાંથી એવી રીતે કાઢી મૂકવામાં આવે કે એ તમારી અલ્લાહ તઆલા સાથે આખરી મુલાકાત હશે અને નજાતની કોઈ ઉમ્મીદ બાકી ન રહેશે. ગર્વનરે આ પત્ર વાંચ્યો તો લાંબી સફર કરીને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રહ. પાસે આવ્યો. આપ રહ.એ એને આવવાનું કારણ પૂછયું તો કહેવા લાગ્યો કે તમારો પત્ર વાંચીને મારું દિલ આ સત્તા અને હોદ્દા ઉપરથી ઉઠી ગયું છે. હવે હું મરતાં સુધી કોઈ સરકારી હોદ્દો કુબૂલ કરીશ નહીં.

આ સાંભળીને હારૂન રશીદ વધારે રડવા લાગ્યા. અને કહયું કે અલ્લાહ તઆલા તમારા ઉપર રહમત કરે, મને ઓર નસીહત કરો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ. કહેવા લાગ્યા :

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસ રદિ. આપની પાસે આવ્યા અને અરજ કરી હે અલ્લાહના રસૂલ ! મને કોઈ પ્રદેશનો ગર્વનર નિયુકત કરી દયો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કયામતના દિવસે આ સત્તા અફસોસ અને પસ્તાવાનો સબબ બનશે. જો શકય હોય તો તમે કોઈ દિવસ હાકેમ ન બનશો.

આ સાંભળીને ખલીફા ત્રીજાવાર રડી પડયા. પણ નસીહત સાંભળવાની ખ્વાહિશ હજુ પૂરી થઈ ન હતી. કહેવા લાગ્યા કે ઓર નસીહત સંભળાવો.

હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.એ ફરમાવ્યું : હે સુંદર મુખડા વાળા ! તારી સામે જ અલ્લાહ તઆલા કયામતના દિવસે આ મખ્લૂક વિશે પૂછપરછ કરશે. જો તું આ સુંદર ચહેરાને જહન્નમની આગથી બચાવી શકતો હોય તો જરૂર બચાવજે. ખબરદાર ! સવાર સાંજ કદી પણ પોતાની પ્રજાને કોઈ તકલીફ આપવાનો વિચાર ન કરજે. કેમ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે કોઈ હાકેમે એની પ્રજાને ધોકો આપ્યો અને ખૈરખ્વાહી ન કરી એ જન્નતની ખુશ્બૂ પણ સુંઘવા નહીં પામે.

હારૂન રશીદ વધારે રડવા લાગ્યા.

પછી હઝરત ફુઝૈલ રહ.થી પૂછયું કે તમારા ઉપર કોઈ કરજ છે ? એમણે કહયું કે હા, મારા ઉપર અલ્લાહ તઆલાનું કરજ છે. તે જ મારાથી હિસાબ પણ લેશે. હાય અફસોસ ! તે મારી પાસે હિસાબ માંગશે તો હું શું જવાબ આપીશ ? હાય અફસોસ ! મારી પાસે યોગ્ય જવાબ કે દલીલ ન હશે તો હું શું કરીશ ? પછી ફરમાવ્યું કે આ અલ્લાહના હકો છે. એની ઈબાદત અને મારા ઉપર જરૂરી ઠેરવેલા બંદાઓના હકો છે.

છેલ્લે હારૂન રશીદે આપ રહ.ની સેવામાં ૧૦૦૦ દીનાર રજૂ કર્યા અને કહયું કે આ તમારા ઘરવાળાઓ ઉપર ખર્ચ કરજો. અને પોતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈબાદતની શકિત માટે પણ આ પૈસાનો ખર્ચ કરજો. જવાબમાં આપ રહ.એ ફરમાવ્યું કે, અજીબ વાત કરો છો ! હું તમને નજાતનો રસ્તો બતાવું છું તો તમે બધો બોજ મારા ઉપર જ નાખવા ચાહો છો. અલ્લાહ તઆલા તમને સલામત રાખે. અને નેકીની તોફીક આપે.

ફઝલ બિન રબીઅ કહે છે કે ત્યાર પછી ઘણીવાર સુધી હઝરત ફુઝૈલ રહ. ખામોશ બેસી રહયા. કંઈ બોલ્યા નહીં. અને અમે ત્યાંથી ઉઠીને પાછા આવવા નીકળ્યા. ઘરના દરવાજે પહોંચ્યા તો હારૂન રશીદે કહયું કે હે અબુલ અબ્બાસ, જયારે પણ તું મને કોઈ માણસ પાસે લઈ જાય તો આવા માણસો પાસે જ લઈ જજે. આ માણસ જ મુસલમાનોનો સાચો સરદાર છે.

એમના ગયા પછી તુરંત હઝરત ફુઝૈલ રહ.ના બીવી એમની પાસે આવ્યાં અને કહેવા લાગ્યા કે આપણે જે ગરીબીમાં જીવન જીવી રહયા છે એનાથી તમે વાકેફ છો. જો તમે એ રકમ લઈ લેત તો આપણને થોડી રાહત થઈ જાત. હઝરત ફુઝૈલ રહ.એ જવાબ આપ્યો કે હું અને તમે પેલી કોમ જેવા છીએ, જેઓ આખું જીવન એક ઊંટના સહારે કમાતા રહયા અને છેલ્લે એ ઘરડું થયું તો એને ઝબહ કરીને એનો ગોશ્ત ખાય. એટલે કે આખું જીવન અલ્લાહ ઉપર તવક્કુલ કરીને ખાતા રહયા અને હવે એ તવક્કુલને છોડી દઈએ ?

એમની આ વાત દરવાજે ઉભેલા હારૂન રશીદે સાંભળી લીધી. અને પાછા અંદર આવી ગયા, એ આશાએ કે કદાચ હઝરત ફુઝૈલ રહ. રકમ સ્વીકારી લેશે. હઝરત ફુઝૈલ રહ. એ બાદશાહને જોયા તો ઘરની છત ઉપર જતા રહયા. બાદશાહ પણ એમની પાછળ છત ઉપર ગયા. પણ બાદશાહની ઘણી બધી કોશિશ પછી પણ હઝરત ફુઝૈલ રહ.એ કોઈ જવાબ આપ્યો જ નહીં. છેલ્લે એક કાળી ગુલામડી અમારી પાસે આવી અને કહેવા લાગી કે હે ભલા માણસ ! તેં આખી રાત અમારા બુઝુર્ગને તકલીફ આપી છે. હવે પાછો જા. અલ્લાહ તારા ઉપર રહમ કરે. એટલે પછી અમે પાછા આવતા રહયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપરોકત ઘટનાનો ઉલ્લેખ કરીને હાફિજ ઝહબી રહ.એ લખ્યું છે કે

حكاية عجيبة والغلابى غير ثقة قد رواها غيرها

આ એક અજીબો ગરીબ કિસ્સો છે, એને વર્ણવનારાઓમાં એક માણસ 'ગુલાબી' રિવાયત બાબતે વિશ્વાસુ નથી. અલબત્ત આ કિસ્સો અન્યોએ પણ વર્ણવ્યો છે. અલ્લામહ શઅરાની રહ.એ પણ આ કિસ્સાને 'ઝઈફ' કહયો છે.

પણ ઈબ્ને હિબ્બાન 'ગુલાબી' વિશે કહે છે કે એણે વર્ણવેલ હદીસો જો કોઈ ભરોસાપાત્ર રાવીથી વર્ણવતો હોય તો બીજી હદીસોના પુરાવા અને દલીલ સ્વરૂપે રજૂ કરી શકાય છે.

અલ્લામહ ઈબ્ને જવઝી રહ.એ આખો કિસ્સો સિફતુસ્સફવહ (૨–૨૩૭)માં વર્ણવ્યો છે.

***<u>એકાંત અને આખિરતનો ખોફ</u>***

તારીખે દમિશ્ક અને યાકૂત હમવીની મુઅજમુલ ઉદબામાં છે કે,

હઝરત અહમદ બિન સહલ રહ. ફરમાવે છે કે એકવાર અમારે ત્યાં હઝરત સઅદ બિન ઝંબૂર રહ. તશ્રીફ લાવ્યા. અમે એમની પાસે જઈ બેસ્યા અને અરજ કરી કે કોઈ બોધદાયક કિસ્સો સંભળાવો. એમણે ફરમાવ્યું કે,

એકવાર અમે હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.ને મળવા ગયા. એમના દરવાજે જઈને મુલાકાતની ઈજાઝત માંગી તો લોકોએ કહયું કે તેઓ કુરઆન પઢવાની અવાજ સાંભળે છે તો જ બહાર નીકળે છે. અમારી સાથે અમારો મુઅઝિઝન હતો. ઊંચા અને મધૂર અવાજે ઘણું જ સુંદર કુરઆન પઢતો હતો. અમે એને સૂરએ તકાષુર પઢવાનું કહયું. એણે સૂરએ તકાષૂર પઢવાની શરૂ કરી તો એનો અવાજ સાંભળીને તેઓ બહાર આવ્યા તો અમે જોયું કે તેઓ રડી રહયા હતા. રૂમાલ વડે આંસુ લુછી રહયા હતા અને મોઢેથી આ અશ્આર પઢી રહયા હતા.

بلغت الثمانين أوجزتها -- فماذا أؤمل أو انتظر

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

أتا لی ثمانون من مولدی -- و بعد الثمانین ما ینتظر

علتنی السنون فأبلیننی --

મારી ઉમર એંસી વરસ થઈ ગઈ, અથવા એનાથી પણ હું આગળ વધી ગયો હશે. હવે એના પછી હું કઈ વસ્તુની આશા રાખું અથવા રાહ જોઉં ?

મારા જન્મના એંસી વરસ વીતી ચુકયા છે. એંસી વરસ પછી કઈ વસ્તુની રાહ જોવામાં આવે ?

લાંબી ઉમર મારા ઉપર છવાય ગઈ છે. એટલે કે હવે હું ઘરડો થઈ ગયો છું ......

છેલ્લા શેરની પ્રથમ પંકિત ઉચ્ચાર્યા પછી રડવાના કારણે એમના ગળામાં ડૂમો ભરાય ગયો અને બોલવાનું બંધ થઈ ગયું.

આ વેળા અમારી સાથે અલી બિન ખશ્રમ પણ હતા. એમણે બીજી પંકિત ઉચ્ચારી કે....

علتنی السنون فأبلیننی -- فرقت عظامی و کل البصر

લાંબી ઉમર મારા ઉપર છવાય ગઈ છે. એટલે કે હવે હું ઘરડો થઈ ગયો છું .... મારા હાડકાંઓ છુટા થઈ ગયા છે અને આંખો જતી રહી છે.

***ખૈરિયતનો જવાબ***

હિલ્યતુલ અવલિયામાં છે કે એકવાર કોઈએ સવારે હઝરત ફુઝૈલ રહ.ને ખૈરિયત પૂછી. સવાર સાંજ આવી રીતે કોઈ ખેરિયત પૂછે તો આપ રહ.ને ગમતું ન હતું. આપ રહ.એ જવાબ આપ્યો કે ઠીક છે. એણે ફરી પૂછયું કે શા હાલ છે ? તો આપ રહ.એ જણાવ્યું કે,

કઈ હાલત પૂછો છો ? દુનિયા વિશે કે આખિરત વિશે ? દુનિયા વિશે પૂછો છો તો આ દુનિયા તો અમને આમથી તેમ લઈને ફેરવી રહી છે. અને આખિરત વિશે પૂછો છો તો તમે જ બતાવો... એક એવા માણસના ત્યારે શા હાલ થશે ? જેના બેશુમાર ગુનાહો હોય. નેક અમલો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘણા જ ઓછા હોય. ઉમર પૂરી થઈ ગઈ હોય. આખિરતની સફર માટે કોઈ ભાથું એની પાસે ન હોય. મોત આવવી નક્કી છે છતાં કોઈ તૈયારી એણે કરી ન હોય. દુનિયા માટે જ પોતાને તૈયાર કરતો રહયો હોય. મુહદ્દિષ બનીને હદીસો બયાન કરતો હોય, અને પછી પોતાને સંબોધીને કહેવા લાગ્યા : હે ભલા આદમી ! લોકો તારી આસપાસ હદીસો લખવા બેસેલા છે, તું એમને હદીસો બયાન કરવા તૈયાર છે... પણ .... અફસોસ.... શું તું હદીસ બયાન કરવાને લાયક છે ? તારી એ હેસિયત ખરી કે તારી પાસે હદીસ પઢવામાં – સાંભળવામાં આવે ? બેવકૂફોમાં ઘેરાયેલા ઓ બેવકૂફ ! શરમ કર. જો તું બેશરમ ન હોત તો આમ આજે મુહદ્દિષ બનીને બેસ્યો ન હોત. શું તું પોતાને નથી ઓળખતો ? આ બધા લોકોને તારી અસલિયત ખબર પડી જાય તો કોઈ તારી રિવાયતો અને હદીસો લખે નહીં. પછી ઘણા જ અફસોસ અને નિસાસા સાથે કહેવા લાગ્યા : શું તને મોત યાદ નથી આવતી ? તાર દિલમાં મરવાનો વિચાર પણ છે કે નહીં ? તને એક દિવસ અચાનક ઉચકી લેવામાં આવશે. આખિરત તરફ રવાના કરી દેવામાં આવશે. કબરના એકાંત અને એકલતા તારી આસપાસ હશે. શું તેં કોઈ દિવસ કોઈ મય્યિત દફન નથી કરી ? તને એ દશ્ય યાદ નથી કે લોકો કેવી રીતે એક ખાડો ખોદીને એમાં મય્યિત મૂકી દે છે અને ઉપરથી માટી વાળી દે છે. પછી પોતાને સંબોધીને કહેવા લાગ્યા : તું એ લાયક નથી કે હદીસ વર્ણવવા ખાતર પોતાનું મોઢું ખોલે. શું તને ખબર છે કે સમજદારી કોણ બતાવીને ગયું ? એ તો ઉમર બિન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખત્તાબ રદિ. હતા. લોકોને સારું સારું ખાવું ખવડાવતા, પોતે સામાન્ય ખોરાક લેતા હતા. અન્યોને નરમ લિબાસ પહેરાવતા હતા અને પોતે જાડા કપડાં પહેરતા હતા.(હિલ્યતુલ અવલિયા : ૮– ૮૬)

એકવાર હઝરત સુફિયાન બિન ઉયયનહ રહ. આપની સેવામાં આવ્યા. આપ રહ.એ ફરમાવ્યું કે, તમે બધા ઉલમા શહેરોના ચિરાગ હતા. જેના વડે લોકોને રોશની મળતી હતી. હવે તમે બધા લોકો માટે અંધારૂ બની ગયા છો. તમે લોકો માટે આસમાનના તારા હતા. તમને જોઈને લોકો મંઝિલે પહોંચતા હતા. હવે તમે બધા લોકો માટે પરેશાની અને અસમંજસનો સબબ બની ગયા છો. તમને બધાને અલ્લાહ તઆલાની શરમ નથી આવતી ? તમે માલદારો પાસે જાઓ છો, એમના હદિયાઓ કુબૂલ કરો છો, અને પૂછતા પણ નથી કે હલાલ છે કે હરામ ? અને પાછા પોતાના મેહરાબમાં જઈને હદીસ બયાન કરવા માંડો છો ? હઝરત સુફિયાન રહ. આ બધી નસીહત માથું ઝુકાવીને સાંભળતા રહયા અને ઈસ્તિગ્ફાર પઢતા રહયા. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૩૫)

અરફાતની રાત્રે લોકોએ આપને પૂછયું કે, અરફાત વાળાઓ વિશે તમે શું કહો છો ? આપ રહ.એ ફરમાવ્યું કે જો હું ન હોત તો એ બધાને બખ્શી દેવામાં આવત. લોકોએ પૂછયું કે માણસને કયારે અલ્લાહ તઆલાની પૂરી દોસ્તી અને મુહબ્બત મળે છે ? આપ રહ.એ જવાબ આપ્યો કે જયારે અલ્લાહ તરફથી કોઈ વસ્તુ મળવી અને ન મળવી બન્ને બરાબર થઈ જાય.

### *હિકમત અને ઇબ્રતની વાતો*

આપ રહ.નું કથન છે કે, જે માણસ અલ્લાહ તઆલાની મઅરિફત એના ખોફ વગરની મુહબ્બત વડે મેળવવાનો પ્રયત્ન કરશે તે ખુશી અને નાઝમાં હલાક થઈ જશે. અને જે કોઈ મુહબ્બત વગરના ખોફ વડે એની મઅરિફત હાસિલ કરવાની કોશિશ કરશે એ એનાથી દૂર અને નાઉમ્મીદ થઈ જશે. હા, જે કોઈ ખોફ અને મુહબ્બત સાથે રાખીને અલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તઆલાની મઅરિફત પ્રાપ્ત કરવાની મહેનત કરશે અલ્લાહ તઆલા એને પોતાની નિકટતા અને સન્માનથી નવાજશે.

❑ આપ રહ. ફરમાવતા કે, ઈમાન ત્યારે જ પૂર્ણ થાય છે, જયારે માણસ.....

અલ્લાહ તઆલાના સઘળા આદેશો ઉપર અમલ કરે.

અલ્લાહ તઆલાએ મના કરેલ બધી જ વાતોથી અટકી જાય.

તકદીર ઉપર રાજી રહે.

અને પછી પણ અલ્લાહ તઆલાની પકડથી બચતો રહે.

❑ હું એવા માણસનો ઘણો જ આભારી અને શુક્રગુઝાર છું, જે કદી મારી પાસે ન આવે. હું બીમાર પડું તો મારા ખબર અંતર પૂછવા પણ ન આવે.

❑ જન્નતમાં કોઈનું રડવું નવાઈની વાત હશે. પણ એનાથી વધારે નવાઈની અશકય વાત કોઈનું દુનિયામાં હસવું છે.

❑ ત્રણ વસ્તુઓ કદી તલાશ ન કરો. મળશે જ નહીં.

એવો આલિમ જે ઈલ્મ પ્રમાણે અમલ પણ કરતો હોય.

એવો નેક અમલ કરનાર જેમાં અમલ મુજબ ઈખ્લાસ પણ હોય.

કોઈ એવો માણસ જેમાં કોઈ એબ ન હોય.

❑ બે વસ્તુઓ દિલને ખરાબ કરી નાખે છે. વધારે સુવું અને વધારે ખાવું.

❑ જે બંદો અલ્લાહ તઆલાને પ્યારો હોય છે એને અલ્લાહ તઆલા ગમ વધારે આપે છે. અને જેને અલ્લાહ તઆલા દુશ્મન સમજે છે એને દુનિયાનો એશ – આરામ આપે છે.

❑ જે માણસ જાહેરમાં બીજા લોકો પ્રત્યે દોસ્તી અને ખેરખ્વાહી બતાવે અને અંદરથી એનો દુશ્મન હોય એવા માણસ ઉપર અલ્લાહ તઆલા લઅનત કરે છે. આવો માણસ આંધળો – બહેરો થઈ જાય છે.

❑ એકવાર આપ રહ. મસ્જિદમાં બેસેલા હતા. એક માણસ આવ્યો, સલામ કરીને આપની પાસે બેસી ગયો. આપ રહ.એ પૂછયું કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શા માટે આવ્યો છે ? એણે અરજ કરી કે તમને સારું લાગે એટલે આવ્યો છે. આપ રહ.એ કહયું મને તારા આવવાથી વધારે બીક લાગી રહી છે. તું ચાલ્યો જા અથવા હું જતો રહીશ. નાછુટકે એ માણસ ચાલ્યો ગયો.

❑ એકવાર અરફાતના દિવસે ઘણું રડયા. સૂરજ આથમવાનો સમય આવ્યો તો દાઢી મુઠ્ઠીમાં પકડીને આસમાન તરફ જોયું અને કરગરવા લાગ્યા કે, હે અલ્લાહ ! તું મને માફ કરી દેશે તો પણ મને તારી ઘણી શરમ આવશે.

❑ લોકો ! અલ્લાહ તઆલાની આપેલી નેઅમતનો શુક્ર અદા કરતા રહો. એવું ઘણું ઓછું થાય છે કે અલ્લાહ તઆલા કોઈ નેઅમત છીનવીને ફરીવાર પાછી આપે.

❑ દુનિયામાં આવવું ઘણું આસાન છે, પણ સલામત પાછા જવું અઘરું છે.

❑ જો ઉલમા દુનિયા તરફ ધ્યાન આપવાનું છોડી દયે તો મોટા મોટા હાકેમો એમની સામે આવીને માથું ઝુકાવી દે. પણ આ લોકો એમનું ઈલ્મ દુનિયાદારો સામે એ નિય્યતે લુટાવી દે છે કે એમને કંઈક પૈસો મળી જાય. અને એટલા માટે જ લોકોની નજરોથી ઉતરી ગયા છે.

મિરાતુલ અસરારમાં છે કે હઝરત ખ્વાજા રહ.ને ત્રીસ વરસ સુધી કોઈએ હસતા જોયા નથી. ફકત એક દિવસ જયારે એમના બેટાનો ઈન્તેકાલ થયો તો આપ રહ.ને લોકોએ ખુશ જોયા.

ઘટાના એમ હતી કે એકવાર આપનો પુત્ર ઝમઝમના કુવા પાસે બેસેલો હતો, એવામાં કોઈએ આ આયત પઢી :

ووضع الكتاب فترى المجرمين مشفقين مما فيه

અને જયારે આમાલ નામાની કિતાબ સામે મુકવામાં આવશે ત્યારે તમે ગુનેગારોને જોશો કે આમાલનામામાં લખવામાં અમલો જોઈને ખૂબ ડરતા હશે..

આ આયત સાંભળી તો એ બેટાએ એક બુમ પાડી અને ત્યાં જ એનો ઈન્તેકાલ થઈ ગયો. આપ રહ.ને કહેવામાં આવ્યું તો લોકોએ પહેલી વાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ.ને હસતા જોયા. પુછયું કે, આ વેળા હસવાનું કોઈ કારણ ? તો આપ રહ.એ જણાવ્યું કે, એની મોત ઉપર અલ્લાહ તઆલા રાજી થઈ ગયા એટલે મેં પણ અલ્લાહ તઆલાની મરજી મુજબ ખુશીનો ઈઝહાર કર્યો. (મિરાતુલ અસરાર : ૨૬૪)

***આપના પુત્ર હઝરત અલી રહ.***

આપના પુત્ર અલી રહ. પણ મોટા આલિમ હતા. નફહાતુલ ઉન્સ પેજ ૩૯ ઉપર છે કે તકવા અને પરહેઝગારીમાં આપ રહ. કરતાં પણ આપનો પુત્ર આગળ હતો. હિલ્યતુલ અવલિયામાં એમના થોડા હાલાત અને કથનો લખવામાં આવ્યા છે.

હઝરત ફુઝૈલ રહ. ફરમાવે છે કે એકવાર મારો છોકરો મારી સામે ઘણો રડયો. મેં પૂછયું કે, કેમ રડો છો ? તો કહેવા લાગ્યો કે મને બીક છે કે કયામતના દિવસે આપણે ભેગા નહીં થઈ શકીએ.

ઈસ્માઈલ તૂસી રહ. ફરમાવે છે કે એકવાર અમે ઈમામ સાહેબ પાછળ ફજરની નમાઝમાં હતા. અમારી સાથે અલી બિન ફુઝૈલ રહ. પણ નમાઝમાં હતા. ઈમામ સાહેબે જન્નત અને જન્નતની હુરો વિશે આયત પઢી.

فيهن قاصرات الطرف .... حور مقصورات فى الخيام ......

અમે નમાઝ પછી એમને પૂછયું કે તમે કુરઆનની આ આયતો સાંભળી કે નહીં ?

તો એમણે જવાબ આપ્યો કે, મને એની ખબર જ પડી નહીં, કારણ કે એના પહેલાં જહન્નમને લગતી જે આયતો છે એનાથી હું બેચેન થઈ ગયો હતો. (يرسل عليكما شواظ من نار و نحاس فلا تنتصران)

સુફયાન બિન ઉયયનહ રહ. ફરમાવે છે કે મેં હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ. અને એમના પુત્ર અલી કરતાં વધારે અલ્લાહ તઆલાથી ડરનાર બીજા માણસો નથી જોયા.

એકવાર હઝરત અલી બિન ફુઝૈલ રહ. હઝરત સુફયાન બિન ઉયયનહ રહ.ના દર્સે હદીસમાં હતા. હઝરત સુફયાન રહ.એ જહન્નમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વિશે કોઈ હદીસ બયાન ફરમાવી તો હઝરત અલી રહ.એ જોરથી બુમ પાડી અને બેહોશ થઈને પડી ગયા. સુફયાન રહ.એ જોયું તો ફરમાવ્યું કે જો મને ખબર હોત કે આ મજલિસમાં અલી શરીક છે તો આ હદીસ હું બયાન ન કરત.

*વફાત*

એક દિવસ કોઈ કુરઆન પઢનારના મોઢે સૂરએ અલ કારિઅહ સાંભળી તો અસર કરી ગઈ અને એક નારો લગાવીને જાન અલ્લાહ તઆલાના હવાલે કરી દીધી.

૩ રબીઉલ અવ્વલ, ૧૮૭ હિ.ના દિવસે હરમ શરીફમાં આપ રહ.ની વફાત થઈ. મક્કા મુકર્રમહમાં જન્નતુલ મુઅલ્લામાં આપ રહ.ને દફન કરવામાં આવ્યા. સિયરુલ અકતાબ વગેરેમાં છે કે જન્નતુલ મુઅલ્લામાં હઝરત ખદીજા રદિ.ની કબર પાસે આપની કબર છે. અમુક લોકોએ મુહર્રમમાં વફાત થઈ હોવાનો ઉલ્લેખ કર્યો છે. હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક રહ. ફરમાવે છે કે આપની વફાત ઉપર આસમાન અને જમીન પણ રડતા હોય એમ લાગતું હતું.

મિરાતુલ અસરારમાં છે કે વફાત સમયે આપ રહ.ની બે પુત્રીઓ આપની સાથે હતી. આપ રહ.એ ઘરવાળાઓને ફરમાવ્યું કે મને દફન કર્યા પછી આ બન્ને છોકરીઓ લઈને જબલે અબૂ કુબૈસ ઉપર ચાલ્યા જશો અને દુઆ કરજો કે હે અલ્લાહ તઆલા ! ફુઝૈલે અમને વસીય્યત કરી છે, આ છોકરીઓ અમે તને સુપરત કરીએ છીએ. આપ રહ.ની વફાત પછી ઘરવાળાઓએ આ મુજબ જ કર્યું. થોડી જ વારમાં ત્યાંથી યમનનો એક અમીર એના બે પુત્રો સાથે પસાર થયો. હઝરત ફુઝૈલ રહ.ના ઘરના લોકોને જોઈને એણે હાલત પૂછી તો એમણે સઘળી હકીકત જણાવી. અમીરે એના બન્ને પુત્રોના લગ્ન આ છોકરીઓ સાથે કરાવી દીધા અને યમન લઈ ગયો. (મિરાતુલ અસ્રાર : ૨૬૪) મિરાતુલ અસરાર સિવાય બીજી કોઈ અરબી કે ઉર્દૂ કિતાબમાં આ વિગત જોવા મળી નથી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

**ખલીફાઓ**

આપ રહ.ના પાંચ ખલીફા મશ્હૂર હતા. હઝરત સુલતાન ઈબ્રાહીમ બિન અદહમ રહ. શેખ મુહમ્મદ શીરાઝી રહ. ખ્વાજા બિશર હાફી રહ. શેખ અબૂ રજાઅ અતારદી રહ. ખ્વાજા અબ્દુલ્લાહ સબારી રહ.

**સંદર્ભ ગ્રંથો :**


તબકાતુસ્સૂફિય્યહ .
હિલ્યતુલ અવલિયા.
સિફતુસ્સફવહ.
તઝકિરતુલ અવલિયા.
હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.
તારીખે મશાઈખે ચિશ્ત.
ખઝીનતુલ અસ્ફિયા.
અકવાલે સલફ.
મિરાતુલ અસરાર.
સિયરુલ અકતાબ.
અબૂ અબ્દુર્રહમાન સુલમી રહ.
અબૂ નુઐમ અસ્ફહાની રહ.
ઈબ્ને જવઝી રહ.
શેખ ફરીદુદ્દીન અત્તાર રહ.
અ. રહમાન આજિઝ.
હઝરત શૈખ મવ. ઝકરિયા રહ.
મુફતી ગુલામ સરવર લાહોરી રહ.
હઝ. મવ. કમરુઝઝમાન સા. દા.બ.
શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ.
શેખ અલ્લાહ દિયા ચિશ્તી રહ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# પ.

# હઝરત ઇબ્રાહીમ બિન અદહમ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| જન્મ, નસબ અને ખાનદાન | ૩૩૨ |
| નિકાહ અને રાજગાદી | ૩૩૩ |
| સલતનત છોડવાનો સબબ | ૩૩૩ |
| ખ્વાજા ફુઝૈલ રહ. ની સેવામાં | ૩૩૫ |
| બંદગીનો એહસાસ | ૩૩૫ |
| ચાર કામોની ફિકર | ૩૩૬ |
| શાદી અને બેટાનો કિસ્સો | ૩૩૮ |
| બેટાની વફાત વિશે હાજી ઈમ્દાદુલ્લાહ રહ.નું કથન | ૩૪૨ |
| અમુક અન્ય ઘટનાઓ | ૩૪૩ |
| આપનું ઉચ્ચ સ્થાન | ૩૪૭ |
| વફાત | ૩૪૯ |
| કબર અને મઝાર | ૩૪૯ |
| ખલીફાઓ | ૩૪૯ |
| આપ રહ. કથનો – મલ્ફૂઝાત | ૩૫૦ |
| સંદર્ભ ગ્રંથો | ૩૫૦ |
| | |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*જન્મ, નસબ અને ખાનદાન*

આપના વાલિદનું નામ મન્સૂર હતું.

અુમક ઈતિહાસકારોના મતે આપ રહ. બીજા ખલીફા હઝરત ઉમર રદિ.ના વંશજ હતા.

સિલસિલાના બુઝુર્ગોના જીવન ચરિત્ર વર્ણવતી ખઝીનતુલ અસ્ફિયા, તારીખે મશાઈખે ચિશ્ત (હઝરત શૈખુલ હદીસ રહ.) અને સિયરુલ અકતાબ વગેરે અનેક કિતાબોમાં કિતાબોમાં આપના વિશે હઝરત ઉમર રદિ.ની અવલાદમાંથી હોવાનું વર્ણન છે. પરંતુ અરબી તરાજિમની કિતાબોમાં આપના વિશે આ બાબતનો ઉલ્લેખ નથી. સિયરુ અઅલામિન્નુબલામાં આપનું નસબ આ પ્રમાણે છે :

ઈબ્રાહીમ બિન મન્સૂર બિન યઝીદ બિન જાબિર ઈજલી અથવા તમીમી. ખુરાસાની બલ્ખી. અલ બિદાયહમાં જાબિરના બદલે આમિર બિન ઈસ્હાક તમીમી ઈજલી લખવામાં આવ્યું છે.

તહઝીબુલ કમાલમાં અમુક વિદ્વાનોના કથન આપના અરબી હોવા વિશેના વર્ણવવામાં આવ્યા છે અને પછી મુસ્નદે ઈબ્રાહીમ ઈબ્ને અદહમના સંપાદક હાફિઝ ઈબ્ને મન્દહ રહ.ના હવાલાથી લાબું નસબનામું પણ આપ્યું છે. જેનાથી પણ ફારૂકી હોવાની વાત પૂરવાર નથી થતી.

અબૂ ઈસ્હાક આપની કુન્નિયત હતી અને બલ્ખ શહેરમાં આપનો જન્મ થયો હતો.

બલ્ખ શહેરનું સ્થળ વર્તમાન અફગાનિસ્તાનમાં છે. આજકાલ શહેર વેરાન અને એના ખંડેરો બાકી છે. તે સમયે ખુરાસાનના ચાર મોટા સૂબાઓ હતા. બલ્ખ, મર્વ, નેશાપૂર અને હિરાત.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*નિકાહ અને રાજગાદી*

વાલિદે મોહતરમ 'અદહમ' નેક બુઝુર્ગ, આલિમ હતા. અલ્લાહ તઆલાની મહેરબાનીથી બલ્ખના રાજાની શાહઝાદીથી નિકાહ થયા.

આપ રહ. વાલિદહના પેટમાં હતા, એ દિવસોમાં આપના વાલિદ અને વાલિદહ હજની સફરે હતા, ત્યારે મક્કહમાં જ આપ રહ.નો જન્મ થયો. જન્મ પછી આપની વાલિદહ મસ્જિદમાં લોકો પાસે પોતાના પુત્રને લઈ જતાં અને કહેતાં કે મારા પુત્ર માટે દુઆ કરો કે અલ્લાહ તઆલા એને નેક બનાવે.

રાજાને કોઈ શાહઝાદો ન હતો, માટે આપને જ વલીઅહદ (પાટલી કુંવર) નક્કી કર્યા અને આમ નાનાની વફાત પછી ઈબ્રાહીમ રાજગાદી ઉપર બિરાજમાન થયા.

ઈબ્રાહીમ પહેલેથી જ નેકદિલ, ન્યાય પસંદ અને પરહેઝગાર હતા. બાદશાહીના ઠાઠમાઠ અને દરબારીમાં પણ અલ્લાહ તઆલાની બંદગીને ભૂલતા ન હતા. દુરવેશો, વલીઓ, અને અલ્લાહ વાળાની કદર કરતા હતા.

*સલતનત છોડવાનો સબબ*

અલ્લાહ તઆલાને આપ વડે દુનિયાની બાદશાહતની સેવા ન લેવી હતી. લોકોને રૂહાની ખોરાક પહોંચાડી મુસલમાનોની રૂહાની દિલી સલતનતના બાદશાહ બનાવવા હતા, અલ્લાહ તઆલા તેના આ બંદાને દુનિયા કરતાં પોતાનાથી વધુ નિકટ જોવા માંગતા હતા માટે કંઈક એવા સંજોગો બનતા ગયા કે રાજા ઈબ્રાહીમ રાજગાદી છોડી જંગલોમાં નિકળી પડયો.

બન્યું એવું કે, એકવાર રાજા ઈબ્રાહીમ દરબાર ભરી બેઠા હતા.

એક રૂઆબદાર માણસ શાનથી દરબારમાં પ્રવેશ્યો, તેનો દામ દમામ જોઈને કોઈએ એને પૂછયું પણ નહીં કે તમે કોણ છો ?

જયારે રાજાની નજીક પહોંચી ગયો તો રાજા ઈબ્રાહીમે જ પુછયું કે :

રાજા : તમે કોણ છો ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુસાફિર : મુસાફર છું, સરાય(મુસાફરખાનું) શોધી રહ્યો છું

રાજા : આ કોઈ મુસાફરખાનું નથી, આ તો મારો મહેલ છે.

મુસાફિર : તમારાથી પહેલાં અહીંયા કોઈ રહેતુ હતું ?

રાજા : મારાથી પહેલાંનો બાદશાહ.

મુસાફિર : તેનાથી પહેલાં ?

રાજા : પેહલાંનો બાદશાહ.

આમ અમુક વારના સવાલ જવાબ પછી તે મુસાફરે કહ્યું કે,

તો પછી આ મુસાફરખાનું જ કહેવાયને !

આ ચર્ચાનો રાજા ઈબ્રાહીમ પર ઘણો જ અસર થયો અને અલ્લાહ તઆલાની યાદ, ઈબાદતમાં આપનું ધ્યાન ઓર વધી ગયું.

થોડા સમય પછી બીજી ઘટના ઘટી.

રાજા ઈબ્રાહીમ બિસ્તર પર આરામ કરી રહ્યા હતા, એ દરમિયાન એમને ઉપરના માળે છત પર કોઈના ચાલવાનો અને પગલાંનો અવાજ સંભળાયો, એમણે પુછયું કે, કોણ ?

*કોઈ બીજું નથી એ તો હું મારૂં ઊંટ શોધવા ઉપલા માળે ચઢયો છું.*

તારાથી વધારે તો કોઈ બેવકુફ હશે, ઊંટ વળી છત ઉપર હોતુ હશે ?

*તો પછી જે માણસ ગાદીએ બેસીને ખુદાને શોધતો હોય, તે મારા કરતાં વધારે બેવકૂફ છે.*

આ ઘટના પછી રાજા ઈબ્રાહીમની પરિસ્થિતિ બિલ્કુલ બદલાય ગઈ અને તેઓ રાજપાઠ છોડી જંગલમાં નીકળી પડયા.

નેશાપૂર પહોંચી ત્યાં એક ગુફામાં ત્યાગ, એકલતા અને ઈબાદત–બંદગીનું જીવન વિતાવવા લાગ્યા, નવ વરસ સુધી ગુફામાં રહ્યા, ફકત જુમેરાતે બહાર આવતા અને પહાડ ઉપર જઈને લાકડા ભેગાં કરતા, શુક્રવારે સવારે નીચે આવતા અને લાકડાં શહેરમાં વેચી દેતા, જે કાંઈ મળતું તેમાંથી અર્ધો ભાગ ગરીબોમાં વહેંચી દેતા અને બાકી અર્ધા પૈસાથી અઠવાડિયા સુધી પોતાનું ગુજરાન ચલાવતા.

કિતાબોમાં બીજા અમુક કિસ્સાઓ પણ વર્ણવવામાં આવ્યા છે, જેમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે, હઝરત ઈબ્રાહીમ રહ. એકવાર શિકારે નીકળ્યા હતા. શિકારની પાછળ ઘોડો દોડાવી રહયા હતા, એવામાં એમને અવાઝ સંભળાયો કે, હે ઈબ્રાહીમ ! આ બેકાર કામોમાં કેમ લાગી ગયા ? અમે આટલા માટે તમને પેદા નથી કર્યા. હઝરત ઈબ્રાહીમ રહ. ઘણી જ અસર થઈ, તુરંત ઘોડા ઉપરથી ઉતર્યા અને વાલિદ સાહેબના નોકર પાસેથી એનો ઝભ્ભો લીધો, પોતાનો કિમતી લિબાસ એને આપ્યો અને જંગલમાં નીકળી પડયા.

શેખ ફરીદુદ્દીન અત્તાર રહ.એ પ્રથમ છત ઉપર ઊંટ શોધવાની ઘટના, પછી દરબારની ઘટના અને પછી શિકારની ઘટના, ત્રણે કિસ્સાઓ ક્રમ મુજબ થોડાક ફેરફાર સાથે વર્ણવ્યા છે.

### ખ્વાજા ફુઝૈલ રહ. ની સેવામાં

ત્યાર બાદ આપને ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ.ની સેવામાં પહોંચવાનો ગેબી ઈશારો કરવામાં આવ્યો, રાજા મટીને હવે ફકીર–દુરવેશ બનેલા ઈબ્રાહીમ ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ.ની સેવામાં મક્કા પહોંચ્યા અને શરીઅત તેમજ તરીકતની તરબિયત પૂરી ફરમાવી તો આપને ખિલાફતથી નવાઝવામાં આવ્યા.

રિસાલા કુશૈરિયહના હવાલાથી સિયરુ અઅલામિન્નુબલામાં છે કે, રાજપાઠ છોડીને આપ રહ. શામ આવી ગયા અને સુફિયાન ષોરી અને ફુઝૈલ બિન અયાઝ રહ.ની સોહબતમાં રહેવા લાગ્યા.

### બંદગીનો એહસાસ

રાજપાઠ છોડીને હઝરત ઈબ્રાહીમ રહ. અલ્લાહ તઆલાની ઈબાદત અને મઅરિફત માટે ખૂબ મહેનત કરવા લાગ્યા, સદાયે ખુદાનો ખોફ આપના પર સવાર રહેતો, એકવાર કોઈકે આપને પુછી લીધું કે તમે કોના બંદા છો ?

સવાલ સાંભળતા જ કાંપી ઉઠયા અને બેહોશ થઈ ગયા, હોશમાં આવ્યા તો આ આયત પઢી.

كل من فى السموت والارض الا آتى الرحمن عبدا

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*આસમાન અને જમીનની દરેક વસ્તુ અલ્લાહ તઆલાની ગુલામ બનીને એની પાસે આવે છે.*

પેલા માણસે પુછયું કે પહેલાં એનો જવાબ કેમ આપ્યો નહીં ?

તો ફરમાવ્યું : જો હું એમ કહું કે હું અલ્લાહ તઆલાનો બંદો છું તો મને બીક લાગે છે કે બંદગીનો હક અદા કર્યા વિના હું કેવી રીતે આમ કહી શકું ?

અને જો ના કહું તો કાફિર થઈ જવાની બીક છે.

એક સમયના બાદશાહ, શાહી જીવન માણેલા, ઈબ્રાહીમ હવે હમેંશા પોતાના હાથે મહેનત કરી ગુજરાન ચલાવતા હતા, કદી લાકડાં વેચતા તો કદી કોઈના બાગ ખેતરની રખેવાળી પણ કરી લેતા હતા.

એક વાર કોઈ બાગની રખેવાળી કરી રહ્યા હતા, એક સિપાઈ આવ્યો અને ફળ માંગ્યું, હઝરત ઈબ્રાહીમ (રહ.)એ માલિકની પરવાનગી વગર આપવા ના કહી દીધું, તેણે ઘમંડમાં આવી એક કોરડો એમના પર વીંઝી દીધો, હઝરત ઈબ્રાહીમ (રહ.)એ એની સામે માથું ઝુકાવી દીધું અને બોલ્યા, જે માથું અલ્લાહ તઆલાની નાફરમાની કરે એ માર ખાવાને લાયક છે.

સિપાહી આ સાંભળી આપની બુઝુર્ગી પામી ગયો, એટલે માફી માંગવા લાગ્યો, ઈબ્રાહીમ (રહ.)એ ફરમાવ્યું : ભાઈ ! જે માથા સામે લોકો માફી માંગે તે તો હું બલ્ખમાં જ છોડી આવ્યો છું.

## ચાર કામોની ફિકર

એક માણસે દરખાસ્ત કરી કે તમે કદી કદી તશરીફ લાવો તો અમે બધા હાજર થઈએ, અને કંઈક નસીહત સાંભળીએ.

જવાબમાં ફરમાવ્યું કે, હમણાં મને ચાર કામોની ફિકર છે, જયારે એ કામો પતાવી લઉ તો પછી આમ કરીશું.

### પહેલી ફિકર :

અલ્લાહ તઆલાએ જયારે 'અઝલ'માં તેની ખુદાઈનો એકરાર કરાવ્યો હતો, ત્યારે ફરમાવ્યું હત કે એક જમાઅત જન્નતી છે, અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બીજી જહન્નમી.

મને સદાની ફિકર લાગી ગઈ છે કે હું કઈ જમાઅતમાં હોઈશ ?

*બીજી ફિકર :*

બાળક જયારે માંના પેટમાં બનવા માંડે છે ત્યારે ફરિશ્તો અલ્લાહ તઆલાથી પૂછે છે કે આને નેકબખ્ત લખું કે બદબખ્ત ?

મને ચિંતા છે કે મારા વિશે શું લખવામાં આવ્યું હશે ?

*ત્રીજી ફિકર :*

ફરિશ્તો જયારે રૂહ કબ્જે કરે છે ત્યારે અલ્લાહ તઆલાને પૂછે છે કે આ માણસની રૂહને મસલમાનોની રૂહોમાં રાખું કે કાફિરોની ?

શી ખબર મારા વિશે એ ફરિશ્તાને શું કહેવામાં આવશે ?

*ચોથી ફિકર :*

કયામતમાં હુકમ થશે કે,

وامتازوا اليوم ايها المجرمون

*" ગુનેગારો આજે ફરમાબરદારોથી અલગ થઈ જાય "*

મને ફિકર છે કે મારી ગણતરી કઈ જમાઅતમાં હશે ?

જયારે પણ વાત કરતા તો ઘણી જ બોધદાયક અને અસરદાર વાતો ઈરશાદ ફરમાવતા, લોકોને ઘણી જ ટૂંકી વાતમાં નસીહત મળી જતી, અને અમલ– કરવાની તોફીક પણ થતી.

એક વાર એક માણસ મુદત સુધી આપની સેવામાં રહ્યો, જયારે તે જવા લાગ્યો તો એણે અરજ કરી કે મારામાં કોઈ એબ હોય તો બતાવો ?

હઝરત ઈબ્રાહીમ (રહ.)એ ફરમાવ્યું :

મને તારામાં કોઈ એબ નથી દેખાતો, કારણ કે મેં હમેંશા તને મહોબ્બતની નિગાહથી જ જોયો છે, માટે આ સવાલ કોઈ બીજાથી કરશો!

એક વાર કોઈ બુઝુર્ગથી સવાલ કર્યો, કે ગુજરાન કેમ ચાલે છે ? તેમણે કહ્યું કે મળે તો ખાય લઉ છું, નહીં તો સબ્ર કરૂં છું.

હઝરત ઈબ્રાહીમ (રહ.)એ ફરમાવ્યું :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવું તો શહેરના કુતરાઓ પણ કરે છે કે મળે તો ખાધું નહી તો સબર કરી, અસલ કામ આ છે કે મળે તો બીજાને પ્રાથમિકતા આપો અને ન મળે તો સબ્ર કરો.

એક આલિમે એમનાથી નસીહતની દરખાસ્ત કરી તો ફરમાવ્યું : પૂછડી બનીને રહો, માથું બની ન રહો, કેમ કે માથું કાપી દેવામાં આવે છે, અને પૂંછડી છોડી દેવામાં આવે છે.

*શાદી અને બેટાનો કિસ્સો*

તઝકિરતુલ અવલિયામાં શેખ ફરીદુદ્દીન અત્તાર રહ.ના લખવા મુજબ બલ્ખ છોડતાં પહેલાં આપ રહ.ની શાદી થઈ ચુકી હતી અને ઘર છોડયું ત્યારે એક નાનકડો પુત્ર પણ હતો. અને પછી એની મુલાકાતનો એક લાંબો કિસ્સો વર્ણવ્યો છે. આ જ કિસ્સાના વિવિધ ટુકડાઓ બીજી કિતાબોમાં પણ વર્ણવવામાં આવ્યા છે. આ કિસ્સો ઘણો જ અસરકારક છે, તઝકિરતુલ અવલિયામાંથી પૂરો કિસ્સો અને પછી આપબીતી (હઝરત શેખુલ હદીસ રહ.)માંથી આ કિસ્સા બાબત હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.નું કથન અને રાહેસુલૂકના એક મહત્વના સિદ્ધાંતને અત્રે વર્ણવવામાં આવે છે. કિસ્સો આ મુજબ છે.

હઝરત ઈબ્રાહીમ અદહમે બલ્ખ છોડયું ત્યારે એમનો એક દૂધ પીતો પુત્ર હતો. આ પુત્ર મોટો થઈને વાલિદહને વાલિદ વિશે પૂછતો રહેતો. વાલિદહ પુત્રને એના વાલિદ ઈબ્રાહીમ વિશે વાતો સંભળાવતી રહેતી. જેથી એને વાલિદને મળવાનો ઓર શોખ થયો. વાલિદહે એકવાર એને જણાવ્યું કે, છેલ્લે એકવાર ખબર આવી હતી કે તેઓ મક્કામાં રહે છે. આ સાંભળીને એણે મક્કા આવવાનો ઈરાદો કરી લીધો. શહેર બલ્ખમાં એલાન કરાવી દીધું કે જે કોઈએ હજ કરવા આવવું હોય તે તૈયાર થઈ જાય. ચાર સો માણસોએ આવવાનું કહયું તો પુત્ર અને વાલિદહે દરેકને સફરનો સામાન આપ્યો. જેથી અલ્લાહ તઆલા એની બરકતથી વાલિદ સાથે મુલાકાત કરાવી દે.

આખો કાફલો મક્કા આવ્યો. હરમ શરીફના એક દરવાજે યુવાન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પુત્રને દરવેશોની એક જમાત મળી તો એમને પૂછયું કે તમે ઈબ્રાહીમ બિન અદહમને ઓળખો છો ? એમણે કહયું કે, હા, એ ભલા માણસનું અમારા ઉપર ઘણું એહસાન પણ છે. હમણાં એ રોઝીની તલાશમાં ગયા છે. યુવાન પુત્ર એમને શોધવા બત્હાની વાદીમાં પહોંચ્યો. ખુલ્લા પગે, માથે લાકડીનો ભારો લઈને આવતા વાલિદને એણે જોયા તો કલેજું મોંઢામાં આવી ગયું. પણ સબ્ર કરીને છુપાય રહયો. અને પાછળ પાછળ બજારમાં આવ્યો. બજારમાં હઝરત ઈબ્રાહીમ રહ.એ બૂમ પાડી કે હલાલ વસ્તુને હલાલ માલ વડે કોઈએ ખરીદવી છે ? એક રોટી પકાવનારે અમુક રોટીઓ આપીને લાકડીઓ ખરીદી લીધી. યુવાન પુત્રને બીક હતી કે જો હઝરત ઈબ્રાહીમને ખબર પડી જશે તો તેઓ ગાયબ થઈ જશે, એટલે વાલિદહ સાથે મશ્વેરો કરવા કાફલામાં પાછો જતો રહયો. બંનેએ નક્કી કર્યું કે હજ પૂરી થતાં સુધી રાહ જોવામાં આવે.

હઝરત ઈબ્રાહીમ રહ.એ પોતાના સાથીઓ – મુરીદોને તાકીદ ફરમાવી હતી કે તવાફ દરમિયાન ઓરતો અને નાના છોકરાઓ તરફ જોવું નહીં.

એકવાર બધા તવાફમાં મશ્ગૂલ હતા, એવામાં આ યુવાન સામે આવી ગયો. હઝરત ઈબ્રાહીમ રહ.પણ એના તરફ જોવા માંડયા. આપ રહ.ના સાથીઓને નવાઈ લાગી. તવાફ પછી પૂછયું કે, અલ્લાહ તઆલા તમારા ઉપર રહમ ફરમાવે, તમે અમને મના કરતા હતા, અને પોતે છોકરાને ધ્યાનથી જોતા હતા ? એમણે કહયું કે, હા, વાત એમ છે કે બલ્ખથી નીકળતી વેળા મારો એક દૂધપીતો છોકરો હતો. મને લાગ્યું કે, એ મારો પુત્ર જ હતો.

બીજા દિવસે આપનો એક મુરીદ બલ્ખના કાફલામાં ગયો. ત્યાં એક મુલ્યવાન તંબુમાં કુરસી ઉપર બેસીને પેલો યુવાન તિલાવત કરતો હતો. અને ચારે તરફ નોકર – ચાકર હરતા ફરતા હતા. મુરીદ રજા લઈને પાસે ગયો અને સલામ કરીને પૂછયું કે,

– તમે કયાંથી આવો છો ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છોકરાએ જવાબ આપ્યો કે બલ્ખથી આવીએ છીએ.

– તમારા વાલિદ કયાં છે ?

છોકરો આ સવાલથી રડવા માંડયો અને બોલ્યો કે મેં મારા વાલિદને હજુ કાલે સાંજે જ જોયા છે. પણ તેઓ મને ઓળખે છે કે નહીં મને એની પણ ખબર નથી. મને બીક છે કે જો એમને ખબર પડશે તો તેઓ ગાયબ થઈ જશે. તેઓ લાંબી મુદ્દતથી અમને છોડીને ચાલ્યા આવ્યા છે.

– તમારા વાલિદનું નામ શું છે ?

એમનું નામ ઈબ્રાહીમ બિન અદહમ છે.

આ બધી વિગત તપાસીને મુરીદ છોકરાને અને એની વાલિદહને હઝરત ઈબ્રાહીમ બિન અદહમ પાસે લઈ આવ્યો.

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ. પોતાના મુરીદો સાથે રુકને યમાની પાસે બેસેલા હતા. જયારે આપની બીવીએ આપને જોયા તો સબ્ર ન રહયો અને જોરથી બોલી ઉઠી કે, બેટા ! આ જ તારા વાલિદ છે. જેઓ ઘરબાર, માલદોલત અને બીવી બચ્ચા છોડીને ચાલ્યા આવ્યા છે. આ દશ્ય જોઈને  મજલિસમાં મોજૂદ બધા જ લોકો રડવા માંડયા. છોકરો પણ બેહોશ થઈ ઢળી પડયો. હોશમાં આવીને એણે વાલિદ સાહેબને સલામ કરી. હઝરત ઈબ્રાહીમે જવાબ આપ્યો, એને પોતાના નજીક બેસાડયો અને પૂછયું કે,

– કયા દીન ઉપર અમલ કરો છો ?

એણે જવાબ આપ્યો કે દીને ઈસ્લામ ઉપર અમલ કરું છું.

– અલ્હમ્દુલિલ્લાહ.

– કુરઆન પઢો છો ?

છોકરાએ જવાબ આપ્યો કે, હા.

– અલ્હમ્દુલિલ્લાહ.

–ઈસ્લામના અહકામનું ઈલ્મ પણ હાસિલ કર્યું છે.

છોકરાએ જણાવ્યું કે, હા.

– અલ્હમ્દુલિલ્લાહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ઈબ્રાહીમ રહ. એ હવે ઈરાદો કર્યો કે, આ બધાને છોડીને અલગ થઈ જાય. પણ છોકરાએ આપની ચાદર પકડી રાખી હતી અને આપને જવા દેતો ન હતો. હઝરત ઈબ્રાહીમ રહ.એ આ દશ્ય જોયું તો, આસમાન તરફ જોઈએ દુઆ ફરમાવી કે, હે અલ્લાહ ! મારી મદદ ફરમાવો.

આપ રહ.ની આ દુઆની અસરથી છોકરો તુરંત જ મરી ગયો.

લોકોએ પૂછયું કે, આ શું થયું ?

આપ રહ.એ વિગત જણાવી કે, જયારે મેં આ છોકરાને મારી પાસે બોલાવ્યો અને મને મારા દિલમાં એની મુહબ્બતનો એહસાસ થયો તો મને અંદરથી કહેવામાં આવ્યું કે, હે ઈબ્રાહીમ ! અમારી મુહબ્બતનો દાવો કરો છો અને પછી બીજાઓ સાથે મુહબ્બત કરો છો ? પોતાના સાથીઓને તાકીદ કરો છો કે છોકરાઓ અને સ્ત્રીઓ તરફ નજર ન કરો અને પોતે એક છોકરા અને ઓરત પ્રતિ મુહબ્બત કરતા થઈ ગયા ?

મેં તે જ ઘડીએ અલ્લાહ તઆલાથી દુઆ કરી કે, હે અલ્લાહ ! મારી મદદ ફરમાવો. એની મુહબ્બતના કારણે તારી મુહબ્બતમાં કમી આવી જવાની હોય તો મને અથવા એને મોત આપી દો. મારી દુઆ એના હકમાં કુબૂલ થઈ. કોઈને મારા આ કામ ઉપર વાંધો હોય તો હઝરત ઈબ્રાહીમ અલૈ. અને હઝરત ઈસ્માઈલ અલૈ.ના કિસ્સાને યાદ રાખે.

અમુક કિતાબોમાં આમ પણ છે કે, આ સ્થિતિમાં હઝરત ઈબ્રાહીમ રહ.એ આ બે શેર પઢયા :

هجرت الناس طرا فى هواكا -- وأيتمت العيال لكى أراكا

فإن قطعتنى فى الحب إرباً -- لما حن الفؤاد إلى سواكا

હે અલ્લાહ ! તને પામવાના ઈરાદે મેં સઘળા લોકોને એક તરફ છોડી દીધા છે. બાળબચ્ચાઓને પણ યતીમ કરી દીધા, જેથી તને હું જોઈ શકું. જો તું મને મુહબ્બતમાં ટુકડા ટુકડા કરી નાંખે, તો પણ દિલ તારા સિવાય કયાંયે લાગવાનું નથી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

<u>*બેટાની વફાત વિશે હાજી ઇમ્દાદુલ્લાહ રહ.નું કથન*</u>

ઉપરોકત કિસ્સા વિશે આપબીતીમાં છે કે, શરીઅતના ઉસૂલ સામે રાખીને વિચારીએ તો ખબર પડે છે કે આ સાહબઝાદાના ઈન્તેકાલનું ઉપરોકત કારણ ખોટું છે. એટલા માટે કે હઝરત ઈબ્રાહીમ રહ.ના દિલમાં સાહબઝાદાની મુહબ્બત અલ્લાહ તઆલાની મુહબ્બત કરતાં વધારે માનીએ તો આ બાબત હઝરત ઈબ્રાહીમ અદહમ રહ.ના ઉચ્ચ મરતબાને જોતાં સ્પષ્ટ રીતે ગલત વાત છે. અને જો સાહબઝાદાની મુહબ્બત અલ્લાહ તઆલાની મુહબ્બત ઉપર ગાલિબ ન હતી અને ઓછી હતી તો પછી આવી મુહબ્બત કોઈના માટે નુકસાનકારક નથી. આવી મુહબ્બતથી તો અંબિયાએ કિરામ અલૈ.ને પણ રોકવામાં નથી આવ્યા. હઝરત યાકૂબ અલૈ.ને હઝરત યૂસુફ અલૈ.થી જેટલી મુહબ્બત હતી, એ બધાને ખબર છે, પણ અલ્લાહ તઆલાએ હઝરત યાકૂબ અલૈ.ને આ મુહબ્બતથી કદી રોકયા નથી. બલકે આવી મુહબ્બત તો અવલાદની તરબિયત અને એમના હકોની અદાયગી માટે અલ્લાહ તઆલા તરફથી જ આપવામાં આવે છે.

અલબત્ત અમારા હાજી સાહબ રહ. આ સાહબઝાદા વિશે જે કિસ્સો વર્ણવે છે તે સમજવા જેવો છે. હઝરત હાજી સાહબ રહ. ફરમાવે છે કે, જયારે સાહબઝાદો આપની સેવામાં હાજર થયો અને હઝરત ઈબ્રાહીમ રહ.ની નજર એના ઉપર પડી તો મુહબ્બતના જોશમાં આપ રહ.ને ખ્વાહિશ થઈ કે મારો દીકરો ઝાહેરી દોલતથી માલામાલ છે, એ જ રીતે બાતિની દોલતથી પણ મહરૂમ ન રહે, એટલે એમણે એના તરફ વિશેષ તવજ્જોહ નાંખી. પણ મુહબ્બતના જોશમાં ખ્યાલ ન રહયો કે આ તવજ્જોહ ઉઠાવવાની એનામાં શકિત છે કે નહીં. આ તવજ્જોહ ઘણી જ અસરદાર હતી. સાહબઝાદાની બરદાશતથી બહારની વાત હતી, એટલે ઈન્તેકાલ ફરમાવી ગયો. મતલબ કે ફકત શેખની તવજ્જોહ વડે, મુજાહદહ વગર જે કેફિયત મુરીદમાં પેદા થાય તે ઘણીવાર નુકસાનકારક હોય છે. અને અલ્લાહ તઆલાની પરંપરા આ જ છે કે, મુજાહદહ વગર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કોઈ કામિલ નથી બનતું. (આપબીતી, જદીદ. : ૨/૮૫૭)

નોંધ રહે કે આપબીતીમાં આ કિસ્સો હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ રહ.ના આવા જ એક કિસ્સાને નકલ કર્યા પછી વર્ણવવામાં આવ્યો છે.

આવો જ એક કિસ્સો આપણા ચિશ્તીય્યહ સિલસિલાના એક શેખ જલાલુદ્દીન થાનેશ્વરી રહ. (ખલીફા હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.) અને એમના એક મુરીદનો પણ ખઝીનતુલ અસ્ફિયામાં વર્ણવવામાં આવ્યો છે.

***અમુક અન્ય ઘટનાઓ***

● હિકાયાતુસ્સાલિહીનમાં છે કે એક દિવસ હઝરત ઈબ્રાહીમ (રહ.)ને જાણ થઈ કે ખુરાસાનમાં એમના કોઈ નજીકના સગાની વફાત થઈ છે, અને અવલાદ ન હોવાથી વારસદાર તરીકે સઘળા માલના માલિક તેઓ છે. ખબર સાંભળીને એમણે ખુરાસાનની સફરનો ઈરાદો કર્યો, થોડી દૂર ગયા પછી રસ્તામાં જોયું તો એક આંધળું પક્ષી પથ્થર પર બેસેલું છે, ત્યાં જ પાણીમાંથી એક જાનવર બહાર આવ્યું અને માટીમાંથી જીવ જંતુઓ શોધી એને ખવડાવ્યા લાગ્યું, આ તમાશો જોઈ હઝરત ઈબ્રાહીમ (રહ.)એ એમના સફરના સાથીથી ફરમાવ્યું કે, તમે જુઓ એક આંધળા પક્ષીને પણ અલ્લાહ તઆલા બરબાદ નથી થવા દેતા, અને રોઝી આપે છે. માટે આપણે પણ રોઝી માટે ખુરાસાન જવાની જરૂરત નથી, એમ કહી ખુરાસાન જવાનું માંડી વાળ્યું અને જંગલમાં જ રહી પડયા.

● એક માણસે અરજ કરી કે મારાથી તહજ્જુદ માટે ઉઠી શકાતું નથી, તો ફરમાવ્યું કે દિવસ દરમિયાન અલ્લાહ તઆલાની નાફરમાની કરો નહીં, કારણ કે રાતમાં તહજ્જુદ માટે ઉઠવું અને અલ્લાહ તઆલા સામે ઉભું થવું મોટી નેઅમતની વાત છે, અને ના ફરમાન આ સઆદતનો હકદાર નથી.

● લોકોએ એકવાર પુછયું કે અમે અલ્લાહ તઆલાથી દુઆઓ માંગીએ છીએ પણ કબૂલ નથી થતી, એનું શું કારણ હોય શકે ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો ફરમાવ્યું :

તમે અલ્લાહ તઆલાને જાણો છો છતાં એની બંદગી નથી કરતા,

એના રસૂલ અને કુર્આનને ઓળખો છો પણ ફરમાબરદારી નથી કરતા,

એની નેઅમતો ખાઓ છો પણ શુક્ર અદા નથી કરતા,

શયતાનને દુશ્મન સમજો છો, છતાં એનાથી દુશ્મની નથી રાખતા,

જાણો છો કે મોત આવવાની છે છતાં એની ફિકર નથી કરતા,

માં– બાપને કબરમાં દફન કરો છો, પણ ઈબ્રત ગ્રહણ નથી કરતા,

અને તમને ખબર છે કે તમારામાં એબ ખામીઓ છે, છતાં અન્યોના એબ ખામીઓ તલાશ કરો છો.

આવી પરિસ્થિતિમાં કેવી રીતે દુઆ કબૂલ થાય ?

● બાદશાહી છોડયા પછી ઘણીવાર વજીરો, અમીરો, આલિમો તલાશ કરતાં કરતાં આપની પાસે આવતા અને ફરી રાજપાઠ સંભાળી લેવાની દરખાસ્ત કરતા, એકવાર બધા આવ્યા ત્યારે આપ (રહ.) દરિયા કિનારે બેસી ગોદડી સીવી રહ્યા હતા, આપ (રહ.)એ સોય દરિયામાં ફેંકી દીધી અને કહ્યું કે લાવો, મારી સોય દરિયામાંથી શોધી દયો.

આવનારા બધા જ આ કામ કરી શકવા પર અશકત હતા, હઝરત ઈબ્રાહીમ (રહ.)એ માછલીઓને સંબોધીને હુકમ કર્યો કે મારી સોય લાવો, તુરંત જ સેંકડો માછલીઓ મોઢામાં સોનાની સોય લઈને ઉપર આવી ગઈ, એમાંથી એક પાસે આપની લોખંડની સોય હતી, આપ રહ. એ તે લઈ લીધી અને પછી આવનારાઓને ફરમાવ્યું : મારી સલતનત હવે આખી દુનિયા ઉપર છે, તમારી કામ ચલાઉ સલતનત લઈને શો ફાયદો ?

● એકવાર રાત્રે કોઈ મસ્જિદમાં હઝરત ઈબ્રાહીમ (રહ.)એ રોકાવાનો ઈરાદો કર્યો, ઈશાં પછી મસ્જિદના ઈમામ સાહબે મસ્જિદ બંધ કરવા માટે આપને બહાર નિકળી જવા કહ્યું, હઝરત ઈબ્રાહીમ (રહ.)એ અરજ કરી કે રાત છે, કડકડતી ઠંડી છે, જો પરવાનગી હોય તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રાત અહીંયા જ મુકામ કરૂં, એણે કહ્યું કે અહીંયા રાત રોકાવાની પરવાનગી નથી, મુસાફરો આવી રીતે રોકાયને મસ્જિદની ચીઝો ચોરી જાય છે, હઝરત ઈબ્રાહીમ (રહ.)એ રાતવાસો કરવા આગ્રહ કર્યો તો એણે કહ્યું કે જો ઈબ્રાહીમ અદહમ આવે તો એમને પણ મુકામ કરવા દેવામાં આવશે નહીં, હઝરત ઈબ્રાહીમ રહ.એ ફરમાવ્યું કે હું જ ઈબ્રાહીમ બિન અદહમ છું, ઈમામે આ વાત જુઠી સમજી અને વધારે ગુસ્સે થઈ ગયા, અને પગ ખેંચી માથાભેર બહાર કાઢી મૂકયા.

ઈબ્રાહીમ (રહ.) ત્યાંથી નિકટ એક હમામ પાસે ગયા, ત્યાં એક માણસ ચિરાગ સળગાવી રહ્યો હતો, ઈબ્રાહીમ (રહ.)એ સલામ કરી, એણે જવાબ ના આપ્યો અને કામમાં પ્રવૃત રહ્યો, પરંતુ વારંવાર બીકનો માર્યો પાછળ જોતો રહેતો, કામથી પરવાર્યો તો સલામનો જવાબ આપ્યો, ઈબ્રાહીમ (રહ.)એ મોડો જવાબ આપવાનું કારણ પુછયું તો કહ્યું કે, હું ફલાણા માણસનો મુલાઝિમ છું, મને થયું કે તમારી સાથે સલામ કલામના કારણે કયાંક એની ઝિમ્મેદારીમાં મોડું ન થઈ જાય, નહીંતર એ ખયાનત કહેવાશે.

ઈબ્રાહીમ (રહ.)એ પુછયું કે વારંવાર ડરીને પાછળ જોવાનું કારણ ?

એણે કહ્યું કે મને બીક લાગે છે કે કયાંક મોતનો ફરિશ્તો ન આવી જાય ?

આમ બન્ને વચ્ચે વાતો થતી રહી, વાતોના દરમિયાન એણે કહ્યું કે હું દસ વરસથી દુઆ કરૂં છું કે ઈબ્રાહીમ બિન અદહમ (રહ.)થી મુલાકાત વગર મને મોત ન આવે, જે હજુ સુધી પૂરી નથી થઈ,

ઈબ્રાહીમ (રહ.)એ ફરમાવ્યું , લો, મુબારકબાદ ! હું જ ઈબ્રાહીમ બિન અદહમ છું, માથાભેર તમારી પાસે મોકલવામાં આવ્યો છું,

પેલા માણસે અલ્લાહનો શુક્ર અદા કર્યો, ઈબ્રાહીમ (રહ.)થી ભેટી પડયો અને પછી દુઆ કરી કે હે અલ્લાહ ! મારી આ તમન્ના પણ પૂરી થઈ ગઈ, હવે કોઈ તમન્ના બાકી નથી રહી, હવે વિસાલ અતા ફરમાવો, અલ્લાહ તઆલાએ એમની આ દુઆ કબૂલ ફરમાવી અને તે જ ઘડીએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તેમની વફાત થઈ ગઈ.

આ ઘટનામાં ઈબ્રાહીમ (રહ.)નો સબ્ર અને પેલા માણસની ઝિમ્મેદારીનો એહસાસ અને ગુલામ હોવા છતાં અલ્લાહની નિકટતા વગેરે અનેક બાબતો બોધદાયક છે.

● એકવાર કોઈ માણસે આપને ૧૦૦૦૦ હઝાર દિરહમ હદિયો આપ્યો. આપ રહ.એ કુબૂલ કરવાનો સાફ ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું કે, શું તું એમ ચાહે છે કે હું આ દિરહમો સ્વીકારીને ફકીરોના દફતરમાંથી મારું નામ કઢાવી નાંખું ? હું કદી પણ આમ કરીશ નહીં.

● એકવાર એક શરાબી માણસ પાસેથી આપ રહ. પસાર થયા. તે રસ્તામાં બેહોશ પડયો હતો. આપ રહ.એ એનું મોંઢું ધોયું અને ફરમાવ્યું કે એના વડે અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે છે. એને કેમ ખરાબ રહેવા દેવાય ? પેલા માણસને હોશ આવ્યો તો લોકોએ આ બીના એને સંભળાવી. એને ઘણો પસ્તાવો થયો અને તોબા કરી લીધી કે હવેથી શરાબને અડીશ નહીં. આ ઘટના પછી હઝરત ઈબ્રાહીમ રહ.એ ખ્વાબમાં કોઈને કહેતાં સાંભળ્યો કે તમે અમારા કારણે એનું મોઢું સાફ કર્યું, અમે તમારું માન રાખીને એનું દિલ પણ સાફ કરી દીધું.

● તહઝીબુલ કમાલમાં છે કે, અલી બિન બક્કાર ફરમાવે છે કે, અમે એકવાર મસ્જિદમાં હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ. પાસે બેસેલા હતા. એટલામાં એક માણસ દૂરની સફરેથી આવતો હોય, એવો આવ્યો. અમારી પાસે આવીને એણે પૂછયું કે, તમારામાં ઈબ્રાહીમ બિન અદહમ કોણ છે ? ઈબ્રાહીમ બિન અદહમે કહયું કે, હું છું. અને પછી ઉભા થઈને એને એક તરફ લઈ ગયા અને પૂછયું કે, શું છે ભાઈ ? એણે કહયું કે, હું તમારો ગુલામ છું. તમારા ભાઈઓએ મને તમારી પાસે મોકલ્યો છે. મારી પાસે તમારા દસ હઝાર દિરહમ, એક ઘોડો અને એક ખચ્ચર છે. ઈબ્રાહીમ બિન અદહમ રહ.એ ફરમાવ્યું કે, જો તું સાચો જ છે તો જા, હવે તું આઝાદ છે. અને તારી પાસે જે માલ છે તે સઘળો તારો છે. જલ્દી નીકળી પડ અને કોઈને આ બાબતની જાણ ન કરજે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

● એકવાર કોઈ કામની મજૂરી ૨૦ દીનાર આપને મળી ગઈ. આપ ત્યાર પછી પોતાના એક મુરીદ સાથે માથું મુંડાવવા અને સીંગી લગાવવા હજામ પાસ ગયા. હજામે એમના તરફ વહેલાં ધ્યાન આપ્યું નહીં અને બીજાઓના કામ કરતો રહયો. ઘણીવાર પછી આપને પૂછયું કે, તમારે શું કરવાનું છે ? હઝરત ઈબ્રાહીમ રહ.એ ફરમાવ્યું કે, માથું મુંડવાનું છે અને સીંગી લગાવવી છે. એણે આ કામ કરી દીધું તો આપ રહ.એ વીસ દીનાર પૂરા એને જ આપી દીધા અને ફરમાવ્યું કે, હું ચાહું છું કે હવે પછી કોઈ દરવેશની તોહીન કરશો નહીં.

● એકવાર ઈમામ અવઝાઈ રહ.એ આપની દાવત કરી. આપ રહ. તશ્રીફ લઈ ગયા અને ઘણું જ ઓછું ખાધું. અવઝાઈ રહ.એ પૂછયું કે, આપ રહ.એ ઘણું ઓછું ખાધું ? જવાબ આપ્યો કે, તમે જ ખાણું ઓછું બનાવ્યું છે.

પછી હઝરત ઈબ્રાહીમ રહ.એ ઘણું બધું ખાણું પકાવ્યું અને અવઝાઈ રહ.ની દાવત રાખી. ઈમામ અવઝાઈ રહ. તશ્રીફ લાવ્યા અને ઘણું બધું ખાણું જોયું તો ફરમાવ્યું કે, કયાંક આ બધું ઈસ્રાફમાં ન ગણાય જાય ? આપ રહ.એ જવાબ આપ્યો કે, ઈસ્રાફ તો અલ્લાહ તઆલાની નાફરમાનીમાં આ બધું કરીએ તો કહેવાય. માણસ જે કંઈ પોતાના ભાઈઓ ઉપર ખર્ચ કરે એમાં કોઈ ઈસ્રાફ નથી.

***આપનું ઉચ્ચ સ્થાન***

સુફિયાન ષોરી રહ. ફરમાવે છે કે ઈબ્રાહીમ બિન અદહમ રહ. હઝરત ઈબ્રાહીમ ખલીલ અલૈ. જેવા હતા. જો તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સહાબી હોત તો મોટું સ્થાન ધરાવતા હોત.(તહઝીબ)

અબુલ અહવસ ફરમાવે છે કે, પાંચ માણસો જેવો બીજો કોઈ માણસ મેં આજ સુધી નથી જોયો. ઈબ્રાહીમ બિન અદહમ, યૂસુફ બિન અસ્બાત. હુઝૈફહ મરઅશી, નુએમ ઈજલી, અબૂ યૂનુસ કવી. (તહઝીબ)

હઝરત શેખ જુનેદ બગદાદી (રહ.) ફરમાવે છે કે અવલિયાએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિરામને જે ઉલૂમ આપવામાં આવે છે, એની ચાવી હઝ. ઈબ્રાહીમ અદહમ (રહ.) છે.

હઝરત ઈબ્રાહીમ અદહમ (રહ.)ને ઈમામ અબૂ હનીફા રહ. સાથે રહેવાની સઆદત પણ મળી છે. ઈમામ સાહબ એમને સય્યિદના ઈબ્રાહીમ (હે અમારા સરદાર) ઈબ્રાહીમ કહીને બોલાવતા હતા, ઈમામ સાહબ (રહ.)ના શાગિર્દોએ પૂછયું કે એમને સરદારી કેવી રીતે મળી ? તો જવાબ આપ્યો કે તેઓ સદા અલ્લાહ તઆલા તરફ દિલ લગાવી રાખે છે અને આપણે બધા બીજા કામોમાં પ્રવૃત છીએ.

હઝરત ઈબ્રાહીમ અદહમ (રહ.)ને ઈમામ બાકિર રદિ.ની સેવામાં રહેવાની સઆદત પણ નસીબ થઈ છે, એમના તરફથી પણ ખિરકએ ખિલાફત આપને આપવામાં આવ્યો.

સિયરૂલ અકતાબ નામી કિતાબમાં છે કે હઝરત ઈબ્રાહીમ અદહમ રહ.ને ખ્વાજા ઉવૈસ કરની રહ.ના ખલીફા હઝરત ઝૈદે રાઈ રહ.થી પણ ખિલાફત પ્રાપ્ત હતી, જે એક મોટું બહુમાન છે.

તારીખે મશાઈખે ચિશતમાં છે કે આપ રહ.ને હઝરત ઈમરાન ઈબ્ને મૂસા રહ, હઝરત ઈમામ બાકિર રહ., શેખ મન્સૂર સુલમી, અને હઝરત ઉવૈસ કરની રહ.થી પણ ઈજાઝત મળી હતી.

તસવ્વુફ ઉપરાંત હદીસના પણ ઈમામ એટલે કે મુહદ્દિષ હતા. પોતાના વાલિદ, અઅમશ, હઝરત અબૂ હુરયરહ રદિ.ના શાગિર્દ મુહમ્મદ બિન ઝિયાદ, માલિક બિન દીનાર, મુકાતિલ બિન હય્યાન, વગેરે મુહદ્દિષો પાસેથી આપ રહ.એ હદીસો પઢી હતી અને રિવાયત કરતા હતા.

અલબિદાયહમાં છે કે, ઈમામ બુખારી રહ.એ અદબુલ મુફરદમાં હઝ. ઈબ્રાહીમ બિન અદહમ રહ.ની રિવાયત વર્ણવી છે. અને ઈમામ તિરમિઝી રહ.એ પોતાની જામેઅમાં મોજા ઉપર મસહના મસ્અલહમાં એમની રિવાયત તઅલીકન વર્ણવી છે.

હઝરત સુફયાન ષોરી, શકીક બલ્ખી, બકિય્યહ બિન વલીદ,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અવઝાઈ, મુહમ્મદ બિન હુમૈદ વગેરે આપના શાગિર્દો છે અને આપથી હદીસો રિવાયત કરે છે.

***વફાત***

હાફિજ ઈબ્ને હજર રહ.ના કથન મુજબ સન હિજરી ૧૬૨ માં આપની વફાત થઈ. અલ્લામહ સમ્આની (રહ.)ના અનુસાર આપની વફાત સન હિજરી ૧૬૧માં થઈ. આ આધારે કહી શકાય કે પોતાના શેખ હઝરત ફુઝૈલ બિન અયાઝ (૧૦૭ – ૧૮૭ હિ.)થી પણ ૨૫ કે ૨૬ વરસ પહેલાં આપ રહ.ની વફાત થઈ હતી.

૧૦૨ વરસની કુલ ઉમર આપ (રહ.)એ મેળવી.

સિયરુ અઅલામિન્નુબલામાં છે કે, આપનો જન્મ લગભગ ૧૦૦ હિજરીસનમાં થયો. આ આધારે આપની ઉમર ૬૧ – ૬૨ વરસ કહી શકાય.

***કબર અને મઝાર***

અને મદીના શરીફમાં આપની વફાત થઈ, અમુક લોકોના કથનુસાર શામમાં આપનો મઝાર છે.

અલબિદાયહમાં છે કે, બહરે રૂમના કોઈ ટાપુમાં આપનો મઝાર છે. અહિંયા આપ મુજાહિદીનની જમાતમાં શામેલ હતા. જે રાત્રે આપની વફાત થઈ, રાત્રે આપને ઝાડાની શિકાયત થઈ હતી. એક રાતમાં ૨૦ વાર હાજતે ગયા અને દરેક વાર વુઝૂ ફરમાવ્યું. છેલ્લે જયારે આપ રહ.ને વફાત નજીક લાગી તો પોતાની કમાન અને તીર મંગાવ્યા. હાથમાં પકડયાં અને શત્રુ તરફ તીર ફેંકવાની કોશિશમાં હતા, એવામાં આપની વફાત થઈ. (અલબિદાયહ, જિલ્દ ૧૦)

***ખલીફાઓ***

આપ રહ.ના બે વિશેષ ખલીફાઓ હતા :

(૧) ખ્વાજા હુઝૈફહ મરઅશી રહ.

(૨) ખ્વાજા શકીક બલ્ખી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑ બાદશાહ ઈન્સાફ ન કરે તો બાદશાહ અને ચોર સરખા છે. આલિમ પરહેઝગાર ન હોય તો આલિમ અને વરૂ બરાબર છે. જે અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજા સામે ઝૂકતો હોય તો આવો માણસ અને કુતરો સરખા છે.

❑ જે માણસ તોબા કરવા ચાહે એના માટે જરૂરી છે કે, ઝુલ્મ – ગુનાહ ન કરે અને લોકો સાથે મળવાનું બંધ કરી દે. નહીંતર એની તોબાનો કોઈ ફાયદો નથી.

❑ ઝમુરહ ફરમાવે છે કે ઈબ્રાહીમ બિન અદહમ ફરમાવતા કે મને ખોફ છે કે સારાં ખાણા અને પકવાન ન ખાવા વિશે મને કોઈ સવાબ મળશે નહીં, કારણ કે મને એની ઈચ્છા જ નથી હોતી. આપની આદત હતી કે દસ્તારખાનની સારી વસ્તુઓ સાથીઓ સામે મૂકી દેતા અને પોતે ફકત રોટી અને ઝયતુન ખાય લેતા હતા.

❑ સુફયાન બિન ઉયયનહ ફરમાવે છે કે અમે હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ.ને કહયું કે, તમે શાદી કેમ નથી કરતા ? એમણે જવાબ આપ્યો કે, મારા માટે શકય હોત તો હું મારી ઝાતને પણ તલાક આપી દેત. *(સિયરુ અઅલામિન્નુબલા)*

❑ હું શામમાં ૨૪ વરસ રહયો, અલબત્ત એમાં રહેવાનો મારો મકસદ જિહાદ કે ઈસ્લામની સરહદોની હિફાજત નહીં, બલકે હલાલ રોટીની કમાણી માટે અહીંયા રહયો છું.

❑ ગમ બે પ્રકારના હોય છે : એક પોતાનો જે ફાયદાકારક છે અને બીજો પરાયો જે નુકસાનકારક છે. આખિરતનો ગમ તમારો પોતાનો છે અને દુનિયાનો ગમ પરાયો છે.

❑ ઝુહદ ત્રણ પ્રકારના છે :

વાજિબ, એટલે કે હરામ કામો છોડી દેવા.

મુસ્તહબ, એટલે કે હલાલ શોખ અને ખ્વાહિશો છોડી દેવી.

સલામત, એટલે કે શંકાસ્પદ વસ્તુઓ છોડી દેવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑ લાલચ છોડી દેવાથી સચ્ચાઈ અને તકવા આવે છે. અને લાલચના કારણે ગમ અને પરેશાનીઓ આવે છે.

❑ ઈમામ અબૂ હનીફહ રહ.એ એક દિવસ એમને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ તમને ઘણી બધી નેક ઈબાદતો કરવાની તોફીક આપી છે. તમારે ઈલ્મની પણ ફિકર કરવી જોઈએ. ઈલ્મ ઈબાદતનો સરદાર અને દીનની બુનિયાદ છે. આપ રહ.એ જવાબ આપ્યો કે, તમારે ઈબાદત અને ઈલ્મ ઉપર અમલ કરવાની જરૂરત છે. નહીંતર હલાક થઈ જશો.

❑ લોકો પોતાની રોઝી હલાલ કરી લે તો બસ છે. પછી ચાહે એ આખી રાત ઈબાદત ન કરે અને દિવસોના રોઝા ન રાખે તો પણ વાંધો નથી.

❑ આપણે આપણી વાણી ઘણી સુધારી લીધી છે, હવે એમાં કોઈ ભૂલ નથી કરતાં, પણ આમાલ એવા ખરાબ કરી લીધા છે કે એમાં કોઈ સાચો અમલ છે જ નહીં.

أعربنا فی الكلام فلم نلحن و لحنا فی الأعمال فلم نعرب

❑ છેલ્લા ઝમાનામાં ત્રણ વસ્તુઓ ઘણી ઓછી થઈ જશે. અલ્લાહ ખાતર મહોબ્બત રાખનાર દીની ભાઈ જેનાથી માણસ દોસ્તી કરી શકે. હલાલ કમાણીનો એક દિરહમ અને બાદશાહ સામે સાચી વાત કહેવી.

❑ ખલ્ફ બિન તમીમ ફરમાવે છે કે, એકવાર ઈબ્રાહીમ બિન અદહમ રહ. આ શેર પઢી રહયા હતા :

أری أنـاسـا بـأدنـی الـدين قد رضوا

ولا أراهـم رضـوا فی العيش بالدون

فـاستـغـن بالله عن دنيا الملوك كما

استـغـنـی الملوك بدنياهم عن الدين

હું જોઉં છું કે માણસો થોડા દીન ઉપર સંતોષ માની લે છે. આ જ લોકો જીવન (દુનિયા)ની અન્ય વાતોમાં થોડા ઉપર સંતોષ નથી માનતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માટે બાદશાહોની દુનિયા છોડો અને અલ્લાહની ખુશી મેળવીને માલદાર થઈ જાઓ, જેમ કે બાદશાહો દીન છોડીને દુનિયા ઉપર ખુશ છે.

*(તહઝીબુલ કમાલ)*


*સંદર્ભ ગ્રંથો :*

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝરત શૈખ મવ. ઝકરિયા રહ. |
| સિયરુલ અકતાબ. | શેખ અલ્લાહ દિયા ચિશ્તી રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા. | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| સિયરુ અઅલામિન્નુબલા. | હાફિજ શમ્સુદીન ઝહબી રહ. |
| અલ બિદાયહ. | ઈબ્ને કષીર ઈસ્માઈલ દમિશ્કી રહ. |
| તહઝીબુલ કમાલ. | હાફિજ જમાલુદીન યૂસુફ મિઝઝી રહ |
| તઝકિરતુલ અવલિયા. | શેખ ફરીદુદ્દીન અત્તાર રહ. |
| મુસ્નદે ઈબ્રાહીમ બિન અદહમ | મુહમ્મદ બિન ઈસ્હાક મન્દહ રહ. |
| આપબીતી હઝરત શેખ રહ. | હઝરત શૈખ મવ. ઝકરિયા રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૬.

# ખ્વાજા હુઝૈફહ મરઅશી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચિશ્તીયા સિલસિલાના મહાન બુઝુર્ગોમાં એક ખ્વાજા હુઝૈફહ મરઅશી (રહ.) છે. આપ રહ. મહાન બુઝુર્ગ હઝરત ઈબ્રાહીમ બિન અદહમ  રહ.ના ખલીફા છે.

હિલ્યતુલ અવલિયામાં છે કે આપનું નામ હુઝયફહ બિન કતાદહ છે. હઝરત સુફયાન ષોરી રહ.ના શાગિર્દ હતા અને મરઅશના રહેવાસી હતા.

*નોટ : મરઅશ શામ (સિરિયા)ના એક શહેરનું નામ છે. (હાશિયહ સિયરુલ અવલિયા :૧૧૫, તરજુમહ : એજાઝુલ હક કુદ્દુસી) આજકાલ આ શહેર તુર્કીસ્તાનમાં છે અને 'કહરમાન મરઅશ' KAHRAMANMARAS તરીકે ઓળખાય છે.*

સદીદુદ્દીન એટલે કે 'દીનના સીધા માણસ'નો સુંદર ઈલ્કાબ આપને આપવામાં આવ્યો હતો. બચપણમાં ફકત સાત વરસની ઉમરે સાત કિરાઅતો સાથે કુર્આનના હાફેજ થઈ ગયા હતા. ૧૬ વરસની ઉમર સુધીમાં તો અન્ય વિદ્યાઓ – ઉલૂમની તકમીલ ફરમાવી મોટા આલિમ બની ગયા હતા. ત્યાર બાદ હઝરત ખિઝરના માર્ગદર્શનથી સુલ્તાન ઈબ્રાહીમ અદહમ (રહ.) પાસે પહોંચ્યા અને તેમની પાસે પણ ફકત છ માસમાં જ ઈલ્મે બાતિની અને રૂહાનિયતની તકમીલ કરી લીધી. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૪૫)

આપ રહ. ખ્વાજા ઈબ્રાહીમ અદહમ રહ.ની સેવામાં જ રહેતા હતા. ઈમામ યાફેઈ રહ.એ રવઝતુલ અહબાબ અને રવઝતુર્રિયાહીનમાં આપની કરામતો અને અહવાલ વિશે અનેક કિસ્સા વર્ણવ્યા છે. એક કિસ્સો આ મુજબ છે : સાથીઓએ એક વાર આપને પૂછયું કે,

આપ આટલી લાંબી મુદત હઝરત ખ્વાજા ઈબ્રાહીમ રહ.ની સેવામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહયા. આ દરમિયાન કઈ વાત તમને સહુથી વધારે નવાઈની લાગી ? આપ રહ.એ જણાવ્યું કે, મક્કાના સફર દરમિયાન અમુક દિવસ સુધી અમારે લગાતાર ભુખ્યા રહેવું પડયું. જયારે અમે કૂફા પહોંચ્યા તો એક નિર્જન મસ્જિદમાં રોકાયા. ખ્વાજા ઈબ્રાહીમ રહ.એ મારી સામે જોઈને કહયું કે, હુઝયફહ ! તમે ભુખ્યા લાગો છો ? મેં અરજ કરી બધી વિગત આપની સામે જ છે. આપ રહ.એ કાગળ અને કલમ લઈને લખ્યું કે,

بسم الله الرحمن الرحيم ، أنت مقصود بكل حال والمشار إليه بكل معنى

أنـا حـامـد أنـا شـاكـر أنـا ذاكر -- أنا جائع أنا ضائع أنا عارى

هـى ستة وأنـا الضمين لنصفها -- فكن الضمين لنصفها يا بارى

مـدحـى لغيرك لهب نار خضتها -- فأجر عبيدك من دخول النار

*અલ્લાહના નામથી શરૂ કરું છું. જે બધા જ લોકો ઉપર મહેરબાન છે. ઘણી જ રહમતવાળો છે. દરેક સંજોગોમાં તું (અને તારી ખુશી) જ અમારો મકસદ અને ઉદ્દેશ છે. અને અમારી તારીફના (શબ્દોના) બધા અર્થ તારા જ માટે છે. હું તારા વખાણ કરું છું. તારો શુક્ર અદા કરું છું. તને યાદ કરું છું. હું ભુખ્યો છું. હું બરબાદ છું. હું નગ્ન છું. આ છ (૬) વસ્તુઓ છે, તેમાંથી અડધાની જવાબદારી હું લઉં છું. હે અલ્લાહ અડધાની જવાબદારી તું લઈ લે. તારા સિવાય અન્યના વખાણ કરવા મારા માટે આગની જવાળાઓમાં પ્રવેશવા સમાન છે. તું તારા બંદાને આગમાં પ્રવેશવાથી બચાવ.*

આ કાગળ હુઝયફહ રહ.ને આપીને ફરમાવ્યું કે, બહાર જાઓ અને સહુ પ્રથમ જે કોઈ માણસ તમને મળે એને આ કાગળ આપી દેજો. હું શહેર બહાર ગયો તો એક માણસ ઊંટણી પર સવાર મને આવતો દેખાયો. મેં કાગળ એને આપી દીધો. કાગળ વાંચીને એણે મને પૂછયું કે, આ લખનાર માણસ કયાં છે ? મેં અરજ કરી કે ફલાણી મસ્જિદમાં છે. એણે મને પોતાની પૈસાની થેલી આપી દીધી અને ચાલી નીકળ્યો. થેલીમાં ૬૦૦ દીનાર હતા. મેં એક માણસને પૂછયું કે, આ કોણ હતું ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એણે જવાબ આપ્યો કે, આ માણસ ઈસાઈ છે. હું હઝરત ઈબ્રાહીમ રહ. પાસે પાછો આવ્યો અને બધી બીના કહી સંભળાવી. આપ રહ.એ ફરમાવ્યું કે, આ દીનારને હાથ ન લગાડશો. હમણા તે આવતો જ હશે. થોડી જ વારમાં તે હઝરત ઈબ્રાહીમ રહ.ની સેવામાં આવ્યો અને હઝરત ઈબ્રાહીમ રહ.નું માથું ચુમીને મુસલમાન થઈ ગયો.

*(અલ ઈશ્રાકુલ ઈસ્લામી : ૨ – ૨૭૨ /અલમુસ્તતરફ : બાબ ૨૧ પેજ : ૨૧૮ /મિરાતુલ અસ્રાર : ૩૦૫ – ૩૦૬)*

છ દિવસ સુધી લગાતાર ભુખ્યા રહેવાની આદત ધરાવતા હતા, અને કહેતા કે અલ્લાહ વાળાઓનો ખોરાક તો ' લા ઈલાહ ઈલ્લલ્લાહ'નો ઝિક્ર છે.

સદાએ રડતાં રહેવું આપની ઓળખ બની ગઈ હતી. કોઈએ પૂછયું કે, આટલું બધું શા માટે રડો છો ? શું અલ્લાહ તઆલાના કરીમ–રહીમ હોવા પર તમને યકીન અને વિશ્વાસ નથી ?

ફરમાવ્યું કે કુર્આનમાં લોકોની એક જમાતને જન્નત અને બીજી જમાત માટે જહન્નમનો આદેશ છે. (فریق فی الجنة و فریق فی السعیر) અને મને ખબર નથી કે હું કયી જમાતમાં હોઈશ ? મને એની ચિંતા રડાવી રહી છે.

તે માણસે પૂછયું કે તમારી આ જ હાલત છે તો પછી તમે શા માટે અન્યોને બયઅત કરો છો ?

શેખ (રહ.) એ આ સવાલ સાંભળી એક ઊંડો શ્વાસ લીધો અને બેહોશ થઈ ગયા, જયારે હોશમાં આવ્યા તો ગેબથી આપને જન્નતની ખુશબખરી સંભળાવવામાં આવી, જે ત્યાં મોજૂદ બધા જ લોકોએ જ સાંભળી, અને ત્રણસો માણસો તે જ ઘડીએ મુસલમાન થઈ ગયા. (ખઝીનતુલ અસ્ફીયા : ૨/૩૩)(તારીખે મશાઈખે ચિશ્ત :૧૪૬)

આ જ પ્રમાણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રોઝા ઉપરથી પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સંગાથની ખુશખબરી આપને સંભળાવવામાં આવી હતી. (તારીખે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મશાઈખે ચિશ્ત :૧૪૬)

અવલિયાએ કિરામ અલ્લાહ તઆલાથી કેટલી હયા કરતા હોય છે અને કેવા ડરતા હોય છે એનું વર્ણન કરતાં અલ્લામહ ઈબ્ને રજબ હંબલી રહ. લખે છે કે,

ફુઝૈલ બિન અયાઝ ફરમાવે છે કે, જો મને બે વાતોમાંથી એકને પસંદ કરવાનું કહેવામાં આવે કે, કાં તો મરવા પછી આખિરતમાં ફરી પેદા થઈને જન્નતમાં જાઓ અથવા મરવા પછી ફરી પેદા જ નહીં થવું. તો હું જન્નતમાં જવા કરતાં ફરી પેદા ન થવાને પસંદ કરીશ. આ કથન વર્ણવનાર મુહમ્મદ બિન હાતિમ ફરમાવે છે કે આનું કારણ અલ્લાહ તઆલાનો ડર અને હયા છે.

અને અબૂ સુલૈમાન રહ. ફરમાવે છે કે હું તો અલ્લાહ તઆલાની સામે જઈને અલ્લાહ તઆલાનો દીદાર કરીને આંખો ઠંડી કરવાને વધુ પસંદ કરીશ. અલ્લામહ ઈબ્ને રજબ આ બન્ને વાતો નકલ કરીને લખે છે કે શેખ અબૂ ઝેદ રહ.નું મંતવ્ય અબૂ સુલૈમાન રહ.ના કથન મુજબ છે અને શેખ હુઝયફહ મરઅશી રહ.એ શેખ ફુઝૈલ રહ.ની રાહ અપનાવી છે. શેખ હુઝયફહ મરઅશી ફરમાવે છે કે,

لو نزل علّى ملك من السماء يخبرنى أن لا أرى النار بعينى و إنى أصير إلى الجنة إلا أنى أقف بين يدى ربى ثم أصير إلى الجنة ، فقلت لا أريد الجنة و لا أقف تلك الموقف(مجموع رسائل ابن رجب :٣/ ٣٧٥)

અગર આસમાનથી કોઈ ફરિશ્તો મારા ઉપર ઉતરીને મને એવું કહે કે, મારે જહન્નમને જોયા વગર જન્નતમાં જવાનું છે, અલબત્ત મારે મારા પરવરદિગાર સમક્ષ ઉભા રહયા પછી જ જન્નતમાં જવાનું છે તો હું જવાબ આપીશ કે હું જન્નતમાં જવા ઈચ્છતો નથી. અને આ રીતે પરવરદિગાર સામે ઉભા રહેવાની હિમ્મત નથી ધરાવતો.

અલ્લામહ ઈબ્ને તયમિયહ રહ.એ પણ એક સ્થળે આપનો ઉલ્લેખ કર્યો છે. તેઓ લખે છે કે,

સૂફીયાએ કિરામમાં પ્રચલિત 'સિમાઅ' વિશે અમે અન્ય સ્થળે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વિગતવાર ચર્ચા કરી છે. જેનો ખુલાસો આ છે કે મુરીદો કુર્આની અને ઈમાની સિમાઅ દ્વારા પણ એમનો મતલબ અને મકસદ પ્રાપ્ત કરી શકે છે. અંબિયાએ કિરામ, ઉલમાએ કિરામ, આરિફીન અને મુઅમિનીનનું સિમાઅ આવું જ ઈમાની – કુર્આની હતું. ઈબ્ને તયમિયહ રહ. ત્યાર પછી આયતો સાંભળીને મોમિનોમાં ઈમાન તાઝું થવા વિશે કુરઆની આયતો વર્ણવીને લખે છે કે,

ઉમ્મતના આગલા બુઝુર્ગો અને અકાબિર મશાઈખ, સહાબા, તાબેઈન, અને ત્યાર પછીના મશાઈખ જેમ કે ઈબ્રાહીમ બિન અદહમ, ફુઝૈલ બિન અયાઝ, અબૂ સુલૈમાન દારાની, મઅરૂફ કરખી, યૂસુફ બિન અસ્બાત, અને હુઝયફહ મરઅશી વગેરે બુઝુર્ગોનું સિમાઅ આવું જ હતું. (ફતાવા ઈબ્ને તયમિયહ : ૧૦/૫૦–૫૧)

ઈબ્ને જવઝી રહ.એ સિફતુસ્સફવહમાં જે બુઝુર્ગોના અહવાલ અને અકવાલ ભેગા કર્યા છે એમાં ૭૯૬ નંબર ઉપર આપ રહ.નું વર્ણન છે.

એમાં છે કે, હુઝયફહ રહ. ફરમાવે છે કે ચાર વસ્તુઓની દેખરેખ રાખો. તમારી આંખો. ઝબાન. ખ્વાહિશાત અને દિલ. આંખો વિશે ધ્યાન રાખો કે એવી વસ્તુઓ ન જુએ જે તમારા માટે હલાલ ન હોય. ઝબાનથી એવી વાત ન કહો કે તમારા દિલમાં એનાથી ઉલટા વિચારો હોવાનું ઈલ્મ અલ્લાહ તઆલાને હોય. ખ્વાહિશાતને કાબૂમાં રાખો કે કયાંક એ તમને ગુમરાહ ન કરી દે. દિલને તપાસો કે એમાં ફરેબ અને બુરાઈઓ ન પેસી જાય. (પેજ : ૮૪૧)

આપનો એક કિસ્સો વર્ણવ્યો છે કે, એક વાર હું દરિયાની સફરે હતો. સફર દરમિયાન મધદરિયે જહાઝ તૂટી ગયું. તૂટેલા જહાઝના એક લાકડા ઉપર હું એક સ્ત્રી સાથે બચી ગયો. સાત દિવસ એમ જ પસાર થઈ ગયા. પેલી સ્ત્રીએ મને કહયું કે મને તરસ લાગી છે. મેં અલ્લાહ તઆલાથી દુઆ કરી કે અમને પાણી આપે. એવામાં મેં જોયું કે, આસમાનથી એક સાંકળ નીચે લટકી. જેમાં પાણીનો કૂજો લટકાવેલ હતો. સ્ત્રીએ પાણી પીધું. મેં ઉપર જોયું તો એક માણસ હવામાં પલાંઠી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાળીને બેસેલો હતો. મેં એને પૂછયું કે, તું કોણ છે ? એણે જવાબ આપ્યો કે, માણસ જ છું. મેં એને પૂછયું કે, આવો ઉચ્ચ મરતબો તને કેવી રીતે મળ્યો ?

એણે જવાબ આપ્યો કે દરેક બાબતમાં અલ્લાહ તઆલાની મરજીને મારી મરજી અને ઈચ્છાથી આગળ રાખું છું. એની બરકતથી અલ્લાહ તઆલાએ તમે જુઓ છો એ મુજબ હવામાં બેસાડયો છે.

ઈબ્ને જવઝી રહ. ત્યાર પછી લખે છે કે, આપણી પાસે હુઝયફ રહ.ની વર્ણવેલ હદીસો ઉપલબ્ધ નથી. તેઓ રિવાયતો વર્ણન કરવાના બદલે ઈબાદતમાં વધારે ધ્યાન આપતા હતા. હઝરત સુફયાન ષવરી રહ.ના શાગિર્દ હતા અને હિજરી સન ૨૦૭ માં આપ રહ.ની વફાત થઈ. (સિફતુસ્સફવહ : પેજ નં : ૮૪૨)

સિયરુ અઅલામિન્નુબલામાં છે કે, હુઝયફ બિન કતાદહ સુફયાન ષોરીના શાગિર્દ છે અને એમનાથી હદીસો પણ રિવાયત કરે છે. મોટા વલી હતા. એમનું કથન છે કે, તમને તમારા સૌથી વધારે નેક અને બેહતર અમલ વિશે પણ એવો ખોફ રાખવો જોઈએ કે અલ્લાહ તઆલાના એના કારણે તમને અઝાબ આપી શકે છે. જો તમે આમ નથી વિચારતા (બલકે નેક અમલ ઉપર ચોક્કસ રીતે પોતાને સવાબના હકદાર સમજો છો) તો તમે બરબાદ થઈ ગયા સમજો.

એમનું જ કથન છે કે,

جماع الخير فی حرفين : حل الكسرة وإخلاص العمل لله

બધી જ ભલાઈ બે બાબતોમાં સમાય જાય છે : હલાલ રોઝી અને અમલમાં ઈખ્લાસ. (૯ – ૨૮૪)

નફહાતુલ ઉન્સમાં છે કે, હઝરત ઈબ્રાહીમ અદહમ રહ., અલી બક્કાર રહ. હુઝયફહ મરઅશી રહ. અને સુલેમાન ખવાસ રહ.એ પરસ્પર કરાર કર્યો હતો કે, પૂરી રીતે હલાલ હોય એવી વસ્તુ જ ખાઈશું. અલબત્ત આવી સંપૂર્ણ હલાલ વસ્તુ એમને મળવી અઘરી થઈ પડી. એટલે નાછુટકે સૌથી વધારે હલાલ જે વસ્તુ લાગી એને ખાવાનું નક્કી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કર્યું, પરંતુ ફકત એટલી જ માત્રામાં જેને ખાધા વગર કોઈ છુટકો ન હોય, એટલે કે જાન બચાવવા અને ઈબાદત કરવા પૂરતી જ ખાતા હતા. (નફહાત : ૪૨)

એકવાર આપ રહ. હઝરત ઈબ્રાહીમ અદહમ રહ. સાથે મક્કાની સફરે હતા. આ દિવસોમાં હઝરત શકીક બલ્ખી રહ. પણ મક્કા તશ્રીફ લાવ્યા. લોકોને આ ખબર પડી તો ભેગા થઈ ગયા અને બન્ને બુઝુર્ગોને એક મજલિસમાં શરીક કરી દીધા. જેથી એમની રૂહાની મજલિસથી લાભ ઉઠાવી શકાય. મજલિસમાં હઝરત ઈબ્રાહીમ રહ.એ હઝ. શકીક રહ.ને પૂછયું કે, હે શકીક ! તમારા મુજાહદહનો નિયમ શું છે ? શકીક રહ.એ કહયું કે, જયારે રોઝી મળે છે તો ખાય લઈએ છીએ અને નથી મળતી તો સબ્ર કરીએ છીએ. હઝ. ઈબ્રાહીમ રહ.એ ફરમાવ્યું કે, આવું તો બલ્ખના કુતરાઓ પણ કરે છે. મળે છે તો ખાય છે નહીંતર સબ્ર કરીને બેસી રહે છે.

હઝરત શકીક રહ.એ પૂછયું : તો પછી તમારા મુજાહદહની બુનિયાદ શું છે ?

હઝરત ઈબ્રાહીમ અદહમ રહ.એ અરજ કરી કે, અમને જયારે માલ – રોઝી મળે છે તો એમાં બીજાઓને આગળ કરીએ છીએ. અન્યો માટે એ માલ કુરબાન કરીએ છીએ. અને જયારે કંઈ નથી મળતું ત્યારે અલ્લાહ તઆલાના શુક્ર – વખાણમાં મશ્ગૂલ રહીએ છીએ.

હઝરત શકીક રહ. આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ રહ.ની સામે આવીને બેસી ગયા અને બોલ્યા કે, હે અબૂ ઈસ્હાક ! તમે મારા રાહબર છો. (તારીખે દમિશ્ક. ઈબ્રાહીમ નામના માણસોનું વર્ણન.)

ફરમાવતા કે જો કોઈ માણસ કસમ ખાઈને કહે કે હે હુઝૈફહ ! તારા કામો કયામતનું ઈમાન રાખનાર માણસ જેવા નથી, તો હું એને કહીશ કે તું કસમમાં સાચો છે, અને કસમનો કફ્ફારો આપવાની જરૂરત નથી.

આપનું કથન છે કે મારા મતે સૌથી ઉત્તમ નેકી આ છે કે માણસ ઘરમાં બેસી રહે, ફરજ નમાઝ પઢવા માટે પણ જો અન્ય રીત હોત તો હું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બહાર જ ન આવત, અને ઘરમાં જ નમાઝ પઢીને અંદર જ રહેત.

આપના ખલીફાઓમાં ખ્વાજા અબૂ હુબૈરહ બસરી (રહ.) સૌથી મશહૂર છે, અમુક લોકો ઈમામ શાફેઈ (રહ.)ને પણ આપના ખલીફા ગણાવે છે. (તારીખે મશાઈખે ચિશ્ત :૧૪૬)

ઈલ્મે તસવ્વુફમાં અમુક કિતાબો પણ આપ (રહ.) એ સંપાદન કરી હતી, જે હાલ અપ્રાપ્ય છે.(તારીખે મશાઈખે ચિશ્ત :૧૪૫)

૧૪ કે ૨૪ શવ્વાલ ૨૦૨ હિજરીમાં આપની વફાત થઈ, ઈમામ શઅરાની સન હિ. ૨૦૭ને આપની વફાતનું વરસ દર્શાવ્યું છે.

ખઝીનતુલ અસ્ફીયા (૨/૩૩)માં તઝકિરતુલ આશિકીન અને સિયરુલ અકતાબના હવાલાથી વફાતનું વરસ ૨૭૬/૨૫૨ વગેરે વર્ણન છે. જે સહીહ નથી.


***સંદર્ભ ગ્રંથો :***

| | |
|---|---|
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી |
| હિલ્યતુલ અવલિયા | શેખ અબૂ નુઐમ અસ્ફહાની |
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝરત શેખ મવ. ઝકરિયા રહ. |
| સિયરુ અઅલામિન્નુબલા | હાફિજ શમ્સુદ્દીન ઝહબી રહ. |
| સિફતુસ્સફવહ | અલ્લામહ ઈબ્ને જવઝી રહ. |
| ફતાવા ઈબ્ને તયમિયહ | અલ્લામહ ઈબ્ને તયમિયહ |
| નફહાતુલ ઉન્સ | શેખ અબ્દુરર્હમાન જામી રહ. |
| મિરાતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| રસાઈલ ઈબ્ને રજબ | શેખ ઈબ્ને રજબ હંબલી રહ. |
| બુગ્યતુત્તાલિબ ફી તારીખિ હલ્બ. | કમાલુદ્દીન ઉમર બિન અહમદ |
| અલમુસ્તતરફ | શેખ શિહાબુદ્દીન મુહમ્મદ બિન અહમદ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૭.

# ખ્વાજા અબૂ હુબૈરહ બસરી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા અબૂ હુબૈરહ બસરી (રહ.), ખ્વાજા હુઝૈફહ મરઅશી (રહ.)ના ખલીફા અને જાનશીન છે. કેટલાક લેખકો આપનું નામ હુબૈરહ તો કેટલાક અબૂ હુબૈરહ દર્શાવે છે. અમીનુદ્દીન આપનો લકબ હતો, ઈરાકના શહેર બસરહમાં સન હિજરી ૧૬૭માં આપનો જન્મ થયો અને ૧૭ વરસની ઉમરે કુર્આન શરીફ હિફજ કરવા ઉપરાંત આલિમ – ફાઝિલ અને જાહેરી ઉલૂમમાં પારંગત થઈ ચૂકયા હતા. (સિયરુલ અકતાબ, ફારસી : ૪૮/તારીખે મશાઈખે ચિશ્તઃ ૧૪૭)

નફસના મુજાહદહ અને રિયાઝતના પહેલેથી જ ટેવાયેલા હતા, દરરોજ બે વાર કુર્આન શરીફ પૂરું ફરમાવતા હતા. ત્રીસ વરસ સુધી અનેક પ્રકારના મુજાહદહ અને ઈબાદત છતાં નાકામીનો એહસાસ હતો, એક વાર આ એહસાસના કારણે ઘણા રડયા અને અરજ કરી કે યા ઈલાહી ! આ હુઝયફહ ત્રીસ વરસથી પૂરી આજિઝી સાથે દિલ લગાવીને ઈબાદત કરે છે. એની બખ્શિશ ફરમાવો. આ વેળા એક ગેબી અવાઝ દ્વારા આપને મગફિરતની ખુશખબરી સંભળાવવામાં આવી અને સાથે જ આદેશ આપવામાં આવ્યો કે ફકીરી શીખવા માટે ખ્વાજા મરઅશી પાસે જાઓ. (સિયરુલ અકતાબ, ફા. ૪૮/તારીખે મશાઈખે ચિશ્ત :૧૪૭)

અબૂ હુબૈરહ આ આદેશ પામીને ખ્વાજા મરઅશી (રહ.)ની સેવામાં પહોંચ્યા અને એમના મુરીદ બની ગયા અને પોતાને મુરિશદના હવાલે કરી દીધા. હઝરત ખ્વાજા મરઅશી રહ.એ ફરમાવ્યું કે, હુબૈરહ ! તમે જે ત્રીસ વરસ મુજાહદહ કર્યો છે, એ અલ્લાહ તઆલાના હુકમથી જ કર્યો છે. કોઈ પણ માણસ પોતાની શકિત કે આવડતથી મુજાહદહ અને મુશાહદહ નથી કરી શકતો. આ મુજાહદહની પૂરી અસર અને બરકત તમને પ્રાપ્ત છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ મુજાહદહની બરકતથી અને પીરો મુરશિદના માર્ગદર્શનના તુફૈલથી એક અઠવાડિયામાં જ કમાલ પ્રાપ્ત કરી લીધો અને એક વરસ પછી આપ રહ.ને પીરો મુરશિદ તરફથી ઈજાઝત – ખિલાફત પણ અર્પણ કરવામાં આવી. (સિયરુલ અકતાબ, ફા. ૪૮/તારીખે મશાઈખે ચિશ્ત : ૧૪૭)

એકાંત – એકલતા ઘણી જ પસંદ ફરમાવતા, આખું જીવન એક કોટડીમાં વિતાવી દીધું, કદી પણ સામે ચાલીને માલદારો પાસે જતા ન હતા. એમને જોવાનું પણ પસંદ કરતા ન હતા. એમની દાવત કે ભેટો પણ સ્વીકારતા ન હતા. અને ફરમાવતા કે આ માલદારોની દાવત હળાહળ ઝેર છે. એના ખાવાથી દિલ મરી જાય છે. સદા રડતા રહેતા,

ઘણી વાર એટલું વધારે રડતા કે લોકોને લાગતું કે હવે શેખ મરી જશે. કોઈવાર તો આંખોમાંથી આંસુના બદલે લોહી વહેવા માંડતું. દુનિયાની મઝેદાર વસ્તુઓ ખાવાનું પણ છોડી દીધું હતું. (સિયરુલ અકતાબ, ફારસી. ૪૯/તારીખે મશાઈખે ચિશ્ત. ૧૪૮)

જે માણસમાં આપ કાબેલિયત જોતા અને નવાઝવા ઈચ્છતા તો એક તવજ્જુહથી જ એના પર ઉલૂમના દરવાજા ખોલી દેતા. (તારીખે મશાઈખે ચિશ્ત. ૧૪૮)

તેઓ પોતે ફરમાવે છે કે જયારે મને ખિલાફત આપવામાં આવી ત્યારે હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પવિત્ર રૂહ અને તમામ અકાબિરીનની રૂહોને હું જોઈ રહયો હતો, અને બધા જ મને દુઆ આપી રહયા હતા અને હું અલ્લાહ તઆલાના ખોફથી રડી રહયો હતો. કારણ કે દુરવેશી ઘણું અઘરું કામ છે. આજે મેં દુરવેશીનો લિબાસ પહેર્યો છે, શી ખબર કાલે મારાથી કોઈ એવું કોઈ કામ થઈ જાય જે દુરવેશીના લાયક ન હોય. (સિયરુલ અકતાબ, ફારસી : ૪૯/તારીખે મશાઈખે ચિશ્તઃ ૧૪૮)

એકવાર એક માણસ આપની પાસે હઝાર દિરહમનો હદિયો – નિયાઝ લઈને આવ્યો. આપ રહ. તો આ માલને જોઈને જ બેહોશ થઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગયા. ઘણી વાર પછી જયારે હોશમાં ન આવ્યા તો લોકોએ ચહેરા ઉપર પાંણી છાંટયું. એનાથી હોશમાં આવ્યા ત્યારે ચહેરાનો રંગ ઉતરી ગયો હતો અને થરથર કાંપતા હતા.

લોકોએ પૂછયું કે, હઝરત ! શું થયું ? કેમ આટલા બધા ડરી ગયા ?

જવાબ આપ્યો કે, હું બિચારો મુહબ્બતે ઈલાહીને ચાહનારો છું. મારો મકસૂદ અને મતલૂબ તો અલ્લાહ તઆલા છે. લોકો એની સામે આવી બેકાર વસ્તુ લઈને આવે છે. આવી સ્થિતિમાં તો મારે મરી જવું જ બેહતર છે. દુરવેશને દિનાર કે દિરહમ સાથે શું લેવા દેવા ? એણે તો ફકીરી અને ફાકા અપનાવવા જોઈએ. (સિયરુલ અકતાબ,ફા. ૪૯–૫૦)

મિર્આતુલ અસ્રારમાં છે કે,

આપ રહ. અને આપના મુરીદોની વિશેષતા આ હતી કે રાત દિવસ વુઝૂ સાથે રહેતા હતા. દિલને હાજર રાખીને જ નમાઝ પઢવાનો એહતિમામ ફરમાવતા હતા. અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજી વસ્તુનો ઝિક્ર – ઉલ્લેખ મજલિસમાં કરતા જ ન હતા. ત્રણ ચાર દિવસ પછી જંગલમાંથી સબ્જી કે ફળો, જે મળે તે તોડી લાવતા અને એનાથી જ કામ ચલાવતા હતા. *(મિરાતુલ અસ્રાર : ૩૨૦/બહરે ઝખ્ખાર : ૨૧૯)*

તા. ૭ કે ૧૮ શવ્વાલ ૨૮૭ હિજરીના આપની વફાત થઈ, અમુક લોકોએ આપની વફાત ૨૭૯ હિ. પણ દર્શાવી છે. એટલે કે લગભગ ૧૨૦ વરસ આપની ઉમર થઈ, બસરહમાં આપને દફન કરવામાં આવ્યા. (ખઝીનતુલ અસ્ફિયા, ૨–૩૪)

ખ્વાજા અબૂ હુબૈરહ (રહ.)થી જેટલા સિલસિલા ચાલ્યા, એ બધાને 'હુબૈરિયાં' કહેવામાં આવે છે. આપના ખુલફામાં એક નામાંકિત ખલીફા ખ્વાજા મુમ્શાદ પણ છે, જેઓ ચિશ્તીયા સિલસિલામાં આપના પછી મોટું સ્થાન ધરાવે છે.

*(મિર્આતુલ અસ્રાર : ૩૨૦ / તારીખે મશાઈખે ચિશ્ત : ૧૪૮)*

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*સંદર્ભ ગ્રંથો :*


| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝરત શેખ મવલાના ઝકરિયા રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશરફી |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૮.

# ખ્વાજા મુમ્શાદ દીનોરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તબકાતુસ્સૂફિયા, તબકાતુલ અવલિયા અને અમુક અરબી કિતાબોમાં આપનું નામ મિમ્શાઝ (مِمشاذ) લખવામાં આવ્યું છે. અને ઉપર મુજબ મીમના ઝેર સાથે એનો ઉચ્ચાર અને 'એઅરાબ' પણ દર્શાવવામાં આવ્યા છે. ફારસી – ઉર્દૂ કિતાબોમાં મુમ્શાદ (ممشاد) લખવામાં આવ્યું છે.

શેખ ફરીદુદ્દીન અત્તાર રહ.ની એક કિતાબ તઝકિરતુલ અવલિયા છે. એના હાશિયહમાં છે કે, મુમ્શાદ શબ્દ, બે શબ્દોના મિશ્રણથી બન્યો છે. મુહમ્મદને કાપીને 'મુમ' કરી દીધું અને 'શાદ' એટલે ખુશ. મતલબ કે આપનું નામ 'મુહમ્મદ શાદ' હતું. એ ટુંકાવીને 'મુમ્શાદ' બોલાય છે. અલબિદાયહ વ ન્નિહાયહના હાશિયહમાં 'હમ્શાદ' બતાવ્યું છે. (તઝકિરતુલ અવલિયા : પ૨પ/ અલબિદાયહ : ૧પ – ૧૪પ)

અમુક સ્થળોએ આપનું નામ મુમ્શાદ બિન અલી અને મુમ્શાદ અલી પણ જોવા મળે છે. અલીને કુર્દી ભાષામાં 'અલૂ' કહેવામાં આવે છે. એટલે અમુક કિતાબોમાં મુમ્શાદ અલૂ પણ જોવામાં આવે છે.

આપનું મુળ વતન દીનોર હતું. અને બગદાદમાં આપ રહ.એ તાલીમ તરબિયત પ્રાપ્ત ફરમાવી હતી.

નોંટ : દીનોર આજકાલ ઈરાનમાં છે. હિજરી સન ૨૨ માં હઝરત ઉમર રદિ.ના સમયકાળમાં આ શહેર મુસલમાનોએ ફતેહ કર્યું હતું.

ખ્વાજા મુમ્શાદ દીનોરી અને ખ્વાજા અલૂ દીનોરી એક જ છે કે બે અલગ અલગ બુઝુર્ગો છે એ બાબતે વિરોધાભાસ છે. અમુક લોકો કહે છે કે ખ્વાજા અલૂ દીનોરી રહ. ચિશ્તીયા સિલસિલાના બુઝુર્ગ છે. અને મુમ્શાદ દીનોરી રહ. સુહરવર્દી સિલસિલાના બુઝુર્ગ છે. અલબત સમયગાળો અને વફાતનો ઝમાનો અને બીજી વિગતો જોતાં એક જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુઝુર્ગ આ બન્ને સિલસિલામાં પીર હતા એ વધારે યોગ્ય લાગે છે.(તારીખે મશાઈખે ચિશ્ત)

સફીનતુલ અવલિયામાં દારાશિકોહે લખ્યું છે કે બન્ને બુઝુર્ગો અલગ છે. અલબત્ત બન્નેની વફાતનું વરસ એક જ છે. એટલે ગરબડ થતી હોય એમ પણ શકય છે. (ખઝીનતુલ અસ્ફિયા)

તબકાતુલ અવલિયામાં છે કે આપ રહ. સય્યિદ હતા. (૨૮૮)

યહયા ઈબ્ને જલ્લાઅ, શેખ રુવૈમ અને અન્ય બુઝુર્ગોની સોહબતમાં રહેતા હતા.

આપ રહ. ઘણા જ પૈસાદાર અને દોલતમંદ હતા. ગરીબોની ઈમ્દાદ કરવામાં અને હાજતમંદોની જરૂરત પૂરી કરવામાં ઘણો જ ખર્ચ કરતા હતા. છેલ્લે બધી જ દોલત સખાવત કરીને ગરીબી અપનાવી અને મક્કા મુઅઝઝમહ ચાલ્યા ગયા. આ સખાવતના કારણે આપને 'કરીમુદ્દીન મુન્ઈમ'નો લકબ આપવામાં આવ્યો.

હાફિજે કુરઆન હતા. જાહેરી ઉલૂમ અને બાતેની ઉલૂમના ઈમામ હતા. હઝરત ખ્વાજા હુબૈયરહ ઉપરાંત તસવ્વુફના બીજા સિલસિલાઓમાં પણ આપને ઈજાઝત પ્રાપ્ત હતી.

ખઝીનતુલ અસ્ફિયામાં છે કે, શેખ મઅરૂફ કરખી રહ.થી ચાર વાસ્તાઓથી આપને ખિલાફત મળી હતી. શેખ મઅરૂફ કરખીના ખલીફા શેખ સિર્રી સકતી રહ. હતા. એમના ખલીફા હઝરત જુનેદ બગદાદી રહ. હતા. એમના ખલીફા શેખ મુહમ્મદ રુવૈમ હતા. એમના ખલીફા શેખ અબ્દુલ્લાહ ખફીફ રહ. હતા. શેખ અબ્દુલ્લાહ ખફીફ રહ.એ આપ રહ.ને ખિલાફત આપી હતી.

આપ રહ. હમેંશા રોઝો રાખતા હતા. બચપનમાં પણ કદી દિવસે માંનું દૂધ પીતા ન હતા. એટલે જ આપને 'માદરઝાદ વલી' કહેવામાં આવે છે. બયઅત થવાં પહેલાં હઝરત ખિઝર અલૈ.થી માર્ગદર્શન મેળવતા હતા. પછી એમના ઈશારા મુજબ બયઅત થયા. બયઅત થતાં જ આપને ખિલાફત આપવામાં આવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ વેળા હઝરત પીરો મુરશિદે આપના તરફ તવજ્જોહ ફરમાવી તો આપ રહ. બેહોશ થઈ ગયા અને થોડીવારે હોશમાં આવ્યા. આવું ૪૦ વાર થયું. ત્યાર પછી પીરો મુરશિદ ખ્વાજા હુબૈરહ રહ.એ પોતાનું થુંક એમના મોંઢામાં નાંખ્યું જેનાથી તેઓ સંપૂર્ણ હોશમાં આવી ગયા. હવે ખ્વાજા હુબૈરહ રહ.એ એમને પૂછયું કે, અલૂ ! શું જોયું ? એમણે અરજ કરી કે ત્રીસ વરસના મુજાહદહ થકી પણ હું એ બધું ન મેળવી શકયો જે આજે પીરો મુરશિદની થોડીક તવજ્જોહથી મળી ગયું.

આપની વાતોમાં ઘણો જ પ્રભાવ હતો. જેને પણ કંઈ કહેતા એના ઉપર તુરંત અસર થતી હતી. એકવાર અમુક બુતપરસ્તોને કહયું કે, તમને શરમ નથી આવતી, અલ્લાહ તઆલાને છોડીને બીજી વસ્તુઓની ઈબાદત કરો છો ? આ ટકોરની એટલી બધી અસર થઈ કે તે બધા જ મુસલમાન થઈ ગયા.

### આપની નસીહતો

● જે માણસ કોઈ બુઝુર્ગની ખિદમતમાં જાય અને ત્યાં રહીને પણ પોતાને મોટો સમજતો રહે તો આવા માણસને બુઝુર્ગની સોહબતથી કોઈ લાભ નથી થતો.

● નેક લોકોની સોહબતમાં બેસવાથી દિલ નેક બને છે. અને બુરા લોકોની સોહબતમાં બેસવાથી દિલમાં ખરાબી આવે છે.

● બેકાર વાતો અને બેકાર કામોને છોડી દેવાનું નામ જ તસવ્વુફ છે. અને દિલ જે વસ્તુની ઈચ્છા કરે એને છોડી દેવાનું નામ તવક્કુલ છે.

● હું પ્રથમ મારા સઘળા ઉલૂમ અને હાલાત એક તરફ મુકી દેતો, પછી જ હું કોઈ બુઝુર્ગની સોહબતમાં જતો હતો અને એમની ઝિયારત, વાતો અને બરકતોની લાભ મળવાની આશા રાખતો હતો. કારણ કે જે માણસ કોઈ બુઝુર્ગની સોહબતમાં પોતાના ઉલૂમ અને અહવાલ લઈને જાય છે, તે માણસ પોતાની મશ્ગૂલીના કારણે બુઝુર્ગોના ફૈઝથી મહરૂમ રહી જાય છે.

● અલ્લાહ તઆલા સાથે દિલનો સંબંધ જોડવો જરૂરી છે. માણસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગમે તેટલી હિકમત જાણી લે, વલીઓ અને બુઝુર્ગો જેવી વાતો અને કામો કરવા માંડે, પણ આરિફીનના મરતબા સુધી પહોંચવા માટે જરૂરી છે કે માણસનું અંતર અને દિલ અલ્લાહ તઆલા સાથે જોડાય જાય અને અલ્લાહ તઆલાના વાયદાઓ ઉપર ભરોસો રાખે.

● મુરીદ માટે ચાર શરતો મહત્વની છે. શેખનો એહતેરામ અને શરતોની પાબંદી. સાથીઓની ખિદમત. અસબાબ ઉપર ભરોસો ન કરવો અને સંપૂર્ણપણે શરીઅતની પાબંદી.

● જે માણસનો ધ્યેય અને ઉદ્દેશ ફકત અલ્લાહ તઆલાની મરજી હોય, એ કદી મુસીબતોમાં ફસાતો નથી.

● મેં એકવાર સફર દરમિયાન એક બુઝુર્ગને જોયા. મને એ નેક – મુત્તકી લાગ્યા. મેં એમનાથી કહયું કે કંઈ નસીહત ફરમાવો. એમણે ફરમાવ્યું કે, હિમ્મત અને ઈરાદા ઊંચા રાખો. એ મુજબ કાર્ય અને મહેનત પણ કરો. કારણ કે માણસની હિમ્મત જ દરેક કામનું પ્રથમ પગથિયું છે. જેની હિમ્મત ઊંચી હશે એના માટે આગળના કામો અને સંજોગો સરળ થઈ જાય છે.

● ફકીરો અને દુરવેશોની દરેક વાત યોગ્ય જ હોય છે. મને જયારથી અનુભવ થયો કે દુરવેશોની વાતમાં કોઈ ગાંડપણ નથી હોતું, ત્યારથી મેં કોઈ પણ ફકીર સાથે રમુજ કે મઝાક કરી નથી. એકવાર એવું થયું કે એક દુરવેશ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, હે શેખ ! મારી ઈચ્છા છે કે મારા માટે અસીદહ (એક પ્રકારનો હલવો) બનાવવામાં આવે. મારા મોંઢેથી એવો જવાબ નીકળી ગયો કે, ફકીર અને દુરવેશ બનવા ચાહો છો અને હલવો ખાવો છે ? (إرادة و عصيدة ؟)

મારો જવાબ સાંભળીને દરવેશ પાછો ચાલ્યો ગયો પણ મને કંઈ એહસાસ ન થવા દીધો. મેં ત્યાર બાદ એના માટે હલવો બનાવવાનો હુકમ કર્યો અને દુરવેશને બોલાવ્યો. પરંતુ એ કયાંય ન હતો. મેં એની ભાળ કઢાવી તો જાણવા મળ્યું કે એ તો તે જ ઘડીએ પાછો નીકળી ગયો હતો. વારંવાર પોતાને એમ કહેતો કે, ફકીર અને દુરવેશ બનવા ચાહો છો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને હલવો ખાવો છે ? (إرادة و عصيدة ؟) અને આમ તેમ ફરતો ફરતો જંગલમાં ચાલ્યો ગયો. પછી તે આમ જ બોલતો રહયો અને મરી ગયો. (તબકાતુલ અવલિયા : ૨૮૯/તઝકિરતુલ અવલિયા, અત્તાર રહ. પ૨૬)

● નફહાતુલ ઉન્સમાં છે કે, ખ્વાજા મુમ્શાદના શાગિર્દ અબૂઆમિર ફરમાવે છે કે, એકવાર હું એમની પાસે મોજૂદ હતો. એક નેક જવાન એમની સેવામાં આવ્યો અને ઘરે પધારવાની દાવત આપી. આપ રહ.એ એને જવાબ આપ્યો કે, શું તમારા માટે આ શકય છે કે સુફિયાએ કિરામને એવી રીતે તમારા ઘરે લઈ જાઓ કે વચ્ચે બજાર ન આવે. ? આપ રહ.એ આમ બહાનું કાઢીને દાવત કુબૂલ ન ફરમાવી.

આપના મુરીદોએ પૂછયું કે, આવું પહેલાં કદી થયું નથી. આજે આવો જવાબ શા માટે આપ્યો ? આપ રહ.એ ફરમાવ્યું કે, આ માણસ પહેલાં આપણી જમાતનો જવાંમર્દ હતો પછી એને માલ મળી ગયો. હવે માલ ચાલ્યો ગયો તો આપણી પાસે આવે છે અને કંઈક ખર્ચ કરીને એવું ચાહે છે કે પોતાની પાછલી દોલત પાછી મેળવે. પણ .... જયાં સુધી દિલમાંથી દુનિયાની મુહબ્બત બહાર ન નીકળશે, કંઈ મળવાનું નથી. (નફહાત, ફારસી : ૭૪)

● તબકાતે શઅરાનીમાં છે કે આપને કોઈકે પૂછયું કે, દુરવેશને ફાકાની નોબત આવે તો શું કરે ? આપ રહ.એ જવાબ આપ્યો કે નમાઝમાં મશ્ગૂલ થઈ જાય. એણે પૂછયું કે નમાઝની પણ શકિત ન હોય તો શું કરે ? આપ રહ.એ જવાબ આપ્યો કે સૂઈ જાય. એણે પૂછયું કે સુવાની પણ તાકત ન હોય તો ? આપ રહ.એ જવાબ આપ્યો કે તો પછી એના માટે મોત બેહતર છે. અલ્લાહ તઆલા દુરવેશને ત્રણમાંથી કોઈ એક વસ્તુ જરૂર આપે છે. રોઝી અથવા શકિત અથવા મોત. (તબકાતે શોઅરાની)

ઈમામ શઅરાની રહ.એ તબકાતમાં લખવા મુજબ ખ્વાજા મુમ્શાદ રહ.ની વફાત ૨૯૭ હિ.માં થઈ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખઝીનતુલ અસ્ફિયામાં લખવા મુજબ ૨૯૮ હિ.માં થઈ છે. અનવારુલ આશિકીનમાં લખવા મુજબ ૧૪ મુહર્રમ ૨૯૯ હિ.માં થઈ છે. આ સમયે મુકતદિર બિલ્લાહ અમીર હતો.

દીનોરમાં જ આપનો મઝાર છે.

વફાત સમયે એક બુઝુર્ગ પાસે બેસેલા હતા. તેઓ જન્નત મળવાની દુઆ કરવા માંડયા તો હઝરત મુમ્શાદ રહ. હસ્યા અને ફરમાવ્યું : ત્રીસ વરસથી જન્નત એની પૂરી ખુબસૂરતી સાથે મારી સામે આવે છે. પરંતુ મેં એકવાર પણ એને નજર ભરીને જોયી નથી. મને તો જન્નતના માલિકના દીદારનો શોખ છે.

*ખલીફાઓ :*

ખ્વાજા અબૂ ઈસ્હાક શામી ચિશ્તી રહ. ખ્વાજા અબૂ આમિર રહ., અને ખ્વાજા અસ્વદ દીનોરી રહ. વગેરે આપના ખલીફાઓ છે. ખ્વાજા અસ્વદ દીનોરી રહ.થી સુહરવર્દી સિલસિલો આગળ ચાલે છે. અને ખ્વાજા અબૂ ઈસ્હાક શામી ચિશ્તી રહ.થી ચિશ્તીયા સિલસિલો ચાલે છે.

દસ્તૂરુલ ઉલમામાં છે કે, શેખ અબ્દુલ વાહિદ બિન ઝેદના બે ખલીફા હતા. એક શેખ અબ્દુર્રઝઝાક રહ. એમનાથી ચાલેલા સિલસિલાના બુઝુર્ગો પોતાને 'ઝયદીય્યહ' કહે છે. બીજા ખલીફા ખ્વાજા ફુઝૈલ બિન અયાઝ રહ. હતા. એમના બે ખલીફા હતા. એક શેખ અબ્દુલ્લાહ, આ લોકો પોતાને અયાઝીય્યહ કહે છે. અને બીજા ખલીફા શેખ ઈબ્રાહીમ અદહમ રહ. હતા. એમના બે ખલીફા હતા. એક અબ્દુલ હમીદ રહ. તેઓ પોતાના સિલસિલાને અદહમીય્યહ કહે છે. બીજા ખલીફા હુઝયફહ મરઅશી રહ. હતા. એમના એક ખલીફા શેખ હુબૈરહ બસરી રહ. હતા. જેમના બે ખલીફા હતા. એક શેખ બાયઝીદ, જેઓ પોતાને હુબૈરિયહ (હુબૈરિયાં) કહે છે. બીજા ખલીફા શેખ મુમ્શાદ દીનોરી રહ.ના એક ખલીફા શેખ અબૂ ઈસ્હાક ચિશ્તી હતા. એમનાથી ચિશ્તીયા સિલસિલો ચાલ્યો છે. (દસ્તુરુલ ઉલમા, ફન્ને ષાની–૧૦૦)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

<u>*સંદર્ભ ગ્રંથો :*</u>


| | |
|---|---|
| તબકાતુસ્સૂફિયહ | અબૂ અબ્દુર્રહમાન સુલમી રહ. |
| તબકાતુલ અવલિયા | ઈબ્ને મુલક્કન ઉમર બિન અલી રહ. |
| તઝકિરતુલ અવલિયા | શેખ ફરીદુદ્દીન અત્તાર રહ. |
| મિરાતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| નફહાતુલ ઉન્સ | મવ. અ. રહમાન જામી રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝરત શેખ મવલાના ઝકરિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| ઈકતેબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ. |
| તબકાત | અલ્લામહ શઅરાની રહ. |
| દસ્તૂરુલ ઉલમા. | કાઝી અબ્દુન્નબી અહમદ નગરી રહ |
| અલ બિદાયહ વ ન્નિહાયહ | ઈબ્ને કષીર ઈસ્માઈલ દમિશ્કી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૯.

# ખ્વાજા અબૂ ઇસ્હાક ચિશ્તી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વર્તમાનમાં તસવ્વુફના પ્રચલિત સિલસિલાઓમાં ચિશ્તીયા સિલસિલાનું સ્થાન ઘણું જ ઊંચું છે. વિષેશ કરીને ભારતીય ઉપખંડમાં ઈસ્લામ પ્રચારની બહોળી સેવાઓ આ સિલસિલા થકી અંજામ આપવામાં આવી છે. અને જે બુઝુર્ગ હસ્તીઓના કારણે તસવ્વુફના એક મહાન સિલસિલાનું નામ ચિશ્તીયા પડયું છે, એમાં ખ્વાજા અબૂ ઈસ્હાક ચિશ્તી રહ.નું સ્થાન સૌથી પહેલાં છે.

મઆસિરુલ કિરામમાં મવલાના ગુલામ અલી આઝાદ બલગરામી રહ. લખે છે કે,

ولاشک بزرگان چشت عنبر سرشت را حقے است قدیم بر رقبہ ولایتِ ہند( مآثرالکرام:۷)

અર્થાત : મુબારક ચિશ્તી સિલસિલાનું ભારત દેશ ઉપર મોટું એહસાન છે. ત્યાર પછી એમણે શેખ સુલતાન મહમૂદ ગઝનવી સાથે શેખ મુહમ્મદ ચિશ્તીની ભારત પધરામણી, પછી ખ્વાજા મુઈનુદીન અજમેરી રહ.ના ભારત આગમનનો ઉલ્લેખ કર્યો છે. આ બધી વિગત આગળ શેખ મુહમ્મદ ચિશ્તી રહ. અને હઝરત ખ્વાજા અજમેરી રહ.ના અહેવાલમાં વર્ણવવામાં આવી છે.

ખ્વાજા અબૂ ઈસ્હાક રહ. શામ (સિરિયા)ના રહેવાસી હતા અને પીરો મુરિશીદે આપને ચિશ્ત[1]માં જવાનો હુકમ આપ્યો હતો. આપના પછી બીજા ચાર મશાઈખ : ખ્વાજા અબૂઅહમદ ચિશ્તી રહ., ખ્વાજા અબૂ મુહમ્મદ ચિશ્તી રહ., ખ્વાજા અબૂયૂસુફ ચિશ્તી રહ. અને ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ., એટલે કે કુલ પાંચ, મશાઈખ આ સિલસિલામાં ચિશ્તના જ રહેવાસી છે, એટલે સિલસિલાનું નામ ચિશ્તીયા પડયું.

અબૂ ઈસ્હાક આપનું નામ અને શર્ફુદીન કે શરીફુદીન આપનો લકબ હતો.[2]

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રો. ખલીક અહમદ સા. લખે છે કે,

> હઝરત ખ્વાજા અબૂ ઈસ્હાક શામી રહ. (૩૨૯ હિ. ૯૪૦ ઈ.) પહેલા બુઝુર્ગ છે જેમના નામ સાથે ચિશ્તી લખેલું જોવા મળે છે. અફસોસ કે એમના જીવન વિશે વિસ્તાર પૂર્વક અહેવાલ કોઈ કિતાબમાં નથી મળતા. સિયરુલ અવલિયામાં એમના વિશે અમુક લાઈનો જ લખવામાં આવી છે. આટલી વિગતથી તો ફકત ધુંધળું દશ્ય સામે આવી શકે છે. ત્યાર પછીના તઝકેરાઓ, જેમ કે મિર્આતુલ અસરાર, શજરતુલ અનવાર, ખઝીનતુલ અસ્ફિયા વગેરેમાં જે વિગત આપવામાં આવી છે એ કરામતના અમુક કિસ્સાઓ અને સિમાઅને લગતી અમુક ઘટનાઓ પૂરતી જ છે. એનાથી હઝરત શેખ રહ.નું વ્યકિતત્વ અને ચરિત્ર સંપૂર્ણ રીતે સામે નથી આવી શકતું. એક ઝબરદસ્ત રૂહાની નિઝામની સ્થાપના જે હસ્તીએ કરી હતી એનો કોઈ અંદાઝો આ કિતાબોથી સામે નથી આવતો. (તારીખે મશાઈખે ચિશ્ત, ખલીક અહમદ : ૧૬૦)

વિવિધ કિતાબોમાં આપ રહ.ના જે અહેવાલ લખવામાં આવ્યા છે, એ ટુંકમાં અત્રે લખવામાં આવે છે.

આપ રહ. ઘણો જ મુજાહદહ કરતા હતા. સાત દિવસ સુધી લગાતાર રોઝા રાખતા હતા અને ફરમાવતા હતા કે ભુખ્યા રહેવામાં જે મજા છે, એ બીજી કોઈ વસ્તુમાં નથી. આપ ફરમાવતા કે દુરવેશો અને ફકીરોની મેઅરાજ ભુખ્યા રહેવું છે.

બયઅત થવાનો ઈરાદો ફરમાવ્યો તો ૪૦ દિવસ સુધી લગાતાર ઈસ્તેખારહ કર્યો. છેવટે ગેબથી અવાજ સંભળાયો કે જાઓ, મુમ્શાદ દીનોરીની ખિદમતમાં હાજર થાઓ.

એટલે પછી આપ રહ. બગદાદ પહોંચીને હઝરત દીનોરી રહ.ની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખિદમતમાં હાજર થયા. ખ્વાજા દીનોરી રહ.એ પૂછયું કે, આપનું નામ શું છે ? આપ રહ.એ અરજ કરી કે મારું નામ અબૂ ઈસ્હાક શામી છે. ખ્વાજા દીનોરી રહ. એ ફરમાવ્યું કે, હવેથી તમે અબૂ ઈસ્હાક ચિશ્તી છો અને તમે ચિશ્તવાળાઓના ઈમામ બનશો.

અહિંયા સાત વરસ સુધી ખ્વાજા દીનોરી રહ.ની ખિદમતમાં રહયા પછી ખિલાફત અને ખિરકહથી નવાઝવામાં આવ્યા. ખિલાફત મળ્યા પછી પીરો મુરશિદના આદેશ મુજબ ચિશ્તમાં આવ્યા, લોકોમાં ઈસ્લામી તાલીમ, તરબિયત અને ઈસ્લાહની મહેનત શરૂ ફરમાવી. પરિણામે ખ્વાજએ ચિશ્તના નામથી મશ્હૂર થયા.

અત્રે આપ રહ.થી અનેક લોકોએ રૂહાની ફૈઝ હાસિલ ફરમાવ્યો.

આપ રહ.ની મજલિસ અને સોહબત ભારે અસરકારક અને નૂરાની ગણાતી હતી. જે કોઈ એકવાર મજલિસમાં શરીક થઈ જતો તે કાયમ માટે ગુનાહોથી તોબા કરી લેતો હતો. બીમારો પણ આપની મજલિસમાં આવીને શિફા હાસિલ કરી લેતા હતા.

સફર કરવો હોય ત્યારે સો – બસો માણસોનો કાફલો લઈને નીકળતા અને આંખના પલકારામાં બધા જ સાથીઓ સહિત મંઝિલે પહોંચી જતા હતા.

આપ રહ. અમીરો અને હાકેમોથી ઘણા જ દૂર રહેતા હતા. દરવેશ અને ફકીર રહેવામાં જ પોતાની ભલાઈ સમજતા હતા. એકવાર દુકાળ પડયો તો પ્રદેશનો હાકેમ આપની સેવામાં દુઆની દરખાસ્ત કરવા આવ્યો. આપ રહ.એ દુઆ ફરમાવી, જે કુબૂલ થઈ અને બરકતવાળો વરસાદ વરસ્યો. (અમુકના લખવા મુજબ દુઆમાં કયફિયત પેદા કરવા માટે આપ રહ.એ પહેલાં સિમાઅનો હુકમ ફરમાવ્યો, અને ફકત પોતાના ખાસ માણસોને જ આ મજલિસમાં શરીક કર્યા, બાદશાહને શરીક થવાની મનાઈ ફરમાવીને રવાના કરી દીધો, પછી દુઆ ફરમાવી તો વરસાદ વરસ્યો).

વરસાદ થવા પછી હાકેમ આપ રહ.ની સેવામાં શુક્રિયહ અદા કરવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવ્યો. આપ રહ. હાકેમને પોતાની મજલિસમાં જોઈને રડવા લાગ્યા. આ હાલતમાં મજલિસમાં બીજા લોકો પણ રડવા લાગ્યા. હાકેમે અરજ કરી કે, જનાબને મારાથી કોઈ તકલીફ પહોંચી છે કે શું જેના કારણે રડી રહયા છે ? આપ રહ.એ જવાબ આપ્યો કે,

શી ખબર મારાથી કયો ગુનોહ થયો છે કે બાદશાહ વારંવાર મારી પાસે આવી રહયો છે અને મને દુરવેશોની સોહબતથી દૂર કરી રહયો છે. મને તો બીક લાગવા માંડી છે કે કયાંક મારો હશ્ર કયામતના દિવસે અમીરો સાથે ન થાય. પછી નારો લગાવીને બેહોશ થઈ ગયા. જયારે હોશમાં આવ્યા તો આ હદીસ ઝબાન ઉપર હતી :

أللهم أحينى مسكينا و أمتنى مسكينا واحشرنى فى زمرة المساكين

હે અલ્લાહ ! મને મિસ્કીન હોવાની સ્થિતિમાં જ જિંદગી આપો અને એજ સ્થિતિમાં મોત આપો. અને મિસ્કીનો સાથે જ મારો હશ્ર ફરમાવશો.

બાદશાહે આપ રહ.ની આ હાલત જોયી તો પાછો ચાલ્યો ગયો.

*(ઈકતેબાસુલ અનવાર)*

૧૪ રબીઉલ અવ્વલ ૩૨૯ હિ.માં આપની વફાત થઈ.

આપ રહ.નો મઝાર શામ દેશના અક્કહ (عــكة) શહેરમાં છે. આ શહેર આજકાલ ઈઝરાયેલમાં છે. અને અરબીમાં عـــكـــا (ACRE) લખાય છે.

સિયરુલ અકતાબ ઉર્દૂમાં છે કે છે કે શામના કોઈ શહેરમાં આપનો મઝાર છે. સિયરુલ અકતાબ ફારસીમાં મઝારના સ્થળ વિશે કોઈ ઉલ્લેખ નથી.

અન્ય અમુક હવાલાઓમાં આપનો મઝાર દમાસ્કસમાં કાસીયૂનની તળેટીમાં હોવાનું વર્ણન છે. જયાં શેખ ઈબ્ને અરબી રહ.નો પણ મઝાર છે. (WIKIPEDA & OTHER ENGLISH RESORCE)

ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ, ખ્વાજા અબૂ મુહમ્મદ, ખ્વાજા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તાજુદ્દીન વગેરે આપના ખલીફાઓ છે.

---

[1] ચિશ્ત ખુરાસાન પ્રાંતના એક શહેરનું નામ છે. આજકાલ આ શહેર અફગાનિસ્તાનના હેરાત પ્રાંતમાં છે. અને હેરાત શહેરની પૂર્વે દિશાએ ૧૭૭ કિ.મી. દૂર છે.

[2] ડો. અબ્દુલ મુન્ઈમ હફની લખે છે કે આપ હઝરત અલી રદિ.ની અવલાદમાંથી હતા. અલબત્ત આ બાબત એમણે કોઈ હવાલો નથી આપ્યો. (મવસૂઅતુસ્સૂફિય્યહ : ૧૦૨)


*__સંદર્ભ ગ્રંથો :__*

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝ. શેખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત : | પ્રો. ખલીક અહમદ નિઝામી રહ. |
| ઈકતેબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશ્રફી |
| નફહાતુલ ઉન્સ | મવ. અબ્દુર્રહમાન જામી રહ. |
| સિયરુલ અકતાબ ફારસી | શેખ અલ્લાહ દિયા રહ. |
| સિયરુલ અકતાબ ઉર્દૂ, | મુહમ્મદ અલી. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| મવસૂઅતુસ્સૂફિય્યહ | ડો. અબ્દુલ મુન્ઈમ હફની |
| મઆસિરુલ કિરામ. | મવ. ગુલામ અલી આઝાદ બલગરામી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૦.

# હઝ. ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ ચિશ્તી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા અબૂ અહમદ ચિશ્તી (રહ.)ને પોતાના પીરો મુરશિદ હઝરત ખ્વાજા અબૂ ઈસ્હાક (રહ.)ની વિશેષ કેળવણી, તરબિયત, તવજ્જોહ અને સોહબતની સઆદત મળી હતી. અને એટલે જ સિલસિલામાં આપ રહ. જાનશીન ગણવામાં આવે છે.

સન હિજરી ૨૬૦ માં અબ્બાસી ખલીફા મુઅતસિમના સમયકાળમાં પેદા થયા, આપના વાલિદ પણ એક પ્રદેશના હાકેમ હતા અને "સુલ્તાને ફર્સનાફહ" કહેવાતા હતા.

સિયરુલ અકતાબમાં છે કે આપ રહ. હસની સય્યિદ હતા. અને નસબ શરીફ આ મુજબ છે :

શેખ અબૂ અહમદ ચિશ્તી બિન સુલતાન ફરસનાફહ બિન સય્યિદ ઈબ્રાહીમ બિન સય્યિદ યહયા બિન નાસિરુદીન, બિન સય્યિદ હસન બિન સય્યિદ મજ્દુલ મઆલી બિન સય્યિદ અબ્દુલ્લાહ બિન સય્યિદ હસન મુષન્ના બિન હઝ.ઈમામ હસન રદિ. બિન અમીરુલ મુઅમિનીન હઝ. અલી રદિ. (સિયરતુલ અકતાબ, ફારસી : ૫૯)

ખ્વાજા અબૂ ઈસ્હાક ચિશ્તી શામી (રહ.) સુલ્તાનની એક વૃદ્ધ અને નેક બહેનના ઘરે કદી કદી આવતા હતા અને ખાણું ખાતા હતા. એકવાર આવ્યા તો વૃદ્ધ ખાતૂનને ફરમાવ્યું કે તમારા ભાઈના ઘરે એક છોકરો પેદા થશે, નેક, બુઝુર્ગ અને બુલંદ મરતબાવાળો હશે, માટે તમારી ભાભીની દેખરેખ રાખો અને એમના ખાવામાં હરામ કે શંકાસ્પદ ખાણું ન જવા દેશો.

એમણે એમ જ કર્યું અને જે દિવસોમાં આપ રહ. માં ના પેટમાં હતા એ દરમિયાન ભાભીની પૂરતી દેખરેખ અને એમના માટે પાક હલાલ ખોરાકની પૂરી તકેદારી રાખી. પેદા થયા પછી પણ એમના પાલન –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પોષણ અને તરબિયતનો પૂરો ખ્યાલ રાખ્યો. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૩/ સિયયરુલ અકતાબ ફારસી : ૫૯)

ખ્વાજા અબૂ ઈસ્હાક રહ.ના આદેશ મુજબ આ નેક અને બુઝુર્ગ બહેને પોતાના ભાઈના ઘરે આવનાર નેક પુત્રની પોતે જ તકેદારી લીધી અને ચરખો કાંતીને દોરા વેચીને હલાલ રોઝી ભાભીને ખવડાવતા હતાં.

૬ રમઝાન, ૨૬૦ હિજરીમાં આપ રહ. પેદા થયા. (સિયરુલ અકતાબ ફારસી : ૫૯)

સાત વરસની ઉમરેથી ખ્વાજા અબૂ ઈસ્હાકની સેવામાં હાજરી આપતા હતા અને એમનાથી જ જાહેરી તેમજ બાતેની ઉલૂમની તાલીમ તેમજ કેળવણી મેળવવા લાગ્યા. ૧૩ કે ૧૬ વર્ષની ઉમરે તાલીમ પૂર્ણ ફરમાવી અને હઝરત ખ્વાજા અબૂ ઈસ્હાકના હાથ ઉપર બયઅત થઈ ગયા. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૩/ સિયરુલ અકતાબ ફારસી : ૫૯)

૨૦ વરસ સુધી તો ઘરે જ વાલિદ સાહેબ સાથે રહેતા હતા. ઘરના રોકાણ દરમિયાન ખ્વાજા સાહેબની તાલીમની બરકતથી આપ (રહ.) ઘણા ઉચ્ચ ગુણો પ્રાપ્ત કરી કાબેલ બની ગયા હતા. સ્વભાવમાં સંપૂર્ણ રીતે ચુસ્ત દીનદાર અને અમલમાં પણ શરીઅતના સંપૂર્ણ પાબંદ હતા.

એમના વાલિદ સાહેબનું એક શરાબખાનું હતું, જેમાં કિમતી અને જુની શરાબ મોટી માત્રામાં દરેક સમયે હાજર રહેતી. એક વાર મોકો જોઈને એ ઓરડામાં પહોંચી ગયા અને અંદરથી બંધ કરીને બધા માટલાંઓ – સુરાહીઓ – જામ તોડવા માંડયા, એમના પિતા (હાકેમ)ને ખબર પડી તો દોડતા દોડતા આવ્યા, પણ દરવાજો અંદરથી બંધ હતો, નાછૂટકે છત ઉપર ચડીને આપને ધમકાવવા લાગ્યા, પણ આપ (રહ.)એ પોતાનું કાર્ય જારી જ રાખ્યું, એમણે ગુસ્સે થઈને મોટો એક પથ્થર ઉપરથી માર્યો, પણ તે હવામાં જ અદ્ધર રહી ગયો, આ દૃશ્ય જોઈ આપના વાલિદની આંખો ખુલી ગઈ અને પુત્રના હાથ ઉપર શરાબથી તોબા કરી લીધી. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૪/ સિયરુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અકતાબ ફારસી : ૬૦) ખઝીનતુલ અસ્ફિયા (૨/૪૨) માં છે કે આ ઘટના હિજરી સન : ૨૮૦ ની છે.

વીસ વરસના હતા ત્યારે એકવાર વાલિદ 'સુલ્તાન' સાથે શિકારે ગયા, શિકાર કરવામાં એક પહાડ પાસે આપ છૂટા પડી ગયા, એકલા અટુલા આગળ વધ્યા તો એક મેદાનમાં ખ્વાજા અબૂ ઈસ્હાક ચાલીસ બુઝુર્ગોની વચ્ચે ઉભા હતા. ખ્વાજા અબૂ ઈસ્હાક (રહ.)ને જોયા તો તુરંત એમની સેવામાં પહોંચીને હથિયારો, શાહી પોશાક, ઘોડો વગેરે પગોમાં ધરી દીધું અને ઘર છોડી આપની સંગાથે થઈ ગયા.

એમના વાલિદને ઘણી શોધ – ખોળના અંતે ખબર પડી કે ખ્વાજા અબૂ ઈસ્હાક સંગાથે છે, તો પોતાના માણસો એમને બોલાવવા મોકલ્યા, પણ એમણે પોતાના પીર પાસે જ રહેવાનું પસંદ ફરમાવ્યું અને ઘરે પરત ફરવાથી ઈનકાર કરી દીધો.

આઠ વરસ સુધી મુરશિદની સેવામાં રિયાઝત અને મુજાહદહ કરતા રહયા, પછી આપ રહ.ને ખિલાફત આપવામાં આવી. ખિલાફત વેળા પીરો મુરશિદ હઝ. ખ્વાજા અબૂ ઈસ્હાકે ફરમાવ્યું કે,

> અબૂ અહમદ ! તમે મારા ફરઝંદ છો. આગલા પીરો અને બુઝુર્ગો થકી જે નેઅમત મને મળી છે, એ બધી હું તમને અર્પણ કરું છું. (સિયરુલ અકતાબ : ૬૦)

શરઈ ઈબાદતો ઉપરાંત મામૂલાત અને વઝાઈફના પણ ઘણા જ પાબંદ હતા, 'સિયરૂલ અકતાબ'માં છે કે ત્રીસ વરસ સુધી લગાતાર આખી આખી રાત ઈબાદતમાં પસાર કરી, આકરો મુજાહદહ કરી નફસને તાબે કરી લીધું હતું, ઉપરોકત કિતાબમાં જ છે કે મુજાહદહ માટે કદી પેટ ભરીને પાણી પણ પીતા ન હતા, તહજ્જુદના ઘણા પાબંદ હતા, અને દરરોજ તહજ્જુદ પછી ઉમ્મતે મુહમ્મદિય્યહના ગુનેહગારો માટે મગફિરતની દુઆ ફરમાવતા. હાફિજે કુર્આન હતા અને તિલાવતે કલામે પાકનો પણ ખૂબ જ એહતિમામ ફરમાવતા હતા, દિવસે એક અને રાત્રે બે કુર્આન, એમ ૨૪ કલાકમાં ત્રણ કુર્આન પઢવાનો મામૂલ હતો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત સિર્રી સકતી રહ. અનેક વાર આપની મુલાકાત માટે પધારતા હતા અને મજલિસમાં હાજરી આપતા હતા. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૫) સિયરુલ અકતાબ ૬૦–૬૧)

સિયરુલ અકતાબમાં છે કે, ચિશ્તીયા બુઝુર્ગોની પરંપરા મુજબ ખાણું ઘણું જ ઓછું ખાતા હતા. ૪૦ દિવસે એકવાર હાજતે જવાની જરૂરત પડતી હતી. ચહેરો એટલો નૂરાની થઈ ગયો હતો કે અંધારામાં આપના ચહેરાથી અજવાળું થઈ જતું હતું એમ કહેવામાં આવે તો ખોટું ન કહેવાય. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૩/ સિયરુલ અકતાબ ફારસી : ૫૯)

ઈબાદત – રિયાઝત અને ખુદા તઆલા ઉપર તવક્કુલના કારણે આપ દ્વારા અજીબો ગરીબ કરામતો જાહેર થતી હતી. વહેતા પાણી ઉપર એમ જ ચાલી નીકળવું, અન્યોને પસાર કરી દેવું, કોઈ ખાસ ખૂબી જોઈને પૂરી કાબિલયત ન હોય છતાં કોઈ માણસને એક નજરમાં જ ઊંચા દરજાએ પહોંચાડી દેવો, વગેરે અનેક કરામતો આપ રહ.ના નામે કિતાબોમાં લખવામાં આવી છે.

એક વાર એક એવા ગામડા પાસેથી પસાર થયા જયાં સઘળી અબાદી ઈસ્લામ શત્રુઓની હતી, જે કોઈ મુસલમાન ત્યાંથી પસાર થતો તો તેને મારી નાખતા, આપ ત્યાં પહોંચ્યા તો એમને પણ પકડી લીધા, અને જીવતા સળગાવી દેવા હેતુ મોટી આગ સળગાવી, પણ આપના ચહેરાથી વ્યકત થતા પ્રભાવ અને રોફના કારણે આપને પકડવાની હિમ્મત કરી શકતા ન હતા. આપ (રહ.)એ આ દશ્ય જોઈને ફરમાવ્યું કે હું જાતે જ આગમાં જાઉં છું, એમ કહી મુસલ્લો આગ ઉપર પાથરી દીધો, પરંતુ આપ (રહ.) જેવા આગમાં ગયા કે તુરંત જ આગ ઠંડી થઈ ગઈ. આ દશ્ય જોઈ આ આબાદીના ઘણા લોકો મુસલમાન થઈ ગયા. (સિયરુલ અકતાબ : ૬૪/ તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૪)

મિર્આતુલ અસ્રારમાં છે કે આપ રહ.ની રૂહાની તરબિયત અને ખિલાફત પછી ખ્વાજા અબૂ ઈસ્હાક રહ. ચિશ્ત છોડીને રોમ ચાલ્યા ગયા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ચિશ્તની મસ્નદ ઉપર આપ રહ. બિરાજમાન થયા અને લોકો માટે રૂહાની ફૈઝનું કેન્દ્ર બન્યા. (પેજ : ૪૦૦/ઈકિતબાસુલ અન્વાર : ૨૭૯)

આપ રહ. સર્વાનુમતે કુતુબ અબ્દાલ હતા. કદી નઝરાનું પણ કુબૂલ ફરમાવતા ન હતા. સારા લિબાસ અને ખાણાથી પણ દૂર રહેતા હતા. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૫)

હિજરી સન ૩૫૫માં ૯૫ વરસની ઉમરે આપની વફાત થઈ, આ વરસે અબ્બાસી ખલીફા અબુબક્ર અબ્દુલ કરીમ તાલિઅ સત્તા ઉપર હતો, જે ૨૪મો અબ્બાસી બાદશાહ હતો (ઈકિતબાસુલ અન્વાર : ૨૮૪)

ચિશ્ત શહેરમાં આપનો મઝાર છે. આપના પુત્ર ખ્વાજા અબૂ મુહમ્મદ અને ખ્વાજા ખુદા બંદા આપના મશ્હુર ખલીફાઓ છે.

***સંદર્ભ ગ્રંથો :***


| | |
|---|---|
| ઈકતેબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝ. શેખ મવલાના ઝકરિયા રહ. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| નફહાતુલ ઉન્સ. | મવ.અબ્દુર્રહમાન જામી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૧૧.

# ખ્વાજા અબૂ મુહમ્મદ બિન અબૂ અહમદ રહ. ચિશ્તી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. ખ્વાજા અબૂઅહમદ અબ્દાલ ચિશ્તી રહ.ના સાહબઝાદા હતા. ૧ મુહર્રમ ૩૩૧ હિ.ના દિવસે ચિશ્તમાં આપનો જન્મ થયો. સિયરુલ અકતાબમાં આશૂરાની રાત્રે આપનો જન્મ થવાનું વર્ણન છે.

આપ રહ.ને માદરઝાદ વલી કહેવામાં આવે છે. તારીખે મશાઈખે ચિશ્ત, ખઝીનતુલ અસ્ફિયા વગેરેમાં લખ્યું છે કે આપની વાલિદહને હમલના દિવસોમાં પેટમાંથી ઝિક્રનો અવાજ સંભળાતો હતો. એમણે પોતાના શોહરને કહયું તો ફરમાવ્યું કે, તમારા પેટથી એક નેક બાળકનો જન્મ થશે. પેદા થતાં જ સાતવાર કલિમો પઢયો. આ ઘટના મશ્હૂર થઈ તો ઘણા લોકોને યકીન ન થતું હતું. સિયરુલ અકતાબમાં છે કે, જે કોઈ ગેરમુસ્લિમ પણ આપને જોવા કે ઉપરની બાબતની પરીક્ષા કરવા ઈચ્છતો તો હકીકત જોઈને મુસલમાન થઈને જ પાછો જતો.

અઢી વરસ સુધી દૂધ પીવાના દિવસોમાં નમાઝના સમયે આસમાન તરફ મોંઢું ઉઠાવીને કલિમહ પઢતા હતા.

સાડાચાર વરસની ઉમરે મકતબમાં તાલીમ માટે મોકલવામાં આવ્યા અને થોડાક જ સમયમાં કુરઆન શરીફના હાફિજ થઈ ગયા. સાત વરસની ઉમરે પોતાના વાલિદ ખ્વાજા અબૂ અહમદ અબ્દાલ રહ.ના હાથ ઉપર બયઅત થયા. પછી ૨૪ વરસની ઉમરે આપના વાલિદ રહ.નો ઈન્તેકાલ થયો તો આપ રહ. આ યુવાનીની ઉમરે એમના જાનશીન બન્યા.

ઈબાદત અને મુજાહદહ ઘણો જ કરતા હતા. સાત દિવસે એક વાર ખજૂર પાણી પીતા હતા. સુવાનું પણ નામ લેતા ન હતા. એકવાર આપ રહ. દરિયાના કિનારે બેસીને પોતાની ગોદડી સીવી રહયા હતા. એટલામાં શાહઝાદો ત્યાંથી પસાર થયો. આપને જોઈને અકીદતથી ત્યાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બેસી ગયો. આપ રહ.એ એને નસીહત કરી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે તમારા તાબા હેઠળ કોઈ એક ઘરડી ઓરત પણ ભુખી રહી જશે તો કયામતના દિવસે એના વિશે તમારાથી પૂછપરછ કરવામાં આવશે.

શાહઝાદાએ પાછા વળતાં આપ રહ.ને દીનારોની એક થેલી હદિયામાં દીધી. એમણે એ થેલી લેવાથી ઈન્કાર કરી દીધો. પણ શાહઝાદાને ઘણો આગ્રહ હતો. આપ રહ.એ ફરમાવ્યું કે, અમારા બુઝુર્ગોની આ પરંપરા નથી, માટે મને માફ રાખો. પણ શાહઝાદાનો આગ્રહ વધારે હતો. આખરે આપ રહ.એ નદી તરફ જોયું તો સેંકડો માછલીઓ મોંઢામાં દીનારો લઈને ઉપર આવી ગઈ. આપ રહ.એ ફરમાવ્યું કે, જેની પાસે આટલો મોટો ખઝાનો હોય એની સામે તમારી થેલીની શું વીસાત હોય શકે એ તમે જ સમજી લ્યો.

***હિંદુસ્તાન પધરામણી :***

મહમૂદ ગઝનવીના ભારત ઉપર આક્રમણ વેળા આપ રહ. એના લશ્કરમાં શામેલ હતા. નફહાતુલ ઉન્સ : પેજ : ૨૧૫, વગેરે કિતાબોમાં લખવા મુજબ સોમનાથના યુદ્ધમાં આપ રહ. પોતાના અનેક મુરીદો અને ખાદિમો સાથે શરીક થયા હતા. આપની ઉમર એ વેળા સિત્તેર વરસની હતી. સિયરુલ અકતાબમાં લખવા મુજબ ૭૦ વરસની ઉમરે ચિશ્ત શહેરમાં જ આપની વફાત થઈ.

આપનો જન્મ ૩૩૧ હિ. (લગભગ ૯૪૨ ઈ.) અને વફાત ૪૧૧ હિ. ૧૦૨૦ ઈ. છે. એટલે હિજરી સન મુજબ આપની ઉમર ૮૦ વરસથી વધારે થાય છે. મહમૂદ ગઝનવીનું સોમનાથ ઉપર આક્રમણનું વરસ ૧૦૨૪ ઈ. ૪૧૪ હિ.ની ઘટના છે. એટલે કાં તો આપ રહ. સોમનાથની લડાઈના બદલે કોઈ બીજી લડાઈમાં શરીક થયા હોય.(તારીખે દઅવત વ અઝીમત ૩/૨૪) અથવા આપની વફાતનું વરસ ૪૧૪ હિ. પછીનું કોઈ વરસ હોય તો આ શકય છે. અને ઈકતેબાસુલ અનવારમાં આપની વફાત ૪૨૧ હિ.માં થઈ હોવાનું પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એક કથન છે. એને આધારભૂત માનીએ તો નક્કી કહી શકાય કે આપ રહ. સોમનાથની લડાઈમાં શામેલ હતા.

સુલતાન મહમૂદ ગઝનવી લગભગ ઈ.સ. ૯૯૮ ઈ.સ.માં ગાદીએ બેઠા અને ઈ.સ. ૧૦30 સુધી લગભગ ૧૪ વાર ભારત ઉપર આક્રમણ કર્યું. ઈ.સ. ૧000 (૩૯૦ હિ. લગભગ)માં પહેલીવાર ભારત ઉપર આક્રમણ કર્યું હતું. અલબત્ત આ હકીકતનો ઈન્કાર ન થઈ શકે કે, ચિશતીયા સિલસિલાના જે બુઝુર્ગ સૌપ્રથમ હિંદુસ્તાન આવ્યા હતા, એ આપ રહ. જ હતા. પણ આપ રહ. અત્રે રોકાયા ન હતા એટલે અત્રે સિલસિલાની તાલીમ – તરબિયતની પરંપરા સ્થાપી શકાયી નહીં.

આપ રહ.નાં એક નેક, સાલેહ બહેન પણ હતાં. ઘણાં જ ઈબાદતગુઝાર હતાં. હરવકત યાદે ઈલાહીમાં મશ્ગૂલ રહેતાં હતાં. ઈબાદતના શોખના કારણે જ નિકાહની પણ કોઈ ઈચ્છા ન હતી. એકવાર ખ્વાજા અબૂમુહમ્મદ એમની પાસે આવ્યા અને નસીહત કરી કે તમારી કુખે એક અલ્લાહના વલીનો જન્મ તકદીરમાં લખાય ચુકયો છે અને તમારા નિકાહ વગર એ શકય નથી માટે તમે નિકાહ કરી લ્યો.

પણ એમણે એમ કહીને કે આ સંબંધ ઈબાદત અને યાદે ઈલાહીમાં રુકાવટ બનશે એટલે ઈન્કાર કરી દીધો. અમુક દિવસો પછી એમના વાલિદ ખ્વાજા અબૂ અહમદ રહ.ને એમણે ખ્વાબમાં જોયા. એમણે પણ નિકાહની તાકીદ ફરમાવી અને જે હુસૈની સય્યિદ યુવાનથી નિકાહ કરવાના હતા એની પણ ઝિયારત કરાવી. આવું જ ખ્વાબ ખ્વાજા અબૂમુહમ્મદ રહ.એ પણ જોયું. સવારે એમણે સય્યિદ યુવાન મુહમ્મદ સમ્આનને બોલાવ્યા અને બહેનના નિકાહ કરાવી દીધા.

અગાઉ ખ્વાજા અબૂઅહમદ અબ્દાલ રહ.ના તઝકેરહમાં આવી ગયું કે તેઓ હસની સય્યિદ હતા. આમ હસની સય્યિદ સાહિબઝાદી અને હુસૈની યુવાનના નિકાહ થયા અને સય્યિદોના બન્ને સિલસિલા આ ઘરમાં ભેગા થઈ ગયા. આ ઘરે પાછળથી એક છોકરાનો જન્મ થયો, જેનું નામ ખ્વાજા અબૂયૂસુફ રાખવામાં આવ્યું. તેઓ પણ અલ્લાહના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વલી થયા અને ખ્વાજા અબૂમુહમ્મદના જાનશીન બન્યા. સિલસિલામાં ખ્વાજા અબૂમુહમ્મદ રહ. પછી એમનું જ સ્થાન છે.

નફહાતુલ ઉન્સમાં છે કે ૫૬ કે ૬૫ વરસ સુધી આપ રહ.એ શાદી ન કરી હતી. આપનાં બહેન જ આપની ખાવા – પીવા વગેરેની ખિદમત ફરમાવતાં હતા. ત્યાર પછી ખ્વાબમાં વાલિદ હઝરત અબૂઅહમદ અબ્દાલ રહ.એ બહેનની શાદી શેખ સમ્આન સાથે કરાવવાની તાકીદ ફરમાવી એટલે બહેનની શાદી શેખ સમ્આન રહ. સાથે કરાવીને પછી પોતે પણ શાદી ફરમાવી. અલબત્ત આપને કોઈ અવલાદ ન હતી, એટલે ભાણેજ શેખ  અબૂ યૂસુફ બિન સમ્આન રહ.ને બેટાની જેમ રાખીને એમની તરબિયત ફરમાવી.

આપ રહ.ના ત્રણ મશ્હૂર ખલીફાઓ છે (૧) ખ્વાજા અબૂ યૂસુફ ચિશ્તી રહ.(૨) ખ્વાજા મુહમ્મદ કાકા રહ.(૩) ખ્વાજા ઉસ્તાદ મરદાન રહ

હિજરી સન ૪૧૧, ૧૪ રબીઉલ અવ્વલ અથવા ૧ રજબના દિવસે આપની વફાત થઈ. ઈકતેબાસુલ અનવારમાં આપની વફાત ૪ રબીઉલ અવ્વલ ૪૨૧ હિ.ના દિવસે થઈ હોવાનું કથન પણ છે.


***<u>સંદર્ભ ગ્રંથો :</u>***

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત. | હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| મિર્આતુલ અસરાર. | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી |
| નફહાતુલ ઉન્સ. | મવ. અબ્દુર્રહમાન જામી રહ. |
| સિયરુલ અવલિયા. | સય્યિદ મુહમ્મદ બિન મુબારક કિરમાની |
| ઈકતેબાસુલ અનવાર. | શેખ મુહમ્મદ અકરમ કુદ્દૂસી રહ. |
| તારીખે દઅવત વ અઝીમત. | હઝ. મવ. અલી મીયાં નદવી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૧૨.

# ખ્વાજા અબૂ યૂસુફ ચિશ્તી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વાજા અબૂ અહમદ અબ્દાલના નવાસા અને ખ્વાજા અબૂમુહમ્મદ ચિશ્તીના ભાણેજ અને જાનશીન એટલે હઝરત ખ્વાજા અબૂયૂસુફ સમ્આન હુસૈની ચિશ્તી રહ., ચિશ્તના રહેવાસી અને સિલસિલાના મહાન બુઝુર્ગ છે. ચિશ્તમાં ઈસ્લાહ અને તરબિયતના રૂહાની મરકઝના પાંચ મશાઈખમાં આપ રહ. ચોથા ખલીફા છે. નાસિરુદ્દીન આપનો લકબ હતો.

અમુક કિતાબોમાં લખવા મુજબ આપનું નામ યાકૂબ હતું. આપના પુત્ર અને જાનશીન શેખ મવદૂદ રહ.ના તઝકેરહમાં એનો હવાલો આવી રહયો છે.

આપના વાલિદ અને વાલિદહની શાદી અને એમના થકી આપની વિલાદતની ખુશખબરી આપના મામા ખ્વાજા અબૂમુહમ્મદ પહેલાં જ આપી ચૂકયા હતા. શાદી વખતે આપની વાલિદહની ઉમર ૪૦ વરસ હતી. આખો કિસ્સો ખ્વાજા અબૂમુહમ્મદ રહ.ના અહેવાલમાં વર્ણવવામાં આવ્યો છે.

આપના વાલિદ સય્યિદ સમ્આન હુસૈની સય્યિદ હતા. લગભગ ૩૭૫ હિ.માં આપનો જન્મ થયો. આપના મામા શેખ અબૂમુહમ્મદ રહ.ને કોઈ અવલાદ ન હતી. એટલે આપને પોતાના બેટાની જેમ જ રાખતા હતા. મામા પાસે રહીને જ આપ રહ.એ તઅલીમ – તરબિયત પ્રાપ્ત ફરમાવી.

૩૬ વરસની ઉમરે ખ્વાજા અબૂમુહમ્મદ રહ.ની વફાત થઈ તો આપ રહ. એમના જાનશીન બન્યા.

આપ રહ. ખ્વાજા અબૂમુહમ્મદ રહ.ની વફાત પછી એકવાર હિરાત પહોંચ્યા. ત્યાંથી પાછા વળતાં કનક નામી એક ગામમાં એક દરવેશ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પાસે રોકાયા. રાત્રે આ દરવેશની બેટીએ ખ્વાબ જોયું કે, ચૌદમીનો ચાંદ આસમાનથી ઉતરીને એની ગોદમાં આવ્યો અને કહેવા લાગ્યો કે, તું મારી બીવી છે અને મેં અલ્લાહ તઆલા પાસે તારી માંગણી કરી છે.

બેટીએ સવારે ખ્વાબ એના વાલિદને બતાવ્યું તો દરવેશ વાલિદ ખ્વાબની તાબીર પૂછવા આપ રહ.ની સેવામાં આવ્યા. હજુ એ દરવેશે કોઈ વાત કહી ન હતી, એ પહેલાં આપ રહ.એ આખી વાત બતાવી દીધી અને તાબીર આપતાં ફરમાવ્યું કે, એ ચાંદ હું જ છું. મેં અલ્લાહ તઆલા પાસે તમારી બેટીની ઈચ્છા વ્યકત કરી હતી. દરવેશે પોતાની બેટીના નિકાહ એમની સાથે કરાવી દીધા. આપ રહ. બીવી સાથે પાછા ચિશ્ત આવ્યા. આ નિકાહ થકી શેખ મવદૂદ ચિશ્તી રહ. અને શેખ અબૂલ ફત્હ તાજુદ્દીન રહ.નો જન્મ થયો. પહેલા દીકરા શેખ મવદૂદ રહ. પાછળથી એમના ખલીફા અને સિલસિલાના જાનશીન બન્યા.

ખઝીનતુલ અસ્ફિયા વગેરેમાં છે કે પહેલાં આપ રહ. હાફિજ ન હતા. એટલે ઘણા જ બેચેન અને ગમમાં રહેતા હતા. એકવાર ખ્વાબમાં ખ્વાજા અબૂમુહમ્મદ રહ.એ આપને ગમગીન રહેવાનું કારણ પૂછયું તો આપ રહ.એ જણાવ્યું કે, કુરઆનના હાફિજ ન હોવાથી દિલ ગમગીન રહે છે. જવાબમાં ખ્વાજા અબૂમુહમ્મદ રહ.એ ફરમાવ્યું કે,

સો વાર સૂરએ ફાતેહા પઢો, તમારા માટે કુરઆનનું હિફ્જ આસાન થઈ જશે. આપ રહ.એ સો વાર સૂરએ ફાતિહા પઢી, તો પછી કુરઆન શરીફ આપને યાદ થઈ ગયું. ત્યાર પછી દરરોજ પાંચ વાર કુરઆન ખતમ ફરમાવતા હતા. (તારીખે મશાઈખે ચિશ્ત)

એકવાર ગરમીની મોસમમાં પોતાના મુરીદો સાથે કયાંક તશરીફ લઈ જતા હતા. ગરમીના કારણે બધાને જ તરસ લાગી અને કયાંયે પાણી ન હતું. આપ રહ.એ પોતાની લાઠી જમીન ઉપર મારી તો એનાથી ઝરણું ફૂટી નીકળ્યું. એનાથી પ્રથમ આપ રહ.એ અને પછી બધા જ મુરીદોએ પાણી પીધું અને બધાંએ બે રકાત શુક્રની નમાઝ અદા કરી. સિયરુલ અકતાબમાં લખવા મુજબ આ ઝરણું તે વખતે પણ વહેતું હતું. ગરમીમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઠંડુ અને ઠંડીમાં ગરમ પાણી એમાંથી નીકળતું હતું.

એકવાર કયાંક જઈ રહયા હતા. રસ્તામાં એક સ્થળે લોકો મસ્જિદ બનાવી રહયા હતા. કંઈક ભૂલના કારણે સ્થિતિ એવી હતી કે મસ્જિદની છત માટે મોભાનું લાકડું ટૂંકું હતું અને મસ્જિદની પહોળાઈ એના કરતાં વધારે હતી. પહોળાઈ ઓછી કરવી કે લાકડું લાંબું કરવું, બન્ને શકય ન હતું. આપ રહ.એ સવારી ઉપરથી ઉતર્યા અને લાકડાને એક તરફથી પોતે ઉચકયું, અને દીવાર ઉપર ગોઠવી દીધું. કરામત એ હતી કે એ તરફ લાકડું જરૂરત મુજબ લાંબુ થઈ ગયું અને બરાબર દીવાર ઉપર આવી ગયું.

સિયરુલ અકતાબમાં છે કે, આપ રહ. જેને પોતાની મુરીદીમાં કુબૂલ ફરમાવી લેતા, એ ફકત ત્રણ જ દિવસમાં સાહિબે કરામત થઈ જતો હતો. કોઈ ગુનેગાર આપની મજલિસમાં આવી ચડતો તો એને તોબાની તવફીક જરૂર મળી જતી અને તોબા કરીને જ પાછો જતો.

આપ રહ. દરવેશો અને ફકીરો સાથે રહેવાને જ પસંદ કરતા હતા. અને ફરમાવતા કે ગરીબો અલ્લાહ અને રસૂલના દોસ્ત છે અને અલ્લાહ અને રસૂલના દોસ્તો સાથે દોસ્તી કરવાને કોણ છોડી શકે ?

કોઈ માલદાર આપની સેવામાં આવી જતો તો ચહેરાનો રંગ બદલાય જતો હતો. અલ્લાહના ખોફથી રડવા માંડતા અને ફરમાવતા કે હે અલ્લાહ, હું તો ગરીબ – મિસ્કીન છું.

એકવાર આપ રહ.એ પોતાના નફસ – દિલને કહયું કે, તારે આજે મને સાથ આપવાનો છે. બે રકાત નમાઝમાં એક કુરઆન શરીફ ખતમ કરવાનું છે. પરંતુ નફસ અને દિલ તરફથી આજે સુસ્તી થઈ અને આવી બે રકાત અદા ન કરી શકયા. આ સુસ્તીનું કારણ એ હતું કે એ દિવસે આપ રહ.એ પાણી ઘણું ધરાયને પીધું હતું. આપ રહ.એ નફસને સજા આપવાના ઈરાદે વીસ વરસ સુધી (ધરાયને) પાણી પીધું નહીં.

પચાસ વરસની ઉમરે આપ રહ.એ એકલા રહીને ઈબાદત કરવાનું મન બનાવી લીધું તો ચિશતમાં ખ્વાજા હાજી મક્કી રહ.ના મઝાર પાસે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જમીનની નીચે ભોંયતળીયામાં એક હુજરો બનાવવાનો ઈરાદો કર્યો, પણ જમીન ઘણી જ સખત હતી. કોઈનાથી ખોદકામ થતું ન હતું. આપ રહ.એ પોતે કોદાળી ઉઠાવી અને ખોદવાનું શરું કર્યું તો ચાશતના સમયથી લઈને ઝુહર સુધીમાં બધું જ ખોદકામ પૂરું કરી દીધું. લગભગ ૧૨ વરસ લગાતાર આપ રહ.એ ત્યાં ઈબાદત ફરમાવી.

અત્રે ઈબાદતના દિવસોમાં ખ્વાજા અબ્દુલ્લાહ અન્સારી રહ. નામના બુઝુર્ગ પણ આપને મળવા આવતા હતા. આપ રહ.ની ઈબાદત અને રિયાઝત જોયી તો ઘણા ખુશ થયા અને ફરમાવ્યું કે, ચિશ્તી બુઝુર્ગો આવા જ હોય છે. મખ્લૂકથી બેખોફ અને દિલના સરદાર.

૩ રજબ, ૪૫૯ હિ.માં આપની વફાત થઈ. અમુક ઈતિહાસકારોએ ૧, જમાદીયુલ ઉલા, ૪ રબીઉલ આખર વગેરે તારીખ પણ વર્ણવી છે. વફાત પહેલાં આપ રહ.એ આપના સાહબઝાદા ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ.ને પોતાના જાનશીન બનાવ્યા.

કુલ ૮૪ વરસની આપની ઉમર હતી. ચિશ્તમાં જ આપની વફાત થઈ.


*__સંદર્ભ ગ્રંથો :__*

તારીખે મશાઈખે ચિશ્ત. હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
સિયરુલ અકતાબ, ફારસી – ઉર્દૂ. શેખ અલ્લાહ દિયા રહ.
ખઝીનતુલ અસ્ફિયા, ફારસી – ઉર્દૂ. મુફતી ગુલામ સરવર લાહોરી રહ.
મિર્આતુલ અસરાર શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ.
નફહાતુલ ઉન્સ મવ. અબ્દુર્રહમાન જામી રહ.
સિયરુલ અવલિયા. સય્યિદ મુહમ્મદ બિન મુબારક કિરમાની
ઈકતેબાસુલ અનવાર શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ.


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૩.

# ખ્વાજા કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હઝ. સય્યિદ અબૂ યૂસુફ રહ.ના પુત્ર અને સય્યિદ મુહમ્મદ સમ્આન હુસૈની રહ.ના પોત્ર હતા. [1]

૪૩૦ હિ.માં આપનો જન્મ થયો. હુસૈની સય્યિદ હતા. વાલિદ ખ્વાજા અબૂયૂસુફ ચિશ્તી રહ.થી ખિલાફત અને રૂહાની તરબિયત આપ રહ.એ મેળવી હતી. સાત વરસની ઉમરે કુરઆન શરીફ હિફ્ઝ ફરમાવ્યું અને ૧૬ વરસની ઉમરે બીજા ઉલૂમની તાલીમ પૂરી કરી લીધી હતી.

૨૪ કે ૨૬ કે ૨૯ વરસની ઉમરે આપના વાલિદની વફાત થઈ અને આપ રહ. એમના જાનશીન બન્યા. નફહાતુલ ઉન્સ વગેરેથી માલૂમ પડે છે કે વાલિદ સાહેબની વફાત પછી આપ રહ. જાનશીન બન્યા તો શેખ અહમદ જામ રહ. આપની મુલાકાત માટે અને અમુક બાબતોમાં આપને સહાયરૂપ બનવાના હેતુએ મળવા તશ્રીફ લાવ્યા અને શેખ અહમદ જામ રહ.ના કહેવાથી આપ રહ.એ બલ્ખ જઈને ઈલ્મ પ્રાપ્ત ફરમાવ્યું. પછી આપ રહ.એ 'મિન્હાજુલ આરિફીન' અને 'ખુલાસતુશ્શરીઅહ' નામની કિતાબો સંપાદન ફરમાવી. સિયરુલ અકતાબમાં લખવા મુજબ ૧૫ વરસની ઉમરે આપ રહ.એ ઉપરોકત કિતાબો લખી હતી.

ચિશ્તની આસપાસના વિસ્તારોમાં આપ રહ.એ ઈસ્લામી તાલીમના પ્રચાર અને લોકોની ઈસ્લાહ તેમજ સુધારણાની મોટી ખિદમત અંજામ આપી. બલ્ખ, ચિશ્ત અને બયતુલ મુકદ્દસ, વગેરે પ્રદેશોમાં આપના દસ – બાર હઝાર ખલીફાઓ હતા. અને મુરીદોની સંખ્યા તો બેશુમાર.

સિયરુલ અકતાબમાં છે કે આપ રહ. હમેંશા ઈબાદત અને મુજાહદહમાં મશ્ગૂલ રહેતા હતા. પોતાના વાલિદથી બયઅત થયા પછી વીસ વરસ સુધી એકાંતમાં જ ઈબાદતમાં મશ્ગૂલ રહયા. લગાતાર રોઝો રાખતા અને પાંચ – છ દિવસ પછી ઈફતાર ફરમાવતા હતા. ત્રીસ વરસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સુધી રાત્રે કદી સૂતા નથી.

આપના વાલિદે જયારે આપને ખિલાફત આપી તો ફરમાવ્યું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત અલી રદિ.ના આ વારસાનો હકદાર ફકત તે જ માણસ છે, જે ખૂબ ઈબાદત – મુજાહદહ કરતો હોય. બુરાઈ અને તારીફ બન્ને એના માટે બરાબર હોય અને પ્રભાવિત ન થતો હોય. તારામાં આ નેકી જોઈને તને આ નેઅમત આપી રહયો છું.

દરવેશો અને ફકીરો સાથે ઘણી જ મુહબ્બત ફરમાવતા હતા. ઉમદા લિબાસ કદી પહેરતા ન હતા. ગરીબ અને અમીર દરેક સાથે એકસરખી રીતે પેશ આવતા હતા. સ્વભાવે ઘણા જ વિનમ્ર અને તવાજુઅ કરનાર હતા. દરેકને પોતે જ સલામ ફરમાવતા હતા. આપની ખિદમતમાં આવનાર દરેકના એહતેરામમાં ઉભા થઈ જતા હતા. પોતાના ગુલામો અને ચાકરો સાથે પણ એકસરખો જ વ્યવહાર ફરમાવતા હતા. લોકોએ આપને કહયું કે, આપ રહ. દરેક નાના – મોટાને પોતે જ સલામ કરો છો અને દરેકનો જ એહતેરામ કરો છો, એ બરાબર નથી. આપ રહ.એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા અને એના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ જ આદેશ છે. અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ દરેક સાથે આવો જ વ્યવહાર ફરમાવતા હતા.

સિયરુલ અકતાબમાં છે કે, ૨૪ વરસની ઉમરે જયારે આપના વાલિદની વફાત થઈ અને આપ રહ. એમના જાનશીન બન્યા તો શેખ અહમદ જામ ઝિન્દા ફીલ રહ. આપને મળવા આવવાના ઈરાદે નીકળ્યા. આપ રહ.એ પોતાના મુરીદોને ફરમાવ્યું કે, ખ્વાજા મવદૂદ બુઝુર્ગોના જાનશીન છે અને ઉમરમાં હજુ નાના છે. મારે પોતે એમની સેવામાં જઈને એમની જરૂરી તરબિયત કરીને પોતાના હાથે સજ્જાદહ ઉપર બેસાડવા જોઈએ.

'જામ'થી તેઓ ચિશ્ત આવવા નીકળ્યા, હિરાત પહોંચ્યા તો અમુક લોકોએ આ બન્ને બુઝુર્ગો વચ્ચે ફિત્નો ઉભો કરવા અને એમને એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બીજાથી બદગુમાન કરવાની કોશિશ કરી. સિયરુલ અકતાબ વગેરે કિતાબોથી માલૂમ પડે છે કે ખ્વાજા મવદૂદ રહ.ની સેવામાં આવીને શેખ અહમદ રહ. વિશે ખોટી વાતો કરી પણ આપ રહ.ને એમની નિયતની ખબર પડી ગઈ અને ફરમાવ્યું કે, હકીકત આવી નથી. શેખ અહમદ જામ રહ. સારા ઈરાદે આવી રહયા છે. અને પછી પોતે એમને આવકારવા માટે મુરીદો સાથે શહેરથી બહાર આવ્યા. બન્ને બુઝુર્ગોની મુલાકાત થઈ. આ કિસ્સાને અલગ અલગ રીતે અનેક લેખકોએ વર્ણવ્યો છે. બહર હાલ આપ રહ.ને શેખ અહમદ જામ રહ.ની તરબિયતની સઆદત પણ પ્રાપ્ત થઈ અને જેમ કે અગાઉ વર્ણવવામાં આવ્યું, અમુક ઈતિહાસકારોના લખવા મુજબ શેખ અહમદ જામ રહ.ના કહેવાથી આપ રહ.એ ઝાહેરી ઉલૂમ હાસિલ કરવા તરફ ધ્યાન આપ્યું અને એ માટે બલ્ખ તશરીફ લઈ ગયા.

આપના ખલીફાઓની સંખ્યા ઘણી છે. એક હઝાર મશહૂર ખલીફા આપના હતા. અમુકના નામ નીચે મુજબ છે.

(૧) આપના ફરઝંદ શેખ નજમુદ્દીન અહમદ મુશ્તાક રહ.,[2]

(૨)ખ્વાજા હાજી શરીફ ઝન્દની રહ.,

સિલસિલમાં આપ રહ.ના જાનશીન બનવાનું બહુમાન આપ રહ.ને જ પ્રાપ્ત છે.

(૩) શાહ મહમૂદ સન્જાન રહ.,

(૪) અબૂનસીર શકેબાન રહ.,

(૫) શેખ હસન તિબ્બતી રહ.,

(૬) શેખ અહમદ બદરુન રહ.,

(૭) ખ્વાજા સબ્ઝપોશ રહ.,

(૮) શેખ ઉસ્માન અવ્વલ રહ.,

(૯) શેખ અબૂલહસન રહ. વગેરે.

રજબ પર૭ હિ.માં ૯૭ વરસની ઉમરે આપની વફાત થઈ.

અલ્લાહ તઆલાએ આપ રહ.ના ખાનદાનને ખુબ સઆદતોથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નવાઝયું હતું. વર્તમાન હિંદુસ્તાન અને પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં આ ખાનદાન આજે પણ મોજૂદ છે અને 'મવદૂદી' ખાનદાન તરીકે ઓળખાય છે. ઈકતેબાસુલ અનવારમાં આ વિશે થોડી વિગત આપવામાં આવી છે. પાકિસ્તાનના બ્લુચિસ્તાનમાં આ ખાનદાનના વડવાઓના આગમન અને ઈસ્લામી સેવાઓની વિગત પણ વિસ્તારથી અમુક કિતાબોમાં વર્ણવવામાં આવી છે.

ઈતિહાસકારોના મત મુજબ હિંદુસ્તાનનો સુલતાન ગિયાસુદ્દીન બલબન (૬૬૪ હિ./૧૨૬૬ઈ. – ૬૮૬હિ./૧૨૮૭ ઈ.) આપના પપોત્ર શેખ અલી ચિશ્તી રહ.નો મુરીદ અને અકીદતમંદ હતો. બઝમે મમ્લૂકિયહ (૨૨૬)માં છે કે, સુલતાન કહેતો હતો કે,

> એક હાકેમ માટે જરૂરી છે કે તે પોતાને કોઈ એવા બુઝુર્ગને તાબે કરી દે જેણે દુનિયાથી મોંઢું ફેરવી લીધું હોય અને ફકત અલ્લાહ તઆલા માટે વકફ થઈ ગયો હોય. આવા કોઈ બુઝુર્ગ બેનિયાઝી દર્શાવીને હાકેમને પોતાની પનાહમાં ન લે તો જરૂરી છે કે આજિઝી અને કાકલૂદી કરીને પણ એમના તાબે જ રહે.

ઈતિહાસકારો કહે છે કે સુલતાન ગિયાસુદ્દીન બલબન શેખ અલી ચિશ્તી રહ.નો મુરીદ હતો. એની કંઈક વિગત હાશિયહમાં છે. શેખ અલી ચિશ્તી રહ.ની દિલ્હીમાં જ વફાત થઈ અને દિલ્હીમાં જ દફન કરવામાં આવ્યા.

---

[1] સિલસિલાની તમામ કિતાબોમાં આપના વાલિદનું નામ અબૂયૂસુફ રહ. લખેલું જોવા મળે છે. પરંતુ મુઅજમુલ મુઅલ્લિફીન (૩–૯૨૮)માં ખ્વાજા મવદૂદ રહ.નું આખું નામ 'મવદૂદ બિન યાકૂબ હિન્દી હનફી ચિશ્તી' લખવામાં આવ્યું છે. જન્મ અને વફાતની તારીખ ૪૩૦ હિ. – ૫૨૭ લખવામાં આવી છે. અને બે કિતાબો પણ આપના નામે લખી છે. હદિયતુલ આરિફીન ભાગ – ૨ માં આ મુજબ છે :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

الجشتي : مودود بن ناصر الدين ابويوسف يعقوب الهندى المعروف بالجشتي الحنفي الصوفي ولد سنة ٤٣٠ و توفي سنة ٥٢٧ سبع و عشرين و خمس مائة ، له من التاليف خلاصة الشريعة ، منهاج العابدين (هدية العارفين، أسماء المؤلفين و آثار المصنفين :٢ -٥٧٧)

[2] **શેખ નજમુદ્દીન અહમદ (અથવા અબૂ અહમદ) મુશ્તાક(૪૯૨ – ૫૭૭ હિ.)ના ત્રણ પુત્રો હતા. બહાઉદ્દીન મહમૂદ, નિઝામુદ્દીન અલી અને રુકનુદ્દીન હુસૈન રહ.**

ત્રીજા પુત્ર રુકનુદ્દીન હુસૈન (૫૪૫ – ૬૩૫)ના બે પુત્રો હતા. મુહમ્મદ અને મુહયુદ્દીન અલી (૫૮૪–૬૨૪). આ મુહયુદ્દીન અલી (બિન રુકનુદ્દીન હુસૈન બિન નજમુદ્દીન મુશ્તાક બિન કુત્બુદ્દીન મવદૂદ રહ.) હિંદુસ્તાન તશ્રીફ લાવ્યા અને અહિંયા જ રહી ગયા. એમના વિશે નુઝહતુલ ખવાતિર, સિયરુલ અવલિયા વગેરે કિતાબોમાં છે કે ચિશતમાં જ રહીને તાલીમ મેળવી અને પછી હિન્દ આવ્યા. દિલ્હીમાં જ રહેવાનું પસંદ કર્યું. એમના મોટા ભાઈ મુહમ્મદના એક પુત્ર કુત્બુદ્દીન (૬૦૨ – ૬૮૦) હતા. જયારે શેખ મુહમ્મદની વફાત થઈ ત્યારે વાલિદ રુકનુદ્દીન હયાત હતા. અને સજ્જાદહ ઉપર તેઓ જ બિરાજમાન હતા. પછી જયારે શેખ રુકનુદ્દીન રહ.ની વફાત થઈ ત્યારે એમના જાનશીન બાબતે સલાહ મશ્વેરો કરવામાં આવ્યો અને આ બાબતે દિલ્હી ખાતે શેખ અલી રહ. પાસે બે માણસો એમને પાછા ચિશ્ત લાવવા માટે મોકલવામાં આવ્યા. જેથી વાલિદ રહ.ની મસ્નદે ઈરશાદના જાનશીન બનાવે. પરંતુ સુલતાન ગિયાસુદ્દીન બલબન રહ.એ એમને દિલ્હીમાં જ રહેવાનો આગ્રહ કર્યો અને કસમ ખાયને કહયું કે જો આપ ચિશ્ત ચાલ્યા જશો તો હું આખી સલ્તનત છોડીને તમારી પાછળ પાછળ ત્યાં ચાલ્યો આવીશ. આપ રહ.એ બલબનની આ મુહબ્બત જોયી તો પોતે દિલ્હીમાં જ રહી ગયા અને પોતાના ભત્રીજા કુત્બુદ્દીન બિન મુહમ્મદ ચિશ્તીને ખિલાફત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મોકલાવી.

નોંધ : નુઝહતુલ ખવાતિરમાં મવદૂદી ખાનદાનના બુઝુર્ગોના નામ વગેરેના વર્ણનમાં કંઈક ગરબડ છે, જે અન્ય કિતાબો જોતાં સ્પષ્ટ થઈ જાય છે. આવી જ ગરબડ તારીખે મશાઈખ ચિશ્ત (ખલીક અહમદ)માં ગુલઝારે અબરારના હવાલાથી આવી છે. શેખ મવદૂદ રહ.ના પોત્ર શેખ રુકનુદ્દીન હુસૈનનું નામ છોડીને શેખ અલી દહેલ્વીને સીધા શેખ મવદૂદના પુત્ર દર્શાવવામાં આવ્યા છે.

***શેખ રુકનુદ્દીન ગંજશકર ગુજરાતી રહ.***

શેખ કુત્બુદીન મવદૂદ ચિશ્તી રહ.ના ખલીફા અને બીજા પુત્ર શેખ નજમુદ્દીન રહ. વિશે નુઝહતુલ ખવાતિર પેજ ૧૦૮ માં છે કે ગુજરાતના મશ્હૂર ચિશ્તી બુઝુર્ગ શેખ રુકનુદ્દીન ગંજશકર ગુજરાતી રહ.નો સિલસિલો અમુક વાસ્તાઓ પછી આપ (શેખ નજમુદ્દીન રહ.) સુધી પહોંચે છે.

જેની વિગત આ પ્રમાણે છે કે,

તારીખે મશાઈખે ચિશ્ત (ખલીક અહમદ, પેજ : ૨૧૨), બહરે ઝખ્ખાર, ગુલઝારે અબરાર વગેરેમાં છે કે આ શેખ રુકનુદ્દીન ગુજરાતી રહ. શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના એક સાહબઝાદહ શેખ બદરુદ્દીન રહ.ના વંશજ હતા. (શેખ રુકનુદ્દીન બિન શેખ ઈલ્મુદ્દીન બિન શેખ અલાઉદ્દીન બિન શેખ બદરુદ્દીન બિન શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.)

જવાહિરે ફરીદીમાં દર્શાવેલ નસબનામામાં શેખ રુકનુદ્દીન અને શેખ ઈલ્મુદ્દીન વચ્ચે 'શેખ સુલેમાન'નું નામ છે. એટલે કે શેખ રુકનુદ્દીન શેખ ઈલ્મુદ્દીનના પોત્ર છે. (જવાહિરે ફરીદી : ૩૭૪)

શેખ ઝાહિદ રહ.ના વાસ્તાથી ચિશ્તી સિલસિલામાં બયઅત હતા. અને શેખ ઝાહિદ રહ.ના વાસ્તાથી શેખ કુત્બુદીન મવદૂદ રહ. સુધી આપનો સિલસિલો પહોંચે છે.

આમ ખિલાફતના સિલસિલાના આધારે આપ રહ.ને 'મવદૂદ' અને ખાનદાની રીતે 'ગંજશકર' અથવા 'કાને શકર' કહેવામાં આવે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. વર્તમાન નહરવાલા એટલે કે અણહિલવાડ (વર્તમાન પાટણ)માં હિ. ૭૦૭ માં પેદા થયા. ગંજશકર આપનો લકબ અને 'બાબા ફરીદ' આપ રહ.નો ખિતાબ હતો. ૮૪૨ હિ.માં આપ રહ.ની વફાત થઈ. અને પાટણમાં જ આપ રહ.નો મઝાર છે. (તારીખે સુફિયાએ ગુજરાત. ૨૪૨)

ગુલઝારે અબરાર ઉર્દૂ પેજ ૧૩૮ ઉપર શેખ રુકનુદ્દીન ગંજશકરનું વર્ણન છે. અને એમાં જન્મું વરસ ૭૦૫ હિ. અને વફાતનું વરસ ૨૨ શવ્વાલ હિ. ૮૧૧ લખવામાં આવ્યું છે.

આ શેખ રુકનુદ્દીન ગુજરાતી રહ., શેખ ઝાહિદ રહ.ના મુરીદ અને ખલીફા હતા. શેખ ઝાહિદ રહ. ખાનદાની રીતે આ ચિશ્તી મવદૂદી સિલસિલાના જાનશીન હતા. બહરે ઝખ્ખારમાં લખવા મુજબ શેખ કુત્બુદ્દીન રહ. સુધીનો ખાનદાની સિલસિલો આ પ્રમાણે છે : શેખ ઝાહિદ બિન યૂસુફ બિન અહમદ બિન મુહમ્મદ બિન ખ્વાજા અલી બિન અબૂ અહમદ (નજમુદ્દીન) બિન ખ્વાજા કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી.

ઈતિહાસકારો એટલે જ લખે છે કે આ ગુજરાતી બુઝુર્ગ રુકનુદ્દીન ગંજશકર ગુજરાતી રહ.નો સિલસિલો ભારતના ચિશ્તી સિલસિલાઓમાં આ વિશેષતા ધરાવે છે કે હઝરત શેખ મુઈનુદ્દીન રહ.ના વાસ્તા વગર ઉપરથી એટલે કે શેખ કુત્બુદ્દીન મવદૂદ રહ.થી મળીને આગળના મશાઈખે ચિશ્ત સુધી પહોંચે છે.


***સંદર્ભ ગ્રંથો :***

| | |
|---|---|
| તારીખે મશાઈખ ચિશ્ત. | હઝરત શૈખુલ હદીસ મવ. ઝકરિય્યા રહ. |
| તારીખે મશાઈખ ચિશ્ત. | પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ. |
| સિયરુઅકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| નફહાતુલ ઉન્સ | મવ. અબ્દુર્રહમાન જામી રહ. |
| મુઅજમુલ મુઅલ્લિફીન | ઉમર રઝા કહાલહ |
| હદિયતુલ આરિફીન | ઈસ્માઈલ પાશા બગદાદી |
| નુઝહતુલ ખવાતિર | અલ્લામહ અબ્દુલ હય હસની રહ |
| બઝમે મમ્લૂકિયહ | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| ગુલઝારે અબરાર | મુહમ્મદ ગોષી શત્તારી |
| તારીખે સુફિયાએ ગુજરાત | ડો. શાહ ઝહૂરુલ હસન શારિબ |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશ્રફ |
| સિયરુલ અવલિયા ફારસી. | સય્યદ મુહમ્મદ કિરમાની 'મીર ખુર્દ', |

ઉર્દૂ અનુવાદ : (૧) ગુલામ અહમદ બિરયાં. (૨) એજાઝુલ હક્ક કુદુસી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## ૧૪.

# ખ્વાજા હાજી શરીફ ઝન્દની રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વાજા શરીફ ઝન્દની રહ. હઝરત ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ.ના મહાન ખલીફા અને જાનશીન હતા. નય્યરુદ્દીન આપનો લકબ હતો. હિજરી સન ૪૯૨ માં ઝન્દનહ સ્થળે આપનો જન્મ થયો.[1]. આપ રહ. ખ્વાજા યૂસુફ હમ્દાની રહ.ના સમકાલીન હતા.

મુજાહદહ અને ઈબાદતમાં જ મગ્ન રહેતા હતા. ૪૦ વરસ સુધી ઝાડોના પાંદડા વગેરે ખાયને ગુઝારો કરતા રહયા. ગરીબી અને ભુખ્યા રહેવાને જ પસંદ ફરમાવતા હતા. જયારે પણ ખાવાનું ન મળતું અને ભુખ્યા રહેવાની નોબત આવતી તો ઘણા જ ખુશ થતા હતા. ફરમાવતા હતા કે, ભુખ્યા રહેવું તો અંબિયા અને અવલિયાની ખાસ સિફત હતી. જો મને એમના અનુસરણની સઆદત મળતી હોય તો શા માટે હું ખુશ ન થાઉં ? અને પછી આ સઆદત મળવાના શુક્ર સ્વરૂપે સો રકાત નમાઝ પઢતા હતા.

સામાન્ય પણે જૂના અને થીંગડા લગાવેલાં કપડાં જ પહેરતા હતા.

લગાતાર રોઝો રાખતા રહેતા હતા. અલબત્ત દર ત્રણ દિવસ પછી એક દિવસ છોડી દેતા હતા. અને એમાંયે નમક વગરની ફકત સબ્જી જ ખાતા હતા.

ઈબાદતનો ઘણો જ શોખ હતો. ફરમાવતા હતા કે અલ્લાહ તઆલા પોતે કુરઆનમાં ફરમાવે છે કે,

وما خلقتُ الجِنَّ وَ الإِنْسَ إلا لِيَعْبُدُوْن

*મેં માણસો અને જિન્નાતોને ફકત મારી ઈબાદત માટે જ પેદા કર્યા છે.*

૧૪ વરસની ઉમરેથી બાવુઝૂ રહેવાની આદત હતી.

કોઈ માણસ આપને મળવા આવતો તો ખાદિમ એને પહેલેથી જ તાકીદ કરી દેતો કે દુનિયા અને દુનિયાદારોની વાત કરશો નહીં, નહીં તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઝિયારતથી મહરૂમ કરી દેવામાં આવશો.

જયારે બયઅત માટે હઝરત ખ્વાજા મવદૂદ ચિશ્તી રહ.ની સેવામાં હાજર થયા તો હઝરત ખ્વાજા મવદૂદ રહ.એ આવકાર આપ્યો, પછી ફરમાવ્યું કે, એ હાજી ! તમે સઆદતમંદ છો. મેં અલ્લાહ તઆલા પાસે દુઆ કરી છે તમે મારા જાનશીન બનો અને લોકોને બયઅત કરો. જે કોઈ તમારા હાથે બયઅત થશે એને નવાઝવામાં આવશે. હમણા તો તમે એકાંતમાં જઈને ઈબાદત કરો.

થોડા દિવસ પછી આપ રહ.એ ખ્વાજા મવદૂદની સેવામાં આવીને અરજ કરી કે, આવી રીતે એકાંતમાં રહેવાની મુજમાં કાબેલિયત નથી. આપની તવજ્જોહ મળે તો જ આ શકય છે એટલે ખ્વાજા સાહેબ રહ.એ વિશેષ તવજ્જોહથી નવાઝયા અને પછી ખિરકહ અને ખિલાફત અર્પણ ફરમાવ્યાં.

એકવાર કોઈ ફકીર ખિદમતમાં આવ્યો. આવીને ઘણી જ કાકલૂદીથી અરજ કરી કે સાત છોકરીઓ છે. ખર્ચ માટે કોઈ વસ્તુ નથી. કોઈ એવો રસ્તો બતાવો કે એમના નિકાહ અને અન્ય ખર્ચાઓની વ્યવસ્થા થઈ જાય. આપ રહ.એ ફરમાવ્યું કે, આવતી કાલે તમારા માટે કોઈ વ્યવસ્થા કરી દેવામાં આવશે. ફકીર આ સાંભળીને ચાલ્યો ગયો. રસ્તામાં એને એક યહૂદી વેપારી મળ્યો. એણે ખબર અંતર પૂછયા તો ફકીરે હઝરત શરીફ રહ.ની સેવામાં હાજર થવાની વિગત સંભળાવી. યહૂદી કહેવા લાગ્યો કે શેખ પોતે જ ફકીર છે, તારા માટે શું વ્યવસ્થા કરી શકવાના હતા ? એમને જઈને બતાવ કે સાત વરસ મારી ચાકરી કરવાનું સ્વીકારે તો સાત હઝાર દીનાર હું વળતર રૂપે આપવા તૈયાર છું. હઝરત રહ.ને આ વાતની ખબર પડી તો એની ચાકરીમાં રહેવાને સ્વીકાર કરી લીધું અને યહૂદી પાસે જઈને ચાકરી કરવાનો કરાર કરીને દીનાર લાવીને ગરીબને આપી દીધા.

તે સમયના હાકેમને આ ઘટનાની ખબર પડી તો એણે તુરંત સાત હઝાર દીનાર હઝરત રહ.ની સેવામાં મોકલાવ્યા. આપ રહ.એ હાકેમના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દીનાર ગરીબોમાં વહેંચી દીધા અને હાકેમને કહેવડાવ્યું કે, મારો કરાર સાત વરસ ચાકરી કરવા વિશે છે. દીનારનું કરજ પાછું આપવાનો કરાર નથી. પેલો યહૂદી શેઠ આપ રહ.ની આ સખાવત અને દઢતા જોઈને નવાઈ પામી ગયો અને આપ રહ.ને તુરંત ચાકરીએથી છુટા કરી દીધા. આપ રહ.એ એના માટે દુઆ ફરમાવી કે તેં મને આઝાદ કરી દીધો, અલ્લાહ તને દોઝખની કેદથી આઝાદ ફરમાવે.

આ દુઆનો એના ઉપર એટલો બધો પ્રભાવ પડયો કે તે તુરંત મુસલમાન થઈ ગયો અને આપ રહ.ની સેવામાં રહીને ઈલ્મે તસવ્વુફ પ્રાપ્ત કર્યું.

એકવાર એક માણસ કોઈ નઝરાનું લઈને ખિદમતમાં આવ્યો. આપ રહ.એ ફરમાવ્યું કે મારે એની કોઈ જરૂરત નથી. આ આખું જંગલ આવી વસ્તુઓથી ભરેલું છે. એ માણસે હઝરતના ઈશારા મુજબ જંગલ તરફ જોયું તો સોનાની એક નહેર વહેતી દેખાયી.

ઈતિહાસકારોએ લખ્યું છે કે હઝરતનું વધેલું જે માણસ ખાય લેતો હતો, એ મઝજૂબ થઈ જતો હતો.

આપ રહ. ઉપર રડવાનો ઘણો પ્રભાવ હતો. અનેકવાર નારો લગાવીને રડતા અને બેહોશ થઈ જતા હતા. કોઈએ પૂછયું કે, આટલું બધું શા માટે રડો છો ? આપ રહ.એ ફરમાવ્યું કે, જયારે અલ્લાહ તઆલાના ઈરશાદ : وما خلقت الجن و الانس إلا ليعبدون નો વિચાર આવે છે તો મારાથી આ સહન નથી થતું કે પેદાઈશ તો ઈબાદત માટે છે અને હું ફલાણા – ઢીંકણા કામોમાં મશ્ગૂલ રહયા કરું છું.

૩ અથવા ૧૦ રજબ, ૬૧૨ હિ.માં આપની વફાત થઈ.

૧૨૦ વરસ આપની ઉમર હતી. ૫૮૪ અને ૫૮૦ હિ.માં વફાત થવા વિશેનું પણ અમુક ઈતિહાસકારોએ લખ્યું છે.

આપનો મઝાર કયાં છે, એ બાબતે મતભેદ છે. અમુકના મતે કનોજમાં છે અને અમુક લોકો ઝન્દનહમાં મઝાર હોવાનું દર્શાવે છે.

આપ રહ. કદી હિંદુસ્તાન પધાર્યા હોય એવું પુરવાર નથી. પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કનોજના આસપાસના વિસ્તારમાં આ બાબત મશ્હૂર છે. (ઈકતેબાસુલ અનવારઃ ૩૨૨)

મિરઆતુલ અસરારમાં લખવા મુજબ શામ (સિરિયા)માં આપનો મઝાર છે અને લોકો અકીદતથી ત્યાં ફાતેહા પઢવા જાય છે. (૫૩૧)

ખ્વાજા ઉસ્માન હારૂની (હરવની) આપના મશ્હૂર ખલીફા છે.

---

[1] બુખારાથી ચાર માઈલના અંતરે આ શહેર આવેલું છે. (મુઅજમુલ બુલદાન : ૩–૧૫૪)


*સંદર્ભ ગ્રંથો :*

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશ્રફી રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ઈકતેબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ. |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૫.

# ખ્વાજા ઉસ્માન હરવની (હારવની - હારૂની) રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા ઉસ્માન રહ. નેશાપૂર પ્રદેશના એક ગામ 'હારવન'ના રહેવાસી હતા.[1] (સિયરુલ અકતાબ ફારસી : ૯૪)

આપ રહ.નું નામ ઉસ્માન છે અને અબૂન્નૂર અથવા અબૂલ્મન્સૂર આપની કુન્નિયત છે. હિજરી સન પર૬માં આપ રહ.નો જન્મ થયો હતો. તરીકત અને તસવ્વુફ ઉપરાંત શરઈ ઉલૂમમાં પણ આપ રહ. કામિલ હતા. હાફિજે કુરઆન હતા અને રોજ એક કુરઆન શરીફ ખતમ કરતા હતા. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૬૨/ ખઝીનતુલ અસ્ફીયા : ૨–૫૭) એક કુરઆન દિવસે અને એક રાત્રે ખતમ કરતા હતા. (સિયરુલ અકતાબ : ૯૪/ઈકતેબાસુલ અન્વાર : ૩૩૩)

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે હઝરત શેખ ખ્વાજા શરીફ ઝન્દની રહ.ના ખલીફા હતા. ઉપરાંત દાદાપીર હઝરત કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી રહ.ની સોહબત, દુઆઓ અને બરકત પણ આપ રહ.ને પ્રાપ્ત હતી.

*બયઅત અને મુજાહદહ :*

સિયરુલ અકતાબમાં છે કે, આપ રહ.ને જયારે ઈલ્હામે રબ્બાની વડે હઝરત ખ્વાજા શરીફ ઝન્દની રહ.ની સેવામાં પહોંવાનું માર્ગદર્શન મળ્યું તો સેવામાં હાજર થયા અને કદમબોસી કરીને અરજ કરી કે 'બંદા ઉસ્માન પણ તમારા ગુલામોમાં શામેલ થવાની ઈચ્છા ધરાવે છે. હઝરત શેખ શરીફ રહ.એ ઘણી જ શફકતો ફરમાવીને 'કુલાહે ચહાર તર્ક' અર્પણ ફરમાવી, બયઅત કર્યા અને પછી ફરમાવ્યું કે,

> ઉસ્માન ! ચાર તર્કી ટોપીનો મતલબ ચાર વસ્તુઓ છોડી દેવી છે. (૧) દુનિયાને છોડી દયો. (૨) આખિરતને છોડી દયો. એટલે કે જન્નતની લાલચે કે જહન્નમની બીકે કોઈ ઈબાદત ન કરો. ફકત અલ્લાહ તઆલાની ઝાતને સામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રાખો. (૩) ખાવું પીવું અને સુવું છોડી દયો. ફકત થોડું જ ખાઓ અને થોડું જ સુવો. (૪) નફસની ખ્વાહિશો અને ઈચ્છાઓને છોડી દયો. એના વિરુદ્ધ કરો. (સિયરુલ અકતાબ, ઉર્દૂ તરજુમહ : ૧૧૧)[2]

બયઅત થયા પછી ખ્વાજા ઉસ્માન રહ. પોતાના મુરશિદની સેવામાં રહીને ખૂબ મુજાહદહ કરવા લાગ્યા. મુજાહદહ, રિયાઝત અને ઈબાદતમાં બેનમૂન હતા. ઘણો જ આકરો મુજાહદહ કરતા હતા. સિત્તેર વરસ સુધી લગાતાર મુજાહદહ કરતા રહયા. કદી પેટ ભરીને ખાતા ન હતા. આખી રાત ઈબાદત કરતા રહેતા હતા. ચાર પાંચ દિવસના ફાકા પછી બેચાર ટુકડા ખાઈ લેતા હતા. (સિયરુલ અકતાબ ફારસી : ૯૪)

ત્રણ વરસ પછી આપને ખિલાફત આપવામાં આવી અને આગલા મશાઈખ દ્વારા ચાલતું આવતું ઈસ્મે આઝમ અર્પણ કરવામાં આવ્યું. (સિયરુલ અકતાબ, ફારસી : ૯૫)

### કરામાત :

વધુ પડતા આપ રહ. સફરમાં રહેતા હતા. એકવાર અગ્નિપૂજકોની વસ્તીમાં જઈ ચડયા. અહિંયા લોકોએ મોટી માત્રામાં આગ સળગાવી હતી. આપ રહ.એ તો એક ઝાડ નીચે મુસલ્લો બીછાવીને નમાઝ શરૂ કરી દીધી અને ખાદિમ શેખ ફખ્રુદ્દીનને[3]કહયું કે, જાઓ આગ લઈ આવો અને ખાણું પકાવો. લોકોએ આગ આપી નહીં અને કહયું કે આ અગ્નિ તો પૂજા–ઈબાદત કરવા માટે છે. એમાંથી કંઈક તમને આપવું અમારા ધર્મમાં ગુનો છે. ખાદિમે આવીને બીના અરજ કરી તો આપ રહ.એ વુઝૂ કર્યું, બે રકાત નમાઝ પઢી અને પોતે ત્યાં તશરીફ લઈ ગયા અને લોકોને નસીહત કરવા લાગ્યા કે, અગ્નિ તો પૂજા કરવા લાયક વસ્તુ નથી. ઈબાદતને લાયક તો ફકત એક અલ્લાહ જ છે. આગ તો અલ્લાહ તઆલાની પેદા કરેલ મખ્લૂક છે. એમના સરદારે કહયું કે અમારા ધર્મમાં અગ્નિનું ઘણું મહત્વ છે. આપ રહ.એ એને કહયું કે આટલી વરસોની કીમતી ઉમર તમે અગ્નિપૂજામાં વીતાવી દીધી, શું તમને યકીન છે કે તમે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરીરનું કોઈ અંગ આગમાં નાખો અને આગ તમને સળગાવે નહીં ? એણે જવાબ આપ્યો કે સળગાવવું તો આગની ખાસિયત છે. એમાં તો કોનું ગજું છે કે આંગળીનો વેઢો પણ આગમાં મૂકે અને સલામત પાછો કાઢે ? આપ રહ.એ તુરંત સરદારના ખોળામાં રમતા બાળકને ઊંચકીને આગમાં નાખી દીધો અને પોતે પણ આગમાં ઘૂસી ગયા. બે કલાક જેટલો સમય અંદર રહયા, પણ આગથી આપ રહ.ને અને બાળકને પણ કંઈ નુકસાન થયું નહીં. લોકો આસપાસ ભેગા થઈ ગયા. બહાર આવીને આપ રહ.એ લોકોને ઈસ્લામની દાવત આપી તો બધા જ મુસલમાન થઈ ગયા. એમના સરદારનું નામ અબ્દુલ્લાહ અને અને એના છોકરાનું નામ ઈબ્રાહીમ રાખવામાં આવ્યું. આપ રહ.એ અહિંયા અઢી વરસ મુકામ કર્યો જેથી લોકોને ઈસ્લામ શીખવાડી શકે અને લોકો ઈસ્લામમાં મજબૂત થઈ જાય. (સિયરુલ અકતાબ ફારસી : ૯૬/ તારીખે મશાઈખે ચિશ્ત : ૧૬૩)

આપ રહ.ના ખાસ મુરીદ અને ખલીફા હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ. ફરમાવે છે કે હું હઝરત પીરો મુરશિદ સાથે સફરમાં હતો એ દિવસોમાં એક વેળા અમે દરિયા કિનારે પહોંચ્યા. સામે પાર જવા માટે કોઈ નાવડી ન હતી. હઝરત મુરશિદ રહ.એ ફરમાવ્યું કે, આંખો બંધ કરી લ્યો. મેં હુકમ મુજબ અમલ કર્યો. પછી ફરમાવ્યું કે હવે આંખો ખોલો. મેં આંખો ખોલી તો હું અને મારા સરદાર બન્ને સામે પાર હતા.

એકવાર એક માણસે આવીને અરજ કરી કે મારો છોકરો એક મુદત (૪૦ વરસ)થી ગુમ થઈ ગયો છે. મને એના જીવન – મરણની પણ કોઈ ખબર નથી. આપ રહ.ની સેવામાં દરખાસ્ત છે કે એના માટે દુઆ કરો, જેથી દુઆની બરકતથી મારો ખોવાયેલ દીકરો મને પરત મળી જાય. આપ રહ.એ મુરાકબો કર્યો. થોડી વાર પછી આંખો ખોલીને હાજરજનોને કુરઆન પઢવાનો હુકમ ફરમાવ્યો અને આપ રહ. ફરી મુરાકબામાં ચાલ્યા ગયા. થોડી વાર પછી ફરમાવ્યું કે જાઓ તમારો છોકરો ઘરે આવી ગયો હશે. ઈન્શાઅલ્લાહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પેલો માણસ ઘરે આવવા નીકળ્યો તો રસ્તામાં જ લોકો એને છોકરો પરત આવવાની ખુશખબરી સંભળાવવા લાગ્યા. એ માણસ ઘરે આવ્યો, છોકરાને મળ્યો અને પછી એને લઈને ખ્વાજા ઉસ્માન રહ.ની સેવામાં આવ્યો. આપ રહ.એ છોકરાને પૂછયું કે, તું કયાં હતો અને તારી સાથે શું બન્યું તે બતાવ ? એણે જણાવ્યું કે, મને જિન્નાતોએ એક ટાપુમાં સાંકળોથી બાંધીને કેદ કરી રાખ્યો હતો. આજે એક અલ્લાહ વાળા તમારી શકલના, મારી પાસે આવ્યા અને મને ઉભો થવાનું કહયું. હું ઉભો થયો અને જેવો એમણે મારી સાંકળો પર હાથ મૂકયો, બધી સાંકળો ખુલી ગઈ. પછી ફરમાવ્યું કે તારો પગ મારા પગ ઉપર મુકીને આંખો બંધ કરી દે. મેં એ જ પ્રમાણે કર્યું. થોડી વાર પછી આંખો ખોલવાનું કહયું તો બુઝુર્ગ ગાયબ હતા, અને હું મારા ઘરના દરવાજે ઉભો હતો. (સિયરુલ અકતાબ,ફારસી : ૯૯/તારીખે મશાઈખે ચિશ્ત : ૧૬૪)

આપના સમયના બાદશાહ સાથે 'સિમાઅ' બાબતે આપ રહ.ની ચર્ચા થવાનો કિસ્સો પણ ઘણી કિતાબોમાં આવે છે. દરબારી ઉલમાએ બાદશાહના કાન ભંભેર્યા કે સિમાઅ જાઈઝ નથી. માટે હઝરત રહ.ને પણ એનાથી મના કરવામાં આવે. બાદશાહે આપ રહ.ને બોલાવીને હુકમ સંભળાવ્યો અને કહયું કે, જો સિમાઅ જાઈઝ હોત તો હઝરત જુનેદ બગદાદી રહ.એ શા માટે આ મામૂલ છોડી દીધો ? આપ રહ.એ જવાબ આપ્યો કે, સૂફીયાએ કિરામ રહ.એ સિમાઅ માટે વિશેષ શરતો નક્કી કરી છે. એમાંથી એક શરત આ છે કે સિમાઅ માટે 'ઈખ્વાન' (યોગ્ય અને નેક સાથીઓ) જરૂરી છે. હઝરત જુનેદ રહ.ની આસપાસ જયારે યોગ્ય સાથીઓ ન રહયા તો સિમાઅ છોડી દીધું. બાકી હકીકત આ છે કે બુઝુર્ગો શરતો પ્રમાણે એને જાઈઝ કહે જ છે. (સિયરુલ અકતાબ : ૯૭)

સિયરુલ અકતાબમાં છે કે, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ.એ ફરમાવ્યું કે, મારો એક પાડોશી હઝરત ખ્વાજા ઉસ્માન રહ.નો મુરીદ હતો. એની વફાત પછી જયારે એને કબ્રસ્તાનમાં દફન માટે લઈ જવામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવ્યો તો હું ત્યાં હાજર હતો. લોકો જયારે એને દફન કરીને ચાલ્યા ગયા તો હું બેસી રહયો. કબ્રની અંદરની સ્થિતિ મારી સામે સ્પષ્ટ થઈ તો મેં જોયું કે કોઈ ગુનાહના સબબ અઝાબના ફરિશ્તા આ માણસ પાસે આવ્યા. એટલામાં હઝરત પીર સાહેબ ખ્વાજા ઉસ્માન રહ. પણ આવી પહોંચ્યા અને ફરમાવ્યું કે, આ માણસ મારો મુરીદ છે. અલ્લાહ તઆલા તરફથી ફરિશ્તાઓને કહેવામાં આવ્યું કે, મેં આ માણસને મારા દોસ્તના તુફૈલથી બખ્શી દીધો છે. આમ આપ રહ.ની બયઅતની બરકતથી એની મગફિરત થઈ ગઈ. (સિયરુલ અકતાબ, ફારસી : ૧૦૦/ તારીખે મશાઈખે ચિશ્ત :૧૬૫/સિયરુલ અવલિયા :૧૦૧)

***ખલીફાઓ :***

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ. ખ્વાજા નજમુદ્દીન સુગરા રહ. શેખ સૂરી મંગોહી રહ. અને ખ્વાજા મુહમ્મદ તુર્ક, આ ચાર આપના મશ્હૂર ખલીફાઓ છે.

***વફાત :***

૫, શવ્વાલ ૬૧૭ હિજરીમાં આપ રહ.ની વફાત થઈ. અમુક લોકોએ ૬૦૩ હિ.નું વરસ પણ દર્શાવ્યું છે. વફાત વેળા આપ રહ.ની ઉમર ૯૧ વરસની હતી. (ખઝીનતુલ અસ્ફિયા : ૨–૬૧)

મક્કા મુકર્રમહમાં આપ રહ.નો મઝાર છે. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૬૫)

મિર્આતુલ અસ્રાર ઉર્દૂમાં છે કે, છેલ્લી ઉમરમાં આપ રહ.એ મક્કા શરીફ પહોંચીને એતેકાફ કરી લીધો હતો. આપ રહ.એ અલ્લાહ તઆલા પાસે બે દુઆઓ માંગી હતી. (૧) મારી કબ્ર મક્કામાં બને અને એનું નિશાન સદાએ બાકી રહે, જેથી ફાતિહાનો સવાબ મળતો રહે. (૨) મુરીદ મુઈનુદ્દીને દરેક હાલમાં મારી ભારે સેવા કરી છે, માટે એને એવી વિલાયત મળે કે કોઈ બીજાને એવી વિલાયત ન આપવામાં આવી હોય. આપ રહ.ની બન્ને દુઆઓ કુબૂલ થઈ. મક્કામાં આપ રહ.ની કબર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બની અને હઝરત મુઈનુદ્દીન રહ.ને વિલાયતનો ઉચ્ચ મુકામ આપવામાં આવ્યો.

મિર્આતુલ અસ્રારના ઉર્દૂ અનુવાદક જ. કેપ્ટન વાહિદ બખ્શ સયાલ ચિશ્તી સાબરી હાશિયહમાં લખે છે કે, આપ રહ.ની કબ્ર મક્કા મુકર્રમહમાં શરીફે મક્કા શરીફ હુસૈનના મહેલમાં આવેલ છે. આ અનુવાદક (કેપ્ટન વાહિદ બખ્શ)ને પોતાના મુરશિદ હઝરત સય્યિદ મુહમ્મદ ઝોકી શાહ રહ.ની સંગાથે ૧૩૭૧ હિ. મુતાબિક ૧૯૫૧ ઈ.માં હઝરત ખ્વાજા ઉસ્માન હરવની રહ.ની કબ્રની ઝિયારતની સઆદત પ્રાપ્ત થઈ છે. કબ્ર મુબારક મહેલના સહેનમાં છે. અને કોઈએ એની ફરતે લાકડાનો ચબુતરો બનાવી દીધો છે. એટલે હવે એ કાયમ માટે બાકી રહેશે એમ લાગે છે. *(મિર્આતુલ અસરાર, ઉર્દૂ : ૫૬૧/ ઈકતેબાસુલ અનવાર : ૩૪૪)*

ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ. આપના ખાસ મુરીદ અને ખલીફા હતા. તેઓ ફરમાવે છે કે દુનિયાના વિવિધ વિસ્તારોની સફર પૂરી કરીને જયારે હઝરત ખ્વાજા ઉસ્માન સાહેબ રહ. પાછા બગદાદ આવી ગયા અને એકાંતવાસમાં રહેવા લાગ્યા તો મુજ દરવેશને આદેશ આપવામાં આવ્યો કે દરરોજ ચાશત વેળા ખિદમતમાં હાજર થાઉં, આ વેળા ફકીરીની તરબિયત અને કેળવણી આપીશ, જે તમને અને પછીના મારા મુરીદો માટે યાદગાર રહે. હું હુકમ મુજબ રોજ ચાશત વેળા હાજર થતો અને જે કંઈ ઈરશાદ ફરમાવતા એ લખી લેતો હતો. (અનીસુલ અરવાહ, ફારસી : ૪)

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ.એ આપ રહ.ના મલ્ફૂઝાત આધારિત આવી ૨૮ મજલિસોના મલ્ફૂઝાત ભેગા ફરમાવ્યા હતા. આ મલ્ફૂઝાતનું નામ 'અનીસુલ અરવાહ' રાખ્યું હતું. મુળ ફારસી ઝબાનમાં છે. આજકાલ એનો ઉર્દૂ અનુવાદ પણ મળી આવે છે.

કહે છે કે, એકવાર ખ્વાજા ઉસ્માન હરવની રહ. પોતાન મુરીદ ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ.ને મળવા હિંદુસ્તાન આવ્યા હતા. અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હિંદુસ્તાનમાં બે – અઢી વરસ રોકાયા હતા. આ દરમિયાન સુલતાન શમ્સુદીન અલતમશ ખ્વાજા હરવની રહ.ને મળવા આવ્યો અને અકીદતપૂર્વક અરજ કરી કે દુનિયા આખિરતની ભલાઈ ખાતર એને નસીહત કરવામાં આવે. એની દરખાસ્તને માન આપીને ખ્વાજા ઉસ્માન રહ.એ ખ્વાજા અજમેરી રહ.ને હુકમ ફરમાવ્યો કે, સુલતાન શમ્સુદીન અલતમશની રૂહાની તરબિયત અને તાલીમ માટે એક કિતાબ સંપાદન ફરમાવો. આપ રહ.ના આદેશ મુજબ ખ્વાજા અજમેરી રહ.એ ગુજંલ અસરાર નામી કિતાબ ફરમાવી હતી. મખ્ઝનુલ અન્વાર તરજમએ ગંજુલ અસ્રાર નામી એનો ઉર્દૂ અનુવાદ પણ છે. (વધુ માટે જુઓ : બઝમે મમ્લૂકિયહ : ૬૭/મુઈનુલ અરવાહ : ૫૮–૬૩)

———————————————————

[1] અમુકના લખવા મુજબ હારવન ફરગાનહ પ્રદેશનું એક ગામ છે. (મિર્આતુલ અસ્રાર :૫૫૪) ખયરુલ મજાલિસમાં હઝરત ખ્વાજા નસીરુદીન રહ.નું કથન છે કે, હારૂની ગલત છે. સાચો શબ્દ હરવની છે. હરવન એક ગામનું નામ છે. જયાં ખ્વાજા ઉસ્માન રહેતા હતા. (ખયરુલ મજાલિસ : ૫૨ / બઝમે સૂફિયા : ૪૮)

[2] સિયરુલ અકતાબના ફારસી નુસ્ખામાં બયઅત વેળા ટોપી આપવાનું વર્ણન છે. ઉર્દૂ અનુવાદકે ખિલાફત આપતી વેળા ટોપી આપવાનું લખ્યું છે. સિયરુલ અકતાબનો ઉર્દૂ અનુવાદ જોતાં એવું લાગે છે કે અનુવાદકે ઘણું બધું ટુંકાવીને અને કમી કરીને ભાવાનુવાદ કરવાનો પ્રયત્ન કર્યો છે.

સૂફિયાએ કિરામને ત્યાં આ વિશેષ પરંપરા હતી કે કોઈને ખિલાફત આપની વખતે વિશેષ ગોદડી, ચાદર કે કપડાંની વિશેષ જોડ અથવા કંઈક યાદગાર વસ્તુ આપતા હતા. અનેક બુઝુર્ગોને ખિલાફત આપતી વેળા એમના પીરો મુરશિદ તરફથી ચાર ખુણા વાળી ટોપી આપવાનો ઉલ્લેખ કિતાબોમાં મળે છે. ખ્વાજા ઉસ્માન હરવની રહ.ને એમના શેખ હઝરત શરીફ ઝન્દની તરફથી, પછી હઝરત ખ્વાજા મુઈનુદીન અજમેરી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ને હઝરત ખ્વાજા ઉસ્માન હરવની તરફથી ... ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ.ને ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ. તરફથી... વગેરે...

[3] ફખ્રુદ્દીન રહ. આપના ખલીફા હતા. અમુક લેખકોના લખવા મુજબ ખ્વાજા ઉસ્માન રહ. હિંદુસ્તાન આવવા નીકળ્યા તો ગુજરાતના કોઈ પ્રદેશમાં પહોંચ્યા અને ત્યાં આ ઘટના પેશ આવી. (મુઈનુલ અરવાહ : ૫૮/ખ્વાજા ઉસ્માન હરવની : ૩૫)

હઝરત ફખ્રુદ્દીન ગરદેઝી રહ.એ પાછળથી અજમેરને વતન બનાવી લીધું હતું. અજમેરમાં જ હઝરત ખ્વાજા રહ.ના મઝારની આસપાસ બેગમી દાલાનમાં એમનો અને એમની અહલિયહનો મઝાર છે. (મુઈનુલ અરવાહ : ૧૭૮)


*સંદર્ભ ગ્રંથો :*

| | |
|---|---|
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| મિર્આતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત. | હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| ઈકતેબાસુલ અન્વાર. | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી |
| ખયરુલ મજાલિસ | મલ્ફૂઝાત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ રહ. |
| અનીસુલ અરવાહ | મલ્ફૂઝાત ખ્વાજા ઉસ્માન હારવની રહ. |
| મુઈનુલ અરવાહ. | મુહમ્મદ ખાદિમ હસન ઝુબેરી |
| બઝમે સૂફિયા. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| ખ્વાજા ઉસ્માન હરવની | મોલ્વી સય્યિદ એઝાઝ અલી |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૬.

# સુલતાનુલ - હિંદ ખ્વાજએ ખ્વાજગાં,

# હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી, અજમેરી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સિલસિલએ ચિશ્તીય્યહ | ૪૨૨ |
| હઝરત ખ્વાજા (રહ.)નો જન્મ | ૪૨૪ |
| હઝરત ખ્વાજા (રહ.)નું બાળપણ | ૪૨૪ |
| આપના વાલિદનું મૃત્યુ અને આપનો દુન્યા ત્યાગ | ૪૨૫ |
| હઝરત ખ્વાજા રહ.ની તઅલીમ અને બયઅત | ૪૨૬ |
| હઝરત ખ્વાજા (રહ.)ની સફર અને દુનિયાની સેર | ૪૨૭ |
| ભારતીય ઉપખંડમાં આપની પધરામણી | ૪૩૦ |
| અજમેરમાં પડાવ | ૪૩૦ |
| કરામતો અને લોકોનો ઈસ્લામ સ્વીકાર | ૪૩૧ |
| રાજાને ઈસ્લામનું આમંત્રણ | ૪૩૨ |
| ભારતમાં મુસ્લિમ શાસન | ૪૩૩ |
| હઝરત ખ્વાજા (રહ.) અને દિલ્હી | ૪૩૩ |
| અજમેરથી દિલ્હી પધરામણી | ૪૩૪ |
| હઝરત ખ્વાજાના નિકાહ અને અવલાદ | ૪૩૫ |
| હઝરત ખ્વાજા (રહ.)ની વફાત | ૪૩૬ |
| હઝરત ખ્વાજા (રહ.)નુ મદફન – મઝાર | ૪૩૭ |
| હઝરત ખ્વાજા (રહ.)ના ખલીફા | ૪૩૭ |
| હઝરત ખ્વાજા (રહ.)ની કિતાબો | ૪૩૮ |
| હઝરત ખ્વાજા (રહ.)ની કાર્ય પદ્ધતિ | ૪૩૯ |
| સિલસિલએ ચિશ્તિય્યહની કાર્યપદ્ધતિ | ૪૪૧ |
| ઉચ્ચ ગુણો અને વિશેષતાઓ | ૪૪૩ |
| મલ્ફૂઝાત | ૪૪૫ |
| આપણા માટે હઝરત ખ્વાજા (રહ.)ના જીવનનો પાઠ | ૪૪૮ |
| સંદર્ભ ગ્રંથો | ૪૪૯ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*સિલસિલએ ચિશ્તીય્યહ*

સુફીઓના જે પ્રખ્યાત સિલસિલાને ભારતીય ઉપખંડમાં વ્યાપક ચાહના મળી તેનું નામ સિલસિલએ ચિશ્તીય્યહ છે. હિરાત (અફગાનિસ્તાન)માં આવેલ 'ચિશ્ત' નામી ગામ સાથે જોડીને આ સિલસિલાને ચિશ્તીય્યહ કહેવામાં આવે છે. આ મુબારક સિલસિલાના સ્થાપક હઝ. ખ્વાજા અબૂ ઈસ્હાક શામી રહ. (મૃત્યુ : હિ.૩૨૯) પોતાના રૂહાની પેશ્વા અને મુરશિદ હઝ. ખ્વાજા મુમ્શાદ દીનોરી (રહ.)ના આદેશ અને સંકેત પર આ જગ્યાએ જ ઠરીઠામ થયા હતા અને એમણે બશારત આપી હતી કે આપનો સિલસિલો કયામત સુધી 'સિલસિએ ચિશ્તીય્યહ' કહેવાશે. ભારતીય ઉપખંડમાં ઈસ્લામની ઓળખ અને પ્રચાર માટે પણ અલ્લાહ તઆલાએ આ સિલસિલાને પસંદ ફરમાવ્યો અને આ સિલસિલાના બુઝુર્ગોને ભારત પ્રતિ ખાસ ધ્યાન આપવાનો ગેબી સંકેત મળ્યો.

ભારત તરફ ધ્યાન આપનારા સૌ પ્રથમ ચિશ્તી બુઝુર્ગ ખ્વાજા અબૂ મુહમ્મદ ચિશ્તી રહ. (મૃત્યુ હિ. ૪૧૧) હતા, જેમની મકબૂલ દુઆઓ અને રૂહાની તવજ્જુહાત સિકંદરે ઈસ્લામ સુલતાન મહમૂદ ગઝનવી (રહ.) (મૃત્યુ હિ. ૪૨૧)ની વિજય કુચ માટે પીઠબળ હતી. મવ. જામી (રહ.)ના કથન મુજબ જયારે સુલ્તાન મહમૂદ (રહ.) ભારત તરફ આગળ વધ્યા ત્યારે હઝ. ખ્વાજા અબૂ મુહમ્મદ (રહ.)ને ગયબી સંકેત મળ્યો કે એમની મદદ માટે જાઓ. તેઓ સિત્તેર વર્ષની વૃદ્ધાવસ્થામાં કેટલાક અન્ય દુરવેશોને પોતાની સાથે લઈ રવાના થયા અને પોતે જિહાદમાં શરીક થયા. (નફહાતુલ ઉન્સ : ૨૧૫)

પરંતુ ભારતીય ઉપખંડમાં આ સિલસિલાને ખ્યાતી આપનાર, દઢતા બખ્શનાર અને આ સિલસિલાની ઈમારતને મજબૂતીથી ઉભી કરનાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝ. ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી (રહ.)ની બરકતવંતી ઝાત છે. આપે અજમેરમાં આ સિલસિલાનું મરકઝ કાયમ કરીને ભારતના ખૂણે – ખૂણામાં એને ફેલાવ્યો.

હઝ.મવ. અબુલ હસન નદવી (રહ.) ફરમાવે છે :

> વિશ્વ માટે નવી દુનિયા એટલે કે અમેરિકાની શોધ જેટલી ક્રાંતિકારી અને યુગ સર્જક ઘટના હતી, એટલી જ મહત્વની બાબત ઈસ્લામી દુનિયા માટે ભારતની શોધ અને પ્રાપ્તિ હતી. એમ તો પહેલી સદી હિજરીમાં જ અહિંયા ઈસ્લામના બહાદુર જુથો આવવા લાગ્યા હતાં અને હિજરી સન ૯૩માં મુહમ્મદ બિન કાસિમ રહ.એ સિંધથી મુલતાન સુધીના ઈલાકાને પોતાના સૈન્ય અને સંસ્કાર વડે જીતી લીધો હતો અને આ ઉપખંડમાં અનેક સ્થળોએ ઈસ્લામના પ્રચારકોની ખાનકાહો અને કેન્દ્રો સ્થાપાઈ ચુકયાં હતાં, પરંતુ ભારતની વાસ્તવિક જીતનો શ્રેય સિકંદરે ઈસ્લામ સુલતાન મહમૂદ ગઝનવી રહ. ના ફાળે અને મજબૂત મુસ્લિમ શાસનનું સૌભાગ્ય સુલતાન શિહાબુદ્દીન ગોરી રહ. (મૃત્યુ હિજરી ૬૦૨)ના નસીબમાં લખાયું હતું અને છેલ્લે એના ઉપર રૂહાની પ્રભુત્વ અને ઈમાની તથા અખ્લાકી વિજય પ્રાપ્તિ શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ.ના ભાગ્યમાં લખાયેલી હતી. *(તારીખે દઅવતો અઝીમત ૩/૨૧,૨૨)*

હઝરત ખ્વાજા રહ.ની સાચી વતની નિસબત 'સજઝી' (سجزی) છે જે લખનારાઓની ભુલ અને બોલનારાઓની ગેરસમજને લઈ અપભ્રંશ થઈને 'સંજરી' બની ગયું. જુના લેખો અને કાવ્યોમાં 'સજઝી' જ લખાતું અને બોલાતું હતું. આ નિસબત સજિસ્તાન તરફ છે. જુના ભુગોળશાસ્ત્રીઓ મોટા ભાગે એને 'ખુરાસાન'નો જ એક ભાગ માને છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અત્યારે એનો મોટો ભાગ ઈરાનમાં અને બાકીનો ભાગ અફગાનિસ્તાનમાં આવેલો છે.

નવાબ સિદીક હસનખાન રહ.એ 'રિયાઝુલ મુરતાઝ'માં લખ્યું છે : સજિસ્તાન એક રાજ્ય છે જેની સીમાઓ ખુરાસાનથી કિરમાનના રણ સુધી અને ગઝનીન તથા હિન્દથી મળે છે. એને સજિસ્તાન ઈબ્ને ફારીસે આબાદ કર્યું હતું એટલે એના જ નામથી ઓળખાયું અને એને જ ઝાબલીસ્તાન તથા નીમરોઝના નામે ઓળખવામાં આવે છે, એમાં જ એક નદી હેરમન નામની છે, હદીસના પ્રખ્યાત ઈમામ હઝરત ઈમામ અબૂ દાવૂદ રહ., ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. અને મશ્હૂર શાઈર ફર્રુખી આ જ ઈલાકાના રહેવાસી હતા. (રિયાઝુલ મુરતાઝ : ૨૯૭)

અલ્લામહ શીબલી નુઅમાની પોતાની પ્રખ્યાત કૃતિ 'અલ ફારૂક'ના હાશિયામાં લખે છે કે સિસ્તાનને અરબો સજિસ્તાન કહે છે. એના ઉત્તરમાં 'હિરાત', દક્ષિણમાં 'મકરાન', પૂર્વમાં ''સિંધ' અને પશ્ચિમમાં 'કોહીસ્તાન' આવેલાં છે. (અલ ફારૂક : ૧૫૬) એના ખંડેરો આજે 'ઝાહેદાન' (ઈરાન)ના નજીક આવેલા છે. એક સમયે એની સરહદો ગઝનીન સુધી હતી.

***હઝરત ખ્વાજા (રહ.)નો જન્મ :***

આપની જન્મ તારીખ બાબત થોડો મતભેદ છે. ૫૨૭ હિ./૫૩૦ હિ./ ૫૩૬ હિ./૫૩૭ હિ. વગેરે કથનો ઈતિહાસકારોએ લખ્યા છે.

મશ્હૂર કથન મુજબ તા. ૧૪ રજબ હિ. સન ૫૩૭ (મુતાબિક : ઈ.સ.૧૧૪૨)માં આપનો મુબારક જન્મ થયો, આપના વાલિદે બુઝુર્ગવાર સય્યિદ ગયાસુદ્દીન હસનની વંશાવળી તેરમી પેઢીએ હઝરત હુસૈન રદી.ને અને આપની વાલિદહ મુહતરમહ ઉમ્મુલ વરઅ બીબી માહનૂરની વંશાવળી અગ્યારમી પેઢીએ હઝરત હસન રદી.ને જઈ મળે છે. જેથી આપ ખાનદાની રૂએ હસની અને હુસયની સય્યિદ હતા.

***હઝરત ખ્વાજા (રહ.)નું બાળપણ***

ઐતિહાસિક રીતે આપનો જન્મ થયો તે સમયકાળ ઈસ્લામી વિશ્વ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માટે રાજકીય અસ્થિરતા અને અંધાધુંધીનો યુગ હતો. 'સજિસ્તાન'નું રાજય જયાં આપનો જન્મ થયો, ત્યાંના સત્તાધીશને સન હિ. ૫૩૭ માં તાતારીઓએ જીવતો કેદ કરી લીધો હતો અને પૂરા ઈલાકામાં તાતારીઓએ ઝુલ્મ અને બર્બરતાનો કાળો કહેર વરસાવ્યો. આ સ્થિતિથી પરેશાન થઈ આપના વાલિદ સાહબ સજિસ્તાનથી હિજરત કરીને ખુરાસાન ચાલ્યા ગયા, પરંતુ ખુરાસાનની હાલત એથીયે વધુ બદતર હતી, છેવટે એ જ પરેશાની અને દુઃખમાં આપના વાલિદ મૃત્યુ પામ્યા. તે સમયે મુસ્લિમ વિશ્વ ઉપર મુલ્હિદો, બેદીનો, બાતીનીઓનું પણ ખૂબ ઝોર હતું, આપનું બાળપણ ખુરાસાનમાં વીત્યું. હિ.સન ૫૪૯ માં જયારે આપની વય લગભગ ૧૨ – ૧૩ વર્ષની હતી, ખુરાસાનમાં લડાઈ, અને ખૂનરેઝી હદ વટાવી ગઈ હતી.

તાતારીઓએ પૂરા ખુરાસાનને બરબાદ કરી દીધું હતું. ચારે તરફ લૂંટફાટ, કતલ અને બરબાદીનું વાતાવરણ હતું. બધી બાજુ લાશોના ઢગ ખકડી દીધા. નિશાપુરમાં એક માણસને પણ જીવતો ન છોડયો, કેટલીક વ્યકિતઓએ જામેઅ મસ્જિદમાં આશરો લીધો, તો કુહાડાઓથી મસ્જિદના દરવાજા તોડીને મસ્જિદમાં ઘુસી જઈને તેઓને ત્યાં જ શહીદ કરી નાંખ્યા, આ કત્લેઆમથી કોઈ બચી શકયું નહીં, મોટા – મોટા આલીમો, બુઝુર્ગો, મશાઈખોને બેદર્દીથી મારી નાંખવામાં આવ્યા. આ બધા દ્રશ્યો હઝરત ખ્વાજાએ પોતાના બાળપણમાં પોતાની આંખે જોયા અને એ બનાવોએ જ આપના દિલ ઉપર ઊંડી છાપ છોડી હતી, જેના લઈ આગળ જતાં આપે ઈસ્લામની સેવા, અમન અને સુલેહનો સંદેશ, મઝલૂમો અને દુખીયાઓની હિમાયત તેમજ મદદને પોતાના જીવનનો ધ્યેય બનાવી લીધો.

### *આપના વાલિદનું મૃત્યુ અને આપનો દુન્યા ત્યાગ.*

હિ.સ. ૫૫૧માં આપના વાલિદે મોહતરમની વફાત થઈ, વારસાઈ રૂપે એક બાગ અને એક ઘંટી છોડી ગયા હતા. વાલિદની વફાતના બે વર્ષ પછી નિશાપૂર શહેર બીજીવાર બરબાદ થયું, અને તાતારી હુમલાનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભોગ બન્યું. મકાનો, મસ્જિદો, મદ્રસાઓ, ખાનકાહો, કુતુબખાનાઓ વિગેરે બાળીને રાખ કરી દેવામાં આવ્યાં, મોટા ભાગના શહેરીઓને તલવારના ઘાટ ઉતારી દેવામાં આવ્યા. આ બધા બનાવો જોઈને દુન્યાની ક્ષણભંગુરતાની છાપ આપના દિલ ઉપર ઘેરી થતી ગઈ. એ જ સમય ગાળામાં એક મજબૂત બુઝુર્ગ શયખ ઈબ્રાહીમ કંદોઝી (રહ.)ની મુલાકાત અને બાતિની તવજ્જુહે એમાં વધારો કર્યો, અને આપ પોતાની સર્વ મિલકત વહેંચીને સફરમાં નીકળી પડયા.

***હઝરત ખ્વાજા રહ.ની તઅલીમ અને બયઅત***

સમરકંદ અને બુખારામાં રહી સૌ પ્રથમ તો કુર્આને પાક હિફઝ કર્યું અને પછી ત્યાંના મહાન આલિમો પાસે રહીને ઈલ્મે દીન પ્રાપ્ત કર્યું. ત્યાંથી ફારિગ થઈને ઈરાક જવા નીકળ્યા તો રસ્તામાં હારૂન (હરવન) નામી કસ્બામાંથી પસાર થતી વેળા હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની રહ. (મૃત્યુ : હિ.સ. ૬૦૩) સાથે મુલાકાત થઈ. આપ રહ. એમનાથી ઘણા પ્રભાવિત થયા અને એમનાથી બયઅત થઈ ગયા.

'બઝમે સૂફિયા'ના લખાણ મુજબ કિતાબોમાં છે કે હઝરત ખ્વાજા રહ.ને ૫૨ (બાવન) વરસની ઉમરે ખિરકએ ખિલાફતથી નવાઝવામાં આવ્યા અને પીરો મુરશિદની ખિદમતમાં વીસ વરસ વીતાવવાનું કથન સામે રાખવામાં આવે તો મતલબ એ થયો કે ૩૨ વરસની ઉમરે આપ રહ. બયઅત થયા હશે. અને બયઅત પહેલાંનો સમય જાહેરી, બાતેની ઉલૂમ મેળવવામાં પસાર થયો.

અલબત્ત વધુ પડતી કિતાબોમાં મશ્હૂર કથન આ જ છે કે પીરો મુરશિદથી બયઅત થવાના એક જ દિવસમાં આપને પીરો મુરશિદ તરફથી ઈજાઝત તેમજ ખિલાફત પણ આપી દેવામાં આવી. પરંતુ શેખનો આદેશ માથે ચઢાવીને લાંબા સમય સુધી શેખની સેવામાં રહયા. અઢી વરસ કે આઠ વરસ કે વીસ વરસ પીરો મુરશિદની ખિદમતમાં રહેવાનું વર્ણન કિતાબોમાં આવે છે. સફીનતુલ અવલિયામાં છે કે, ગુલામોની જેમ પોતાના શેખની ખિદમત કરતા હતા. સફરમાં પોતાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરશિદનો બિસ્તરો અને સામાન માથા ઉપર મૂકીને પાછળ પાછળ ચાલતા હતા.

આ દરમિયાન પીરો મુરશિદ ખ્વાજા ઉસ્માન રહ. સફરે નીકળ્યા તો લાંબી સફરમાં આપ રહ. પણ સાથે હતા. સીસ્તાન, દમિશ્ક, ઓશ, બદખ્શાં, બગદાદ અને મક્કા – મદીનાની સફરમાં પોતાના શેખની સોહબતમાં રહેવાની સઆદત પણ આપને પ્રાપ્ત થઈ. આ સફરમાં અનેક બઝુર્ગો અને વલીઓની મુલાકાત થઈ, અને એમનાથી નસીહત, તરબિયત અને ફૈઝ હાસિલ કરવાનો પણ આપને મોકો મળ્યો.

ખ્વાજા ઉસ્માન રહ.ને આપ રહ. પ્રતિ વિશેષ મુહબ્બત અને લગાવ હતો. આપ રહ. ફરમાવતા કે, મુઈનુદ્દીન અલ્લાહ તઆલાના મહબૂબ છે અને તેઓ મારા મુરીદ છે, એના ઉપર હું ગર્વ – ફખ્ર કરું છું.

'મુઈનુલ અરવાહ'માં છે કે, પીરો મુરશિદ સાથે લાંબી સફરેથી પાછા આવ્યા બાદ ખિલાફતે ખુસૂસી અતા ફરમાવી અને અમીન તેમજ સજ્જાદહનશીન બનાવીને તબર્રુકાતથી નવાઝયા. (પેજ : ૨૫)

***<u>હઝરત ખ્વાજા (રહ.)ની સફર અને દુનિયાની સૈર :</u>***

ત્યાર પછી પીરો મુરશિદથી રજા લઈને સફરમાં નીકળ્યા. આ સફરનો અસલ મકસદ રાહે સુલૂકના દરજ્જાઓ હાસિલ કરવા અને બુઝુર્ગોનો ફૈઝ હાસિલ કરવાનો હતો, એટલે ખ્વાજા સાહેબ એવા સ્થળોએ જ તશરીફ લઈ ગયા, જ્યાં અલ્લાહના વલીઓ અને આરિફીન મોજૂદ હતા. એમની સોહબતમાં થોડો ઘણો વખત રોકાઈને રૂહાની ફૈઝ અને બરકતો પ્રાપ્ત કરવામાં પોતાની સઆદત સમજતા હતા.

સૌ પ્રથમ હજમાં ગયા, હજમાં જતી વેળા રસ્તામાં કેટલાય બુઝુર્ગોને મળ્યા, મકકા શરીફ અને મદીના શરીફમાં થોડીક મુદ્દત રહીને બગદાદ આવ્યા. આપના મહાન ખલીફા હઝ. ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી રહ. અહિંયા બગદાદમાં જ આપને મળ્યા અને બયઅત થયા હતા.

બગદાદમાં હતા એ દિવસોમાં એકવાર દજલા નદીના કિનારે એક ખાનકાહમાં ગયા. અહીંયા એક બુઝુર્ગની મુલાકાત થઈ, જેઓ પચાસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વરસથી એકાંતમાં જ રહેતા હતા. એમણે પોતાની આપવીતી સંભળાવી કે, એકવાર હું પણ તમારી જેમ સફરમાં નીકળ્યો હતો. રસ્તામાં એક શહેરમાં પહોંચ્યો તો શહેરના બજારમાં એક વેપારીને જોયો, જે લોકો સાથે ભાવતાલ કરવામાં ઘણું જ તુમાખી ભર્યું વર્તન કરતો હતો અને ગ્રાહકોને સતાવતો હતો. હું ત્યાંથી પસાર થઈ ગયો અને આ વેપારીને કંઈ કહયું નહીં. થોડુંક આગળ ગયો તો પાછળથી અવાજ આવ્યો કે, અગર તું અલ્લાહ વાસ્તે એ વેપારીને મુરદાર દુનિયાથી દૂર રહેવાની નસીહત કરત અને એને સમજાવત કે આવું વર્તન ન કરો તો કદાચ એ તારી વાત સમજી જાત. આ નસીહત સાંભળીને મને ઘણો જ અફસોસ થયો અને ત્યારનો અહિયાં ભરાયને બેઠો છું અને કયામતના દિવસે એ બાબતે મને પૂછવામાં આવશે તો શું જવાબ આપીશ ? એનો ખોફ સતાવી રહયો છે.

જીલાન (ગીલાન)માં શેખ અબ્દુલ કાદિર જિલાની રહ. (મૃ. ૫૬૧ હિ.) પાસે ગયા અને ૫૭ દિવસ એમની પાસે રોકાયા. સિયરુલ અકતાબના હવાલાથી ઈકતેબાસુલ અનવારમાં છે કે, હઝરત શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. સાથે હઝરત ખ્વાજા સાહેબ રહ. ની મુલાકાત બે વાર થઈ છે. પ્રથમવાર શરૂના દિવસોમાં, આ વેળા આપના માટે દુઆઓ ફરમાવીને ફરમાવ્યું કે, આ વ્યકિત આગળ જતાં લોકોના પેશવા બનશે. ત્યાર પછી જયારે હઝરત શેખ અબ્દુલકાદિર જીલાની રહ.ના પોતાના બનાવેલ કસ્બામાં એમની સેવામાં ગયા હતા. આ વેળા હઝરત ખ્વાજા સાહેબે અરજ કરી કે 'ઝાતે હક વિશે કંઈક ઈરશાદ ફરમાવો' તો હઝરત પીરાને પીર રહ.એ ફરમાવ્યું કે, એ માટે 'ખલવત' જરૂરી છે. આ સાંભળીને હઝરત ખ્વાજા સાહેબે ફરમાવ્યું કે, મને એમાં વાંધો છે, કારણ કે મને ડર છે કે આ બાબતની ખબર મારા પીરને થાય અને તેઓ મારાથી નારાઝ થઈ જાય. હું મારા શેખને કામિલ સમજું છું. એમનાથી વધારે કોઈને ઉચ્ચ અને પૂર્ણ નથી સમજતો. (ઈકતેબાસુલ અનવાર : ૩૫૧)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વારઝમમાં હઝરત શેખ નજમુદ્દીન કુબ્રા રહ. (મૃ : ૬૧૮) પાસે પહોંચ્યા તો અઢી વરસ એમની સોહબતમાં રોકાયા.

'તબરીઝ' આવ્યા. ત્યાં શેખ અબૂ સઈદ તબરીઝી રહ.ને મળ્યા. 'ઈસ્ફહાન'માં શેખ મહમૂદ ઈસ્ફહાનીને મળ્યા અને બલ્ખમાં શેખ અહમદ ખિઝરવૈહની ખાનકાહમાં રોકાયા. આ સિવાય ઉસ્તુરાબાદ અને બુખારા પણ ગયા અને ત્યાંના બુઝુર્ગોની મુલાકાતથી પાવન થયા.

સફર દરમિયાન બુઝુર્ગોની કબરો ઉપર પણ તશરીફ લઈ ગયા. જેમ કે 'હમદાન' આવ્યા તો શેખ યુસૂફ હમદાની રહ.(મૃ : ૫૩૫ હિ.)ના મઝારની ઝિયારત ફરમાવી. ખિરકાનમાં શેખ અબૂલહસન ખિરકાની રહ. (મૃ : ૪૨૫ હિ.)ના મઝારે ગયા.

પછી હિરાત પહોંચ્યા. અહિંયા આપે એક જ જગ્યાએ પડાવ નાખ્યો નહીં, બલકે વિવિધ જગ્યાઓ ઉપર સમય વિતાવતા હતા. પરંતુ રાત્રીઓનો મોટો ભાગ હઝરત ખ્વાજા અબ્દુલ્લાહ અન્સારી રહ.ના મઝાર ઉપર વિતાવતા હતા. અહિંયા જયારે પણ રાત્રી રોકાણ કરતા અને ઈબાદત ફરમાવતા તો ફજરની નમાઝ ઈશાના વુઝૂથી અદા ફરમાવતા હતા. એક જ સ્થળે રાત્રિ રોકાણના કારણે લોકોએ આપની આસપાસ ભીડ કરવાનું શરૂ કર્યું, જેનાથી કંટાળીને આપ 'સબ્ઝવાર' આવી ગયા. અહિંયાનો સત્તાધીશ યાદગાર મોહમ્મદ શીયાપંથી, બેદીન અને મુલ્હિદ માણસ હતો. હઝરાતે ખુલફાએ ષલાષહ, હઝ. અબૂ બક્ર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન રદી. થી એટલું વેર રાખતો હતો કે તેની પ્રજામાંથી જેનું નામ તેઓ મુજબ હોતું તેને સજા અપાવી મારી નખાવતો હતો. આપે એના જ બગીચામાં મુકામ કર્યો, એક ટાણે આપની એક કરામત નિહાળી એ આપનો અકીદતમંદ બની ગયો અને આપના હાથે તેને હિદાયત મળી અને પછી આપ રહ.ની સોહબત અને તરબિયત – તવજ્જોહથી ખુદા રસીદહ વલી બની ગયો.

અહીયાંથી આપ 'હિસાર' થઈ 'બલ્ખ' પહોંચ્યા. (હિસાર શાદમાન સબ્ઝવાર અને બલ્ખ વચ્ચે એક મુકામનું નામ છે.) ત્યાંના આપના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુકામ દરમિયાન હકીમ ઝિયાઉદ્દીને આપના હાથો ઉપર તોબા કરી. તેઓ અત્યાર સુધી તસવ્વુફ અને રૂહાનીયતનો ઈન્કાર કરતા હતા. ફક્ત ફિલોસોફી અને તાર્કિક વિદ્યાઓને જ સાચું ઈલ્મ સમજતા હતા.

*ભારતીય ઉપખંડમાં આપની પધરામણી :*

ત્યાંથી આપ રહ. 'ગઝની' થઈ 'લાહોર' પહોંચ્યા. તે સમયે ભારતની દીની અને અખ્લાકી હાલત ઘણી જ કફોડી હતી. લોકો સર્જનહારને ભુલીને સર્જનની પૂજાની સાથે મુર્તિ પૂજામાં પણ ખૂંપી ગયા હતા, દરેક વસ્તુને ખુદા સમજતા હતા, જંગલનું દરેક ઝાડ, ઝમીનનું દરેક ઝેરી જાનવર, પહાડનો દરેક કાળો પથ્થર, ચંદ્ર, સુર્ય, તારલાઓ, અગ્નિ, પાણી, આ તમામ તેઓના ખુદા હતા, કોઈકને દેવી તો કોઈકને દેવતા સમજતા હતા. કોઈકને ખુદા અને કોઈકને ખુદાનું સ્વરૂપ સમજતા હતા, ભારતની આ દશા જોઈને આપે સફરનો વિચાર પડતો મુકી અહિંયા જ ઠરીઠામ થવાનું નકકી કર્યું, લાહોરમાં શેખ મખદૂમ અલી હુજવીરી રહ.ના મઝાર ઉપર એક મુદત સુધી મુરાકબહમાં જ મગ્ન રહયા.

*અજમેરમાં પડાવ :*

ત્યાંથી રવાના થઈ દિલ્હી પહોંચ્યા, અને દિલ્હીથી અજમેર પ્રતિ સિધાવી ત્યાં જ પડાવ નાંખ્યો, અજમેર તે સમયે ચૌહાણ વંશના રાજપુતોનું પાટનગર હતું અને સત્તાનું સુકાન પૃથ્વીરાજ ચૌહાણ (ઈ.સ. ૧૧૭૫ થી ૧૧૯૨)ના હાથમાં હતું, અહિંયા આવીને આપ રહ.એ લોકોને ઈસ્લામની દાવત આપવાનું શરુ ફરમાવ્યું.

આ બાબતે આપ રહ.એ ઘણાં જ દુઃખો વેઠવા પડયા પરંતુ આપ અહિંયાથી હટયા નહીં. આ ઈલાકો કુફ્ર અને શિર્કના કેન્દ્ર સમો હતો, તવહીદનું નામો નિશાન ન હતું. માટે અહીંયા રહીને ઈસ્લામના સંદેશથી લોકોને વાકેફ કરવાને આપ રહ. વધારે જરૂરી સમજતા હતા.

આપના અજમેરની પધરામણીની તારીખ બાબત ઈતિહાસકારોમાં ભતભેદ છે. પરંતુ સનદી રિવાયતો મુજબ માહે મુહર્રમ સન હિજરી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૫૬૧માં આપ અજમેરમાં આવ્યા. હઝરત ખ્વાજા સાહબ (રહ.)ના સમયમાં અજમેર શહેર ત્યાં ન હતું જયાં અત્યારે છે, બલકે તારાગઢની નીચે હતું, આજે પણ જૂના શહેરના અવશેષો મવજૂદ છે. અહિંયા જયારે આપ પધાર્યા તો એ જૂના શહેરની બહાર મેદાનમાં પડાવ નાંખ્યો.

***હઝરત ખ્વાજા (રહ.)ની કરામતો અને લોકોનો ઈસ્લામ સ્વીકાર.***

આપે જયાં ઉતારો નાખ્યો તે જગ્યાએ રાજાના ઊંટો બેસતા હતા. જયારે ચાકરોએ આપને અને સાથીઓને જોયા તો કહેવા લાગ્યા 'અહિંયાથી ઉઠી જાઓ, અહિંયા તો રાજાના ઊંટો બેસે છે'. હઝરત ખ્વાજા સાહેબ (રહ.)એ કહયું કે વાંધો નથી, મેદાન મોટું છે. ઊંટો પણ આવીને બેસશે. અમને પણ આરામ કરવા દયો, તેઓ ક્રોધે ભરાયને કડકાયથી વર્તયા. તેના પર હઝરત ખ્વાજા (રહ.)એ ફરમાવ્યું : 'અમે તો અહિંયાથી જઈ રહયા છીએ, પરંતુ રાજાના ઊંટ અહિંયા બેસેલાં જ રહેશે'. સાંજે રાજાના ઊંટ આવીને નિયમ મુજબ ત્યાં બેસી ગયા. સવારે જયારે ચાકરોએ ઊંટોને ઉઠાડયા તો એક પણ ઊંટ ઉઠી ન શકયું, દરેક યુકિત અજમાવી જોઈ, પરંતુ નિરાશા જ સાંપડી. છેવટે સમજી ગયા કે દુરવેશો સાથે કરેલ વર્તનનું પરિણામ છે.

બધાએ મળી નકકી કર્યું કે રાજાને બધી હકીકતથી વાકેફ કરવામાં આવે. રાજાને જયારે જાણ કરવામાં આવી તો તેણે કહયું કે જેની બદદુઆથી આ ઊંટ બેસી ગયા છે, તેની જ દુઆથી તેઓ ઉઠશે. જાઓ દુરવેશોથી ક્ષમાયાચના કરો. બધા જ ચાકરોએ ખ્વાજા (રહ.)ની સેવામાં હાજર થઈને માફી માંગી. આપ રહ.એ હેતપૂર્વક ફરમાવ્યું : 'જાઓ જેના હુકમથી બેસી ગયા છે તેના જ હુકમથી ઉઠશે'. પછી આવીને ચાકરોએ જોયું તો બધા જ ઊંટો ઉભા થઈ ગયા હતા. આપની આ કરામત નિહાળી મુશ્રિકો ભયભીત થયા અને તેઓએ ભેગા મળીને સલાહ મશ્વેરો કર્યો કે આ ઝબરદસ્ત શકિતનો પ્રતિકાર કરવો જરૂરી છે. અગર આ દુરવેશોએ અહિંયા પગદંડો જમાવી લીધો તો એમને અહિંયાથી હટાવવું અશકય થઈ જશે. પરંતુ જેમ જેમ પુજારીઓ કે જાદૂગરો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તરફથી આપને હટાવવાના ઉપાયો થતા રહયા તેમ આપની કરામતો જાહેર થતી ગઈ અને લોકોના ટોળેટોળાં આપની આસપાસ જમા થવા લાગ્યા.

આ દરમિયાન પુજારીઓનો સરદાર શાદીદેવ પણ આપની કરામતો જોઈ ઈસ્લામ લઈ આવ્યો. આ બધું જોઈને રાજાના ક્રોધનો પાર ન રહયો, એણે આપના મુકાબલા માટે જયપાલ નામી પ્રખ્યાત જાદૂગરને બોલાવ્યો, પરંતુ તેની એક પણ તદબીર કારગર નીવડી નહીં, અને છેવટે એણે પણ આપના સમક્ષ હાર સ્વીકારીને ઈસ્લામ કબૂલ કર્યો, આપે તેના ઉપર હેત ફરમાવી પોતાના વર્તુળમાં શામેલ કર્યો. ઈસ્લામ સ્વીકાર પછી આપે તેનું નામ અબ્દુલ ખિઝર બિયાબાની રાખ્યું. હવે લોકોના ટોળેટોળાં ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા.

ત્યાર પછી કાયમી રહેઠાણ માટે શાદીદેવની માલિકીની એક જગ્યા પસંદ કરવામાં આવી. (જયાં અત્યારે દરગાહ આવેલી છે) અને આપ પોતાના ખુદ્દામ સહિત ત્યાં રહેવા લાગ્યા અને લોકસેવામાં મશ્ગૂલ થઈ ગયા. ગરીબોની મદદ અને સહાય તરફ આપ રહ. વિશેષ ધ્યાન આપતા હતા. પરિણામે લોકો આપ રહ.ના અખ્લાકથી પ્રભાવિત થઈને મુસલમાન થઈ જતા હતા.

***રાજાને ઈસ્લામનું આમંત્રણ***

એ જ અરસામાં હઝરત ખ્વાજા (રહ.)એ રાજાને પણ ઈસ્લામની દઅવત આપી. રાજાએ આ આમંત્રણ સ્વીકારવાને બદલે ક્રોધિત થઈને ખુલ્લા દરબારમાં આપને અપમાનિત કર્યા. તેની આ ગુસ્તાખી ભરી વર્તણુક જોઈને આપે જોશમાં ફરમાવ્યું : 'અમે એને જીવતો ગિરિફતાર કરીને ઈસ્લામી બાદશાહના હવાલે કર્યો'. હકીકતમાં આપનું આ વાકય એક ભવિષ્યવાણી હતી.

એક વરસ પહેલાં જ સુલ્તાન શહાબુદીન ગોરી આ રાજાના હાથે નામોશી ભરી હાર લઈને ગયો હતો, તે હવે એક લાખ વીસ હજારનું લશ્કર લઈને ફરી હિન્દુસ્તાન પર ચઢી આવ્યો. રાજાએ પણ મુકાબલાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તૈયારીઓ કરી રાખી હતી, દોઢસો હિંદુ રાજાઓનું તેને પીઠબળ હતું, લશ્કરની સંખ્યા ત્રણ લાખથી વધુ હતી, તલવંડીના મેદાનમાં બંને સેનાઓ વચ્ચે ઘમસાણનું યુદ્ધ ખેલાયું, રાજાની ફોજ પરાસ્ત થઈ ભાગવા માંડી અને છેવટે રાજા પણ જીવ બચાવી નાઠો, પરંતુ ગંગાથી આગળ જાય તે પહેલાં જ કોઈકે કેદ કરીને સુલતાન શહાબુદ્દીનના હાથમાં સોંપી દીધો. ઐતિહાસિક રીતે જોઈએ તો આ યુદ્ધ થકી જ ભારતનું ભવિષ્ય ગોરીઓના હક આવ્યું. એટલે ગોરી સલતનત પણ ખરેખર હઝરત ખ્વાજા (રહ.)ની દુઆઓનું પરિણામ કહેવાય. યાદ રહે કે ભારતના ઈતિહાસમાં મહત્વનો ગણાતો 'મુસ્લિમ યુગ' અથવા 'સલતનતે દિલ્હી'નો આરંભ આ શહાબુદ્દીનના આક્રમણથી જ શરૂ થાય છે.

***ભારતમાં મુસ્લિમ શાસન***

જીત પછી સુલતાન દિલ્હીની ગાદીએ બેઠો, ચાર – પાંચ વર્ષ સત્તાની લગામ સંભાળ્યા પછી 'કુત્બુદ્દીન અયબક'ને પોતાનો નાયબ અને પૂરા દેશનો હાકેમ નીમીને પોતાના વતન પરત થવા અગાઉ સુલ્તાન અજમેર આવ્યો.

અહિંયા આવીને પૃથ્વીરાજના બેટાને પોતાનો ખંડણિયો બનાવીને બાપની ગાદીએ બેસાડયો અને સય્યિદ હસન મશ્હદીને શહેરના રેઝીડેન્ટ નીમ્યા. તેઓ ઘણા પરહેઝગાર અને પાકબાઝ હતા. હઝરત ખ્વાજા (રહ.)થી ખુસૂસી અકીદત રાખતા હતા. તેમણે હઝ. ખ્વાજા (રહ.)ના તબ્લીગી કાર્યમાં ખૂબ સહકાર આપ્યો. હવે સ્થિતિ એ હતી કે સેંકડો માણસો રોજ ઈસ્લામ સ્વીકારવા લાગ્યા અને આ જમીન જે એક સમયે કુફ્રનું કેન્દ્ર હતી, તે ઈસ્લામનું મરકઝ બની ગઈ.

***હઝરત ખ્વાજા (રહ.) અને દિલ્હી :***

હઝરત ખ્વાજા (રહ.)ની હયાતીમાં જ ભારતનું રાજકીય કેન્દ્ર અજમેરની જગ્યાએ દિલ્હી બની ગયું, સત્તા અજમેરથી દિલ્હી પ્રતિ ચાલી ગઈ અને અજમેરે પોતાનુ રાજકીય મહત્વ ખોઈ નાખ્યું. હઝરત ખ્વાજા (રહ.)એ પોતાના મહાન ખલીફા અને જાનશીન હઝરત કુત્બુદ્દીન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બખ્તિયાર કાકી (રહ.)ને દિલ્હીમાં બેસાડયા અને પોતે અજમેરમાં જ રહયા અને અહિંયા જ રહીને તબ્લીગ, ઈરશાદ અને તા'લીમ તથા તરબિયતમાં પોતાનું બાકી જીવન વિતાવ્યું.

અબુલ ફઝલ 'આઈને અકબરી' માં લખે છે :

> અજમેરમાં એકાંતવાસો કરી ઈસ્લામનો ચિરાગ ખૂબ રોશન કર્યો. આપની બરકતથી લોકોના ટોળેટોળાંએ ઈસ્લામની દોલત પ્રાપ્ત કરી'.

***<u>અજમેરથી દિલ્હી પધરામણી :</u>***

હઝરત ખ્વાજા રહ. બે વાર અજમેરથી દિલ્હી તશરીફ લાવ્યા હતા. એકવાર હઝરત કુત્બુદીન રહ.ને મળવા અને બીજીવાર એક જાગીર માટે ફરમાન લેવા માટે.

આ બીજીવારની પધરામણી કોની જાગીર કે ખેતરના ફરમાન માટે હતી, એ વિશે બે કિસ્સાઓ લખવામાં આવે છે. કોઈ ગરીબ મુસલમાન ખેડૂતની ખેતી સ્થાનિક હાકેમે જબ્તી કરી લીધી હતી અને શાહી ફરમાન વગર પાછી આપતો ન હતો, એટલે આ ગરીબ માટે શાહી ફરમાન લેવા આપ રહ. દિલ્હી પહોંચ્યા. બાદશાહે અરજ કરી કે કોઈ ખાદિમ દ્વારા કહેવડાવી દીધું હોત તો પણ આપના આદેશ મુજબ અમલ કરવો અમારી સઆદત હતી. તો આપ રહ.એ ફરમાવ્યું કે, ઈન્સાની હમદર્દી, મઝલૂમોની મદદ અને દુખીયાઓની ખબર પૂછવી પણ ઈબાદત છે. હું એનાથી શા માટે મહરૂમ રહું ?

અમુક કિતાબો જેમ કે મિરાતુલ અસરાર વગેરેમાં લખવામાં આવ્યું છે, આપ રહ. પોતાન કોઈ દિકરાની જાગીરમાં લગાન વધારે હોવાથી દિકરાના કહેવાથી ફરમાનમાં સુધારો કરાવવા દિલ્હી આવ્યા હતા.

મુઈનુલ અરવાહમાં છે કે શકય છે કે ખેડૂતની જરૂરતે દિલ્હી આવવા નીકળ્યા હોય અને આપના સાહબઝાદાએ પણ પોતાની જરૂરત જણાવીને એ બાબતે પણ શાહી ફરમાન લાવવાની દરખાસ્ત કરી હોય. (પેજ : ૫૮)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પોતાની જરૂરત કે કોઈ બીજાની જરૂરત પૂરી કરવા પોતે જ બાદશાહ કે અમીર પાસે જવામાં કોઈ નાનપણ કે શરમ ન હોવી જોઈએ. એ આ કિસ્સાથી પૂરવાર થાય છે. મિરાતુલ અસરારમાંથી આ બાબતે વિગતવાર ચર્ચા હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.ના અહેવાલમાં અમે નકલ કરી છે.

*હઝરત ખ્વાજાના નિકાહ અને અવલાદ :*

આપના જીવનનો મોટો ભાગ નિકાહ વગર જ વીત્યો છે. વફાતના થોડાક વર્ષો પહેલાં જ નિકાહ કર્યા હતા. આ નિકાહ કરવાનું કારણ પણ કોઈ વ્યકિતગત ઈચ્છા ન હતી. બલકે અજમેરના ગવર્નર સય્યિદ હસન મશહદીના કાકા સય્યિદ વજીહુદ્દીન મશહદીની એક સાહબઝાદી હતી, જે ખૂબ જ નેક સીરત હોવાની સાથે પાક દામન તથા સૌંદર્યવાન પણ હતી, સય્યિદ વજીહુદ્દીન કોઈક સાલેહ અને લાયક માણસની શોધમાં હતા. એક રાત્રે તેમણે હઝરત જાફર સાદિક (રહ.)ને સ્વપ્નમાં જોયા. તેમણે આપને કહયું કે હુઝૂર (સલ.)નો આદેશ છે કે પોતાની સાહબઝાદી હઝરત ખ્વાજાના નિકાહમાં આપો. જયારે આપ જાગ્યા તો હઝરત ખ્વાજાની સેવામાં હાજર થઈ પોતાનુ સ્વપ્ન બયાન કર્યું, હઝરત ખ્વાજાએ ફરમાવ્યું : હું મોટી ઉમરે પહોંચી ગયો છું, પરંતુ હુઝૂર (સલ.)ના આદેશના પાલન કરવામાં અને આપ (સલ.)ની સુન્નત પર અમલ કરવામાં મને વાંધો નથી.

એટલે પછી આપે હિજરી સન ૫૮૯માં નિકાહ કર્યા અને આ ઉમ્રમાં પણ આપને ત્યાં અવલાદ થઈ. આપની આ અહલિયહનું નામ ઈસ્મતુલ્લાહ બીબી હતું. તેમનાથી હઝ. ખ્વાજા (રહ.)ને ત્રણ સાહબઝાદા થયા.

(૧) ખ્વાજા ફખરૂદ્દીન.

(૨) ખ્વાજા અબૂ સઈદ.

(૩) ખ્વાજા હુસામુદ્દીન.

થોડીક મુદત પછી હિ. ૬૧૫માં ટપલી કિલ્લાના હાકેમે એક હિન્દુ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રાજાની નવ મુસ્લિમ સાહબઝાદી સાથે હઝરત ખ્વાજાના નિકાહ કરાવ્યા. આપની આ અહલિયાનું નામ અમતુલ્લાહ બીબી હતું. તેમનાથી હઝરત ખ્વાજા (રહ.)ને બે સાહબઝાદહ અને એક સાહબઝાદી પેદા થયાં. બન્નેવ સાહબઝાદા તો બાળવયમાં જ મૃત્યુ પામ્યા, સાહબઝાદી બીબી હાફેઝહ જમાલ (રહ.) પરહેઝગાર અને મહાન વલિય્યહ હતાં. એમનો મઝાર હઝરત ખ્વાજા (રહ.)ની નજીક જ એક હુજરામાં છે.

***હઝરત ખ્વાજા (રહ.)ની વફાત :***

અડધી સદીથી પણ વધારે સમય ઈસ્લામના પ્રચાર, લોકોની રાહબરી, અલ્લાહ તઆલાના બંદાઓની તા'લીમ અને તરબિયત, ઈસ્લામ પ્રચારકોના ઘડતર અને યાદે ઈલાહીમાં મસ્ત રહીને માહે રજબની છટ્ટી તારીખે સન હિજરી ૬૨૭ હિ. માં નેવું વરસની વયે આપ વફાત પામ્યા.

આપની વફાતના સાલ બાબત મતભેદ છે, હિજરી સન ૬૩૨ અને ૬૩૩ ના કથનો પણ છે. એ મુજબ ઉમર ૯૭ વરસની પણ વર્ણવવામાં આવી છે.

હઝરત શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. અખ્બારુલ અખ્યારમાં લખે છે કે, મશ્હૂર છે કે વફાત પછી આપના કપાળે આ લખાણ જોવા મળ્યું :

حبیب الله مات فی حب الله

અલ્લાહ તઆલાનો દોસ્ત અલ્લાહની મુહબ્બતમાં જ મર્યો છે.

'સિયરૂલ અવલિયા'ના કર્તા અમીર ખુર્દ સય્યિદ મુહમ્મદ મુબારક અલવી કિરમાની રહ. (મૃ : ૭૭૦) ફરમાવે છે : આ દેશમાં જે કોઈને પણ ઈસ્લામની દોલત પ્રાપ્ત થઈ અને કિયામત સુધી જે પણ આ દોલત મેળવી ભાગ્યશાળી બનશે, માત્ર તે પોતે જ નહીં, બલકે તેની અવલાદ અને અવલાદની અવલાદ, પેઢી દર પેઢી બધા જ આપના નામએ આ'માલમાં ગણાશે અને એમાં કિયામત સુધી જે કંઈ વૃદ્ધિ થતી રહેશે અને ઈસ્લામનું વર્તુળ ફેલાતું રહેશે, કિયામત સુધી એનો સવાબ શયખુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈસ્લામ મુઈનુદ્દીન હસન સજઝી (રહ.)ની રૂહને પહોંચતો રહેશે.

*(સિયરૂલ અવલિયા, ફારસી : પેજ : ૪૭)*

*હઝરત ખ્વાજા (રહ.)નુ મદફન :*

આપના મોટા સાહબઝાદા સય્યિદ ફખ્રુદ્દીન રહ.(મૃ : ૬૫૩ હિ.)એ આપની જનાઝહની નમાઝ પઢાવી.

વફાત પછી હઝરત ખ્વાજા (રહ.)ને અજમેરમાં જ તે જગ્યાએ દફન કરવામાં આવ્યા જયાં અત્યારે આપનો મઝાર છે. હઝરત ખ્વાજા (રહ.) ની દરગાહનું વર્તુળ ઘણું જ ફેલાયેલું છે. એમાં કેટલીય પ્રખ્યાત ઈમારતો છે જે પ્રાચીન યુગમાં વિવિધ બાદશાહો, અમીરો, નવાબો, વગેરેએ અકીદત પૂર્વક બનાવી હતી, એમાં ૪ મસ્જિદોનો પણ સમાવેશ થાય છે. 'જામેઅ મસ્જિદ શાહજહાંની' શાહજહાંએ બનાવી હતી. મસ્જિદે સંદલ સુલતાન મહમૂદ ખલ્જીએ બનાવી હતી. મસ્જિદે અવલિયા બિહારના એક અકીદતમંદ શેઠ સાહેબે બનાવી હતી. અકબરી મસ્જિદ અકબર બાદશાહે ૯૭૭ હિ.માં જહાંગીરના જન્મના શુક્ર અદા કરવાની નિય્યતે બનાવી હતી.

મઝારના કેમ્પસમાં જ બેગમી દાલાનમાં ખ્વાજા ઉસ્માન હરવની રહ.ના ખલીફા એટલે કે આપ રહ.ના પીરભાઈ હઝરત ફખ્રુદ્દીન રહ.નો મઝાર છે.

સબ્ઝવારના હાકેમ, જેમણે આપના હાથે તોબા કરી હતી, તે મુહમ્મદ યાદગાર રહ.ની કબ્ર પણ અહિંયા જ છે.

*હઝરત ખ્વાજા (રહ.)ના ખલીફા*

હઝરત ખ્વાજા (રહ.)ના ખલીફાઓની સંખ્યા સાંઈઠથી પણ વધુ છે. જેમાં સૌથી વધુ પ્રખ્યાત અને જેમનાથી આપ રહ.નો સિલસિલો ચાલ્યો એ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી (રહ.) છે. જેઓ પોતાના પીરો મુરશીદના આદેશ મુજબ જીવનભર દિલ્હીમાં રહીને અલ્લાહ તઆલાની મખ્લૂકને સદમાર્ગ બતાવતા રહયા. હઝરત ખ્વાજા (રહ.)ના એક ખલીફા હઝરત શૈખ શમસુદ્દીન ફવકાની રહ. (મૃ : ૬૭૪ હિ.) પણ છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેમનો મઝાર અમદાવાદમાં છે.

*હઝરત ખ્વાજા (રહ.)ની કિતાબો :*

ઈતિહાસ અને આપ રહ.ના જીવન ચરિત્ર બાબતની કિતાબોથી હઝરત ખ્વાજા (રહ.)એ લખેલ કોઈ આગવી કિતાબની માહિતી મળતી નથી. કેટલીક કિતાબો એવી છે જે આપના નામથી મશ્હુર છે અને કહેવાય છે કે તે આપની લખેલી છે, પરંતુ આ બધી કિતાબો હઝરત ખ્વાજા રહ.ની જ છે કે કોઈએ ખોટી રીતે આપનું નામ જોડી દીધું છે એ વિશે ઈતિહાસકારો અને સંશોધકોના વિવિધ મત છે.

જે કિતાબો આપના નામથી મશ્હૂર છે તે નીચે મુજબ છે.

(૧) 'અનીસુલ અરવાહ' : બુઝુર્ગાને દીનનું કહેવું છે કે આ હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની (રહ.)ના મલફુઝાત છે, જે હઝરત ખ્વાજા (રહ.) ના આદેશ મુજબ આપ રહ.એ ભેગા ફરમાવ્યા છે. આગળ હઝ. ગંજશકર રહ.ના અહેવાલમાં આ વિષયે કંઈક વિગતે ચર્ચા કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ.

(૨) 'દીવાને ખ્વાજા મુઈનુદ્દીન' : આ એક ફારસી કાવ્ય સંગ્રહ છે. જેમાં હઝરત ખ્વાજા રહ.ના નામે 'મુઈન' તખલ્લુસ સાથે વિવિધ ગઝલો ભેગી કરવામાં આવી છે. પરંતુ ખરેખર આ ખ્વાજા સાહેબ રહ.ના અશ્આર નથી.

(૩) 'કુન્જુલે અસરાર'(کُنجُلِ اسرار) અથવા 'ગંજુલ અસરાર'. : આ કિતાબ પણ હઝરત ખ્વાજાની લખેલી કહેવાય છે, પરંતુ એની નિસ્બત આપની તરફ સહીહ નથી.

કહે છે કે, એકવાર ખ્વાજા ઉસ્માન હરવની રહ. આપને મળવા હિંદુસ્તાન આવ્યા હતા. અને હિંદુસ્તાનમાં બે – અઢી વરસ રોકાયા હતા. આ દરમિયાન સુલતાન શમ્સુદ્દીન અલતમશ ખ્વાજા હરવની રહ.ને મળવા આવ્યો અને અકીદતપૂર્વક અરજ કરી કે દુનિયા આખિરતની ભલાઈ ખાતર એને નસીહત કરવામાં આવે. એની દરખાસ્તને માન આપીને ખ્વાજા ઉસ્માન રહ.એ ખ્વાજા અજમેરી રહ.ને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હુકમ ફરમાવ્યો કે, સુલતાન શમ્સુદ્દીન અલતમશની રૂહાની તરબિયત અને તાલીમ માટે એક કિતાબ સંપાદન ફરમાવો. આ કિતાબ એ આદેશ મુજબ લખવામાં આવી હતી. મખ્ઝનુલ અન્વાર તરજમએ ગંજુલ અસ્રાર નામી એનો ઉર્દૂ અનુવાદ પણ છે. (વધુ માટે જુઓ : બઝમે મમ્લૂકિયહ : ૬૭/મુઈનુલ અરવાહ : ૫૮–૬૩)

આ સિવાય પણ અમુક અપ્રાપ્ય કિતાબોના નામ લખવામાં આવે છે.

*હઝરત ખ્વાજા (રહ.)ની કાર્ય પદ્ધતિ*

હઝરત ખ્વાજા સાહેબ (રહ.)ના અહેવાલ અને જીવન વૃત્તાંતના સંકલન માટે સનદી માહિતી ઘણી જ ઓછી છે, જેથી આપની કાર્ય પ્રદ્ધતિ બાબત વિગતવાર ચર્ચા કરવી મુશ્કેલ છે, પરંતુ હઝરત ખ્વાજા (રહ.)ના હાલાત ઉપર ગહન વિચાર કર્યા પછી અને આપના સિલસિલાના પ્રથમ હરોળના બુઝુર્ગોના હાલાત તેમજ તેઓની કાર્ય પ્રદ્ધતિ જોતાં જે તારણ નીકળે છે તે રજૂ કરૂં છું.

કાર્ય પ્રદ્ધતિ જાણવા આગાઉ બે વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(૧) હઝરત ખ્વાજા (રહ.) પોતાના જીવનના છેવટના ભાગમાં ભારતીય ઉપખંડમાં પધાર્યા હતા, આપનું બાળપણ કેવી હાલતમાં વીત્યું. તે આપણે આગળ જાણી ચુકયા છીએ, તે દિવસોમાં રાજકીય અસ્થિરતા અને તાતારીઓના હુમલાઓને લઈ જુલ્મ તેમજ બર્બરતાનો આતંક પરાકાષ્ટાએ પહોંચી ચુકયો હતો અને ત્યારનો માનવ પોતાના જ માનવબંધુઓથી જે પ્રેમ અને હેત ઈચ્છતો હતો તે કૈફિયતમાંથી આપ પોતે પસાર થઈ ચુકયા હતા. જેને લઈ આપના દિલમાં માનવતાની ઘેરી લાગણી, ગરીબોની હમદર્દી અને ખુદાની મખ્લૂક સાથે હેત અને પ્રેમ કુટી કુટીને ભરેલાં હતા. આપના વ્યકિતત્વના ઘડતર અને આપના માનસના ચણતરમાં તે દિવસોના સંજોગોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો, અને આપની ભારતીય ઉપખંડમાં પધરામણી થઈ તે યુગમાં અહિંયાના માનવ સમાજમાં ભેદભાવ અને છુત – અછૂતની સ્થિતિ વ્યાપક હતી. દરેક વ્યકિત એક બીજાની સામ સામે આવી ચુકી હતી, અસ્પૃષ્યતાએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાગરિક જીવનના દરેક ઝરણાંઓમાં ઝેર ભેળવી દીધું હતું, જીવનના તમામ સુખો ઉચ્ચ વર્ગો માટે રીઝર્વ હતાં. નીચી જાતો માટે જીવન બોજારૂપ હતું, આ સમગ્ર પરિસ્થિતિએ આપના દિલમાં કંડારાયેલી માનવતાની ઘેરી લાગણી અને ખુદાની મખ્લૂક સાથેના હેત અને પ્રેમ તેમજ ગરીબો પ્રત્યેની હમદર્દીને એવી પ્રબળ બનાવી કે તે ઝરણમાંથી ફુટી રહેલા પાણીની જેમ આપમાંથી વહેવા લાગી. પરિણામે આપની સઘળી સેવા અને મહેનતનું કેન્દ્ર જ જાણે ગરીબો, નિરાધારો અને મઝલૂમોની સેવા બની ગયું. આપ રહ.ના હાથો ઉપર અસંખ્ય લોકો ઈસ્લામ સ્વીકાર કરતા હતા, બધા આપની ખાનકાહમાં ઈસ્લામની તાલીમ પણ મેળવતા હતા, આપના મુરીદો આપની તરબિયત હેઠળ સુલૂક અને તસવ્વુફની કેળવણી પણ હાસિલ કરતા હતા. મુજાહદહ, ઈબાદત અને રિયાઝતનું માર્ગદર્શન પણ આપ રહ. આપતા હતા. પરંતુ સમયના સંજોગો મુજબ આપ રહ.એ ગરીબો અને મઝલૂમોની સેવાને પુરતું મહત્વ આપ્યું. એમની મદદ અને સહાયને પ્રાથમિકતા આપી. જેને લઈ આપનું ઉપનામ જ ''ખ્વાજા ગરીબ નવાઝ' થઈ ગયું.

(૨) આપના યુગમાં તસવ્વુફ – સૂફીવાદના વૈચારિક માળખાનું કામ પુરૂં થઈ ચુકયું હતું, શયખ અબૂ નસ્ર સરોજ, ઈમામ કુશયરી, શયખ અબૂ તાલિબ મક્કી, ઈમામ ગિઝાલી (રહ.) વગેરે સુફીવાદના વિદ્વાનોની કૃતિઓ – કિતાબો અને તેમની ઈલ્મી સિદ્ધિઓ સુફી સંતોના વર્તુળોમાં ચર્ચાનો વિષય હતી. સુફીવાદની ફીલોસોફીને છેવટનું રૂપ અપાય ચુકયું હતું અને સુફીવાદની આ ચળવળ સંગઠનના તબક્કામાં પ્રવેશી ચુકી હતી. સુફીવાદના વૈચારિક માળખાનું કામ જયાં સફળતા પૂર્વક થઈ રહયું હતું એવા તમામ કેન્દ્ર સ્થાનોથી હઝરત ખ્વાજા (રહ.)નો સંબંધ રહી ચુકયો હતો. આપ રહ. શયખ નજમુદ્દીન કુબ્રા (રહ.), શયખ અબ્દુલ કાદિર જીલાની (રહ.), શયખ નજીબુદ્દીન સુહર્વર્દી (રહ.), શયખ યુસૂફ હમદાની (રહ.) શયખ નાસિરૂદ્દીન ઉસ્તુરાબાદી (રહ.) વગેરેની સુહબતમાં પણ રહી ચૂકયા હતા. આ તે મહાન આધાર સ્થંભો છે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેમની આસપાસ સુફીવાદની ચળવળ સંગઠીત થઈ અને જેઓએ ઈસ્લામી વિશ્વના એક એક ખુણાને પ્રભાવિત કર્યો હતો.

એવું લાગે છે કે હઝરત ખ્વાજા (રહ.)એ સુફીવાદના તમામ વૈચારિક માળખા અને સંગઠન – સિદ્ધાંતોની પૂરી જાણકારી મેળવ્યા પછી જ ભારતની ધરતી ઉપર પગ મુકયો હતો. હઝરત ખ્વાજા (રહ.)નો એક ઈરશાદ આપની કાર્ય પ્રદ્ધતિ સમજવા માટે ઘણું કહી જાય છે.

એક દિવસ આપ અજમેરના કિલ્લામાં હતા, ત્યાં એક દુરવેશે આવીને પ્રશ્ન પુછયો કે દુન્યાનો ત્યાગ કરવા શું શું કરવું જોઈએ ? આપે ઉત્તર આપ્યો કે 'હઝરત મુહમ્મદ (સલ.)ની પવિત્ર શરીઅતમાં એ જ હુકમ છે કે અલ્લાહ તઆલાએ જે કાર્યો કરવાનો આદેશ આપ્યો છે તેને કરી બતાવે અને જે બુરાઈઓથી મનાઈ ફરમાવી છે તેનાથી રૂકી જાય. આવા માણસને દુન્યાનો ત્યાગી કહેવામાં આવે તો યોગ્ય છે.' ત્યાર પછી તરીકતમાં દુન્યા ત્યાગનો મતલબ સમજાવવા માટે પોતાના મુરીદ હઝરત શયખ હમીદુદ્દીન (રહ.)ને એક પુસ્તિકા લખવાનો આદેશ આપ્યો. તેઓએ આપના આદશને માથે ચાઢાવી "ઉસૂલુત્તરીકત" નામી એક પુસ્તક લખ્યું.

***સિલસિલએ ચિશ્તિય્યહની કાર્યપદ્ધતિ :***

(૧) સિલસિલએ ચિશ્તિય્યહની સર્વ મહેનતનો આશય માણસના દિલમાં અલ્લાહ તઆલાની મુહબ્બતનું બીજ રોપવું છે. તેઓ કહેતા કે માનવ જીવનની ઉન્નતિ ત્યારે જ શકય છે જયારે તેનામાં પોતાના પાલનહાર સાથે ખરો સંબંધ હોય. જેણે અલ્લાહની ઝાતને તેના ગુણો વડે ઓળખી તેણે દુન્યાની તમામ ભૌતિક શકિતઓથી પોતાને સ્વતંત્ર કરી દીધો. માણસ જેની ઈચ્છા કરે છે એ જીવન, રોઝી, તંદુરસ્તી, ઈઝઝત વગેરે બધી જ વસ્તુઓનો આપનાર માત્ર અલ્લાહ જ છે, જયારે આ માન્યતા અને યકીન માણસના અંતરમાં મજબૂત રીતે દઢ થઈ જાય છે તો અસાધારણ આત્મવિશ્વાસ ઉત્પન્ન થઈ જાય છે. વાસ્તવિક વ્યકિતત્વ ઘડતર અને માનવીનું અસલી જીવન અલ્લાહ તઆલાની મહોબ્બત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વગર શકય નથી.

(૨) ચિશ્તિય્યહ સિલસિલો માનવ બિરાદરીની એકતામાં માને છે. અને પોતાના ઉચ્ચ આધ્યાત્મિક અને સંસ્કારિક મુલ્યોને દરેક માનવ સુધી પહોંચાડવાનું ધ્યેય રાખે. છે. મખ્લૂક અલ્લાહ તઆલાનો પરિવાર છે, એ સુત્ર ઉપર યકીન રાખી ચિશ્તી મશાઈખો માનવ બિરાદરીને પ્રેમના એક જ તાંતણામાં પરોવવાની કોશિશ કરવાને જરૂરી સમજે છે. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી (રહ.) ફરમાવતા હતા કે માણસે સમુદ્ર જેવી સખાવત, સૂરજ જેવું હેત અને પૃથ્વી જેવી તવાઝુઅ (નમ્રતા) પ્રાપ્ત કરવી જોઈએ. સમુદ્ર, સૂરજ અને પૃથ્વીની સખાવતો અને મહેરબાનીઓ પોતાના અને પરાયાનો ફર્ક નથી કરતી અને દરેક વ્યકિત માટે હોય છે.

(૩) ચિશ્તિય્યહ સિલસિલાના મશાઈખે ધર્મની તે ક્રાંતિકારી વિચારધારા રજૂ કરી, જે કુર્આની તા'લીમનો નિચોડ છે. તેઓએ લોકોને સમજાવ્યું કે,

ધર્મ ખરેખર મખ્લૂકની સેવાનું જ બીજું નામ છે.

માનવ સમાજને રાહત પહોંચાડવાની દરેક કોશિશનું નામ ધર્મ છે.

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી (રહ.) ફરમાવ્યા કરતા હતા કે ખરી ઈબાદત એ છે કે,

અશકતોની ફરિયાદ ઉપર ધ્યાન આપવું,

કમઝોર અને બીચારાઓની જરૂરતો પૂરી કરવી,

અને ભુખ્યાઓનું પેટ ભરવું.

(૪) ચિશ્તી મશાઈખનો અકીદો હતો કે માણસને ભલાઈ અને નેકી કરવા ઉપર પ્રોત્સાહિત કરવો, ભલાઈ અને નેકીનો શોખ એમાં ઉભારવો, અને બદી – ગુનાહોની બુરાઈને દિલમાં જમાવીને એનાથી દૂર રહેવા ઉપર તૈયાર કરવો.

માણસમાં સંસ્કારિક અને આધ્યાત્મિક મુલ્યોનું સિંચન કરવું એમની ફરજ જ નહીં, બલકે નબીઓનું કાર્ય છે અને તેને ચાલુ રાખવાની જવાબદારી તેમના ઉપર આવે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૫) ચિશ્તી મશાઈખે વહદતુલ વુજૂદ (અદ્વૈતભાવ)ની વિચારધારાના અમલી પાસાને સ્પષ્ટ કર્યું, આ વિચારધારા જયારે મનાવ સમાજમાં અમલી રૂપ ઈખ્તિયાર કરે છે તો એનું પરિણામ સામાજિક એકતા અને સદભાવનાના રૂપમાં પ્રગટ થાય છે. હઝરત શાહ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી (રહ.)એ એક વેળા શાહઝાદહ દારા શિકોહને લખ્યું હતું કે,

રસૂલે અકરમ (સલ.)ને કુર્આને પાકમાં 'રહમતુલલિલ આલમીન' કહેવામાં આવ્યા છે. જેનો સીધો મતલબ એ છે કે આખું વિશ્વ આપ (સલ.)ની રહમતની છાંવમાં છે. વધુ સ્પષ્ટીકરણ કરતા તેમણે લખ્યું કે 'ફુસૂસુલ હિકમ'માં એનો ખુલાસો એમ કરવામાં આવ્યો છે કે 'માણસ માણસ વચ્ચે કર્ફ કરવો જાઈઝ નથી.' (કિંવા માનતવાની દ્રષ્ટ્રિએ બધા જ માનવો બરાબર છે.)

(૬) ચિશ્તી મશાઈખે એ પણ જરૂરી સમજયું કે રાજા અને રાજકારણથી અલગ રહેવામાં આવે, જેથી દરબારભકિતના અસંતુષ્ટ જીવન અને રાજકારણની હરપળે બદલાતી માંગણીઓ તેમના વિચાર અને વર્તન ઉપર પ્રભાવશાળી ન બની શકે. અને તેઓ પોતાના ઉચ્ચ આધ્યાત્મિક (રૂહાની) અને સંસ્કારિક (અખ્લાકી) ધ્યેયો માટે થતી કોશિશોમાં કોઈ અડચણ ન અનુભવે.

(૭) ચિશ્તી મશાઈખનું કહેવું એમ હતું કે વ્યકિતઅને સમાજની સફળતા – કામ્યાબીનો ભેદ જીવનની જરૂરતોને વધારવામાં નહિં, બલકે એને ઘટાડીને મર્યાદિત કરવામાં છે. કનાઅત અને સબ્રનું જીવન માણસને ખરી ખુશી અને ખરા સુખની ગેરન્ટી આપે છે અને આ બધું ત્યારે જ શકય છે, જયારે માણસ સૃષ્ટિના સર્જનહારની હસ્તીને હરપળે પોતાની નજર સમક્ષ સમજીને જીવનના બધા કાર્યો એવી રીતે બજાવી લાવે જાણે કોઈ ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ માટે અણથક મહેનત કરતો હોય.

***__ઉચ્ચ ગુણો અને વિશેષતાઓ__***

'બઝમે સૂફિયા' નામી કિતાબમાંથી હઝરત ખ્વાજા રહ.ની અમુક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એવી વિશેષતાઓ નકલ કરવામાં આવે છે, જે આપ રહ.ના ઉચ્ચ વ્યકિતત્વમાં બુનિયાદી હેસિયત ધરાવતી હતી અને આપની ઈસ્લામી – ઈસ્લાહી ચળવળમાં રૂહાની અસર અને પ્રભાવનો સબબ હતી.

(૧) મુહબ્બતે રસૂલ : આપ રહ. આખી ઝિંદગી જેમ ઇશ્કે ઈલાહીમાં મગ્ન રહયા એ જ પ્રમાણે મુહબ્બતે રસૂલની લગન પણ આપને લાગેલી રહી. મલ્ફૂઝાતમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું નામ ઘણી જ મુહબ્બત અને અદબથી લેતા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસ વર્ણન ફરમાવીને રડી પડતા હતા. મલ્ફૂઝાતમાં એક જગ્યાએ છે કે, એવા માણસ ઉપર અફસોસ છે, જેણે કયામતના દિવસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે શરમિંદા થવું પડશે. આવા માણસનું સ્થાન કયાં હશે ? તે કયાં જશે ? ખ્વાજા સાહેબ રહ. આ ફરમાવીને પછી હાય, હાય... કરતાં રડી પડયા.

એકવાર વુઝૂ દરમિયાન આપ રહ. આંગળીઓનો ખિલાલ કરવાનું ભૂલી ગયા. ગેબથી અવાજ આવ્યો કે, મુહબ્બતે રસૂલનો દાવો કરો છો અને સુન્નતે રસૂલ છોડો છો ? આપ રહ.એ તુરંત તોબા ફરમાવી.

(૨) મુજાહદહ : રાત્રે ઘણું જ ઓછું સુતા હતા. વધુ પડતા ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢતા હતા. એકવાર દિવસમાં અને એકવાર રાત્રે કુરઆન ખતમ ફરમાવતા હતા. જયારે લાંબી સફરે જતા અને મુજાહદહ કરતા હતા ત્યારે વધુ પડતા કોઈ કબ્રસ્તાનમાં જ મુકામ ફરમાવતા હતા, અને લોકોની આવન જાવન વધી જતી તો પડાવ બદલી નાંખતા હતા.

(૩) સહનશીલતા અને માફી : એકવાર એક માણસ આપને કતલ કરવાના ઈરાદે આવ્યો. આપ રહ.એ એને પાસે આવવા દીધો અને ફરમાવ્યું કે, જે આશયે આવ્યા છો, એ પૂરો કરો. એ માણસ ભોંઠો પડી ગયો અને બોલ્યો કે મને લાલચ આપીને આપની હત્યા કરવાનું કહેવામાં આવ્યું હતું. પછી એણે છરી બગલમાંથી કાઢીને કદમોમાં મૂકી દીધી અને બોલ્યો કે મને સજા આપો. આપ રહ.એ ફરમાવ્યું કે, અમે દુરવેશોની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આદત છે કે કોઈ અમારી સાથે બુરાઈ કરે તો પણ અમે એની સાથે ભલાઈ કરીએ છીએ. એ માણસ પછી આપનો અકીદતમંદ બની ગયો.

સબ્ઝવારના હાકેમ યાદગાર મુહમ્મદનો આવો જ કિસ્સો અગાઉ આવી ગયો છે.

(૪) પાડોશીઓના હકો : પાડોશમાં કોઈનો ઈન્તેકાલ થઈ જતો તો જનાઝહની સાથે જરૂર જતા હતા. દફન કર્યા પછી બધા પાછા આવી જતા તો પોતે એકલા કબ્ર ઉપર બેસીને દુઆઓ પઢતા રહેતા. ખ્વાજા કુત્બુદ્દીન રહ. ફરમાવે છે કે એકવાર હું એક પાડોશીના જનાઝહમાં સાથે હતો. લોકોના પરત ગયા પછી આપ રહ. કબ્ર ઉપર બેસી રહયા. આ દરમિયાન આપના ચહેરાનો રંગ એકદમ બદલાય ગયો અને પછી તુરંત બરાબર થઈ ગયો. ખ્વાજા કુત્બુદ્દીન રહ.એ પાછળથી પૂછયું તો ફરમાવ્યું કે, અઝાબના ફરિશ્તાઓ આવ્યા હતા પણ પછી રહમતે ઈલાહી નાઝિલ થઈ.

(૫) આખિરતનો ડર : આપ રહ. પોતે પણ અઝાબે કબ્રથી ઘણા જ ડરતા હતા. જયારે પણ કબ્રની વાત આવતી તો રડવા માંડતા. આગ જોઈને પણ ઘણા જ ડરતા હતા કે કયાંક આ આગ કયામતના દિવસે આપણી સજા ન બની જાય.

(૬) પોતાના મુરીદો સાથે મુહબ્બત અને શફકતનો વર્તાવ રાખતા હતા. ખાનએ કાબામાં દુઆ ફરમાવી હતી કે, અલ્લાહ તઆલા કયામત સુધી ચિશતીય્યહ સિલસિલાને બાકી રાખે અને આ સિલસિલામાં બયઅત થનાર દરેકની મગફિરત ફરમાવે. આમીન.

*મલ્ફૂઝાત :*

હઝરત ખ્વાજા સાહેબ રહ.ના મલ્ફૂઝાત 'દલીલુલ આરિફીન'ના નામે આપના જાનશીન હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.એ ભેગા ફરમાવ્યા છે. કુલ ૧૨ મજલિસોના આ મલ્ફૂઝાત છે. એમાં વિવિધ દીની મસાઈલ અને અને અન્ય ઈસ્લામી – અખ્લાકી વિષયો બાબતે સુંદર માર્ગદર્શન અને નસીહતો છે. જેમ કે, નમાઝ, વુઝૂ, તહારત, જનાબત,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગુસલ, સદકહ, શરીઅત, હકીકત, તરીકત, મુહબ્બતે ઈલાહી, મઅરિફતે ઈલાહી, અઝાબે કબ્ર, ગુનાહે કબીરહ, અહલે સુલૂકની ઈબાદત, સૂરએ ફાતિહા, સૂરએ યાસીન, વગેરેની ફઝીલત, કરામતો, નેક અને બુરી સોહબત, તોબા, તવક્કુલ વગેરે...

બઝમે સૂફિયામાં છે કે, આ મલ્ફૂઝાતના વાંચનથી સ્પષ્ટ થાય છે કે, રાહે સુલૂકના મુસાફિર માટે જરૂરી છે કે, દરેક પ્રકારના ઉચ્ચ અખ્લાક અને ઉચ્ચ ગુણો અમલી રીતે અપનાવે. કેમ કે, આપ રહ.ના મતે તસવ્વુફ કોઈ વિશેષ વિદ્યા – ઈલમ કે રસમ–રિવાજનું નામ નથી. બલકે મશાઈખ અને બુઝુર્ગોએ અપનાવેલ ઈસ્લામી અને માનવીય રીતે પરિપૂર્ણ કહેવાય એવા સંસ્કારો અને અખ્લાકોના અનુસરણનું નામ છે. હદીસ શરીફમાં تخلقوا بأخلاق الله (અલ્લાહ તઆલા જેવા અખ્લાક અપનાવો) કહીને એનો જ આદેશ આપવામાં આવ્યો છે.

અને ઉપર મુજબ અખ્લાકી કમાલ માટે જરૂરી છે કે, મુરીદ અને સાલિક પોતાના આમાલમાં શરીઅતનો સંપૂર્ણ રીતે પાબંદ હોય. આ પાબંદીની બરકતથી જયારે એના આમાલમાં કોઈ કામ શરીઅત વિરુદ્ધ નહી રહે તો તે બીજા મરતબા ઉપર પહોંચશે, જેને તરીકત કહેવામાં આવે છે. અને એમાં પણ ઈસ્તેકામત સાથે રહેશે તો મઅરિફતનો મરતબો મેળવે છે, પછી એમાં પણ પાર ઉતરે તો હકીકતનો મરબતો એને મળે છે. અને ત્યાર પછી એ જે માંગે છે, તે એને મળે છે. આ જ કારણે ખ્વાજા સાહેબ રહ. શરીઅતના તમામ હુકમો અને અહકામ ઉપર, વિશેષ કરીને નમાઝની પાબંદી કરવાની ખૂબ તાકીદ ફરમાવતા હતા.

આપ રહ.ને કોઈએ પૂછયું કે, મુરીદની તોબા કયારે મોતબર ગણાય ? તો આપ રહ.એ ફરમાવ્યું કે, ફરિશ્તાઓ વીસ વરસ સુધી એનો કોઈ ગુનાહ ન લખે ત્યારે..

શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. અખ્બારુલ અખ્યારમાં ફરમાવે છે કે, આ વાત આગળના અમુક બુઝુર્ગોએ પણ ઈરશાદ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાવી છે. અને એનો મતલબ અુમક સુફિયાએ કિરામ આ દર્શાવે છે કે, મુરીદ માટે જરૂરી છે કે ઈસ્તિગ્ફાર અને તોબાની આદત બનાવી લે, જેથી ગુનાહો લખવામાં ન આવે. એનો મતલબ આ નથી કે, બિલ્કુલ ગુનાહ જ ન થાય. એટલા માટે જ બુઝુર્ગો વસીય્યત ફરમાવે છે કે, રાતે સૂતા પહેલાં ઈસ્તિગ્ફારનો મામૂલ બનાવી લે, જેથી દિવસભરના ગુનાહો જે હજુ સુધી અલ્લાહ તઆલાની રહમતના કારણે લખાયા નથી, તે લખાય જ નહીં. (પેજ : ૬૨)

દલીલુલ આરિફીનની પાંચમી મજલિસમાં છે કે, અહલે સુલૂક માટે પાંચ બીજી વિશેષ ઈબાદતો પણ છે. (૧) વાલિદૈનની ખિદમત. (૨) કુરઆન શરીફની તિલાવત. (૩) ઉલમા, મશાઈખ અને બુઝુર્ગોની તાઝીમ અને સોહબત. (૪) ખાનએ કાબાની ઝિયારત. (૫) પીર અને શેખની ખિદમત.

બઝમે સુફિયામાં છે કે ખ્વાજા સાહેબ રહ.ના મલ્ફૂઝાત બીજી અમુક કિતાબોમાં પણ વર્ણન કરવામાં આવ્યા છે. એમાં છે કે, રાહે સુલૂકના ૧૪ મરતબાઓ છે. (૧, તોબા. (૨, ઈબાદત. (૩, ઝુહદ. (૪, તકદીર ઉપર રાજી રહેવું. (૫, કનાઅત. (૬, મુજાહદહ. (૭, સચ્ચાઈ. (૮, તફક્કુર એટલે કે અલ્લાહ તઆલાની નિશાનીઓ અને ઈનામો બાબત ચિંતન કરવું. (૯, ઈસ્તિરશાદ એટલે હિદાયતના માર્ગે ચાલવા માટે બુઝુર્ગો પાસેથી માર્ગદર્શન મેળવવું. (૧૦, ઈસ્લાહ. (૧૧, ઈખ્લાસ. (૧૨, મઅરિફત. (૧૩, શુક્ર. (૧૪, મુહબ્બત.

આ બધા મરતબાઓ અલગ અલગ પયગંબરો સાથે જોડાયેલા છે. એટલે કે તોબા હઝરત આદમ અલૈ.ની વિશેષતા હતી. ઈબાદત હઝરત ઈદરીસ અલૈ. સાથે, ઝુહદ હઝરત ઈસા અલૈ. સાથે. રઝામંદી હઝરત અય્યૂબ અલૈ. સાથે. કનાઅત હઝરત યાકૂબ અલૈ. સાથે. મુજાહદહ હઝરત યૂનુસ અલૈ. સાથે. સચ્ચાઈ હઝરત યૂસુફ અલૈ. સાથે. તફક્કુર હઝરત શુઐબ અલૈ. સાથે. ઈસ્તિરશાદ હઝરત શીષ અલૈ. સાથે. ઈસ્લાહ હઝરત દાવૂદ અલૈ. સાથે. ઈખ્લાસ હઝરત નૂહ અલૈ. સાથે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મઅરિફત હઝરત ખિઝર અલૈ. સાથે. શુક્ર હઝરત ઈબ્રાહીમ અલૈ. સાથે અને મુહબ્બત હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વિશેષતા વિશેષ છે. (બઝમે સૂફિયા)

અહલે તરીકત માટે સુલૂકના મરાતિબમાં દસ શરતોની પાબંદી જરૂરી છે. ● તલબે હક. ● તલબે મુરશિદે કામિલ. ● અદબ. ● રઝા. ● મુહબ્બત અને ફઝૂલ બાબતો છોડી દેવી. ● તકવા. ● શરીઅત ઉપર ઈસ્તેકામત. ● ઓછું ખાવું અને ઓછું સુવું. ● લોકોથી દૂર રહેવું. ● નમાઝ રોઝાની પાબંદી કરવી.

### આપણા માટે હઝરત ખ્વાજા (રહ.)ના જીવનનો પાઠ

સંજોગો અને વિધિની વિચિત્રતા જુઓ કે હઝરત ખ્વાજા (રહ.)ના 'જીવન ચરિત્ર તેમજ કાર્ય પદ્ધિત' બાબત લેખ તૈયાર કરવા માટે મોહતરમ જનાબ અબ્દુલ કાદિર મીર રહ. તરફથી પત્ર મળ્યો, તેની એક મુદત પછી આ લેખની તૈયારી માટે વિવિધ કિતાબોનું વાંચન શરૂ કરી લેખન કાર્ય પણ આરંભી દીધું. આ દરમિયાન જ આઝાદ ભારતના ઈતિહાસમાં એવા એવા બનાવો બની ગયા જેણે આ દેશમાં મુસ્લિમો તેમજ ઈસ્લામને લાગતી ઘણી બાબતો ઉપર પ્રશ્નાર્થ ચિહન મુકી આપ્યું.

અને આજે જયારે આ લેખને નવેસરથી વધારા – સુધારા સાથે સંપાદન કરવામાં આવી રહયો છે, ત્યારે આઝાદ ભારતમાં મુસ્લિમોની વિશેષ ઓળખ અને અસ્તિત્વને ખતમ કરવાના ઈરાદા વ્યકત કરવામાં આવી રહયા છે. આ બનાવોના આઘાત પ્રત્યાઘાત વાળા વાતાવરણમાં આ લેખ પૂરો કરવાની નોબત આવી ત્યારે દિલમાં બહુ જ જોરદાર રીતે આ ખ્યાલ આવી રહયો છે કે આજથી સાડા સાતસો વર્ષ પહેલાં હઝરત ખ્વાજા (રહ.)એ માનવ માત્રથી પ્રેમ અને હેત તેમજ માનવજાતિની હમદર્દીને બુનિયાદ બનાવીને ધર્મને માનવસેવા સાથે જોડવાની જે કાર્ય પદ્ધતિ અપનાવી હતી, જો આજનો આપણો સંપૂર્ણ મુસ્લિમ સમાજ, બલકે કમ સે કમ એનો એક વર્ગ પણ એ જ કાર્યપદ્ધતિ અપનાવી લે તો જેવી રીતે તે સમયના કુફરસ્તાને આપના ચરણોમાં પડીને ઈસ્લામનું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું, આજે પણ એનું પુનરાવર્તન થઈ શકે છે.

આવો આપણે સંકલ્પ કરીએ કે હઝરત ખ્વાજા (રહ.)ના નકશે કદમ ઉપર ચાલીને આજના કટ્ટરપંથીઓ માટે ઈસ્લામના દ્વાર ઉઘાડીએ.

આજ ભી હો જો બરાહીમ કા ઈમાં પેદા.
આગ કર સકતી હે અંદાઝે ગુલિસ્તાં પેદા.


***સંદર્ભ ગ્રંથો :***

| | |
|---|---|
| તારીખે મશાઈખે ચિશ્ત | હઝ. શેખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત | પ્રો. ખલીક અહમદ નિઝામી રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા. | મુફતી ગુલામ સરવર લાહોરી |
| સિયરુલ અકતાબ. | શેખ અલ્લાહ દિયા રહ. |
| બઝમે સૂફિય્યહ. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| બઝમે મમ્લૂકિયહ. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| મુઈનુલ અરવાહ. | મુહમ્મદ ખાદિમ હસન ઝુબૈરી રહ |
| દલીલુલ આરિફીન. | મલ્ફૂઝાત હઝરત ખ્વાજા અજમેરી રહ. |
| નફહાતુલ ઉન્સ. | મવ. અબ્દુર્રહમાન જામી રહ. |
| અસ્સુન્નતુલ જલિય્યહ. | હઝ. મવ. અશ્રફ અલી થાનવી રહ. |
| તારીખે દઅવત વ અઝીમત. | હઝ. મવ. અલી મીયાં રહ. |
| મિરાતુલ અસરાર. | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| રિયાઝુલ મુરતાઝ | મવ. સિદ્દીક હસન કનોજી |
| અખ્બારુલ અખ્યાર. | હઝ. શેખ અ. હક મુહદ્દિષ રહ. |
| અલફારૂક. | અલ્લામહ શિબ્લી નોમાની રહ. |
| ઈકતેબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદૂસી રહ. |


નોટ : આ લેખ પ્રથમવાર ઉમ્મીદ સાપ્તાહિકમાં તા. ૧૩/૮/૧૯૯૩ મુતાબિક ૧૮/૨/૧૪૧૪ના અંકમાં છપાયો હતો. અને હવે આપણા સિલસિલાના મશાઈખના હાલાત ભેગા કરવાના અનુસંધાને એમાં જરૂરી સુધારા વધારા કર્યા છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૭.

# હઝરત ખ્વાજા
# કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| વતન, જન્મ અને નસબ | ૪૫૨ |
| તઅલીમ | ૪૫૨ |
| રૂહાની તાલીમ | ૪૫૩ |
| શાદી | ૪૫૫ |
| દુનિયાની સેર | ૪૫૬ |
| મુલતાન થઈને દિલ્હી પધરામણી | ૪૫૭ |
| દિલ્હીવાસીઓની આપ રહ. પ્રત્યે અકીદત | ૪૫૮ |
| અજેમરની સફર અને ખ્વાજા અજમેરી રહ.ની વફાત | ૪૬૦ |
| કાકી નામ પડવાનો સબબ | ૪૬૦ |
| ઈસ્તેગ્ના | ૪૬૧ |
| રિયાઝત, મુજાહદહ અને ઈબાદત | ૪૬૨ |
| વફાત | ૪૬૩ |
| જનાઝહની નમાઝ | ૪૬૪ |
| મકબરો | ૪૬૪ |
| કિતાબો | ૪૬૫ |
| કિસ્સાઓ અને કરામતો | ૪૬૫ |
| આપની તાલીમ અને નસીહત | ૪૬૭ |
| આપ રહ.ના ખલીફાઓ : | ૪૬૯ |
| સુલતાન શમ્સુદ્દીન અલતમશ | ૪૬૯ |
| સુલતાનના દરબારમાં હઝરત ખ્વાજાની પધરામણી. | ૪૭૨ |
| સંદર્ભ ગ્રંથો | ૪૭૬ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*વતન, જન્મ અને નસબ*

માવરાઉન્નહ્‌ર પ્રદેશમાં આવેલ 'ઓશ' નામી વસ્તીમાં આપ રહ.નો જન્મ થયો હતો. ઓશ શહેર(Osh) ફરગાનહ વાદી (Fergana Valley)નું એક શહેર છે. ફરગાનહ વાદી આજકાલ ઉઝબેકિસ્તાન, તાજકિસ્તાન અને કીર્ગીસ્તાનની વચ્ચે છે અને ઓશ શહેર કીર્ગીસ્તાનના એક પ્રાંત 'ઓશ'નું પાટનગર પણ છે.

હિજરી સન ૫૮૨ માં આપનો જન્મ થયો. અડધી રાત્રે આપનો જન્મ થયો ત્યારે આખા ઘરમાં એવું અજવાળું ફેલાયું કે આપની વાલિદહને લાગ્યું કે સુર્ય ઉગી આવ્યો અને તેઓ ઘણા જ ગભરાય ગયાં. પછી ધીરે ધીરે નૂર ઓછું થયું ત્યારે આપની વાલિદહને શાંતિ થઈ. (સિયરુલ અકતાબ).

અમુક કિતાબોમાં આપના જન્મની તારીખ ૫૬૯ (૧૧૭૩) અને વફાતની તારીખ ૧૪ રબીઉલ અવ્વલ, ૬૩૨–૬૩૩ હિ./૨૭ નવે. ૧૨૩૫ દર્શાવવામાં આવી છે.

આપનું નસબ હઝરત જઅફર સાદિક રહ.થી થઈને હઝરત અલી રદિ. સુધી પહોંચે છે. સિયરુલ અકતાબમાં આખું નસબનામું વર્ણવવામાં આવ્યું છે. મુળ આપનું નામ બખ્તીયાર રાખવામાં આવ્યું હતું. કુત્બુદ્દીન આપનો લકબ છે, જે નામ કરતાં વધારે મશ્હૂર થયો. (સિયરુલ અકતાબ).

*તાલીમ*

આપ રહ. હજુ દોઢ વરસના હતા, અને આ બાળવયમાં જ આપના વાલિદ સય્યિદ કમાલુદ્દીન અહમદ બિન સય્યિદ મૂસા રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. એટલે આપ રહ. વાલિદહની દેખરેખમાં મોટા થયા. પાંચ વરસના થયા તો વાલિદહને કહયું કે મારે કુરઆન પઢવું છે. વાલિદાએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મીઠાઈ અને તખ્તી મંગાવીને એક પાડોશી સ્ત્રી સાથે મહોલ્લાના હાફેઝ સાહેબ પાસે મોકલ્યા. રસ્તામાં એક બુઝુર્ગ મળ્યા એમણે પૂછયું કે કયાં જાઓ છો ? જવાબ આપ્યો કે તાલીમ માટે જાઉ છું. એ બુઝુર્ગે ફરમાવ્યું કે, મારી સાથે ચાલો. એટલે ખ્વાજા કુત્બુદ્દીન એમની સાથે ચાલવા લાગ્યા. તે બુઝુર્ગ આપ રહ.ને ખ્વાજા અબૂહફસ ઓશી રહ. પાસે લઈ ગયા અને ફરમાવ્યું કે, અહકમુલ હાકેમીનનો હુકમ છે કે આ છોકરાને પૂરતી તકેદારીથી કેળવણી આપો.

ઉસ્તાદે આપને નજીક બોલાવ્યા, મહોબ્બતથી માથા ઉપર હાથ ફેરવ્યો અને ફરમાવ્યું કે, ભારે નસીબદાર છો. તમને મારી પાસે મૂકવા હઝરત ખિઝર અલૈ. પોતે આવ્યા હતા. (ખઝીનતુલ અવલિયા/બઝમે સૂફિયા/ખયરુલ મજાલિસ પેજ : :૧૦૮).

શેખ અબૂ હફસ રહ.ની તરબિયત અને તાલીમ થકી આપ રહ. ઉલૂમમાં ઘણા કાબેલ બની ગયા. ઘણા બધા ઝાહેરી અને બાતેની કમાલાત પણ આપ રહ.એ પ્રાપ્ત ફરમાવ્યા. રિયાઝત અને મુજાહદહની આદત પણ આપ રહ.એ કેળવી લીધી હતી.(બઝમે સૂફિયા) આ દિવસોમાં જ રોજ રાત્રે ૨૫૦ રકાત નફલ પઢવાનો મામૂલ બનાવી લીધો હતો. (બહરે ઝખ્ખાર/મિરઆતુલ અસ્રાર).

***રૂહાની તાલીમ***

પુખ્યવયના થયા તો બાતેની ઉલૂમ તરફ તબિયતનો શોખ વધી ગયો અને ઓશથી નીકળીને બગદાદ પહોંચ્યા. સિયરુલ અવલિયામાં છે કે બગદાદમાં મસ્જિદે અબૂલ્લૈષ સમરકંદીમાં હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ.ના હાથે બયઅત થયા. આ મજલિસમાં શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.,[1] શેખ અવહદુદ્દીન કિરમાની રહ.,શેખ બુરહાનુદ્દીન ચિશ્તી રહ.,શેખ મુહમ્મદ અસ્ફહાની (સફાહાની) જેવા મહાન બુઝુર્ગોની હાજરીમાં આપ રહ. બયઅત થયા. ૧૭ કે ૧૮ કે વીસ વરસની વયે આપ રહ. બયઅત થયા અને વીસ વરસની ઉમરે આપ રહ.ને હઝરત શેખ ખ્વાજા મુઈનુદ્દીન રહ. તરફથી ખિલાફત આપવામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવી. (સિયરુલ અકતાબ/બહરે ઝખ્ખાર/જવાહિરે ફરીદી)

સિયરુલ અકતાબમાં છે કે આપને ખિલાફત આપવામાં આવી ત્યારે હજુ ચહેરા ઉપર દાઢીના વાળ પણ ઉગ્યા ન હતા. આઈને અકબરીમાં લખવા મુજબ આ દિવસોમાં ખ્વાજા મુઈનુદ્દીન રહ. ઓશ શહેરની સફરે હતા અને આપ રહ. એમનાથી બયઅત થયા. (આઈને અકબરી, ફારસી. એશિયાટીક સોસા. કલકત્તા ટાઈપ. ભાગ ૨, : ૨૧૪)

દલીલુલ આરિફીનના અમુક નુસ્ખાઓમાં બયઅત માટે હઝરત ખ્વાજા અજમેરી રહ.ની સેવામાં હાજર થવાનું વરસ ૫૧૨ હિ., અમુક નુસ્ખાઓમાં ૫૧૪ વરસ દર્શાવવામાં આવ્યું છે. સિયરુલ અવલિયામાં ૫૨૨ હિ. લખવામામાં આવ્યું છે. તારીખે મશાઈખે ચિશતમાં ૫૮૪ હિ.નો ઉલ્લેખ છે. પ્રથમ તારીખો (૫૧૨, ૫૧૪, ૫૨૨) તો સ્પષ્ટ રૂપે ખોટી છે. એ દિવસોમાં તો હજુ ખ્વાજા અજમેરી રહ.નો પણ જન્મ ન થયો ન હતો. અલબત્ત ૫૮૪ હિ. વિશે હઝરત શેખ ઝકરિય્યા રહ. ફરમાવે છે કે જો આ તારીખ બરાબર હોય તો પછી હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.નો જન્મ ૫૮૨ ના બદલે એનાથી પહેલાં માનવો જોઈએ. (તારીખે મશાઈખે ચિશ્ત) આ જોતાં જે લોકોએ જન્મનું વરસ ૫૬૯ હિ. દર્શાવ્યું છે એ યોગ્ય લાગે છે. અને આ આધારે હઝરત રહ.ની ઉમર ૫૨ (બાવન) વરસ નહીં બલકે ૬૨ કે ૬૫ થાય છે. આપ રહ.ની વફાત ૬૩૨/ ૬૩૩ હિ. માં થઈ હોવાનું વિશે બધાંએ જ લખ્યું છે. અને મિરઆતુલ અસરારમાં આપની ઉમર ૫૦/૫૨/૬૪ અને ૭૫ વરસ હોવાના વિવિધ કથનો છે. (મિરાતુલ અસરાર, ઉર્દૂ : ૬૯૪)

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ.ના સૌથી પહેલા ખલીફા હોવાનું સદભાગ્ય પણ આપ રહ.ને પ્રાપ્ત છે. આપ પોતાના પીરો મુરશિદની સેવામાં રાહે સુલૂકની તરબિયત મેળવી રહયા હતા એ દરમિયાન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત ખ્વાજા અજમેરી રહ.ને ખ્વાબમાં આદેશ આપ્યો કે કુત્બુદ્દીન ખુદાનો દોસ્ત છે, એને 'ખિરકહ' પહેરાવો. દિલ્હીની વિલાયત પણ આપ રહ.ને અલ્લાહ તઆલાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આદેશ મુજબ જ આપવામાં આવી હતી. (તારીખે મશાઈખે ચિશ્ત. હઝરત શેખ રહ.)

***શાદી***

આપ રહ.એ યુવાન વયે શાદી કર્યા હોવાનું એક કિસ્સાથી માલૂમ પડે છે. અનેક કિતાબોમાં આ કિસ્સાનો ઉલ્લેખ છે. કિસ્સો આ છે કે,

રોજ રાત્રે ત્રણ હઝારવાર દુરૂદ શરીફ પઢવાનો આપનો મામૂલ હતો. નિકાહના શરૂના દિવસોમાં બીવીનો હક સમજીને એની સાથે સમય પસાર કરવામાં આ મામૂલ બે ત્રણ દિવસ માટે છૂટી ગયો. આ દિવસોમાં આપના એક ખાદિમ અનીસ અહમદે ખ્વાબમાં જોયું કે એક સુંદર આલીશાન મહેલ છે. એની બહાર મોટી ભીડ ભેગી થયેલી છે. પરંતુ કોઈ પણ પોતાની રીતે અંદર નથી જતું. એક બુઝુર્ગ અંદર – બહાર આવન જાવન કરે છે. પૂછપરછ કરવાથી અનીસ અહમદને જણાયું કે આ બુઝુર્ગ મશ્હૂર સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદિ. છે. જે બહારવાળાઓના સંદેશા અંદર લઈ જાય છે. અનીસ અહમદે એમના મારફત હાજરીની દરખાસ્ત મોકલાવી તો જવાબ આવ્યો કે, તમારામાં હજુ મુલાકાતની લાયકાત નથી આવી. પરંતુ કુત્બુદ્દીનને સલામ કહેજો અને કહેજો કે ત્રણ દિવસથી તમારો તોહફો પહોંચતો નથી. (તારીખે મશાઈખે ચિશ્ત).

અમુક કિતાબોમાં આગળ છે કે, અનીસ અહમદે સવારે આ ખ્વાબ હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર રહ.ની સેવામાં અરજ કર્યું તો ખ્વાજા કુત્બુદ્દીન રહ. બીવીને મહેર વગેરે આપીને જુદા થઈ ગયા અને ત્યાર પછી એકલું જ જીવન વિતાવ્યું. (સિયરુલ અસ્રાર, મિર્આતુલ અસ્રાર/બઝ્મે સૂફિયા વગેરે)

બઝ્મે સુફિયા, મિરઆતુલ અસરાર, ફવાઈદુલ ફુવાદ, જવાહિરે ફરીદી વગેરેમાં દિલ્હી ખાતે પાછલા જીવનમાં શાદી કરવાનું પણ વર્ણન છે. આ નિકાહથી બે પુત્રો જોડિયા પેદા થયા. એકનું નામ અહમદ અને બીજાનું મુહમ્મદ રાખવામાં આવ્યું. શેખ મુહમ્મદ બાળપણમાં જ સાત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વરસની વયે ઈન્તેકાલ ફરમાવી ગયા. બીજા પુત્ર શેખ અહમદ રહ.નો મઝાર હઝ. ખ્વાજા સાહેબની સાથે જ છે.

***દુનિયાની સૈર***

ત્યાર પછી આપ રહ. દુનિયાની સફરે નીકળી પડયા. આપ રહ.ના મલ્ફૂઝાત 'ફવાઈદુસ્સાલિકીન' નામે આપના ખલીફા હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.એ સંપાદન ફરમાવ્યા છે. એમાં આ સફરની ઘણી વિગત અને કિસ્સાઓ છે. આ લેખના અંતે અમુક કિસ્સાઓ એમાંથી વર્ણવીશું. ઈન્શાઅલ્લાહ..

અમુક તઝકેરા નવેસોના લખવા મુજબ આપ રહ. બગદાદમાં હતા, એ દિવસોમાં આપને જાણ થઈ કે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. ખુરાસાનથી હિંદુસ્તાન જઈ રહયા છે. એટલે પીરો મુરશિદની મુલાકાતના શોખમાં તેઓ પણ હિંદુસ્તાન પ્રતિ રવાના થઈ ગયા. પરંતુ દલીલુલ આરિફીન (ખ્વાજા કુત્બુદ્દીન રહ. દ્વારા સંપાદિત કરવામાં આવેલ ખ્વાજા અજમેરી રહ.ના મલ્ફૂઝાત)ના લખાણોથી માલૂમ પડે છે કે ખ્વાજા કુત્બુદ્દીન રહ. પોતાના પીરો મુરશિદ સાથે જ હિંદુસ્તાન પધાર્યા છે. (બઝમે સૂફિયા)

દલીલુલ આરિફીનમાં બારમી મજલિસના અંતે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ. ફરમાવે છે કે,

જયારે આપ રહ. (હઝરત ખ્વાજા અજમેરી રહ.) આ બધું ફરમાવી ચૂકયા તો આંખોમાં આંસુ આવી ગયા અને પછી ફરમાવ્યું કે, હવે હું એવી જગ્યાના સફરે જઈ રહયો છું જયાં મારે દફન થવાનું છે. પછી બધા હાજરજનોને વિદાય કર્યા અને મને ફરમાવ્યું કે તમે સાથે ચાલો. હું અને બીજા અનેક દરવેશો હઝરત ખ્વાજાના સાથે હતા. બે માસ સફરમાં રહયા. પછી અજમેર પહોંચ્યા. આ દિવસોમાં અજમેર હિંદુઓની વસતી હતી. કોઈ મુસલમાન ન હતું. જયારે આપના કદમ મુબારક અહિંયા પહોંચ્યા તો બેશુમાર લોકો મુસલમાન થયા. (દલીલુલ આરિફીન, બારમી મજલિસ)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*મુલતાન થઈને દિલ્હી પધરામણી*

દિલ્હી આવતાં પહેલાં વચ્ચે તેઓ મુલતાન પહોંચ્યા તો અહિંયા મશ્હૂર બુઝુર્ગ શેખ બહાઉદ્દીન ઝકરિય્યા રહ.એ ઘણી મહેરબાની અને શફકત સહિત મુલાકાત ફરમાવી. એટલે હઝરત કુત્બુદ્દીન રહ. અત્રે થોડા દિવસ રોકાય ગયા. આ દિવસોમાં જ મુગલોએ હિંદુસ્તાન ઉપર આક્રમણ કર્યું. મુલતાનનો હાકેમ નાસિરુદ્દીન કબાચા ખાન[2] હઝરત કુત્બુદ્દીન રહ., શેખ બહાઉદ્દીન ઝકરિય્યા રહ. અને શેખ જલાલુદ્દીન તબરેઝી રહ.ની સેવામાં આવ્યો અને રૂહાની મદદ માંગી. આપ રહ.એ એના માટે દુઆ ફરમાવી અને આપની દુઆ અને કરામતથી મુગલોની હાર થઈ.

મિરઆતુલ અસરાર અને સિયરુલ અકતાબ વગેરેમાં છે કે આપ રહ.એ કબાચા ખાનને એક તીર આપ્યું અને ફરમાવ્યું કે, દુશ્મન તરફ ફેંકજો. એણે આદેશ મુજબ તીર ફેકયું. સવાર સુધીમાં કિલ્લાની આસપાસ કોઈ દુશ્મન મોજૂદ ન હતો.

આપ રહ.ના મશ્હૂર ખલીફા અને સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ. પ્રથમ વાર અહિંયા આપને મળ્યા હતા અને બયઅત થયા હતા.

મુલતાનથી દિલ્હી આવ્યા. દિલ્હીની નજીક પહોંચ્યા તો દિલ્હીના હાકેમ સુલતાન શમ્સુદ્દીન અલતમશે લાવ લશ્કર સાથે આપનું સ્વાગત કર્યું. અને શહેરમાં કોઈ યોગ્ય સ્થળે રોકાણ કરવાની તમન્ના વ્યકત કરી. પરંતુ આપ રહ.એ કીલોખેડીમાં રોકાવાનું પસંદ ફરમાવ્યું. સુલતાન અઠવાડિયામાં બે વાર આપ રહ.ની સેવામાં હાજરી આપતો હતો. એકવાર એણે શહેરથી આટલા દૂર આવવામાં સલતનતના કામકાજમાં ખલેલ પડવાની વાત કરી તો પછી આપ રહ. શહેરમાં આવી ગયા અને મલેક અયનુદ્દીન અથવા અઅઝઝુદ્દીન ( اعز الدين)ની મસ્જિદમાં કયામ ફરમાવ્યો.

સુલતાન અલતમશ આપ રહ.નો ઘણો અકીદતમંદ હતો. શૈખુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈસ્લામ જમાલુદ્દીન બુસ્તામીની વફાત પછી આપ રહ.ની સેવામાં શૈખુલ ઈસ્લામનો સરકારી હોદ્દો સ્વીકારવાની દરખાસ્ત કરી, પણ આપ રહ.એ ઈન્કાર ફરમાવ્યો. એટલે પછી આ હોદ્દા ઉપર શેખ નજમુદ્દીન સુગરા રહ.ને નિયુકત કરવામાં આવ્યા. શેખ નજમુદ્દીન સુગરા રહ. ખ્વાજા ઉસ્માન હારૂની (હરવની) રહ.ના ખલીફા હતા.

***દિલ્હીવાસીઓની આપ રહ. પ્રત્યે અકીદત***

દિલ્હીના રોકાણ દરિમયાન હઝરત કુત્બુદ્દીન રહ.એ ખ્વાજા અજમેરી રહ.ની સેવામાં પત્ર લખીને મુલાકાત અને ખિદમત માટે હાજર થવાની પરવાનગી માંગી. જવાબમાં હઝરત ખ્વાજા અજમેરી રહ.એ લખ્યું કે, તમે દિલ્હીમાં જ રહો.

المرء مع من أحب ، قرب جانی را بعد مکانی مانع نیست

(આદમી જેની સાથે મહોબ્બત રાખતો હોય એની સાથે જ સમજવામાં આવે છે. દિલથી નજીક માણસ, દૂરના સ્થળે રહેતો હોય તો પણ બન્ને વચ્ચે કોઈ આડ – અવરોધ નથી હોતો.)

એના થોડા દિવસ પછી હઝરત ખ્વાજા અજમેરી રહ. પોતે દિલ્હી આવવા રવાના થયા. દિલ્હી પહોંચ્યા તો દિલ્હીના બધા જ લોકો, અવામ અને ખવાસ, મશાઈખ અને બુઝુર્ગો આપ રહ.ને મળવા આવ્યા. અલબત્ત શૈખુલ ઈસ્લામનો સરકારી હોદ્દો ધરાવનાર હઝરત શેખ નજમુદ્દીન સુગરા રહ. મળવા આવ્યા નહીં. ખ્વાજા નજમુદ્દીન સુગરા અને ખ્વાજા અજમેરી રહ. વચ્ચે હિંદુસ્તાન પધારવા પૂર્વેથી મહોબ્બતનો સંબંધ હતો. એટલે હઝરત ખ્વાજા અજમેરી રહ. પોતે એમને મળવા ગયા અને પૂછયું કે, તમને શું થયું છે ? કેમ નારાજ છો ? એમણે જણાવ્યું કે, તમારા મુરીદ પ્રતિ લોકોની મહોબ્બત અને અકીદતના કારણે મારા હોદ્દા અને સન્માનનો કોઈ ખ્યાલ પણ નથી કરતું. આપ રહ.એ એમને જણાવ્યું કે, હું એમને મારી સાથે લઈ જાઉં છું. અને પછી હઝરત કુત્બુદ્દીન રહ.ને પોતાની સાથે અજમેર આવવાનો આદેશ ફરમાવ્યો.

દિલ્હીના લોકોને હઝરત કુત્બુદ્દીન રહ.ની રવાનગીની ખબર પડી તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાહાકાર મચી ગયો. લોકો રડવા લાગ્યા અને જયાં આપનો કદમ પડતો, એ માટી બરકત સમજીને ઉઠાવી લેતા. હઝરત ખ્વાજા અજમેરી રહ.એ આ સ્થિતિ જોયી તો ખ્વાજા કુત્બુદ્દીન રહ.ને દિલ્હીમાં જ રહેવાનો આદેશ ફરમાવ્યો. એટલે પછી આપ રહ. વફાત સુધી દિલ્હીમાં જ રહયા.

મિરઆતુલ અસરારમાં સિયરુલ આરિફીનના હવાલાથી લખ્યું છે કે સુલતાન અલતમશ લોકોની રાહત માટે એક મોટો હોજ બનાવવાનું વિચારતો હતો. એ દરમિયાન એક રાત્રે એણે ખ્વાબ જોયું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક જગ્યાએ ઘોડા ઉપર સવાર છે અને ફરમાવી રહયા છે કે તારે હોજ બનાવવો હોય તો મારા કદમો પાસે બનાવ. સુલતાન સવારે ઉઠયો તો ખ્વાબ યાદ હતું પણ જગ્યા ભૂલી ગયો હતો. ઘણો પરેશાન થયો અને હઝરત કુત્બુદ્દીન રહ.ની સેવામાં ખાદિમને હાજરીની પરવાનગી લેવા મોકલ્યો. આપ રહ.એ ખાદિમને કહી દીધું કે, હું જાણું છું કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સુલતાનને હોજ બનાવવાનો હુકમ ફરમાવ્યો છે. હું હોજના સ્થળે જ જઈ રહયો છું. સુલતાનને કહી દો કે ત્યાં આવી પહોંચે. આમ સુલતાન એ જગ્યા ઉપર પહોંચી ગયો. અહિંયા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘોડાના નિશાન પણ હતા. હોજ બનાવવામાં આવ્યો અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘોડાના નિશાન વાળી જગ્યાએ ગુંબદ બનાવવામાં આવ્યો.

બઝમે મમ્લૂકિયહમાં બીજી અનેક કિતાબોના હવાલાથી લખ્યું છે કે સુલતાન હોજ માટે જગ્યા જોઈને આવ્યા પછી રાત્રે નમાઝ પઢીને મુસલ્લા ઉપર જ સૂઈ ગયા. ખ્વાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોયા કે એ જ હોજ વાળી જગ્યાએ મોજૂદ છે. સુલતાન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘોડાના કદમોમાં પડી ગયો અને ઉઠયા તો ત્યાં પાણી નીકળતું હતું. પછી વહેલી સવારે ખ્વાજા કુત્બુદ્દીન રહ.ને લઈને સુલતાન એ સ્થળે પહોંચ્યો તો સાચે જ ત્યાં પાણી નીકળી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહયું હતું.

***અજેમરની સફર અને હઝરત ખ્વાજા અજમેરી રહ.ની વફાત***

દલીલુલ આરિફીનના લખાણથી માલૂમ પડે છે કે હઝરત ખ્વાજા અજમેરી રહ.ની વફાત પહેલાં એકવાર ખ્વાજા કુત્બુદીન રહ. દિલ્હીથી અજમેર ગયા હતા. જયાં આપ રહ.ને ખ્વાજા અજમેરી રહ. તરફથી સિલસિલાના બુઝુર્ગોની વિરાસત, ટોપી, લાઠી, મુસલ્લો, વગેરે અમાનતો અર્પણ ફરમાવી અને ફરમાવ્યું કે, આપણા ખ્વાજગાને ચિશ્તની અમાનતો તમને સોંપી છે. બુઝુર્ગોની પરંપરા મુજબ એનો હક અદા કરજો, જેથી કયામતના દિવસે મારે શરમિંદા ન થવું પડે. દિલ્હી પરત આવવાના ૪૦ દિવસ પછી કાસદ આવ્યો અને ખબર આપી કે તમારા જવાના ૨૦ દિવસ પછી હઝરત ખ્વાજા અજમેરી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા.

***કાકી નામ પડવાનો સબબ***

ખ્વાજા કુત્બુદીન રહ. પ્રતિ બાદશાહ શમ્સુદીન અલતમશ ઘણો જ અકીદતમંદ હતો. બાદશાહની અકીદતના પ્રતાપે દરબારના વઝીરો અને અન્ય મોભાદાર માણસો પણ આપની સેવામાં અકીદતપૂર્વક હાજરી આપતા હતા. એમના તરફથી મોટી નિયાઝો, નજરો, ભેટસોગાદો અને એક કે અનેક ગામોની જાગીરો આપને પેશ કરવામાં આવતી હતી. પણ આપ રહ.ને એ બધામાં કોઈ દિલચસ્પી ન હતી. અલ્લાહ ઉપર ભરોસો રાખતા હતા. જે નિયાઝ કે નજર હોતી એ ખાનકાહના લંગરખાનામાં આપી દેતા હતા. પોતાના ઘરનો માહોલ ફક્ર – ફાકાનો જ હતો. ઘણા દિવસો સુધી ઘરમાં કંઈ ખાવાનું ન બનતું તો આપના અહલિયહ પાડોશમાં રહેતા સબ્જી વાળા પાસેથી એક ટકો કરજ લઈ આવતાં અને ખાવા – પીવાની વ્યવસ્થા કરતાં. પછી જયારેકોઈ વ્યવસ્થા થતી તો એનું કરજ ચૂકવી દેતાં. એક વાર સબ્જીવાળાની બીવીએ આપના અહલિયહને ટોણો મારીને કહયું કે, અમે તમને કરજ ન આપીએ તો તમે બધા ભુખ્યા મરી જાઓ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વાજા કુત્બુદ્દીન સાહેબ રહ.ને આ બાબતની જાણ થઈ તો અહલિયહને કરજ લેવાની મનાઈ ફરમાવી દીધી અને ફરમાવ્યું કે બિસ્મિલ્લાહ પઢીને ઘરના ફલાણા ગોખલામાંથી જરૂરત મુજબ 'કાક' (રોટી) કાઢી લેવી અને બાળકોને ખવડાવશો. ત્યાર પછીથી આમ જ થતું. પરિણામે આપનું નામ કાકી પડી ગયું.

સિયરુલ અકતાબમાં જરા ફેરફાર સાથે આ કિસ્સો આ મુજબ છે કે, આપ રહ. પહેલાં જરૂરત મુજબ કરજ લેતા હતા. અને પીરો મુરિશદ તરફથી અમુક રકમ સુધી કરજ લેવાની એમને ઈજાઝત પણ હતી. પછી એ બાબતે પણ એહતેયાત શરૂ કરીને કરજ લેવાનું બંધ કરી દીધું તો અલ્લાહ તઆલા તરફથી ઈનામ સ્વરૂપે મુસલ્લા નીચેથી રોજ એક રોટી (કાક) મળી આવતી. જેનાથી ઘરનું ગુઝરાન ચાલતું હતું. એક મુદ્દત સુધી કરજ માંગવામાં આવ્યું નહિ તો પાડોશી સબ્જી વાળાને થયું કે ખ્વાજા સાહેબ નારાજ તો નથી ને ? એટલે બીવીને ખ્વાજા સાહેબના અહલિયહ પાસે મોકલી. ખ્વાજા સાહેબના અહલિયહે બધી બીના સંભળાવી દીધી. પરંતુ ત્યાર પછી મુસલ્લા નીચેથી એ રોટી મળવાની બંધ થઈ ગઈ. આ બાબતે કિતાબોમાં ઘણી બધી વિગત એકબીજાથી નોખી – અનોખી મળે છે.(બઝમે સુફિયા, સિયરુલ અકતાબ, મિરાતુલ અસરાર વગેરે.)

***ઇસ્તેગ્ના***

માલદારોના માલ અને અમીરોની અમીરીથી કદી પ્રભાવિત થતા ન હતા. એકવાર શાહી દરબાન ઈખ્તેયારુદ્દીન ઐબક કદમબોસી માટે હાજર થયો અને અનેક ગામોની જાગીરનું નઝરાનું પેશ કર્યું. હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.એ એને બોલાવ્યો અને મુસલ્લો ઊંચો કરીને નીચે જોવાનો હુકમ ફરમાવ્યો. એણે જોયું તો અલ્લાહ તઆલાના ખઝાનાનો દરિયા વહેતો હતો. આપ રહ.એ ફરમાવ્યું કે જેના મુસલ્લા નીચે ખઝાનાના દરિયા વહેતા હોય એ બેચાર ગામો લઈને શું કરે ? જાઓ, બીજીવાર દરવેશોની સેવામાં આવી ગુસ્તાખી ન કરશો.

એકવાર સુલતાન અલતમશનો એક વઝીર અમુક ગામોનું ફરમાન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લઈને ખિદમતમાં હાજર થયો. આપ રહ.એ ફરમાવ્યું કે, અમારા સરદારો (ખ્વાજગાન) કદી કોઈનાથી ગામો – જાગીરો સ્વીકારતા નથી. જો હું કુબૂલ કરી લઉં તો કયામતના દિવસે સિલસિલાના સરદારોને શું મોઢું બતાવીશ ?

***રિયાઝત, મુજાહદહ અને ઇબાદત :***

= સિયરુલ અવલિયામાં છે કે છેલ્લી ઉમરમાં સુવાનું લગભગ છોડી દીધું હતું. વીસ વરસ સુધી ન તો રાત્રે શાંતિથી ઊંઘ માણી અને ન તો પીઠ જમીન ઉપર લગાવી. લગાતાર અલ્લાહ તઆલાની યાદમાં મશ્ગૂલ રહેતા હતા. એમાં એવા મગ્ન રહેતા કે કોઈ મળવા આવતું ત્યારે પણ ઘણી વાર પછી ધ્યાનથી બહાર આવતા હતા. નમાઝના સમયે આંખો ખોલતા અને ગુસલ – વુઝૂ ફરમાવીને નમાઝ અદા ફરમાવતા.

= બઝમે સુફિયામાં જવામેઉલ કલિમના હવાલાથી લખ્યું છે કે, ભગ્ન હૃદયે, ખામોશી સહિત, હુજરાનો દરવાઝો બંધ કરીને હમેંશા અલ્લાહ તઆલાની યાદમાં રડતા રહેતા હતા. ઝિયારત માટે લોકોની ભીડ ભેગી થતી તો એક આહ ભરીને બહાર આવતા. ખાદિમને ફરમાવતા કે બધાને એક એક પ્યાલું પાણી પીવડાવે. લોકો પાણી પીતા એટલી વાર વઅઝ ફરમાવતા અને પછી હુજરામાં જઈને અલ્લાહની યાદમાં મશ્ગૂલ થઈ જતા.

= રાહતુલ કુલૂબમાં છે કે એકવાર કાઝી હમીદુદ્દીન નાગોરી રહ. ખ્વાજા કુત્બુદ્દીન રહ. શેખ જમાલુદ્દીન તબરેઝી રહ. અને શેખ બદરુદ્દીન ગઝનવી રહ.એ દિલ્હીની જામા મસ્જિદમાં એતેકાફ ફરમાવ્યો અને રોજ બેવાર કુરઆન શરીફ ખતમ કરવાનો વઝીફો નક્કી ફરમાવ્યો. એક રાતે આપસમાં નક્કી કર્યું કે આખી રાત બે રકાતમાં જ પૂરી કરવી. કાઝી હમીદુદ્દીન રહ. ઈમામ બન્યા અને બીજા સાથીઓ મુકતદી. કાઝી સાહેબે એક રકાતમાં એક કુરઆન અને ચાર સીપારા પઢયા અને બીજી રકાતમાં બીજું કુરઆન ખતમ ફરમાવ્યું. પછી દુઆ કરી કે હે પરવરદિગાર ! તારા હક મુજબ તારી ઈબાદત કરવાની શકિત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અમારામાં નથી. માટે અમને માફ ફરમાવ. (રાહતુલ કુલૂબ. ફારસી – ઉર્દૂ, મજલિસ, ૭ ઝિલહજ ૬૫૫ હિ.)

= સિયરુલ અવલિયામાં છે કે ખ્વાજા નિઝામુદ્દીન દહેલ્વી રહ.એ ફરમાવ્યું કે હું એકવાર ગયાસપૂરથી હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.ના મઝારની ઝિયારત માટે દિલ્હી જતો હતો. એકવાર દિલમાં વિચાર આવ્યો કે આટલા બધા લોકો આ બુઝુર્ગોની ઝિયારત માટે આવે છે, શી ખબર ખ્વાજા સાહેબને એમના આવવાની જાણ થતી હશે કે નહીં ? આ સ્થિતિમાં મઝાર ઉપર પહોંચ્યો અને મુરાકબહ કર્યો તો મને અંદરથી શે'ર સંભળાયો કે,

مرا زندہ پندار چوں خویشتن -- من آیم بجاں گر بیائی به تن

મને પણ તમારી જેમ જીવતો સમજોને –– તમે શરીર સાથે આવો છો તો હું રૂહ સાથે આવું છું. (સિયરુલ અવલિયા ઉર્દૂ :૧૩૫, એજાઝુલ હક કુદ્દુસી)

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શેખુલ હદીસ રહ.એ આ કિસ્સો હઝરત કુત્બુદ્દીન અને હઝરત ખ્વાજા અજમેરી રહ.નો લખ્યો છે.

*વફાત :*

આપ રહ. 'સિમાઅ'ને દુરુસ્ત અને લાભદાયી સમજતા હતા. બઝમે સુફિયામાં છે કે, કદી પોતાની કયામગાહ ઉપર, કદી હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરી રહ.ના ઘરે તો કદી કોઈ અન્ય દરવેશના ઠેકાણે મજલિસમાં શરીક થતા હતા. એકવાર આવી મજલિસમાં શરીક હતા, અને મજલિસમાં કવ્વાલે આ શે'ર પઢયો :

کشتگان خنجر تسلیم را -- ہر زماں از غیب جان دیگر است

અલ્લાહની રઝામંદી અને તાબેદારીના ખંજરથી કતલ (શહીદ) થનારા લોકોને અલ્લાહ તઆલા તરફથી લગાતાર નવી જિંદગી મળતી રહે છે. [3]

શે'ર સાંભળીને હઝરત કુત્બુદ્દીન રહ. ઉપર 'હાલ' (બેહોશી) છવાય ગયો. ત્રણ – ચાર દિવસ આ જ સ્થિતિમાં રહયા. નમાઝના સમયે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોશમાં આવતા અને પાછી બેહોશી છવાય જતી. મિરઆતુલ અસરારમાં છે કે જયારે પણ હોશમાં આવતા તો આ શે'ર પઢવાનું કહેતા અને મસ્ત થઈ જતા. ત્રીજા દિવસે આ સ્થિતિ ઓર વધી ગઈ. એટલે કાઝી હમીદુદ્દીન નાગોરી રહ.એ અરજ કરી કે, આપના ખલીફાઓમાં કોના માટે આદેશ આપશો કે આપના જાનશીન બને ? આપ રહ.એ ફરમાવ્યું કે, ખ્વાજા મુઈનુદ્દીન રહ. પાસેથી મને મળેલ દસ્તાર, ખિરકહ, મુસલ્લો અને લાકડીની જૂતીઓની અમાનત ફરીદુદ્દીન મસ્ઊદને આપી દેજો. તેઓ જ મારા જાનશીન છે. અને પછી આપ રહ.ની વફાત થઈ ગઈ. ૧૪ રબીઉલ અવ્વલ, ૬૩૩ કે ૬૩૪ હિ.માં આપની વફાત થઈ.

*જનાઝહની નમાઝ :*

વફાત પહેલાં આપ રહ.એ વસીય્યત ફરમાવી હતી કે એમના જનાઝહની નમાઝ એવો માણસ પઢાવે જેણે કદી હરામકારી ન કરી હોય. અસરની સુન્નતો છોડી ન હોય અને હમેંશા તકબીરે ઊલા સાથે નમાજ બાજમાઅત પઢતો હોય. જનાઝહની નમાઝ પહેલાં આપ રહ.ની આ વસીય્યતનું એલાન કરવામાં આવ્યું. શરતો સાંભળીને બધા જ દંગ રહી ગયા અને એકબીજા તરફ જોવા લાગ્યા.

ઘણીવાર પછી સુલતાન અલતમશ પોતે આગળ આવ્યા અને ફરમાવ્યું કે, હું ચાહતો હતો કે મારી આ પાબંદીની કોઈને ખબર ન પડે. પણ પીરો મુરશિદે મારી હાલત લોકોને જણાવી દીધી અને પછી સુલતાને જનાઝહની ઈમામત ફરમાવી.

*મકબરો :*

ખઝીનતુલ અસ્ફિયામાં છે કે એકવાર પાલકીમાં બેસીને શહેરથી બહાર કયાંક જઈ રહયા હતા, આજે જયાં આપનો મઝાર છે, ત્યાં પહોંચ્યા તો રોકાય ગયા. મુરાકબહ કરીને ફરમાવ્યું કે, મને આ સ્થળેથી મુહબ્બની ખુશ્બુ આવી રહી છે. (مرا ازیں زمین بوئے دلہا می آید) પછી જમીનના માલિકને બોલાવ્યો અને કીમત – ઈનામ આપીને જમીન ખરીદી લીધી અને ફરમાવ્યું કે, ઈન્શાઅલ્લાહ મારી કબ્ર અહિંયા જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બનશે. બઝમે સુફિયા અને મિરઆતુલ અસરાર વગેરેમાં લખવા મુજબ ઈદની નમાજ પઢીને પરત આવતી વેળાની આ ઘટના છે.

વર્તમાન દિલ્હીમાં આવેલ મહરોલીમાં આપનો મઝાર છે. એક ઝમાના સુધી અહિંયા ગુંબદ વગેરે કંઈ ન હતું. પાછળથી ૯૪૮ થી અત્રે ઈમારત અને ગુંબદ બનવાનું શરૂ થયું છે.

***કિતાબો :***

હઝરત કુત્બુદ્દીન રહ.ના નામે બે કિતાબો મશ્હૂર છે.

(૧) દીવાને ખ્વાજા કુત્બુદ્દીન. જે આપના અશ્આરનો સંગ્રહ છે. અશ્આરનો આ સંગ્રહ ખ્વાજા સાહેબ રહ.નો નથી. કોઈ બીજાએ લખીને આપના નામે જોડી દીધો છે. (બઝમે સુફિયા : ૧૦૫)

(૨) ફવાઈદુસ્સાલિકીન. આ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.ના મલ્ફૂઝાતનો સંગ્રહ છે. આ મલ્ફૂઝાત આપના વિશેષ મુરીદ અને ખલીફા ખ્વાજા ફરીદુદ્દીન મસઊદ રહ.એ ભેગા ફરમાવ્યા છે. કુલ સાત મજલિસોના મલ્ફૂઝાત છે. દરેક મજલિસના આરંભે એ દિવસની તારીખ છે. પરંતુ અમારી સામે મોજૂદ આ મલ્ફૂઝાતની અલગ અલગ પ્રતોમાં મજલિસની તારીખોમાં ઘણું અંતર છે. એક પ્રતમાં મજલિસનું વરસ ૫૮૪ હિ. છે. જે લગભગ આપની બયઅત થવાનું વરસ છે. અને બીજીમાં ૬૪૮ હિ. છે. જે હઝરત કુત્બુદ્દીન રહ.ની વફાત પછીનું વરસ છે.

(૩) 'દલીલુલ આરિફીન' હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ.એ પોતાના શેખ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી ચિશ્તી રહ.ના ભેગા કરેલા મલ્ફૂઝાત.

'બઝમે સૂફિયા' નામી કિતાબમાં મલ્ફૂઝાતની સત્યતા વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના તઝકેરહમાં એનો ખુલાસો અમે લખ્યો છે.

***કિસ્સાઓ અને કરામતો***

આપની સફર અને દુનિયાની સેરની વિગત અને કિસ્સાઓ આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના મલ્ફૂઝાતમાં પણ આપ રહ.એ વર્ણવ્યા છે. અમુક કિસ્સાઓ અત્રે વર્ણવીએ છીએ.

એકવાર ગઝની પહોંચ્યા તો એક બુઝુર્ગથી મુલાકાત થઈ, એકલા રહેતા હતા. જે કંઈ નેઅમત આવતી એ સાંજ સુધી ખર્ચ કરી દેતા હતા. કોઈ પણ માણસ એમની ખાનકાહમાંથી મહરૂમ થઈને જતો ન હતો. તેઓ ફરમાવતા હતા કે, ૪૦ વરસ સુધી મેં મુજાહદહ કર્યો પણ કોઈ રોશની નજર ન આવી. પરંતુ જયારે સુવાનું, બોલવાનું, ખાવાનું અને લોકોથી મળવાનું ઓછું કરી દીધું, તો રોશની દેખાયી અને હવે કોઈ વસ્તુ છુપી નથી રહી.(ફવાઈદુસ્સાલિકીન,મજલિસઃ૧)

મજલિસે અવ્વલમાં એક બીજો કિસ્સો પણ વર્ણવ્યો છે કે, એકવાર હું મારા ખાસ દોસ્ત કાઝી હમીદુદ્દીન નાગોરી રહ. સાથે દરિયાની સફરે હતો. દરિયા કિનારે બેસેલા હતા, એવામાં જોયું કે એક વીંછી ઘણો જ જલ્દી કયાંક જઈ રહયો છે. મેં કાઝી સાહેબને કહયું કે આમાં કંઈક રહસ્ય છે. અમે બન્ને એ વીંછી પાછળ ગયા. વીંછી એક ઝાડ પાસે પહોંચ્યો અને એક મોટા સાંપને ડંક મારીને મારી નાખ્યો. અહિંયા પાસે જ એક માણસ સુઈ રહયો હતો. અમે વિચાર્યું કે આ કોઈ મોટો બુઝુર્ગ હશે. જેને બચાવવાનો આટલો બધો એહતેમામ અલ્લાહ તઆલાએ ફરમાવ્યો છે. અમે પાસે જઈને જોયું તો એ માણસ શરાબના નશામાં મસ્ત હતો અને શરાબની ઉલટી પણ કરી હતી. આ દશ્ય જોઈને અમને થયું કે અહિંયા ન આવ્યા હોત તો સારું, જેથી આ માણસની આવી સ્થિતિ જોવાની ન થાત. હજુ અમે આ બાબતની ચર્ચા કરતા હતા કે આ ગુનેગાર ઉપર આટલી બધી મહેરબાની કરવામાં અલ્લાહ તઆલાની શી હિકમત હશે ? એટલામાં અવાજ આવ્યો કે, અઝીઝો ! અમે ફકત નેક અને પરહેઝગાર લોકોને જ બચાવતા રહીશું તો પછી આવા ગુનેગારોને કોણ બચાવશે ?

આ દરમિયાન એ માણસ જાગી ગયો અને પાસે સાપ મરેલો જોયો તો ઘણો ગભરાયો. અમે એને બીના કહી સંભળાવી તો એ ગુનાહો ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘણો પસ્તાયો અને તોબા કરીને નેક બની ગયો.

મલ્ફૂઝાતમાં હજનો કિસ્સો વર્ણવતાં ફરમાવે છે કે, એકવાર હું અને કાઝી હમીદુદ્દીન નાગોરી રહ. હજમાં હતા. તવાફ વેળા એક બુઝુર્ગ શેખ ઉસ્માન અમારી આગળ ચાલતા હતા. અમે એમની પાછળ પાછળ એમના કદમ ઉપર ચાલતા હતા. શેખ ઉસ્માન રહ.ને અમારા વિશે ખબર પડી ગઈ. ફરમાવ્યું કે, આમ જાહેરી તાબેદારીનો શો ફાયદો ? બાતેની તાબેદારી અપનાવો તો ફાયદો થાય ? અમે પૂછયું કે તમારી બાતેની તાબેદારીની રીત શું છે ? એમણે ફરમાવ્યું કે, હું રોજ હઝારવાર કુરઆન શરીફ ખતમ કરું છું. અમને આ નવાઈ લાગી, કારણ કે આ તો માણસના ગજા બહારની વાત છે. કદાચ બધી સૂરતોની પહેલી આયત પઢતા હશે. અમે આવું વિચારતા હતા, એવામાં પાછળ જોઈને ફરમાવ્યું કે, તમે ખોટું વિચારો છો. રોજ અક્ષરસ આખું કુરઆન શરીફ પઢું છું. હઝરત ખ્વાજા કુત્બુદીન રહ.એ મજલિસમાં આ કિસ્સો સંભળાવ્યો તો મવલાના અલાઉદ્દીન રહ.એ ફરમાવ્યું : 'તો જ આ કરામત છે.' જે વાત અકલમાં ન આવે એનું જ નામ કરામત છે. આ સાંભળીને હઝ. ખ્વાજા બખ્તીયાર રહ.ની આંખોમાં આંસુ આવી ગયા અને પછી ફરમાવ્યું : ઊંચા મકામ હાસિલ કરવા માટે નેક આમાલ ઘણા જરૂરી છે. અલ્લાહ તઆલાનો ફૈઝ દરેકની સાથે હોય છે, પણ કોશિશ કરવી ઘણી જરૂરી છે. ઉચ્ચ મકામ કોશિશ કર્યે જ મળે છે.

***આપની તાલીમ અને નસીહત***

ફવાઈદુસ્સાલિકીનમાં મોજૂદ આપના મલ્ફૂઝાતના આધારે સય્યિદ સબાહુદીન અબ્દુર્રહમાને આપની તાલીમાતના નિચોડ સમાન અમુક નસીહતો વર્ણવી છે. અત્રે એનું વર્ણન કરવામાં આવે છે.

- ❑'સાલિક' એટલે કે તસવ્વુફના રસ્તે ચાલનાર માટે જરૂરી છે કે ખાણું ઘણું ઓછું ખાય. પેટ ભરવાની નિયતે ખાય તો નફસપરસ્ત છે. ખાણું ફકત અલ્લાહ તઆલાની ઈબાદત માટે ખાવું જોઈએ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑લિબાસ દેખાડવા માટે ન હોય. જો સુંદર દેખાવા માટે લિબાસ પહેરે છે તો રાહે સુલૂકનો ડાકૂ છે.

❑માલ દોલતથી દૂર રહે. હઝરત બાયઝીદ બુસ્તામી રહ.એ સિત્તેર વરસ સુધી ઈબાદત કરી. પણ અલ્લાહ તઆલાની નઝદીકીનું ઉચ્ચ સ્થાન તો એમની પાસે મોજૂદ માટીનો લોટો અને ચામડાનો જભ્ભો પણ ફેંકી દીધો ત્યારે જ મળ્યું.

❑જે સાલિક તકલીફની ફરિયાદ કરે એનો મુહબ્બતે ઈલાહીનો દાવો ખોટો છે. સાચી દોસ્તી આ છે કે દોસ્ત જે સ્થિતિમાં રાખે, એ મુજબ ખુશ રહે. તકલીફને પણ નેઅમત સમજે કે એ બહાને દોસ્તે મને યાદ ફરમાવ્યો. રાબેઆ બસરી રહ. મુસીબત આવતી તો ઘણાં ખુશ થતાં. અને જે દિવસે કોઈ મુસીબત ન આવતી તો માયૂસ ગમગીન થઈ જતાં.

❑મશાઈખે તરીકત રહ. આ બાબતે સહમત છે કે સુલૂકના ૧૮૦ દરજાઓ છે. અલબત્ત તરીકે જુનૈદિયહમાં ૧૦૦ દરજા, તરીકે ઝુન્નુનના સુફીઓએ ૭૦ દરજા અને બિશર હાફી રહ.ના તરીકમાં ૫૦ દરજા ગણવામાં આવે છે. ખ્વાજા બાયઝીદ બુસ્તામી, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, અને ખ્વાજા સુફયાન ષોરી રહ. ફરમાવે છે કે કુલ ૪૫ દરજા છે. ખ્વાજા મરઅશી રહ.ના સિલસિલામાં ૨૦ દરજા છે. અને મશાઈખે ચિશ્ત સુલૂકમાં ફકત ૧૫ દરજા ગણાવે છે. આ બધા દરજાતમાં એક દરજો કશ્ફ – કરામતનો છે. ૧૮૦ દરજામાં એનું સ્થાન ૮૦મું છે. ૧૦૦ દરજામાં એનું સ્થાન ૭૦ મું. ૨૦ દરજાઓમાં ૧૦ મું અને ખ્વાજગાને ચિશ્તના નજીક એ પાંચમો દરજો છે. આ મકામે પહોંચ્યા પછી પણ સાલિકે પોતાને કશ્ફ – કરામતમાં ઝાહેર ન કરવો જોઈએ. જાહેર કરવાથી આગળના દરજાઓથી મહરૂમ રહી જાય છે. (ફવાઇદુસ્સાલિકીન – ઉર્દૂ. બઝમે સુફિયા : ૧૦૭)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑અસ્રારે ઈલાહી એટલે કે અલ્લાહના ભેદો છુપાવવા બાબતે મલ્ફૂઝાતમાં તાકીદ કરતાં ફરમાવે છે : રાહે સુલૂકમાં માણસના ઈરાદા ઊંચા અને દિલ વિશાળ હોવાં જોઈએ, જેથી અલ્લાહ તઆલાના રહસ્યો જાહેર ન થઈ જાય. કામિલ માણસ કદી દોસ્તના ભેદ નથી ખોલતો. એમના મતે મન્સૂર હલ્લાજ કામિલ માણસ ન હતા. કારણ કે એમણે દોસ્તના રહસ્યોને જાહેર કરી દીધા.

***આપ રહ.ના ખલીફાઓ :***

હઝરત ફરીદુદ્દીન મસ્ઉદ ગંજશકર રહ. આપના સહુથી મોટા ખલીફા અને જાનશીન છે. બીજા અમુક ખલીફાઓ આ પ્રમાણે છે :

(૨) સુલતાન શમ્સુદ્દીન અલતમશ રહ.
(૩) કાઝી હમીદુદ્દીન નાગોરી રહ.
(૪) શાહ ખિઝર કલંદર રહ.
(૫) શેખ સૂફી બુધની રહ.
(૬) શેખ બુરહાનુદ્દીન બલ્ખી રહ.
(૭) શેખ હુસૈન, શેખ ફીરોઝ.
(૮) મવલાના ફખ્રુદ્દીન હલ્વાઈ.
(૯) શેખ શર્ફુદ્દીન બુઅલી કલંદર.
(૧૦) શેખ અહમદ તમામી વગેરે. *(ખઝીનતુલ અસ્ફિયા ૨– ૮૭)*

***સુલતાન શમ્સુદ્દીન અલતમશ :***

આપ તુર્ક બુઝુર્ગોની અવલાદમાંથી હતા. આપના વાલિદ આપની સાથે ઘણી મુહબ્બત કરતા હતા. જેનાથી હસદ કરીને ભાઈઓએ જંગલમાં લઈ જઈને બચપનમાં જ કોઈ સોદાગરના હાથે વેચી દીધા. એક – બીજા માલિકોના હાથે વેચાયને બગદાદ પહોંચ્યા. બગદાદ તે વેળા સુહરવર્દી અને ચિશ્તીયા બુઝુર્ગોનું મરકઝ હતું. આ છોકરો અહિંયા ફુરસદ મુજબ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ., શેખ શિહાબુદ્દીન રહ. વગેરેની ખિદમતમાં હાજરી આપતો હતો. બાર વરસની ઉંમર હતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એકવાર આ બુઝુર્ગોની મજલિસ પાસેથી એ પસાર થયો તો એને જોઈને શેખ અજમેરી રહ.એ ફરમાવ્યું કે આ બાળક બાદશાહ બનશે.

ત્યાર પછી બગદાદી આકા જમાલુદ્દીને કુત્બુદ્દીન ઐબકના હાથે આપને વેચી દીધા.

કુત્બુદ્દીન પોતે પણ પહેલાં ગુલામ હતો અને ૧૧૯૩માં ગોરીએ કનોજની ચડાઈ વેળા એની વફાદારીથી પ્રભાવિત થઈને ફરમાને ફરઝંદીથી એને નવાઝયો હતો. શિહાબુદ્દીન ગોરી પછી ૧૨૦૬ ઈ.માં કુત્બુદ્દીન ઐબક ગાદી કબ્જે કરીને રાજા બની ગયો. એને સૌપ્રથમ દિલ્હીમાં મુસ્લિમ સલતનતની બુનિયાદ નાખી. અલબત્ત સરકારનું પાટનગર તે વેળા લાહોર જ હતું.

એક લડાઈમાં શમ્સુદ્દીનની બહાદુરીથી પ્રભાવિત થઈને શિહાબુદ્દીન ગોરીએ કુત્બુદ્દીનને સિફારિશ કરી કે શમ્સુદ્દીનને આઝાદ કરી દે અને એનો ખ્યાલ રાખે.

પાછળથી કુત્બુદ્દીન ઐબકે એમને પોતાના જમાઈ બનાવી લીધા હતા. કુત્બુદ્દીન ઐબકની વફાત વેળા તે બદાયુંના સુબેદાર હતા. ઐબકની વફાત પછી એનો પુત્ર આરામશાહ ગાદીઓ બેસ્યો. પણ દિલ્હીના તુર્ક સરદારોના વિરોધના કારણે શમ્સુદ્દીન અલતમશને બદાયુંથી બોલાવીને ગાદીએ બેસાડવામાં આવ્યા.

સુલતાન શમ્સુદ્દીન અલતમશનો સત્તાકાળ ૬૦૭ હિ. (૧૨૧૦ ઈસ્વી) થી શાબાન ૬૩૪ હિ. (૧૨૩૫ ઈસ્વી) સુધીનો છે. દિલ્હીની ગાદીએ બેસનાર આ પ્રથમ સ્વતંત્ર બાદશાહ હતા. ભારત ઉપર રાજ કરનાર મુસ્લિમ શાસકોમાં સહુપ્રથમ સુલતાન અલતમશે જ બગદાદની ઈસ્લામી ખિલાફત સાથે સંબંધ જોડયો હતો. એટલે કે પોતાને ખિલાફતને આધીન ગણતા હતા.

શમ્સુદ્દીન અલતમશ ઘણા જ નેકદિલ અને ન્યાયપ્રિય બાદશાહ હતા. નવી સ્થાપવામાં આવેલ દિલ્હીની સલતનતનો વિસ્તાર આપ રહ.ની ફતૂહાતના કારણે ઘણો વધી ગયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગરીબો અને કમઝોરોનો ઘણો જ ખ્યાલ રાખતા હતા. રાત્રે થોડીવાર સુઈને પછી ઉઠી જતા અને લાંબી ઈબાદત કરતા હતા. રાત્રે જયારે ઉઠતા તો કોઈ ખાદિમને જગાડતા ન હતા. પોતાના વુઝૂ – ગુસલનું પાણી પોતે જ ભરી લેતા હતા. રાત્રે ઘણીવાર પ્રજાની ખબર કાઢવા સાદા લિબાસમાં નીકળતા હતા. ઉલમા અને બુઝુર્ગોથી ઘણી મહોબ્બત રાખતા હતા. કદી એવું કરતા કે માટીના વાસણમાં નીચે સોનું મુકીને ઉપર ઘઉ નાંખીને ગરીબો – મુસાફરોને આપતા હતા. જેથી સખાવતની કોઈને ખબર ન પડે અને ગરીબની જરૂરત પૂરી થઈ જાય.

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.થી ઘણી જ અકીદત ધરાવતા હતા. ખઝીનતુલ અસ્ફિયામાં લખવા મુજબ તો આપના મુરીદ અને ખલીફા હતા. ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર રહ.ને પણ સુલતાન પ્રત્યે ઘણી જ મહોબ્બત હતી.

હઝરત કુત્બુદ્દીન રહ.ના મલ્ફૂઝાતમાં અને ખ્વાજા મુઈનુદ્દીન રહ.ના મલ્ફૂઝાતમાં અનેક સ્થળે સુલતાનની નેકી, બુઝુર્ગી અને મશાઈખ સાથે એની અકીદતનું વર્ણન છે. આ બુઝુર્ગોએ અનેકવાર સુલતાન માટે નેકદિલ, પરહેઝગાર, ન્યાયપ્રિય વગેરે ગુણોનો ઉલ્લેખ ફરમાવ્યો છે.

સુલતાનને પણ બુઝુર્ગો અને ઉલમાએ કિરામ સાથે ભારે અકીદત હતી. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ. અને ખ્વાજા કુત્બુદ્દીન રહ. ઉપરાંત કાઝી હમીદુદ્દીન નાગોરી રહ, શેખ જલાલુદ્દીન તબરેઝી રહ. વગેરે અનેક ઉલમાના કિસ્સા કિતાબોમાં છે કે તેઓ જયારે દિલ્હી આવ્યા તો સુલતાન મહેલમાંથી નીકળીને એમના સ્વગાત માટે શહેર બહાર આવતો હતો. અને કોઈ આલિમ કે બુઝુર્ગ દરબારમાં આવતા તો ઉભો થઈને એમની તઅઝીમ કરીને એમને પોતાની સાથે બેસાડતો હતો.

દીલ્હી પ્રથમવાર સલતનતનું પાટનગર બન્યું હતું. આવા સ્થળે સરકારના બધા જ અધિકારીઓ, વઝીરો, સેનાપતિઓ અને હોદ્દેદારોનો મુકામ હોય છે. માટે આવા કેન્દ્રીય સ્થાનોએ જે માહોલ હોય એની અસર આવા બધા હોદ્દેદારો થકી હુકૂમતના કામકાજ અને નીતિઓ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર પડતી હોય છે. આવી સ્થિતિમાં બાદશાહ દ્વારા અત્રે બુઝુર્ગો અને દરવેશોને સ્થાન આપવું, એમની સેવામાં અકીદત સાથે હાજર થવું, ઘણું મહત્વ ધરાવે છે.

બઝમે મમ્લૂકિયહમાં આ બાબત વિસ્તારથી લખવામાં આવ્યું છે.

તારીખે મશાઈખે ચિશતમાં પ્રો. ખલીક અહમદ નિઝામી લખે છે :

> આ સમયે દિલ્હીની રચના અને પ્રગતિ જોર પર હતી. મધ્ય એશિયામાં મંગોલોના આક્રમણના કારણે હઝારોની સંખ્યામાં ઉલમા, મશાઈખ અને વિદ્વાનો દિલ્હીનું રુખ કરી રહયા હતા. પરિણામે દિલ્હી એક આંતરરાષ્ટ્રીય શહેર બની ગયું હતું ..... આવી સ્થિતિમાં હઝ. કુત્બુદ્દીન રહ.નું દિલ્હીમાં રોકાવું ચિશતીયા સિલસિલા માટે લાભદાયી પુરવાર થયું. દિલ્હી હવે મુસ્લિમ હિંદુસ્તાનનું દિલ હતું. આવતી સદીઓમાં મુસલમાનોની ધાર્મિક અને સાંસ્કૃતિક જિંદગીને પ્રભાવિત કરનાર દરેક બાબતનું મરકઝ દિલ્હી જ હતું અને એમાંથી જ સિલસિલાને આગળ વધવા માટેનું બળ મળવાનું હતું. હઝ. કુત્બુદ્દીન રહ.એ શાહી દરબારથી દૂર રહીને દારુસ્સલતનતની ખરાબ અસરોથી પોતાને બચાવી રાખ્યા અને સાથે જ અત્રેના સંજોગોથી ભરપૂર લાભ ઉઠાવ્યો અને દરેક પ્રકારના લોકોના કાનો સુધી તસવ્વુફની વાતો પહોંચાડી દીધી. (તારીખે મશાઈખે ચિશત, ખલીક અહમદ : ૧૭૩–૧૭૫)

***<u>સુલતાનના દરબારમાં હઝરત ખ્વાજાની પધરામણી.</u>***

સુલતાન અલતમશ અને ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ.ની એક ઘટના અને એના ઉપર શેખ અબ્દુર્રહમાન ચિશ્તી (વફાત :૧૦૯૪ હિ.)એ લખેલ હિકમતભરી નોંધ અત્રે ટાંકીને આ ચર્ચા અમે ખતમ કરીએ છીએ :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ. બે વાર અજમેરથી દિલ્હી તશરીફ લાવ્યા હતા. પ્રથમ વાર આપના મુરીદ અને ખલીફા હઝરત કુત્બુદ્દીન રહ.એ મળવા માટે અજમેર આવવાની પરવાનગી માંગી તો જવાબમાં પોતે જ દિલ્હી આવવાની ખુશખબરી આપી અને પછી દિલ્હી પધાર્યા.

બીજીવાર અજમેરથી દિલ્હી આવવાનું કારણ આ બન્યું કે, ખ્વાજા અજમેરી રહ.ના સાહબઝાદા શેખ ફખ્રુદ્દીનની જાગીરમાં એક ગામ હતું. એ વિસ્તારના અધિકારીએ કંઈક વધારે મહેસૂલ નક્કી કર્યુ તો સાહબઝાદાએ વાલિદ સાહેબથી અરજ કરી કે સુલતાન પાસે જઈને બીજું ફરમાન લઈ આવે. ખ્વાજા અજમેરી રહ. આ હેતુએ દિલ્હી પધાર્યા અને પ્રથમ ખ્વાજા કુત્બુદ્દીન કાકી રહ. પાસે પહોંચ્યા. ખ્વાજા કાકી રહ.એ પીરો મુરશિદના આગમનનો મકસદ જાણ્યો તો એમને સુલતાનના દરબારમાં જવાથી રોકી દીધા અને પોતે જ સુલતાનના દરબારમાં તશરીફ લઈ ગયા. સુલતાન અલતમશ તરફથી અનેકવારની દાવત અને આજિઝી છતાં ખ્વાજા કુત્બુદ્દીન કદી દરબારમાં જતાં ન હતાં. આમ અચાનક પોતે જ તશરીફ લાવ્યા તો સુલતાનની ખુશીનો પાર ન રહયો. મકસદની ખબર પડી તો તુરંત ફરમાનમાં સુધારો કરીને નવું ફરમાન લખી દીધું.

આ કિસ્સો વર્ણવીને શાહજહાંની સમયકાળના મશ્હૂર ઈતિહાસકાર 'મિર્આતુલ અસરાર'ના લેખક શેખ શેખ અબ્દુર્રહમાન ચિશ્તી લખે છે કે,

> આ એક નાઝુક બાબત છે. એટલા માટે કે સુલતાન અલતમશ ખ્વાજા બખ્તીયાર કાકી રહ.ના મુરીદ હતા. અને ખ્વાજા કુત્બુદ્દીન રહ. કોઈ અદના ખાદિમને પણ સુલતાનની સેવામાં મોકલી દેત તો એ પણ સુલતાન માટે સઆદતની વાત હતી અને ફરમાનમાં સુધારો કરી દેવામાં આવત. પરંતુ અલ્લાહના કામિલ વલીઓ પોતાની બુઝુર્ગી અને મશીખત કોઈ દિવસ જતાવતા નથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને લોકો વચ્ચે સામાન્ય માણસોની જેમ રહેવાને જ પસંદ ફરમાવે છે. આ જ કારણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે બઝારમાં જઈને જરૂરતની વસ્તુઓ ખરીદતા હતા.

બીજી બાબત આ ધ્યાને રાખવાની છે કે બુઝુર્ગોની આ જમાત હમેંશા દરેક બાબતે અમાનતદારી અને સચ્ચાઈ પૂર્વક વર્તવાની પાબંદ હોય છે. તેમને કોઈનાથી કોઈ જરૂરત હોય તો એને છુપાવવાની અને પોતાના સન્માનને સાચવવાનો શું મતલબ ? અલ્લાહ તઆલા તો બધું જ જાણે છે. માટે આવા બુઝુર્ગોના દિલમાં લોકોના ઝાહેરી રીત રિવાજ અને મેણા – ટોણાં વગેરેની કોઈ હેસિયત નથી હોતી. આમ ખ્વાજા સાહેબનું પોતે સુલતાન પાસે પોતાની જરૂરત માટે જવું મુરીદો માટે પણ મોટી રહમત અને માર્ગદર્શનનો સબબ હતું. જેથી તેઓ આવા કોઈ કામથી ઈન્કાર ન કરે. શેખ બની જવા ઉપર કે પોતાના મરતબા ઉપર નાઝ ન કરે. મુળ વાત આ છે કે અલ્લાહવાળાઓ દરેક કામમાં અલ્લાહની મરજી ઉપર ચાલતા હોય છે. એમની કોઈ મરજી કે ઈચ્છા નથી હોતી. હઝરત સુલતાનુલ મશાઈખ ફરમાવે છે :

عشق آمد چوں خونم اندر رگ و پوست -- تا کرد تہی مرا پر کردہ بہ دوست

اجزاء وجودم ہمگی دوست گرفت -- نامے است زمن برمن وباقی ہمہ اوست

અલ્લાહ તઆલાની મુહબ્બત નસ અને શરીરમાં વહેતા લોહીની જેમ અંદર વસી ગઈ છે. મને મુજથી જ ખાલી કરીને એમાં દોસ્તને ભરી દીધો છે. મારા અસ્તિત્વના બધા જ અંશો દોસ્તે લઈ લીધા છે. મારા ઉપર તો ખાલી મારું નામ છે. બાકી બધું દોસ્તનું જ છે.

———————————————

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

[1] શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. (મૃત્યુ : ૬૩૨ હિ.)

ઘણી કિતાબોમાં એવું વર્ણન છે કે, શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ. અમુક બાબતોમાં સ્વતંત્ર અને ઈસ્લામ વિરોધી વિચારો ધરાવતા હતા. અને લોકોમાં એમના કારણે ઘણી ગુમરાહી ફેલાય રહી હતી. પરિણામે એમના વિસ્તારના ઉલમાએ સુલતાન સલાહુદ્દીન ઐયૂબી રહ.ને ફરિયાદ કરી. સુલતાન સલાહુદ્દીને હલબના હાકેમ એમના પુત્ર સુલતાન ઝાહિરને પત્ર લખીને એમને કતલ કરવાનો આદેશ આપ્યો. જેમણે સુલતાનના આદેશ મુજબ એમને શહીદ કરી દીધા. પરંતુ સુલતાન સલાહુદ્દીન રહ.ની વફાત ૬૨૩ હિ.માં થઈ છે. એ જોતાં આ હકીકત દુરુસ્ત ન હોય શકે. હકીકત આ છે કે આ બીજા શિહાબુદ્દીન છે, જે અમુકના કથમ મુજબ શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.ના ભાણેજ હતા. અને એમના વિશે ઉપર મુજબની બીના લેખકોએ વિગતે લખી છે. ઈતિહાસકારોના લખવા મુજબ તેઓ શીયા ઈસ્માઈલી પંથમાં માનતા હતા અને સુલતાન સલાહુદ્દીનના પુત્રને પણ દીનથી બહેકાવવાનો પ્રયત્ન કરતા હતા. હલબના કિલ્લામાં કેદ કર્યા પછી ૫૮૬ હિ.માં કતલ કરવામાં આવ્યા. (સીરતે ગંજશકર : ૬૫ – ૭૧ અઅલામ ઝરકલી વગેરે. )

[2] નાસિરુદ્દીન કબાચા, મુલતાન અને એની આસપાસના મોટા વિસ્તારનો હાકેમ હતો. અમુક વિસ્તારોમાં એ પોતે પહેલાંથી હાકેમ હતો અને બીજા અમુક વિસ્તારો ઉપર એ સુલતાન કુત્બુદ્દીન ઐબક તરફથી હાકેમ હતો. સુલતાન ઐબકનો જમાઈ પણ હતો. સુલતાન શમ્સુદ્દીન અલતમશ પણ કુત્બુદ્દીન ઐબકના જમાઈ હતા. કુત્બુદ્દીન ઐબકની વફાત પછી જયારે અલતમશને ગાદીએ બેસાડવામાં આવ્યા તો કબાચા ખાન અને એમના વચ્ચે હરીફાઈ શરૂ થઈ, પરિણામે કબાચા ખાન ઉપર ચડાઈ કરવી પડી અને એને હરાવીને મુલતાન અને બીજા વિસ્તારો દિલ્લી સલતનતના તાબે કરી લીધા. (બઝમે મમ્લૂકિયહ : ૩૫)

[3] હઝ. શેખ અહમદ જામ રહ.(મૃત્યુ : ૫૩૬ હિ.)નો આ શેર છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછીનો શે'ર આ મુજબ છે :

عقل کے داند کہ ایں رمز از کجاست -- کیں جماعت راز بانے دیگرست

(બુદ્ધિ કયાં જાણે છે કે આ નુકતો – ભેદ કયાંથી આવ્યો ? આ જમાઅતની ભાષા જ જુદી છે.)

***સંદર્ભ ગ્રંથો :***


| | |
|---|---|
| તારીખે દાવત વ અઝીમત | હઝ. મવ. અલી મીયાં નદવી રહ. |
| સિયરુલ અકતાબ | શેખ અલ્લાહ દિયા રહ. |
| ખઝીનતુલ અસ્ફિયા | મુફતી ગુલામ સરવર લાહોરી |
| મિરાતુલ અસરાર | શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. |
| બઝમે સૂફિયા. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| ફવાઇદુસ્સાલિકીન | મલ્ફૂઝાત ખ્વાજા બખ્તીયા કાકી રહ. |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશ્રફી |
| જવાહિરે ફરીદી | મવ. મુહમ્મદ અલી અસ્ગર ચિશ્તી |
| આઈને અકબરી | અબુલ ફઝલ |
| દલીલુલ આરિફીન | મલ્ફૂઝાત હઝ. ખ્વાજા અજમેરી રહ |
| બઝમે મમ્લૂકિયહ | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| રાહતુલ કુલૂબ | મલ્ફૂઝાત હઝ. ફરીદુદ્દીન ગંજશકર |
| તારીખે મશાઇખે ચિશ્ત | હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિય્યા રહ |
| તારીખે મશાઇખે ચિશ્ત | પ્રો. ખલીક અહમદ નિઝામી |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# ૧૮.

# હઝરત શેખ ફરીદુદ્દીન મસ્ઉદ ગંજશકર રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| ખાનદાન અને જન્મ | ૪૭૯ |
| તાલીમ અને બયઅત | ૪૮૦ |
| ગંજશકર ? | ૪૮૨ |
| ખ્વાજા અજમેરી રહ.ના દ્વારા આપની તારીફ | ૪૮૩ |
| ખિલાફત | ૪૮૪ |
| દિલ્હીથી હાંસી | ૪૮૫ |
| દિલ્હીમાં રહેવાની વસીયત | ૪૮૬ |
| હાંસીથી અજોધન | ૪૮૭ |
| વફાત | ૪૮૮ |
| આપ રહ.ની ઈબાદત | ૪૮૯ |
| માલ, મરતબા, દુનિયાથી નફરત અને એકાંત | ૪૯૦ |
| ચિશ્તીયહ સિલસિલામાં આપ રહ.નું ઉચ્ચ સ્થાન | ૪૯૦ |
| અવલાદ અને ખાનદાન | ૪૯૨ |
| ઈલ્મી કાબેલિયત | ૪૯૩ |
| મલ્ફૂઝાત | ૪૯૪ |
| શેખ ફરીદુદ્દીન અને શીખ ધર્મ | ૪૯૪ |
| મલ્ફૂઝાત અને અમુક કિસ્સાઓ | ૪૯૬ |
| ખલીફાઓ | ૫૦૦ |
| | |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચિશ્તીયા સિલસિલામાં હઝરત શેખ ફરીદુદ્દીન મસ્ઉદ ગંજશકર રહ.નું સ્થાન ઘણું જ ઊંચું છે. હઝરત મવલાના અલી મીયાં રહ. તારીખે દાવત વ અઝીમતમાં લખે છે :

> હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ. હિંદુસ્તાનમાં ચિશ્તીયા સિલસિલાના સ્થાપક ગણાય છે તો ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ. આ સિલસિલાના આદમે ષાની છે. આપના બે બુઝુર્ગ ખલીફાઓ એટલે કે ખ્વાજા સાબિર કલ્યરી રહ. અને ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ. થકી આ સિલસિલો હિંદુસ્તાનમાં ફેલાયો અને આજે પણ એમના ખલીફાઓ થકી જ આ સિલસિલાની બરકતો હિંદુસ્તાનને મળી રહી છે. (૩–૩૬)

આપ રહ. હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.ના ખલીફા અને મહાન વલી હતા. ચિશ્તીયા સિલસિલામાં આપ રહ.ના ઉચ્ચ સ્થાનના કારણે આપને 'આફતાબે ચિશ્ત' કહેવામાં આવે છે. હરવક્ત યાદે ઈલાહીમાં મગ્ન રહેતા હતા. દિવસે રોઝો રાખવો અને રાત્રે ઈબાદત કરવી આપનો સદાનો મામૂલ હતો. કહે છે કે સિત્તેર હઝાર મુરીદોની આપ રહ.એ તરબિયત ફરમાવી અને એમને મઅરિફતે હકની દોલત સુધી પહોંચાડયા.

### ખાનદાન અને જન્મ

આપનું અસલ નામ મસ્ઉદ અને ફરીદુદ્દીન લકબ છે. આપના વાલિદનું નામ શેખ જમાલુદ્દીન સુલેમાન છે. ફારૂકી એટલે કે હઝરત ઉમર ફારૂક રદિ.ના વંશજ હતા. આપનું ખાનદાન કાબૂલમાં રહેતું હતું, એ દિવસોમાં ચંગેઝખાને (૧૧૬૨ – ૧૨૨૭ ઈ.) મુસ્લિમ શાસન વાળા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અનેક પ્રદેશો ઉપર આક્રમણ શરૂ કર્યું. ઈરાન થઈને એ ગઝની (અફગાનિસ્તાન) તરફ આગળ વધ્યો. ગઝની પછી એણે કાબૂલ ઉપર આક્રમણ કર્યું. હઝરત ગંજશકર રહ.ના પરદાદા આ આક્રમણમાં ચંગેઝખાનના લશ્કર સામે લડવામાં શહીદ થયા. તો આપના દાદા કાજી શુએબ પોતાનું અસલ વતન કાબૂલ છોડીને આખું ખાનદાન લઈને લાહોર આવી ગયા. કાબૂલમાં તાલીમ પ્રાપ્ત કરવાના કારણે લાહોરના કાજી એમને ઓળખતા હતા. એટલે એમણે દિલ્હીના શાહી દરબારમાં આપના લાહોર આગમન અને ઈલ્મી કાબેલિયતની જાણ કરી. દિલ્હીના બાદશાહે એમને દિલ્હી ખાતે મોટા હોદ્દાની ભલામણ કરી પણ આપ રહ.એ એ સ્વીકારી નહી. એટલે પછી મુલતાન પાસે કોઠીવાલ નામે ગામની જાગીર અને ત્યાંના કાજીની જવાબદારી સુપ્રત કરી. એમના પછી એમના પુત્ર કાજી જમાલુદ્દીન સુલેમાન રહ. પણ આ હોદ્દા પર કાજી રહયા. એમના જ ઘરે ૫૬૯ હિ. ૧૧૭૩ હિ. અથવા ૫૭૧ હિ. માં હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.નો જન્મ થયો.

આપની વાલિદહ બીબી મરયમ રહ. પણ મોટાં વલીય્યહ અને મશ્હૂર આલિમ બુઝુર્ગ શેખ વજીહુદ્દીન ખજન્દીના પુત્રી હતાં. અમુક કિતાબોમાં એમનું નામ કરસમ બીબી અને કાસિમહ બીબી પણ લખવામાં આવ્યું છે.

***તાલીમ અને બયઅત***

તાલીમ માટે આપને મુલતાન મોકલવામાં આવ્યા. અત્રે શેખ મિન્હાજુદ્દીન તિરમિઝીની મસ્જિદમાં આપ રહ. તાલીમમાં મશ્ગૂલ હતા. એ દિવસોમાં હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ. મુલતાન તશ્રીફ લાવ્યા તો હઝ. ફરીદુદ્દીન ગંજશકર રહ.ને એમની મુલાકાતનો અવસર મળી ગયો. અને એમનાથી બયઅત થયા. હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ. પાછા દિલ્હી રવાના થયા તો શેખ ફરીદુદ્દીન રહ.એ પણ સાથે આવવાની અરજ કરી તો હઝરત કુત્બુદ્દીન રહ.એ ફરમાવ્યું કે,

'પહેલાં તમે સંપૂર્ણ પણે ઈલ્મ હાસિલ કરી લ્યો. બેઈલ્મ દુરવેશ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘણો નુકસાનકારક હોય છે.'

ફરીદુદ્દીન ગંજશકર રહ.ની ઉમર આ વેળા ૧૮ કે ૧૫ વરસની હતી. ત્યાર પછી આપ રહ. કંદહાર અથવા કાબૂલ ચાલ્યા ગયા અને ત્યાં તાલીમ પૂરી ફરમાવી. કહે છે કે તાલીમ પૂરી ફરમાવીને આપ રહ. બગદાદ, બદખ્શાં, બુખારા, વગેરે ઈસ્લામી શહેરોમાં પહોંચ્યા. ત્યાંના ઉલમા અને બુઝુર્ગોની મુલાકાત કરી અને પછી હિંદુસ્તાન પરત ફર્યા. અને દિલ્હી આવીને ખ્વાજા કુત્બુદ્દીન રહ.ની સેવામાં પહોંચ્યા અને ફરી બયઅત થયા.

એમની આ બધી સફરોનું વર્ણન 'રાહતુલ કુલૂબ' નામી કિતાબના આધારે છે. જેમાં હઝરત સુલતાનુલ મશાઈખ શેખ નિઝામુદ્દીન અવલિયા રહ.એ હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.ના મલ્ફૂઝાત ભેગા ફરમાવ્યા છે. પરંતુ આપના જીવનચરિત્રને આલેખનારા વિદ્વાન લેખકોનું કહેવું છે કે આ કિતાબને હઝરત ગંજશકર રહ.ના જીવન અને મલ્ફૂઝાત સાથે કોઈ સાચી લેવા દેવા નથી. કોઈએ પાછળથી ભેગી કરીને એના ઉપર બન્ને બુઝુર્ગોના નામ ચડાવી દીધા છે. તાલીમ પૂરી કરીને દિલ્હી પહોંચવાની વાત તો બધાએ જ લખી છે. પરંતુ વધુ તાલીમ માટે કંધાર – કાબૂલ, બગદાદ વગેરે સ્થળોની સફર અને બુઝુર્ગોની મુલાકાતના કિસ્સાઓ વિશે શંકા કરવામાં આવે છે.(૧)

શેખ ઈકરામ આબે કવષર : પેજ ૨૧૮ ઉપર લખે છે કે કિતાબોમાં આપ રહ.ની ઈલ્મી કાબેલિયતની જે વાતો વર્ણન થઈ છે એ આધારે 'સિયરુલ આરિફીન, પેજ ૩૬,ઉપર વર્ણવવામાં આવેલ આપની કંદહાર વગેરેની સફર તર્કસંગત લાગે છે. (આબે કવષર : ૨૧૮.) વલ્લાહુ અઅલમ.

તાલીમ પૂરી કરીને દિલ્હી આવ્યા. અહિંયા આવીને હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.ની સેવામાં હાજર થઈ ગયા. શેખ બખ્તીયાર કાકી રહ.એ આપને એક રૂમ રહેવા માટે આપ્યો અને ઈબાદત, વઝાઈફ, મુજાહદાત વગેરેનું માર્ગદર્શન આપીને ઈસ્લાહે બાતિન અને તરબિયત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરૂ ફરમાવી.

હઝરત શેખ બખ્તીયાર રહ.ની તવજ્જુહ, તરબિયત અને રાહનુમાઈની બરકતથી થોડાક જ સમયમાં આ કાબેલ મુરીદના દિલમાં મઅરિફતે હકનો ચિરાગ રોશન થઈ ગયો. અને શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ. ઈબાદત, મુજાહદહ, મહેનત કરીને રાહે સુલૂકમાં આગળ વધતા રહયા.

*ગંજશકર ?*

'ગંજશકર'નો ઈલ્કાબ આપને કેવી રીતે મળ્યો, એ વિશે વિવિધ કથનો અને કિસ્સાઓ વર્ણવવામાં આવે છે. જેમ કે,

એકવાર આપ રહ.એ નફસને મારવા અને દબાવવા ખાતર મુજાહદહ અને ત્યાગનો ઈરાદો ફરમાવ્યો. આ માટે શેખ હઝરત બખ્તીયાર કાકી રહ.એ આપને ભુખ્યા રહેવાની તાકીદ કરી. અને ફરમાવ્યું કે, રોઝા રાખો, અને અલ્લાહ તઆલા તરફથી કંઈ વસ્તુ મળી જાય તો ખાય લેવી. ત્રણ દિવસના રોઝા પછી એક માણસ અમુક રોટીઓ લઈને આપની સેવામાં આવ્યો. આપ રહ.એ અલ્લાહ તઆલાની મદદ સમજીને ખાય લીધી. ખાધા પછી થોડી જ વારમાં જીવ ગભરાયો, ઉલટી થઈ અને બધું જ નીકળી ગયું. આપ રહ.એ આખી ઘટના પોતાના શેખ સમક્ષ રજૂ કરીને માર્ગદર્શન માંગ્યું. હઝ. બખ્તીયાર કાકી રહ.એ ફરમાવ્યું કે, ત્રણ દિવસ પછી તમે ખાધું, એ બરાબર, પણ એ ખાણું શરાબી માણસનું હતું. અલ્લાહ તઆલાનો શુક્ર છે કે એ ખોરાક પેટમાં ન રહયો. હવે બીજા ત્રણ દિવસ ભુખ્યા રહો અને ગેબથી કંઈ મળી આવે તો ખાય લેજો.

ભુખ્યા રહેવાના ત્રણ દિવસ પૂરા થયા પણ કંઈ મળ્યું નહીં. અશક્તિ ઘણી વધી ગઈ તો મનને શાંત કરવા અમુક કાંકરીઓ ઉઠાવીને મોઢામાં મૂકી દીધી. અચાનક આ કાંકરીઓ 'શકર' (ખાંડ – સાકર) બની ગઈ. આપ રહ.ને કંઈક શંકા ગઈ કે કયાંક આ શયતાની ધોકો ન હોય. એટલે તુરંત આ શકર થૂકી દીધી. થોડીવાર પછી ફરીથી ભુખની તકલીફ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અસહય થઈ પડી, એટલે ફરીપાછી કાંકરીઓ ઉઠાવીને મોંઢામાં મૂકી દીધી. ફરીવાર પણ એમ જ થયું અને કાંકરીઓ શકર બની ગઈ. આવું ત્રણ વાર થયું. અંતે એમણે આ બધી બીના પણ માર્ગદર્શન માંગવા હેતુ શેખ સમક્ષ રજૂ ફરમાવી. હઝ. બખ્તીયાર કાકી રહ.એ ફરમાવ્યું કે, તમે એ શકર ખાય લીધી એ સારું કર્યું. કહે છે કે આ દિવસથી જ આપ રહ. ગંજશકર કહેવાયા.

બીજા અમુક લોકોએ આ ઘટનાને થોડા ફેરફાર સાથે વર્ણવતા લખ્યું છે કે, ભુખ્યા રહેવાના મુજાહદહના સાતમા દિવસે પોતાના શેખ રહ.ની હાજરીમાં આવતા હતા, એ દરમિયાન અશક્તિના કારણે રસ્તામાં પડી ગયા. મોઢું માટીથી ભરાય ગયું અને અને એ માટી શકર બની ગઈ.

અમુક લોકો એક બીજો કિસ્સો વર્ણવે છે કે, એકવાર કોઈક મોટા સોદાગર પાસે આપ રહ.એ શકર માંગી. એણે કહયું કે આ બધો માલ તો મીઠું (નમક) છે. આપ રહ.એ ફરમાવ્યું કે, મીઠું જ લાગે છે. પેલા સોદાગરે પછી જયારે સામાન ઉતાર્યો તો બધી શકર મીઠું બની ગઈ હતી. બિચારો ઘણો પસ્તાયો અને આપ રહ.ની સેવામાં હાજર થઈને માફી માંગવા લાગ્યો. આપ રહ.એ એને માફ કર્યો અને દુઆ ફરમાવી તો ફરી પાછો બધો સામાન શકર બની ગયો. અને આ કારણે આપ રહ. 'ગંજશકર' કહેવાયા.

હઝરત મવલાના અલીમીયાં રહ. ફરમાવે છે : આ લકબ પાછળ ઈતિહાસમાં વિવિધ કથનો જોવા મળે છે. ચોક્કસ કંઈ કહેવું શકય નથી. (તારીખે દઅવત વ અઝીમત : ૩–૩૭)

***<u>ખ્વાજા અજમેરી રહ.ના દ્વારા આપની તારીફ</u>***

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. આપના ઘણા વખાણ કરતા હતા. આપ રહ.ના મુજાહદહ અને નેકીથી પ્રભાવિત હતા. એકવાર ફરમાવ્યું કે, કુત્બુદ્દીને મોટા શહબાઝને પકડયો છે. (રાજાઓ જેમ શિકાર કરવા કે અન્ય સેવા માટે બાજ પક્ષીને પાળે અને કેળવે છે, એ આધારે બુઝુર્ગોની કેળવણી વિશે પણ આ પ્રમાણે કહેવામાં આવે છે.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મતલબ કે શેખ ફરીદુદ્દીન હઝ. ખ્વાજા કુત્બુદ્દીન રહ.ના મોટા ખલીફા બનશે, જેમનાથી બાતિલનો શિકાર અને ખાતમો થશે.

એકવાર ફરમાવ્યું કે, ફરીદુદ્દીન તો એક ચિરાગ છે. જે દુરવેશોના ઘરોમાં પ્રકાશ પાથરશે અને પોતાના સમયના ગોષ – કુતુબ બનશે.

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શેખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. એ આ દિવસોનો એક કિસ્સો પણ નકલ ફરમાવ્યો છે કે,

એકવાર હઝરત ખ્વાજા કુત્બુદ્દીન રહ. પાસે હઝરત શેખ ખ્વાજા મુઈનુદ્દીન રહ. મહેમાન હતા. રાત્રે આરામ માટે આ બન્ને બુઝુર્ગોની ચારપાઈ – બિસ્તરો એક જ રૂમમાં હતો. રોજના ક્રમ મુજબ હઝરત ફરીદુદ્દીન રહ. પોતાના પીર અને શેખ હઝરત બખ્તીયાર રહ.ની સેવા માટે અને પગ દબાવવા પહોંચ્યા. હઝરત બખ્તીયાર રહ. એ એમને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ.ની ખિદમત કરવાનો ઈશારો કર્યો. હઝરત બખ્તીયાર રહ.ના કહેવાથી તેઓ ખ્વાજા મુઈનુદ્દીન રહ.ની ખિદમત માટે ગયા પણ થોડી જ વારમાં પાછા આવી ગયા અને કહેવા લાગ્યા કે,

'દિલ તમને આપી દીધું છે, બીજે કેવી રીતે જાઉં.'

પોતાના શેખ અને પીર પ્રત્યે આવી મહોબ્બત અને વફાદારી જોઈને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ. હઝરત બખ્તીયાર રહ.ને કહેવા લાગ્યા કે, મિયાં કુત્બુદ્દીન, એમને પણ કંઈક નવાઝી દયો. હઝરત બખ્તીયાર કાકી રહ.એ અરજ કરી કે, આપની ઉપસ્થિતિમાં હું શું આપી શકું ? આપ જ કંઈક આપી દયો. પછી બન્ને બુઝુર્ગો ઉઠયા અને ફરીદુદ્દીન માટે દુઆ ફરમાવી.

### ખિલાફત

પોતાના શેખ પાસે તરબિયતના આ ઝમાનામાં ફરીદુદ્દીન ગંજશકર રહ. ભારે મુજાહદહ અને રિયાઝત કરતા હતા. લગાતાર રોઝા, શબબેદારી અને લાંબી ઈબાદતો, વઝાઈફ, મુરાકબહ અને એકાંત વગેરેમાં જ પ્રવૃત રહેતા હતા. હઝરત બખ્તીયાર કાકી રહ.એ નક્કી કરેલ એક હુજરામાં એકાંતથી રહેતા હતા અને નમાઝ માટે કે બીજી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવશ્યક જરૂરત માટે જ બહાર આવતા હતા. લગાતાર મુજાહદહના કારણે ઘણા કમઝોર થઈ ગયા હતા.

એ દિવસોમાં એકવાર હઝરત બખ્તીયાર કાકી રહ.ના શેખ અને પીર હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. દિલ્હી પધાર્યા હતા. હઝરત બખ્તીયાર કાકી રહ. પાસે રોકાયા હતા. એકવાર હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ. અને હઝરત બખ્તીયાર રહ. હુજરામાં આપને મળવા પહોંચ્યા. પરંતુ હઝરત ફરીદુદ્દીન રહ. એટલા અશક્ત થઈ ગયા હતા કે એમના સન્માનમાં ઉભા પણ ન થઈ શકયા. આ સ્થિતિ જોઈએ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન રહ. પણ ઘણા જ પ્રભાવિત થયા અને આપ રહ. માટે દુઆઓ કરીને ખિલાફતથી નવાઝયા. આ વેળા જ હઝરત બખ્તીયાર કાકી રહ. એ પોતાની 'દસ્તારે ખિલાફત' પોતાના મુબારક હાથોએ એમના માથે પહેરાવી.

***<u>દિલ્હીથી હાંસી</u>***

આ દરમિયાન દિલ્હીમાં આપ રહ.ની ખ્યાતિ ઘણી જ વધી ગઈ હતી. દરેક સમયે આપના દરવાજે લોકોની ભીડ રહેતી. મુરીદો અને અકીદતમંદો, બરકત અને દુઆ ચાહનારા, દરેક પ્રકારના લોકો આપની સેવામાં આવતા હતા. આ સ્થિતિ જોઈને ફરીદુદ્દીન રહ. અકળામણ અનુભવવા લાગ્યા. એકાંતપસંદ હતા અને વળી ભીડના કારણે ઈબાદત, રિયાઝત વગેરે આમાલમાં ખલેલ પડવા લાગ્યો. આથી પરેશાન થઈને એમણે દિલ્હી છોડવાનો નિર્ણય કરી લીધો. પોતાના પીર અને શેખ કુત્બુદ્દીન રહ.થી ઈજાઝત માંગી. એમણે ઘણી બધી દુઆઓ સાથે પરવાનગી આપી અને સાથે જ ફરમાવ્યું કે, મારા મૃત્યુ પછી બુઝુર્ગોની આ વરાસતના આપ વારસદાર છો, અને તમારે જ મારી જગ્યાએ બેસવાનું છે.

શેખ રહ.થી પરવાનગી લઈને આપ રહ. પંજાબના હાંસી મુકામે આવી ગયા. (હાંસી આજે હરિયાણામાં ગણાય છે.) પંજાબ પ્રાંતનું આ સ્થળ લશ્કરી છાવણી હોવાના લઈ સામાન્ય લોકોથી કંઈક અંશે ખાલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતું અને આપ રહ.ના એકાંતપ્રિય સ્વભાવ માટે યોગ્ય હતું. અત્રેના રોકાણ દરમિયાન જ દિલ્હી ખાતે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર રહ.નો ઈન્તેકાલ થયો. અમુક કિતાબોમાં લખ્યું છે કે ઈન્તેકાલની આગલી રાત્રે આપ રહ.એ ખ્વાબ જોયું કે ખ્વાજા બખ્તીયાર રહ. આપને બોલાવી રહયા છે. સવાર પડતાં જ આપ દિલ્હી રવાના થયા અને ખ્વાજા બખ્તીયાર રહ.ની વફાતના સમાચાર લાવતો કાસદ આપને દિલ્હીના રસ્તામાં જ મળ્યો.

***દિલ્હીમાં રહેવાની વસીયત***

દિલ્હી પહોંચીને પોતાના શેખની કબરે ગયા. ઈસાલે સવાબ – દુઆ કરીને ફારિગ થયા તો હઝરત બખ્તીયાર કાકી રહ.ની વસીય્યત મુજબ ખિરકએ ખિલાફત, અસા, મુસલ્લો, જૂતા મુબારક વગેરે એમની અમાનતો આપને સોંપવામાં આવી. આપ રહ. પોતાના પીર રહ.ની વસીય્યત મુજબ દિલ્હીમાં જ રહીને રૂહાની ખિદમાત અંજામ આપવા ચાહતા હતા, પરંતુ હવે તો લોકોની ભીડ ઓર વધી ગઈ. આપ રહ. સિલસિલએ ચિશ્તીયહના અમીર ગણાતા હતા. એમાંયે દિલ્હી તે વેળા પાટનગર હતું. એટલે શાહી ખાનદાનના માણસો, અમીરો, દરબારીઓ અને સેનાના અફસરોની આવનજાવન પણ વધી ગઈ હતી. આ સ્થિતિ આપ રહ. માટે વધારે અસહય બની ગઈ.

એવામાં સરહંગા નામના એક મુરીદ હાંસીથી દિલ્હી મળવા આવ્યા, ત્રણ દિવસ સુધી ચોકીદારોના રોકવાથી મળી શકયા નહીં. પછી એકવાર બહાર મુલાકાત થઈ તો એણે મુલાકાતનો શોખ, અને અહિંયાના અવરોધોની શિકાયત કરી તો આપ રહ.એ દિલ્હી છોડવાનો પાકો નિર્ણય કરી લીધો.

દિલ્હીના લોકોએ આપ રહ.ને રોકવા ખાતર અરજ કરી કે હઝરત ! પીરો મુરશિદ દ્વારા આપને આ સ્થળે બેસાડવામાં આવ્યા છે, તો ફરમાવ્યું કે, મારા પીર રહ.એ મને જે નેઅમત આપી છે, એ કોઈ વિશેષ સ્થાન પૂરતી સિમિત નથી. આમ કહીને પાછા હાંસી આવી ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*હાંસીથી અજોધન*

અત્રે પણ લોકોની ભીડથી પરેશાન થઈ ગયા તો અજોધન (વર્તમાન : પાકપટ્ટન, પંજાબ, પાકિસ્તાન) ચાલ્યા આવ્યા અને કાયમી રોકાણ કરવાનો ઈરાદો કરી લીધો. અજોધનના લોકો વંકાયેલા, સખ્ત સ્વભાવના, બેઅદબ અને ગુમરાહ હતા. એમણે ફરીદુદ્દીન ગંજશકર રહ.ના અત્રે આગમન પ્રતિ કોઈ ધ્યાન આપ્યું નહીં, એટલે બાબા ફરીદુદ્દીન રહ.ને આ સ્થળ ગમી ગયું. લોકોની નિષ્ક્રીયતા જોઈને કહેવા લાગ્યા કે આ સ્થળ જ સારું છે. શાંતિથી ઈબાદત થશે. અને શહેર બહાર ઝાડ નીચે ગોદડી પાથરીને ઈબાદતમાં લાગી ગયા. પરંતુ થોડા જ સમયમાં લોકો આપ રહ.ના તકવા, ઈબાદતથી પ્રભાવિત થઈ ગયા અને આપની આસપાસ ભારે ભીડ રહેવા લાગી.

અત્રેનું આપનું રોકાણ ઘણું જ લાભદાયક રહયું. એના થકી આ વિસ્તારમાં મોટા પાયે દીનની ઈશાઅતનો ફાયદો થયો. અનેક મોટા કબીલાઓ આપના હાથો ઉપર મુસલમાન બની ગયા. સય્યદ સબાહુદ્દીન રહ.એ 'બઝમે સૂફિયા'માં અને શેખ ઈકરામે 'આબે કવષર'માં વિવિધ સરકારી ગઝેટના આધારે લખ્યું છે કે સયાલ, રાજપૂત, વટો વગેરે કબીલાના લોકોએ આપના હાથો ઉપર ઈસ્લામ સ્વીકાર્યો.

તારીખે મશાઈખે ચિશ્તમાં પ્રો.ખલીક અહમદ લખે છે :

> બાબા ફરીદ રહ.નું દિલ્હીમાં ન રહેવું ચિશ્તીયા સિલસિલા માટે એટલું જ લાભદાયી પૂરવાર થયું જેટલું શેખ કુત્બુદીન બખ્તીયાર રહ.નું દિલ્હીમાં રહેવું લાભદાયી બન્યું. કારણ કે અલ્તમશની વફાત પછી લાંબા સમય સુધી દિલ્હીના હાલાત ખરાબ રહયા. ઉલમા, સૂફીઓ અને મશાઈખ, બધાએ મળીને રાજકરણ અને સત્તાની ખટપટમાં ખૂબ ભાગ લીધો. શેખ બદરુદ્દીન ગઝનવી રહ., કાઝી મિન્હાજ, મવલાના નૂર તુર્ક, શૈખુલ ઈસ્લામ સય્યદ કુત્બુદીન રહ. વગેરે સેંકડો બુઝુર્ગો એમનું કાર્ય વર્તૂળ છોડીને રાજકરણ પ્રતિ ધ્યાન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપવા લાગ્યા. આવી સ્થિતિમાં શકય હતું કે બાબા સાહેબ સિલસિલાનું કાર્ય સારી રીતે અંજામ ન આપી શકત. એટલે દિલ્હી પછી હાંસી અને પછી અજોધન ખાતે સિલસિલાની સેવાનો સારો અવસર આપ રહ.ને પ્રાપ્ત થયો. (તારીખે મશાઈખે ચિશ્ત : ૧૫૯)

મૃત્યુ સુધી આપ રહ. અજોધનમાં જ રહયા. ૧૬ અથવા ૨૪ વરસ આપ રહ. અત્રે રહયા. અત્રેના આરંભિક દિવસો આપના માટે ઘણી તંગીના હતા. ઘરમાં અનેક દિવસો સુધી ખાવાના ફાકા રહેતા હતા. અલબત્ત પાછળથી આ બાબતે ઘણી વિશાળતા થઈ હતી અને આપની ખાનકાહમાં આવતા અનેક લોકોની ખાવા – પીવા અને રોકાણની વ્યવસ્થા આપના થકી જ કરવામાં આવતી હતી. આપના રહ. ભાણેજ અને ખલીફા ખ્વાજા અલી અહમદ સાબિર રહ. ખાનકાહના લંગરના વ્યવસ્થાપક હતા. આગળ એમનું વર્ણન આવી રહયું છે.

***<u>વફાત</u>***

છેલ્લી ઘડીઓમાં પોતાના પ્રિય ખલીફા હઝરત શેખ નિઝામુદીન અવલિયા (સુલતાનુલ મશાઈખ) રહ.ને યાદ ફરમાવ્યા પછી પોતે જ ફરમાવ્યું કે, તેઓ તો દિલ્હીમાં છે. હું પણ ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર કાકી રહ.ની વફાત વખતે હાજર ન હતો.

રાહતુલ કુલૂબમાં છે કે, વફાતના અમુક દિવસ પહેલાં શમ્સ દબીર શાયરે ખ્વાજા નિઝામી ગંજવીના અમુક અશ્આર સંભળાવ્યા :

جہاں چیست بگذرز نیرنگ او -- رہائی بچنگ آر از چنگ او
مقیمے نہ بینی دریں باغ کس -- تماشا کند ہر یکے یک نفس
درو ہر دمے نو برے می رسد -- یکے میرود دیگرے می رسد
جہاں گرچہ آرام گاہے خوش ست --شتابندہ را نعل در آتش ست
یکے را در آرد بہ ہنگامہ تیز -- دیگر را ز ہنگامہ گوید کہ خیز
نظامی سبک باش یاراں شدند -- تو ماندی وغم گساران شدند

આ દુનિયા શું વસ્તુ છે ? એની માયાજાળ તોડીને આગળ વધો. એની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચુંગલમાંથી છુટકારો મેળવો. આ દુનિયામાં ઠરીઠામ થયેલો કોઈ માણસ તમને ન મળશે. દરેક માણસ એક ઘડી તમાશો કરીને જાય છે. એમાં દરેક પળે કોઈને કોઈ નવું આવતું રહે છે. એક જાય છે અને બીજો આવે છે. દુનિયા એમ તો આરામનું શ્રેષ્ઠ ઠેકાણું છે, પણ (આખિરતનો) ઉતાવળો માણસ આગ ઉપર ચાલતો હોય (એમ પરેશાન રહે) છે. કોઈને આ ભાગદોડમાં ઝડપથી દોડાવે છે, તો કોઈને કહે છે આ ભાગદોડમાંથી બહાર આવી જાઓ. 'નિઝામી' હળવો થા, બધા દોસ્તો ચાલ્યા ગયા. તું એકલો રહી ગયો છે, અને ગમના બધા મદદગારો મરી પરવાર્યા છે.

અશ્આર સાંભળીને શમ્સ દબીરથી ઘણા ખુશ થયા, એમને એક વિશેષ ઝભ્ભો ઈનામમાં આપ્યો, અને પછી તિલાવતમાં મશ્ગૂલ થઈ ગયા. દરેક સાથે વાતચીત બંધ કરી દીધી. (રાહતુલ કુલૂબ : ૭૧)

૫, મુહર્રમુલ હરામ, હિજરી સન ૬૬૪, ૧૨૬૬ ઈસ.માં આપ રહ.નો ઈન્તેકાલ થયો. સિયરુલ અવલિયામાં લખવા મુજબ આંતરડાની બીમારી મોતનો સબબ બની. મોડી રાત્રે ઈશાની નમાઝ પછી આપ રહ.નો ઈન્તેકાલ થયો અને અજોધન (પાકપટ્ટન)માં દફન કરવામાં આવ્યા.

### *આપ રહ.ની ઇબાદત*

ઈબાદતનો ઘણો જ શોખ ધરાવતા હતા. આ જ કારણે દિલ્હી છોડીને હાંસી અને ત્યાંથી અજોધન આવી ગયા હતા. લાંબી નમાઝો પઢવાની આદત હતી. રમઝાનમાં તરાવીહમાં ૧૦ પારા પઢતા હતા. આપની ઈબાદતના વર્ણનમાં ઘણા તઝકિરહનવેસોએ ઓછા વધતા ફેરફાર સાથે 'સલાતે મઅકૂસ' અથવા ચિલ્લએ મઅકૂસ અથવા 'કુવાના મુજાહદહ'નું વર્ણન પણ કર્યું છે. જેમાં કોઈ વેરાન સ્થળે કુવામાં ઊંધા લટકીને અલ્લાહની યાદ કરવાનો મુજાહદહ તેમજ નફસકુશી કરવામાં આવે છે. હઝરત શેખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. ફરમાવે છે કે આ મુજાહદહ દરમિયાન કોઈવાર કાગડો આવીને પગો ઉપર ચાંચ મારતો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો આપ રહ. આ શેર પઢતા હતા :

કાગા સબ તન ખાઈયો, ચુન ચુન ખાઈયો માંસ
દો નયના મત ખાઈયો કે પિયા મિલન કી આસ

લગાતાર રોઝા રાખતા હતા, પહેલાં એક દિવસના અંતરે રોઝા રાખતા હતા. આમ રોઝા રાખવાને સવમે દાઉદી કહે છે. એ દિવસોમાં એકવાર શેખ અલી મીરઠી રહ.ની મુલાકાત થઈ, શેખ અલી રહ.એ વિચાર્યું કે બાબા ફરીદુદ્દીન દરરોજ રોઝો રાખે તો કેવું સારું ! આપ રહ.ને એમના વિચારની જાણ થઈ ગઈ, તો ફરમાવ્યું કે, અલ્લાહના વિશેષ બંદાઓના દિલમાં જે વાત આવે એના ઉપર જ અમલ કરવો જોઈએ, ત્યારથી દરરોજ રોઝા રાખવાની આદત બનાવી લીધી.

### માલ, મરતબા, દુનિયાથી નફરત અને એકાંત

એકાંતવાસ અને લોકોથી દૂર રહેવું આપની વિશેષતા હતી. પ્રસિદ્ધિ, ખ્યાતિ અને દોલતથી ઘણા જ દૂર રહેતા હતા. આ વિષયે એક શેર વિશેષ રૂપે દોહરાવતા રહેતા હતા.

ہر کہ در بند نام و آوازہ است -- خانۂ او بیرون دروازہ است

એટલે કે જે કોઈ પ્રસિદ્ધિ અને ખ્યાતિની ઈચ્છા રાખતો હોય તો એનું સ્થળ અલ્લાહના દરબારથી બહાર છે.

એકવાર દિલ્હીનો સુલતાન નાસિરુદ્દીન મહમૂદ આ પ્રદેશમાંથી પસાર થઈ રહયો હતો, એણે એના નાયબ ગયાસુદ્દીન બલબનને રોકડ રકમ અને ચાર ગામોનું જાગીરનામું આપની પાસે મોકલ્યું. અને કહેવડાવ્યું કે રોકડ તો આપની ખાનકાહના દુરવેશો માટે છે, અને જાગીર આપની અવલાદ માટે છે. આપ રહ.એ દુરવેશો માટેની રોકડ તો લઈ લીધી, અને જાગીર પાછી આપતાં ફરમાવ્યું કે, બીજા ઘણા તલબગારો એના માટે હશે.

### ચિશ્તીયહ સિલસિલામાં આપ રહ.નું ઉચ્ચ સ્થાન

ઈતિહાસકારોએ ચિશ્તીયા સિલસિલાના પ્રચાર – પ્રસાર બાબત લખ્યું છે કે, બાબા ફરીદુદ્દીન રહ.ની ઉચ્ચ રૂહાનિયત અને મખ્લૂકે ખુદા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રતિ આપ રહ.ની શફકત – મહેરબાનીના કારણે આ સિલસિલાને ચાર ચાંદ લાગી ગયા. એમના થકી સિલસિલાને ઘણી પ્રગતિ મળી. એમના અનેક કાબેલ ખલીફાઓ દ્વારા હિંદુસ્તાનના વિવિધ પ્રદેશોમાં ખાનકાહો શરૂ થઈ અને આ સિલસિલાની ઈસ્લાહ – કેળવણીની પદ્ધતિને એક આગવું સ્થાન મળ્યું. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ. હિંદુસ્તાનમાં ચિશ્તીયા સિલસિલાના પ્રથમ સ્થાપક ગણાય છે, અને એમના પછી આપ રહ.ને એના મુજદ્દિદ અથવા બીજા સ્થાપક ગણી શકાય.

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી ચિશ્તી રહ.એ આપના વિશે ફરમાવેલ શબ્દો બિલ્કુલ સાચા પૂરવાર થયા કે એમના થકી દુરવેશોના ઘરોમાં અજવાળું પથરાશે. આપના તરબિયત પામેલ કાબેલ ખલીફાઓ થકી આ સિલસિલો હિંદુસ્તાન ભરમાં ફેલાયો. ચિશ્તીયા સિલસિલાની બે મશહૂર પાંખો સાબિરીય્યહ અને નિઝામીય્યહ છે. જે બન્નેના સ્થાપક આપ રહ.ના મુરીદો અને ખલીફા અનુક્રમે હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી રહ. અને સુલતાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઓલિયા રહ. છે. આપ રહ.ના એક ત્રીજા ખલીફા શેખ કુત્બુદ્દીન જમાલ હતા. જેઓ હાંસીમાં રહેતા હતા. આપના ઘણા જ વિશ્વાસુ હતા. આપ રહ. જે કોઈને પણ ખિલાફતથી નવાઝતા એના માટે શેખ જમાલ રહ. પાસે જઈને મુહર લગાવવી પણ જરૂરી હતું. એક ખલીફા શેખ મુન્તખબુદ્દીન રહ. હતા, જેમણે દક્ષિણ ભારતમાં આ સિલસિલા થકી ઈશાઅતે ઈસ્લામની સેવા ફરમાવી. એક ખલીફા શેખ આરિફ રહ.ને સીસ્તાન (અફગાનિસ્તાન) તરફ મોકલ્યા હતા. પરંતુ એમણે ખિલાફતનામહ હઝરત ખ્વાજા રહ.ની ખિદમતમાં પરત કરી દીધું અને અરજ કરી કે આ કામ ઘણું નાઝુક છે. હું નાચીઝ આ મહાન કાર્યને કાબેલ નથી. મને આપની દુઆઓ અને ઈનાયત બસ છે. પછી આપ રહ.ની પરવાનગી લઈને હજની સફરે ગયા અને પાછા આવ્યા નહીં.

આપના એક ખલીફા શેખ બદરુદ્દીન ઈસ્હાક રહ. બુખારાના સાદાત ખાનદાનના હતા. અને હઝરત ખ્વાજા ગંજશકર રહ.ના દામાદ અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાદિમ પણ હતા.

<u>*અવલાદ અને ખાનદાન*</u>

આપ રહ.એ બે અથવા ત્રણ શાદીઓ કરવાનું વર્ણન આવે છે. અને કુલ પાંચ સાહબઝાદાઓ અને ત્રણ બેટીઓ આપના વારસદાર હતા. હઝરત ખ્વાજા નસીરુદ્દીન, હઝરત ખ્વાજા શિહાબુદ્દીન, હઝરત ખ્વાજા બદરુદ્દીન સુલેમાન, હઝરત ખ્વાજા નિઝામુદ્દીન, હઝરત ખ્વાજા યઅકૂબ, હઝરત બીબી મસ્તુરહ, હઝરત બીબી શરીફહ અને હઝરત બીબી ફાતિમહ. રહમતુલ્લાહિ અલયહિમ.

ત્રીજા પુત્ર ખ્વાજા બદરુદ્દીન સુલૈમાન રહ. હઝરત ગંજ શકર રહ. પછી સજ્જાદહનશીન બનાવવામાં આવ્યા હતા. એમના એક પુત્ર અને સજ્જાદહનશીન શેખ અલાઉદ્દીન અજોધની તકવામાં ઘણા જ મશ્હૂર હતા. સુલતાન મુહમ્મદ તુગલક એમનો મુરીદ હતો. શેખ અલાઉદ્દીનના બે પુત્રો હતા : શેખ મુઈઝુદ્દીન અને શેખ ઈલ્મુદ્દીન. શેખ મુઈઝુદ્દીનને મુહમ્મદ તુગલકે ગુજરાત મોકલ્યા હતા અને ગુજરાતમાં જ એમની વફાત થઈ. (તારીખે મ.ચિ. ખલીક અહમદ : ૧૬૯/સિયરુલ અવલિયા : ૩૩૫)

શેખ ઈલ્મુદ્દીન રહ. ના પુત્ર અથવા પોત્ર શેખ રુકનુદ્દીન કાને શકર ગુજરાત, પાટણમાં પેદા થયા. અને શેખ ઝાહિદ રહ.થી બયઅત હતા. અને શેખ ઝાહિદ રહ.ને ખાનદાની શેખ કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી રહ.ના વંશજ હતા અને ખલીફા પણ હતા. શેખ રુકનુદ્દીન ગંજશકર પોતાના ખાનદાની ચિશ્તી સિલસિલો તો ખ્વાજા અજમેરી રહ.થી ચાલતો હતો, પણ તેઓ શેખ ઝાહિદના વાસ્તાથી ચિશ્તી સિલસિલાના મુરીદ હતા, અને આ સિલસિલો ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ.ના વગર સીધી રીતે મશાઈખે ચિશ્ત સુધી પહોંચે છે. આ વિશે વધુ વિગત શેખ કુત્બુદ્દીન મવદૂદ ચિશ્તી રહ.ના હાલાતમાં લખવામાં આવી છે.

ઘણા લેખકોએ સુલતાન ગિયાસુદ્દીન બલબન(મૃત્યુ : ૧૨૮૬)ની બેટી સાથે ખ્વાજા ગંજશકર રહ.ના નિકાહનું વર્ણન કર્યું છે. એની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિલચસ્પ લાંબી દાસ્તાન પણ એમણે આલેખી છે. પણ ઘણા ઈતિહાસકારો આ બાબતને આધારભૂત નથી માનતા. અને કાં તો આ બાબતને બિલકુલ લખી જ નથી અથવા એના નિરાધાર હોવાની ચોખવટ કરી છે. ઘણા લેખકો આ વાતને સાચી માને છે. બઝમે સૂફિયામાં છે કે, અલગખાન એટલે કે ગિયાષુદ્દીન બલબનની એક બેટી સુલતાન નાસિરુદ્દીન મહમૂદની બીવી હતી. અને નાસિરુદ્દીન મહમૂદની જેમ જ શાહી મહેલમાં રહેવા છતાં ફકર વ ફાકાની જિંદગી ગુઝરાતી હતી. અલગખાનની આ બેટી આટલી પરહેઝગાર અને નેક હોય તો શકય છે કે અલગખાને પોતાની બીજી બેટીને પણ અલ્લાહવાળાઓના નિકાહમાં રહેવા ઉપર રાજી કરી લીધી હોય. (વધુ માટે જુઓ : બઝમે સૂફિયા અને બઝમે મમ્લૂકિયહ)

***ઇલ્મી કાબેલિયત***

ઈબાદત, રિયાઝત અને મુજાહદહમાં મશ્ગૂલ રહેવા અને ઈલ્મી મજાલિસથી દૂર રહેવા છતાં આપની ઈલ્મી કાબેલિયતમાં કોઈ ફરક આવ્યો ન હતો. આપના એક ખલીફા સય્યિદ બદરુદ્દીન ઈસ્હાક આરંભે દુરવેશો અને સૂફીઓના વિરોધી હતા, પછી આપ રહ.ની ઈલ્મી કાબેલિયતથી પ્રભાવિત થઈને જ આપ રહ.ની સેવામાં રહી ગયા હતા.

'અવારિફુલ મઆરિફ'નો મુતાલઆ અને વાંચનનો વિશેષ એહતેમામ ફરમાવતા હતા. એનો દર્સ પણ આપતા હતા. હઝ. ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ.એ અવારિફુલ મઆરિફના અમુક પ્રકરણો ઉપરાંત બીજી કિતાબોની તાલીમ પણ આપ રહ. પાસેથી મેળવી છે. એકવાર આપ રહ. અવારિફુલ મઆરિફનો દર્સ આપતા હતા અને ઘરે પુત્રનો જન્મ થયો તો એનું નામ અવારિફુલ મઆરિફના લેખક હઝરત શેખ શિહાબુદ્દીન સુહરવર્દી રહ.નામ મુજબ શિહાબુદ્દીન રાખ્યું.

આપબીતી(૨/૭૬૭)માં હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ.એ હઝરત નિઝામુદ્દીન અવલિયા રહ.નો આપની પાસે અવારિફુલ મઆરિફનો દર્સ પઢતા હોવાનો એક કિસ્સો પણ વર્ણવ્યો છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

*મલ્ફૂઝાત :*

આપના મલ્ફૂઝાતના બે સંગ્રહો મશ્હૂર છે. [1]

૧, અસરારુલ અવલિયા.

આપ રહ.ના ખલીફા હઝરત શેખ બદરુદ્દીન ઈસ્હાક દ્વારા એને ભેગા કરવામાં આવ્યા છે. તસવ્વુફના લગતા વિવિધ વિષયોને ૨૨ અલગ અલગ પ્રકરણોમાં વર્ણવવામાં આવ્યા છે. જેમ કે, ફઝીલતે તિલાવતે કુર્આન, કમ્બલ અને સૂફની હકીકત, ખિરકહ અને ફક્રની હકીકત, તોબાની હકીકત, રિઝક અને અતાએ રિઝક, ખોફ અને તવક્કુલની હકીકત, દુરવેશીની હકીકત, મુરીદોની અકીદત, બુઝુર્ગોના હાથ ચુમવા, ઝિકરે હકમાં મગ્ન લોકો, ઉલમા – મશાઈખની ખિદમત, પીર – મુરશિદની તઅઝીમ, વગેરે..

૨, રાહતુલ કુલૂબ.

આપ રહ.ના ખલીફા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ. દ્વારા સંપાદિત કરવામાં આવેલ મલ્ફૂઝાત છે. એમાં પણ તસવ્વુફ અને સૂફિયા માટે વિવિધ વિષયોની મહત્વની જાણકારી ભેગી કરવામાં આવી છે.

બન્ને મલ્ફૂઝાતમાં તિલાવતે કુર્આન, નમાઝ, ઈબાદત અને દુઆની ફઝીલત તેમજ તાકીદ વિશે ઘણું વધારે વર્ણન છે.

આ લેખના અંતે આ મલ્ફૂઝાત વિશે લખવામાં આવેલ હાશિયહને ધ્યાને રાખવા વિનંતી છે.

*શેખ ફરીદુદ્દીન અને શીખ ધર્મ*

તઝકિરતુર્રશીદમાં છે : શાહ નાનક, જેમને શીખ લોકો ઘણા માને છે, હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ.ના ખલીફા છે. 'અહલે જઝબ' (યાદે ઈલાહીમાં સરી જનાર) હતા, એટલે એમની સ્થિતિ શંકાસ્પદ થઈ ગઈ. મુસલમાનોએ એમના પ્રતિ ધ્યાન ન આપ્યું, શીખો અને બીજી કોમો કશ્ફ – કરામતો જોઈને એમને માનવા લાગી.(પેજ : ૨૩૨)

અલબત્ત આ બુઝુર્ગોનો સમયકાળ અને અન્ય બાબતો જોતાં જે કંઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાસ્તવિકતા છતી થાય છે, અત્રે એનો ખુલાસો વર્ણવવામાં આવે છે.

શીખોના ધર્મગ્રંથ 'ગુરૂ ગ્રંથસાહિબ'માં બાબા ફરીદની કહેવાતી અનેક પંકિતઓ શામેલ છે. આ ગ્રંથ શીખોના પાંચમા ગુરૂ અર્જૂન (૧૫૬૩ ઈ.– ૧૬૦૬) દ્વારા સંપાદિત કરવામાં આવ્યો છે. એમાં એમના પહેલા પાંચ ગુરૂઓની વાણી ઉપરાંત હિંદુ – મુસલમાન અનેક સૂફીઓ – સાધુઓની વાણી શામેલ છે. ગ્રંથમાં એક પ્રકરણ શેખ ફરીદના શ્લોકોનું પણ છે. આ શ્લોકો કોના છે ? એ વિશે વિવિધ કથનો છે. અમુકનું કહેવું છે શીખોના પહેલા ગુરૂ 'ગુરૂનાનક' (૧૪૬૯ ઈ.–૧૫૩૯ ઈ.) શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.(૧૧૭૩ ઈ.–૧૨૬૬ ઈ.)ના ૧૧ માં ગાદીનશીન અને વંશજ શેખ ઈબ્રાહીમ 'ફરીદ ષાની'ના મુરીદ હતા અથવા એમની ખાનકાહમાં આવતા જતા હતા. આ શેખ ઈબ્રાહીમ રહ. એ કહેલા બોધવચનો અને પંકિતઓ ગુરૂનાનકે પોતાની પોથીમાં નોંધી રાખ્યાં હતાં, જે પાછળથી 'ગ્રંથસાહિબ'માં પણ શામેલ કરવામાં આવ્યા. શેખ ઈબ્રાહીમ રહ.ના બોધવચનોમાં શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના બોધવચનો અને પંકિતઓ પણ આવતી જ હશે, એ આધારે કહી શકાય કે 'ગુરૂ ગ્રંથસાહિબ'માં શામેલ બાબ ફરીદના શ્લોકો મુળે શેખ ઈબ્રાહીમના છે, એમને જ ફરીદે ષાની એટલે કે 'બીજા ફરીદ' કહેવામાં આવતા હતા. અલબત્ત અમુક વાતો નિશંક શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ની છે. જાણકારોનું કહેવું છે કે આ શ્લોકો અને પંકિતઓની ભાષા તેમજ એમાં વપરાયેલ શબ્દો જોતાં પણ એવું લાગે છે કે આ ભાષા ફરીદુદ્દીન ગંજશકર રહ.ના ઝમાનાની નથી.

બીજા અમુક લોકોનું કહેવું છે, અને શીખ લોકો પણ લગભગ એમ જ માને છે કે ગુરૂનાનક સાહેબે શેખ ઈબ્રાહીમ પાસેથી શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ની શાયરીનો સંગ્રહ મેળવીને એને પોતાની પોથીમાં શામેલ કરી લીધો હતો. એટલે ગ્રંથસાહિબમાં શામેલ 'શેખ ફરીદના શ્લોકો' એ શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના જ છે.

પરંતુ શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.નું જીવન ચરિત્ર આલેખનારા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કોઈ પણ વિદ્વાને હઝરત રહ.ના આટલા બધા અશ્આર હોવાનું વર્ણન કર્યું નથી. જો એમના આટલા બધા અશ્આર હોત અને તે પણ સંગ્રહ કરાયેલા, તો નિશંક એનું વર્ણન કોઈકે તો જરૂર કર્યું હોત. બીજી નોંધપાત્ર વાત આ પણ છે કે આ શ્લોકો અને પંકિતઓમાં શાયરે 'ફરીદ'નો તખલ્લુસ અપનાવ્યો છે. ગંજશકર રહ. પોતાને મસ્ઉદ કહેતા હતા અને શેખ ઈબ્રાહીમ 'ફરીદ' તખલ્લુસ અપનાવતા હતા. એટલે ગ્રંથસાહિબમાં શામેલ વાણી શેખ ઈબ્રાહીમ 'ફરીદે ષાની'ની હશે, એ વાત વધારે યોગ્ય લાગે છે.

ચિશ્તીયા બુઝુર્ગોના જીવન ચરિત્ર અને તસવ્વુફની અનેક કિતાબોના અનુવાદક તેમજ સંપાદક કેપ્ટન વાહિદ બખ્શે શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના મઝારના સજ્જાદહ નશીન હઝરાતમાં ૧૧ માં નંબરે શેખ ઈબ્રાહીમ ફરીદ ષાનીનું નામ દર્શાવ્યું છે. હાશિયામાં તેઓ લખે છે કે,

હઝરત શેખ ઈબ્રાહીમ ફરીદ, બેહરામ ફરીદના નામથી મશ્હૂર હતા. બાબા ગુરૂનાનક સાહેબના પીર હતા. પરંતુ બાબા ગુરુનાનક ધ્યાનમગ્ન અને બેખુદ રહેતા હતા, વાળ વધી ગયા હતા. અને વધુ પડતો સમય જંગલો અને વેરાન પ્રદેશમાં રહેતા હતા, એટલે આસપાસના હિંદુ લોકો બાબા ગુરૂનાનકના શ્રદ્ધાળુ બની ગયા અને તેઓ પણ પોતાના ગુરૂની જેમ રહેવા લાગ્યા. આમ એક નવા પંથની બુનિયાદ પડી. જે શીખ ધર્મથી મશ્હૂર થયો. મશ્હૂર છે કે ગુરૂનાનક હજ કરવા પણ ગયા હતા. સાંભળવામાં આવ્યું છે કે આપનો એક કુરતો અમૃતસરના દરબારમાં મહફૂઝ છે. જેના પર બિસ્મિલ્લાહ શરીફ અને કલિમએ તય્યિબહ વગેરે લખવામાં આવ્યું છે. શેખ ઈબ્રાહીમ ફરીદની વાણી 'અશ્લોકે ફરીદી'ના નામથી મશ્હૂર છે. શીખોના પવિત્ર ગ્રંથ 'ગ્રંથસાહિબ'માં અનેક સ્થળે ઉલ્લેખ છે અને આપનો તખલ્લુસ 'ફરીદ' પણ ગ્રંથસાહિબમાં અનેક સ્થળે છે. (મકામે ગંજ શકર રહ. પેજ : ૨૧૨)

***મલ્ફૂઝાત અને અમુક કિસ્સાઓ***

સુલતાનુલ મશાઈખ હઝરત નિઝામુદ્દીન રહ.એ ભેગા કરેલા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મલ્ફૂઝાતમાં એમણે નોંધ્યું છે કે આપ રહ.ના એક સાહબઝાદાએ ખ્વાજા બખ્તીયાર કાકી રહ.ના મઝાર ઉપર જઈને માથું મુંડાવ્યું અને હઝરત બખ્તીયાર કાકી રહ.થી બયઅત – તોબાનો કરાર કર્યો. આપ રહ.ને ખબર પડી તો ફરમાવ્યું કે, હઝરત કુત્બુદ્દીન રહ. મારા ખ્વાજા, શેખ અને મખ્દૂમ છે, પણ આ બયઅત સહીહ નથી. બયઅત તો હયાત શેખના હાથ ઉપર જ થાય છે.

તારીખે દાવત વ અઝીમતમાં છે :

એકવાર સુલતાન નાસિરુદ્દીન મહમૂદ ઓશ અને મુલતાનની સફર દરમિયાન પૂરા લશ્કર સાથે આવી રહયો હતો. અને લાવ લશ્કર સાથે ખ્વાજા ગંજશકર રહ.ની મુલાકાત માટે અજોધન – પાકપટન પહોંચ્યો.

ભીડ એટલી બધી હતી કે ખાદિમોના કાબૂ બહારની વાત હતી. દરેક જ હઝરત ગંજશકરને મળવાની ઈચ્છા ધરાવતો હતો. ખાદિમોએ દરેકની ઈચ્છા પૂરી કરવા આ રીત અપનાવી કે, હઝરત ગંજશકર રહ.નો કુર્તો ઉપરના માળેથી નીચે લટકાવી દીધો. લશ્કરના માણસો આવતા અને કુર્તાને બોસો આપીને આગળ વધતા રહયા અને આમ આ કુર્તો ટુકડે ટુકડા થઈ ગયો. છેવટે આપ રહ. મજબૂર થઈને મસ્જિદમાં તશ્રીફ લાવ્યા. અને ખાદિમોથી ફરમાવ્યું કે, મારી આસપાસ વર્તૂળ બનાવી લ્યો અને તાકીદ ફરમાવી કે કોઈ અંદર ન આવી શકે. દરેક માણસ આવીને વર્તૂળની બહારથી સલામ કરીને ચાલ્યો જાય. અચાનક એક વૃદ્ધ અંદર આવી ગયા, હઝરતના પગોમાં પડીને બોસો આપ્યો અને કહયું કે, શેખ ફરીદ ! તંગ આવી ગયા ? અલ્લાહ તઆલાના આ ઈનામનો ઓર વધારે શુક્ર અદા કરવો જોઈએ. આપ રહ.એ એની વાત સાંભળીને નારો માર્યો અને વૃદ્ધથી માફીને માંગીને એણે ઘણું ઈનામ આપ્યું. (૩–૪૦)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એકવાર સુલતાના નાસિરુદ્દીન બિન શમ્સુદ્દીન અલ્તમશ વતી એનો વઝીર ગયાસુદ્દીન બલબન ઉર્ફે અલગ ખાન હઝરત ગંજશકર રહ. પાસે સોનામહોરો, તોહફા અને ચાર ગામોની જાગીરનો પરવાનો લઈને આવ્યો. હઝરત રહ.એ પૂછયું તો અરજ કરી કે કંઈક રોકડ અને થોડી જાગીર આપના મુરીદો અને ખાનકાહ માટે લાવ્યો છું. આપ રહ.એ ફરમાવ્યું કે રોકડ અમને આપી દયો, અમે જરૂરતમંદોને વહેંચી દઈશું, અને જાગીર લઈ જાઓ. એના તલગારો બીજા ઘણા છે. શમ્સુદ્દીન અલતમશને કોઈ અવલાદ ન હતી, અને ગયાસુદ્દીન એનો વિશ્વાસુ વઝીર હતો, એના દિલમાં આવ્યું કે, હઝરત રહ.ની દુઆથી શમ્સુદ્દીન પછી સલતનત મને મળી જાય તો કેવું સારું !

આપ રહ.એ તુરંત ફરમાવ્યું કે,

فریدوں فرخ فرشتہ نبود -- ز عود ز عنبر سرشتہ نبود
ز داد ودہش یافتہ نیکوئی --دادودہش کن فریدوں شوی

'ફરીદૂન બાદશાહ ફરિશ્તો ન હતો, ઊદ અને અંબરની ખુશ્બુમાં ન ઉછર્યો હતો, સખાવત અને દરિયાદીલી વડે એણે ખ્યાતિ મેળવી હતી. તુ પણ સખાવત અપનાવી લે, ફરીદૂન બની જઈશ.' *(સિયરુલ અવલિયા, ફારસી : ૮૦)*

એકવાર ફરમાવ્યું કે મેં મારા જીવનના વિવિધ સમયોમાં, વિવિધ દિવસોમાં અને વિવિધ દેશો – પ્રદેશોમાં ૬૦૦ વલીઓથી મુલાકાત કરી છે. અને દરેકથી મેં ચાર પ્રશ્નો પૂછયા. દરેક વલીએ ચારેવ પ્રશ્નોનો એક જ જવાબ આપ્યો. હું જેનાથી મળતો દરેકને પ્રથમ પૂછતો : અકલમંદ કોણ ?

દરેકે જવાબ આપ્યો : જે કોઈ એના રબ અને માલિકને ઓળખતો હોય.

(૨) હોશિયાર કોણ ?

દરેકે જવાબ આપ્યો : જે કોઈ પણ પરિસ્થિતિમાં પરેશાન ન થાય.

(૩) બધાથી મોટો માલદાર અને ગની કોણ ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દરેકનો જવાબ હતો : જે કનાઅત (સંતોષ) રાખતો હોય.

(૪) સૌથી વધુ ગરીબ કોણ ?

દરેકે જવાબ આપ્યો કે : જે લાલચી હોય, લોભી હોય.

એકવાર એક માણસે એક દુરવેશની સેવામાં અરજ કરી કે, તમે જયારે યાદે ઈલાહીમાં મશ્ગૂલ થાઓ તો મને પણ યાદ કરી લેજો. તો જવાબમાં ફરમાવ્યું કે, એવી ઘડી અને સમય ઉપર અફસોસ છે, જેમાં યાદે ખુદા હોય, અને તારો ખ્યાલ આવી જાય.

- કામ કરતા રહો. ઈશ્કે ઈલાહીનું દર્દ ન રાખતા લોકોની વાતોની પરવા ન કરો.
- ફકીર પાસે કોઈ વસ્તુ હોય તો પણ ગમની વાત નથી અને ન હોય તો પણ કોઈ ગમની બાબત નથી.
- તન (શરીર – નફસ)ની ઈચ્છાઓ વધારે પૂરી ન કરશો, એ વધારે માંગ્યા કરશે.
- દરેકને ખવડાવવાની આદત રાખો, દરેકનું ખાવાની નહીં.
- મોતને કદી ભૂલો નહીં અને કાચી વાત ન કરો. પાકી વાત કરો.
- દીનની હિફાઝત ઈલ્મે દીન વડે કરવી જરૂરી છે.
- તમે ચાહો કે બધા જ તમારા દુશ્મન બની જાય તો તકબ્બુર કરો.
- નાદાન માણસને મરેલો સમજો અને પોતાને સમજદાર બતાવનાર નાદાન માણસથી તો દૂર જ રહેવું સારું.
- ઉલમા મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ અને દુરવેશો એમાં પણ વધારે શ્રેષ્ઠ છે.
- મખ્લૂકથી નામુરાદી બંદાની મેઅરાજ છે.

એક વાર ફરમાવ્યું કે,

بقدر رنج یابی سروری را–بشب بیدار بودن مہتری را

અર્થાત મહેનત અને તકલીફ પ્રમાણે સરદારી અને તરક્કી મળશે. મોટા બનવા માટે રાત્રે જાગવું જરૂરી છે.

હઝરત ફરીદુદ્દીન રહ.ના એક જૂના મુરીદ અને ખાદિમ યૂસુફ નામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા. વરસોથી આપ રહ.ની સેવામાં રહેતા હતા. એકવાર એમણે અરજ કરી કે હઝરત ! હું વરસોથી આપની સેવામાં છું, મારા પછી આવનારા ઘણા મુરીદો આપની બરકતથી એમની મુરાદ મેળવી ગયા. મને પણ કંઈ નવાઝી દયો.

આપ રહ.એ ફરમાવ્યું કે, મારા તરફથી કંઈ રુકાવટ નથી. હું તો ઘણું ચાહું છું, પણ સામે વાળામાં એની કાબેલિયત અને લાયકાત હોવી પણ જરૂરી છે.

***ખલીફાઓ***

હઝરત ખ્વાજા અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી રહ.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ.

હઝરત ખ્વાજા શેખ કુત્બુદ્દીન જમાલ

હઝરત ખ્વાજા શેખ મુન્તખબુદ્દીન રહ.

હઝરત ખ્વાજા શેખ આરિફ રહ.

હઝરત ખ્વાજા શેખ બદરુદ્દીન ઈસ્હાક રહ.

હઝરત ખ્વાજા શેખ નજીબુદ્દીન મુતવક્કિલ રહ.

હઝરત ખ્વાજા શેખ બુરહાનુદ્દીન રહ.

હઝરત ખ્વાજા શેખ ફખ્રુદ્દીન અસ્ફહાની રહ.

હઝરત ખ્વાજા શેખ મવલાના હમીદ રહ. *(હયાતે ગંજશકર)*

---

[1] ઈતિહાસકાર જનાબ મુહમ્મદ ઈકરામ 'આબે કવષર'માં લખે છે કે, આ મલ્ફૂઝાતની વાસ્તવિકતા વિશે શંકા વ્યકત કરવામાં આવે છે. હઝરત ચિરાગ દહેલ્વી રહ.ના મલ્ફૂઝાત 'ખયરુલ મજાલિસ'માં છે કે

*'શેખ નિઝામુદ્દીન અને ચિશ્તીયા બુઝુર્ગોએ કોઈ કિતાબ સંપાદન ફરમાવી નથી. અને આ મલ્ફૂઝાત શેખ રહ.ના જીવનમાં મોજૂદ ન હતા.'*

એટલે આ મલ્ફૂઝાતમાં બહારની વાતો હોવી સંભવ છે. પરંતુ આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મલ્ફૂઝાત ઘણા જૂના છે, એમાં શંકા નથી. અને ફવાઈદુલ ફુવાદની અમુક વાતો જોતાં હઝરત ચિરાગ દહેલ્વી રહ.ની વાતને સમર્થન પણ નથી મળતું. અમે ચિશ્તીયા સિલસિલાના પ્રારંભિક બુઝુર્ગોના હાલાત માટે ફકત સુલતાનુલ મશાઈખના આધારભુત મલ્ફૂઝાત 'ફવાઈદુલ ફુવાદ/સિયરુલ અવલિયા/અને સિયરુલ આરિફીન'ને આધાર બનાવ્યા છે. ખયરુલ મજાલિસ અને જવામિઉલ કલિમ વિશે પણ કોઈ શંકા દેખાતી નથી. એ સિવાય પ્રારંભિક દોરના બીજા મલ્ફૂઝાત એટલે કે અનીસુલઅરવાહ, દલીલુલ આરિફીન, ફવાઈદુસ્સાલિકીન, રાહતુલ કુલૂબ અને અસરારુલ અવલિયા..ની હેસિયત શંકાસ્પદ માલૂમ પડે છે અને લગભગ એ કોઈ બીજાના લખી કાઢેલા છે. અલબત્ત આ મલ્ફૂઝાત ઘણા જૂના છે અને હઝ. ચિરાગ દહેલ્વી રહ.ના ઝમાનામાં જ પ્રચલિત પણ હતા. શેખ અબ્દુલહક મુહદ્દિષ દહેલ્વી રહ. (અખ્બારુલ અખ્યાર નામી કિતાબમાં) અને બીજા બુઝુર્ગોએ એનાથી ઓછો વધતો લાભ પણ ઉઠાવ્યો છે. (આબે કવષર : ૨૨૫)

જનાબ સય્યદ સબાહુદ્દીન રહ. આ વિષયના વિદ્વાન સંશોધક અને લેખક છે. અને એમની બેનમૂન કિતાબ 'બઝમે સૂફિયા'ના અંતમાં 'મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત'ના મથાળા હેઠળ વિગતવાર ચર્ચા એમણે ફરમાવી છે. જેનો સારાંશ આ છે કે હઝરત ચિરાગ દહેલ્વી રહ.નું 'ખયરુલ મજાલિસ' વાળું ઉપરોકત કથન સૌપ્રથમ એમણે (સય્યિદ સબાહુદ્દીને) જ એમના લેખોમાં વર્ણવ્યું હતું, આ વિષયની ચર્ચા ઉપાડવામાં પણ તેઓ જ અગ્રેસર હતા, પણ છેલ્લે ઘણા સંશોધન પછી એમનું માનવું છે કે ખ્વાજા મુઈનુદ્દીન રહ., ખ્વાજા બખ્તીયાર કાકી રહ. ખ્વાજા ફરીદુદ્દીન રહ. વગેરેએ એમના મશાઈખના જે મલ્ફૂઝાત ભેગા કર્યા હતા, એને તેઓ તસવ્વુફના વિષયની કોઈ મોટી 'કિતાબ' સમજતા જ ન હતા. માટે કહેવામાં આવ્યું કે ચિશ્તીયા બુઝુર્ગોએ કોઈ કિતાબ સંપાદન ફરમાવી નથી. હઝરત ચિરાગ દહેલ્વી રહ. સમક્ષ આગલા બુઝુર્ગોના મલ્ફૂઝાત કહીને એવી વાતો વર્ણવવામાં આવી જે બુઝુર્ગોની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શાનથી વિરુદ્ધ હતી, એટલે વિશેષ રૂપે જે તે વાતને એમણે એમ કહીને રદ કરી કે 'આ એમના મલ્ફૂઝાત નથી. મેં એમના મલ્ફૂઝાત પોતે વાંચ્યા છે. એમાં આવી વાતો નથી.' આ જવાબનો સીધો મતલબ આ જ છે કે બુઝુર્ગોના મલ્ફૂઝાત તો છે, પણ આ બનાવટી વાતો એમાં નથી. આ વિષયે અન્ય સંશોધકોના કથનો, અન્ય પુરાવા, અને દલીલો સાથે વિગતવાર ચર્ચા 'બઝમે સૂફિયા'માં જોઈ શકાય છે.

એક સ્થળે તેઓ લખે છે કે, એવું લાગે છે કે પોતાના પીરના મલ્ફૂઝાત સંપાદન કરનાર દરેક ખલીફા એમ ઈચ્છતા હતા કે એમણે ભેગા કરેલા મલ્ફૂઝાતના સંગ્રહને જ લોકો વધારે મહત્વનો અને ફાયદાકારક સમજે અને આગલા લોકોએ ભેગા કરેલા બધા મલ્ફૂઝાતની અહમિયત લોકો ઓછી સમજે એ માટે તેઓ પોતાના પીરો મુરશિદની કોઈ એવી વાત જરૂર વર્ણવી દેતા જેનાથી આગલા મલ્ફૂઝાતની અહમિયત ઓછી થઈ જાય.(બઝમે સૂફિયા : ૬૩૧ થી ૬૯૬)

ચિશ્તીયા સિલસિલાના બુઝુર્ગોના જે મલ્ફૂઝાત એમના ખલીફાઓ દ્વારા ભેગા કરવામાં આવ્યા છે, એ બધા મલ્ફૂઝાત 'હશ્ત બહિશ્ત' (આઠ જન્નતો) નામી એક કિતાબમાં છપાયા છે.

(૧)અનીસુલ અરવાહ : હઝ. ખ્વાજા ઉસ્માન હારૂની રહ.ના મલ્ફૂઝાત
સંપાદક : હઝ. ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ.

(૨)દલીલુલ આરિફીન : હઝ. ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ.ના મલ્ફૂજાત
સંપાદક : હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.

(૩)ફવાઈદુસ્સાલિકીન : હઝ.ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર રહ.ના મલ્ફૂઝાત
સંપાદક : ખ્વાજા ફરીદુદ્દીન મસઊદ ગંજશકર રહ.

(૪) અસ્રારુલ અવલિય :ખ્વાજા ફરીદુદીન મસઊદ ગંજશકર રહ.ના મલ્ફૂઝાત
સંપાદક : હઝ. ખ્વાજા બદરુદ્દીન ઈસ્હાક રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૫)રાહતુલ કુલૂબ : ખ્વાજા ફરીદુદ્દીન મસ‌ઊદ ગંજશકર રહ.ના મલ્ફૂઝાત

સંપાદક : ખ્વાજા મુહમ્મદ નિઝામુદ્દીન અવલિયા રહ.

(૬)ફવાઈદુલફુવાદ : હઝ. મુહમ્મદ નિઝામુદ્દીન અવલિયા રહ.ના મલ્ફૂઝાત

સંપાદક : હઝરત અમીર હસન અલી સજઝી રહ.

(૭)રાહતુલમુહિબ્બીન :હઝ.મુહમ્મદ નિઝામુદ્દીન અવલિયા રહ.ના મલ્ફૂઝાત

સંપાદક : હઝરત અમીર ખુસરો રહ.

(૮) મિફતાહુલ આશિકીન : હઝરત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી રહ.ના મલ્ફૂઝાત.

સંપાદક : ખ્વાજા મુહિબ્બુલ્લાહ રહ.

આ આઠ મલ્ફૂઝાતને એક સાથે હશ્ત બહિશ્ત કહેવામાં આવે છે. ઉપરાંત બીજા મલ્ફૂઝાત નીચે મુજબ છે.

(૯) ખયરુલ મજાલિસ :

હઝરત ખ્વાજા નસીરુદ્દીન મહમૂદ ચિરાગ રહ.ના મલ્ફૂઝાત

સંપાદક : મવલાના હમીદ કલન્દર રહ.

(૧૦) જવામેઉલ કલિમ :

હઝ. સય્યિદ મુહમ્મદ બંદાનવાઝ ગેસુદરાઝ રહ.ના મલ્ફૂઝાત

સંપાદક : સય્યિદ મુહમ્મદ અકબર હુસૈની રહ.

ઉપરોકત બુઝુર્ગોમાંથી કોઈ પાંચના મલ્ફૂઝાતના સંગ્રહ 'પંજગંજ' નામે પણ ભેગા કરવામાં આવ્યા છે.

એમ તો એનક અકાબિર અને મશાઈખના મલ્ફૂઝાત એમના મુરીદો દ્વારા ભેગા કરવામાં આવ્યા છે. અત્રે એ બધાની યાદી આપવાનો આશય નથી. ફકત ઉપરની ચર્ચામાં જે મલ્ફૂઝાતના નામો આવ્યા છે એની જ યાદી અત્રે આપી છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

## સંદર્ભ ગ્રંથો


તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. શેખુલ હદીસ મવ. ઝકરિય્યા રહ.

બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ. સય્યદ નસીર અહમદ જામેઈ.

આબે કવષર. શેખ ઈકરામ.

નુઝહતુલ ખવાતિર : હઝ. મવ. અ.હય્ય લખનવી રહ.

મકામે ગંજશકર રહ. કેપ્ટન વાહિદ બખ્શ સયાલ

મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ : ડો. રઝી અહમદ કમાલ)

અવલિયાએ પાક વ હિન્દ : હઝ. મવ. મુફ્તી વલી હસન ટોંકી રહ.

અસરારુલ અવલિયા (મલ્ફૂઝાત) : શેખ બદરુદ્દીન ઈસ્હાક રહ.

રાહતુલ કુલૂબ (મલ્ફૂઝાત) : હઝ. ખ્વાજા નિઝામુદીન અવલિયા રહ.

બઝમે સૂફિયા : સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન.

તારીખે દાવત વ અઝીમત : હઝ. મવ. અલી મીયાં નદવી રહ.

સિયરુલ અવલિયા ફારસી સય્યદ મુહમ્મદ બિન મુબારક 'મીર ખુર્દ',
ઉર્દૂ અનુવાદ : (૧) ગુલામ અહમદ બિરયાં. (૨) એજાઝુલ હક્ક કુદુસી)

ઈક્તિબાસુલ અનવાર શેખ મુહમ્મદ અકરમ કુદુસી,
અનુવાદ : કેપ્ટન વાહિદ બખ્શ સયાલ


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

# સંદર્ભ ગ્રંથો

## 'ચિશ્તીયા મશાઈખ' ભાગ ૧ ના સંપાદનમાં સીધી રીતે જે કિતાબોની મદદ લેવામાં આવી એની યાદી નીચે મુજબ છે.


| | |
|---|---|
| આઈનએ તસવ્વુફ. | પ્રો. ઝિયાઉલ હસન ફારૂકી |
| આબે કવષર. | શેખ ઈકરામ. |
| આપબીતી હઝરત શેખ રહ. | હઝરત શૈખ મવ. ઝકરિયા રહ. |
| આઈને અકબરી | અબુલ ફઝલ |
| અલ બિદાયહ. | ઈબ્ને કષીર ઈસ્માઈલ દમિશ્કી રહ. |
| અલકવલુલ જમીલ. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| અલઈન્તિબાહ. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| અલમુરતઝા. | હઝ. મવ. સય્યિદ અલી મીયાં રહ. |
| અવારિફુલ મઆરિફ. | શેખ શિહાબુદ્દીન ઉમર સુહરવર્દી રહ. |
| અકવાલે સલફ | હઝ. મવ. કમરુઝઝમાન સા. દા.બ. |
| અવલિયાએ પાક વ હિન્દ | હઝ. મવ. મુફતી વલી હસન ટોંકી રહ. |
| અસરારુલ અવલિયા (મલ્ફૂઝાત) | શેખ બદરુદ્દીન ઈસ્હાક રહ. |
| અલફારૂક. | અલ્લામહ શિબ્લી નોમાની રહ. |
| અસ્સુન્નતુલ જલિય્યહ. | હઝ. મવ. અશ્રફ અલી થાનવી રહ. |
| અખ્બારુલ અખ્યાર. | હઝ. શેખ અ. હક મુહદ્દિષ રહ. |
| અત્તુરુકુલ હુકમિય્યહ | અલ્લામહ ઈબ્ને કય્યિમ જવ્ઝી રહ. |
| અલકવ્લુલ મુસ્તહસન | મવલાના અહસનુઝઝમાન હૈદરાબાદી |
| અનીસુલ અરવાહ | મલ્ફૂઝાત ખ્વાજા ઉસ્માન હારવની રહ. |
| અલમુસ્તતરફ | શેખ શિહાબુદ્દીન મુહમ્મદ બિન અહમદ |
| ઈમ્દાદુલ ફતાવા, | હઝ. અકદસ મવ.અશ્રફઅલી થાનવી રહ |


Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| ઈત્હાફુલ ફિરકહ બિરફવિ ખિરકહ. | અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ. |
| ઈક્તિબાસુલ અનવાર | શેખ મુહમ્મદ અકરમ કુદુસી, |
| અનુવાદ : | કેપ્ટન વાહિદ બખ્શ સયાલ |
| કશ્ફુલ મહજૂબ. | શેખ અબુલ હસન અલી હુજવીરી રહ. |
| કૂતુલ કુલૂબ. | શેખ અબૂ તાલિબ મક્કી રહ. |
| કિતાબુલ્લુમઅ. | અબૂ નસ્ર અબ્દુલ્લાહ સર્રાજ તૂસી રહ. |
| કુલ્લિયાતે ઈમ્દાદીયહ. | હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત. | શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ. |
| તારીખે મશાઈખે ચિશ્ત. | પ્રોફેસર ખલીક અહમદ નિઝામી રહ. |
| તારીખ વ મશાઈખે તસવ્વુફ. | મુફતી મુહમ્મદ અમ્જદ હુસૈન |
| તારીખુલ ખુલફા | અલ્લામહ સુયૂતી રહ. |
| તારીખે દાવત વ અઝીમત : | હઝ. મવ. અલી મીયાં નદવી રહ. |
| તારીખે સુફિયાએ ગુજરાત | ડો. શાહ ઝહૂરુલ હસન શારિબ |
| તબકાતુસ્સૂફિય્યહ . | અબૂ અબ્દુર્રહમાન સુલમી રહ. |
| તબકાતે ઈબ્ને સઅદ | મુહમ્મદ બિન સઅદ રહ. |
| તબકાતુલ અવલિયા | ઈબ્ને મુલક્કન ઉમર બિન અલી રહ. |
| તબકાત | અલ્લામહ શઅરાની રહ. |
| તઝકિરતુલ અવલિયા. | શેખ ફરીદુદ્દીન અત્તાર રહ. |
| તલબીસે ઈબ્લીસ. | અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી રહ. |
| તફસીરે રુહુલ બયાન. | શેખ ઈસ્માઈલ હક્કી રહ. |
| તફસીરે ઈબ્ને કષીર. | અલ્લામહ ઈબ્ને કષીર રહ. |
| તહઝીબુલ કમાલ. | હાફિજ જમાલુદ્દીન યૂસુફ મિઝઝી રહ. |
| તઝકિયહ વ એહસાન યા તસવ્વુફ વ સુલૂક. | મવ. અબૂલ હસન અલી મીયાં નદવી રહ. |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ, અરબ સે હિંદુસ્તાન તક.

પ્રોફેસર મુહમ્મદ હિફજુર્રહમાન

રસાઈલે ઈમામ ગિઝાલી. અય્યુહલ વલદ. ઈમામ ગિઝાલી રહ.

| | |
|---|---|
| રસાઈલ ઈબ્ને રજબ | શેખ ઈબ્ને રજબ હંબલી રહ. |
| રાહતુલ કુલૂબ (મલ્ફૂઝાત) | હઝ. ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ. |
| રિસાલહ કુશયરિયહ. | શેખ અબૂલ કાસિમ અ. કરીમ કુશૈરી રહ |
| રૂદે કવષર. | શેખ મુહમ્મદ ઈકરામ |
| રિયાઝુલ મુરતાઝ | મવ. સિદ્દીક હસન કનોજી |
| સય્યિદના અલી બિન અબી તાલિબ | ડો. અલી મુહમ્મદ સલાબી. |
| સિયરે સહાબા. | મવ. શાહ મુઈનુદ્દીન નદવી રહ. |
| સબ્અ સનાબિલ | મીર અબ્દુલ વાહિદ બલગરામી રહ |
| સીયરે તાબેઈન. | મવ.શાહ મુઈનુદ્દીન રહ. |
| સીરતુત્તાબેઈન | મવ. અ.રહમાન મઝાહિરી. |
| સિયરુ અઅલામિન્નુબલા. | હાફિજ શમ્સુદ્દીન ઝહબી રહ. |
| સિફતુસ્સફવહ. | ઈબ્ને જવઝી રહ. |
| સિયરુલ અકતાબ. | શેખ અલ્લાહ દિયા ચિશ્તી રહ. |
| સિયરુલ અવલિયા ફારસી. | સય્યિદ મુહમ્મદ કિરમાની 'મીર ખુર્દ', |
| ઉર્દૂ અનુવાદ : | (૧) ગુલામ અહમદ બિરયાં. |
| | (૨) એજાઝુલ હક્ક કુદુસી |
| હઝરત અલી મુરતઝા કે સો કિસ્સે | શેખ મુહમ્મદ સિદ્દીક મન્શાવી. |
| હમ્આત. | હઝ. શાહ વલીયુલ્લાહ રહ. |
| હિલ્યતુલ અવલિયા. | અબૂ નુઐમ અસ્ફહાની રહ. |
| હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ. | અ. રહમાન આજિઝ. |
| હદિયતુલ આરિફીન | ઈસ્માઈલ પાશા બગદાદી |
| મવસૂઅતુસ્સૂફિય્યહ | ડો. અબ્દુલ મુન્ઈમ હફની |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| મઆસિરુલ કિરામ. | મવ. ગુલામ અલી આઝાદ બલગરામી રહ |
| મુકદમહ ઈબ્ને ખલ્લદૂન. | અબ્દુર્રહમાન ઈબ્ને મુહમ્મદ ખલ્લદૂન |
| મકાલાતે એહસાની. | મવલાના મનાઝિર અહસન ગીલાની રહ |
| મશાઈખે ચિશ્તીયા સાબરીયહ. | ડો. રઝી અહમદ કમાલ. |
| મકતૂબાતે કુદૂસિયહ. | શેખ અબ્દુલ કુદૂસ ગંગોહી રહ. |
| મઝાહિરે હક | અલ્લામહ નવાબ કુત્બુદ્દીન દહેલ્વી રહ. |
| મખ્ઝને અખ્લાક | મવલાના રહમતુલ્લાહ સુબ્હાની. |
| મકામે ગંજશકર રહ. | કેપ્ટન વાહિદ બખ્શ સયાલ |
| મજમૂઅહ રસાઈલે સુયૂતી. | અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ. |
| મુસ્નદે ઈબ્રાહીમ બિન અદહમ | મુહમ્મદ બિન ઈસ્હાક મન્દહ રહ. |
| મુઈનુલ અરવાહ. | મુહમ્મદ ખાદિમ હસન ઝુબેરી |
| મુઅજમુલ મુઅલ્લિફીન | ઉમર રઝા કહાલહ |
| મશારિઉલ અશ્વાક ઈલા મસારિઉલ ઉશ્શાક. | શેખ અહમદ બિન ઈબ્રાહીમ દીમ્યાતી રહ |
| શરીઅત વ તરીકત કા તલાઝુમ. | હઝ. શેખ મવલાના ઝકરિયા રહ. |
| શરીઅત વ તસવ્વુફ. | મવ. શાહ મુહમ્મદ મસીહુલ્લાહ સા. રહ |
| શીયા ધર્મનો ઈતિહાસ | મુફતી અ.કય્યૂમ પાલનપૂરી |
| દસ્તૂરુલ ઉલમા. | કાઝી અબ્દુન્નબી અહમદ નગરી રહ. |
| દલીલુલ આરિફીન | મલ્ફૂઝાત હઝ. ખ્વાજા અજમેરી રહ |
| ખઝીનતુલ અસ્ફિયા. | મુફતી ગુલામ સરવર લાહોરી રહ. |
| ખયરુલ મજાલિસ | મલ્ફૂઝાત ખ્વાજા નસીરુદ્દીન ચિરાગ રહ. |
| ખ્વાજા ઉસ્માન હરવની | મોલ્વી સય્યિદ એઝાઝ અલી |
| ફતાવા ઈબ્ને તયમીયહ | અલ્લામહ ઈબ્ને તયમિયહ |
| ફઝાઈલે આમાલ. | હઝ. શેખ. મવલાના ઝકરિયા રહ. |
| ફત્હુલ બારી | ઈબ્ને હજર અસ્કલાની રહ. |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

| | |
|---|---|
| ફિકહે હઝરત હસન બસરી રહ. | ડો. મુહમ્મદ રવ્વાસ કિલ્અહજી. |
| ઉર્દૂ અનુવાદ : | મવ. અબ્દુલ કય્યૂમ, લાહોર. |
| ફતાવા મહમૂદિયહ | હઝરત અકદસ ફકીહુલ ઉમ્મત રહ. |
| ફખ્રુલ હસન. | ખ્વાજા મુહમ્મદ ફખ્રુદ્દીન દહેલ્વી રહ. |
| ફવાઈદુસ્સાલિકીન | મલ્ફૂઝાત ખ્વાજા બખ્તીયા કાકી રહ. |
| બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ. | સય્યદ નસીર અહમદ જામેઈ. |
| બહરે ઝખ્ખાર | શેખ વજીહુદ્દીન અશ્રફી |
| બઝમે સૂફિય્યહ. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| બઝમે મમ્લૂકિયહ. | સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન |
| બુગ્યતુત્તાલિબ ફી તારીખિ હલ્બ. | કમાલુદ્દીન ઉમર બિન અહમદ |
| નુઝહતુલ ખવાતિર | અલ્લામહ અબ્દુલ હય હસની રહ |
| નફહાતુલ ઉન્સ | મવ. અ. રહમાન જામી રહ. |
| ગુલઝારે અબરાર | મુહમ્મદ ગોષી શત્તારી |
| જવાહિરે ફરીદી | મવ. મુહમ્મદ અલી અસ્ગર ચિશ્તી |
| યાદે અય્યામ. | મવ. અબૂલ હસન અલી મીયાં નદવી રહ |

Copyright © http://www.muftiahmedkhanpuri.com/